શ્રીસુબોધિનીજી

દશમસ્કંધ ઉત્તરાર્ધ

અધ્યાય ૮ થી ૧૪

રાજસ ફલ પ્રકરણ



★ અનુવાદક ★

ગો.વા. શ્રીનાનુભાઈ નારણદાસ ગાંધી વકીલ, ધંધુકા-ગુજરાત.

૪૧૦

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

શ્રીસુબોધિની

દશમસ્કંધ ઉતરાર્ધ

અધ્યાય ૮ થી ૧૪

રાજસ ફલ પ્રકરણ

★ અનુવાદક ★

ગો.વા. શ્રીનાનુભાઈ નારણદાસ ગાંધી વકીલ, ધંધુકા-ગુજરાત.

❖ મે,૨૦૦૫ ❖
ન્યોછાવર : ૩૦૦
પ્રત : ૨૦૦

❖ પ્રકાશક ❖
શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ
કંસારા બજાર, માંડવી, જી-કચ્છ, ગુજરાત ૩૭૦૪૬૫
ટે.નં. (H.O.):-૦૨૮૩૪-૨૩૧૪૬૩,૨૨૪૩૦૬.
E-mail: gosharad@sancharnet.in
http://www.pushtimarg.net /

મુદ્રક : વૈભવ પ્રિન્ટર્સ
૮/૧૬, એમ.કે.અમીન માર્ગ, ૨૨,પટેલ બિલ્ડિંગ,
ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧ ટે.નં.-૨૨૬૭ ૮૧૮૫.

વિ. સં.	ઈ. સ.	વલ્લભાબ્દઃ
૨૦૬૦	૨૦૦૫	૫૨૮

નિવેદન

श्रीभागवतगूढार्थप्रकाशनपरायणाय नमः ॥

श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमाय नमः ॥

શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય સંવત્ ૧૫૩૫ માં થયું. તેજ અરસામાં શ્રી ગોવર્ધનધારીના શ્રીઅંગનું પ્રાગટ્ય ગિરિરાજની કંદરામાં થયું. શ્રીનાથજીની આજ્ઞાથી શ્રી વલ્લભાચાર્યજી સંવત્ ૧૫૪૯ માં ગિરિરાજ પધાર્યા. નાનું મંદિર બંધાવ્યું અને તેમાં શ્રીનાથજીના સ્વરૂપને પધરાવી, સેવાનો પ્રબંધ કર્યો. શ્રી વલ્લભાચાર્યજીના અનન્ય અને ધનાઢ્ય સેવક પૂર્ણમલ ક્ષત્રિયે સંવત્ ૧૫૫૬ થી ૧૫૭૬ સુધીમાં ગિરિરાજ ઉપર હજારો રૂપીયાના ખર્ચે ભવ્ય મંદીર બંધાવ્યું. સંવત્ ૧૫૭૬ માં શ્રી વલ્લભાચાર્યજી ગિરિરાજ પધાર્યા, અને શ્રીનાથજીના સ્વરૂપને આ મંદીરમાં પધરાવ્યું. અષ્ટ સખાઓમાંના કુંભનદાસને શ્રીનાથજીના કીર્તનકાર તરીકે અને કૃષ્ણદાસને શ્રીનાથજીના ભંડારના અધિકારી તરીકે યોજ્યા, ત્યારથી કૃષ્ણભંડાર અસ્તિત્વમાં છે. ઓરંગજેબના રાજ્યના સમયમાં એટલે કે સંવત્ ૧૭૨૮ માં શ્રીનાથજીના સ્વરૂપને મેવાડની હદમાં પધરાવ્યું. તે વખતે રાણા રાજસિંહજી ઉદયપુરની ગાદી ઉપર હતા, ત્યારથી શ્રીનાથજીનું સ્વરૂપ મેવાડની હદમાં બીરાજે છે અને કૃષ્ણભંડાર પણ છે. અત્યાર સુધી કૃષ્ણભંડારનો પત્રવ્યવહાર કૃષ્ણદાસના નામથી જ ચાલે છે. આ કૃષ્ણભંડારની ખાસ વિશિષ્ટતા છે.

શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય થયું ત્યારે બહલોલ લોદીનું રાજ્ય હતું. તેઓશ્રી ભૂતલ ઉપર ૫૨ વર્ષ બીરાજ્યા. તે વખતનો સમય પ્રતિકૂલ છતાં, હીન્દ જેવા દેશમાં ત્રણ વખત પગે ચાલી, પરિક્રમણ કર્યું. જૂદા જૂદા ૮૪ સ્થળે શ્રી ભાગવતની સપ્તાહ કરી, અને ઉપદેશ દ્વારા ભક્તિ માર્ગનું–ભાગવત ધર્મોનું–સમાજમાં સિંચન કર્યું. નાના મોટા ૪૩ ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા. તેઓશ્રીના ૪૧ વંશજોએ આશરે ૫૦૦ ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે. સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રંથોની સંપૂર્ણ નામાવલિ છપાવી, જૂદા નિવેદન સાથે, આ ગ્રંથમાં પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી છે, તે તરફ વાંચકોનું લક્ષ ખેંચવામાં આવે છે. સંપ્રદાયમાં શુદ્ધાદ્વૈત વેદાંત ઉપર અને શ્રી ભાગવત ઉપર બહોળું અને અમૂલ્ય સાહિત્ય છે.

શ્રી વેદવ્યાસે રચેલાં ૧૮ મહાપુરાણોમાંનું શ્રી ભાગવત એક છે. શ્રી વેદવ્યાસે વેદને સરલ કર્યા અને મહાભારત રચ્યું તેમ છતાં તેમનું ચિત્ત અતૃપ્ત રહ્યું. એકાંતમાં એવો વિચાર સ્ફુર્યો કે—“ભગવાનને અને પરમહંસ કોટિના ભક્તોને પ્રિય એવા ભાગવત ધર્મોનું શું મેં નિરૂપણ કર્યું નહિં હોય?” એટલામાં બ્રહ્માના માનસપુત્ર નારદ ત્યાં પધાર્યા. તેમણે વેદવ્યાસને ઉપદેશ આપ્યો. ત્યાર બાદ વેદવ્યાસે શ્રી ભાગવત સંહિતા રચી. આ ગ્રંથમાં ભક્તિ માર્ગનું એટલે કે ભાગવત ધર્મોનું પ્રાધાન્ય છે. પુરાણોમાં શ્રી ભાગવત અપૂર્વ હોવાથી હીન્દના વિદ્વાનોએ આ ગ્રંથ ઉપર અનેક ટીકાઓ રચી છે. તેમાંની આઠ ટીકાઓ વૃંદાવનના શ્રી નિત્યસ્વરૂપ બ્રહ્મચારિજીએ અથાગ શ્રમ લઈ અને હજારો રૂપીયાનો ખર્ચ કરી, સંવત્ ૧૯૬૪ માં છપાવી છે. આ આઠ ટીકાઓમાં શ્રી સુબોધિનીજીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વળી, જુદા જુદા ૧૭ ભાગમાં શ્રી સુબોધિનીજી સંસ્કૃતમાં પ્રગટ થયાં છે.

શ્રી વલ્લભાચાર્યજીએ અને તેઓશ્રીના વંશજોએ સંસ્કૃતમાં રચેલા ગ્રંથોમાંના કેટલાક ગ્રંથો એવા છે કે સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ જ્ઞાન હોય, પાંડિત્યનું અભિમાન ન હોય, ભગવાન પ્રતિ દીનતા હોય અને શ્રી વલ્લભાચાર્યજીની કૃપા હોય તો જ આવા ગ્રંથોનો ખરો અર્થ અને આશય સમજી શકાય અને સમજાવી શકાય. તેવા ગ્રંથોમાંની શ્રી સુબોધિનીજી ટીકા છે. આ ટીકામાં શ્રી ભાગવતના ગૂઢાર્થનું પ્રકાશન છે. "રસિક" અને ભાવુક કોટિના ભગવદીયોને ઉદ્દેશી શ્રી વેદવ્યાસે એવો ઉપદેશ આપ્યો છે કે—"ભક્તિરસરૂપી શ્રી ભાગવતનું પાન કરવું". શ્રી સુબોધિનીજીના અભ્યાસીઓ જ શ્રી ભાગવતની [illegible] દૂર કરી શકે. આ ટીકાને અમો સંપ્રદાયના અનુયાયીઓ અપૂર્વ માનીએ છીએ, અને દરેક વૈષ્ણવની ફરજ છે કે મૂલ સુબોધિનીજી ઘરમાં પધરાવી, બીજું કાંઇ ન બને તો, શ્રી સુબોધિનીજીમાં શ્રી વલ્લભાચાર્યજી બીરાજે છે એવી ભાવનાથી ગ્રંથનું દર્શન કરવું અને તેને નમન કરવું.

[illegible] દશમ સ્કંધ ઉત્તરાર્ધ અધ્યાય ૧ થી ૮ ઉપરના શ્રી સુબોધિનીજીના શ્રીમાન્ નાનુભાઈ ગાંધીએ તૈયાર કરેલ અનુવાદની ૨૫૦ પ્રતો ગતવર્ષમાં શ્રીકૃષ્ણ ભંડાર તરફથી છપાવવામાં આવી હતી. સંવત ૨૦૦૦ ના બજેટમાં સાંપ્રદાયિક ગ્રંથ પ્રકાશન માટે મંજુર થયેલ રકમમાંથી રૂા. ૧૫૦૦) મુનસરીમ સાહેબની આજ્ઞાથી શ્રીકૃષ્ણ ભંડારે મને મોકલ્યા છે, તેમાંથી આ અનુવાદની ૨૫૦ પ્રતો છપાવી છે. મુદ્રણ શરૂ થયું ત્યારે કાગળનો ભાવ ઘણો ઉંચો હતો, તેથી પ્રમાણમાં ખર્ચ વિશેષ થયું છે. આ ગ્રંથ છપાવતાં રૂા. ૧૫૦૦)માંથી જે રકમ બચી છે તેમાંથી શ્રી ભાગવત ઉત્તરાર્ધ અધ્યાય ૧૫ થી ૨૧ ઉપરના ગાંધીજીએ તૈયાર કરેલ અનુવાદની ૨૫૦ પ્રતો છપાવવામાં આવશે. ઉત્તરાર્ધના જે જે અધ્યાયો ઉપરના સુબોધિનીજીના અનુવાદ કોઇએ તૈયાર કર્યા નહતા તે ગાંધીજીએ તૈયાર કર્યા છે અને તે છપાવવાનો પ્રબંધ સાંભળવા પ્રમાણે વડોદરા કોલેજના સંસ્કૃત પ્રોફેસર શ્રીમાન ગોવિંદલાલ ભટ્ટે કર્યો છે અને શ્રી વલ્લભાચાર્યજીની કૃપાથી આ તમામ અનુવાદો ક્રમે ક્રમે પ્રગટ થઈ જશે. એક પણ અનુવાદ હીંદી ભાષામાં પ્રગટ થયો નથી તે શોચનીય છે.

શ્રીમાન્ નાનુલાલ ગાંધી કોઇ પણ જાતના મહેનતાણાની અપેક્ષા રાખ્યા વિના ઘણો શ્રમ લઈ, આવા કઠિન ગ્રંથના અનુવાદો તૈયાર કરે છે તેના માટે સંપ્રદાય તરફથી તેમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. શ્રીકૃષ્ણ ભંડારના બજેટમાં મંજુર થયેલ રકમમાંથી આવા ગ્રંથો છપાવવા મુનસરીમ સાહેબ મંજુરી આપે છે તેના માટે તેમનો પણ આભાર માનું છું.

શ્રીનાથજીનું મંદિર પુષ્ટિમાર્ગનું કેન્દ્રસ્થાન છે. શ્રીનાથજીનું સ્વરૂપ ગોસ્વામિ બાલકોના માથે વર્ષો થયાં બીરાજે છે. શ્રીનાથજીના પ્રતાપથી અત્યારે પણ શ્રીકૃષ્ણ ભંડારની આવક એટલી છે કે ભંડાર તરફથી દર વરસે સાંપ્રદાયિક અનેક ગ્રંથોનું પ્રકાશન થઇ શકે. ઉમેદ છે કે, પૂજ્યપાદ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી ગોવિન્દલાલજી શ્રી ટીલકાયત મહારાજ સાંપ્રદાયિક સાહિત્યમાં રસ લઈ આવો પ્રબંધ કરશે.

રાજકોટ,
સંવત્ ૨૦૦૨ ના
માગશર શુદ ૧૧

પટ્ટારી રણછોડદાસ વૃન્દાવનદાસના
ભગવત્સ્મરણ.

ઉપોદ્ઘાત

अस्त्वम्बुजाक्ष मम ते चरणानुराग आत्मव्रतस्यमयि चानतिरिक्तदृष्टेः ॥
यर्हिस्य वृद्धय उपात्तरजोऽतिमात्रो मामीक्षसे तदु ह नः परमानुकम्पा ॥

વૈષ્ણવોના વેદરૂપ શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના ઉત્તરાર્ધના ૮ થી ૧૪ સુધીના સાત અધ્યાયોના શ્રીસુબોધિનીનો અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ સાત અધ્યાયો 'રાજસફલપ્રકરણ'ના છે.

દશમ સ્કંધ પૂર્વાર્ધના અંતના ૧૪ અધ્યાયો અને ઉત્તરાર્ધના આરંભના ચૌદ અધ્યાયો મળી ૨૮ અધ્યાયો રાજસપ્રકરણના છે. તે પ્રકરણના રાજસપ્રમાણ, રાજસપ્રમેય, રાજસસાધન અને રાજસફલ એવાં ચાર પેટા-પ્રકરણો છે. આ દરેક પેટા-પ્રકરણ સાત સાત અધ્યાયોનું છે. પહેલાં બે પેટા-પ્રકરણો પૂર્વાર્ધમાં અને છેલ્લાં બે પ્રકરણો ઉત્તરાર્ધમાં આવેલાં છે. આ રાજસપ્રકરણમાં ભગવાને રાજસોનો નિરોધ કર્યાની કથા કહેલી છે.

આ રાજસફલ પ્રકરણના સાત અધ્યાયોમાં ભગવાને રાજસ ભક્તોને જે ફલ આપ્યું તે કહેલું છે. આ સાત પૈકી પહેલા એટલે ઉત્તરાર્ધના આઠમા અધ્યાયમાં રાજસ ભક્ત યાદવોમાં મુખ્ય અક્રૂરને જે ફલ પ્રાપ્ત થયું તે કહેલું છે. પછી નવમા અધ્યાયમાં વિદ્યાના પર્વરૂપ પાંચ નાયિકાઓ સાથેના ભગવાનના વિવાહોનું નિરૂપણ કરેલું છે. શ્રીકૃષ્ણનો સંબંધ નાયિકાઓને થવાથી તે ફલરૂપ થએલાં છે. તેઓને ફલ તરીકે સર્વના દુઃખ હરનાર ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે, અને તેમની સાથે સંબંધ થતાં બીજાઓ પણ ફલરૂપ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી દુઃખમાંથી છૂટે છે. દશમા અધ્યાયમાં એક હજાર પ્રકારે સોળ કલાવાળા મનની સંકલ્પ વિકલ્પ વિગેરે વૃત્તિરૂપ (૧૦૦૦×૧૬) સોળ હજાર સ્ત્રીઓને હરિનો સંબંધ થાય છે અને તેઓને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે, અને તેમના સંબંધથી બીજાઓને પણ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. આ સ્ત્રીઓને ચાર પ્રકારનું ફલ પ્રાપ્ત થએલ છે. (૧) પહેલાં તેમને શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ તેઓ હતાં ત્યાં પધારે છે: આ ફલનું નિરૂપણ આ દશમા અધ્યાયના ચોત્રીસ તથા પાંત્રીસમા શ્લોકમાં કરેલું છે. (૨) ભગવાનને આ સ્ત્રીઓની પ્રાપ્તિ થાય છે; એટલે ભગવાન સાથે તેઓનાં લગ્ન થાય છે. આ ફલ બેતાલીસમા શ્લોકમાં જણાવેલું છે: આ બીજાં ફલનું પરિણામ અગીઆરમા અધ્યાયમાં જણાવેલું છે. (૩) પછી કાર્યની પેઠે ભગવાનથી પુત્રની પ્રાપ્તિ થાય છે. આ ફલ બારમા અધ્યાયમાં જણાવેલું છે. લોક અને વેદના પ્રકારથી તેઓને પુત્ર પૌત્ર વિગેરે ફલની પ્રાપ્તિ થાય છે એ ત્રીજું ફલ. (૪) આ સર્વ પુત્ર અને પૌત્રોનું કાર્ય દેવો સાથે યુદ્ધ કરીને અથવા બીજા પ્રકારથી ભગવાન સંપૂર્ણ રીતે સિદ્ધ કરાવે છે એ ચોથું ફલ છે. આ ફલનું નિરૂપણ તેરમા તથા ચૌદમા

અધ્યાયમાં કરેલું છે. જેમ લોકમાં (પોતાનું કાર્ય સાધનાર) લૌકિક પુરૂષમાં તેના સંબંધીઓનો સંપૂર્ણ પ્રેમ ઉત્પન્ન થાય છે તેમ શ્રીકૃષ્ણમાં આ સર્વનો સંપૂર્ણ પ્રેમ થયો એમ જણાવેલું છે. જેમ પ્રપંચમાં રહેલા લૌકિક પુરૂષમાં ઘણો પ્રેમ થતાં પ્રપંચમાં મળી જવાય છે એટલે પ્રપંચમાં ઘણી દૃઢ આસક્તિ થાય છે, તેમ આ બધાને શ્રીકૃષ્ણમાં ઘણો પ્રેમ થતાં તેઓ શ્રીકૃષ્ણ સાથે મળી જાય છે એટલે શ્રીકૃષ્ણમાં તેમની ઘણી દૃઢ આસક્તિ થાય છે. એ પ્રમાણે આ પેટા–પ્રકરણમાં એમ જણાવેલ છે કે ભગવાન પાસેથી રાજસોને ધર્મ અને ધન, ધર્મ અને કામ, કામ અને મોક્ષ, આ પુરૂષાર્થો છૂટા છૂટા તથા એકબીજા સાથે પ્રાપ્ત થએલા છે.*

અક્રૂરને ધર્મ સાથે ધન ફલ પ્રાપ્ત થએલું છે સ્યમંતક મણિના સંબંધમાં ભગવાનની કુકીર્તિ થઈ તે દૂર કરવા તેમણે લોકથી જૂદા જ પ્રકારની લીલા કરી: અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને સત્રાજીતની હત્યા કરવા ઉશ્કેરી તેનો વધ કરાવ્યો. આ કાર્ય તેમણે પોતે જ કરેલ હોત તો અક્રૂર ઉપર શ્રીકૃષ્ણની પ્રીતિ થાત જ નહિ. સત્રાજીત સૂર્યનો ભક્ત હતો. સત્યભામાને અક્રૂરને આપવા તેણે વંચન પણ આપેલું તેથી સત્રાજીતનો વધ કોઇ કરે તો તેના ઉપર ક્રોધ કરવાનું શ્રીકૃષ્ણને કાંઇ કારણ નહતું, કારણ કે કોઇ બીજાનો ભક્ત અથવા સંબંધી હોય તે શ્રીકૃષ્ણ સહન કરતા નથી, પરંતુ તેને બીજાનો સંબંધ તજાવી પોતામાં જ આસક્ત કરી તેનો નિરોધ કરતા. તેથી જેમ બીજાના સંબંધવાળા દુર્યોધન વિગેરે કૌરવોને હણનારા પાંડવો શ્રીકૃષ્ણને પ્રિય હતા, તેમ બીજાના સંબંધવાળા સત્રાજીતને હણનારા શતધન્વા વિગેરે પણ ભગવાનને પ્રિય જ હતા.

શતધન્વા ભગવાનને પ્રિય હોવા છતાં તેણે સત્રાજીતનો વધ ઘણા અયોગ્ય પ્રકારે કરેલ હોવાથી ભગવાને તેનું રક્ષણ ન કર્યું પરંતુ તેને મુક્તિ આપવા માટે હણ્યો. વસ્તુતઃ તેણે સત્રાજીતને યુદ્ધમાં મારવો હતો. ક્ષત્રિયો માટે યુદ્ધમાં હણવું એ ઉત્તમ છે. અથવા વનમાં છૂપી રીતે મારવો હતો, તેમ પણ તેણે કર્યું નહિ પરંતુ જ્યારે તે ઉંઘતો હતો ત્યારે જેમ કસાઇ પશુને હણે તેમ સ્ત્રીઓના દેખતાં તેમને રડાવી તેણે સત્રાજીતનો વધ કર્યો. પછી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા તેણે અક્રૂર અને કૃતવર્માની સાહાય્ય માગી. તેમણે તેને સમજાવ્યું કે શ્રીકૃષ્ણ ઈશ્વર છે, તેમને યુદ્ધમાં કોઇ જીતી શકે તેમ નથી. તેણે સત્રાજીતનો વધ કર્યા પછી તરત નાસી ન જતાં શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા પ્રયાસ કરતાં તેને આવો બોધ કરવામાં આવ્યો, છતાં તે શ્રીકૃષ્ણને શરણ ન આવ્યો. જો તે પણ અક્રૂરની પેઠે દ્વારકામાં જ રહ્યો હોત અને શ્રીકૃષ્ણને શરણ આવ્યો હોત તો ભગવાન તેને ન જ હણત; પરંતુ તે પાપી હોવાથી ત્યાંથી નાઠો. દ્વારકાથી નાસતી વખતે તેણે મણિ અક્રૂરને સોંપેલ. ભગવાન તે જાણતા હોવા છતાં તેને મુક્તિરૂપ ફલ આપવા

---

* તત્ત્વદીપ ૪–૧૦–૨૪૭ થી ૨૫૬.

માટે પોતાને તેની ખબર ન હોય તેવો ડોળ કરી મણિ પડાવવા તેની પાછળ દોડી તેને હણી મુક્તિ આપી. તત્ત્વદીપ ૩–૧૦–૨૫૭॥ થી ૨૬૩॥.

પોતાની સાથે યુદ્ધ કરવા પ્રયાસ કરનારને પણ આવું મુક્તિરૂપ અલૌકિક ફલ આપવું એ મર્યાદા માર્ગ પ્રમાણે યોગ્ય નથી. તેથી બલભદ્રને શ્રીકૃષ્ણનું આ કાર્ય રૂચ્યું નહિ. તેથી તેમણે દ્વારકા પાછા નહિ જતાં મિથિલામાં રહેવાનું પસંદ કર્યું. બલભદ્ર મર્યાદામાર્ગ પ્રમાણે વર્તનાર હોવાથી તેમને શ્રીકૃષ્ણ સાથે આ પ્રસંગને લીધે વૈમનસ્ય થયું. આ પ્રસંગ પછી કોઈ કોઈવાર શ્રીકૃષ્ણ અને બલભદ્રમાં મતભેદ થતા. (જૂઓ પૃષ્ઠ ૧૮ અધ્યાય ૮ શ્લોક ૨૪ ઉપરનાં શ્રીસુબોધિની). ભગવાન પોતાની સાથે યુદ્ધ કરવા પ્રયાસ કરનારને મુક્તિરૂપ અલૌકિક ફલ આપે તે લોકમાં ભગવાનના સેવકોને પણ રૂચે નહિ તેથી શતધન્વાને મુક્તિ આપવા પોતે તેને હણે છે એ વૃત્તાંત છૂપાવવા, તેના પાસેથી મણિ લેવાજ તેને હણ્યો છે એમ જણાવવા, ભગવાન તેનાં વસ્ત્રો તપાસી મણિની શોધ કરે છે અને મણિ ન મળતાં બલભદ્રને કહે છે કે શતધન્વાને નકામો હણ્યો, તેની પાસે મણિ નહતો. (અધ્યાય ૮ શ્લોક ૨૧–૨૨). અક્રૂરે જાણ્યું કે ભગવાને મણિ લેવા શતધન્વાને હણ્યો અને મણિ તેની પાસે હતો, તેથી તે મણિ લઈ દ્વારકાથી નાઠો. કાશી વિગેરે તીર્થોમાં રહી મણિથી પ્રાપ્ત થતાં દ્રવ્યથી તેણે યજ્ઞો કરી ધર્મ સાધ્યો. પછી ભગવાને અભય આપી બોલાવવાથી તે દ્વારકા પાછો આવ્યો. તેણે મણિ ભગવાનને દેખાડ્યો અને ભગવાને તે તેને આપી દીધો. એ પ્રમાણે અક્રૂરને મણિ, મણિથી પ્રાપ્ત થતું સુવર્ણ એ ધન અને ધનથી તેણે કરેલ યજ્ઞરૂપી ધર્મરૂપ ફલ પ્રાપ્ત થયાં. તત્ત્વદીપ ૩–૧૦–૨૬૩॥ થી ૨૭૦

સત્રાજીતનો વધ કરનાર શતધન્વા જેવા પાપીને મુક્તિરૂપ અલૌકિક ફલ પ્રાપ્ત થાય તે ભગવાનના સેવકોને રૂચે નહિ તેથી તેને હણવાનો એ હેતુ ગુપ્ત રાખી, તેને નકામો હણ્યો કારણ કે મણિ તેની પાસે નથી એમ ભગવાને બલભદ્રને કહી, મણિ માટે તેને હણ્યો એમ પ્રકટ કર્યું, તેથી ભગવાનનું ઐશ્વર્ય જણાય છે. તેથી આ આઠમો અધ્યાય ભગવાનનો 'ઐશ્વર્ય' ગુણ દર્શાવનારો અધ્યાય છે.

નવમા અધ્યાયમાં ભગવાન વિદ્યાના પાંચ પર્વરૂપ પાંચ નાયિકાઓ સાથે વિવાહ કરે છે. આ અધ્યાયના આરંભમાં એમ જણાવેલ છે કે ભગવાન પાંડવોને ફલ આપવા ઈન્દ્રપ્રસ્થ પધારે છે. ભગવાન તેઓને (૧) વિશ્વકર્મા પાસે સુંદર નગર કરાવી આપે છે, (૨) અગ્નિ પાસેથી ગાંડીવ ધનુષ્ય, બે અક્ષય ભાથા અને કવચ અપાવે છે, અને (૩) મય પાસે સભા કરાવી આપે છે. આ ત્રણ અનુક્રમે ધર્મ અર્થ અને કામ પ્રાપ્ત કરાવનારા પદાર્થો છે.

પરલોકનું ફલ સૂર્યથી પ્રાપ્ત થાય છે તેથી યાદવોને તેવું ફલ પ્રાપ્ત થાય તેમાં વેદરૂપ સૂર્યની સંમતિ છે એમ જણાવવા આ સમયે ભગવાનને કાલિન્દી

પ્રાપ્ત થયાં એમ કહેલું છે. ભગવાને ઇન્દ્રપ્રસ્થ પધારવાનો અને ત્યાંથી મૃગયા માટે અર્જુન સાથે જવાનો ઉદ્યમ કાલિન્દીને પ્રાપ્ત કરવા જ કરેલો છતાં ભગવાન તે માટે ત્યાં પધાર્યા નહતા એમ સર્વ જાણે તે માટે કાલિન્દીને પ્રાપ્ત કર્યા પછી પણ જ્યાં સુધી યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ પુરો થયો અને પાંડવોનું કાર્ય સિદ્ધ થયું ત્યાં સુધી ભગવાન ઇન્દ્રપ્રસ્થ રહ્યા. આ કાલિન્દીનું સ્વરૂપ આત્માનો બોધ કરનારૂં છે. તેથી તે જ્ઞાનરૂપ અથવા વિદ્યારૂપ છે. તેથી અર્જુન સાથે ભગવાન પાસે નહિ પધારતાં તેમણે અર્જુનને પાછો કાઢેલો.

વિદ્યાના બીજા પર્વરૂપ મિત્રવિન્દા તપોરૂપ હતાં તેથી ભગવાને બલથી તેના સંબંધીઓ પાસેથી તેમનું હરણ કર્યું. અંદરના (મનના) અને બહારના (દેહના) શત્રુને તેના ભાઇઓ જેવા જણાવેલ છે. આ ભગવાનનાં ફોઈની પુત્રી હોવાથી, મામાની કન્યા પેઠે પોતાના ભાગરૂપ જ હતાં, તેથી સ્વયંવરમાં બધા રાજાઓના દેખતાં ભગવાને તેમના ભાઇઓ પાસેથી તેમને ઉપાડી જઈ તેમનું હરણ કર્યું.

વિદ્યાના ત્રીજા પર્વરૂપ નાગ્નજીતી યોગરૂપ હતાં. તે સૂર્યવંશમાં ઉત્પન્ન થએલાં. સૂર્યવંશમાં ઉત્પન્ન થએલા રાજાઓ યોગીઓ હોવાનું જણાવેલ હોવાથી; અને આ તે વંશમાં ઉત્પન્ન થએલ હોવાથી આ યોગરૂપ હતાં. સાત આખલાઓ રૂપ વ્યસનો ઉપર વિજય મેળવી ભગવાને તેમને પ્રાપ્ત કર્યાં. વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરવો તે પણ યોગનું અંગ હોવાથી, અને આ તેવી રીતે પ્રાપ્ત થએલ હોવાથી આ યોગરૂપ હતાં. યાદવોને સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને આ યોગરૂપ કન્યા સાથે લગ્ન કર્યાં. યોગથી સમૃદ્ધિ પ્રાપ્ત થતી હોવાથી આમને આપેલ દાયજાનું શ્લોક ૫૦–૫૧ માં નિરૂપણ કરેલું છે. જેઓનું મન વ્યસનોમાં આસક્તિવાળું હોય તેઓને પણ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય છે, પરંતુ તે તેમને પ્રાપ્ત થતી નથી એમ જણાવવા આવા વ્યસની રાજાઓને પછી અર્જુન સાથે યુદ્ધ થયાનું શ્લોક ૫૩–૫૪ માં જણાવેલ છે.

(શ્રી સુબોધિનીમાં નાગ્નજીતીને ભક્તિરૂપ કહેલાં છે અને અહિં યોગરૂપ કહેલાં છે. આ સંબંધમાં આ નેવમા અધ્યાયના આરંભની કારિકાઓ ઉપરની લેખની નોટ જૂઓ).

વિદ્યાના ચોથા પર્વરૂપ ભદ્રા નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકરૂપ હતાં. આમને તેમના ભાઇઓએ જ શ્રીકૃષ્ણને પરણાવ્યાં એટલે આ તો પોતે જ શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયાં.

વિદ્યાના પાંચમા પર્વરૂપ લક્ષ્મણા ભક્તિરૂપ હતાં. તેમના વિવાહનું વર્ણન આગળ સાત્વિક પ્રકરણમાં વિસ્તારથી કરેલું છે, તેથી જણાય છે કે ભગવાનને બલ અને બુદ્ધિને લીધે આ પ્રાપ્ત થયાં હતાં. આમને શ્રી સુબોધિનીમાં યોગરૂપ જણાવેલાં છે. આ અધ્યાયમાં ભગવાનના વીર્યનું નિરૂપણ કરેલું છે એ સ્પષ્ટ છે. આ

પ્રમાણે ફલ પ્રકરણમાં શ્રીકૃષ્ણને સર્વ પદાર્થના સાધનવાળા પોતાની મેળે જ ફલ આપનારા અને સર્વનું હિત કરનારા જણાવેલા છે. તત્ત્વદીપ ૩–૧૦–૨૭૦ થી ૨૮૦.

શાસ્ત્રાર્થ પ્રકરણ નિબંધમાં (૧) વૈરાગ્ય (૨) સાંખ્ય (૩) યોગ (૪) તપ અને (૫) કેશવની ભક્તિને વિદ્યાના પાંચ પર્વ કહેલાં છે. આ પાંચ પટરાણીઓ પૈકી કાલિન્દી જ્ઞાન અથવા વૈરાગ્યરૂપ છે. જ્ઞાનથી સંસારમં વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. મિત્રવિંદા તપોરૂપ છે. નાગ્નજીતીને શ્રી સુબોધિનીમાં ભક્તિરૂપ કહેલાં છે, પણ નિબંધમાં યોગરૂપ કહેલાં છે, અને લક્ષ્મણાને શ્રી સુબોધિનીમાં યોગરૂપ અને નિબંધમાં ભક્તિરૂપ કહેલાં છે. ભદ્રા નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકરૂપ એટલે સાંખ્યરૂપ છે.

દશમા અધ્યાયમાં ભગવાન નરકાસુરે પૂરી રાખેલી સોળ હજાર કન્યાઓ સાથે લગ્ન કરે છે. જ્યારે વિષયો અને ઇંદ્રિયો અનન્ત થાય ત્યારે જ્ઞાનથી અને કર્મથી પ્રાપ્ત થાય તેવું ફલ પૂરેપૂરું પ્રાપ્ત થએલું ગણાય એમ જણાવવા, **नराणाम्** નરોના **कम्** સુખને (નરક=નરકાસુરને) હણી, દેવો ઉપર વિજય મેળવી કાલના દોષને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણે લોક અને વેદનું સમર્થન કરતાં મનની વૃત્તિરૂપ સોળ હજાર કન્યાઓ સાથે આનંદથી લગ્ન કર્યાં; કારણ કે અવિદ્યાના કાર્યરૂપ મુર નરક(નરકાસુર)નું રક્ષણ કરનાર હતો, અને સેનાપતિ પીઠ સહિત મુરના પુત્રો ઇંદ્રિય વિગેરે સાધનવાળા પ્રાકૃત હતા, નરક પોતે ચાર મૂર્તિવાળા ભગવાનનો પુત્ર હતો. તે તપ કરતો હતો. તપના અંતે ફલ આપનાર પાસે એવી માગણી કરવાથી તે ભૂમિનો પુત્ર થએલો, અને તેને એવું વરદાન મળ્યું કે જો તેની પાસે નારાયણાસ્ત્ર હશે તો બધાથી (કોઇથી) પણ તેનો વધ થઇ શકશે નહિ; પરંતુ તેણે નારાયણાસ્ત્ર પોતાના પુત્ર ભગદત્તને આપ્યું અને તેથી હરિથી તેનો વધ થયો. જેમ મુર રક્ષેલા નરોના '**कम्**' સુખરૂપ નરકનો વધ થયો, તેજ પ્રમાણે અવિદ્યાના કાર્ય અહંતા વિગેરેથી રક્ષાએલું ઇંદ્રિયો વિગેરેથી પુષ્ટ થએલું, ભૂમિ ઉપર ઉત્પન્ન થએલું ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ કર્મવાળું નરોનું જે આ લોકનું સુખ છે તે ભગવાનથી નાશ પામનારૂં છે. આથી એમ સિદ્ધ થાય છે કે જે સંસારમાં વૈરાગ્ય અને ભગવાન પ્રતિ ભક્તિવાળો હોય તેને આ લોકનું અને પરલોકનું ફલ શ્રીકૃષ્ણથી અવશ્ય પ્રાપ્ત થાય છે. બધા યાદવોને એ પ્રમાણે ફલનું દાન કરવા ભગવાને આ અધ્યાયમાં વર્ણવેલી લીલા કરેલી છે. તત્ત્વદીપ ૩–૧૦–૨૮૧થી ૨૮૮॥ ભગવાને કાલનો દોષ દૂર કરવા લોક અને વેદનું સમર્થન કરતાં આ લીલા કરેલી હોવાથી આ યશોલીલા છે.

અગીઆરમા અધ્યાયમાં ભગવાન રૂકિમણીનો પરિહાસ કરે છે. આ ભગવાનનું વાણીથી થતું તિરોધાન છે. ગોપીઓ પાસેથી ભગવાન રાસલીલામાં તિરોહિત થએલા તે કાયાથી થએલું તિરોધાન હતું. આ દશમા સ્કંધના છેલ્લા અધ્યાયમાં

શ્રીશુક ભગવાનના મનથી થએલા તિરોધાનની કથા કહેશે. ભક્તોના અભિમાન વિગેરે દોષ દૂર કરવા ભગવાન એ પ્રમાણે તિરોહિત થાય છે. અત્યંત કોમલ ભક્ત શ્રીકૃષ્ણના રસનો ભોગ કરી શકતા નથી તેથી તેમને એ રસનો ભોગ કરી શકે તેવા દૃઢ બનાવવા ભગવાન પોતે તિરોહિત થાય છે. આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન સર્વ ભક્તોને ફલનો ભોગ કરવાની શક્તિ આપે છે. અને તેઓના દોષ દૂર કરતાં તેમને ફલની પ્રાપ્તિ પણ કરાવે છે. આ અધ્યાયમાં વર્ણવેલી લીલા ભગવાનના શ્રી (શોભા અથવા કાંતિ) ગુણની લીલા છે. તત્ત્વદીપ ૩–૧૦–૨૮૯ થી ૨૯૩.

બારમા અધ્યાયમાં મહારાણીઓને પ્રાપ્ત થએલ પુત્ર પૌત્ર વિગેરે સંપત્તિના ફલનું નિરૂપણ કરેલું છે. પુત્ર પૌત્ર વિગેરેમાં સંબંધ વિગેરેને લીધે કાંઇ પણ દોષ થાય તો ભગવાન તે દોષ દૈત્યોમાં જ મૂકે છે એમ દર્શાવવા વિવાહરૂપ મંગલ કાર્ય સમયે બલભદ્ર રૂકમીને હણે છે, આ અનિરૂદ્ધનો રોચના સાથેનો વિવાહ અધર્મરૂપ હતો, તેથી ભગવાને અધર્મ વિવાહથી થતું પાપ દૈત્ય રૂકમીમાં જ મૂક્યું, અને તેથી બલભદ્રે તેને હણ્યો. દૈત્ય રૂકમી હણાતાં યાદવો સુખી થઈ દ્વારકા આવ્યા. તત્ત્વદીપ ૩–૧૦–૨૯૪ થી ૨૯૫ાા. આ અધ્યાયમાં ભગવાનના ગુણ જ્ઞાનથી કરેલી લીલા વર્ણવેલી છે.

તેરમા અધ્યાયમાં વૈરાગ્ય ધર્મથી કરેલી લીલાનું અને ચૌદમા અધ્યાયમાં ધર્મીએ કરેલી લીલાનું નિરૂપણ કરેલું છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે ભક્તોનું કાર્ય સિદ્ધ કરે છે એમ દર્શાવવા આ બે અધ્યાયોમાં ઘણું અદ્‌ભુત ઉષાનું આખ્યાન કહેલું છે. ‘જ્યારે ભગવાન શું થાય છે તે જાણવા છતાં પોતાના બધા ધર્મોને કાર્ય કરતાં અટકાવી દઇ શાંત રહે છે ત્યારે ભક્તનું ઉત્તમ કાર્ય હરકોઈ પ્રકારે સિદ્ધ થાય છે’ એમ દર્શાવવા, જ્યારે ચિત્રલેખા ઉષા માટે અનિરૂદ્ધને દ્વારકામાંથી લઇ જવા આવી અને લઈ ગઈ ત્યારે ભગવાને આ કાર્ય ચિત્રલેખા કરી શકે તે માટે દ્વારકાનું રક્ષણ કરનાર દેવો વિગેરેને પોતાનું કાર્ય કરતાં અટકાવી પોતે જ દ્વારકાનું રક્ષણ કરનાર બન્યા. (અધ્યાય ૧૩ શ્લોક ૧૯ ઉપરનાં શ્રીસુબોધિની), અને યાદવોને નહિ ગમતું અનિરૂદ્ધને લઈ જવાનું કાર્ય ચિત્રલેખાને કરવા દીધું. આ તેરમા અધ્યાયમાં ભગવાને વૈરાગ્ય ગુણથી કરેલી લીલા કહેલી છે એ સ્પષ્ટ છે.

ચૌદમા અધ્યાયમાં ભગવાનને મહાદેવ વિગેરે સાથે યુદ્ધ થાય છે. આ યુદ્ધ માત્ર દેખાવનું જ છે એમાં સંશય નથી, કારણ કે મહાદેવે બાણને કહેલું કે ‘જ્યારે તારી ધજાનો ભંગ થશે ત્યારે તને મારા સમોવડીઆ સાથે તારા મદને હરનારૂં યુદ્ધ (પ્રાપ્ત) થશે’ (અધ્યાય ૧૩ શ્લોક ૭), અને ભગવાને આ યુદ્ધ કરી મહાદેવે જે તેને કહેલ તેજ કાર્ય કરેલું છે. આ યુદ્ધમાં મહાદેવ બાણનો પક્ષ લે છે તેથી એમ દર્શાવેલું છે કે બધા દેવોને પોતાના ભક્ત પ્રતિ પક્ષપાત હોય છે. મહાદેવે બાણનો પક્ષ લીધો છતાં ભગવાને તેના ૯૯૬ હાથ કાપી નાખ્યા,

કારણ કે તેમનું બાણને કાંઇ પ્રયોજન નહતું અને તે માત્ર ભારરૂપ થઇ પડ્યા હતા. ભક્ત (મહાદેવ)ને જે કોઈ પ્રિય હોય તે સર્વ પૈકી (બાણ જેવા) જે કોઈ અમુક વિષયમાં વિરોધ કરનારા હોય, તે સર્વ જે કંઈ કરવાથી વિરોધનો ત્યાગ કરી સર્વ વિષયમાં ભક્તને અનુકૂલ થાય તેવાં સર્વ કાર્ય ભગવાન કરે છે, એમ આ કથાથી જણાવેલું છે આ તેરમા અધ્યાયમાં શંકરે ભગવાનની સ્તુતિ કરેલી છે તે સ્તુતિ વિગેરેથી એમ સિદ્ધ થાય છે કે આ અધ્યાયમાં ધર્મીની લીલા કહેલી છે. યાદવોમાં ભગવાન અવતરેલા હોવાથી તેમનાં બલની ઘણી વૃદ્ધિ થતાં તેમણે માઝા મૂકી હતી એમ આ અનિરૂદ્ધની કથાથી સૂચવેલું છે. ભગવાન સર્વ પ્રકારે રાજસ ભક્તોનાં સર્વ કાર્ય પાર પાડે એ રાજસોનું ફલ છે, પરંતુ શ્રીકૃષ્ણથી તેમને નિર્ગુણ ફલ પ્રાપ્ત થાય છે. તત્ત્વદીપ ૩–૧૦–૨૯૬ થી ૩૦૪.

શ્રીમદાચાર્યચરણની વાક્સુધાનું પાન કરવું એ કાર્ય ઘણું કઠિન છે. તેમાં પણ તેનો અનુવાદ કરવો એ વિશેષ કઠિન છે અને મારા જેવા પામર પ્રાણીમાં તેવું કઠિન કાર્ય કરવાની શક્તિ નથી. તેથી આ અનુવાદમાં સ્ખલન હશે જ, તે સુધારી વાંચવા સર્વને વિનતિ છે

સામાન્ય ગૂજરાતી ભાષા જાણનાર વૈષ્ણવોને પણ શ્રી સુબોધિની સમજવાનો લાભ પ્રાપ્ત થાય એવા હેતુથી આ રાજસફલ પ્રકરણનો અનુવાદ બની શક્યું તેટલી સાદી સરલ ભાષામાં કરેલો છે, તે વૈષ્ણવોને શ્રીસુબોધિની સમજવામાં કાંઈક અંશે પણ ઉપયોગી થશે તો મારો પ્રયાસ સાર્થક થયો માનીશ.

ધંધુકા.
સંવત ૨૦૦૦ ચૈત્ર કૃષ્ણ ૧૧.

નાનુલાલ નારાયણદાસ ગાંધી.

શુદ્ધિપત્ર

પાનું	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬	૧૦	કુષ્કીતિં	દૂષ્કીર્તિ
	૧૨	તેમણે	તેણે
૭	૨	દોડી	દોડ્યા અને
૯	૨૨	મુર	મુરથી
૧	૧૪	राजसामां	राजसानां
૭	૧	शुचादिता	शुचार्दिता
૯	૩	हन्तु	हन्तुं
૧૦	૩૧	तयौ	तयो
૨૧	૨	कुद्विभुः	कुद्धिभुः
૨૭	૧૫	પુત્રરાહત	પુત્રરહિત
૩૦	૨૨	दर्शयित्बा	दर्शयित्वा
૩૧	૭	ईश्व्रस्य	ईश्वरस्य
,,	,,	बीर्याढ्यं	वीर्याढ्यं
૩૨	૧૮	त्वाद् द्वितीया	त्वाद्द्वितीया
૩૩	૧	द्वयं	द्वय
	૪	तद्दुद्वाहं	तदुद्वाहं
	૧૯	થછી	પછી
૩૫	૬	એની	એવી
૫૨	૧૭	(કન્યા)દાંન	કન્યા(દાન)
૫૪	૨૧	दुर्मषान्	दुर्मर्षान्
૫૫	૨૮	द्विबिधानि	द्विविधानि
	૨૯	रुपाणि	रूपाणि
	૩૦	श्वेति	श्चेति
૫૬	૪	स्वर्वेषां	सर्वेषां
	૨૧	गुरूणा	गुरुणा
૬૯	૬	ભગનાનને	ભગવાને
૭૦	૨૭	ઘણો	ઘણી
	૩૩	सिंह	सिंहः
૭૯	૧૧	पाञ्चन्य	पाञ्चजन्य
૮૦	૨૩	आबिध्य	आविध्य
૮૩	૧૬	ताभ्भसि	ताम्भसि
૮૬	૧૮	आस्त्रव	आस्रव

પાનું	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૪	૨૧	बिश्वेशं	विश्वेशं
	,,	बरा	वरा
	૨૨	प्रबण	प्रवण
૯૫	૧૦	षद्भिः	षड्भिः
	૧૨	द्वाभ्यां	द्वाभ्यां
૯૬	૨૧	षङ्कज	पङ्कज
૯૮	૧૫	ગનન	નમન
૧૦૧	૧૦	કન્યાએ	કન્યાઓ
૧૦૨	૧૯	એરી	એવી।
૧૦૫	૧	અને	એટલે
૧૧૩	૩	विरोधः	विरोधः
	૮	द्वक्यं	द्वाक्यं
૧૧૪	૨૬	રૂક્મિને	રૂક્મિણીને
૧૧૫	૧૫	स्त्रिना	स्विना
	૧૭	पुष्यै	पुष्पै
૧૧૮	૫	થતી	હતી
	૨૪	न्स्स	त्स्स
૧૧૯	૭	હોય	હોય તો
૧૨૦	૧૨	સૌંદર્ય	સૌંદર્ય.
	૧૮	भात्रा	भ्रात्रा
૧૩૧	૪	बल्लभा	वल्लभा
૧૩૩	૧૯	વાળી	વાળા
૧૩૭	૧૩	प्रभृज्या	प्रमृज्या
	,,	चाप	चोप
૧૪૨	૧૪	नमः	नर्म
૧૪૩	૩૧	बीक्षन्ती	वीक्षन्ती
૧૪૪	૧૬	તેની	તેવી
૧૪૮	૨	થઈ	કરી
૧૫૨	૩૨	सेन्धव	सैन्धव
૧૬૬	૭	त्कथा	त्कथा
૧૬૭	૨	તે આને	તેઓને
૧૭૫	૧૩	सुङ्गयः	सङ्क्रमः

પાનું	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૮૨	૧૫	તેની	તેવા
૧૮૮	૧૦	સોચક	સોગક
૧૯૦	૨૩	वेवाहिकं	वैवाह्विकं
૧૯૧	૨૭	द्धगि	द्धागि
૧૯૨	૨૫	પિતાથી	પિતાને લીધે
૧૯૪	૨૭	निजय	निर्जय
૧૯૮	૧૫	દુષ્ટક	દુષ્ટ
૧૯૯	૧૭.	क्रुद्वः	क्रुद्धः
	૨૬	કરેલ	કરી
૨૦૦	૧૩	बाह	बाहू
	૧૫	भींतो	भींता
૨૦૩	૧૩	રાજસફલ	રાજસ. સફલ
	૧૪	यित्	चित्
	૧૫	तन्भू	तन्मू
૨૦૬	૧૮	વિનાનો	વિનાના
૨૦૯	૩	તેના	તેની
૨૧૩	૧૪	આપનો	આગનો
,,	૧૭	हिया	ह्रिया
૨૧૪	૧૨	पर्यङ्क	पर्यङ्के
૨૧૯	૩૨	जिवृक्ष	जिघृक्ष
,,	,,	ऽहृत्	ऽहरत्
૨૨૧	૧	કરે છે	કહે છે
	૧૭	विरू	विरु
૨૨૪	૫	दूदिश	द्वादिश
૨૨૬	૨૬	पिशाशा	पिशा
૨૨૭	૯	બધાઓને એટલે	બધાઓને
૨૩૨	૨૭	दवैष्ण	न्वैष्णव
૨૩૩	૨૫	बिश्वो	विश्वो
૨૩૫	૧૦	(ધ્રહા।)	(ધ્રહા)
૨૩૮	૧૦	તેજરવી	તેજથી
૨૩૯	૧૧	પાથલ	પાછલ
૨૪૧	૪	क्रू	क्रु
	૧૯	बाहून	बाहून्
૨૫૦	૧૯	स्वदक	स्वदृक्
	૩૩	શબ્દનો	શબ્દનો અમુક
૨૫૫	૨૮	રૂદ્ર	રૂદ્ર,
૨૫૯	૧૪	दर्पों	दर्पों

વિરામ ચિહ્નો ઘણે ઠેકાણે છપાયા નથી તથા । , ˎ ` વિગેરે તથા અક્ષરના કેટલાક ભાગ ઉઠેલ ન હોય તે સુજ્ઞ વાચકોને પોતાની મેળે વિચારી વાંચી લેવા વિનતિ છે.

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રી સુબોધિનીજી

॥ राजसफलप्रकरणम् ॥

॥ अष्टमोऽध्यायः ॥ અધ્યાય આઠમો.

निरोधो मानरूपोऽत्र सप्तभिर्विनिरूपितः ॥
मेयरूपश्च तावद्भिः प्रमेयवलमुच्यते ॥१॥

अपकारिषु भक्तेषु तथा साधारणेषु च ॥
फलप्रकरणं ह्येतत्तेन तादृङ्निरूप्यते ॥२॥

અહિં સાત (અધ્યાયો) થી પ્રમાણરૂપ[1] નિરોધ વર્ણવ્યો અને તેટલા (અધ્યાયો) થી પ્રમેયરૂપ (કહ્યો[1]). (હવે[1]) અપકાર કરનારા[2] ભક્તો અને સાધારણ (પુરુષો) પ્રતિ પ્રમેયબલ કહેવામાં આવે છે; કારણ કે આ ફલપ્રકરણ[2] છે, તેથી તે. (પ્રમેયબલ) કહેવામાં આવે છે. કા. ૧–૨.

कामः फलं यथा पूर्वं क्रोधस्त्वत्र तथा फलम् ॥
राजसामां विशेषेण जयस्त्वत्र फलिष्यति ॥३॥

પહેલાં જેમ કામ ફલ[3] (પ્રાપ્ત કરાવનાર) હતો, તે પ્રમાણે અહિં ક્રોધ ફલ (પ્રાપ્ત કરાવનાર)[3] છે. અહિં ખાસ કરીને રાજસો ઉપર વિજય થશે. કા. ૩.

---

[1] (પૂર્વાર્ધના અધ્યાય ૩૩ થી ૩૯ થી પ્રમાણરૂપ અને ૪૦ થી ૪૬ થી પ્રમેયરૂપ રાજસોનો નિરોધ કહ્યો). આ બે પ્રકરણો અહિં જણાવેલ છે. સાધન પ્રકરણ તો ઉત્તરાર્ધમાંજ કહેલ હોવાથી તેના સંબંધમાં અસંગતિની શંકા રહેતી નહિ હોવાથી તેનો અનુવાદ કરેલો નથી (લે)

[2] અપકાર કરનારાઓ બે પ્રકારના છે (૧) ભક્તો અને (૨) બીજા સાધારણ (પુરુષો). હવે અહિંથી તે બંનેના સંબંધમાં પ્રમેયબલ જણાવવામાં આવે છે. તેનું કારણ 'આ ફલ પ્રકરણ છે' શબ્દોથી કહેલું છે. ફલ અહિં સ્વરૂપના બલથી પ્રાપ્ત થાય તેવું છે, પરંતુ સાધનોથી પ્રાપ્ત થાય તેવું નથી. તેથી તેવું (સ્વરૂપનું પ્રમેયબલ) જણાવવામાં આવે છે, એવો અર્થ છે. (લે)

[3] તામસ ફલપ્રકરણમાં જેમ કામલીલાનું નિરૂપણ કર્યું, તેમ અહિં (રાજસફલ પ્રકરણમાં) ક્રોધલીલાનું નિરૂપણ કરવામાં આવે છે એવો અર્થ છે. ફલ આપે તે फलम्, ફલ પ્રાપ્ત કરાવનાર, એવો અર્થ છે. (લે)

हरिधर्मैश्च हरिणा वलभद्रेण यादवैः ॥
जयो निरूप्यते लोके निरोधात्मा हि राजसः ॥४॥

કારણ કે હરિના ધર્મોથી, હરિથી, બલભદ્રથી અને યાદવોથી[1] લોકમાં નિરોધરૂપ રાજસ જય કહેવામાં આવે છે. કા. ૪.

तत्राष्टमे तथाध्याये कृष्णेच्छाया जयस्त्रिधा ॥
सत्राजिच्छतधन्वा च अक्रूरश्च जितास्तथा ॥५॥

તે પૈકી આઠમા અધ્યાયમાં તે પ્રમાણે શ્રીકૃષ્ણની ઇચ્છાનો જય ત્રણ પ્રકારે (કહેશે) (૧) સત્રાજિત (૨) શતધન્વા અને (૩) અક્રૂર ઉપરતે પ્રમાણે જય થયોછે. કા. ૫.

ગયા અધ્યાયના અંતે એમ કહેલું છે કે ભગવાને મણિ રાખ્યો નહિ. તેનું ફલ અહિં (આ અધ્યાયમાં) જણાવવામાં આવે છે. બીજા દેવતામાં રાખેલી બુદ્ધિ (શ્રદ્ધા) જીવતાં નિરોધ થવા દેતી નહિ હોવાથી, સત્રાજીત નિરોધનો અધિકારી હોવા છતાં, તેણે પોતાના દેહનો ત્યાગ કરી, મણિદ્વારા ભક્તમાં રહી, સંસારમાં ભગવાનના ચરણરૂપ વારાણસી વિગેરે (ક્ષેત્ર)માં નિરોધ પ્રાપ્ત કર્યો એમ કહેવામાં આવે છે. તે પૈકી પ્રથમ તેણે દેહનો ત્યાગ કર્યો એમ જણાવવા નીચેના બે શ્લોકોથી પ્રસ્તાવના કહે છે (કરે છે):—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:—

विज्ञातार्थोऽपि गोविन्दो दग्धानाकर्ण्य पाण्डवान् ॥
कुन्तीं च कुल्यकरणे सहरामो ययौ कुरून् ॥१॥
भीष्मं नृपं सविदुरं गान्धारीं द्रोणमेव च ॥
तुल्यदुःखौ समागम्य हा कष्टमिति होचतुः ॥२॥

વૃત્તાંત જાણનાર હોવા છતાં પણ, પાંડવોને અને કુંતીને બળી ગએલા સાંભળીને ગોવિંદ બલભદ્ર સહિત લૌકિક કરવા કુરૂદેશ પધાર્યા. સમાન દુઃખવાળા (તે) બન્ને ભીષ્મ, વિદુર સહિત રાજા. ગાંધારી અને દ્રોણની પાસે જઇને 'અરેરે! (ઘણું) દુઃખ (આવી પડયું)' એમ કહ્યું ૧-૨.

ભગવાન (દ્વારકામાં) હોય ત્યારે તેમના ગુણોનું (ત્યાં) ઉપયોગીપણું ન રહે તેથી, અને લોકો દુષ્ટ (હોવાથી) ખોટી કલ્પનાઓ કરે તેથી, ભગવાન અને બલભદ્ર દ્વારકાનો ત્યાગ કરી હસ્તિનાપુર પધાર્યા એમ કહેવામાં આવે છે; કારણ

---

[1] (આ પ્રકરણના) એક અધ્યાયથી હરિના ધર્મોથી, ત્રણ અધ્યાયોથી હરિથી, એકથી બલભદ્રથી અને બેથી યાદવોથી જય પ્રાપ્ત કર્યાનું કહેશે, એવો અધ્યાયોનો વિભાગ છે. (લે)

કે પાંડવોના શત્રુઓમાં (શત્રુઓ પાસે) (જતાં), તે* ભગવાન શું ભક્તો(પાંડવો)નું વિધિના સાધનથી હિત કરતા (કરવા) જાય છે ? કેમકે મુખ્ય (પુરૂષો પાંડવો) જતાં, દુઃખી થએલ ન હોય તેવા તેમના સંબંધીઓ પાસે જવું એ કુલાચાર નથી.

‘ સર્વ (વૃત્તાંત) જાણ્યા વિના (ભગવાન કૌરવો પાસે) પધાર્યા ’ એવી શંકા થાય, તેથી ‘ વૃત્તાંત જાણનાર હોવા છતાં પણ ’ શબ્દો યોજેલા છે. જે પ્રકારે પાંડવો લાક્ષાગૃહમાંથી બહાર નીકળ્યા, અને જે પ્રકારે તેઓ એકચક્ર (નગરી)માં ગયા, અને જે પ્રકારે ત્યાં તેઓ ભીખ માગતાં બ્રાહ્મણના વેષે રહેતા હતા, અને જે પ્રકારે પાંચ પુત્રોવાળી કોઇક ભીલડી લાક્ષાગૃહમાં બળી ગઇ તેના ભ્રમને લીધે પાંડવો અને કુંતી બળી ગયાં એમ લોકો કહેતા હતા—આ સત્ય અર્થઃ વૃત્તાંત સારી રીતે જાણવામાં આવેલ. સારી રીતે જાણેલો હતો વૃત્તાંત જેમણે તેવા (ભગવાન હતા). જો ભગવાન (લૌકિકે) જાય નહિ તો કૌરવોને સંદેહ થાય, કે ભગવાને જ (પાંડવોને અને કુંતીને) બીજે રાખેલા છે. તેથી ન જાણતા હોય તેવું નાટક કરવું જોઇએ. તેમ ન કરે તો (કૌરવો) પાંડવોનો નાશ કરવા ફરીથી પ્રયત્ન કરે. કારણ કે ભગવાન **गोविन्दः** એટલે સત્પુરૂષોના **इन्द्रः** રક્ષણ કરનારા છે. તેથી પાંડવોનું રક્ષણ થાય તે માટે (તેમને) બળી ગએલા સાંભળીને, અને કુંતીને બળી ગએલી સાંભળીને કુલના ધર્મનું સંરક્ષણ થાય તે માટે, —‘ બંધુઓ મરણ પામે ત્યારે દૂર રહેનારાઓ (તેમના) બાકી રહેલા સંબંધીઓને મળવા જાય છે ’ એવું લૌકિક કરવા (પધાર્યા)—(**दग्धान्** ને બદલે) ‘ **अदग्धान्** ’ ‘ બળી નહિ ગએલા ’ એવો મુખ્ય અર્થ છે, કારણ કે પાંડવો પિતાના‡ પુત્રો હતા, (અને) માતાના પુત્રો જ બળી જાય છે—આથી એમ સૂચવેલું છે કે તેઓ(કૌરવો)નો પણ નિરોધ કરવા ભગવાન પધાર્યા. ‘ કુરૂદેશ ’ એટલે હસ્તિનાપુર. ભગવાન એકલા (પધારે) તો કોકને સંદેહ પણ થાય, (પણ) બલભદ્ર સાથે (પધારે) તો (સંદેહ) ન થાય, તેથી ‘ બલભદ્ર સહિત ’ એમ કહેલું છે. ૧.

તેઓએ પધારીને પ્રશ્ન કર્યા તે બીજા શ્લોકમાં કહે છે. ‘ રાજા ’ એટલે ધૃતરાષ્ટ્ર. (ભીષ્મ રાજા અને વિદુર) ત્રણ સાત્ત્વિક, રાજસ અને તામસ (કહ્યા).

---

* અહિં ‘ **न हि पाण्डववैरिषु** ’ પાઠ છે તેને બદલે ‘ **स हि** ’ પાઠ જોઇએ એમ જણાય છે. તેથી તેવો પાઠ લઇ અર્થ કરેલ છે. ‘ **न हि** ’ પાઠ લઇએ તો ‘ **किं गच्छति** ’ છે તે ‘ **किम्** ’ શબ્દ નિરર્થક થાય છે.

‡ ‘ **पाण्डवान्** ’ એટલે પાંડુના પુત્રોને. તેથી પિતાના પુત્રો કહેલા છે. પિતાના પુત્ર સત્ત્વવાળા હોઇ બળી ન મરે, એવો ભાવાર્થ છે.

સ્ત્રી (ગાંધારી) અને બ્રાહ્મણ બે ઉત્તમ અને હલકા[1] જન્મવાળા (કહ્યા). દરેકની પાસે જઇને 'અરેરે! (ઘણું) દુઃખ (આવી પડ્યું)' એમ (તે) બેએ કહ્યું. આવું વચન આશ્ચર્યકારક[†] છે એમ જણાવવા 'ह' એમ કહેલ (લખેલ) છે. ૨.

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી જે પ્રયોજનથી આ કહેલ તે કહે છે. (જણાવે છે):—

लब्ध्वैतदन्तरं राजन् शतधन्वानमूचतुः ॥
अक्रूरकृतवर्माणौ मणिः कस्मान्न गृह्यते ॥३॥

હે રાજન્! આ અવસર પ્રાપ્ત કરીને અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યું કેઃ—'મણિ કેમ ન લેવો?...' ૩.

અક્રૂર દ્વારકાની સંભાળ રાખનાર; દિવસે ન્યાય કરનાર ધર્માધિકારી હતો. કૃતવર્મા તો 'કોટિવારક' એમ ઓળખાતો રાત્રે સંભાળ રાખનાર હતો. શતધન્વા તો ન થઇ શકે તેવું કરનાર, તે બેની આજ્ઞા પ્રમાણે ચાલનાર સાહસ કરનારો હતો. તે ચોરીથી સર્વ કરી શકતો. (આ) ત્રણે યાદવો ભગવાન અથવા બલભદ્ર (દ્વારકામાં) હોય ત્યારે અન્યાય કરી શકતા નહિ. ભગવાન પરગામ (હસ્તિનાપુર) પધારતાં, આ **अन्तरम्** અવસર પ્રાપ્ત કરીને તેમણે શતધન્વાને નીચે કહેવામાં આવે છે તે કહ્યું. ('પરિક્ષિતને આ પ્રમાણે થાય છે) તેવું જ્ઞાન છે એમ જણાવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. 'મણિ કેમ ન લેવો....' શબ્દોથી સવા શ્લોકથી તે (અક્રૂર અને કૃતવર્મા) બેનાં વાક્ય કહે છે. ૩.

માત્ર મણિ લેવો એટલુંજ નહિ, પણ તેને મારી પણ નાખવો એમ નીચેના શ્લોકમાં કહે છે:—

योऽस्मभ्यं सम्प्रतिश्रुत्य कन्यारत्नं विगर्ह्य नः ॥
कृष्णायादान्न सत्राजित्कस्माद्भ्रातरमन्वियात् ॥४॥

જેણે (પોતાની) ઉત્તમ કન્યા અમને આપવાનું વચન આપી, આપણી નિંદા કરી શ્રીકૃષ્ણને આપી, (તે) સત્રાજીત (તેના) ભાઇ પાછળ કેમ ન જાય? ૪.

મણિ લેવામાં, 'મણિ ભગવાનનો છે' એવું કારણ ભગવાનનો અપરાધ થાય તે માટે કહેવા યોગ્ય નથી. (તેથી કહેલ નથી). (સત્રાજીતને) મારી નાખવામાં,

---

[1] અહિં ક્રમ પુચ્છેલો નથી. સ્ત્રી ગાંધારીને હલકાં કહ્યાં અને બ્રાહ્મણ દ્રોણ ઉત્તમ જન્મવાળો હતો એવો અર્થ છે. (કે) પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓનો વિશેષ અધિકાર હોવાથી, અને દ્રોણાચાર્યની ઉત્પત્તિ અપ્સરાને દેખી કામ પ્રાપ્ત કરેલ ભારદ્વાજના પાંદડાના કલશમાં રાખેલ વીર્યથી થએલી હોવાથી ક્રમ પ્રમાણે લેવામાં વાંધો જણાતો નથી.

[†] પાંડવો અને કુંતી બળી ગએલાં નથી એમ જાણનારા ભગવાન કૌરવો પાસે આવાં ખરખરાનાં વચનો કહે તે આશ્ચર્યકારક છે.

‘આ ભગવાનનો સાસરો છે’ એવું કારણ કહેવા યોગ્ય જ છે. તેણે ઉત્તમ કન્યા (અમને) આપવાની પ્રતિજ્ઞા અવશ્ય કરેલી. તે ન મળતાં તેની પાસેથી ઉત્તમ રત્ન (સ્યમંતક) લેવું જોઇએ. ‘આ વર સારા નથી’ એમ આપણી નિંદા કરીને તેણે (કન્યા) ભગવાનને આપી. આવા સંજોગોમાં નિંદા થતાં, ક્ષત્રિયના ધર્મમાં આસક્તિવાળાએ (આપણે) અવશ્ય તેને મારી નાખવો જોઇએ; અને તેણે ભગવાનને આપેલ હોવાથી છૂપી રીતે (તેને) હણવો જોઇએ. જેમ ભગવાને માગેલો મણિ ભગવાનને ન આપતાં તેણે (પોતાના) ભાઇને આપ્યો, પછી મણિવાળા ભાઇને **हिनस्ति**[1] જે હણે છે તેવા સિંહે મારી નાખ્યો, એ પ્રમાણે કન્યાદાનના પ્રસંગને લીધે* પોતાનો થએલ મણિ પણ ભગવાને તેને આપ્યો તેથી મણિવાળો સત્રાજીત કયા કારણથી તેના ભાઇની પાછળ ન જાય? પરંતુ (તે તેની) પાછળ જાય તેજ યોગ્ય છે. સત્યભામા અને મણિ માગવા(માં આવવાનાં વિષય)માં સરખા હતા. આપણે સત્યભામા માગેલી, ભગવાને મણિ માગેલો. તેણે બંનેને માગેલું આપ્યું નહિ, અને બંનેની નિંદા કરી. તેથી નિંદા (થયા) પછી જેની પાસે મણિ રહે છે તેજ પ્રસેનના માર્ગે જાય છે. તેથી તે (સત્રાજીત તેના) ભાઇની સાથે જાય તે યોગ્ય છે, એવો અર્થ છે.

તે બેએ લૌકિક ભાષાથી જણાવેલો અર્થ પણ સરસ્વતીએ સત્ય અર્થજ ઠરાવ્યો. ‘જેણે પ્રસેનને હણ્યો તે પણ બીજાથી હણાયો’ એમ તે બે જાણતા હોવા છતાં પણ, તેમણે પોતાને પણ જે (કરવું) રૂચતું નહતું તે (કરવાનું) મૂર્ખ શતધન્વાને કહ્યું. તેમ ન હોત (તે બેને રૂચતું હોત), તો તે બે પોતેજ તેમ કરત. ૪.

‘શતધન્વા પણ ચતુર હતો, તેણે એ પ્રમાણે કેમ કર્યું?’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક (શુક) કહે છે:—

एवं भिन्नमतिस्ताभ्यां सत्राजितमसत्तमः ।
शयानमवधील्लोभात्स पापः क्षीणजीवितः ॥५॥

એવી રીતે તે બેએ નાશ કરેલ મતિવાળા, ક્ષીણ થયેલ જીવનવાળા સર્વથી દુષ્ટ તે પાપીએ લોભને લીધે ઉંઘતા સત્રાજીતને મારી નાખ્યો. ૫

તે બેએ **भिन्ना** નાશ કરેલી હતી મતિ જેની, (તેવો શતધન્વા થયો). મણિ જ લેવો, એમ તેની લાલચને લીધે, (લોભની) બુદ્ધિ ઉત્પન્ન થઇ. પછી તેટલાથી, ભવિષ્યમાં શું થશે તે વિષયમાં બુદ્ધિનો નાશ થયો, એટલે તે વિચાર કરવા શક્તિવાળી ન થઇ; અને તે બંને ઘણા પ્રકારે (તેને) ભમાવતા હતા.

---

[1] આ ‘સિંહ’ શબ્દની વ્યુત્પત્તિ, શતધન્વા પણ હિંસા કરનાર હોવાથી તેના જેવો છે એમ જણાવવા કરેલી છે. (લે)

* કન્યાદાન કરતાં મણિ પણ સત્રાજીતે ભગવાનને આપેલો હોવાથી તે તેમનો થએલ.

ભવિષ્યમાં જે વૃત્તાંત થવાનો છે તે માટે જ ભમાવતા હતા; કારણ કે 'મણિના સંબંધને લીધે મરણ થશે' એમ તે બે જાણતા હતા. તેથી તે બે મણિ ઇચ્છતા નહતા. આ (શતધન્વા)ને તો મણિની ઇચ્છા હતી, તેથી તે સર્વથી દુષ્ટ હતો. તે બે દુષ્ટ અને વધારે દુષ્ટ હતા;* આ સર્વથી દુષ્ટ હતો, એવો (અર્થ છે). જો તેમ (સર્વથી દુષ્ટ) ન હોત, તો (સત્રાજીત સાથે) યુદ્ધ કરીને પણ હણત, પરંતુ ઉંઘતાને જ હણ્યો, અને તેમાં પણ લોભને લીધે (હણ્યો), પરંતુ તેની સાથે વેર નહતું.

'ભગવાનના દેશમાં રહેનાર, દ્વારકાવાસીની એવી બુદ્ધિ કેમ થઇ ?' એવી શંકા થાય, તેથી 'તે પાપીએ' શબ્દો યોજેલા છે. તે શતધન્વા પાપી હતો. દેવોની અંદર પણ કલિની પેઠે એક અધમ હતો. તેથી આ અધર્મરૂપ હોવાથી તેણે તે પ્રમાણે કર્યું. વળી તે ક્ષીણ થએલ જીવનવાળો હતો. તેનું જીવન થોડું જ હતું, કારણ કે આ માટે જ તેનો અવતાર (થયો હતો). ૫.

જો તેણે (સત્રાજીતને) માત્ર હણ્યો જ હોત, તો પણ બીજાએ ચડાવવાથી તેણે તેમ કરેલ હોવાથી, આનો તેવો (મોટો) દોષ ન થાત (ગણાત), પરંતુ આણે વિશેષ (પાપ) પણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स्त्रीणां विक्रोशमानानां क्रन्दन्तीनामनाथवत् ॥
हत्वा पशून् सौनिकवन्मणिमादाय जग्मिवान् ॥६॥

સ્ત્રીઓ ઘણી રાડો પાડતી હતી અને અનાથની પેઠે આક્રંદ કરતી હતી, ત્યારે કસાઇ પશુઓને હણે તેની પેઠે હણી, મણિ લઇ, તે જતો રહ્યો ૬

સ્ત્રીઓ ઘણી રાડો પાડતી હતી અથવા અનાથ એટલે નાથ વિનાની જ તેઓને પણ हत्वा પ્રહાર કરીને, મણિ લઇને जग्मिवान् જતો રહ્યો. તેનામાં દયા અથવા સભ્યતા નહતી એમ જણાવવા 'કસાઇ પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. કસાઇ સદા હિંસા કરનારો છે, પશુઓને હણી, તેઓનું માંસ વેચનારો છે. જેમ લાકડાં કાપનારાને વૃક્ષો ઉપર દયા હોતી નથી, તેમ તેને પણ (દયા નહતી). પૂજાતો મણિ પણ અનિષ્ટ(મરણ)નું કારણ થયો એમ કહેવાયું. આ પ્રકરણમાં પ્રમેયનું બલ (જણાવાતું) હોવાથી ગયા અધ્યાયના વાક્યો સાથે (આનો) વિરોધ[1] નથી. ૬.

---

* અક્રૂર દુષ્ટ હતો, કૃતવર્મા વધારે દુષ્ટ હતો.

[1] (મણિને) પૂજવાનું તજી, પ્રસેને તેને કંઠે બાંધ્યો, તેથી તેનું મરણ થયું. અહિં (સત્રાજીતથી) તો તે પૂજાતો જ હતો, છતાં તેનું મરણ કેમ થયું ? એવો વિરોધ છે. ગયા અધ્યાયના શ્લોક ૧૧ માં કહ્યું તેમ પૂજાતો મણિ હોય ત્યાં કાંઇ અનિષ્ટ થવું જોઇએ નહિ. એ વાક્યો સાથે વિરોધ છે. (તે) પરંતુ આ પ્રકરણમાં પ્રમેયનું બલ એટલે ભગવાનના સ્વરૂપનું બલ વિશેષ છે એમ જણાવવાનું હોવાથી એ વાક્યો સાથે વિરોધ નથી. મણિની શક્તિ અથવા સ્વભાવ સ્વરૂપબલ પાસે નમાલાં છે, એવો ભાવ છે.

सत्यभामा च पितरं हतं वीक्ष्य शुचार्दिता ॥
व्यलपत्तात तातेति हा हतास्मीति मुह्यती ॥७॥

અને પિતાને હણાએલા જોઇને શોકથી પીડાએલાં સત્યભામાએ મૂર્છા પામતાં 'ઓય બાપલીઆ રે! મને મારી નાખી' એવો વિલાપ કર્યો ૭.

તે (શતધન્વા સત્રાજીતને હણી મણિ લઇને) ગયો ત્યારે સત્યભામા ભગવાનનાં મંદિરે હતાં, છતાં પણ ઉપ*શ્રુતિની પેઠે (તે વૃત્તાંત) સાંભળીને પિતાના ઘેર આવ્યાં. પિતાને હણાએલા જોઇને શોકથી પીડાએલાં તેમણે 'બાપલીઆ રે!' એમ વિલાપ કર્યો. જેમ (સત્રાજીતની) સ્ત્રીઓએ વિલાપ કર્યો તે પ્રમાણે સત્યભામાએ પણ કર્યો એવો સમુચ્ચય† જણાવવા 'च' 'અને' શબ્દ યોજેલો છે. પતિનો વધ થતાં તેઓને જેટલું દુ:ખ થયું, તેટલું પિતાનો વધ થતાં પણ (સત્યભામાએ રૂદન) કર્યું એવો અર્થ છે.

'તેઓને પોતાનો નાશ અને પતિનો નાશ એમ બંને (દુખ થયાં); તેથી (સત્યભામાનું અને તેમનાં દુ:ખ) સરખાં નહિ હોવાથી સમુચ્ચય કેમ કર્યો?' એવી શંકા થાય, તેથી અહિં (સત્યભામાને) પણ બે (દુ:ખ) થયાં, એમ 'ઓય બાપલીઆ રે!' અને 'મને મારી નાખી' શબ્દોથી કહેલું છે.

'(સત્યભામા) એ પ્રમાણે પોતે હણાએલ નહિ હોવા છતાં, તેમણે તેવું કેમ કહ્યું?' એવી શંકા થાય, તેથી 'મૂર્છા પામતાં' શબ્દ યોજેલ છે. મૂર્છા પામેલી હણાએલી જેવી હોવાથી, તેણે તે પ્રમાણે સત્યજ કહેલું, એવો અર્થ છે. ૭

ભગવાનના વિરોધને લીધે તે(સત્રાજીત)ની પરલોકની ક્રિયા પણ તરત ન થઇ એમ જણાવવા, નીચેના શ્લોકમાં સત્યભામાએ (કરેલું) કાર્ય જણાવે છે:—

तैलद्रोण्यां मृतं प्रास्य जगाम गजसाह्वयम् ॥
कृष्णाय विदितार्थाय तप्ताचख्यौ पितुर्वधम् ॥८॥

મરેલાને તેલની કોઠીમાં નાખીને (તે) હસ્તિનાપુર ગયાં. જેમણે વૃત્તાંત જાણેલો હતો તેવા તે શ્રીકૃષ્ણને (પોતાના) પિતાના વધની વાત કરી ૮.

આ (સત્યભામા) દેવે આપેલી પુત્રી જેવી હોવાથી પુરૂષના જેવા સ્વભાવવાળી હતી, કારણ કે ભાઇ વિનાની હતી. તેથી ધર્મ પ્રમાણે તે પરણવા યોગ્ય ન

---

[*] રાત્રે અલૌકિક અવાજ સંભળાય છે, અને તે ભવિષ્ય જણાવનાર રાતની દેવતા છે, એમ મનાય છે: આવો અવાજ 'ઉપશ્રુતિ' કહેવાય છે.

[†] સમુચ્ચય એટલે સરવાળો. ભેગું કરવું તે.

હોવા* છતાં, ઉત્તમ સ્ત્રી હોવાથી (ભગવાન તેને) પરણેલા. તેથી તેનું ચરિત્ર પુરૂષના જેવું જ છે.

દ્રોણી એટલે લોઢાનો અથવા તાંબાનો બનાવેલ કોઠાર, કોઠી અથવા કડાઇ. (સત્રાજીત) મરણ પામ્યો ત્યાં સુધી વિલાપ કર્યો, પછી મરેલાને તેલની કોઠીમાં નાખ્યો, (અને) પોતે પણ હસ્તિનાપુર ગઇ, કારણ કે ત્યાં પધારેલ ભગવાન મરેલાના સંબંધમાં સાંત્વન કરતા હતા. 'હસ્તિનાપુર' એ પ્રસિદ્ધ સ્થાન હોવાથી ત્યાં જવાથી કાંઇ સંદેહ ઉત્પન્ન થાય તેમ નહતું. ત્યાં ભગવાનને (સમાચાર) જણાવવા જ ગએલ, તેથી તે અર્થ ઉત્તરાર્ધથી કહે છે. આ ભાન ભૂલેલી હતી એમ જણાવવા 'જેમણે વૃત્તાંત જાણેલો હતો તેવા' વિશેષણ યોજેલું છે. 'તે' એટલે 'તેવા પ્રકારને પ્રાપ્ત થએલા.' 'પિતાના વધની (વાત કરી)' નો એવો અર્થ છે કે (વાત કરવાની) જરૂર હોવાથી, તેથી દોષ થતો નથી. ૮.

'જેમ (તે સમાચાર) જાણીને ભગવાને કાંઇ કરેલું નહિ તેમ (સત્યભામાથી) સાંભળીને પણ કાંઇ કરશે નહિ' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી (ભગવાને અનુક્રમે) લૌકિક કર્યું અને વેર (વાળવાનો ઉદ્યમ) કર્યો એમ કહે છે:—

तदाकर्ण्येश्वरौ राजन्ननुसृत्य नृलोकताम् ॥
अहो नः परम कष्टमित्यस्राक्षौ विलेपतुः ॥९॥

હે રાજન્! તે સાંભળીને બે ઇશ્વરોએ મનુષ્યના સ્વભાવને અનુસરીને, 'અરેરે! અમને ઘણું જ કષ્ટ (આવી પડયું)' એવો આંખમાં આંસુ લાવી વિલાપ કર્યો. ૯.

બે (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) ઈશ્વર હોવા છતાં તેમણે લીલા માટે મનુષ્યના સ્વભાવને અનુસરીને, સાસરાની હત્યા થઇ તેથી (તેની) દીકરીની પેઠે પોતે પણ વિલાપ કર્યો. જેવું તેને દુઃખ થએલ તેવું દુઃખ (પોતાને થયાનું) કહ્યું. માત્ર વાણીથી (દુઃખ કહેલ) નહતું એમ જણાવવા 'આંખમાં આંસુ લાવીને' (કહેલું છે). (ભગવાનની) પૂરેપૂરી શક્તિ‡ તેમ કરે છે એમ જણાવવા દ્વિવચન યોજેલું છે. ૯.

---

* ધર્મશાસ્ત્ર પ્રમાણે જેને ભાઈ હોય તેવી જ કન્યા પરણવી જોઈએ. ભાઇ ન હોય તેવી કન્યાને તેના પિતાએ પુત્રિકા કરેલી હોય એટલે તેની કન્યાને પુત્ર થાય તે પોતાનો પુત્ર ગણાય એવો સંકલ્પ કર્યો હોય, તો તે કન્યાનો પુત્ર પિંડદાન કરે તે તે કન્યાના પિતાને પ્રાપ્ત થાય છે. તેથી એવી કન્યા નહિ પરણવાનો ધર્મશાસ્ત્રનો નિયમ છે. જૂઓ યાજ્ઞવલ્કય સ્મૃતિ ૧-૫૩ તથા તેના ઉપરની મિતાક્ષરા.

‡ શતધન્વાને ભગવાન હણે છે ત્યાં સુધી શક્તિનો વિભાગ છે, એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંને મળે ત્યારે પૂરેપૂરી શક્તિ થાય છે. આગળ આ અધ્યાયના શ્લોક ૨૪ ઉપરનાં શ્રીસુબોધિની જૂઓ.

નીચેના શ્લોકમાં (વેર વાળવાનો) ઉદ્યોગ કહે છે:—

आगत्य भगवांस्तात सभार्यः साग्रजः पुरम् ॥
शतधन्वानमारेभे हन्तुं हर्तुं मणिं ततः ॥१०॥

હે તાત ! પત્ની સાથે (અને) મોટાભાઇ સાથે ભગવાને શહેરમાં આવીને શતધન્વાને હણવાનો અને પછી મણિ લઇ લેવાનો આરંભ કર્યો ૧૦.

બીજાની મારફત કામ કરવું તે (કામ કરવામાં) બેદરકારી જણાવનારૂં હોવાથી, (ભગવાને) પોતેજ આવીને (તે કામ) કર્યું. 'ભગવાન' શબ્દથી (કામ કરવાની) શક્તિ અને (તે કરવાના) ઉપાયનું જ્ઞાન (જણાવેલાં છે). 'હે તાત* !' એવું રાજા (પરિક્ષિતનુ) સંબોધન (તેને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે).

'(ભગવાન) છૂપી રીતે (દ્વારકા) આવ્યા હશે' એવી શંકા થાય, તેથી 'પત્ની સાથે (અને) મોટાભાઈ સાથે' શબ્દો યોજેલા છે. 'શહેરમાં' એટલે 'દ્વારકામાં જ' (આવીને આરંભ કર્યો) પરંતુ વચ્ચે રોકાઇને ઉપાયથી (શતધન્વાનુ) બંધન કરવાનો વિચાર કર્યો ન હતો. પછી શતધન્વાને હણવાનો (આરંભ કર્યો). હણવાનું પ્રયોજન 'મણિ લઇ લેવા' શબ્દોથી (કહેલું છે). હણવો અને (મણિ) લઇ લેવો એવાં બે પ્રયોજન ન હતાં પરંતુ મણિ લેવા માટે જ હણવાનો હતો; કારણ કે (૧) બીજાએ ઉશ્કેરવાથી (શતધન્વાએ સત્રાજીતને) હણેલો, (૨) (તે) વધને પાત્ર નથી એવી ભગવાનની ઇચ્છા પણ હતી, અને (૩) ભગવાન તે(સત્રાજીત)ના વંશના નહતા કે જેથી હણનારને હણે. (૪) વળી (ભગવાનને શતધન્વા અને સત્રાજીત) બંને સરખા હતા. (૫) થઇ ગયું તેનો ઉપાય નથી, એટલે શતધન્વાને હણવામાં આવે તો પણ સત્રાજીત જીવતો થવાનો નહતો. તેથી જ આગળ (શ્લોક ૨૨ માં) 'શતધન્વાને નકામો હણ્યો' એવું ભગવાનનું વાક્ય બંધ બેસતું થાય છે.

'सत्राजित्' શબ્દની પેઠે 'શતધનુઃ' શબ્દ અંતે 'स्' વાળો અને 'उ' વાળો† પણ છે. બે સ્વભાવવાળાએ જ બે સ્વભાવવાળાને હણેલો એમ જણાવવા બે પ્રકારનો પ્રયોગ કરેલ છે. સત્રાજીતે (ભગવાનની) નિંદા કરી અને (પછી) પશ્ચાત્તાપ કર્યો એમ તેનો બે પ્રકારનો સ્વભાવ કહેવાયો. આ (શતધન્વા) પણ હણવામાં ભય વિનાનો હતો, અને ભવિષ્યમાં ભાગી જશે એટલે ભયવાળો છે એમ જણાવવામાં આવશે.

---

* સંબોધન કરવામાં પ્રીતિ દર્શાવનાર શબ્દ છે.

† જેમ 'સત્રાજિત્' શબ્દ અંતે 'त्' વાળો અને 'अ' વાળો છે (જૂઓ ૧૦-૫૩-૧ ઉપરનાં શ્રી સુબોધિની), તેમ આ શબ્દ 'शतधनुष्' અને 'शतधनु' એમ અંતે स् (તેની પહેલાં उ હોવાથી स्નો ष् થએલ છે) અને उ વાળો છે.

પછી શતધન્વાના સંબંધમાં '(તેને) પકડો, બાંધો' એવી સ્પષ્ટ આજ્ઞારૂપ આ આરંભ (ભગવાને કર્યો). ૧૦.

પછી રાજાના સેવકોએ તેને બાંધવાની પ્રવૃત્તિ કરી. એમ થતાં શતધન્વાએ જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ—

सोऽपि कृष्णोद्यमं ज्ञात्वा भीतः प्राणपरीप्सया ॥
साहाय्ये कृतवर्माणमयाचत स चाब्रवीत् ॥११॥

તેણે પણ શ્રીકૃષ્ણનો ઉદ્યમ જાણીને, ભય પામી પ્રાણનું રક્ષણ કરવાની ઇચ્છાથી કૃતવર્માની સાહાય્ય માગી, અને તેણે (નીચે પ્રમાણે) કહ્યું ૧૧

આ જે રાજા મારફત (શતધન્વાને) પકડવાનું સંભળાતું હતું, તે ભગવાનેજ કરેલું, એવો તેણે નિશ્ચય કર્યો. તેથી શ્રીકૃષ્ણનો (તે) ઉદ્યમ જાણીને, પહેલાં શ્રીકૃષ્ણને સાધારણ (પુરૂષ) જાણીને, અથવા બ્રહ્મ જાણીને અથવા (તેમની સાથેના) સંબંધને લીધે ભય રહિત હતો, (પણ) હવે (તેમને) પક્ષપાત કરનાર જાણીને ભય પામ્યો. ચોરની માલિકી ચોરીથીજ થાય છે, તેને હણવામાં આવે ત્યારે, શત્રુ ઉપર મેળવેલા જયના નિયમ પ્રમાણે જે (તેને) હણે તેની (માલિકી) થાય છે. તેમ કરવામાં ન આવે તો તે (ચોર) હયાત હોય ત્યાં સુધી (તેની મિલ્કત લેવાથી) પારકાનું ધન લઇ લીધુંજ થાય. (ગણાય). તેથી ભગવાન (મને) હણીનેજ (સ્યમંતક) લેશે એવો નિશ્ચય કરીને, સર્વ પ્રકારે પ્રાણનું રક્ષણ કરવું જોઇએ તેથી પ્રાણનું રક્ષણ કરવાની ઇચ્છાથી, (ભગવાન) હણ્યા વિના (તે) દુષ્ટની પાસેથી મણિ લેશે નહિ તેથી અને ચોરની પેઠે મરવું સારૂં નહિ હોવાથી, પોતે સાહાય્ય કરનાર વિનાનો હોવાથી, યાદવ કૃતવર્માને તેણે(પોતાને) સાહાય્ય કરવા વિનતિ કરી, એમ 'કૃતવર્માની સાહાય્ય માગી, શબ્દોથી કહેલું છે. આનાં (સાહાય્ય) માગવાનાં વચનો સ્પષ્ટ હોવાથી (અહિં) કહેલાં નથી; (પણ) 'અને તેણે કહ્યું' માંના 'અને' શબ્દથી સૂચવેલાં છે. ૫.

તે કૃતવર્મા મોટો યાદવ (મહા)ભારતના યુદ્ધમાં કોરવોના પક્ષમાં રહેનાર હતો. તેને ઘણું કાર્ય (કરવાનું) હતું તેથી તેણે પોતે ઇચ્છેલું* પાર પડેલું હતું તેથી, અને આ (શતધન્વા) (તેને) મણિ આપતો નહતો તેથી, તેણે ઉદાસીન રહી, ભગવાનનો પક્ષપાત કરી વચનો કહ્યાં, તે નીચેના શ્લોકથી (આરંભી બે શ્લોકથી) કહે છેઃ—

नाहमीश्वरयोः कुर्यां हेलनं रामकृष्णयोः ॥
को नु क्षेमाय कल्प्येत तयोर्वृजिनमाचरन् ॥१२॥

---

* સત્રાજીતને હણવાનું.

મારાથી બલભદ્ર અને શ્રીકૃષ્ણ (એ) બે ઈશ્વરનો અપરાધ ન થાય તેઓનો અપરાધ કરનાર કોણ જ કલ્યાણ પ્રાપ્ત કરે? ૧૨.

ફલ તો નથી તને (પ્રાપ્ત થવાનું); કે નથી મને પ્રાપ્ત થવાનું; પરંતુ અપરાધ કરી શકાય. તું જેમ (વિરોધ) કરે છે, તેમ પણ કરવું જોઇએ નહિ, કારણ કે શ્રીકૃષ્ણ અને બલભદ્ર લૌકિક નથી. તેમાં પણ તેઓ ઈશ્વિર એટલે જાણી શકાય તેવું અને ન જાણી શકાય તેવું, લૌકિક અને અલૌકિક ફલ આપવાને શક્તિવાળા છે; અને હું એકલો છું, અને (મારા) પોતાના અનુભવ પ્રમાણે તુચ્છ છું. 'બલભદ્ર અને શ્રીકૃષ્ણ' એમ નામથી જ (તેમની) પ્રસિદ્ધિ કહેલી છે.

'તું પણ બહાદૂર યાદવ અને મહારથી છે. તેથી ભય કેમ પામે છે?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. 'नु' શબ્દ અનુમાનના અર્થમાં (યોજેલો છે). જેટલા ભગવાનના અપરાધ કરનારાઓ હતા, તે બધાએ કલ્યાણથી ભ્રષ્ટ થએલા જોવામાં આવ્યા છે. (તેથી) હવે પછી (ભગવાનનો અપરાધ કરનાર) થનારો કોણ (કલ્યાણ) પ્રાપ્ત કરે?, કારણ કે થઇ ગએલાની પેઠે જ (ભવિષ્યમાં) થનારાનો નિર્ણય થાય. (અથવા) 'नु' શબ્દ નિશ્ચયના અર્થમાં (યોજેલો છે). તેમાં પણ તે બે પૂરેપૂરી શક્તિવાળા ભગવાન વિષે (અપરાધ) કરતાં જ, ભગવાને પ્રહાર કરેલ ન હોવા છતાં પણ ચિંતાથી જ સૂકાઇ જાય છે, એમ સાધન અને ફલ* એક જ સમયે થાય છે એમ જણાવતાં, વર્તમાન (કૃદંત)નો પ્રયોગ કરેલો છે. ૧૨.

નીચેના શ્લોકનાં (તેનું) દૃષ્ટાંત કહે છેઃ—

कंसः सहानुगोऽपीतो यद्द्वेषात्त्याजितः श्रिया ॥
जरासन्धः सप्तदश संयुगान्विरथो गतः ॥१३॥

જેમના દ્વેષને લીધે ભાઇઓ સહિત કંસ લક્ષ્મીથી તજાઈ મૃત્યુ પામ્યો, (અને) જરાસંધ સત્તર યુદ્ધોમાં રથ વિનાનો થઇ નાઠો. ૧૩

તે (કંસ) મોટો રાજા હતો. તેમનો અપરાધ કરતાં તેવો (મોટો રાજા) પણ, ભાઇઓની પણ સાથે अपीतः નાશ પામ્યો. 'अपि' પ્રલયના અર્થમાં (યોજાએલો છે). 'इण्' (इ) ધાતુ પહેલાં 'अपि' ઉપસર્ગ છે, અને કર્તાના અર્થમાં 'क्त' (ભૂતકૃદંતનો त) (પ્રત્યય યોજેલો છે), 'अपि' એટલે મૃત્યુ, તેને પામ્યો, એવો (અર્થ થયો). અથવા લક્ષ્મીથી अपीतः દૂર થયો, દૂર કરાયો, અને ભગવાનથીજ દૂર કરાયો, અથવા (તેના) દ્વેષને દૂર કરાયો.

---

* ભગવાનનો અપરાધ કરવો એ સાધન, અને સૂકાઈ જવું એ તેનું ફલ. સાધન આચરતાં તેજ સમયે સૂકાઈ જાય છે, એમ સાધન કરતાં જ ફલ પ્રાપ્ત કરે છે એમ જણાવવા, '**आचरन्**' એ વર્તમાનકૃદંત યોજેલું છે.

એક ઉદાહરણથી અર્થનો નિશ્ચય થાય નહિ, તેથી ઉત્તરાર્ધથી દાવપેચ વિનાની ભગવાનની ક્રિયાશક્તિનું નિરૂપણ કરે છે. સત્તર યુદ્ધો કરી, (ભગવાનની ક્રિયાશક્તિ) જોઇ (નાઠો); અથવા 'જેમના દ્વેષને લીધે त्याजित:' શબ્દો (પૂર્વાર્ધમાંથી અહિં) લેવાના છે. (જેમના દ્વેષને લીધે) યુદ્ધોનો ત્યાગ કરાવાએલો રથ વિનાનો થઇ, પોતાના ઘેર ગયો (એવો અર્થ છે). અથવા (संयुगान् શબ્દમાં) સાતમી (વિભક્તિ)ના અર્થમાં બીજી યોજાએલી છે. (એટલે સત્તર યુદ્ધોમાં રથ વિનાનો થઇ નાઠો). ૧૩.

કૃતવર્મા ભગવાનથી પ્રતિકૂલ સ્વભાવવાળો હોવાથી પહેલાં તેની પાસે (સાહાય્ય માટે) માગણી કરી; અને તેણે આ* ઉત્તર આપ્યો. ત્યારે તેને ઉદાસીન માનીને, સત્રાજીતનો વધ અક્રૂરને જ સર્વ પ્રકારે ઇષ્ટ હોવાથી પોતાને (તેના ઉપર) ઉપકાર કરનાર માનીને, યુદ્ધ કરવામાં આવે ત્યારે હારી જતાં પાછલા ભાગમાં પૂરવણી (મદદ) કરનાર તરીકે (તેની પાસે) માગણી કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

प्रत्याख्यातः स चाक्रूरं पार्ष्णिग्राहमयाचत ।
सोऽप्याह को विरुध्येत विदित्वेश्वरयोर्बलम् ॥१४॥

અને (કૃતવર્માએ) ના પાડેલા તેણે અક્રૂર પાસે પાછળથી મદદ કરનાર તરીકે માગણી કરી. તેણે પણ કહ્યું (કે):—'બે ઈશ્વરોનું બલ જાણીને (તેમની સાથે) કોણ વિરોધ કરે?'....૧૪

'च' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેના પક્ષમાં રહેલા બીજાઓને પણ (મદદ કરવાની) તેણે (કૃતવર્માએ) ના પાડી. 'તેણે' એટલે પહેલાં વર્ણવેલા ઉપકાર કરનારા (શતધન્વા)એ ભક્ત અક્રૂર—(જે) નામથી પણ હિત કરનારો જણાવેલ છે—તેની પાસે (માગણી કરી). पार्ष्णिग्राहः એટલે પાછલથી મદદ કરનાર. (મદદ માટે માગણી કરી), અને‡ પહેલાં (કૃતવર્માને કહેલ તે)ની પેઠે જ માગણીનાં વચનો કહ્યાં. પોતાનું કાર્ય પતી ગએલું હોવાથી, તેણે પણ ભગવાનની નાપસંદગી જાણીને (મદદ કરવાની) ના પાડી એમ ઉત્તરાર્ધથી આરંભી સાડા ત્રણ શ્લોકોથી કહે છે. अपि' 'પણ' શબ્દથી પહેલાં (કહેલો) કૃતવર્મા જણાવેલો છે. તેણે ના પાડી દીધેલી. તેની પેઠે જ (અક્રૂરે) કહ્યું એમ (જણાવ્યું). 'તારે (શતધન્વાએ) પણ વિરોધ કરવો નહિ,' એવા અભિપ્રાયથી (તેને) યુદ્ધથી અટકાવવા, '(બે ઈશ્વરોનું બલ જાણીને તેમની સાથે) કોણ વિરોધ કરે?....'

---

* અહિ 'चेदुत्तरं' શબ્દ છે તેને બદલે 'चेदमुत्तरं' જોઇએ. તે પ્રમાણે પાઠ લઇ અર્થ કરેલો છે.

‡ વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'चोक्तानि' પાઠ લીધેલ છે.

શબ્દોથી આગળ ભગવાનનું માહાત્મ્ય કહે છે. કોણ જ વિરોધ કરે ? (ભગવાનનું માહાત્મ્ય) ન જાણનારો કદાચ કરે, (પણ) એ ઈશ્વરોનું બલ જાણીને, પ્રત્યક્ષથી અને શાસ્ત્રથી જાણીને પૂર્ણ શક્તિવાળા ભગવાનનો વિરોધ કોઇ પણ કરે નહિ, એવો ઉપદેશ (કરે છે). ૧૪.

આરંભમાં નીચેના શ્લોકમાં સાંભળેલું (ભગવાનનું) માહાત્મ્ય કહે છેઃ—

य इदं मायया विश्वं सृजत्यवति हन्ति च ॥
चेष्टां विश्वसृजो यस्य न विदुर्मोहिताऽजया ॥१५॥

જે માયાથી આ વિશ્વને રચે છે, પાલન કરે છે અને સંહારે છે; પ્રકૃતિથી મોહ પામેલાઓ જે, વિશ્વ રચનારની ચેષ્ટાને જાણતા નથી ૧૫.

ભગવાનનું સામર્થ્ય અને તે(સામર્થ્ય)નું અનંતપણું સિદ્ધ કરવામાં આવે છે. 'માયા' એટલે સર્વ થવાની શક્તિ, અથવા કોઇક નકામી (કામ નહિ કરનારી) શક્તિ, તેનો પણ કરણ તરીકે સ્વીકાર કરી, (ભગવાન) આ બધુંએ જગત્ રચે છે, પાલન કરે છે અને સંહારે છે.

'બીજો પણ એ પ્રમાણે કરશે' એવી શંકા કરી, તેને ઉત્તરાર્ધથી કૈમુતિક ન્યાયથી દૂર કરે છે. ભગવાન તો આ રમતથી જ કરે છે. (ભગવાન) શું કરે છે, કેમ કરે છે, એવી ભગવાનની જરાએ ક્રિયાને પણ (બીજાઓ) જાણતા નથી, અથવા થઇ ચૂકેલી ક્રિયાશક્તિને પણ, (તે) સર્વ (કાર્ય) કરતી હોવા છતાં પણ, આ કેવા સ્વભાવની છે એમ જાણતા નથી, (તેથી) બીજાઓ (એ પ્રમાણે જગત રચવાનું વિગેરે) કરે એ(તો) તદ્દન અસંભવિત છે. 'अजया પ્રકૃતિથી મોહ પામેલા' વિશેષણથી તેનું કારણ કહેલું છે. જો તેઓ જાણતા હોત તો પોતાના મોહનો કેમ અંગીકાર કરે ? જેઓ અજાથી* પણ મોહ પામે છે તેઓ અજ‡ હોય છે. બધાએનો માર ખાતા પોતાનું રક્ષણ કરવામાં જ શક્તિ વિનાના તેઓ, સૃષ્ટિ કેવી રીતે કરશે ? એવો ભાવ છે. ૧૫.

એ પ્રમાણે વેદમાં અસિદ્ધ (ભગવાનનું) માહાત્મ્ય કહીને નીચેના શ્લોકમાં પ્રત્યક્ષથી સિદ્ધ થએલું (માહાત્મ્ય) કહે છેઃ—

यः सप्तहायनः शैलमुत्पाट्यैकेन पाणिना ॥
दधार लीलया बाल उच्छिलीन्ध्रमिवार्भकः ॥१६॥

જે સાત વર્ષના બાળકે એક હાથથી પર્વતને ઉખાડીને જેમ બાલક બીલાડાના ટોપને ધારણ કરે તેમ રમતથી ધારણ કર્યો ૧૬.

---

* અજા એટલે (૧) પ્રકૃતિ. (૨) બકરી.

‡ અજ એટલે બોકડો.

જરાસંધ વિગેરેનો જય તો નિયમ લાગુ પાડવાથી જ પ્રાપ્ત થાય છે, પરંતુ અલૌકિક (ઉદ્યોગ)નું વર્ણન કરવું જોઇએ. તે પૈકી પર્વતને ઉંચો ધારણ કરવો એ લોકમાં ઘણું આશ્ચર્યકારક હોવાથી, (તે સમયનું ભગવાનનું) વય, (ધારણ કરવાનો) પ્રકાર વિગેરે ઘણું જ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવાં હતાં, એમ કહેવામાં આવે છે કે '**सप्तहायनः** સાત વર્ષના' (હતા). તે પ્રસંગે પણ ગોવર્ધન 'પર્વતને એક હાથથી ઉખાડીને ધારણ કર્યો.' મંદરને ધારણ કરવાથી પણ અધિક ઉદ્યોગ કહ્યો. (ગોવર્ધનને) એક જ હાથથી ધારણ કર્યો, અને તે પ્રસંગે (મંદરને) તો પીઠ ઉપર (ધારણ કરેલો), એવો બીજો ભેદ છે. 'રમતથી' એટલે આંગળીઓ વિગેરે ઉપર નાદની અનુકૂલતા પ્રમાણે વેણુને રાખતાં ધારણ કર્યો એવો ત્રીજો ભેદ છે. આ ધારણ (કરવાનું કાર્ય) પણ ગોકુલનું સંરક્ષણ કરવા કર્યું ન હતું. તેમ ન હોય (ગોકુલનું સંરક્ષણ કરવા ગોવર્ધન ધારણ કર્યો હોય) તો (ભગવાન) સાધન ઉપર આધાર રાખનાર થાય, અને ઇંદ્રના ભયને લીધે તેમ કર્યું એવી શંકા પણ થાય, પરંતુ (ભગવાને તે) રમતથી જ કરેલું એમ કહેવા '(જેમ બાલક) બીલાડાના ટોપને ધારણ કરે તેમ' એવું દૃષ્ટાંત કહેલું છે. **अर्भकः** બાલક જેમ બીલાડાના ટોપને ધારણ કરે તેમ (ધારણ કરેલ). ૧૬.

એ પ્રમાણે માહાત્મ્ય કહીને, નીચેના શ્લોકમાં, પોતે કરેલો અપરાધ દૂર કરવા ભગવાનને નમસ્કાર કરે છેઃ—

नमस्तस्मै भगवते कृष्णायद्भुतकर्मणे ॥
अनन्तायादिभूताय कूटस्थायात्मने नमः ॥१७॥

આદ્ભુત કર્મ કરનારા, અનન્ત, મૂલપુરૂષરૂપ વિકારરહિત, આત્મરૂપ તે ભગવાન શ્રીકૃષ્ણને (હું) નમસ્કાર (કરૂં છું). ૧૭.

(ભગવાનનું) ઐશ્વર્ય ચિંતન કરી શકાય તેવું નહિ હોવાથી, (તેમના વિષે) ખોટું જ્ઞાન હોવાથી અપરાધ કરેલો, તે ક્ષમા કરવા યોગ્ય છે એવો (અર્થ છે). 'શ્રીકૃષ્ણને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભક્તોનું હિત કરવા જ તે અવતરેલા છે. વળી, ભગવાનની ઇચ્છા એવી હતી તેથી સત્રાજીતને મારી નાખ્યો, તે હવે વિરૂદ્ધ થઇ પડયું. અથવા અનુગ્રહ કરતાં (ભગવાન હવે) સજા* કરે છે, એ વિરૂદ્ધ છે. તે (અર્થ) 'અદ્ભુત કર્મ કરનારા' વિશેષણથી કહેલો છે. વેર લઇ શકાય તેમ નથી એમ કહેવા 'મૂલપુરૂષરૂપ' શબ્દ યોજેલ છે. (તે શબ્દથી) એમ પણ સૂચવેલું છે કે કોઇનો પણ અપરાધ પણ નથી. 'વિકાર રહિત' વિશેષણથી (એમ કહેલું છે કે ભગવાનમાં) દોષ નથી, (અને) એમ પણ સૂચવેલું છે કે

---

* સત્રાજીતને હણવા દીધો, એ આપણા ઉપર અનુગ્રહ કર્યો. તે કરતાં હવે આપણને તે માટે સજા કરે છે, એવાં અદ્ભુત કર્મ કરનારા ભગવાન છે, એવો ભાવ છે.

કોઇ પણ (તેમનો) અપરાધ કરી શકે તેમ નથી. ‘આત્મરૂપને નમસ્કાર’ શબ્દથી (પોતાના) સર્વ દોષ દૂર થાય તે માટે ઉત્તમ તર્ક જણાવેલો છે. ૧૭.

प्रत्याख्यातः स तेनापि शतधन्वा महामणिम् ॥
तस्मिन्न्यस्याश्वमारुह्य शतयोजनगं ययौ ॥१८॥

તેણે પણ (મદદ કરવા) ના પાડેલો તે શતધન્વા તેને ભારે મણિની સોંપણ કરી, એક સો યોજન દોડનાર ઘોડા ઉપર બેસી નાઠો. ૧૮.

એવી રીતે તેણે પણ સર્વ પ્રકારે યુદ્ધથી અટકાવવા ના પાડેલો તે નાસી જવાની ઇચ્છાવાળો થઇ, ‘જ્યાં (જેની પાસે) મણિ હશે (તેને) હરકોઇ સ્થળે મૃત્યુ પ્રાપ્ત થશે’ એમ વિચારી, મણિની તેને સોંપણ કરી, એક સો યોજન દોડનાર સિંધી ઘોડા ઉપર બેસી નાઠો. ગામમાંથી રાત્રે જ નીકળી ગયો. સોંપણ કરી એટલે (ભગવાનને) આપવાનો નથી એમ જણાવ્યું. તે (શતધન્વા) મરણ પામે ત્યારે તેના (વારસો)ને પ્રાપ્ત થાય એવા વિચારથી બીજો (અક્રૂર) ભગવાનને મણિ આપશે નહિ; (અને) ભારે (કિંમતી) મણિ હોવાથી, (તે) આપી શકાય તેવો પણ ન હતો. (ભગવાન) અદ્ભુત કર્મ કરનારા હોવાથી (તે) લેશે નહિ; એમ પણ સૂચવેલું છે. તેથી સોંપણ કરીને જ નાસી જવું એજ યોગ્ય હતું. ૧૮.

પછી બીજે દિવસે લોકમાં એવી લોકવાર્તા બહાર આવી કે નાસી ગએલો શતધન્વા એક દિવસમાં એકસો યોજન જતો રહેલ છે. ત્યારે ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:—

गरुडध्वजमारुह्य रथं रामजनार्दनौ ॥
अन्वयातां महावेगैरश्वै राजन् गुरुद्रुहम् ॥१९॥

હે રાજન્! ગરૂડ જેની ધજા ઉપર છે તેવા રથમાં બેસીને ઘણી ઝડપવાળા ઘોડાઓ સાથે બલભદ્ર અને શ્રીકૃષ્ણ ગુરૂનો અપરાધ કરનારની પાછળ ઉપડ્યા. ૧૯.

જો (ભગવાન) તેજ દિવસે (તેની પાછળ) જાય, તો પાસે જ (તેનો) ભેટો થાય. (ભગવાન) બીજે દિવસે મધ્યાન્હે નીકળ્યા. તેટલામાં તે બસો યોજન નીકળી ગયો. છતાં બીજો રથ ઝડપથી જાય નહિ તેથી અને અલૌકિક (કાર્ય) કરવું એ યોગ્ય નહિ હોવાથી, ગરૂડ જેની ધજા ઉપર હતો તેજ રથમાં બેસીને, (તે) એક (રથ)માંજ બધી સામગ્રી લઇને, (અંતરના) માપની દરકાર મૂકી દઇને (પાછળ પડ્યા). બલભદ્ર અને શ્રીકૃષ્ણ એટલે સાધન સહિત પૂર્ણ પ્રયત્ન (ક્રિયાશક્તિ), સૈન્ય* વિગેરે ઘણી ઝડપવાળા ઘોડાઓ સાથે अन्वयाताम् હણવા માટે પાછળ ઉપડ્યા. તે પ્રમાણે જવાનુ અવશ્ય કારણ ‘ગુરૂનો અપરાધ કરનારની’

---

* ભગવાનના રથના એક ઘોડાનુ નામ છે.

શબ્દથી કહેલું છે. ગુરૂ એટલે સાસરો, પાંચ (ગુરૂઓ) પૈકી ગણવામાં આવેલ છે, તેનો અપરાધ (તેણે) કરેલ, તેથી (પાછળ ઉપડ્યા). આળસ ન થાય તે માટે શૌર્યની કથા કહેતાં 'હે રાજન્!' એવું સંબોધન કરે છે. ગુરૂનો અપરાધ કહ્યો, તેથી બીજું પણ સૂચવેલું છે. 'શરણે આવેલા, રથ રહિત કરેલા, ભય પામેલા શત્રુને ધર્મ જાણનાર હણતો નથી' એ મતનો નિરાસ કરેલો છે. ૧૯.

તેટલા (સમય)માં તે મિથિલા નગર સુધી ગયો, તેથી ત્યાં (તેને) હણ્યો, એમ કહેવા, તેનો ભેટો થયો એમ નીચેના શ્લોકમાં કહે છે:—

मिथिलाया उपवने विसृज्य पतितं हयम् ॥
पद्भ्यामधावत्संत्रस्तः कृष्णोऽप्यन्वद्रवद्रुषा ॥२०॥

મિથિલાની વાડીમાં પડી ગએલા ઘોડાને તજી ભયભીત થએલો તે પગથી દોડવા માંડ્યો. શ્રીકૃષ્ણ પણ ક્રોધથી (તેની) પાછળ દોડ્યા. ૨૦.

ઘણું દૂર જવાથી, શ્રમને લીધે ઘોડો પડી ગયો. પછી પગથી દોડવા માંડ્યો. પછી રથ વડે તેની પાછળ જવાંની (શાસ્ત્રની) મના હોવાથી, ભગવાન પણ પોતે પણ પગથી જ ચાલનાર બની (તેની) પાછળ દોડ્યા, એમ છેલ્લા ચરણથી કહેલું છે. ૨૦

पदातेर्भगवांस्तस्य पदातिस्तिग्मनेमिना ॥
चक्रेण शिर उत्कृत्य वाससोर्व्यचिनोन्मणिम् ॥२१॥

પગે ચાલનાર તેમાં માથાને પગે ચાલનાર ભગવાને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપીને, (તેનાં બે) કપડાંઓમાંથી મણિ શોધવા માંડ્યો. ૨૧

પોતે પણ પગે ચાલનારા (ભગવાને) તે પગે ચાલનાર (શતધન્વા)નું માથું તીક્ષ્ણ ધારવાળા, રોકી ન શકાય તેવા સુદર્શનથી (તે) દોડતો હતો તે સમયે જ કાપી નાખ્યું. (તેનું) શરીર દોડતું જ રહ્યું, પણ માથું કપાઈ ગયું એવો (અર્થ છે). 'ભગવાન' શબ્દથી એમ કહેલું છે કે તેને મોક્ષનું દાન કરવા તેમણે તેમ કર્યું. તેથી જ ભગવાન અદ્ભુત કર્મ કરનારા છે. બલભદ્ર જોતા હતા તેથી ત્યાં (તેનાં કપડામાં) મણિ નહતો એમ જાણતા હોવા છતાં પણ (તેનાં બે) કપડામાંથી મણિ व्यचिनोत् (કપડાં) છૂટાં ખંખેરીને શોધવા માંડ્યો. ૨૧.

બલભદ્રના મત પ્રમાણે (તેને) હણેલો, તેથી (મણિ તેની પાસે નહતો એમ) જાણવા છતાં પણ ભગવાને તે પ્રમાણે કર્યું. મણિ માટે જ (તેને) હણવો એવો બલભદ્રનો મત હતો. (તેને) સર્વથા હણવો એવો ભગવાનનો મત હતો. લોકની પેઠે બલભદ્ર ઘણા પ્રકારનાં વાક્યો સાંભળીને, મણિ (તેની પાસેથી) મળી આવે, તોજ તેનો દોષ માને. તેમ ન થાય (મણિ તેની પાસેથી મળે નહિ). તો લોકો ખોટું પણ બોલે છે. એમ (માની), (તેનો દોષ હોવાના વિષયમાં) વિશ્વાસ ન કરે. તેથી ભગવાન તેમને (નીચેના શ્લોકમાં જણાવેલ વાક્ય) કહે છે.

अलब्धमणिरागत्य कृष्ण आहाग्रजान्तिकम् ।
वृथा हतः शतधनुर्मणिस्तत्र न विद्यते ॥२२॥

મણિ પ્રાપ્ત નહિ થતાં શ્રીકૃષ્ણે મોટાભાઇ પાસે આવીને કહ્યું કેઃ– ‘ શતધનુને નકામો હણ્યો. તેની પાસે મણિ નથી. ’ ૨૨.

મણિ પ્રાપ્ત નહિ થતાં, (ભગવાને) મોટાભાઇ પાસે આવીને, ‘ શતધનુને નકામો હણ્યો....’ એમ (કહ્યું). (ભગવાન) સર્વજ્ઞપણું (દર્શાવે) તો, (મણિ દ્વારકામાં જ છે એમ) જાણતા હોવા છતાં બીજા સ્થલે ગયા; એવો તેમનો અપરાધ થાય (ગણાય). સર્વ જાણનાર હોય તે સર્વ કરનાર પણ હોવા જોઇએ, એમ (તેમનો) ભારે અપરાધ થાય (ગણાય). તેથી ખબર નથી, એવો ડોળ કરવો જોઇએ.

अहतो वृथा * નકામો હણ્યો નથી, એવું પણ વાક્ય થાય છે; કારણ કે ગુરૂના (સત્રાજીતના) અપરાધને લીધે હણ્યો, તેજ જરૂરનું હતું. તેમ ન હોત તો (સત્રાજીતને તેણે હણ્યો તે કારણથી હણ્યો ન હોત તો) તે પ્રાયશ્ચિત્ત કર્યા વિનાનો રહેત. ‘ મણિ નથી ’ એ (વાક્ય) તો બંનેમાં† સમાન છે. ૨૨.

પછી તર્ક જાણનાર બલભદ્રે જ ભગવાનને કહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

तत आह बलो नूनं स मणिः शतधन्वना ।
कस्मिंश्चित्पुरुषे न्यस्तस्तमन्वेष्टुं पुरं व्रज ॥२३॥

પછી બલભદ્રે કહ્યુંઃ— ‘ ખરેખર, તે મણિ શતધન્વાએ કોઇક પુરૂષને સોંપેલો છે. તેની તપાસ કરવા શહેરમાં જાઓ....’ ૨૩.

‘ ખરેખર, ’ શબ્દથી (આરંભી) તેમનું વાક્ય કહેલું છે. મણિની અવશ્ય તપાસ કરવી જોઇએ. જો (મણિ) તે ઠેકાણે (શતધન્વા પાસે) નથી, તો ખરેખર, તે મણિ શતધન્વાએ (કોઇકને સોંપેલો છે). (અહિં) ‘ શતધન્વન્ ’‡ શબ્દ છે. (તેણે) કોઇક પુરૂષને (સોંપેલો છે), પરંતુ (જમીન ખોદી) ખાડામાં (દાટેલો) કે સ્ત્રી વિગેરેને (આપેલો) નથી. ‘ પુરૂષ ’ શબ્દથી કોઇક બલવાન (પુરૂષ)જ સૂચવેલો છે. (તેવાને) **न्यस्तः** થાપણના પ્રકારથી સોંપેલો છે.

---

* ‘**वृथाहतः**’ શ્લોકમાં છે, ત્યાં ‘**वृथाऽहतः**’ એમ લેવાથી આ અર્થ થાય છે. તેને ન હણ્યો નકામો હતો, એટલે હણવો એ જરૂરી હતું. એવો અર્થ થશે.

† ‘બંનેમાં એટલે ‘**वृथा हतः**’ અને ‘**वृथाऽहतः**’ એમ હરકોઇ પ્રકારે વાક્ય લેતાં, એવો અર્થ જણાય છે. મી. તેલીવાળાએ ‘હણવામાં અને ન હણવામાં પણ’ એવો બંનેનો અર્થ કરેલ છે. હણાઇ ગયા પછી, એવું બોલવું અર્થ વિનાનું થાય છે.

‡ ‘**शतधन्वना**’ એ ‘**शतधन्वन्**’ શબ્દનું ત્રીજી વિભક્તિનું એકવચન છે.

‘ત્યારે શું કરવું ?’ એ જાણવાની ઇચ્છા થાય; તેથી કહે છે કે ‘તેની તપાસ કરવા શહેરમાં જાઓ’ પરંતુ કાર્ય પાર પડયું નથી; તેથી પોતાના ઘેર જવું નહિ. ૨૩.

પોતે બીજા પ્રકારે કામમાં રોકાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

अहं विदेहमिच्छामि द्रष्टुं प्रियतमं मम ॥
इत्युक्त्वा मिथिलां राजन् विवेश यदुनन्दनः ॥२४॥

‘હું મને સર્વથી પ્રિય વિદેહને મળવા ઇચ્છું છું’ એમ કહીને, હે રાજન્! યદુનંદને મિથિલામાં પ્રવેશ કર્યો ૨૪.

ભૂમિનો ભાર હરવા બંને આવેલા (અવતરેલા), અને લોકો બે (પ્રકારના) સ્વભાવવાળા* છે. જો બંને (પ્રકારના સ્વભાવવાળા લોક) એકમાં આસક્તિવાળા હોય તો બીજો જૂદા (પહેલાના) પક્ષમાં (રહેલું) ઘણું બલ જોઇને, (પોતાના કાર્યથી) અટકે અથવા તે(પહેલા)ને અનુકૂલ થાય, (અને) તેથી ભૂમિનો ભાર તેજ સ્થિતિમાં રહે. તેથી (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) બંને ફલના‡ સંબંધમાં વિરૂદ્ધ સ્વભાવવાળા થયા તેથી દુર્યોધનને શિક્ષણ આપવા વિદેહના નગરમાં જતાં બલભદ્રે ભગવાનને દ્વારકા મોકલ્યા.

અહિંથી જ આરંભી, બંનેની શક્તિનો વિભાગ થાય છે, (અને) અન્યોઅન્ય મતભેદની લીલા પણ દેખાડવામાં આવે છે. તેથી જ આગળ ‘પરંતુ મણિના સંબંધમાં મોટા ભાઈ મારો સારી રીતે વિશ્વાસ રાખતા નથી’ (શ્લોક ૩૮) એવું ભગવાનનું વાક્ય છે. ઈશ્વરની શક્તિનો વિભાગ થતાં, તેમના ભક્તોની બુદ્ધિમાં ભેદ થાય છે, તેથી અક્રૂર ભીષ્મ વિગેરેને ભગવાનથી અવળા લક્ષણવાળા વર્ણવેલા છે, કારણ કે તેમ ન હોય તો બંને પ્રકારના (લોક)નો નિરોધ થાય નહિ. તેથી બલભદ્રના પ્રકારથી જેઓનો નિરોધ થએલો છે તેઓ ભગવાનને અનુકૂલ નથી, અને ભગવાને જેઓનો નિરોધ કરેલો છે, તેઓ બલભદ્રને અનુકૂલ નથી. એમ (જાણવું).

આ બેનો વિભાગ થતાં, શાસ્ત્રનો† પણ વિભાગ થયો એમ જણાવવા

---

* કર્મ તથા જ્ઞાનમાં આસ્થાવાળા, અને ભક્તિમાં આસ્થાવાળા. એવા બે પ્રકારના સ્વભાવવાળા હોવાનું જણાય છે. મી. તેલીવાળાએ પ્રવૃત્તિપરાયણ અને નિવૃત્તિપરાયણ અથવા કર્મપરાયણ અને ભક્તિપરાયણ એવા બે સ્વભાવના કહેલ છે.

‡ ‘ફલના’ એટલે ફલ આપવાના સંબંધમાં, એવો અર્થ જણાય છે. બલભદ્ર કર્મ કરાવે છે અને જ્ઞાન આપે છે. ભગવાન ભક્તિ અને પરમાનંદ આપે છે. તેથી જૂદાં જૂદાં ફલ આપનારા છે એવો અર્થ જણાય છે. મી. તેલીવાળા ‘ફલના સંબંધમાં’ નો અર્થ ‘લોકો ઉપર જય મેળવવામાં’ હોવાનું માને છે.

† ‘શાસ્ત્રનો વિભાગ’ એટલે ‘જ્ઞાનશાસ્ત્ર અને ભક્તિશાસ્ત્ર એવો વિભાગ.’

'વિદેહને' શબ્દ યોજેલો છે. બલભદ્રને જ્ઞાનમાં શ્રદ્ધાવાળા પ્રિય છે, અને બીજા (ભગવાન)ને ભક્તિમાં શ્રદ્ધાવાળા પ્રિય છે એમ (જાણવું). એક (બલભદ્ર)માં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ છે, બીજા (ભગવાન)માં ભક્તિ અને પરમાનંદ છે. તેથી જ (બલભદ્રને) વિદેહ સર્વથી પ્રિય હતો. તેથી તેની સમીપ જઇને, તેનાં દર્શન કરવાની (તેમને) ઉત્કંઠા થઇ. જ્ઞાનપક્ષમાં વેદમાર્ગ ઘણો આદર કરવા યોગ્ય નહિ હોવાથી, ગરૂડની ધજાવાળો રથ ભગવાને જ લીધો, (અને) બલભદ્ર બીજા રથમાં બેસીને અથવા પગથી (ચાલીને) ગયા એવો નિશ્ચય થાય છે.

બલભદ્ર આજ્ઞા કરનાર હોવાથી (આ શ્લોકના) ઉત્તરાર્ધથી આરંભી ત્રણ શ્લોકોથી પહેલાં તેમનું જ ચરિત્ર કહે છે. 'મિથિલા' નામની નગરી મથનથી* ઉત્પન્ન થએલાએ નિર્માણ કરેલી, તેથી (તે નામથી) તેની અંદર કર્મથી જ્ઞાનની ઉત્પત્તિ થવાનું સૂચવેલું છે. 'યદુનંદન' એ નામથી એમ જણાવેલું છે કે તે (કર્મદ્વારા જ્ઞાન આપવા) માટે જ ભગવાન (બલભદ્ર)નો અવતાર થએલો હોવાથી (તેમણે) તે પ્રમાણે કરવું (મિથિલામાં જવું) યોગ્ય હતું. ૨૪.

પછી નીચેના શ્લોકમાં રાજાએ (તેમનું) અભિનંદન કર્યું તે કહે છે:—

तं दृष्ट्वा सहसोत्थाय मैथिलः प्रीतमानसः ॥
अर्हयामास विधिवदर्हणीयं समर्हणैः ॥२५॥

તેમને જોઇને પ્રસન્ન ચિત્તવાળા મૈથિલે એકદમ ઉભા થઈ પુજા કરવા યોગ્ય (તેમની) પૂજાને યોગ્ય પદાર્થોથી વિધિ પ્રમાણે પૂજા કરી. ૨૫

(મૈથિલ) સર્વથી પ્રિય હોવાથી (તેને) ખબર આપીને ન ગયા (સમાચાર મોકલ્યા વિના જ ગયા). તેથી અંદર પ્રવેશ કર્યા પછી જ, દર્શન થયા પછી જ રાજાને ખબર પડી. તેથી 'જોઇને એકદમ ઉભા થઇ' એમ કહેલું છે, કારણ કે (આ) મૈથિલ હતો. દર્શનથી જ જેનું ચિત્ત પ્રસન્ન થયું તેવો (થયો), એ પ્રમાણે (તેના) દેહ, ઇંદ્રિય અને અંતઃકરણની સ્થિતિ કહી. પછી ઉત્તરાર્ધમાં તેણે જે કર્યું તે કહે છે. (તે) વિધિને મુખ્ય માનનાર હોવાથી, તેણે વિધિ પ્રમાણે પૂજા કરી. (બલભદ્રમાં) કોઇ પણ અંશથી પુષ્ટિ નહતી એમ જણાવવા 'પૂજા કરવા યોગ્ય' એવું (વિશેષણ) કહેલું છે. બલભદ્ર બ્રહ્મરૂપ હોવાથી બધાઓએ જ સાધનો વડે પૂજા કરવા યોગ્ય છે. 'પૂજાને યોગ્ય પદાર્થોથી' એટલે સારી રીતે પૂજા કરવા માટે યોગ્ય હોય તેવાં શુદ્ધ દ્રવ્યો વિગેરેથી. ૨૫.

એ પ્રમાણે પૂજા થયા પછી, તે પાછા આવ્યા હશે એવું અનુમાન થાય, તેથી તેમ થયું નહતું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

---

* નિમિ રાજાના દેહનું મથન કરતાં તેમાંથી 'મિથિ' રાજા ઉત્પન્ન થયો હતો, અને તેણે 'મિથિલા' નગરી વસાવેલી. માતા વિના માત્ર પિતાથી જ 'મિથિ' ઉત્પન્ન થએલ હોવાથી તે 'જનક' કહેવાયો અને પછી તેના વંશના બધા રાજાઓ 'જનક' કહેવાતા.

उवास तस्यां कतिचिन्मिथिलायां समा विभुः ॥
ततोऽशिक्षद् गदां काले धार्तराष्ट्रः सुयोधनः ॥
मानितः प्रीतियुक्तेन जनकेन महात्मना ॥२६॥

શક્તિવાળા (બલભદ્ર) તે મિથિલામાં કેટલાંક વર્ષો રહ્યા પ્રીતિવાળા મહાત્મા જનકથી માન પામેલો ધાર્તરાષ્ટ્ર સુયોધન (યોગ્ય) સમયે તેમની પાસેથી ગદા (યુદ્ધ) શીખ્યો. ૨૬.

રાજાના મહેલમાં રહ્યાં ન હતા એમ જણાવવા 'તે (મિથિલા)માં' શબ્દ યોજેલ છે. 'કેટલાંક વર્ષ' એટલે ત્રણ વર્ષ અથવા કાંઇક વધારે (સમય). તે મર્યાદા નગરી હોવાથી, (ત્યાં) રહેવામાં કોઇ પણ (પ્રકારનું) દુઃખ નહતું. 'તેટલો સમય ત્યાં રહેવાંમાં પરદેશનાં વસવાટનુ દુઃખ થયું હશે' એવી શંકા થાય, તેથી 'શક્તિવાળા' વિશેષણ યોજેલું છે. (ત્યાં) રહેવાનું પ્રયોજન '(પ્રીતિવાળા....) તેમની પાસેથી શીખ્યો' શબ્દોથી કહેલું છે. 'ધાર્તરાષ્ટ્ર' એટલે પિતાંનો શક્તિમાન પુત્ર, દુર્યોધન હોવા છતાં ભગવાનની ઇચ્છાથી સુયોધન એટલે સહેલાઇથી જેની સાથે યુદ્ધ થઇ શકે તેવો થયો. "દુર્યોધન' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ હશે એમ માની, તેમ નહતું એમ જણાવવા, લોકમાં રૂઢિથી (એ) શબ્દ બોલાતો, એમ જણાવતાં (તેથી) ઉલટો ('સુયોધન' શબ્દ) યોજેલ છે. તેથી તેની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બલવાળી નહિ હોવાથી, તે બલભદ્ર પાસેથી ગદા(યુદ્ધ) શીખ્યો.* 'સમયે' એટલે ગદા(યુદ્ધ) શીખવાના યોગ્ય સમયે. જે સમયે બહાર સૂકાઇ જાય, પરૂ વિગેરે ઉત્પન્ન કરે નહિ અને નાડીઓ વિગેરે તૂટી ન જાય તે અત્યંત પુષ્ટ તરૂણ શરદ (ઋતુ)થી આરંભી છ માસનો સમય ગદા(શીખવા)માં યોગ્ય (સમય) છે. તે સમયે તે ગદા(યુદ્ધ) શીખ્યો. તેને પણ પરદેશમાં વસવાનું દુઃખ થયું નહતું એમ જણાવવા 'પ્રીતિવાળા (જનક)થી માન પામેલો' વિશેષણ યોજેલું છે. કારણ કે (૧) તે જન્મથી જનક હતો, તેથી ઉત્તમ (કુલ)માં જન્મેલા તેણે તે મર્યાદાવાળા કુલવાન (સુયોધન)નો અંગીકાર કર્યો. (૨) બલભદ્રના સંબંધને લીધે પણ (સુયોધન ઉપર તેની) પ્રીતિ હતી. (૩) સ્વભાવથી પણ તે મહાત્મા હતો, કારણ કે જે કોઇ (પોતાના) ઘેર આવતો, તેને તે પ્રસન્ન કરતો. તેથી ત્રણ પ્રકારથી માન પામેલા (સુયોધન)ને કાયા વિગેરેનો ક્લેશ નહિ હોવાથી તે अशिक्षत् શિક્ષણથી ગદા(યુદ્ધ) શીખ્યો, એવો અર્થ છે. ૨૬.

મર્યાદારૂપ ભગવાનના ચરિત્રનું મિરૂપણ કરી, નીચેના શ્લોકમાં પુષ્ટિરૂપ (ભગવાનનું ચરિત્ર) કહે છે:—

---

*સુયોધન હતો, તેથી શીખ્યો, એવો અર્થ છે.

केशवो द्वारकामेत्य निधनं शतधन्वनः ॥
अप्राप्तिं च मणेः प्राह प्रियायाः प्रियकृद्विभुः ॥२७॥

પ્રિયાનું પ્રિય કરનાર શક્તિવાળા કેશવે દ્વારકા આવીને શતધન્વાનું મરણ અને મણિ ન મળ્યાનું કહ્યું. ૨૭.

(ભગવાન મણિ) પ્રાપ્ત કરનારને* અને ગૂમ કરનારને* સરખા પ્રકારથી ફલ આપે છે, તેથી તે પુષ્ટિમાં રહેલા છે. રથથી દ્વારકા પધારી, (ભગવાને) સત્યભામા વિગેરેને સુખ થાય તે માટે શતધન્વાના મરણના, અને તે (શતધન્વા)ના (સંબંધીઓને)ને સુખ થાય તે માટે મણિ ન મળ્યાના (સમાચાર કહ્યા).

'સર્વના ઈશ્વરે આજ્ઞા ઉઠાવનારની પેઠે એ પ્રમાણે પોતાનું કાર્ય કેમ જણાવ્યું ?' એવી શંકા થાય, તેથી 'પ્રિયાનું પ્રિય કરનાર' શબ્દ યોજેલ છે.

'આ‡ પણ યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'શક્તિવાળા' વિશેષણ યોજેલું છે. (તે) સર્વ કરવા શક્તિવાળા છે, (એટલે) આટલું (કરવાથી) કાંઈ હાનિ થતી નથી, એવો ભાવ છે. બંને (સમાચાર) પ્રિયાનું પ્રિય કરવા કહ્યા, અથવા 'મણિ ન મળ્યો એ (પ્રિયાને) પ્રિય કેમ હોય' એવી શંકાથી ('શક્તિવાળા' શબ્દથી તે લાવી આપવાનું) સામર્થ્ય કહ્યું. ૨૭.

'મૃત્યુ સુધી વેર રહે છે' એ નિયમ પ્રમાણે શતધન્વાના મરણ પછી સત્યભામા પ્રસન્ન થતાં, (ભગવાને) જે કરવા યોગ્ય હતું તે કરાવ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ततः स कारयामास क्रिया बन्धोर्हतस्य वै ॥
साकं सुहृद्भिर्भगवान् या याः स्युः सांपरायिकाः ॥२८॥

પછી મરણ પાછલની જે જે ક્રિયાઓ છે તે પોતાના હણાએલા બંધુની ક્રિયાઓ સંબંધીઓ સાથે (મળીને) તે ભગવાને કરાવી ૨૮.

'બંધુની' એટલે સસરાની (ક્રિયાઓ) વિપ્ર મારફત કરાવી. 'સંબંધીઓ સાથે (મળીને)' વિગેરે લૌકિક (પ્રકાર) એમ જણાવવા કહેલો છે કે પરલોકમાં પણ (ભગવાન) તેનું કાંઇ અલૌકિક કરવાના નથી. 'ભગવાન' શબ્દથી તે(ક્રિયાઓ કરવા)માં ઘણી તૈયારી (ધામધૂમ) સૂચવેલી છે અને 'સંબંધીઓ સાથે (રહીને)' શબ્દોથી તે કરવામાં બધાની (હાજરીની) જરૂર (સૂચવેલી છે). 'જે જે છે' શબ્દોથી, વિધિ માટે જરૂરી અને જરૂર વિનાની બધીએ (ક્રિયાઓ)નો ફલ પ્રાપ્તિ માટે સમાવેશ કરેલો છે. ૨૮.

---

* 'પ્રાપ્ત કરનારને' એટલે સત્રાજીતના મરણથી વારસામાં જેમને તે મળ્યો હતો તેવાં સત્યભામાને. 'ગૂમ કરનારને' એટલે શતધન્વાના સંબંધીઓને.

‡ 'આ' એટલે પ્રિયાને સુખ થાય તે માટે પણ સેવક તરીકે પોતાનું કાર્ય જણાવવું તે.

પછી બલભદ્રના વાકય પ્રમાણે (ભગવાને) મણિ શોધવાની પ્રવૃત્તિ કરી. આ અક્રૂર અને કૃતવર્માનું કૃત્ય છે એમ લોકથી પણ જાણીને જ્યારે લોકની ઇચ્છા પ્રમાણે તેઓને પકડવાનું (નક્કી) થયું ત્યારે જ ભગવાનની ઇચ્છાને લીધે તેઓની નાસી જવાની બુદ્ધિ થઇ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

अक्रूरः कृतवर्मा च श्रुत्वा शतधनोर्वधम् ॥
व्यूषतुर्भयवित्रस्तौ द्वारकायाः प्रयोजकौ ॥२९॥

શતધન્વાના વધનું શ્રવણ કરીને વધ કરાવનારા દ્વારકાની સંભાળ રાખનારા અક્રૂર અને કૃતવર્મા ભયને લીધે ત્રાસ પામી નાસી ગયા. ૨૯.

શતધન્વાના વધનું શ્રવણ કરીને, મણિ અને (સત્રાજીતનો) વધ જ શતધન્વાનો વધ કરાવનારા હોવાથી અને (અક્રૂર તથા કૃતવર્માનો) પોતાનો તેમાં સમાવેશ હોવાથી, ભગવાનની શક્તિનો વિભાગ થએલ હોવાથી* ભગવાનના (તેમને પકડવાના) પ્રયત્ન પહેલાં જ, તેઓ ભયને લીધે ત્રાસ પામી નાસી ગયા, એટલે બાનું કાઢી પરદેશ જતા રહ્યા. તેઓ (દ્વારકાની) બહાર ગયા તેટલાથી જ તેઓ નાસી ગયા એ પ્રસિદ્ધ થયું એમ જણાવવા 'દ્વારકાની સંભાળ રાખનારા' શબ્દથી તેઓને ઓળખાવે છે. એક લોક પ્રમાણે અને બીજો વેદ પ્રમાણે સંભાળ રાખનાર,§ એટલે કોટિવારક અને ધર્માધ્યક્ષ§ હતા. આ વિષય (તેઓના ભાગવા)માં ભગવાન જ કારણ(ભૂત) હતા, એવો અર્થ થયો, એમ (જાણવું). ૨૯.

સાધનશક્તિ ભગવાને બીજા (બલભદ્ર)માં રાખેલી, તેથી દુષ્ટને દૂર રાખનારા✿ અને ભલાં (કલ્યાણ)ના સાધન પ્રાપ્ત કરાવનાર આધિભૌતિક (ધર્મમાં) પ્રવૃત્તિ કરાવનાર,✿ મણિ અને બલભદ્ર બીજા સ્થલે જતાં કેવલ ફલરૂપ ભગવાન (દ્વારકામાં) હોવા છતાં, બધા દ્વારકાના રહેવાસીઓને દુઃખ થયું, એમ નીચેના શ્લોકમાં કહેછે:—

अक्रूरे प्रोषितेऽरिष्टान्यासन्वै द्वारकौकसाम् ॥
शारीरा मानसास्तापा मुहुर्दैविकभौतिकाः ॥३०॥

અક્રૂર નાસી જતાં દ્વારકાના રહેવાસીઓને આફતો. આધિભૌતિક અને આધિદૈવિક શરીરના અને મનનાં દુઃખ વારંવાર નિશ્ચય થયાં ૩૦.

---

* ભગવાનની શક્તિનો વિભાગ થતાં ક્રિયાશક્તિ બલભદ્રમાં રાખેલી હોવાથી, શ્રીકૃષ્ણ તેઓને પકડવાનો ઉદ્યોગ કરે તે પહેલાં જ તેઓ નાસી જઇ શકયા, એવો અર્થ જણાય છે.

§ અહિં અનુક્રમ ઇષ્ટ નથી એમ પાછલ ત્રીજા શ્લોકનાં શ્રી સુબોધિની ઉપરથી સ્પષ્ટ થાય છે, કારણ કે એક એટલે પહેલાં જણાવેલ અક્રૂર ધર્માધ્યક્ષ હતો, અને બીજો કૃતવર્મા કોટવારક (કોટવાળ) હતો.

✿ અક્રૂર ધર્માધ્યક્ષ હોઇ દુષ્ટને દૂર રાખનારો હતો. મણિ તેવો હતો એમ ઉત્તરાર્ધના સાતમા અધ્યાયના ૧૧ મા શ્લોકમાં કહેલું છે. બલભદ્ર સાધનશક્તિવાળા હોવાથી સાધન પ્રાપ્ત કરાવનાર હતા. આ ત્રણે દ્વારકાથી બહાર ગએલ.

એકલા અક્રૂરનું (ધર્મમાં) પ્રવૃત્તિ કરાવનાર હોવાપણું લોકમાં પ્રસિદ્ધ હતું, કારણ કે બધા લોક આધિભૌતિક ઉપર જ આધાર રાખનાર છે. તેમાં પણ સાધનો હોવા છતાં દુઃખ જોવામાં આવવાથી, લૌકિક કૃતવર્માને પડતો મૂકી બધાએ ધર્માધ્યક્ષ અક્રૂરની જ ગણના કરવા લાગ્યા. બધા દ્વારકાના રહેવાસીઓને નિશ્ચય શરીરના અને મનના, વ્યાધિ અને આધિરૂપ तापाः દુઃખ વારંવાર થયા. આ આધ્યાત્મિક (દુઃખ) કહ્યાં. વળી આધિભૌતિક અને આધિદૈવિક દુઃખો થયાં. આ લૌકિકી ભાષા હોવાથી આની અંદર કોઇ પણ (પ્રકારના) વિરોધની* શંકા કરવી નહિ. કેટલાક એમ કહે છે કે બધોએ ઉત્તરાર્ધ સમાધિભાષા નથી.[1] 'मुहुः' એટલે વારંવાર. જ્ઞાન વિગેરેથી ઉપાય કરવા છતાં, વારંવાર પીડા થતી એવો (અર્થ છે), અને તે પણ શરીરમાં અને મનમાં દુઃખ ઉત્પન્ન કરતી, તેથી તે (શરીર અને મન) જેનાં વિશેષણ‡ છે તેવી કહેલી છે. ૩૦.

પહેલાંની પેઠે લોકમાં ફરી (ભગવાનની) અપકીર્તિ થઇ એમ નીચેના અર્ધ શ્લોકથી કહે છે:—

इत्यङ्गोपदिशन्त्येके विस्मृत्य प्रागुदाहृतम् ॥

હે રાજન્! એ પ્રમાણે (થતાં), પહેલાં કહેલું ભૂલી જઈ કેટલાક (નીચે પ્રમાણે), ઉપદેશ કરવા લાગ્યા.

કારણ કે જે મણિ લઇને (તેનું) પાલન† કરે છે તેની લોક સ્તુતિ કરે છે. જે મણિ લેતા નથી (અને) નિર્લેપ રહે છે, તેની લોક એ પ્રમાણે નિંદા કરે છે. તેથી ગયા અધ્યાયમાં નિંદાનું વર્ણન કરીને, અહિં સ્તુતિનું વર્ણન કરે છે.

अङ्ग હે રાજન્! **इति** એ પ્રમાણે થતાં (બીજાના મનને) જાણવાની શક્તિના અભિમાનવાળા કેટલાક અને સત્ય સ્થિતિ જોનારા પણ, ભગવાનનાં વીર્યનો વિભાગ અથવા મણિનું સામર્થ્ય પહેલાં કહ્યું તે ભૂલી જઇને, પોતે મૂર્ખ થઇ થોડા વિભાગમાં બુદ્ધિ ગૂમાવી બીજાઓને ઉપદેશ કરવા લાગ્યા. (પહેલાં સાંભળેલું) ભૂલી

---

* ભગવાન દ્વારકામાં હોવા છતાં ત્યાંના રહેવાસીઓને દુઃખ કેમ થાય, એવી શંકા ન કરવી, કારણ કે આ લૌકિકી ભાષા છે.

[1] ભગવાન પોતાની અંદર લોકના ધર્મો દેખાડી ઉત્તરાર્ધની લીલા કરે છે. તેથી બધો ઉત્તરાર્ધ લૌકિકી ભાષા છે એવો આમનો મત છે. વાસ્તવિક રીતે તો આખાએ સ્કંધમાં પુત્ર ભાર્યા વિગેરે સાથે સંબંધ રાખીને લોકની પેઠે લીલા કરેલી છે, પરંતુ કોઇક જ પ્રસંગે પોતાનું સ્વરૂપ લૌકિક જણાવેલ છે, તેથી (જ્યાં લૌકિક સ્વરૂપ જણાવ્યું હોય) તેટલી જ લૌકિકી ભાષા છે એવો આચાર્યશ્રીનો અભિપ્રાય છે. (લે)

‡ શરીરની અને મનની પીડા કહેલી છે, એવો અર્થ છે.

† વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'पालयत्ते' પાઠ લીધેલ છે.

જવામાં અને (બીજાઓને) ઉપદેશ કરવામાં બંને વિષયમાં ભગવાનની ઇચ્છા તેમની પ્રવૃત્તિ કરાવનારી હતી.

નીચેના અઢી શ્લોકોથી તેઓએ કરેલ ઉપદેશ કહે છેઃ—

मुनिवासनिवासे किं घटेतारिष्टदर्शनम् ॥३१॥
देवेऽवर्षति काशीशः श्वफल्कायागताय वै ॥
स्वसुतां गान्दिनीं प्रादात्ततोऽवर्षत्स्म काशिषु ॥३२॥
तत्सुतस्तत्प्रभावोऽसावक्रूरो यत्र यत्र ह ॥
देवोऽभिवर्षते तत्र नोपपाता न मारिकाः ॥३३॥

મુનિના વાસરૂપ સ્થાનમાં આફતો દેખાય તે યોગ્ય છે? વરસાદ વરસતો નહોતો, ત્યારે કાશીના રાજાએ (ત્યાં) આવેલા શ્વફલ્કને પોતાની પુત્રી ગાન્દિની આપી, પછી કાશીમાં વરસાદ વરસ્યો. તેમના પ્રભાવવાળો તેમનો પુત્ર આ અક્રૂર જયાં જયાં હોય છે, ત્યાં વરસાદ વરસે છે, આફતો થતી નથી, મરકી થતી નથી. ૩૩.

આ અક્રૂર મુનિ છે, તેના વાસરૂપ, निवासे સ્થાનમાં, (એટલે) જ્યાં જીવના અભિમાનથી મુનિ રહે છે ત્યાં, એવો અર્થ છે. ત્યાં આફતો દેખાય તે યોગ્ય નથી. બત્રીસમા અને તેત્રીસમા શ્લોકથી તેનું મુનિપણું સિદ્ધ કરે છે. પહેલાં વરસાદ વરસતો નહતો ત્યારે દુષ્કાળથી પીડાએલા કાશીના રાજાએ, પ્રસંગને લીધે જ (ત્યાં) આવેલા શ્વફલ્કને મહાદેવ વિગેરેના કહેવાથી પોતાની પુત્રી ગાન્દિની આપી. પછી કાશીમાં એટલે કાશીના પ્રદેશોમાં વરસાદ વરસ્યો. આ (વાત) પ્રસિદ્ધ છે એમ ‘स्म’ શબ્દથી (જણાવ્યું છે). (વરસાદ) વરસ્યો એવો (અર્થ છે).

‘એમ હોય તેથી શું?’ એવી શંકા થાય, તેથી તેત્રીસમો શ્લોક કહેલો છે. દરરોજ એક વર્ષ સુધી ગોદાન કર્યું ત્યારે કાશીના રાજાને પુત્રી થઇ. પછી વળી બાર વર્ષ સુધી તેના હાથથી એક એક ગાયનું (રોજ) દાન કરાવ્યું તેવી ગાન્દિની હતી. તેનો પુત્ર અથવા શ્વફલ્કનો પુત્ર (અક્રૂર) તે બેનો જેટલો પ્રભાવ હતો તેટલા પ્રભાવવાળો હોય એ યોગ્ય છે. ‘આ’ શબ્દથી (તે) તેવો જ દેખાય છે (એમ કહેલું છે), અથવા પ્રકટ થયો (એમ દેખાડે છે). તેનામાં ઘણી ભક્તિ હોવાથી ભગવાન તેના રૂપથી દર્શન દે છે, એટલે (તે દેખાય તેમાં) કાંઇ પણ અયોગ્યતા નથી. તેથી જ્યાં જ્યાં અક્રૂર રહે છે ત્યાં ત્યાં પહેલાં કહેલાં* નિયમ પ્રમાણે વરસાદ વરસે છે એવો (તેના) પિતાના સામર્થ્યનો (તેની સાથે) સંબંધ (જણાવ્યો). ‘(ત્યાં) આફતો થતી નથી’ એવું (તેની) માતાનું સામર્થ્ય (જણાવ્યું). (તે) ભક્તિથી પ્રાપ્ત થએલી હોવાથી, તેનો સાધારણ પ્રભાવ પણ ઘણો હતો, તે

---

* ‘પહેલાં કહેલા’ એટલે ‘શ્વફલ્કના સંબંધમાં કહેલા’ એવો અર્થ જણાય છે.

'(ત્યાં) મરકી થતી નથી' કહેલ છે. મરકી પૂતના વિગેરે તામસ શક્તિઓ છે. ભગવાનનો સાત્ત્વિક ભક્ત હોય તેની પાસે તેઓ આવે નહિ, એ યોગ્ય જ છે. 'उपपाताः' એટલે પાપો અથવા આફતો. ગોદાનનો તેવો પ્રભાવ જણાવ્યો, એવો (અર્થ છે). કાર્ય (પુત્ર અક્રૂર)માં પ્રભાવ પણ કેવી રીતે થયો (આવ્યો), અને તે પણ (માતા અને પિતા) બંનેનો, અને તે (તેમના પ્રભાવ)થી પણ વધારે, એવું આશ્ચર્ય ह'. શબ્દથી (દર્શાવેલ છે). ૩૩.

'ભગવાન હોય ત્યારે બીજાની સરસાઇનાં વચનો ખોટા છે!' એવો વિચાર થાય, તેના સંબંધમાં નીચેનો શ્લોક કહે છે:—

इति वृद्धवचः श्रुत्वा नैतावदिह कारणम् ।
इति मत्वा समानाय्य प्राहाक्रूरं जनार्दनः ॥३४॥

એવું વૃદ્ધોનું વચન સાંભળીને, 'આનું આટલું કારણ નથી' એમ વિચારી, અક્રૂરને તેડાવી, જનાર્દન (તેની સાથે) બોલ્યા ૩૪.

વૃદ્ધો માન આપવા યોગ્ય છે. જેમ પહેલાં ભગવાને ઉપશ્રુતિ પાછલથી સાંભળેલી,* તેમ હમણાં પણ (આવું વચન) સાંભળીને, તે(માં સૂચવેલો) દોષ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. તે પ્રસંગે અડધા ભ્રાંત (થએલા) લોકો બલભદ્રને અથવા મણિને કારણ તરીકે, જાણતા ન† હતા તેથી, વળી વિચાર કરીને, (કાર્ય) કરનારા 'ભગવાને તેમજ કર્યું' એમ સ્વીકારવાથી (પોતાનો) દોષ થાય (ગણાય) તેથી, પહેલાં જ કારણનો વિચાર કરીને, સમાધાન કર્યું (સત્ય કારણ પ્રસિદ્ધ કર્યું) એમ કહેવા, 'આટલું કારણ નથી' શબ્દો યોજેલા છે. 'આ' એટલે આધ્યાત્મિક વિગેરે દુઃખ થવાનું આટલું જ કારણ નથી, પરંતુ બીજું પણ છે એમ (વિચારી), તે કહ્યા વિના, 'આવું (તે બીજું કારણ) છે એવો નિશ્ચય કરી, સારી રીતે (તેનું) ચિંતન કરીને, દૂતો મારફત અક્રૂરને તેડાવી, (તેને) હણવામાં ન આવે તે માટે અભય (વચન) આપીને, જનાર્દન એટલે લોકોનાં અવિદ્યા વિગેરે સર્વ દુઃખોનો નાશ કરનાર મણિને પ્રકટ કરાવવા તેની સાથે બોલ્યા, એવો (વાક્યનો) સંબંધ છે; કારણ કે તે અક્રૂર પ્રયાગ અથવા કાશીમાં મરવાનો નિશ્ચય કરીને તીર્થનો આશ્રય કરી (ત્યાં) રહેલો. જો ભગવાન શતધન્વાની પેઠે તેને હણે તો અહિં પ્રયાગ વિગેરેમાં જ હણે, એમ તે પરલોક પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો હતો. વળી ભગવાન 'ક્લેશવાળું કર્મ (અક્રૂરને હણવાનું) કરવું નથી, તેમ ન કરવામાં

---

* જૂઓ ઉત્તરાર્ધ અધ્યાય ૭ શ્લોક ૧૭ શ્રી સુબોધિની.

† બલભદ્રને મણિના સંબંધમાં ભગવાન ઉપર શંકા આવેલ. તેથી બલભદ્ર દ્વારકા આવ્યા ન હતા. મણિ પણ દ્વારકામાં નહતો. તેથી ત્યાં આફતો આવતી, એ કારણ લોકો જાણતા નહતા, એવો અર્થ જણાય છે.

આવે તો પણ (અક્રૂર) મણિ આપવાનો છે, છતાં પણ સત્યભામાના પ્રતિનિધિ તરીકે મણિ અક્રૂરને જ આપવો છે' એવો નિશ્ચય કરીને મુસલથી જ[‡] તે હણાય તે માટે તેમણે તે પ્રમાણે કર્યું (અક્રૂરને તેડાવી તેની સાથે બોલ્યા); કારણ કે જીવોએ જે નિશ્ચય કરેલો હોય અથવા જાણેલ હોય તે વિષયમાં આપણા સ્વામી હલકા પુરૂષની પેઠે તેના ઉપર ક્રોધ કરતા નથી, જે મરવા બેઠેલ હોય તેને સાત્યકિની પેઠે હણુતા નથી, તક્ષકની પેઠે તેનું ભક્ષણ કરતા નથી અથવા મૃત્યુની પેઠે તેને હણુતા નથી. તેથી ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન (તેને) તેડાવીને જ (તેની સાથે) બોલ્યા. ૩૪.

पूजयित्वाभिभाष्यैनं कथयित्वा प्रियाः कथाः ॥
विज्ञाताखिलचित्तज्ञः स्मयमान उवाच ह ॥३५॥

પૂજા કરી, તેનુ કુશલ પૂછી. પ્રિય કથાઓ કહીને (તેનું) સર્વ ચિત્ત જેમણે જાણેલુંછે તેવા (ભગવાને) હસતાં (તેને નીચે પ્રમાણે) કહ્યું. ૩૫

વળી પિતરાઇ તરીકે (તેની) પૂજા કરીને, 'ક્ષેમકુશળ આવ્યો છે ને?' એવો (તેના) કુશલનો પ્રશ્ન કરી, પછી જેમ (તેના) મનને સંતોષ થાય તેવી રીતે પ્રિય કથાઓ પણ કહીને, (એટલે) શરીર ઇંદ્રિય અને અંતઃકરણના ત્રણ પ્રકારના સત્કારથી સુખ આપીને; (મણિ જોવાની) માગણી કરતાં (હવે તે) દેખાડશે એવો નિશ્ચય કરીને કહ્યું. તે(એવો નિશ્ચય થવા)નું કારણ 'સર્વ ચિત્ત જેમણે જાણેલું છે' વિશેષણથી કહેલું છે. (ભગવાનનું) આ (અક્રૂરના સર્વ ચિત્તનું) જ્ઞાન જ અક્રૂરે (મણિ) દેખાડવાનું કબુલ કરવાનું કારણ હોવાથી, તે જણાવેલું છે. (મારો) ભક્ત થઇને પહેલાં (મારા) રસ્તાની ધૂળમાં પણ આળોટતો હતો (અને) હમણાં સંગને લીધે આવો (વિરૂદ્ધ) થઇ ગયો છે, એમ હસતાં (ભગવાને કહ્યું). જેનાથી જે ભય પામે છે અથવા જે શિક્ષા કરવા યોગ્ય છે, તેની સાથે કૃપાનું પાત્ર હોય તેમ (ભગવાન) ભાષણ કરે છે એવું આશ્ચર્ય દર્શાવવા 'ह' શબ્દ યોજેલછે. ૩૫.

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી ભગવાનનાં વાક્યો કહે છેઃ—

ननु दानपते न्यस्तस्त्वय्यास्ते शतधन्वना ॥
स्यमन्तको मणिः श्रीमान्विदितः पूर्वमेव नः ॥३६॥

હે દાનપતિ! કાંતિવાળો સ્યમંતક મણિ શતધન્વાએ તમને સોંપેલ (તે તમારી પાસે) છે. આ અમે પહેલાંથી જ જાણેલ છે. ૩૬.

[‡] અક્રૂર દ્વારકામાં ન રહે અને કાશી અથવા પ્રયાગમાં જ રહે તો મુસલથી યાદવોનો નાશ થયો, તેમ તે મુસલથી હણાય નહિ. તેથી મુસલથી હણાય તે માટે તેને દ્વારકા લાવ્યા, એવો અર્થ જણાય છે.

'દાનપતિ' એટલે દાનનો અધિપતિ, ધર્મની સર્વ સૂક્ષ્મ બાબત જાણનાર. આ (સંબોધન)થી (તે મણિ) છૂપાવશે, (ભગવાનનું કહેવું) સ્વીકારશે નહિ, અથવા ખોટું બોલશે, એવી શંકાઓ દૂર કરેલી છે. **न्यस्तः** એટલે તમને સોંપેલ (તે) **आस्ते** તમારા ઘરમાં હજી સુધી છે. શતધન્વાએ જ (તમને સોંપેલ), પરંતુ તેના માણસોએ (સોંપેલ) નહતો. પ્રસિદ્ધ સ્યમંતક મણિ સોંપેલ, તેનો નાશ વિગેરે થવાનું સંભવતું નથી એમ 'કાંતિવાળો' વિશેષણથી કહેલ છે. (તે) સદા કાંતિવાળો હોવાથી તેનાં આપદારૂપ નાશ વિગેરે થતાં નથી. પહેલાં કહેલા વિષયનું* પ્રમાણ '(આ અમે પહેલાંથી જ) જાણેલ છે' શબ્દથી કહે છે. 'હમણાં (એવું) જણાવનાર ભ્રાંત (ખોટો) હશે,' એવી શંકા દૂર કરવા 'પહેલાંથી જ नः અમે જાણેલ છે' શબ્દો યોજેલા છે. ૩૬.

'તો પછી (જ્યારે સોંપ્યો અથવા જ્યારે આપે જાણ્યું) ત્યારે જ તે કેમ ન માગ્યો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

सत्राजितोऽनपत्यत्वाद्गृह्णीयुर्दुहितुः सुताः ॥
दायं निनीयापः पिण्डान्विमुच्यर्ण च शेषितम् ॥३७॥

સત્રાજીત પુત્રરહિત હોવાથી, પિંડ (અને) ઉદક આપીને દેવું ભરીને (તેની) બાકીની મિલ્કત, (તેની) દીકરીના દીકરાઓ લે. ૩૭.

(મિલ્કતના) અધિકારીઓ માગણી કરે. (તેથી હવે કરૂં છું) કારણ કે જે પિંડ આપનાર હોય છે તે વારસો પ્રાપ્ત કરે છે. તે સંબંધમાં (જણાવવાનું જે) આટલા સમય સુધી સત્યભામાને પુત્રો થયા નહતા. તે (સત્રાજીત)ને તો પુત્ર નહતો અને ભાઈ નહતો. મણિ તો તેનો (હતો), વળી તે દીકરીના દીકરાઓ લે. તે સંબંધમાં સામાન્ય ન્યાય (કાયદો) ઉત્તરાર્ધથી કહે છે. **दायं** ધન (દીકરીના દીકરાઓ) લે, એવો પૂર્વાર્ધ સાથે જ સંબંધ છે. (સત્રાજીતનું) મરણ થયું ત્યાં સુધી તેનું જ ધન હતું. મરણ પછી પણ પુત્ર વિગેરે નહિ હોવાથી, પિંડ (અને) ઉદક આપીને, અને દેવું ભરીને **शेषितम** જે બાકી રહેલ હોય તે (પિંડ આપનાર લે). '**शेषभाक्**'‡ પાઠ હોય તો તેનો એવો (અર્થ છે કે), જે (પિંડ) આપનારો થાય છે તે બાકીનું પ્રાપ્ત કરનાર થાય છે. જે ધનનો માલિક ન હોય તેવું તો રાજાને પ્રાપ્ત થાય છે. ચોરને હણીને પણ જે વાસ્તવિક રીતે ભાગ લઇ શકતો નથી, તે દ્રવ્ય પ્રાપ્ત કરતો નથી.† '(વારસ તરીકે) સ્વીકારાએલ હોય તે

---

* 'પહેલાં કહેલા વિષયનું' એટલે 'શતધન્વાએ તમને સોંપેલ છે તેનું.'

‡ ઉત્તરાર્ધના '**शेषितम्**' ને સ્થાને '**शेषभाक्**' પાઠ હોય ત્યારે.

† શતધન્વા મણિ ચોરીને લઇ ગએલ. તે તેની મિલ્કત થતી નથી તેથી તેણે તને (અક્રૂરને) આપી તેથી તારી થઇ નથી. તેં ચોર શતધન્વાને હણીને મણિ તેની પાસેથી લીધો હોત તો પણ તારો થાય નહિ, એવો ભાવાર્થ જણાય છે.

જન્મતાંજ[1] વારસદાર થાય છે એટલે (માલિકનું મરણ અને તેના જન્મ) વચ્ચેના સમયનો સંબંધી વારસો પ્રાપ્ત કરતો નથી'[1] એમ કેટલાક કહે છે, અથવા ધન સાક્ષાત્ (મૂલ) સ્વામી મરણ પામતાં તેના (પોતાના) સ્વામીને શોધતું પરંપરાથી શાખાના મૂળ સુધી જઇને, તે શાખામાં રહેલાને સરખી રીતે પ્રાપ્ત થાય છે, અથવા બધાની સંમતિથી હરકોઈ પિંડ આપનારને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે (છત્રીસમા તથા આ એ) બે શ્લોકોથી ભેદ અને દંડ* કહ્યા, અથવા બે (પ્રકારના) ભેદજ* કહ્યા. ૩૭.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી સામ અને દાન કહે છે (બીજા બે ઉપાય કહે છે):—

तथापि दुर्धरस्त्वन्यैस्त्वय्यास्तां सुव्रते मणिः ।
किन्तु मामग्रजः सम्यङ्‌ न प्रत्येति मणिं प्रति ॥३८॥

છતાં પણ, હે સારાં વ્રત કરનાર ! બીજાઓથી સચવાઈ ન શકે તેવો મણિ તમારી પાસે ભલે રહે. પરંતુ મણિના વિષયમાં મોટાભાઇ મારો સારી રીતે વિશ્વાસ કરતા નથી. ૩૮.

બીજાઓથી આ (મણિ) સાચવી શકાય તેવો નથી, તેથી તમારી જ પાસે ભલે રહે, કારણ કે તે અલૌકિક (મણિ) લૌકિક (પુરૂષ) પાસે રહેતો નથી. જે (તમે) કર્મ વિગેરે વિપરીત માર્ગોથી લૌકિક થતા નથી (તેમની પાસે જ ભલે રહે). વિપરીત કર્મ કરનારો લૌકિક થાય છે, તેથી કોઇક સમયના વ્રત કરનાર પણ સમયના ભેદથી (બીજા સમયે) લૌકિક જ થાય છે.

---

[1] '**उत्पन्न एव**' એટલે માત્ર ઔરસ પુત્ર જ પૂરેપૂરૂં ધન વારસાથી પ્રાપ્ત કરે છે. દીકરીનો દીકરો વિગેરે (માલીક અને જેની વચ્ચે બીજું કોઇક હોય તે) સંપૂર્ણ વારસો પ્રાપ્ત કરતાં નથી, પરંતુ પિંડદાન વિગેરે ક્રિયાઓ કર્યા પછી અને દેવું ભર્યા પછી વધેલું હોય તેજ પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. (લે) '**परिज्ञातः**' પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં છે. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં '**परिज्ञातम्**' પાઠ છે. આ શબ્દ આવો અર્થ કરવાથી પડતો મૂકાય છે. વળી '**न दायभाक्त्वम्**' નો અર્થ વારસદાર થતા નથી એવો જ થાય. દેવું ભરતાં બાકી રહેલના વારસદાર થાય, એવો અર્થ થાય નહિ તેથી જૂદી રીતે અર્થ કરેલ છે આ પણ બીજા કેટલાકનો મત છે. વસ્તુતઃ બીજા ટીકાકાર '**पत्नी दुहितरश्चैव...**' એ યાજ્ઞવલ્કય સ્મૃતિનો શ્લોક અહિં ટાંકે છે, તે પ્રમાણે સત્રાજીતની પત્ની તેની પાછળ સતી થઇ હોય તો સત્યભામા જ વારસ થાય. સત્યભામાના પુત્રોને તો સત્યભામા પછી જ વારસો મળે.

* શત્રુને જીતવાના સામ, દાન, દંડ અને ભેદ એવા ચાર ઉપાય છે. તે પૈકી છત્રીસમા શ્લોકથી ભેદ એટલે શત્રુઓને ફોડવાનો ઉપાય કર્યો. કૃતવર્માથી અક્રૂરને જૂદો પાડવા આ શ્લોક યોજેલ છે. સાડત્રીસમા શ્લોકથી 'દંડ' ઉપાય કર્યો, એટલે હું ધારૂં તો તારી પાસેથી મણિ લઇ શકું એમ જણાવ્યું. અથવા આ બંને શ્લોકથી 'ભેદ' ઉપાય કર્યો. કૃતવર્માથી અક્રૂરને છૂટો પાડવા કહ્યા, એવો અર્થ જણાય છે.

'ત્યારે મારી પાસે (તે) કેમ રહેશે?' એવી શંકા થાય, તેથી 'હે સારાં વ્રત કરનાર!' એવું સંબોધન કરેલું છે. (તમારી પાસે રહેશે), કારણ કે તમે સદા મુકરર કરેલાં વ્રતો કરનારા છો.

એ પ્રમાણે દાન* કહી, ઉત્તરાર્ધથી આરંભી સામ* કહે છે પરંતુ એકવાર મણિ (અમને) દેખાડો. સામ એટલે સરખાપણું, બંનેનું સરખા હોવાપણું. તેમ હોવાથી, જેમ તમારા કાર્ય માટે મણિનો ઉપયોગ થાય છે, તેમ અમારા કાર્ય માટે પણ (તેનો) ઉપયોગ કરવો યોગ્ય છે, એવો (અર્થ છે), જો (મણિ) ન દેખાડવામાં આવે તો મોટાભાઇ બલભદ્ર **मणि प्रति** મણિના વિષયમાં મારો સારી રીતે વિશ્વાસ કરતા નથી, પરંતુ (મને) કપટી માને છે. ૩૮.

તેથી જેમ જાંબવાને અપકીર્તિ દૂર કરવા મણિ આપેલો, તેમ તમારે પણ દેખાડવો જોઇએ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

दर्शयस्व महाभाग बन्धूनां शान्तिमावह ॥
अव्युच्छिन्ना मखास्तेऽद्य वर्तन्ते रुक्मवेदयः ॥३९॥

હે મોટા ભાગ્યવાળા! (મણિ) દેખાડ. બંધુઓમાં શાંતિ લાવ. સોનાના યજ્ઞકુંડવાળા તારા યજ્ઞો અટકયા વિનાના હજુ સુધી ચાલુ છે. ૩૯

'હે મોટા ભાગ્યવાળા!' સંબોધનથી એમ (સૂચવ્યું છે કે) ભાગ્ય છે તેથી મણિ જતો નહિ રહે, અથવા (તેનો) એવો ભાવ છે કે મારો વિશ્વાસ ન હોય તો પણ ભાગ્યનો વિશ્વાસ (તારે) રાખવો જોઇએ. 'બંધુઓમાં શાંતિ લાવ' શબ્દોથી એમ કહેલું છે કે આ (મણિ દેખાડવા)થી બીજો પણ ઉપકાર થશે. બંધુઓમાં કેટલાક મારા પક્ષના છે (અને) કેટલાક બલભદ્રના પક્ષના છે એવો (તેઓમાં) કજીઓ ઉત્પન્ન થએલો છે. (મણિ) દેખાડવામાં આવે ત્યારે તો (તે વિષયમાં) સંદેહ ન રહેવાથી કજીઓ રહે નહિ. આ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવેલું (તારી પાસે મણિ નથી એવા અર્થથી) વિરૂદ્ધ, (તારી પાસે) મણિ છે એ વિષયનું લૌકિક પ્રમાણ (લોકો) કહે છે, કે કાશી વિગેરેમાં સોનાના યજ્ઞકુંડવાળા એટલે સોનાની ઇંટોથી બનાવેલ અગ્નિને ધારણ કરવાના (યજ્ઞકુંડો) જેમાં છે તેવા તારા બાર દિવસ ચાલનારા વિગેરે યજ્ઞો **अव्युच्छिन्नाः** અટકયા વિના સદા થતા ચાલુ છે. ૩૯.

એક ઉપાય (યોજવા)થી પણ તે (ભગવાનનું) ઇચ્છેલું કરત, તો પછી

---

* 'દાન' એટલે શત્રુને લાંચ આપી પોતાનું ધાર્યું કરાવવું. મણિ તેને રાખવાનું કહે છે, તે 'દાન' ઉપાય થયો. 'સામ' નો અર્થ ઉપર શ્રી સુબોધિનીમાં જ કહેલ છે. 'સામ' એટલે શત્રુને મનાવી લેવો, તેની સાથે વાતચિત કરી સમાધાન કરવું. એ પ્રમાણે ચારે ઉપાયો થાય છે.

ચારે (યોજવા)થી તો કરે તેમાં શું આશ્ચર્ય ? તેથી ભગવાને આજ્ઞા કર્યા પ્રમાણે તેણે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

एवं सामभिरालब्धः श्वफल्कतनयो मणिम् ॥
आदाय वाससाच्छन्नं ददौ सूर्यसमप्रभम् ॥४०॥

એવી રીતે સમજૂતિ(ના વચનો)થી પીગળેલા શ્વફલ્કના પુત્રે કપડાંથી ઢાંકેલો, સૂર્યના જેવી કાંતિવાળો મણિ લાવીને આપ્યો ૪૦.

'સમજૂતિ' શબ્દમાં ભેદ, દંડ અને દાનનો પણ સમાવેશ કરેલ છે. (વચનોનો) સમજૂતિમાં જ અંત આવ્યો, તેથી તેજ કહેલ છે. आलब्धः એટલે મારેલો હોય તેમ પીગળેલો, શરમાએલો અને વશ થએલો. 'શ્વફલ્કના પુત્રે' એટલે મોટા (પુરૂષ)ના પુત્રે ભગવાનને કપડાંથી ઢાંકેલો સૂર્યના જેવી કાંતિવાળો (મણિ) આપ્યો. 'લાવીને' શબ્દથી એમ જણાય છે કે બીજાની પાસેથી તેણે લીધેલો; એટલે કૃતવર્માના ઘેર તે રાખેલો એમ જણાય છે.

ખુલ્લો આપતાં શરમ થાય, તેથી કપડાંથી ઢાંકેલો આપ્યો, એમ જણાવવા કે (તે) તેવી જ રીતે રાખેલો. તેમ ન હોય (કપડાંથી ઢાંકીને રાખેલ ન હોય) તો તેનાથી ઉત્પન્ન થએલું સોનું પણ આપવું જોઇએ. તેથી આપવાના પ્રકારથી એવો નિર્ણય થાય છે કે (તે) દેખાડવા માટે આપેલો ન હતો, પરંતુ સદાને માટે જ આપી દીધો હતો. 'સૂર્યના જેવી કાંતિવાળો' વિશેષણથી એમ સૂચવેલું છે કે (૧) ખુલ્લી રીતે આપવામાં આવે તો આપનાર અને લેનાર તે જોઇ પણ ન શકે, અથવા (૨) (તે મણિની) શક્તિની હાનિ થઇ નહતી. ૪૦.

ભગવાને તો પાછો આપવા જ (તે) લીધેલો, તેથી કામ પતાવી તેને (પાછો) આપ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स्यमन्तकं दर्शयित्वा ज्ञातिभ्यो रज आत्मनः ॥
विमृज्य मणिना भूयस्तस्मै प्रत्यर्पयद्विभुः ॥४१॥

સગાંઓને સ્યમંતક દેખાડીને, પોતાની અપકીર્તિ મણિથી દૂર કરીને સમર્થ (ભગવાને) ફરીથી તેને (તે) પાછો આપ્યો ૪૧

'સગાંઓને' એટલે કજીઓ કરનાર પિત્રાઇઓને. પોતની रजः અપકીર્તિ દૂર કરીને (પાછો આપ્યો). આ (પોતાની અપકીર્તિ દૂર કરી તે)થી એમ સમજાય છે કે ભવિષ્ય(માં કરવા)ના કાર્યના લેપ અને દાનની* પેઠે (તે કાર્યની) પ્રસ્તાવના કરી, કારણ કે ભગવાનમાં દોષનો આરોપ થતો ન હોય તો બધાનો (તેમનાથી) ઉદ્ધાર થઇ શકે. તેથી પોતાનું કાર્ય કરીને તેને (મણિ) પાછો

---

* 'दान' નાન્યતર જાતિનો શબ્દ હોવા છતાં નરજાતિમાં અહિં યોજેલો જણાય છે. શ્લોક ૩૮ માં 'દાન' ઉપાય જણાવેલ છે. અથવા મણિ અક્રૂરને આપ્યો તેને 'દાન' કહેલ છે.

આપ્યો. 'ફરીથી' એ શબ્દથી એમ જણાય છે કે પહેલાં પણ સત્યભામાના સ્થાને* રહેલો (મણિ ભગવાને) આપેલો. વિભુઃ એટલે (મણિ) તેને આપીને પણ તેને શિક્ષા કરવા સમર્થ, અથવા (મણિની) દરકાર નહિ હોવાથી (સમર્થ કહેલાછે). ૪૧.

એ પ્રમાણે (ઉત્તરાર્ધના ૭–૮ એ) બે અધ્યાયોમાં લૌકિક ભાષા જણાવી, તેથી (તેનો) સીધી રીતે ઉપયોગ નહિ હોવાથી, નીચેના શ્લોકમાં (તેના) શ્રવણનું ફલ કહે છે:—

यस्त्वेतद्भगवत ईश्वस्य विष्णोर्वीर्याढ्यं वृजिनहरं सुमङ्गलं च ॥
आख्यानं पठति शृणोत्यनुस्मरेद्वा दुष्कीर्तिं दुरितमपोह्य याति शान्तिम् ॥४२॥

જે ભગવાન ઇશ્વર વિષ્ણુનાં આ વીર્યવાળાં, દુઃખ હરનારાં અને કલ્યાણ પ્રાપ્ત કરાવનારાં આખ્યાનનો પાઠ કરેછે, (તેનું) શ્રવણ કરેછે અથવા સ્મરણ કરે છે તે અપકીર્તિ અને પાપને દૂર કરી શાંતિ પ્રાપ્ત કરે છે. ૪૨

આ આખ્યાન (કથા) છે. આ આખ્યાનમાં (ભગવાનની) ત્રણ પ્રકારની લીલા છે એમ જણાવવા ભગવાનનાં ત્રણ નામ કહેલાં છે. (૧) ભગવાન(ની કથા) હોવાથી શાસ્ત્રાર્થ છે. (૨) ઈશ્વર(ની કથા) હોવાથી (પાઠ વિગેરે) જરૂરી છે. (૩) વિષ્ણુ(ની કથા) હોવાથી પાપ નાશ કરનારી છે.

'(૧) વીર્યવાળાં, (૨) દુઃખ હરનારાં અને (૩) કલ્યાણ પ્રાપ્ત કરાવનારાં' શબ્દોથી ચરિત્રના પણ ત્રણ ગુણો કહેલા છે. (૧) ભક્તિ ઉત્પન્ન કરનારૂં, (૨) પાપનો નાશ કરનારૂં અને (૩) પુણ્ય પ્રાપ્ત કરાવનારૂં (એવો તેનો અર્થ છે) 'च' 'અને' શબ્દથી જ્ઞાન આપનારૂં (જણાવેલું છે).

'(૧) પાઠ કરે છે (૨) શ્રવણ કરે છે અથવા (૩) સ્મરણ કરે છે' શબ્દોથી તેના સંબંધવાળી ક્રિયા પણ ત્રણ પ્રકારની કહેલી છે. શ્રવણ, કીર્તન અને સ્મરણમાંથી પસંદ પડે તે કરવાનું કહેલ છે, અથવા (બધાં) સાથે કરવાનાં કહેલ છે. 'च' 'અને' શબ્દથી એમ (જણાવેલું છે કે) બીજાં ફલ માટે (ત્રણમાંથી) ગમે તે કરવું, ભક્તિ માટે ત્રણે કરવાં.

'અપકીર્તિ અને પાપને દૂર કરી શાંતિ પ્રાપ્ત કરે છે' શબ્દોથી પહેલાં કહેલ ફલ પણ ત્રણ પ્રકારનું જણાવેલું છે (૧) અપકીર્તિ બહારની (૨) પાપ અંદરનું (એ) બે દોષોને દૂર કરી (૩) (મનનું) જડપણું તથા ગુંચવાડો ઉત્પન્ન કરનાર (કાંઇ) ન રહેવાથી, શાંતિ એટલે મનની સ્થિર સ્થિતિ અથવા જ્ઞાન પ્રાપ્ત કરે છે, એવી રીતે ભક્તિના અંગ તરીકે આ (આખ્યાન)નું શ્રવણ કરવું એમ કહેલુંછે. ૪૨.

ઇતિ શ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભ દીક્ષિતે રચેલી શ્રીમદ્ ભાગવતની
સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો આઠમો અધ્યાય સંપૂર્ણ.

* * *

---

* ઉત્તરાર્ધ અધ્યાય ૭ શ્લોક ૪૫ પરનાં શ્રી સુબોધિની જૂઓ.

॥ नवमोऽध्यायः ॥ અધ્યાય નવમો.

नवमे पञ्चकन्यानां विद्यापर्वस्वरूपतः ॥
विवाहः प्रोच्यते सम्यक् कृष्णेनाशेषमुक्तये ॥१॥

નવમા (અધ્યાય)માં સર્વની મુક્તિ થાય તે માટે પાંચ કન્યાઓ વિદ્યાના પર્વના સ્વરૂપવાળી હોવાથી (તેઓની સાથે) શ્રીકૃષ્ણે સારી રીતે (કરેલો) વિવાહ કહેવામાં આવે છે. કા. ૧.

मायासम्बन्धदोषेण क्रोधः कामस्तथापरः ॥
निराकृतःस्म सर्वमुक्त्यै विद्याफलमतः परम् ॥२॥

માયા[1] સાથેના સંબંધરૂપ દોષને લીધે (સંભવતા) ક્રોધ[1] કામ[1] તેમજ બીજો (દોષ[1]) દૂર કર્યો. અહિંથી હવે સર્વની મુક્તિ થાય તે માટે વિદ્યારૂપ ફલ[2](નું નિરૂપણ કરે છે). કા. ૨

त्रैलोक्यसुखदानं च मायादोषनिवारणम् ॥
द्वाभ्यां तथैव सर्वेषां राजसे पूर्णता ततः ॥३॥

ત્રણ લોકના સુખનું દાન,[3] અને બે (અધ્યાયો)થી માયાના દોષને દૂર કરવા[4]નું, તેવી જ રીતે[5] બધાના (દોષને દૂર કરવાનું, ત્યાંથી રાજસની પૂર્ણતા (થાય છે). કા. ૩.

विद्यायाः सूर्यमुख्यत्वात्प्रथमा दुहिता रवेः ॥
विपक्षनिग्रहात्मत्वाद्द्वितीया सोमवंशजा ॥४॥

વિદ્યામાં સૂર્ય મુખ્ય હોવાથી, રવિની પુત્રી પહેલી (પરણ્યા). શત્રુના પરાભવરૂપપણાને* લીધે સોમવંશમાં ઉત્પન્ન થએલી બીજી (કન્યા પરણ્યા). કા. ૪.

---

[1] માયા એટલે રૂક્મિણી. તેની સાથેના સંબંધને લીધે ભગવાનમાં કામ ક્રોધ અને બીજો દોષ એટલે લોભ હોવાનો સંભવ થાય, તે દોષો દૂર કર્યા. ભગવાનમાં કામ એટલે પુત્ર વિગેરેની અભિલાષા નથી. જો એવી અભિલાષા હોત તો નારદ વિગેરે બધાની સંમતિ વિનાજ પ્રદ્યુમ્નનો સ્વીકાર ક ત. તેજ પ્રમાણે તેમનામાં લોભ પણ નથી, કારણ કે લોભ હોત તો પોતે જ મણિ રાખત ક્રોધ પણ નથી. ક્રોધ હોત તો જાંબવાન ઉપર કૃપા ન કરત. એ પ્રમાણે ઉત્તરાર્ધના ૬–૭ અને આઠમા અધ્યાયથી અનુક્રમે કામ, ક્રોધ અને લોભ નથી એમ જણાવ્યું. તેથી ભગવાન દોષરહિત છે એમ સિદ્ધ થયું. (લે)

[2] આથી ભગવાનમાં ગુણ હોવાનું સિદ્ધ થાય છે. તેથી ભગવાન દોષ વિનાના અને ગુણવાળા સિદ્ધ થશે. (લે)

[3] ઉત્તરાર્ધના દશમા અધ્યાયમાં આ (જણાવેલ છે). (લે)

[4] અગીઆરમા અને બારમા અધ્યાયોથી આ કહેલ છે. અગીઆરમામાં અંદરનો અને બારમામાં રૂકમીને હણી બહારનો દોષ દૂર કરેલ છે. (લે)

[5] 'તેવી જ રીતે' એટલે (તેરમા અને ચૌદમા એ) બે અધ્યાયોથી. (લે)

* જૂઓ આ અધ્યાયના શ્લોક ૩૦–૩૧.

मार्गद्वयंहितार्थाय द्वयं स्वीकृतवान् हरिः ॥
भक्तानभक्तानालक्ष्य तृतीया सूर्यवंशजा ॥५॥
भक्तिरूपा प्रयत्नेन याचयित्वा स्वयं गतः ॥
व्यसनानि निराकृत्य तदुद्वाहं चकार ह ॥६॥

બે માર્ગના હિત માટે ભક્તોને અને ભક્ત ન હોય તેઓને ધ્યાનમાં રાખીને[1] હરિએ બે (પત્નીઓ)નો સ્વીકાર કર્યો. ત્રીજી સૂર્યવંશમાં ઉત્પન્ન થએલી (પત્ની) ભક્તિરૂપ[2] (હતી). અહો! (હરિએ) પોતે પધારી, યાચના કરી, પ્રયત્નથી વ્યસનોને દૂર કરી તેની સાથે વિવાહ કર્યો. કા. ૫-૬.

अग्रे बाधास्तु भक्तेन ह्यर्जुनेन निराकृताः ॥
ज्ञानभक्त्योरतो भूयान् पर्वणोरुद्यमः कृतः ॥७॥

પછીથી થનારા વિરોધો તો ભક્ત અર્જુને દૂર કર્યા, તેથી[3] જ્ઞાન અને ભક્તિ (એ) બે પર્વ સંબંધી મોટો[3] ઉદ્યમ કરેલો છે. કા ૭.

धर्मस्नेहौ तयोरङ्गं मध्यमो लौकिकः स्मृतः ॥
द्वयोः स्वतन्त्रतासिध्यै जीवानां तु ततो द्विधा ॥८॥
भक्तिज्ञानफले कृष्णः पुंसां स्त्रीणां चकार ह ॥
अतो दत्तां स्वयं दत्तामक्लेशक्लेशभावनात् ॥९॥
उपयेमे स्वयं कृष्णस्तासु सर्वं प्रतिष्ठितम् ॥

ધર્મ અને સ્નેહ તે બેના અંગ છે.[4] બેની સ્વતંત્રતા સિદ્ધ થાય તે માટે વચલો[5] લૌકિક (વિવાહ) કરેલો છે. થછી તો શ્રીકૃષ્ણે પુરુષો અને સ્ત્રીઓ (સર્વ) જીવોને ભક્તિ અને જ્ઞાન જેનાં ફલ છે તેવાં (સાંખ્ય અને યોગ) બે પ્રકારે (પ્રાપ્ત) કરાવ્યાં તે હેતુથી કલેશની ભાવના વિના અને કલેશની ભાવનાથી (ભાઇઓએ[6])

---

[1] નિબંધમાં કહેલું છે કે કાલિંદી જ્ઞાનરૂપ છે અને મિત્રવિંદા તપરૂપ છે. 'ભક્તિથી મને જાણે છે'. એ વાક્ય પ્રમાણે ભક્તો માટે જ્ઞાનમાર્ગ કરેલો છે. ભક્તો ન હોય તેમને માટે 'તપનો માર્ગ' કહેલો છે એવો અર્થ છે. (લે)

[2] આ નાગ્નજીતી ભક્તિરૂપ છે. નિબંધમાં લક્ષ્મણાને ભક્તિરૂપ કહેલી છે અને આને યોગરૂપ કહેલી છે. તેથી આ ભક્તિરૂપ અથવા યોગરૂપ છે અને લક્ષ્મણા યોગરૂપ અથવા ભક્તિરૂપ છે એમ જાણવું. (લે)

[3] 'તેથી' એટલે 'ભગવાનનો પક્ષ મોટો છે તે હેતુથી' (લે) 'ભગવાનનો પક્ષ' શબ્દો અધ્યાહાર લેવા ન પડે તે માટે જૂદા પ્રકારે અર્થ કરેલ છે.

[4] વિષ્ણુને વરવા યોગ્ય જાણી કાલિંદી તેમને ધર્મ બુદ્ધિથી વર્યાં. નાગ્નજીતી સ્નેહથી વર્યાં, એવો અર્થ છે. (લે)

[5] જ્ઞાન અને ભક્તિના સંબંધવાળા જીવો સ્વતંત્ર છે એટલે તેઓ એક બીજાના અંગરૂપ નથી એમ જણાવવા એ બે વચ્ચે મિત્રવિદાનો લૌકિક વિવાહ કહેલો છે. (લે)

[6] 'પિતાએ' શબ્દ અધ્યાહાર છે. (લે) શ્લોક ૫૬ માં 'ભાઇઓએ આપેલી' જણાવેલ હોવાથી, 'ભાઇઓએ' લખેલ છે.

આપેલી અને પોતે[1] આપેલીને શ્રીકૃષ્ણ પોતે પરણ્યા તેઓની અંદર સર્વ રહેલું છે. કા. ૯॥.

अतः सर्वकलाभिस्तु हरिः पूर्णो निरूप्यते ॥१०॥
स षष्ठो भगवानेवं निःसन्दिग्धो निरूपितः ॥

તેથી[2] સર્વ કલાઓથી પૂર્ણ હરિનું નિરૂપણ થાય છે. તે છઠ્ઠા[3] છે. એ પ્રમાણે સંદેહ વિનાના ભગવાનનું નિરૂપણ કર્યું.[3] કા. ૧૦½.

તે પૈકી પહેલા વિવાહમાં તત્ત્વો અને ભગવાન રોકાએલા* હોવાથી ઓગણત્રીસ શ્લોકોથી વિવાહનું વર્ણન કરવામાં આવે છે. તેમાં‡ ભક્તિ અને કર્મ જ્ઞાનના અંગભૂત છે એમ જણાવવા બાર (શ્લોકો)થી ભક્તિનું અને પાંચથી કર્મનું નિરૂપણ કરે છે. પછી દશ (શ્લોકો)થી ભક્ત દ્વારા તે(કાલિન્દી)નો સ્વીકાર અને પ્રસંગને લીધે ભક્તના ઉપર (કરેલ) ઉપકાર (કહેલા છે). ભક્તના ઉદ્ધાર માટે ઉદ્યમ કરતાં જ (ભગવાન) જ્ઞાનશક્તિનો સ્વીકાર કરે છે એમ કહેવા, નીચેના શ્લોકમાં ભગવાન પાંડવોના સ્થાને પધાર્યા એમ કહે છેઃ—

॥ श्रीशुक उवाच ॥ શ્રી શુક કહે છેઃ—

एकदा पाण्डवान् द्रष्टुं प्रतीतान् पुरुषोत्तमः ॥
इन्द्रप्रस्थं गतः श्रीमान् युयुधानादिभिर्वृतः ॥१॥

એક સમયે પ્રસિદ્ધ થએલા પાંડવોને મળવા યુયુધાન વિગેરેથી વીંટળાએલા લક્ષ્મીવાળા પુરૂષોત્તમ ઇન્દ્રપ્રસ્થ પધાર્યા. ૧.

'પ્રસિદ્ધ થએલા' એટલે 'ઓળખાએલા અથવા રાધાવેધ† સમયે જોએલા.' છતાં પણ તેઓ તે સમયે પ્રકટ થયા નહતા, તેથી ભગવાન પછી (ઇન્દ્રપ્રસ્થ) પધાર્યા. (તેઓની) પ્રસિદ્ધિનો (પાંડવો હજી જીવતા જ છે એ વિષયનો) તો સંદેહ નહતો એમ જણાવવા જ (કહેલી છે). 'લોકમાં પ્રસિદ્ધ થએલા' (એવો તેનો અર્થ છે).

---

[1] સ્વયંવરમાં પોતે જ પોતાને આપેલી ગોગરૂપ લક્ષ્મણાને. વચ્ચે યુદ્ધનું નિરૂપણ કરેલું હોવાથી ક્લેશની ભાવનાથી એટલે ભાવના પ્રાપ્ત કરીને ભગવાન લક્ષ્મણાને પરણ્યા, એવો અર્થ છે. અહિં નાગ્નજીતીને ભક્તિરૂપ કહેલી હોવાથી, લક્ષ્મણા યોગરૂપ છે એમ જાણવું. (લે)

[2] વિદ્યાના પાંચ પર્વરૂપ પાંચ પત્નીઓં સિદ્ધ થયાં તેથી, એવો અર્થ છે. (લે)

[3] પાંચ વિદ્યાના પર્વરૂપ પટરાણીઓ અને છઠ્ઠા ભગવાન એ પ્રમાણે ૭ પ્રકારના સિદ્ધ થયા, તેથી સંદેહ વિનાના ભગવાનનું જ નિરૂપણ થયું, એવો અર્થ છે. (લે)

* જ્ઞાનરૂપ સાથેના વિવાહથી સર્વને જ્ઞાન પ્રાપ્ત કરાવવાનું હોવાથી ૨૮ તત્ત્વો અને ભગવાન એ સર્વનું જ્ઞાન થાય તે માટે ૨૯ શ્લોકોથી એ વિવાહનું વર્ણન કરે છે, એવો ભાવાર્થ જણાય છે.

‡ 'તેમાં' એટલે જ્ઞાનમાર્ગમાં.

† દ્રૌપદીના સ્વયંવરમાં થએલ મત્સ્યવેધ.

'પુરૂષોત્તમ' શબ્દથી તે સર્વને (ભગવાનના) પુત્ર તરીકે વર્ણવે છે. તેથી (ભગવાને તેમની) સંભાળ લેવા પધારવું યોગ્ય જ હતું. તેટલા સમયમાં તેઓએ ઇન્દ્રપ્રસ્થમાં (યોગ્ય) સ્થાન પ્રાપ્ત કરેલું, અથવા ભીષ્મ વિગેરેએ જ (તેમને) આપેલું.

'તેજ સમયે ત્યાં ગએલા અને (તેથી) સાધન વિનાનાં પાંડવો, જેમને પોતાને માટે જ સામગ્રી નહતી તેઓ ભગવાન માટે શું સામગ્રી પ્રાપ્ત કરવાના હતા?' એની શંકા થાય, તેથી 'લક્ષ્મીવાળા' વિશેષણ યોજેલું છે. (ભગવાન) પોતે જ સર્વ સાધનરૂપ લક્ષ્મી સહિત (પધાર્યા), તેઓને સાધન પ્રાપ્ત કરાવવાજ પધાર્યા. તેથી જ ઘણા શૂરવીર ઉત્તમ બુદ્ધિવાળાં યુયુધાન વિગેરેથી વીંટળાએલા પધાર્યા. 'યુયુધાન' એટલે સાત્યકિ. તે ત્યાં (ઇન્દ્રપ્રસ્થમાં) અર્જુનનો શિષ્ય થશે, અને ભગવાન વિશ્વકર્મા વિગેરે મારફત મકાનો વિગેરે બંધાવશે. તેથી આ માટે જ ભગવાન પધાર્યા. તેમ (તે માટે પધારેલા) ન હોત તો તેઓ (પાંડવો)નું ઘર ઘણા પુરૂષોએ બાંધેલા મકાન જેવું ન હોત, અને (પાંડવોને) સરસાઈ પ્રાપ્ત કરાવવી જોઇએ.

એ પ્રમાણે ભક્તો માટે ભગવાન પધારતાં, ભક્તોએ જે કર્યું તે નીચેના બે શ્લોકોથી કહે છે:—

दृष्ट्वा तमागतं पार्था मुकुन्दमखिलेश्वरम् ।
उत्तस्थुर्युगपद्वीराः प्राणा मुख्यमिवागतम् ॥२॥
परिष्वज्याच्युतं वीरा अङ्गसङ्गहतैनसः ।
सानुरागस्मितं वक्त्रं वीक्ष्य तस्य मुदं ययुः ॥३॥

જેમ મુખ્ય પ્રાણ આવતાં ઇંદ્રિયો સચેત થાય તેમ સર્વના ઇશ્વર તે મુકુંદને પધારેલા જોઇને વીર પાર્થો એક સાથે ઉભા થયા ૨.

અચ્યુતને આલિંગન કરી અંગના સંગને લીધે જેમનાં પાપનો નાશ થએલ છે તેવા વીરો તેમનું પ્રેમ અને સ્મિતવાળું મુખ જોઇને આનંદ પામ્યા. ૩.

(ભગવાન) પધારવાનો સંભવ પણ નહતો. અકસ્માત્ (ભગવાન) પધારતાં જ પાર્થો (ઉભા થયા, કારણ કે તેઓ) પોતે રાજાઓ હતા, અને ભક્ત પૃથાના પુત્રો હતા. તેથી જ તે (પૃથા=કુંતી)ની ભક્તિનું આગળ ત્રણ શ્લોકો (શ્લોક ૮ થી ૧૦)થી વર્ણન કરશે. વળી ભગવાન 'મુકુંદ' હતા. આ (શબ્દ)થી ઇચ્છેલું આપનાર કહેલા છે. (તે) 'સર્વના ઈશ્વર' હોવાથી (તેમના) વિના ચાલે તેમ નહતું. તેથી બધાએ એક સાથે જ ઉભા થયાં. 'વીર' એ શબ્દથી તેમનો (એ) સ્વધર્મ જણાવ્યો, કારણ કે બીજો તો ભગવાનમાં આસક્તિવાળો ન હોય. પોતાથી અને પરંપરાથી ઉત્તમ (ભક્ત પાંડવોએ) ભગવાનમાં ઘણો

સ્નેહ[1] પ્રાપ્ત કરેલો એમ 'જેમ મુખ્ય પ્રાણ આવતાં ઇંદ્રિયો સચેત થાય' એ દૃષ્ટાંતથી કહે છે. જેમ ઇંદ્રિયો મુખ્ય પ્રાણ આવતાં સચેત થાય, કારણ કે તેઓના સર્વ (કાર્ય)નો આધાર તે (પ્રાણ) છે. ૨.

એ પ્રમાણે સર્વ પ્રકારે (પાંડવોનું) ભક્તપણું જણાવી, તેવા (ભક્તો)નું કર્તવ્ય ત્રીજા શ્લોકમાં કહે છે. ભગવાનનું આલિંગન સદા રહેશે એમ જણાવવા 'અચ્યુત' શબ્દ યોજેલો છે. (પાંડવોને) ભગવાન તેવા ('અચ્યુત' હોવાનું જ્ઞાન પોતાના ધર્મને લીધે જ થએલ એમ જણાવવા ફરીથી 'વીરો' શબ્દ યોજેલો છે. (ભગવાનના) અંગના સંગને લીધે જ જેમના પાપનો નાશ થએલ તેવા (પાંડવો થયા). હવે જે થવાનું છે તેને માટે જરૂરી, પાપનો નાશ થયો એમ કહેલું છે. તેથી જ ભગવાનનું પ્રેમ અને સ્મિતવાળું મુખ જોઇને, તેને જ પુરૂષાર્થ તરીકે માનતા (પાંડવો) આનંદ પામ્યા. આટલું જ ભકતનું કાર્ય છે. ૩.

પછી ભગવાને લૌકિક (કાર્ય) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

युधिष्ठिरस्य भीमस्य कृत्वा पादाभिवन्दनम् ॥
फाल्गुनं परिरभ्याथ यमाभ्यां चाभिवन्दितः ॥४॥

(ભગવાન) યુધિષ્ઠિર અને ભીમના ચરણને વંદન કરી અર્જુનને ભેટયા. પછી જોડકાંઓએ (તેમને) નમન કર્યું. ૪.

તેમ (ભગવાન લૌકિક કાર્ય) ન કરે તો (પાંડવો) શત્રુઓને હણવાનું વિગેરે ન કરે, અને તેથી (તેમની) સરસાઇ ન થાય. તેથી (પાંડવોને) મોહ ઉત્પન્ન કરવા (ભગવાને) પોતે પોતાને લૌકિક (પુરૂષ) દેખાડ્યા. યુધિષ્ઠિર અને ભીમ (ભગવાનથી) મોટા હતા, અર્જુન સરખો હતો, બીજા બે નાના હતા. મોટા બેને નમસ્કાર કર્યા. સરખાને આલિંગન કર્યું અને (તેની સાથે) સંભાષણ કર્યું. બીજા બેને (તેમણે) નમસ્કાર કર્યા પછી આશિષો આપી. તે અનુક્રમે જ કહેલું છે. ચરણમે વંદન કરવાનો આચાર સંબંધને લીધે કરેલો કહેલો છે.

'પછી જોડકાંઓએ (નમન કર્યું)' એનો (એવો અર્થ છે કે આ નમન કરવાનું) એક સમયે* સંભવતું હોવાથી, 'આ (ભગવાન) આંતર (ગાઢ) સ્નેહી છે' એમ જણાવવા, ધર્મનો નિયમ સાચવવા પછી (પાછલથી) કર્યાનું કહેલું છે.

તે સમયે અર્જુને પરણેલીએ કરેલા નમસ્કારનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ—

---

[1] ભગવાન માત્ર પધારતાં જ એકાએક ઉભા થવું, એ સ્નેહનું કાર્ય છે. અહિં 'સ્નેહ, એટલે સ્નેહનું 'કાર્ય' એવો અર્થ છે. (લે)

* ભગવાન અર્જુનને ભેટતા હતા ત્યારે નકુલ અને સહદેવ તેમને નમન કરી શકત, પરંતુ પાછલથી કર્યું, તેનું કારણ નીચે જણાવેલ છે.

परमासन आसीनं कृष्णा कृष्णमनिन्दिता ॥
नवोढा व्रीडिता किञ्चिच्छनैरेत्याभ्यवन्दत ॥५॥

ઉત્તમ આસન ઉપર વિરાજેલા શ્રીકૃષ્ણ પાસે તરતની પરણેલી, કાંઇક શરમાતી દૂષણ વિનાની કૃષ્ણાએ ધીરેથી આવી (તેમને) નમન કર્યું. ૫.

આથી એમ સૂચવેલું છે કે સર્વ (પ્રકારની) પૂજા પછી, છેવટે જાણે કે દાસ્યથી આત્મનિવેદન કરતી હોય તેમ કૃષ્ણા આવી.

(ભગવાન) 'વિરાજેલા' (હોઇ) શાંત હતા. તેના ઉપર તેમની કૃપાદૃષ્ટિ જણાવવા (આ) કહેલું છે. આ (કૃપાદૃષ્ટિ થાય તે) માટે તેની યોગ્યતા 'કૃષ્ણા' શબ્દથી તેમના નામે નામ હોવાથી કહેલી છે. 'જેની જેનામાં શ્રદ્ધા છે તે તેજ થાય છે' નિયમ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ પાંચ રૂપવાળા થઇ, (૧) શબ્દ (૨) અર્થ (૩) શક્તિ (૪) ભક્ત અને (૫) ક્રીડાના આધાર બનેલા છે. તેથી (અનુક્રમે) (૧) વ્યાસ (૨) ભગવાન (૩) કાલિન્દી (૪) અર્જુન અને (૫) દ્રૌપદી (ભગવદ્રૂપ છે).

'આ (દ્રૌપદી) ઘણા પતિઓ હોવાને લીધે દુષ્ટ હતી. તે એવી રીતે (ભગવાનમાં) ભક્તિવાળી કેમ થઇ?' એવી શંકા થાય, તેથી 'દૂષણ વિનાની' વિશેષણ યોજેલું છે. (તેનામાં) દોષ હતો જ નહિ, કારણ કે તેની નિંદા પણ થઇ નથી. સંબંધ થએલ નહિ હોવાને લીધે તેવી (દૂષણ વિનાની) હતી એમ 'તરતની પરણેલી' વિશેષણથી કહેલું છે, અથવા વિધિએ કરેલા (એવા) સંબંધને લીધે (દૂષણ વિનાની હતી). તેથી જ 'કાંઇક શરમાતી' હતી. સ્ત્રીઓનો (શરમાવાનો) સ્વભાવ પણ છે ધીરે આવવું એ ઉદ્ધતાઇનો અભાવ સૂચવે છે. ૫.

(ભગવાન) સાથે ગએલાનું સ્વાગત કર્યું એમ કહેવા, નીચેના શ્લોકમાં સાત્યકિનાં સ્વાગતનું વર્ણન કરે છે:—

तथैव सात्यकिः पार्थैः पूजितश्चाभिवन्दितः ।
निषसादासनेऽन्ये च पूजिताः पर्युपासत ॥६॥

પાર્થોએ તેવી જ રીતે પૂજેલો અને આવકાર અપાએલો સાત્યકિ આસન ઉપર બેઠો, અને પૂજાએલા બીજાઓ આસપાસ બેઠા. ૬.

જેમ ભગવાનની પૂજા કરી, તેવી જ રીતે ભગવાનના ભક્તોની પણ પૂજા કરી, કારણ કે તેઓ પાર્થ (પૃથાના પુત્રો) હતા, અને (યાદવો સાથેનો તેમનો) સંબંધ સરખો હતો. 'ભલે પધાર્યા' એવો આવકાર (આપ્યો). આ (સાત્યકિ)માં જ્ઞાનશક્તિ પ્રકટ કરવાની છે, તેથી તે પણ આસન ઉપર જ બેઠો; અને બીજાઓ પૂજાઇને આસનો ઉપર બેઠા, પરંતુ ભગવાનની આસપાસ બેઠા. ૬.

પૃથાની સ્તુતિનું નિરૂપણ કરવા, પહેલાં નીચેના શ્લોકમાં એક બીજાએ કુશલ પૂછવાનું ચાલુ રાખ્યું તે કહે છે:—

पृथां समागत्य कृताभिवादनस्तयातिहार्दार्द्रदृशाभिरम्भितः ॥
आपृष्टवांस्तां कुशलं सहस्नुषां पितृष्वसारं परिपृष्टबान्धवः ॥७॥

પૃથા પાસે આવી (તેને) પ્રણામ કરી, તેણે ઘણા સ્નેહને લીધે ભીંજાએલી દૃષ્ટિથી ભેટેલા (ભગવાને) તે ફોઇને પુત્રવધૂ સહિત કુશલ પૂછ્યું, (અને તેણે ભગવાનને) સગાંઓ સંબંધી (કુશલ) પૂછ્યું ૭

ભગવાને 'पृथां समागत्य' પૃથા પાસે જઇને (તેને) પ્રણામ કર્યા, અને ઘણા સ્નેહને લીધે ભીંજાએલી હતી દૃષ્ટિ જેની (તેવાં કુતિ થયાં). કરૂણાને લીધે અને ભક્તિને લીધે દૃષ્ટિ ભીંજાય છે. લૌકિક સંબંધને લીધે ઘણાં સ્નેહથી સ્નેહવાળી (થએલી) દૃષ્ટિ તેથી પણ વધારે ભીંજાએલી થઇ. પછી તેવી (દૃષ્ટિ)થી (કુતિએ) ભેટેલા (ભગવાનને) કુશલ પૂછ્યું, અને (કુતિએ ભગવાનને) પોતાને (કુશલ) પૂછ્યું. એ પ્રમાણે ભગવાને કરેલ લૌકિક ભાષા (લોકાચાર) સ્થિર થઇ એમ કહેલું છે. ૭.

નીચેના શ્લોકમાં સ્તુતિ માટે તે(કુતિ)ની પ્રવૃત્તિ કહે છે:—

तमाह प्रेमवैक्लव्यरुद्धकण्ठाश्रुलोचना ॥
स्मरन्ती तान् बहून् क्लेशान् क्लेशापायात्मदर्शनम् ॥८॥

પ્રેમથી થએલ ગભરાટથી રૂંધાએલા કંઠવાળી, આંખમાં આંસુવાળી (કુંતિ)એ તે ઘણાં દુઃખોનું સ્મરણ કરતાં જેમનાં સ્વરૂપનું દર્શન દુઃખનો નાશ કરનારૂં છે તેમને (નીચે પ્રમાણે) કહ્યું ૮.

પ્રેમથી ગભરાટ થયો. અંતઃકરણનો પ્રેમ તેવો છે. તે (ગભરાટ)થી કંઠ રૂંધાયો એટલે શરીરમાં ગભરાટ થયો. આંસુઓ હતાં આંખમાં જેની, એ વિશેષણથી ઇંદ્રિયોનો ગભરાટ (કહ્યો).

વળી સુખી (પુરૂષો)ને પણ ભક્તિને લીધે એવું થાય છે. આણે તો બહુ દુઃખો ભોગવેલાં, અને તેમનું સ્મરણ કરતી હતી, એમ 'તે (ઘણાં દુઃખો)નું સ્મરણ કરતાં' શબ્દથી કહે છે:

'ઘણાંએ દુઃખોનું સ્મરણ કરતી તે દુઃખો દૂર કરવા માટે પ્રાર્થના કરશે' એવી શંકા થાય, તેથી 'જેમનાં સ્વરૂપનું દર્શન દુઃખનો નાશ કરનારૂં છે' એ વિશેષણ યોજેલું છે. દુઃખોનો અપાયઃ નાશ જેમાંથી (થાય છે) તેવું સ્વરૂપનું દર્શન જ છે: જેમનું તેવા (ભગવાન છે). દર્શનથી જ દુઃખ દૂર થતાં, તે (દૂર કરવા) માટે પ્રાર્થના (કરતી) નથી. ૮.

'ભગવાનથી અમે કૃતાર્થ છીએ' એવી જ આ ભગવાનની સ્તુતિ છે. (ભગવાને જે) કરેલું છે અને જે કરવાના છે એવા ભેદથી બે પ્રકારની તે (સ્તુતિ) નીચેના બે શ્લોકથી કરે છે:—

तदैव कुशलं नोऽभूत्सनाथास्ते कृता वयम् ॥
ज्ञातीन्नः स्मरता कृष्ण भ्राता मे प्रेषितस्त्वया ॥९॥
न तेऽस्ति स्वः परो भ्रान्तिर्विश्वस्य सुहृदात्मनः ॥
तथापि स्मरतां शश्वत्क्लेशान्हंसि हृदि स्थितः ॥१०॥

હે કૃષ્ણ! જ્યારે આપે અમો સગાંઓનું સ્મરણ કરતાં મારા ભાઈને મોકલ્યો, ત્યારે જ અમારૂં કુશલ થયું અને આપે અમને સનાથ કર્યાં. ૯.

વિશ્વરૂપ સુહૃદ અને આત્મરૂપ આપમાં '(આ) મારો (સેવક), (આ મારો) શત્રુ' એવી ભ્રાંતિ નથી. છતાં પણ સ્મરણ કરનારોના હૃદયમાં સદા રહીને આપ (તેમનાં) દુઃખોનો નાશ કરો છો. ૧૦.

જ્યારે આપે અમારૂં સ્મરણ કર્યું, ત્યારથી જ અમારૂં કુશલ થયું. (હવે) ચિંતા રહી નથી એમ જણાવવા કહે છે કે આપે અમને સનાથ પણ કર્યા, કારણ કે નાથ જ (યોગ્ય) અવસરે સ્મરણ કરે છે. (પોતાની) પ્રશંસા કરવા 'અમો' (બહુવચનવાળો) શબ્દ યોજેલ છે. અક્રૂરને (આપે) મોકલ્યો તે આ જણાવનારૂં છે એમ આ શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. 'જેનાથી પ્રાણીઓને શાંતિ થાય છે' એ વાક્યમાં તે પ્રમાણે કહેલું છે. 'હે કૃષ્ણ!' એ સંબોધનથી તે માટે જ (ભગવાનનો) અવતાર કહેલો છે. (અમો) સર્વનું રક્ષણ થાય તે માટે ભાઈને મોકલેલો. ભાઈ (અક્રૂર) કરતાં પણ આપનો જ સ્નેહ વધારે હોવાથી (આપે અક્રૂરને મોકલવાનું જે) કાર્ય કરેલ તે (અમારા) દેહની યોગ્યતાને લીધે કરેલ નહતું, પરંતુ મળી આવે તે બંધુને જ મોકલવો એવા અભિપ્રાયથી (કરેલ), એવું લૌકિક રક્ષણ પણ આ (રક્ષણ થાય તે માટે ભાઈને મોકલ્યો તે)થી સૂચવેલું છે. ૯.

એવી રીતે પોતાનું રક્ષણ કરનાર તરીકે પક્ષપાત (કર્યા)નો દોષ લાગે તેનું નિવારણ દશમા શ્લોકથી કરે છે. (આ) **स्वः** પોતાનો સેવક, (આ) **परः** શત્રુ. આ (એવું) (ભગવાનને) ન હોવાનું કારણ 'ભ્રાંતિ' શબ્દથી કહેલું છે. આ (આવી) બુદ્ધિ ભૂલભરેલી હોવાથી (ભગવાનમાં) નથી, એવો અર્થ છે. તેનાં ત્રણ કારણો 'વિશ્વરૂપ, સુહૃદ, આત્મરૂપ' શબ્દોથી કહેલાં છે. (૧) દેહના સંબંધવાળાનો વિચાર કરતાં, આપ (ભગવાન)જ વિશ્વ છો. (૨) અંતઃકરણમાં તો ભગવાન બધાએના સુહૃદ છે. (૩) સત્ય સ્થિતિનો વિચાર કરતાં તો (ભગવાન સર્વના) આત્મા જ છે. તેથી ત્રણે વિચાર પ્રમાણે ભગવાનમાં પક્ષપાતની બુદ્ધિ સંભવતી નથી, એવો અર્થ છે.

'ત્યારે (ભગવાનથી) પક્ષપાતવાળું કાર્ય કેમ થાય છે?' એવો પ્રશ્ન સંભવે, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. જે કોઇ (આપનું) સ્મરણ કરે છે, તેઓના હૃદયમાં રહીને (આપ) દુઃખની સાથે (એક સ્થલે) રહેતા નહિ હોવાથી, જેમ અગ્નિ ઘાસને (બાળે છે) તેમ (તેનાં) દુઃખનો નાશ કરો છો. તેથી દુઃખનો નાશ એ (ભગવાનનાં) સ્મરણનું જ કાર્ય છે, અને તે પણ (તેનું) સ્વાભાવિક જ કાર્ય છે. ૧૦.

પછી રાજાએ પણ સ્તુતિ કરી એમ (એ) નીચેના શ્લોકમાં કહે છેઃ—

॥ युधिष्ठिर उवाच ॥ યુધિષ્ઠિર કહે છેઃ—

किं न आचरितं श्रेयो न वेदाहमधीश्वर ।
योगेश्वराणां दुर्दर्शो यन्नो दृष्टः कुमेधसाम् ॥११॥

હે સર્વના સ્વામી! (આપ) જેમનાં દર્શન મોટા યોગીઓને થવાં દુર્લભ, તેમનાં જેને લીધે અમો દુષ્ટ બુદ્ધિવાળાઓને દર્શન થયાં, તેવું કલ્યાણ કરનારૂં શું (કર્મ) અમે કર્યું તે હું જાણતો નથી. ૧૧.

તે પણ પોતાની પ્રશંસાથી જ (ભગવાનની) સ્તુતિ કરે છે, કારણ કે તે સર્વ (ફલ)ને કર્મનું ફલ જ જાણે છે. તેથી (તેના માનવા પ્રમાણે) ભગવાનનું દર્શન પણ મોટા (કર્મ)નું ફલ હોવાથી, (તે ફલના) સાધનની કલ્પના કરે છે. 'નઃ' અમે અથવા અમારૂં કરેલું કલ્યાણ કરનારૂં (કર્મ) છે. આ (કર્મ) જાણવામાં આવતાં, સદા આપનાં દર્શન થાય તે માટે સદા તે કરવું જોઇએ, એવા અભિપ્રાયથી (તે કયું કર્મ એ) જાણે કે પૂછતો હોય તેમ, 'હું જાણતો નથી' શબ્દોથી પોતાનું (તે કર્મ સંબંધી) અજ્ઞાન જાહેર કરે છે. 'સર્વના સ્વામી' હોવાથી અંતઃકરણના સ્વામી હોઈ ભગવાન જ (તે) જાણે છે. 'જેમનાં દર્શન મોટા યોગીઓને પણ થવાં દુર્લભ' શબ્દોથી દર્શન મોટા (કર્મ)નું ફલ હોવાનું કહે છે. 'દુષ્ટ બુદ્ધિવાળા' વિશેષણથી પોતે તેવો (યોગી) નથી એમ કહે છે. ૧૧.

એ પ્રમાણે સર્વથી સ્તુતિ કરાએલા ભગવાન તેઓનાં હિત માટે કેટલાક સમય સુધી ત્યાં જ રહ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

इति वै वार्षिकान् मासान् राज्ञा सोऽभ्यर्थितः सुखम् ।
जनयन्नयनानन्दमिन्द्रप्रस्थौकसां विभुः ॥१२॥

રાજાએ એવી પ્રાર્થના કરેલા શક્તિમાન તે (ભગવાન) ઇન્દ્રપ્રસ્થના રહેવાસીઓનાં નયનોને આનંદ ઉત્પન્ન કરતાં વર્ષાઋતુના મહિનાઓ સુખથી નિશ્ચય રહ્યા ૧૨.

(ભગવાન) સર્વ સ્થલે રહેલા હોવા છતાં પણ નિશ્ચય સર્વને દર્શન થાય તેમ ત્યાં, વર્ષાઋતુના ચાર મહિનાઓ રહ્યા. આથી એમ સૂચવેલું છે કે નિદ્રા

આવતાં ભક્તના હૃદયમાં પોઢેલા રહ્યા. લોકમાં પણ વર્ષાઋતુમાં જવા આવવાનું સ્હેલાઇથી થતું નથી. તેમાં પણ યુધિષ્ઠિરે (ત્યાં રહેવાની) પ્રાર્થના કરી (તેથી) તેને માટે, અને ઇન્દ્રપ્રસ્થના રહેવાસીઓનાં નયનોને આનંદ ઉત્પન્ન કરતાં (રહ્યા) એક (રહેવાની) ક્રિયાથી બે* ફલ સાધે છે, તેથી (તેનાં) કારણ તરીકે શક્તિવાળા હોવાપણું જણાવેલું છે, કારણ કે આ લોક મૂર્ખ છે. ૧૨.

એવી રીતે ભક્તિનું વર્ણન કરી, નીચેના શ્લોકથી આરંભી કર્મનું નિરૂપણ કરે છે:—

एकदा रथमारुह्य विजयो वानरध्वजम् ॥
गाण्डीवं धनुरादाय तूणौ चाक्षयसायकौ ॥१३॥
साकं कृष्णेन सन्नद्धो विहर्तुं विपिनं महत् ॥
बहुव्यालमृगाकीर्णं प्राविशत्परवीरहा ॥१४॥

એક સમયે શત્રુઓને સંહારનાર અર્જુને વાનરની ધજાવાળા રથમાં બેસીને, ગાંડીવ ધનુષ્ય અને જેમાંના બાણો ખૂટે નહિ તેવા બે ભાથાઓ લઇને, કવચ પહેરી, શ્રીકૃષ્ણની સાથે ઘણાં ઘાતકી પશુઓ અને મૃગોથી ભરપૂર મોટા જંગલમાં વિહાર (કરવા) માટે પ્રવેશ કર્યો ૧૩-૧૪.

(ચોમાસાના) ચાર મહિના દરમ્યાન જ વદ આઠમના શ્રાદ્ધ માટે અથવા મૃગયા (કરવા) માટે (વનમાં) ગયો. (૧) વાનરની ધજાવાળો રથ અર્જુનનો હતો. આની (અર્જુનને) પ્રાપ્તિ થઇ એ આગળ (શ્લો. ૨૬) કહેશે. હમણાં (અર્જુન) સાધન વિનાનો હોવાથી, (અને) શક્તિ સહિત હોય ત્યારે તેવો (સાધનવાળો) થાય તેથી, વિવાહ પછી અથવા (કન્યાનો ભગવાને) સ્વીકાર કર્યા પછી તે (સાધનની પ્રાપ્તિ) કહેશે. વાનર હનુમાન ધજા ઉપર હતો જેની, એ વિશેષણથી તેઓ (પાંડવો) ઉપર ભગવાનની ઘણી કૃપા જણાવેલી છે. (૨) ગાંડીવ અને (૩) જેમાનાં બાણો ખૂટે નહિ તેવાં બે ભાથાઓ પણ અગ્નિ પાસેથી જ (અર્જુનને) મળેલાં. આ ત્રણ પ્રકારનું (સાધન) તેની પાસેથી જ મળેલું. બધાંએ નકામા ન થાય તે માટે શ્રીકૃષ્ણની સાથેની સ્થિતિ (સાથે કરેલો પ્રવેશ) કહેલ છે, અથવા (અર્જુન) સાધન અને ફલવાળો‡ હતો (એમ જણાવવા તેમ કહેલું છે). सन्नद्धः એટલે કવચ પહેરેલો. ફરીથી પણ યુદ્ધ થશે એવો સંભવ હોવાથી

---

*(૧) યુધિષ્ઠિરે પ્રાર્થેલું આપવું અને (૨) ત્યાંના રહેવાસીઓનાં નયનોને આનંદ ઉત્પન્ન કરવો એવાં બે ફલ.

‡ રથ, ધનુષ્ય અને ભાથા એ ત્રણ સાધનો તેની પાસે હતા, અને ફલરૂપ ભગવાન તેની સાથે હતા.

પહેલાં થએલું યુદ્ધ પણ પછી કહેવામાં આવશે. તેમ ન કરે તો વિવાહનું પ્રાધાન્ય ન રહે, પહેલાં ખાંડવ બાળવાનું, પછી સ્ત્રીની પ્રાપ્તિ એવો પદાર્થ (વૃત્તાંત)નો આ ક્રમ ભગવાને ઇચ્છેલો હોવાથી, (તેમાં) વિરોધ નથી. (ભગવાને) વિચારેલું તો તે પ્રમાણે હતું, જે કર્યું[1] તે તો અહિં કહેવામાં આવે છે.

'વિહાર (કરવા) માટે' શબ્દથી કર્મનું બંધન દૂર કરેલું* છે. 'મોટા જંગલમાં' શબ્દોથી એમ (સૂચવ્યું છે કે) તેમાં મૃગયારૂપ ક્રીડા અનંત થશે. 'ઘણાં ઘાતકી પશુઓ અને મૃગોથી ભરપૂર' વિશેષણથી તેજ (અર્થ) કહેલ છે. વ્યાલાઃ એટલે ઘાતકી પશુઓ, મૃગાઃ એટલે નિર્દોષ જનાવરો, અથવા વિરોધ કરનારા અને વિરોધ નહિ કરનારા પશુઓ (એ શબ્દોથી કહેલા છે). બંને (પ્રકારના)ને હણે છે, એમ (અર્જુનની) સરસાઇ (જણાવી). 'શત્રુઓને સંહારનાર' વિશેષણથી તેઓને હણવાનું સામર્થ્ય કહેલું છે. શત્રુઓના એટલે વિવેકપૂર્વક યુદ્ધ કરનારાઓના પણ વીરોને જે (અર્જુન) હણનારો હતો. ૧૩–૧૪.

પછી ત્યાં જઇને બંને પ્રકારના પાંચ પાંચ જાતના (પશુઓ)ને તેણે હણ્યાં, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तत्राविध्यच्छरैर्व्याघ्रान् शूकरान् महिषान् रुरून् ॥
शरभान् गवयान् खड्गान् हरिणान् शशशल्लकान् ॥१५॥

ત્યાં બાણોથી (૧) વાઘોને (૨) ભૂંડોને (૩) પાડાઓને (૪) રૂરૂઓને (૫) શરભોને, (૬) રોઝોને, (૭) ગેંડાઓને, (૮) હરણોને, (૯) સસલાઓને અને (૧૦) શાહુડીઓને વિંધી નાખ્યાં. ૧૫.

બાણોથી વીંધ્યા, પરંતુ કપટથી હણ્યા નહિ. વાઘો, પાડાઓ અને રૂરૂઓ (એ) ત્રણ દુષ્ટ હોવાથી હણવા યોગ્ય હતાં. તેઓનાં ચામડાં, નખો વિગેરે ઉપયોગમાં

---

[1] પહેલાં કાલિન્દીની પ્રાપ્તિ અને પછી ગાંડીવ વિગેરેની પ્રાપ્તિ થઇ, (એ પ્રમાણે કહેવામાં આવે છે). હમણાં (કાલિન્દીની પ્રાપ્તિ પહેલાં) તો ગાંડીવ વિગેરે ગુપ્ત રીતે ભગવાનની ઇચ્છાથી અર્જુનને પ્રાપ્ત થયાં; અને તેવા (ભગવદીય) પુરૂષો તેને જાણી (જોઇ) શકે. આજ સાધનો (કાલિંદીની પ્રાપ્તિ) પછી અગ્નિદ્વારા ભગવાન્ પ્રકટ રીતે અર્જુનને અપાવશે. (ક્લે) કાલિંદી પ્રાપ્ત થયા પછી આ સાધનો પ્રાપ્ત થયાનું અહિં કહેલું છે (શ્લોક ૨૬) પહેલાં સાધનો પ્રાપ્ત થયાં અને પછી કાલિન્દીની પ્રાપ્તિ થઇ, પણ એ પ્રમાણે વર્ણન કરવામાં આવે તો વિવાહનું પ્રાધાન્ય ન રહે, તેથી વિવાહનું પ્રાધાન્ય જણાવવાં અહિં પહેલાં કાલિન્દીની પ્રાપ્તિ અને પછી ખાંડવ બાળી અર્જુને સાધન પ્રાપ્ત કર્યાં એવું વર્ણન છે, એવો અર્થ જણાય છે.

* વિહાર કરવા એટલે આનંદ માટે ફરવા જંગલમાં પ્રવેશ કર્યો. તેથી કર્મ (મૃગયા) માટે પ્રવેશ કરેલ નહિ હોવાથી, કર્મનું બંધન દૂર કરેલું છે, એવો અર્થ કરેલ જણાય છે. અહિં રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં બે લીટીઓ આડા અવળી છપાએલી જણાય છે. વૃંદાવન પ્રેસવાળી પ્રત પ્રમાણે પાઠ લીધેલ છે.

આવે છે. શલ્યકો* પણ કઠણ (પશુઓ) હોવાથી તેમની સાથે કહેલા છે, પરંતુ તેઓ ભક્ષણ કરવા યોગ્ય છે. વળી શરભ વિગેરે છ(ને વીંધ્યા). તે પૈકી શરભ અને રોઝ ભક્ષણ કરવા યોગ્ય નથી. જો પહેલાં ભૂંડ* કહેલ હોય તો (તે) પણ ભક્ષણ કરવા યોગ્ય છે. પાંચ ભક્ષણ કરવા યોગ્ય, અને પાંચ ન ભક્ષણ કરવા યોગ્ય,† એમ દશ કહ્યા. ૧૫.

તે પૈકી ઉત્તમ (પ્રાણીઓ) કર્મના (શ્રાદ્ધના) ઉપયોગમાં આવ્યાં, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तान्निन्युः किङ्करा राज्ञे मेध्यान् पर्वण्युपागते ॥
तृट्परीतः परिश्रान्तो बीभत्सुर्यमुनामगात् ॥१६॥

નોકરો પર્વ આવ્યું ત્યારે તે પવિત્ર (પ્રાણીઓ)ને રાજા પાસે લઇ ગયા તરસ્યો થએલો થાકેલો અર્જુન યમુના ગયો. ૧૬.

'નોકરો' શબ્દથી પાડા, ગધેડાં વિગેરેથી તેમને લઇ જવાની મના જણાવેલી છે, કારણ કે (આ પ્રાણીઓ) પવિત્ર હતાં. તે પણ વદ આઠમ વિગેરે પર્વ આવ્યું ત્યારે (લઈ ગયા). ૧૬.

તે પ્રસંગે મૃગોની પેઠે કન્યા પણ પ્રાપ્ત થઇ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तत्रोपस्पृश्य विशदं पीत्वा वारि महारथौ ॥
कृष्णौ ददृशतुः कन्यां चरन्तीं चारुदर्शनाम् ॥१७॥

ત્યાં સ્નાન કરી, સ્વચ્છ જલ પીને, બે મહારથી કૃષ્ણોએ (ત્યાં) ફરતી સુંદર દૃષ્ટિવાળી કન્યા જોઇ. ૧૭.

उपस्पर्शनम् એટલે સ્નાન (કર્યું), પછી પાન (કર્યું). (જલ) સ્વચ્છ હોવાથી, જલ લાવીને સંગ્રહ કરેલ નહિં. 'મહારથી' શબ્દથી (એમ જણાવ્યું કે તેઓ) સ્ત્રીનું દર્શન કરે તેમાં શંકા (કરવાનું કારણ) નથી. અને કૃષ્ણ હતા, એટલે ભગવાનના તેજનો જ વિભાગ થયેલો હોવાથી, અને (કાલિન્દી) કન્યા હોવાથી, (તેઓ) દર્શન (કરે તે)માં કાંઇ દૂષણ નથી. તેમાં પણ તે ફરતી હતી એટલે ભગવાનનાં દર્શન કરવા આવેલી યમુનાના કાંઠા ઉપર આંટા મારતી હતી. 'સુંદર હતી દૃષ્ટિ જેની' એ વિશેષણથી એમ કહેલું છે કે તે પણ જોતી હતી. તેથી (તેને) પ્રશ્ન વિગેરે કરવામાં આવે તેમાં વિરોધ નથી, એવો ભાવ છે. ૧૭.

---

* 'शूकरान्' ને બદલે 'शल्यकान्' પાઠ લઈ અર્થ કર્યો છે. પાછળ 'शूकरान्' પાઠ લઇ અર્થ કરેલ છે.

† નાં. ૧-૩-૪-૫-૬ ભક્ષણ ન કરવા યોગ્ય છે. બાકીના પાંચ જૂદા પ્રકારના છે. નાં. ૧-૨-૩-૪-૫ ઘાતકી પ્રાણીઓ છે. બાકીના નિર્દોષ છે.

तामासाद्य वरारोहां सुद्विजां रुचिराननाम् ॥
पप्रच्छ प्रेषितः सख्या फाल्गुनः प्रमदोत्तमाम् ॥१८॥

તે સુંદર નિતંબવાળી, શોભતા દાંતવાળી મનોહર મુખવાળી, ઉત્તમ પ્રમદા પાસે જઈને, મિત્રે મોકલેલા અર્જુને (તેને નીચે પ્રમાણે) પૂછ્યું. ૧૮.

તે ભોગ કરવા યોગ્ય રૂપવાળી હોવાથી લૌકિક નિયમ પ્રમાણે જ સ્વીકાર કરવા યોગ્ય હોવાથી, (ભગવાન પૂછવા) પોતે પધારે તો અર્જુનને મનદુઃખ થાય તેથી, (અને ભગવાને કાલિન્દીમાં પોતાના) જેટલી શક્તિ* મૂકેલી હોવાથી, ભગવાને જ મોકલેલા અર્જુને (તેને) પૂછ્યું. 'સુંદર નિતંબવાળી' હોવાથી કાળનો વિલંબ સહન કરે તેમ નહતી. 'શોભતા દાંતવાળી' વિશેષણથી લક્ષણો કહેલાં છે. 'મનોહર મુખવાળી' વિશેષણથી રસવાળી કહેલી છે. મિત્રે મોકલેલ હોવાથી અર્જુન કપટ કરે તેમ નહતું, અને તેણે ઇંદ્રિયો ઉપર જય મેળવ્યો હતો, કારણ કે અર્જુને અનંતશયનમાં† પાંચ અપ્સરાઓનો ઉદ્ધાર કર્યો ત્યારે પાંચ અપ્સરાઓને પોતાના સ્પર્શથી મુક્તિ પ્રાપ્ત કરાવી હતી. તે પ્રમાણે અહિં પણ તેની સાથે વાત કરવાથી તે (કાલિન્દી) પણ ભગવાનને પ્રાપ્ત કરશે, તેથી તેની સાથે વાત કરવી એ દૂષણું નથી.

'(અર્જુન સાથે તે) બોલશે નહિ' એવી શંકા થતાં, 'ઉત્તમ પ્રમદા' શબ્દ યોજેલ છે. પ્રકૃષ્ટને ઘણો મદઃ મદ છે જેઓનો તેવી (પ્રમદાઓ)જ બોલે. તેઓમાં પણ આ ઉત્તમ હતી. ૧૮.

का त्वं कस्यासि सुश्रोणि कुतो वा किं चिकीर्षसि ॥
मन्ये त्वां पतिमिच्छन्तीं सर्वं कथय शोभने ॥१९॥

હે સુંદર નિતંબવાળી! તું કોણ છે? કોની છે? શા માટે (આવી)? શું કરવા ઇચ્છે છે? પતિ ઇચ્છનારી તને હું માનું છું. હે સુંદર સ્ત્રી! (મને) સર્વ કહે. ૧૯.

---

* શક્તિનો અર્થ મી. તેલીવાળાએ તપ કરેલો છે. 'હરકોઇ પ્રકારની શક્તિ' એવો અર્થ લઇ શકાય છે. પાછલા ૧૩ મા શ્લોકના શ્રી સુબોધિનીમાં 'શક્તિ સહિત હોય ત્યારે તેવો થાય' એમ કહેલ છે. ત્યાં 'આ કાલિન્દી સાથે હોય' એવો ભાવાર્થ છે. કાલિન્દી સાથે હોય ત્યારે અર્જુનને એવાં સાધનો પ્રાપ્ત થાય, એવો તેનો અર્થ જણાય છે.

† આ સ્થલનુ નામ જણાય છે. ત્રાવણકોર અથવા શ્રીરંગપટ્ટમ 'અનંતશયન' કહેવાય છે. અહિં તો બંગાળાના ઉપસાગરના કાંઠા ઉપરનુ મણિપુરથી નજીકનુ આ સ્થલ હોવું જોઇએ, એમ મહાભારતના આદિપર્વના અધ્યાય ૨૧૬–૨૧૭ માં આ અપ્સરાઓનો ઉદ્ધાર કર્યાનો વૃત્તાંત છે તે ઉપરથી જણાય છે.

(૧) 'તું કોણ છે?' એવા ચાર* પ્રશ્નો (પૂછે છે). સ્વરૂપે (તું) કોણ? દેવનારી છું કે બીજી કોઇ એવો (પ્રશ્ન છે). (૨) 'તું કોની છે?' પિતા વિગેરે સંબંધી પૂછ્યા. 'હે સુંદર નિતંબવાળી!' એ સંબોધન છે. (તેથી) એમ સૂચવેલું છે કે અહિં (તારે) રહેવું યોગ્ય નથી. (૩) 'શા માટે અહિં આવી?' પ્રશ્ન દૈવગતિથી આવી હોય તો તેમાં દોષ નથી એમ જણાવવા (પૂછેલ છે) (૪) 'શું કરવા ઇચ્છે છે?' પ્રશ્ન (તેનાં) સ્થિરપણાને લીધે પૂછે છે, કારણ કે આ ગભરાએલી નહતી, (અને) બીજે જવા ઇચ્છતી પણ નહતી. તેથી તપ વિગેરે જે કરવા ઇચ્છતી હતી તે પૂછેલ છે. તે (તપ વિગેરે) પોતાને હિત કરનારૂં ન હોવાથી, '(પતિ ઇચ્છનારી તને) હું માનું છું' શબ્દોથી પોતાને હિતકારિ (કાર્ય)ની સંભાવના કરી પૂછે છે. પાંચે* પ્રશ્નોના (ઉત્તર) આપવા જોઇએ કારણ કે તેમ ન કરે તો (તેનો) સ્વીકાર યોગ્ય નથી. 'હે સુંદર સ્ત્રી! (મને) સર્વ કહે?' શબ્દોથી તેને ભય નહતો અને પોતાને (અર્જુનને તેના ઉપર) પ્રીતિ પણ હતી, એમ સૂચવેલું છે. ૧૯.

તેથી કાલિંદી તેને (પતિ કરવા) ઇચ્છતી નથી એમ જણાવવા, 'ભગવાનનેજ હું વરીશ' એવા પૂછેલા (પ્રશ્નના) વિષય (ઉત્તર) નીચેના શ્લોકથી (આરંભી) કહે છે:—

। **कालिन्द्युवाच** । કાલિન્દી કહે છે:—

अहं देवस्य सवितुर्दुहिता पतिमिच्छती ॥
विष्णुं वरेण्यं वरदं तपः परममास्थिता ॥२०॥

હું સૂર્ય દેવની પુત્રી છું (અને) વર આપનારા, વરવા યોગ્ય વિષ્ણુને પતિ (તરીકે) ઇચ્છતી ઉગ્ર તપ આચરૂં છું ૨૦.

દેવતાપણાથી જાતિ કહી. સૂર્ય(ની પુત્રી) હોવાથી તે(વી હોવા)માં અયોગ્યતા નથી. પુત્રી હોવાથી (લગ્નમાં) આપવાનીજ હતી. તેથી સાથે વાતચિત કરવામાં કોઇનો અપરાધ નહતો. 'પતિ (તરીકે) ઇચ્છતી' શબ્દોથી એમ કહેલ છે કે તેં માનેલું પણ સાચું જ છે. બધાએ જ વરવા યોગ્ય ભગવાન છે, તેનું પણ કારણ 'વર આપનારા' વિશેષણથી કહેલું છે. **वरं** વર **ददाति** આપે તે વરવા યોગ્ય વર છે. તેથી તે આત્માને (પોતાને) આપનારા છે એમ વસ્તુતઃ કહ્યું. 'શા માટે આવી?' પ્રશ્નનો, અને 'શું કરવા ઇચ્છે છે?' એ પ્રશ્નનો ઉત્તર, 'ઉગ્ર તપ આચરૂં છું' શબ્દોથી કહે છે, ઉગ્ર એટલે તરત ફલ આપનારૂં. 'આચરૂં છું' શબ્દથી ફલ પ્રાપ્ત થાય તે પહેલાં અટકવાની નથી, એમ સૂચવેલું છે. ૨૦.

---

* વસ્તુતઃ ચાર જ પ્રશ્નો છે. ચોથા પ્રશ્નનો પોતે જે ઉત્તર હોવાનું માનતો હતો તે પછી કહેલ છે તેથી પોતાની માન્યતા સાચી છે કે નહિ તે પણ કહેવું એમ પાંચ પ્રશ્ન થાય છે.

'બધાએ વિષ્ણુ* હોવાથી, તેવું (વિષ્ણુના જેવું) સુખ આપવા શક્તિવાળી લોકના નિયમ પ્રમાણે તેમની વિભૂતિ વરવા યોગ્ય પણ હોય તેથી, તેમનાથી હલકા બીજાઓમાં કોઇ વર આપવા શક્તિવાળો પણ હોય, અથવા કોઇક પોતાને તેવો માનતો હોય' એવી શંકા થાય, તેથી (તેવાને પતિ કરવા) ઇચ્છતી નથી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

नान्यं पतिं वृणे वीर तमृते श्रीनिकेतनम् ॥
तुष्यतां स मे भगवान् मुकुन्दोऽनाथसंश्रयः ॥२१॥

હે વીર! લક્ષ્મીના નિવાસરૂપ તેમના વિના બીજાને હું પતિ તરીકે પસંદ કરતી નથી. તે અનાથનાં આધારરૂપ ભગવાન મુકુંદ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૧.

ભક્તિ આપનારને અથવા ભગવાન (મેળવી) આપનારને હું તેવા‡ તરીકે પસંદ કરૂં, પરંતુ પતિ તરીકે પસંદ ન કરૂં. 'હે વીર!' એ ધર્મના સંબોધનથી (એમ જણાવ્યું કે) બલથી (લઇ જવાનું) તું કરવાનો નથી; અથવા 'અવીર!'§ શબ્દથી તેને પસંદ કરતી નથી (એમ કહેલ છે). 'તે (વિષ્ણુ) જો પોતાનું સાયુજ્ય પ્રાપ્ત કરાવીને[1] તેવાને[2] આપે તો પછી મને ખબર ન પડે' એવા અભિપ્રાયથી 'તેમના વિના' શબ્દો કહેલા છે. 'લક્ષ્મીના નિવાસરૂપ' શબ્દથી તેમને ઓળખવાનું અને (તેમની) ખાતરી કરવાનું ચિહ્ન કહેલું છે, કારણ કે લક્ષ્મીએ તેમને જ પસંદ કરેલા; અથવા (તે) લક્ષ્મી સાથે (રહેનાર) છે. 'શ્રીવત્સના ચિહ્નવાળા ભગવાન' એવી તેમની ઓળખાણ છે.

"'વેદોથી....મારાં દર્શન થઇ શકતાં નથી' (ભગવદ્ગીતા ૧૧–૫૩) વાક્ય પ્રમાણે ભગવાન તપથી પ્રાપ્ત નહિ થાય" એવી શંકા થાય, તેથી 'પ્રસન્ન થાઓ' શબ્દ યોજેલ છે, કારણ કે તે વર(દાન) આપનારા છે. તેમાં પહેલું આજ માગીશ કે 'પ્રસન્ન થાઓ' પછી પ્રસન્ન થાય ત્યારે બીજું માગીશ, એવો અભિપ્રાય છે.

---

* બધામાં વિષ્ણુનો અંશ હોવાથી, સર્વ વિષ્ણુરૂપ છે. એવો ભાવાર્થ જણાય છે.

‡ 'તેવા' એટલે 'ભક્તિ અથવા ભગવાન આપનારા.'

§ '**वृणेऽवीर**' એવો પાઠ લેતાં અર્થ કરેલ છે.

[1] નર ભગવાનનો આવેશ ધારણ કરનાર છે, વાક્ય પ્રમાણે નરમાં રહેલ પોતાનો (વિષ્ણુનો) અંશ પોતાની અંદર લાવીને, એવો અર્થ છે. (લે)

[2] 'તેવાને' એટલે 'ભગવાનમાં પ્રવેશ કરેલા અંશને' એવો અર્થ છે પહેલાં અર્જુનને પસંદ કરતી નથી એમ કહ્યું. અર્જુનમાં જ રહેલો (ભગવાનનો) અંશ જો ભગવાનમાં પ્રવેશ કરે તો તે અંશને કદાચ પસંદ કરૂં, પરંતુ તેમના (ભગવાનના) વિના ન કરૂં, એવો અર્થ છે (લે)

'मे' એટલે મારા ઉપર (પ્રસન્ન થાઓ); કારણ કે તે લક્ષ્મી ઉપર પણ પ્રસન્ન થયા હતા.

'(ઉપર જણાવેલું ગીતાનું) વાક્ય નડશે' એવી શંકા થાય, તેથી ભગવાન શબ્દ યોજેલ છે. તે ઈશ્વર હોવાથી કોઇથી પણ બંધાય તેવા નથી. 'આ વાક્ય ઈશ્વરનું જ છે' એવી શંકા થાય, તેથી 'મુકુંદ' નામ યોજેલું છે. જો પ્રાપ્તિ નહિ કરાવનાર કહેલાં* સાધનો ભગવાન પ્રસન્ન થાય ત્યારે ઉપયોગી થતાં ન હોય, તો કોઇને પણ મોક્ષ પ્રાપ્ત થાય નહિ, તેથી એમ માનવું જોઇએ કે તે વાક્ય સ્વતંત્ર ભક્તિના સંબંધમાં, અથવા તેવાં સ્વરૂપનાં દર્શનના સંબંધમાં (કહેલું) છે. વળી મારે ભલે સાધન ન હોય, તે પોતાના ગુણના વિચારથી પણ (મારા ઉપર) પ્રસન્ન થાઓ એમ, 'અનાથના આધારરૂપ' શબ્દથી કહેલ છે. (ભગવાન) દીનદયાલુ હોવાથી, જેઓનો કોઇ પણ નાથ નથી, તેઓના સારી રીતે આધાર બને છે. અથવા બીજા ભલે પ્રસન્ન ન થાય, એમ (બીજાની પ્રસન્નતા) જોઇતી નથી એવું જણાવવાં (એ શબ્દ યોજેલ છે), અથવા (તે પ્રસન્ન થશે) એ વિષયમાં સંશય નથી એવો (એ શબ્દનો અર્થ) થાય છે. ૨૧.

નીચેના શ્લોકમાં પોતાનું નામ (રહેવાનું) ઠેકાણું વિગેરે કહે છે:—

कालिन्दीति समाख्याता वसामि यमुनाजले ॥
निर्मिते भवने पित्रा यावदच्युतदर्शनम् ॥२२॥

'કાલિન્દી' એવા નામવાળી યમુનાના જલમાં પિતાએ બનાવેલા મકાનમાં અચ્યુતનાં દર્શન થશે ત્યાં સુધી રહીશ. ૨૨.

કલિંદ પર્વત ઉપર તે (પર્વત)ના રૂપથી આવેલા સૂર્યથી (હું) ઉત્પન્ન થએલી હોવાથી,[૧] પાર્વતીના જેવું મારૂં પણ તપ છે એમ સૂચવેલું છે. 'યમુનાના જલમાં રહીશ' શબ્દોથી ગઢનું રહેઠાણ કહેલું છે. આ (શબ્દથી) યમુનાનો અને તેનો ભેદ જણાવેલો છે. પર્વતની સ્થિતિ પ્રાપ્ત કરેલા[૨] (સૂર્ય)થી આધિદૈવિકી 'કાલિન્દી' એવા જ નામથી પ્રસિદ્ધ થએલી આ (કન્યા) ઉત્પન્ન થએલી. યમુનાને તો તેણે[૩] યમને ઉત્પન્ન કરીને, પછી તે દોષ દૂર કરવા માટે ઉત્પન્ન કરેલી. બંનેમાં

---

* ભગવદ્ગીતા ૧૧–૫૨ માં 'વેદ, તપ, દાન, યજ્ઞ' સાધનો ભગવાનનાં દર્શન કરાવી શકતાં નથી એમ કહેલું છે તે સાધનો. અહિં ખાસ તપ લેવાનું છે.

૧ સૂર્ય પર્વતનું રૂપ ધારણ કરી, કલિંદ (પર્વત) ઉપર ગયો, એટલે માતારૂપ કલિંદ પર્વત અને પિતારૂપ પર્વતનું રૂપ ધારણ કરેલ સૂર્ય (એ બેથી ઉત્પન્ન થઇ), પર્વતો જડ હોવા છતાં બ્રહ્મસૂત્ર ૨–૧–૫ માં જણાવેલ ન્યાયે (તેમનાથી) કાલિંદીની ઉત્પત્તિ થાય તે યોગ્ય છે. (લે)

૨ એવા સૂર્યથી ઉત્પન્ન થઇ, એવો અન્વય છે. (લે)

૩ 'તેણે' એટલે 'દેવરૂપ સૂર્યે' પર્વતનું રૂપ ધારણ કરેલ સૂર્યથી કાલિંદી ઉત્પન્ન થઇ, (અને દેવરૂપ સૂર્યથી યમુના ઉત્પન્ન થઇ) એવો ભેદ 'तु' 'તો' શબ્દથી દર્શાવેલ છે. (લે)

મળતાપણું હોવાથી, આધિદૈવિક અને આધિભૌતિક તરીકે રહેલી હોવાથી, લોકમાં એક હોય તેમ ગણાય છે. (યમુના)' તપતીની પેઠે શાપથી નદી થએલ પણ નથી, કારણ કે નદીસ્વરૂપ પહેલાં પણ હતું. વળી (કાલિન્દી) આધ્યાત્મિક દેવતારૂપ પણ નથી, કારણ કે તેમ હોય તો યમુનાનો (તે) ત્યાગ કરે તે સંભવતું નથી, અને કૃપા કરવા તથા દંડ કરવા સમયે જ (તેનાં) દર્શન થાય છે. વળી (બંને) સૂર્યની પુત્રી હોવાથી અને લોકમાં (જૂદાં) પ્રસિદ્ધ નહિ હોવાથી, તેમનો સર્વ પ્રકારે ભેદ જણાવનારૂં ચિહ્ન નહિ હોવાથી, (કાલિન્દી) આધિદૈવિક હોવાની કલ્પના કરવામાં આવે છે.[1]

'પિતાએ બનાવેલા મકાનમાં' શબ્દોથી અહિં (યમુનામાં)જ રહેવાની જરૂરીઆત કહેલી છે. સૂર્યે યમુનાના જલમાં મકાન બંધાવી (તેમાં) ભગવાન માટે (મને) રાખેલી છે, તેથી અચ્યુતનું દર્શન થશે ત્યાં સુધી ત્યાં (એ મકાનમાં) રહીશ, પછી ભગવાનના ઘેર જઇશ; પરંતુ ભગવાનને અહિં રાખવાના નથી; અથવા અહિંજ રહેલીનો મારો સ્વીકાર કરવો એવું જરૂરી નથી. ૨૨.

એવી રીતે સંવાદથી તેનું સ્વરૂપ જાણીને, (અર્જુને તે ભગવાનને) બરાબર જ જણાવ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तथावदद्गुडाकेशो वासुदेवाय सोऽपि ताम् ॥
रथमारोप्य तद्विद्वान् धर्मराजमुपागमत् ॥२३॥

ગુડાકેશે (અર્જુને) વાસુદેવને તે પ્રમાણે કહ્યું તે જાણનાર તે પણ તેને રથમાં બેસાડી ધર્મરાજા પાસે ગયા ૨૩

તે (બરાબર જ જણાવવા)નું કારણ 'ગુડાકેશ' શબ્દથી કહેલું છે, કારણ કે (અર્જુન) ગુડાકાયાઃ ઘણો મોહ કરનારી નિદ્રાત્તે ઈશઃ વશ રાખનાર હતો. તે વૃત્તાંત બરાબર (જાણનારા, મોક્ષ આપનારા તે વાસુદેવ પણ તેવા તે આગ્રહની શ્રેષ્ઠતા દર્શાવતાં તેને રથમાં બેસાડી, પ્રમાણરૂપ અથવા ધર્મનો નિર્ણય કરનારા ધર્મરાજા પાસે ગયા. ૨૩.

એ પ્રમાણે સાધનશક્તિ પ્રાપ્ત થાય તે માટે તેનો સ્વીકાર કરી, પછી ભક્તો માટે વિશ્વકર્મા વિગેરેને આજ્ઞા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

यदैव कृष्णः संदिष्टः पार्थानां परमाद्भुतम् ॥
कारयामास नगरं विचित्रं विश्वकर्मणा ॥२४॥
भगवांस्तत्र निवसन्स्वानां प्रियं चिकीर्षयन् ॥
अग्नये खाण्डवं दातुमर्जुनस्यास सारथिः ॥२५॥

---

[1] આ વાક્યથી કાલિદીનુ આધિદૈવિક રૂપ સિદ્ધ કરે છે. (લે) વસ્તુતઃ કાલિન્દી યમુનાનુ, આધિદૈવિક સ્વરૂપ નથી, પણ તેવું શા માટે મનાય છે તે કહેલુ છે.

જ્યારે શ્રીકૃષ્ણને વિનતિ કરવામાં આવી ત્યારે તે ભગવાને ત્યાં રહેતાં, પાંડવો માટે ઘણું જ અદ્‌ભુત વિચિત્ર નગર વિશ્વકર્મા પાસે કરાવ્યું. ત્યાં રહેતાં પોતાના (ભક્તો)નું પ્રિય કરવાની ઇચ્છાવાળા ભગવાન અગ્નિને ખાંડવ આપવા માટે અર્જુનના સારથિ થયા. ૨૪-૨૫.

આ (નગર બનાવરાવવાનું) તેમને (ભગવાનને) જરૂરનું કાર્ય નહતું. જ્યારે પાંડવોએ* મનથી અથવા વાણીથી (વિનતિ કરી), અથવા (જ્યારે) તે માટે તેડાવીને, ત્યાં રહેલા ત્યારે પાંડવોએ વિનતિ કરી એટલે ભગવાને જે કરવું યોગ્ય હતું તેજ કાર્ય સોંપવાના નિયમ પ્રમાણે તેમને જણાવ્યું,‡ ત્યારે જ (ભગવાને) વિશ્વકર્મા પાસે ઘણું જ અદ્‌ભુત વિચિત્ર નગર કરાવ્યું. જો ભગવાન મનથી (નગર) રચે, તો તેમાં દોષ થાય નહિ, એટલે દુર્યોધન વિગેરેને અહંકાર વિગેરે ન થવાથી, તેમનું અપમાન ન થાય. તેથી (ભગવાને) વિશ્વકર્મા પાસે જ કરાવ્યું. વિશ્વકર્મા પણ ભગવાનને તેનો ઉપયોગ નથી એમ જાણે તો (તે) સારૂં ન કરે, તેથી ભગવાને ત્યાં રહેતાં (રહીને)જ કરાવ્યું, એમ (પચીસમા શ્લોકની પહેલી લીટીના) પહેલા અડધા ભાગનો બંને (શ્લોક) સાથે સંબંધ છે.

'ત્યારે (ભગવાનનું ત્યાં) રહેવાનું (તેમના પોતાના) સ્વાર્થ માટે પણ હશે' એવી શંકા થાય, તેથી 'પોતાનાં (ભક્તો)નું પ્રિય કરવાની ઇચ્છાવાળા' શબ્દો યોજેલ છે. માત્ર ઉત્તમ સ્થાન (નગર) અપાવ્યું એટલું જ નહિ, પરંતુ સાધનો પણ અપાવ્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. 'ત્યાં રહેતા ભગવાને' શબ્દોનો સંબંધ ચાલુ છે; તેમ ન હોય તો અગ્નિને પણ સંતોષ ન થાય. ભક્તોના હિત માટે ભગવાને અધીનપણાની સ્થિતિ પણ સ્વીકારી એમ કહેવા, 'અર્જુનના સારથિ થયા' એમ કહેલું છે. ૨૫.

'છૂપી રીતે પણ (અહિં) રહીને, અર્જુનના નામથી જ હું ઇંદ્ર વિગેરે ઉપર વિજય પ્રાપ્ત કરીશ' એવો ભગવાનનો નિશ્ચય જાણીને, અગ્નિ પણ અર્જુન ઉપર પ્રસન્ન થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

सोऽग्निस्तुष्टो धनुरदाद्धयान्श्वेतान् रथं नृप ॥
अर्जुनायाक्षयौ तूणौ वर्म चाभेद्यमस्त्रिभिः ॥२६॥

હે નૃપ! તે અગ્નિએ પ્રસન્ન થઇને અર્જુનને (૧) ધનુષ્ય (૨) ધોળા

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં '**पार्थः वाचा**' શબ્દો '**मनसा वा**' પહેલાં છે. '**पार्थः**' ને બદલે '**पार्थैः**' હોવું જોઇએ. 'ભગવાનના મનેજ ભગવાનને સૂચવ્યું' એવી મી. તેલીવાળાની નોટ બરાબર લાગતી નથી; કારણ કે '**पाण्डवैः संदिष्टः**' શબ્દો સ્પષ્ટ છે.

‡ '**ज्ञापितवान्**' ને બદલે '**ज्ञापितः**' હોવું જોઇએ. આવો શોધપાઠ હોવાનું રા. તેલીવાળા નોટમાં કહે છે.

ઘોડાઓ (૩) રથ (૪) (બાણ) ન ખૂટે તેવાં બે ભાથાઓ અને (૫) શસ્ત્રધારીઓથી ભેદી ન શકાય તેવું કવચ આપ્યાં. ૨૬.

અગ્નિના પાંચ અંગ છે, (તે) પાંચે આપ્યાં. 'ધનુષ્ય યજ્ઞમાંથી ઉત્પન્ન થયું છે અને બાણો યજ્ઞમાંથી જન્મેલા છે' એ શ્રુતિ પ્રમાણે (એ બે અગ્નિના અંગ છે). સાત્ત્વિક ધોળા ઘોડાઓ મથનથી ઉત્પન્ન થયેલા (હોવાથી) અગ્નિના (અંગ)જ છે. (બાણ) ન ખૂટે તેવાં બે ભાથાઓ પણ (બાણની) સાથે રહેનારા હોવાથી અગ્નિના (અંગ) છે. બધાએ શસ્ત્રધારીઓથી ભેદી ન શકાય તેવું કવચ બીજા* દેવતારૂપ હોવા છતાં, 'અગ્નિ સર્વ દેવતા છે' વાક્ય પ્રમાણે અગ્નિનું (અંગ)જ છે. ૨૬.

બીજું પણ (ભગવાને) અપાવ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

मयश्च मोचितो वह्नेः सभां सख्य उपाहरत् ॥
यस्यां दुर्योधनस्यासीज्जलस्थलदृशि भ्रमः ॥२७॥

વળી અગ્નિમાંથી મુક્ત કરેલા મયે મિત્રને સભા આપી જે (સભા)માં દુર્યોધનને જલ અને સ્થલ જોવામાં ભ્રમ થયો હતો. ૨૭.

અહિં બધી વધારાની કથાનું ભારતમાંથી અનુસંધાન કરવું. અગ્નિમાંથી મુક્ત કરેલા મયે મિત્રને સભા આપી. ભગવાને (તેને) મુક્ત કર્યો. ભગવાનને પોતે બનાવેલી વસ્તુ આપવી અયોગ્ય, અને ભગવાનને (પોતે) ઉપયોગી થઇ શકે નહિ. વળી સેવા કરવી જોઇએ, તેથી (ભગવાનને) પોતાને આપવાની શક્તિ વિનાનો હોવાથી, (તેમના) મિત્ર અર્જુનને આપી, અને મિત્રને આપેલું ભગવાન માન્ય કરે છે.

જો કે અર્જુન (ભગવાનનો) મિત્ર હતો, છતાં પણ તે(અર્જુન)ના સંબંધને લીધે રાજા (યુધિષ્ઠિર)ને અપાયું, તેથી તે (સભા)નો ઉપયોગ ઉત્તરાર્ધમાં કહેલો છે (તેમાં દુર્યોધનને) 'જલમાં જમીન (હોવા)નો ભ્રમ, અને જમીનમાં જલ (હોવા)નો ભ્રમ' એવો (ભ્રમ થયો). વસ્તુમાં ભ્રમ નહતો, પરંતુ જોવામાંજ ભ્રમ થએલો. ૨૭.

એવી રીતે ઐશ્વર્યરૂપ અથવા સ્વરૂપનાં જ્ઞાનરૂપ મુખ્ય શક્તિને પોતાની કર્યા વિના જેટલું કરવા યોગ્ય હતું તેટલું બધું કરીને, બીજા પ્રકારે (તેને પોતાની કર્યા વિના) સંપૂર્ણ રીતે બીજાઓ ઉપર ઉપકાર થઇ શકે નહિ તેથી, તેની સાથે વિવાહ કરવા ભગવાન દ્વારકા પધાર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

स तेन समनुज्ञातः सुहृद्भिश्चानुमोदितः ॥
आययौ द्वारकां भूयः सात्यकिप्रमुखैर्वृतः ॥२८॥

---

* 'अन्यदैवत्यम्' પાઠ દેવકીનંદન પ્રેસવાળી પ્રતનો લીધેલ છે.

તેણે તેનાથી લાભ પ્રાપ્ત કર્યો અને બંધુઓએ અનુમોદન આપેલા (ભગવાન) સાત્યકિ વિગેરેથી વીંટાએલા પાછા દ્વારકા પધાર્યા ૨૮

તેણે એટલે (ભગવાનના) મિત્ર અર્જુને તેનાથી એટલે મયથી સારી રીતે લાભ પ્રાપ્ત કર્યો, અથવા તેણે એટલે રાજા (યુધિષ્ઠિરે) તેનાથી એટલે અર્જુનથી સારી રીતે લાભ પ્રાપ્ત કર્યો. (ભગવાને) પોતાનું કાર્ય પાર પાડેલું છે એમ જાણીને બધાએ બંધુઓએ (તેમની ત્યાં) પધરામણી માટે અને (તેમણે કરેલાં) કાર્યને માટે અનુમોદન આપ્યું. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) દેવોએ પણ અનુમોદન આપ્યું. પોતે (ભગવાને) કરેલું (કાર્ય) સર્વે જાણ્યું એમ જણાવવા આ કહેલું છે. જેઓની સાથે (ભગવાન ઇન્દ્રપ્રસ્થ) પધારેલા તેઓની સાથે પાછા (દ્વારકા) પધાર્યા એમ (કહી), એવું સૂચવેલું છે કે (ભગવાનનાં) કૃત્યથીજ તેઓ (પાંડવો)ને કૃતાર્થ કરેલા, તેથી તે (સાત્યકિ વિગેરે)નો સાહાય્ય કરનાર તરીકે ઉપયોગ નહતો. તેઓને (ઇન્દ્રપ્રસ્થ) લાવવાનું અને (દ્વારકાં) લઇ જવાનું તો વિવાહનું પ્રામાણિકપણું જણાવનારાં છે. ૨૮.

તેથી સર્વનું અનુમોદન પામેલા તે (કાલિન્દી)ને (ભગવાન્) પરણ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

अथोपयेमे कालिन्दीं सुपुण्यर्त्वृक्ष ऊर्जिते ॥
वितन्वन् परमानन्दं स्वानां परममङ्गलः ॥२९॥

પછી પોતાના (ભક્તો)ના પરમ મંગલરૂપ (ભગવાન) ઋતુનાં ઘણાં પવિત્ર ઉત્તમ નક્ષત્રમાં પોતાના (ભક્તો)ને પરમ આનંદ પ્રાપ્ત કરાવતાં કાલિન્દીને પરણ્યા. ૨૯.

ઘણાં પવિત્ર (અને) ऊर्जिते સર્વ ગ્રહોને પ્રિય નક્ષત્રમાં (પરણ્યા). પવિત્ર નક્ષત્ર વૈદિક છે. ઉત્તમપણું એટલે જ્યોતિઃશાસ્ત્રમાં પંકાએલ હોવાપણું. 'પરમાનંદ પ્રાપ્ત કરાવત' શબ્દોથી સર્વનું, રૂક્મિણી વિગેરેનું પણ અનુમોદન કહેલું છે. વળી (ભગવાને) માત્ર વિવાહથી જ સુખ આપ્યું એમ નહિ, પરંતુ (તે) સ્વરૂપથી પણ પરમ મંગલરૂપ થયા, એટલે ઉત્તમ ફલ આપનારા થયા, એવો અર્થ છે. ૨૯.

નીચેના બે શ્લોકોથી બીજો વિવાહ કહે છે:—

विन्दानुविन्दावावन्त्यौ दुर्योधनवशानुगौ ॥
स्वयंवरे स्वभगिनीं कृष्णे सक्तां न्यषेधताम् ॥३०॥
राजाधिदेव्यास्तनयां मित्रविन्दां पितृष्वसुः ॥
प्रसह्य हृतवान्कृष्णो राजन् राज्ञां प्रपश्यताम् ॥३१॥

દુર્યોધનને અધીન (તેના) સેવક અવન્તીના વિંદ અને અનુવિંદે શ્રીકૃષ્ણમાં આસક્તિવાળી પોતાની બેન (ભગવાનની) ફોઇ રાજાધિ-

દેવીની પુત્રી મિત્રવિંદાને સ્વયંવરમાં (શ્રીકૃષ્ણને પસંદ કરતાં) અટકાવી. હે રાજન્! રાજાઓના દેખતાં શ્રીકૃષ્ણે બલથી તેનું હરણ કર્યું. ૩૦-૩૧.

આ બીજા પક્ષમાં[1] રહેલી હતી. તેઓનો પણ ઉદ્ધાર કરવા ભગવાન તેને સ્વીકારે છે. મિત્રવિંદા અવંતિ દેશમાં રહેતી હતી. ત્યાં જ (તેનો) સ્વયંવર થયો. ત્યાં દુર્યોધન વિગેરે પણ ગએલા, અને ભગવાન પણ (પધારેલા). પછી પોતે (પતિ) પસંદ કરવાના આરંભમાં ભગવાનને દૂરથી જોઇને (પોતાની) પાસે રહેલા બે ભાઇઓને તેણે કહ્યું કે મારે શ્રીકૃષ્ણને પસંદ કરવા છે, અને પછી તે બેએ તેની આસક્તિ જાણી. તેઓના વિચાર પ્રમાણે દુર્યોધન પસંદ કરવા યોગ્ય હતો, કારણ કે રૂક્મીની પેઠે તેઓ તેના જ અધીન અને (તેનાજ) સેવકો હતા. પોતાની બેન એક જ ઉદરમાંથી ઉત્પન્ન થએલી, (તેથી) બંને કોઇ પ્રતિબંધ કરી ન શક્યા,* (પણ) **न्यषेधताम्** ભગવાનની સામે ઉભી રહેલીને ત્યાંથી ખસેડીને દુર્યોધનની પાસે લઇ જવાની પ્રવૃત્તિ કરી એવો અર્થ છે. ૩૦.

પછી ભગવાને આ જાણીને તેઓને દૂર હડસેલીને રથના વેગથી ઉતાવળા આવીને 'તેનું હરણ કર્યું' એમ એકત્રીસમા શ્લોકમાં કહે છે. વસુદેવની બેન રાજાધિદેવીનું નવમા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે. તે (રાજાધિદેવીની પુત્રી) તો મામાની પુત્રીની પેઠે લોકના નિયમ પ્રમાણે (ભગવાનનો) ભાગજ હતી. તેથી (કન્યા) દાનની જરૂર નહતી, પરંતુ જો કન્યા બીજામાં આસક્તિવાળી હોય, તો તેને ગ્રહણ કરવી કે નહિ એવો વિચાર (કરવાનું) રહે. તે (રાજાધિદેવી) પણ **राजसु** રાજાઓમાં ઘણી **दीव्यति** શોભતી હતી, તેથી ભગવાનને જ (જમાઇ તરીકે) ધારતી હતી. કન્યા પણ **मित्राणि** મિત્રોને જ **विन्दति** પ્રાપ્ત કરનારી હતી, તેથી ન ઇચ્છેલું પ્રાપ્ત કરતી નહતી.

'ફોઈ' એ શબ્દથી એમ જણાવ્યું છે કે બંને કુલમાં તેનો (ભગવાન સાથે) વિવાહ પસંદ થયેલો હતો. 'બલથી' એટલે બે ભાઇઓ પાસેથી ખેંચી લઇને (ભગવાને તેનું હરણ કર્યું), કારણ કે શ્રીકૃષ્ણ સ્ત્રીઓનું હિત કરનારા છે. વળી બીજા રાજાઓ સાક્ષી થયા. તેથી આ વિવાહ સર્વની પસંદગીવાળો અને સર્વની સાક્ષીવાળો થયો, '(વિવાહ) પસંદ થએલો' એવી (પરિક્ષિતની) સંમતિ માટે તેવું ('હે રાજન્' એવું) સંબોધન કરેલું છે. ૩૧.

---

[1] 'બીજા પક્ષમાં' એટલે 'ભક્ત ન હતા તેવા દુર્યોધન વિગેરેના પક્ષમાં' (લે)

* **'न तत्रान्यं प्रतिबन्धं कर्तुं शक्तः'** પાઠ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં अन्यंને બદલે 'अन्यः' સુધારેલું છે. એ કરતાં 'शक्तः' ને બદલે शक्तौ સુધારવું વધારે યોગ્ય લાગવાથી તે પ્રમાણે પાઠ લઇ અર્થ કરેલ છે. આ ભાગમાં આવાં સ્ખલન જણાય છે, કારણ કે આ ભાગનું બહુ વાંચન થઇ સુધારાએલ જણાતો નથી.

નીચેના શ્લોકથી આરંભી ચોવીસ શ્લોકોથી ત્રીજા ભક્તિરૂપ વિવાહનું વર્ણન કરે છેઃ—

नग्नजिन्नाम कौरव्य आसीद्राजातिधार्मिकः ॥
तस्य सत्याभवत्कन्या देवी नाग्नजिती नृप ॥३२॥

હે કૌરવ્ય! નગ્નજિત્ નામે ઘણો ધાર્મિક રાજા હતો. હે રાજા! તેની સત્યા નામની કન્યા નાગ્નજિતી દેવતારૂપ હતી ૩૨.

જ્ઞાનમાં બધા[1] વિરોધ કરનારા હોય છે, ભક્તિમાં માત્ર પ્રકૃતિ જ (વિરોધ કરનારી) હોવાથી આ (ભક્તિ)માં વ્યસનોજ[1] વિઘ્ન કરનારા હોવાથી, (અને) એક (સ્વ)રૂપથી તેમને દૂર કરવાનું બની શકે તેમ નહિ હોવાથી, અહિં સાત પ્રકારની સાધનભક્તિનું નિરૂપણ કરેલું છે. તેમ ન હોય[2] તો ત્રણ (પ્રકારની ભક્તિ)થીજ (ભગવાનમાં) પ્રેમ પ્રાપ્ત થતાં પાદસેવન વિગેરે (ભક્તિના પ્રકારો) નકામા જ થાય (ગણાય). સખ્ય અને આત્મનિવેદન[3] ભગવાન પોતાના ધર્મોનું સ્થાપન કરવા કરે છે (આપે છે). તે કરીને ભગવાનની સમાન થઇને પછી મૂલ સહિત વ્યસનોને દૂર કરે છે એમ જણાવવા ભગવાન પોતે અહિં (આ વિવાહમાં) સાત રૂપો (ધારણ) કરશે.

વળી પાખંડ હોય ત્યાં આ ભક્તિ હોતી નથી. એમ જણાવવા, તેને નગ્નજિત્ રાજાની કન્યા તરીકે વર્ણવે છે. (૧) नग्नान् વેદ વિનાનાઓ ઉપર जयति જય પ્રાપ્ત કરે તે (નગ્નજિત્). તેથી જ તે પ્રસિદ્ધ હતો. તું (પરિક્ષિત્) પણ કૌરવ્ય છે એટલે કૌરવના વંશમાં ઉત્પન્ન થએલો હોવાથી (આ કથામાં) વિશ્વાસ કરીશ (રાખીશ). (૨) (નગ્નજિત્) 'ઘણો ધાર્મિક' હતો, એટલે તે સામા પક્ષવાળાઓ ઉપર જ સરસાઈ પ્રાપ્ત કરતો એટલું જ નહિ, પરંતુ શ્રૌત સ્માર્ત વિગેરે સર્વ ધર્મોમાં આસક્તિવાળો હતો. (૩) 'રાજા' હોવાથી સ્વરૂપથી પણ પ્રતાપી હતો. તેના ત્રણ ગુણો સારા હોવાથી તેનાથી 'નાગ્નજિતી' ઉત્પન્ન થઇ એમ ઉત્તરાર્ધથી કહે છે. (कौरव्य' ને સ્થાને) 'कौसल्य' પાઠ હોય, ત્યારે તે કોસલ દેશનો અધિપતિ એટલે અયોધ્યાનો રાજા હતો (એવો અર્થ થાય).

---

[1] 'બધા' એટલે 'પ્રપંચના બધાએ પદાર્થો' જ્ઞાનમાં વિરોધી છે. ભક્તિમાં તો પ્રકૃતિજ વિરોધ કરનારી છે, તેથી અહિં સાત વ્યસનરૂપ આખલાઓ વિઘ્ન કરનારા કહેલા છે, એવો અર્થ છે. ચોતરીસમા શ્લોક નીચેની કારિકામાં આ સાત વ્યસનો ગણાવેલા છે. (લે)

[2] 'તેમ ન હોય તો' એટલે 'સાત વ્યસનો વિઘ્ન કરનારાં ન હોય તો' એવો અર્થ છે. (લે)

[3] (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારની ભક્તિ કહેલી છે. પહેલી ત્રણથીજ ભગવાનમાં પ્રેમ થાય છે.) પહેલી સાતથી સાત વ્યસનો દૂર થતાં બાકીની બે ભગવાન પ્રાપ્ત કરાવે છે, એવો અર્થ છે. (લે)

‘સત્યા’ એવું (કન્યાનું) નામ હતું, કારણ કે સ્વરૂપથી ફલથી અને સાધનથી આ ભક્તિ સાચી છે. તેથી જ એમ જણાવેલું છે કે અધમ કર્મરહિત વેદથી વિરૂદ્ધ મતોમાં સાચી ભક્તિ હોતી નથી. આથી વિરૂદ્ધ (જણાવનારા) માત્ર પ્રશંસાના વાક્યોજ[1] છે. તેમ ન હોય[2] તો ભક્તિશાસ્ત્ર વ્યર્થ જ થાય (ગણાય). હજારો ભગવાનના અવયવો જેમનો પ્રભાવ અનુભવવામાં આવેલ હોય તેવાં રૂપો[3] કરાવે છે; તેથી શાસ્ત્રમાં ન કહેલી ભક્તિ ભક્તિ થતી (ગણાતી) નથી, એવો (અર્થ છે). ભગવાનનો સાક્ષાત્કાર (થયા) પહેલાંની જ આ વ્યવસ્થા છે.

વળી તે દૈવતારૂપ અલૌકિક કન્યા કોઇ પણ ભગવાનના અંશ (જીવ)નો સ્વીકાર કરીને રહેલી નહતી. અસાધારણ (તે કન્યા) મૂલરૂપ (ભગવાને)જ ગ્રહણ કરવા યોગ્ય હતી. જેનાથી ભક્તિ પ્રાપ્ત થાય છે તેજ વેદને અનુસરનારો હતો. એટલું જ નહિ, પરંતુ જ્યાં તે રહે તે પણ તેવું (વેદને અનુસરનાર) હોવું જોઇએ. એવા અભિપ્રાયથી ‘નાગ્નજીતી’ એવું (નામ) કહેલું છે, (અને) એમ પણ જણાવવા કહેલું છે કે ‘પિતાના મુખ્યપણાંવાળી કન્યા ધન્ય છે’ એ વાક્ય પ્રમાણે (તે) પિતાને અનુસરનારી હતી, માતાને અનુસરનારી નહતી. ‘હે નૃપ!’ એવું સંબોધન (પરિક્ષિત્ ઉપર) સ્નેહ જણાવવા, અને તેને આસક્તિ થતી નથી એમ જણાવવા કરેલું છે. ૩૨.

‘તે ભગવાનને માટે જ શા માટે રહેલી?’ એવી શંકા દૂર કરવા, તેને પ્રાપ્ત કરવામાં વ્યસનોના જેવાં વિઘ્ન કરનારા આખલાઓ હતા, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

न तां शेकुर्नृपा वोढुमजित्वा सप्त गोवृषान् ॥
तीक्ष्णशृङ्गान् सुदुर्मर्षान् वीरगन्धासहान् खलान् ॥३३॥

તીક્ષ્ણ શીંગડાવાળા, ઘણા ક્રોધી. વીરની ગંધ નહિ સહેનાર અધમ સાત ઉત્તમ આખલાઓને વશ નહિ કરીને (કરવાથી) રાજાઓ તેને પરણી શક્યા ન હતા. ૩૩.

કારણ કે રાજાઓ રાજસ હોય છે. તેથી જ તેને પરણવાં માટે (જેમને વશ કરવાના હતા તેવા) સાત ઉત્તમ આખલાઓ જેમનો વધ કરી ન શકાય

---

૪ અધમોમાં પણ ભક્તિ હોવાનું કહેવામાં આવે છે તે ભક્તિની એવી શ્રેષ્ઠતા જણાવવા કહેવામાં આવે છે કે અસત્ય ભક્તિ પણ ઉદ્ધાર કરવાની શક્તિવાળી છે, એવો અર્થ છે. (લે)

૫ અધમમાં પણ સત્ય ભક્તિ થતી હોય તો, ભક્તિમાં (ભક્તિ માટે) સદાચારની સૂચના આપવામાં આવે છે તે વ્યર્થ થાય. (લે)

૬ નીચ યોનિમાં જન્મેલાં રૂપો પણ ભક્તિના પ્રબલપણાને લીધે પ્રભાવ દેખાડે છે, પરંતુ તે ભક્તિ સત્ય એટલે સદાચારથી પ્રાપ્ત કરેલી હોતી નથી, એવો પહેલાંના વાક્ય સાથે અન્વય છે. (લે)

અને જેઓને રૂધિરનો સંબંધ કરાવવો (લોહી કાઢવું) પણ યોગ્ય નહિ, તેઓને પોતાની મેળે વશ નહિ કરવાથી, તેને પરણી શક્યા નહતા. સાત (રાજાઓ) ભેગા થઇને (તેમને) વશ કરે, તો તે (સત્યા) સાતની થાય તેથી, વૈદિક મત પ્રમાણે તે (તેવો વિવાહ) કરવાની મના હોવાથી, 'તેથી એક પત્ની બે પતિ પ્રાપ્ત ન કરે' એ શ્રુતિ પ્રમાણે નગ્નજીતે (સાત રાજા મળી વશ કરવાનું પણ) કરેલ નહતું, વાર્ક્ષી* દ્રૌપદી વિગેરેના પ્રસંગોમાં તો 'તે દશ પ્રાણો છે, અને આ ઇંદ્રો છે, અથવા પાંચ મુખવાળા મહાદેવ છે' એ વાક્ય પ્રમાણે પ્રલયની પહેલાં કાલને લીધે અથવા પુષ્ટિને લીધે એ પ્રમાણે (વધારે પતિઓને પરણવાનું) થતું, તેથી મર્યાદા (માર્ગ)માં એવું કરવું યોગ્ય નથી. તેથી ભક્તિ ભગવાને જ પ્રાપ્ત કરવી યોગ્ય છે અને જ્ઞાનથી ભગવત્પણું (પ્રાપ્ત થાય છે),[1] તેથી પૂર્ણ જ્ઞાનવાળા જ ભગવાનના ભક્તો થાય છે.

તે આખલાઓ વશ કરી શકાય તેવા નહતા એમ જણાવવા ઉત્તરાર્ધથી તેઓનું વર્ણન કરે છે. 'તીક્ષ્ણ શીંઘડાવાળા' વિશેષણથી (તેઓનું) શરીરને લીધે દુષ્ટપણું અને વશ કરી ન શકાય તેવા હોવાપણું કહેલ છે. 'ઘણા ક્રોધી' એટલે દુષ્ટ હતો **મર્ષઃ** ક્રોધ જેઓનો, એ વિશેષણથી (તેઓનો) સ્વભાવનો દોષ અથવા અંતઃકરણનો દોષ કહ્યો. 'વીરની ગંધ પણ સહન કરતા નહતા તેવા' એ વિશેષણથી ઇંદ્રિયના દોષો કહેલા છે. 'અધમ' વિશેષણથી જીવનો કુદરતી દોષ કહેલો છે, કે તે જીવો આસુરી હતા. તેથી ચાર દોષોને લીધે વશ કરી શકાય તેવા ન હતા. ૩૩.

તેથી સર્વ (તેમને વશ કર્યા વિના) પાછા ફરતાં, ભગવાને (તેમને વશ કરવાની) પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

तां श्रुत्वा वृषजिल्लभ्यां भगवान् सात्त्वतां पतिः ॥
जगाम कौसल्यपुरं सैन्येन महता वृतः ॥३४॥

આખલાઓને વશ કરનારને તે પ્રાપ્ત થવાની છે એમ સાંભળીને પતિ ભગવાન મોટા સૈન્યથી વીંટાએલા થઈ કૌસલ્યપુર પધાર્યા, ૩૪.

કારણ કે જે વ્યસનોને દૂર કરનાર હશે, તેજ પતિ થશે, એવું લોકમાં પરિણામ આવશે.

क्षुत्पिपासे तथा रोगाः कर्माणि द्विविधानि च ॥११॥
लोकोपद्रवरूपाणि चत्वार्यावश्यकानि हि ॥
द्यूतं पानं स्त्रियश्चेति त्रीण्यनावश्यकानि हि ॥१२॥

---

* દશ પ્રચેતસની પત્ની અને પ્રાચેતસ દક્ષની મા. તે વૃક્ષની કન્યા હતી. મહાભારતના આદિપર્વના અધ્યાય ૨૧૧-૨૧૫ જૂઓ.

[1] જ્ઞાનથી ભગવત્પણું પ્રાપ્ત થતાં, તેમાં રહેલી ભક્તિ પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે. (લે)

(૧) ભૂખ અને ૨) તરસ (૩) રોગો. અને (૪) બે પ્રકારનાં[1] કર્મો (એ) લોકોને પીડારૂપ જરૂરી ચાર. અને (૫) દ્યૂત (૬) મદિરાપાન અને (૭) સ્ત્રીઓ એ ત્રણ (લોકોને) જરૂરી નહિ તેવાં (વ્યસનો છે), કા. ૧૧

मृगयादिर्न सर्वेषां तस्मान्न व्यसनानि हि ॥

મૃગયા વિગેરે સર્વનાં* (વ્યસન) નથી, તેથી તે વ્યસનો નથી. કા. ૧૨½

विशेषेणासनं यत्र व्यसनं तत्प्रकीर्तितम् ॥१३॥
ज्ञातेऽपि दोषे यस्यास्ति न निवृत्तिस्तदेव तत् ॥

જેની અંદર **विशेषेण** ખાસ કરીને **असनं** ફેંકાવાનું (નીચા પડવાનું) છે, તેને વ્યસન કહેલું છે. (જેને) દોષ તરીકે જાણવામાં આવેલ હોવા છતાં જેથી દૂર રહેવાતું નથી તેજ તે (વ્યસન) છે કા. ૧૩½.

ભગવાન જ તે (વ્યસનો)ને દૂર કરવા શક્તિવાળા હોવાથી, માત્ર આખલાઓને વશ કરનારને તે પ્રાપ્ત થવાની છે એમ સાંભળીને, **सात्त्वतां** ભક્તોના પતિ સમર્થ ભગવાન પોતે પધાર્યા, કારણ કે તેમ ન કરે તો ભક્તોનો ઉદ્ધાર ન થાય. **कौसल्याः** કોસલ દેશના રાજાઓ, તેઓની પુરી અયોધ્યા (પધાર્યા). સરસાઇની ઇચ્છા રાખનાર (કોસલ દેશના) રાજાને સંતોષ થાય તે માટે 'મોટા સૈન્યથી વીંટાએલાં થઇ' (પધાર્યા). 'અયોધ્યા દેવોની પુરી છે' વિગેરે શ્રુતિમાં, (તે) નગરીને પણ દૈત્યોને દૂર રાખનારી કહેલી છે. ૩૪.

પછી (રાજાએ) તેમનું (ભગવાનનું) સ્વાગત કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स कौसलपतिः प्रीतः प्रत्युत्थानासनादिभिः ॥
अर्हणेनापि गुरुणा पूजयन्प्रत्यनन्दत ॥३५॥

તે કોસલના રાજાએ પ્રસન્ન થઈને (આસન ઉપરથી) ઉભા થઇ, આસન આપી વિગેરે (પ્રકારથી) કિંમતી પૂજાના દ્રવ્યોથી પણ પૂજા કરતાં (તેમનું) સ્વાગત કર્યું. ૩૫

જો મોટા (પુરુષ)ને આવકાર આપવામાં ન આવે તો બલને લીધે જે ઇચ્છેલા ન હોય તેવાના સંબંધવાળી થએલી (કન્યા) મળતાવડી ન રહે તેથી રાજાએ કરેલા આવકારનું વર્ણન કરવામાં આવે છે. તે લૌકિક નિયમ પ્રમાણે (આવકાર) કરતો હશે એવી શંકા 'પ્રસન્ન થઇને' વિશેષણ દૂર કરે છે. (આસન ઉપરથી) ઉભા થવું અને આસન (આપવું) જેના આરંભમાં થએલા છે (તેવા

---

[1] સોનાની ચોરી વિગેરે શાસ્ત્રમાં મના કરેલાં અને કામનાથી કરવામાં આવતાં, એવા બે પ્રકારના કર્મો. (લે)

* ક્ષત્રિયોને આ વ્યસન નથી, તેથી તે સર્વનું વ્યસન નહિ હોવાથી ગણેલ નથી, એવો અર્થ જણાય છે.

પ્રકારથી આવકાર આપ્યો). પોતે બેઠો નહિ* (ઉભો રહ્યો). તેણે 'કિંમતી પૂજાના દ્રવ્યોથી ' એટલે અમૂલ્ય દ્રવ્યોથી પૂજા કરી, કારણ કે એમ કરનારને કન્યાનું દાન (કરવું) ઇચ્છેલું હોય છે. પછી 'સ્વાગત કર્યું ' એટલે ભલે પધાર્યા એવો આવકાર આપ્યો; કારણ કે કોઇ સમયે (કદાચ) ભગવાન કૃપા કરે તો કન્યા કૃતાર્થ થાય. આથી એમ કહેલું છે કે આખલાઓને (ભગવાને હજી) જીત્યા ન હતા છતાં પણ રાજાને (કદાચ આ જીતશે એવો) સંદેહ થયો. ૩૫.

કન્યા અને તેની માતા વિગેરે બીજાઓ તો (ભગવાને) પ્રતિજ્ઞા પૂરી કરેલી ન હોવા છતાં પણ (તે પૂરી કરશે એ વિષયમાં) સંદેહ વિનાના જ હતા એમ નીચેના શ્લોકમાં કહે છે:—

वरं विलोक्याभिमतं समागतं नरेन्द्रकन्या चकमे रमापतिम् ॥
भूयादयं मे पतिराशिषोऽमलाः करोतु सत्या यदि मे धृता व्रतैः ॥३६॥

ઇચ્છેલા રમાપતિ વરને પધારેલા જોઇને રાજાની કન્યાએ કામના કરી. 'આ મારા પતિ થાઓ. જો વ્રતોથી (મેં) ધારણ કરેલ હોય તો મારી પવિત્ર આશાઓ સત્ય કરો.' ૩૬

કન્યાએ જે વરવા યોગ્ય હતા (અને) બધાએ પણ (કન્યાના પતિ તરીકે) વરવા યોગ્ય હતા તે આ (ભગવાન) પોતે વરવા પધાર્યા, અને તે પણ પોતે ઇચ્છેલા (વર પધાર્યા). 'રાજાની કન્યા' પોતે પણ ચતુર હતી; અને ભગવાનને વરણ કરવાનો માર્ગ ચાલતો આવેલો‡ છે એમ જણાવવા 'રમાપતિ' વિશેષણ યોજેલું છે.

(ભગવાનને) જોઇને, 'આ મારા પતિ થાઓ ' શબ્દોથી (તેમનાં) દર્શનનાં ફલ માટે પ્રાર્થના કરે છે.

'ધર્મ વિગેરેનું ભગવાન વિષે સામર્થ્ય નહિ હોવાથી ભગવાન કેમ (તારા) પતિ થશે ?' એવી શંકા થાય, તેથી 'પવિત્ર આશાઓ સત્ય કરો' એમ કહેલું છે. આ ભગવાનજ આ સર્વ પ્રાપ્ત કરાવો. (તે) પોતેજ પોતાના વિષે શક્તિવાળા છે.

---

* તેલીવાળાવાળી પ્રતમાં '**स्वयमुपविष्टः**' પાઠ છે. દેવકીનંદન પ્રેસવાળી પ્રતમાં '**स्वयमनुपविष्टः**' પાઠ છે. તેથી **स्वयमनुपविष्टः**' સાચો પાઠ હોવો જોઇએ એમ માની તે પ્રમાણે અર્થ કરેલ છે..

‡ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં , **प्रहृतश्च** ' પાઠ છે. તે પ્રમાણે અર્થ કરેલ છે. તેનો જ આવો અર્થ થતો હોવાથી મા. તેલીવાળાએ **अप्रहृतश्च** ' પાઠ સૂચવી પસિદ્ધ કરેલ છે તે લીધો નથી. રમાએ પણ ભગવાનનું વરણ કરેલું (જૂઓ ૮. ૮. ૨૩) તેથી એ માર્ગ ચાલતો આવેલો છે.

'આ (ભગવાન) ફલરુપ છે તે તારા માટે શા કારણે સાધન બને?' એવી શંકા થાય, તેથી 'જો વ્રતોથી મેં ધારણ કરેલ હોય' શબ્દો યોજેલા છે. વ્રતો એટલે જેમનાથી ભગવાન વશ થાય તેવા ભગવાન સંબંધી નિયમો, તેવા (નિયમો)થી (મેં ભગવાનને) ધારણ કરેલા હોય તો તે મને અધીન હોવાથી મારી પવિત્ર આશાઓ સત્ય કરો. આથી એમ સૂચવેલું છે કે લોકની માન્યતા પ્રમાણે (ભગવાને) ગોપીઓને વિષે બીજા પ્રકારની (અપવિત્ર) આશાઓ પણ સત્ય કરેલી છે. તેથી મારા વિષે તો કાંઇ સંદેહજ નથી, એવો ભાવ છે. આથી એમ જણાવ્યું કે બધી (સ્ત્રીઓ)એ ભગવાનને (કન્યાના વર તરીકે) ઇચ્છેલા હતા, તેમ ન હોત તો વ્રત કરવામાં જ (તેઓ) વિરોધ કરત. ૩૬.

હવે જે શ્લોક આવે છે તે કન્યાની જ પ્રાર્થનારૂપ છે એમ કેટલાક કહે છે. કેટલાક તો (એ શ્લોક) રાજાની (પ્રાર્થનારૂપ છે) એમ માની તેનો (તેની પછીના શ્લોકની) પછી પાઠ કરે છે. તે પ્રસંગમાં (ભગવાન) કન્યા ઉપર જ કૃપા (કરે તે) યોગ્ય છે. તેથી અહિં જ તેનું વ્યાખ્યાન કરવામાં આવે છે. પહેલાં પોતાનાં વ્રત ઉપરના વિશ્વાસને લીધે ભગવાન (પોતાની આશાઓ સત્ય) કરશે એમ કહીને, ઈશ્વરને વશ રાખનાર કોણ હોય? (કોઇ ન હોય), તેથી નીચેના શ્લોકમાં તેમને પ્રસન્ન કરવાની ઇચ્છા પ્રકટ કરતી (તેમની) કૃપા માટે જ પ્રાર્થના કરે છે:—

यत्पादपङ्कजरजः शिरसा बिभर्ति श्रीरब्जजः सगिरिशः सहलोकपालैः ॥
लीलातनूः स्वकृतसेतुपरीप्सयासौ काले दधत् स भगवान् मम केन तुष्येत् ॥३७॥

જેમનાં ચરણકમલની રજ લક્ષ્મીજી અને મહાદેવ સહિત અને લોકપાલો સહિત બ્રહ્મા માથા ઉપર ધારણ કરે છે તે પોતે બનાવેલી મર્યાદાનું પાલન કરવાની ઇચ્છાથી સમયે (સમયે) લીલા માટે શરીરો ધારણ કરનાર આ ભગવાન શાથી મારા ઉપર પ્રસન્ન થાય? ૩૭.

કારણ કે ભગવાન પ્રસન્ન થાય ત્યારે જ ભગવાનની પ્રાપ્તિ થાય, અને તેવી જ કામના કરવામાં આવે છે. તે (ભગવાન પ્રસન્ન થાય તે) ઘણું દુર્લભ છે, કારણ* કે બધા તેમની રજની જ કામના કરે છે, એમ 'જેમનાં ચરણકમલની રજ લક્ષ્મીજી માથા ઉપર ધારણ કરે છે' શબ્દોથી કહે છે. **अब्जः** એટલે બ્રહ્મા. **गिरिशः** એટલે મહાદેવ. તેમની સાથે અને લોકપાલોની સાથે (બ્રહ્મા રજ માથા ઉપર ધારણ કરે છે), કારણ કે રજથી ભગવદીય શરીર (પ્રાપ્ત) થાય છે એમ પહેલાં કહેલું છે. તે સમયે (ભગવદીય શરીર થાય ત્યારે) સંદેહ વિના ભગવાન પ્રાપ્ત થાય છે, અથવા સ્વતંત્ર ભક્તિ (પ્રાપ્ત) થાય છે. આ દેહનો વિયોગ થાય ત્યારે

---

* દેવકીનંદન પ્રેસવાળી પ્રતનો '**यत्**' પાઠ લીધેલ છે. ગો. તેલીવાળાવાળી પ્રતમાં '**यत्र**' પાઠ છે.

(નવા) દેહનો આરંભ કરનારા (રજકણો) પહેલાં તેની (ભગવાનનાં ચરણની રજની)જ સાથે સંબંધમાં આવે એવા હેતુથી તે (રજ)ને પણ માથા ઉપર ધારણ કરે છે. ભગવાનના અવતારો થાય ત્યારે લક્ષ્મીજીને પણ અવતાર (લેવા)ની જરૂર હોવાથી, જેમ કરવાથી બધાએ દેહોને ભગવાનનો સંબંધ થાય તે પ્રયોજનથી લક્ષ્મીજીને પણ (રજની) તપાસમાં જ રહેવું પડે છે. બ્રહ્મા વિગેરે પણ પોતાનો અધિકાર પૂરો થયા પછી ફરી અધિકારથી દૂર રહેવાય તે માટે, જે પ્રકારે તેમ (ભગવાનનો સંબંધ) થાય તેવા પ્રયોજનથી (રજને) ધારણ કરે છે.

'અત્યારથી (શ્રીકૃષ્ણાવતારથી) પહેલાના તેઓ, (શ્રીકૃષ્ણના ચરણકમલની રજ) કેવી રીતે ધારણ કરે?' એવી શંકા થાય, તેથી 'સમયે સમયે લીલા માટે શરીરો (ધારણ કરનાર)' શબ્દ યોજેલ છે. જે ભગવાન પોતે બનાવેલી ધર્મની મર્યાદાઓનું પરીપ્સયા રક્ષણ કરવાની ઇચ્છાથી લીલા માટે શરીરો ધારણ કરનારા થાય છે, અને તેથી ચરણની રજના સંબંધની પ્રાર્થના યોગ્ય છે એવો ભાવ છે. એવી રીતે બધાએ પ્રાર્થના કરવા યોગ્ય આ (શ્રીકૃષ્ણ)જ છે એમ 'આ' શબ્દથી કહે છે. તે પાસે પ્રકાશે છે તેથી, (અને તેમની) કૃપા પ્રાપ્ત થાય ત્યારે જ આ કાર્ય સિદ્ધ થાય તેવું હોવાથી સાધન (કરવા)નો વિલંબ સહન થઈ શકે તેમ નથી એવો [તે ('આ' શબ્દ)નો અર્થ છે]. અથવા કયા ઉપાયથી તે પ્રસન્ન થાય, (મારે) જઇને તેમના ચરણોમાં પડી (કૃપા માટે) પ્રાર્થના કરવી જોઇએ અથવા કોઇ બીજો ઉપાય છે? એવી (ઉપાય) જાણવાની ઇચ્છા (જણાવે છે). (શ્રીકૃષ્ણ) ભગવાન હોવાથી જ (તેમને) દાન (કરાય), વિગેરે મતનું ખંડન થાય છે. ૩૭.

'(આપણે) નહિ વિચારેલો (ઉપાય) પણ (ભગવાન) શોધી કાઢશે' એવા વિચારથી (કન્યાનો આવો) મનોરથ (થયો). તેથી જ ભગવાને તે ઉપાય શોધી કાઢ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:—

अर्चितं पुनरित्याह नारायण जगत्पते ॥
आत्मानन्देन पूर्णस्य करवाणि किमल्पकः ॥३८॥

ફરી પૂજા કરેલા (ભગવાન)ને (રાજાએ) એમ કહ્યું કે:—'હે નારાયણ! હે જગતના પતિ! સ્વરૂપરૂપ આનંદથી પૂર્ણ (આપ) નું (હું) હલકું (પ્રાણી) શું (કાર્ય) કરૂં?' ૩૮

ફરીથી પૂજા કરીને ભગવાનની પ્રેરણાને લીધે રાજાએ પોતે જ કાંઇક પ્રાર્થના કરી. 'એમ' એટલે જે પ્રકારે કન્યાનો મનોરથ ફળે તેવા (નીચે) કહેલા પ્રકારનું. અંદર અને બહારથી પૂર્ણ, (સર્વને) વશ રાખનારને શું કહેવું (અને તેમનું) શું (કાર્ય) કરવું એવા અભિપ્રાયથી (ઉત્તરાર્ધ) કહેલ છે.

'નારાયણ' એટલે પ્રેરણા કરનાર. 'જગતના પતિ' એટલે બહારથી વશ રાખનાર. (આપ છો). તેથી જેમ આપ ઇચ્છો છો તેમજ (કાર્ય) કરાવો છો. તેથી (આપને) કાંઇ કહેવું યોગ્ય નથી.

વળી અપૂર્ણ હોય તેને કોઇક ક્રિયાથી પૂર્ણ બનાવે. આ (ભગવાન) તો પૂર્ણ આનંદથી જ પૂર્ણ છે. (તેમનુ) સ્વરૂપ જ આનંદ છે.

સર્વ સ્થલે રહેલ હોવાથી આંછાપણું હોય, તેથી 'પૂર્ણ' શબ્દથી ભરપૂરપણું (ઘટપણું) જણાવનાર પૂર્ણપણું કહેલું છે. તેમાં પણ હું આનંદ વિનાનો હોવાથી अल्पकः ઘણો હલકો દુષ્ટ અથવા હલકો છું. (તે આપ આનંદથી પૂર્ણનું શું કાર્ય કરી શકું?) ૩૮.

(કાર્યનો) આરંભ થાય તે માટે જ ભગવાને તેને (એવી) પ્રેરણા કરી કે (કન્યા) માગવામાં આવે તો પણ તે ના પાડી શકે નહિ. પછી અવસર પ્રાપ્ત કરીને ભક્તોનું હિત કરનાર ભગવાને તેની પાસે માગણી કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:–

तमाह भगवान् कृष्णः* कृतासनपरिग्रहः ॥
मेघगम्भीरया वाचा सस्मितं कुरुनन्दन ॥३९॥

હે કુરૂના સંતાન! આસન ગ્રહણ કરેલા ભગવાન શ્રીકૃષ્ણે મેઘના જેવી ગંભીર વાણીથી હસતાં હસતાં તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૯.

'ભગવાન' એટલે સર્વ (કરવા) શક્તિવાળા પૂર્ણ. પૂર્ણ માગણી કરે તે નિંદિત નથી; કારણ કે તે સામો ઉપકાર કરે એવું સંભવે છે. 'શ્રીકૃષ્ણ' એટલે સ્ત્રીઓનું કલ્યાણ કરનારા. 'આસન ગ્રહણ કરેલા' એટલે જ્યારે તેનું આસન ગ્રહણ કર્યું ત્યારે બીજું (કન્યા) પણ ગ્રહણ કરવું યોગ્ય છે એવા વિચારથી શાંત. કારણ કે ભોજન કરવા બેઠેલ હોય, તે ધરાતાં સુધી ઉઠતા નથી, તેમજ તે સમયે માગવાથી દોષ થતો નથી.

(ભગવાન) તેના બધાએ દુઃખનો નાશ કરે છે એમ જણાવવા 'મેઘ જેવી ગંભીર (વાણી)થી' શબ્દ યોજેલ છે. 'હસતાં હસતાં' એટલે કાંઇક મોહ ઉત્પન્ન કરતાં, જેટલું (કરવા)થી તે કન્યા જ આપે પણ પોતાને ન આપે (આત્મસમર્પણ ન કરે). (કારણ કે) તેમ કરે તો કન્યા ગ્રહણ કરવા યોગ્ય ન રહે. ('હે કુરૂના સંતાન!' એ) સંબોધન (રાજાને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). ૩૯.

---

* 'हृष्टः' પાઠ છે. 'પ્રસન્ન થએલા' એવો તેનો અર્થ છે. શ્રી સુબોધિનીમાં 'कृष्णः' પાઠ લીધેલ હોવાથી તેવો પાઠ લીધો છે.

નીચેના શ્લોકમાં ભગવાન માગવામાં (રહેલ) દોષ દૂર કરતાં, માગણી કરેછેઃ—

नरेन्द्र याञ्चा कविभिर्विगर्हिता राजन्यबन्धोर्निजधर्मवर्तिनः ।
तथापि याचे तव सौहृदेच्छया कन्यां त्वदीयां न हि शुल्कदा वयम् ॥४०॥

હે નરેન્દ્ર ! પોતાના ધર્મ પ્રમાણે ચાલનારા ક્ષત્રિયબંધુની ભિક્ષાવૃત્તિ કવિઓએ નિંદેલી છે, છતાં પણ તારી મૈત્રીની ઇચ્છાથી તારી કન્યાની હું માગણી કરૂં છું, કારણ કે અમે કન્યાનું મૂલ્ય આપનારા નથી ૪૦

સ્ત્રીઓનું હિત કરવા અવતરેલાએ હરકોઇ પ્રકારે પણ તેમનું હિત સાધવું જોઇએ, તેથી (માગવામાં પણ) મને દોષ નથી. છતાં પણ ક્ષત્રિયનો વેષ ભજવનારે તે (ક્ષત્રિયપણાં) થી વિરૂદ્ધ કરવું જોઇએ નહિ, તેથી તેવા અર્થવાળો સામાન્ય નિયમ 'ક્ષત્રિય બંધુની ભિક્ષાવૃત્તિ કવિઓએ નિંદેલી છે' શબ્દોથી કહે છે. તે (ભિક્ષાવૃત્તિ) બ્રાહ્મણોનોજ ધંધો છે, 'હે નરેંદ્ર!' એ સંબોધનથી (આ વિષયમાં) (નગ્નજીતની) સંમતિ દર્શાવેલી છે એમ સૂચવેલું છે કે યજ્ઞ* વિગેરેનો વિચાર કરતાં યજ્ઞ વિગેરેમાં ઇન્દ્રની પ્રાર્થના કરવામાં આવે છે, તેથી (ભગવાન) નરનો વેષ ભજવે છે ત્યારે (નરના ઇન્દ્ર નરેન્દ્રની) પ્રાર્થના નિંદાએલી નથી. આણે (નગ્નજીતે) સ્તુતિ† પણ કરેલી છે.

'કવિઓએ' એટલે ચતુર પુરૂષોએ; કારણ કે તેઓ એમ માને છે કે ભગવાને ક્ષત્રિયોને વીર્ય એવા હેતુથી આપેલું છે કે જે કાંઇ (તેઓને) જોઇતું હોય તે (તેઓએ) વીર્યથીજ પ્રાપ્ત કરવું. આથી એમ સૂચવેલું છે કે (તું કન્યા) નહિ આપ તો બલથી પણ હું લઇ જઇશ.

દુઃખના પ્રસંગોમાં માગવાથી (ક્ષત્રિયોને) દોષ થતો નથી, તેથી 'પોતાના ધર્મ પ્રમાણે ચાલનારા' વિશેષણ યોજેલું છે. પોતાનો ધર્મ એટલે વીર્ય. (કન્યા ઉપર) પ્રેમ ઉત્પન્ન થયો હોય તો પ્રેમનેજ અટકાવવો જોઇએ, અથવા ન અટકે તો પોતાનો ધર્મ‡ આચરવો જોઇએ, તેથી (૧) મરણ અથવા (૨) (કન્યાની) પ્રાપ્તિ થાય છે. મરણ થાય તો પણ પરલોકમાં (કન્યા) પ્રાપ્ત કરે છે. તેથી વીર્યજ આચરવું જોઇએ. છતાં પણ હું માગણી કરૂં છું એમ શ્લોકના ત્રીજા ચરણથી કહે છે. એમ કરવાનું પ્રયોજન 'મૈત્રીની ઇચ્છાથી' શબ્દથી કહેલું છે. જેમ તારી કન્યાને હું ઇચ્છું છું તેમ (તારી) મૈત્રીને પણ (ઇચ્છું છું) પછી

---

* '**याग**' પાઠ લીધેલ છે. લેખકારે '**योग**' પાઠ લીધેલ છે. 'યોગ' એટલે વ્યુત્પત્તિ. 'નરેન્દ્ર' શબ્દની વ્યુત્પત્તિનો વિચાર કરતાં, એવો અર્થ થાય.

† પાછલ શ્લોક ૩૮ માં.

‡ ક્ષત્રિયોનો ધર્મ વીર્ય આચરવો, એટલે યુદ્ધ કરી કન્યાનું હરણ કરવું.

વીર્ય આચરવાથી (કન્યા અને મૈત્રી) બે પ્રાપ્ત થતાં નથી. ઈશ્વર હોવાથી કપટથી જય પ્રાપ્ત કરે તે જય નથી (ન ગણાય), એમ કદાચ (ભગવાનથી આખલાઓ) વશ કરવામાં આવે તો પણ (નગ્નજીત) ગણકારે નહિ એવા અભિપ્રાયથી માગણી (કરેલી છે), અને (નગ્નજીતના) ધર્મની પરીક્ષા થાય તે માટે વચન કહેલ છે.

કન્યા આપવાની જ હોવાથી, (તેને આપવામાં) બહુ દુઃખ નથી. 'માગણી કરનાર પૂર્ણ (હોવાથી) બદલો આપશે' એવી શંકા થાય, તેથી ચોથું ચરણ યોજેલું છે, કારણ કે મૂલ્ય આપવામાં આવે તો (તે) દાસી થાય છે. તેમાં પણ અમે (ભગવાન) ઉત્તમ કિંમત તરીકે વીર્ય જ આપીએ છીએ. (રાજાઓ કન્યાની માગણી કરનારને) વિદ્વાન બ્રાહ્મણ માનીને કદાચ કન્યાનું મૂલ્ય માગે, કારણ કે 'કન્યાનું (મૂલ્ય આપો), અમે કુશિક છીએ'* એમ નવમા સ્કંધમાં તે પ્રમાણે કહેલું છે, (તેથી આ ચોથું ચરણ કહેલું છે). ૪૦.

(ભગવાને) માગણી કરી તે પહેલાં રાજા તો (કન્યા આમને) આપવી જોઇએ એમ વિચારીને, 'હું પ્રતિજ્ઞા પૂરી કરીશ, અને ભગવાન પાસે કષ્ટ થાય તેવું (કાર્ય) કરાવવું જોઇએ નહિ' એવા અભિપ્રાયથી શાંત રહેલો. '(કન્યા ઉપર) પ્રેમ હોય તો કષ્ટ થાય તેવું (કાર્ય) પણ કરે, નહિ તો ન (કરે),' એવા પ્રયોજનથી હમણાં (ભગવાનનો કન્યા ઉપરનો) પ્રેમ જાણીને નીચેના શ્લોકથી આરંભી (ચાર શ્લોકોથી) આખલાઓને નાથવા પ્રાર્થના કરે છેઃ—

॥ **राजोवाच** ॥ રાજા કહે છેઃ–

कोऽन्यस्तेऽभ्यधिको नाथ कन्यावर इहेप्सितः ॥
गुणैकधाम्नो यस्याङ्गे श्रीर्वसत्यनपायिनी ॥४१॥

હે નાથ! ગુણોના એક જ ધામરૂપ આપ જેમના અંગમાં લક્ષ્મી નિરંતર વસે છે તેમનાથી અધિક બીજો કોણ કન્યાનો વર અમે અહિં ઇચ્છેલો હોય? ૪૧.

(કન્યાનું) દાન કરવામાં આપનાથીએ અધિક કોઇ પણ (દાન કરવા) યોગ્ય નથી, અને કન્યાએ બીજો વર ઇચ્છેલો નથી. તેથી જાણી શકાય તેવી બધીએ સંપત્તિ (કન્યાના પતિ થવાની યોગ્યતા) આપમાં સિદ્ધ થએલી છે. વળી બધી સ્ત્રીઓ આપની જ છે, કારણ કે ગુણોનું એક જ ધામ આપ જ છો. અનન્ત નિત્ય ગુણો આપમાં જ રહેલા છે. તેથી જ લક્ષ્મી નિરંતર આપની અંદર (પાસે) રહે છે, કારણ કે જ્યાં લક્ષ્મી હોય ત્યાં સર્વ હોય છે. 'વસે છે' શબ્દથી (એમ કહેલું છે કે) બીજે (લક્ષ્મી) માત્ર ભ્રમણ કરે છે. ૪૧.

---

* ઋચિક ઋષિએ ગાધિ રાજા પાસે તેની કન્યા સત્યવતી માગતાં ગાધિ રાજાએ આ પ્રમાણે કહેલું છે. જુઓ ૯–૧૫–૬.

પરંતુ અમારા ધર્મનું પણ (અમારે) પાલન કરવું જોઇએ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

किन्त्वस्माभिः कृतः पूर्वं समयः सात्त्वतर्षभ ॥
पुंसां वीर्यपरीक्षार्थं कन्यावरपरीक्षया ॥४२॥

પરંતુ હે ઉત્તમ યાદવ! કન્યાના વરની કસોટી (કરવા)ના હેતુથી પુરૂષોના વીર્યની પરીક્ષા કરવા અમે પહેલાં નિયમ કરેલો છે. ૪૨.

હમણાં (નિયમ) કરવામાં આવે તો અપરાધ થાય, પરંતુ પહેલાંજ (અમે નિયમ) કરેલો છે. **समयः** એટલે નિયમ. 'तु' 'પરંતુ' શબ્દ દઢતાપૂર્વક દાન આપતો નથી એમ જણાવે છે.* 'હે ઉત્તમ યાદવ!' એ (સંબોધન)થી પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઇએ, એ વિષયમાં (ભગવાનની) સંમતિ જણાવેલી છે, કારણ કે ઉત્તમ યાદવો તે જાણે છે, ભક્તોના સ્વામી‡ (ભગવાન) ભક્ત (નગ્નજીત)ની પ્રતિજ્ઞાનું પાલન કરાવશે એવા પ્રયોજનથી (તે કરેલું છે). ઉત્તરાર્ધથી પ્રતિજ્ઞા કરવાનું પ્રયોજન કહેલું છે. ક્ષત્રિયોમાં વીર્યવાળો ઉત્તમ છે. ક્ષત્રિયના સાત† અંગ છે. સર્વમાં તે (ક્ષત્રિય)નું સામર્થ્ય જોવામાં આવે ત્યારે તે ઉત્તમ થાય છે (ગણાય છે). તેથી નાથવાના સાત આખલાઓ રાખેલા છે. ઉત્તમને જ કન્યા આપવાની છે. જમાઇ પ્રતિ નમ્રતા જણાવવી જોઇએ, અને અધમ પ્રતિ (નમ્રતા) જણાવવાની મના છે. કસોટી કરવામાં ન આવે તો વીર્ય (કેટલું છે તે) જણાય નહિ એવા હેતુથી (નિયમ કરેલો છે). આ પણ કન્યાના વરની કસોટી થ[illegible] માટે જ (કરેલ છે), પરંતુ આનો બીજો ઉપયોગ નથી. તેથી કન્યાદાનના પ્રસંગમાં તે (એવો નિયમ) અવશ્ય કરવો જોઇએ. ૪૨.

જે પ્રકારે કસોટી થાય તે માટે નીચેના શ્લોકમાં તે નિયમ કહે છે:—

सप्तैते गोवृषा वीर दुर्दान्ता दुरवग्रहाः ॥
एतैर्भग्नाः सुबहवो भिन्नगात्रा नृपात्मजाः ॥४३॥

હે વીર! આ સાત નાથી ન શકાય તેવા, અને વશ કરી ન

---

* આપમાં કન્યાના વર થવાની સંપૂર્ણ યોગ્યતા હોવા છતાં મારા નિયમ પ્રમાણે આપના વીર્યની કસોટી કર્યા વિના હું કન્યાનું દાન કરતો નથી, એમ આ શબ્દથી જણાવેલ છે.

‡ 'સાત્ત્વતર્ષભ' શબ્દનો આ બીજો અર્થ કરેલો છે.

† 'સાત પ્રાણો' એવો અર્થ છે (લે) યાજ્ઞવલ્કય સ્મૃતિ ૧–૩૫૩ માં (૧) રાજા સ્વામી, (૨) અમાત્યો, (૩) બ્રાહ્મણ વિગેરે પ્રજા, (૪) કિલ્લો, (૫) ખજાનો; (૬) હાથી, ઘોડા, રથ અને પાયદલ સેના અને (૭) મિત્રો એ સાત રાજ્યના અંગ કહેલા છે, તે સાત અંગો અહિં જણાવેલ હોય તેમ લાગે છે.

શકાય તેવા આખલાઓ છે. આમણે ભાંગી ગએલ અંગોવાળા ઘણા રાજપુત્રોને હણેલા છે ૪૩

એક સ્થલે ઘરમાં સાત આખલાઓ પૂરેલા. ત્યાં કોઇ પણ રખેવાળ નહતો. તેમાં કોઇ ગાય પણ નહતી. અને મરજીમાં આવે તેવો મદકારક ખોરાક હતો. તેથી તેઓ ઘણા મદવાળા થઇ એક બીજા સાથે લડતાં સદા ક્રોધવાળા રહેતા. તેમાં પણ તેઓ સાત એકી સંખ્યાવાળા હતા. તેમ ન હોત (બેકી સંખ્યામાં હોત) તો બબે લડતા હોત.

'गोवृषाः' આખલાઓ હોવાથી (તેમને) હણવા ન જોઇએ. 'गो' 'બલદ'ની જાતના સપાટ (ભૂમિ[1] માં રહેનાર આખલાઓ હતા.

'બીજા (આખલાઓ)ની સ્તુતિ સાંભળનાર (ભગવાન)ની નિંદા કરવા માટે (કરે) છે', એવી શંકા દૂર કરવા 'હે વીર!' એવું સંબોધન કરેલું છે. વીરની પાસે (તેના) વીર્યને જાગ્રત કરવા કહેવામાં આવે છે.

'ઘણાએ આખલાઓને એક (ગોપાલ) ચારે છે' એવી શંકા થાય, તેથી 'નાથી ન શકાય તેવા' વિશેષણ યોજેલું છે. નહિ નાથેલા (આખલા) કરતાં પણ ક્રૂર છે. (આ શબ્દમાંનો) 'दुर्' ઉપસર્ગ તેમને નાથવાનો સંભવ પણ નથી એમ જણાવવા નાથવાના (કાર્ય)થી વિરૂદ્ધ અર્થ કહે છે. અથવા (वीरदुर्दान्ताः સમાસ લઇને) 'વીરોથી પણ નાથી ન શકાય તેવા' એવો (અર્થ લેવો).

વળી કઠણ છે-વશ કરવાનું જેમને તેવા (તે છે). તેઓની સાથેનું યુદ્ધ મરણ નીપજાવનારૂં છે, અથવા તેઓને પકડવાનું ઘણું કઠણ છે. (૧) જણાય તેવા અને જાણવામાં ન આવે તેવા ઉપાયોથી તેઓ મારી શકાય તેવા નથી અને (૨) બીજાઓને તેઓ હણે છે એમ (બે વિશેષણોથી) બે (ગુણો) કહેલા છે.

વળી તેઓનું વીર્ય માત્ર કલ્પનાથી જ જણાએલું નથી, પરંતુ ઘણા પ્રકારે તેનો અમલ પણ થએલો છે એમ ઉત્તરાર્ધથી કહે છે. કાકતાલીય (કાગડાનું બેસવું અને વૃક્ષનું પડવું એ) ન્યાય પ્રમાણે (અમલ થયો) નહતો* એમ જણાવવા 'ઘણા' વિશેષણ યોજેલું છે. 'भग्नः' 'હણેલા' શબ્દથી માત્ર પરાજય (કહેલ) નથી. તેમ હોય તો (આખલાઓને) જોઇને પણ ભય પામીને ભાગી જાય. (તેવા રાજપુત્રો નહિ) પરંતુ 'ભાંગી ગએલ અંગોવાળા' એટલે હાથ પગ વિગેરે ભાંગે ત્યાં સુધી પ્રયાસ કરનારાઓ(ને હણેલા છે),

---

[1] ખરબચડા પ્રદેશમાં રહેનાર જંગલી પાંડાઓ નથી, એવો અર્થ છે. (લે)

* અકસ્માતથી રાજપુત્રો આખલાઓથી હણાયા ન હતા, એમ 'ઘણા' વિશેષણથી જણાવેલ છે. અકસ્માત એક બે વાર થાય, વારંવાર ન થાય.

'તેઓનાં તાલીમ અને બીજ* નમાલાં હશે' એવી શંકા થાય, તેથી 'રાજપુત્રો' શબ્દ યોજેલ છે. તાલીમ અને બીજવાળા તેઓ હતા, પરંતુ માત્ર ક્ષત્રિય નહતા. ૪૩.

આખલાઓના દોષો કહ્યા એટલે 'આવાઓનો પણ હું ઉદ્ધાર કરીશ' એવી જો તેઓના ઉપર આપની કૃપા હોય તો આપ જ કન્યાના વર છો. (કારણ કે તેમના ઉપર કૃપા હોય) તો (કન્યા) દુષ્ટ હોવા છતાં તેનો અને તેના (સગાં) ઓનો પણ આપ ઉદ્ધાર કરશો. કારણ કે તે (આખલા)ઓ કન્યાના કારણથી જ પૂરાએલા છે, તેથી તેઓનો ઉદ્ધાર થયા વિના કન્યાનો ઉદ્ધાર સંભવતો નથી. તેથી જો આપ તેઓનો ઉદ્ધાર કરશો તો (આપજ) વર (થશો) એમ નીચેના શ્લોકમાં કહે છે:—

यदीमे निगृहीताः स्युस्त्वयैव यदुनन्दन ॥
वरो भवानभिमतो दुहितुर्मे श्रियः पते ॥४४॥

હે યદુનંદન! જો આપથી જ આ વશ થાય તો હે લક્ષ્મીના પતિ! આપ મારી દીકરીના પસંદ કરેલા વર (થશો). ૪૪.

(આખલાઓને) વશ કરવામાં આવે તો તેમનો ઉદ્ધાર અવશ્ય થવાનો, તેથી તે (વશ કરવાનું) જ કહેલ છે. 'હે યદુનંદન!' સંબોધનથી એમ સૂચવેલું છે કે લીલા માટે પધારેલા (ભગવાન) કદાચ (તેમને વશ) ન કરે; કારણ કે યાદવો તેમ કરતા નથી; અને ગોવર્ધન (ઉપાડવો) વિગેરે (કાર્ય)ને લીધે (વશ કરશે એવો) સંદેહ રહે છે. (વશ કરો) તો આપ પસંદ કરેલા વર (થશો.) 'મારી[1] દીકરીના' એ શબ્દથી પોતાની હલકાઈ જણાવે છે. (આપની વર થવાની) યોગ્યતા તો સર્વથી ઉત્તમ છે એમ 'હે લક્ષ્મીના પતિ!' એ સંબોધનથી કહેલ છે. ૪૪

કન્યા પ્રાપ્ત થઇ ચૂકી, પરંતુ (રાજાની) પ્રતિજ્ઞા પૂરી કરવી જોઇએ. તેથી રાજાને વિશ્વાસ રહે તે માટે અલૌકિક પ્રકાર નહિં કરતાં, દેડ બાંધવી વિગેરે કરીને (ભગવાને) તેમ કર્યું (રાજાની પ્રતિજ્ઞા પૂરી કરી), એમ નીચેના શ્લોકમાં કહે છે:—

---

* 'આખલાથી હણાએલા ક્ષત્રિઓએ યુદ્ધની તાલીમ લીધી નહિ હોય અને ઉંચા ક્ષાત્રય વંશના નહિ હોય' એવી શંકા છે. 'રાજપુત્રો' શબ્દથી તે દૂર થાય છે. રાજાના પુત્રો હોવાથી તેમણે તાલીમ પણ લીધેલી અને ઉંચા કુલના પણ હતા. 'न तु क्षत्रियमात्रम्' પહેલાં વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'शिक्षाविजयिनः' શબ્દ છે. 'शिक्षाबीजिनः' હોવું જોઇએ, એમ માની તે પ્રમાણે અર્થ કરેલ છે.

[1] 'मे' 'મારી' શબ્દ એકવચનમાં યોજી પોતાની હલકાઇ દર્શાવેલી છે (કે) રાજાઓ સામાન્ય રીતે પોતાના માટે બહુવચનનો પ્રયોગ કરે છે. (જુઓ પાછલ શ્લોક ૪૨).

एवं समयमाकर्ण्य बद्ध्वा परिकरं विभुः ॥
आत्मानं सप्तधा कृत्वा न्यगृह्णाल्लीलयैव तान् ।४६॥

એ પ્રમાણે પ્રતિજ્ઞા સાંભળીને શક્તિવાળા (પ્રભુ)એ પોતાનાં સાત રૂપો કરીને તેમને રમતમાંજ નાથ્યા ૪૫

'શક્તિવાળા' એટલે સર્વ પ્રકારે કરવાની શક્તિવાળા. (ભગવાને આખલા પૂરેલા તે ઘરની) અંદર પ્રવેશ કરીને પોતાનાં સાત રૂપો કર્યાં. સાતે (રૂપ) ભગવાન જ હતા. અલૌકિક તો કરવાનું નહતું. (લૌકિકમાં) રૂપો તો એકનાં ઘણાએ થાય છે, (જેમ કે) પુત્રો, ચિત્રો. જૂદા જૂદા સમયે તે (લૌકિક રૂપો) રહેતાં નથી,[1] એટલે આટલો જ (ભગવાનનાં રૂપમાં અને લૌકિક રૂપમાં ભેદ) છે, (અને) તે (ભગવાનની) સરસાઇ જ જણાવે છે, પરંતુ (તેમાં) કાંઇ અલૌકિક નથી. પછી (આખલાઓને) રમતમાં જ નાથ્યા. રમત(માં નાથવું)જ સરસાઇ દેખાડનારૂં છે. બાંધવાનું તો સહેલું જ (હતું).

નાથી, બાંધીને (ભગવાન તેમને) લઇ આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

बद्ध्वा तान् दामभिः शौरिर्भग्नदर्पान् हतौजसः ॥
व्यकर्षल्लीलया बद्धान् बालो दारुमयान् यथा ॥४६॥

જેમ બાલક બાંધેલા લાકડાના (આખલાઓ)ને ખેંચે તેમ જેમનો મદ નાશ પામેલ છે અને બલ હણાએલું છે તેવા તેઓને દોરડાંથી બાંધીને શૂરના પુત્ર સ્હેલાઇથી ખેંચી લાવ્યા. ૪૬.

પહેલાં જૂદા જૂદા સાંકળોથી પણ જેઓ બાંધેલા રહેતા નહતા તેમને 'દોરડાંઓથી' બાંધ્યા, એવો અર્થ છે. 'શૂરના પુત્ર' શબ્દથી લૌકિક સરસાઇ (જણાવી). (આખલાઓનો) મદ અને બલ નાશ પામ્યાં, પછી જેમ ભારથી પીડાએલા મરેલા જેવા બળદોને ખેંચવામાં આવે છે, તેમ (તેઓને) સ્હેલાઇથી ખેંચી લાવ્યા. 'જેમ બાલક લાકડાના (આખલાઓ)ને ખેંચે' એ દૃષ્ટાંતથી તેઓનું આખલાપણું પણ જતું રહ્યું હતું એમ કહેલું છે; કારણ કે બાલક આડા પડેલા પણ તેમને (લાકડાના આખલાઓને) ખેંચે છે, તે પ્રમાણે (ભગવાને) ભાંગી ગએલ અવયવોવાળા (તે આખલાઓ)ને ખેંચ્યા, એટલે તેઓનો ગર્વ પણ ઉતારી નાખ્યો અને રાજાનો પણ (ગર્વ ઉતારી નાખ્યો). ૪૬.

---

[1] અહિં 'ભગવાનનાં' શબ્દ અધ્યાહાર છે (એટલે ભગવાનનાં રૂપો રહેતાં નથી) ભગવાન તેમનું કામ હોય ત્યાં સુધી તે રૂપોને રાખીને પછી પોતામાં તેમને સમાવી દે છે, તેથી તે રહેતાં નથી. લોકમાં તો પુત્રો વિગેરે ઉત્પન્ન થએલ હોય તેમને- પોતાની અંદર સમાવતા નથી. (લે) ભગવાનનાં નામ અને રૂપો નિત્ય હોવાથી આ અર્થ યોગ્ય લાગતો નથી. લૌકિક રૂપો અમુક સમય સુધી જ રહે છે, તેથી જૂદી રીતે અર્થ કરેલ છે.

પછી રાજાએ (તેમને) કન્યા આપી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ततः प्रीतः सुतां राजा ददौ कृष्णाय विस्मितः ॥
तां प्रत्यगृह्णाद्भगवान् विधिवत्सदृशीं प्रभुः ॥४७॥

પછી વિસ્મય પામેલા અને પ્રસન્ન થએલા રાજાએ શ્રીકૃષ્ણને પુત્રી આપી સમર્થ ભગવાને (પોતાને) યોગ્ય તેનો વિધિ પ્રમાણે સ્વીકાર કર્યો. ૪૭.

આરંભમાં (રાજા) વિસ્મય પામ્યો, પછી પ્રસન્ન થયો. (આખલાઓને) બાંધવા, વશ કરવા અને બલહીન કરવા એ ઘણાં આશ્ચર્યકારક (કાર્યો) હોવાથી વિસ્મય (થયો). આ (કાર્ય) માટે જ પ્રતિજ્ઞા (કરેલી), તેથી કાર્ય થતાં પ્રસન્ન થયો. 'રાજા' હોવાથી તેણે મોટી ધામધૂમથી કન્યા તેમને આપી. તે(કન્યા)ની માગણી, દાન અને સ્વીકાર થએલાં, એમ કહેવા માટે ભગવાને પણ તેનો સ્વીકાર કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. ભક્તિ હોય તોજ ભગવાન એ પ્રમાણે (સ્વીકાર) કરે છે એમ જણાવવા 'ભગવાન' એ શબ્દ કહેલ છે. આ 'ભગવાન' શબ્દ ધર્મમાં આસક્તિ દર્શાવનાર છે, 'વિધિ પ્રમાણે' શબ્દ તેજ (અર્થ) જણાવે છે. (ભગવાને) વૈદિક ધર્મોનો તે(કન્યા)ને સંબંધ કરાવ્યો. પછી લૌકિક અથવા અસુરોના ધર્મો તેનો સ્પર્શ કરશે નહિ, એમ સર્વ પ્રકારે (ભગવાન) પોતાનું ઇચ્છેલું સિદ્ધ કરે છે. તેના વિષે તેમ કરવાનું પ્રયોજન '(પોતાને) યોગ્ય' વિશેષણથી કહેલું છે. સ્વભાવથી (તે કન્યા પોતાને) યોગ્ય હતી, અકસ્માતથી આવી ચડતા દોષ ન લાગે તે માટે તેમ કર્યું (વૈદિક ધર્મોનો સંબંધ કરાવ્યો). દોષ દૂર કરવા માટે તેના વિષે તેમ કરવામાં આવે, તો ભગવાનમાં લૌકિકપણું પ્રાપ્ત થાય, તેથી 'સમર્થ' વિશેષણ યોજેલું છે, પોતે પોતાથી જ સમર્થ છે. ૪૭.

તે (કન્યા) દ્વારા (ભગવાને) બધીએ સ્ત્રીઓનું હિત કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

राजपत्न्यश्च दुहितुः कृष्णं लब्ध्वा प्रियं पतिम् ॥
लेभिरे परमानन्दं जातश्च परमोत्सवः ॥४८॥

અને રાજાની પત્નીઓ પુત્રીના પ્રિય પતિ તરીકે શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરીને પરમ આનંદ પામી અને મોટો ઉત્સવ થયો. ૪૮

પહેલાં તે (રાજાની પત્ની) ઓ રાજાને પણ માત્ર ધર્મના કારણરૂપ થએલી, તેથી પુત્રીના વિષે ઓરમાયાપણું નહતું. તે (પુત્રી)ની મારફત પોતાને (ભગવાન સાથે) સંબંધ થયો, ભગવાનમાં ઉત્તમપણાની બુદ્ધિ અને સ્નેહ[1] થયાં,

---

[1] આ સર્વ 'च' 'અને' શબ્દથી સૂચવેલુ છે, એવો અર્થ છે. (લે)

એમ 'શ્રીકૃષ્ણ' એટલે ઉદ્ધાર કરનાર, 'પ્રિય' એટલે અંદરથી ઇચ્છેલા (અને) 'પતિ' એટલે બહારના (ઇચ્છેલા) એટલે આ લોકમાં અંદરનું અને બહારનું સુખ આપનારા. (એ શબ્દોથી કહેલું છે). પછી પણ (શ્રીકૃષ્ણ) સાયુજ્ય (મુક્તિ) આપનારા છે. તેથી પોતાને (રાજાની પત્નીઓને) પણ તે (કન્યા)ની મારફત તે પ્રમાણે (મુક્તિ) પ્રાપ્ત થશે, એવા વિચારથી તેઓ પરમ આનંદ પામી. સંતોષ જ તેઓને મોક્ષ તરફ લઇ જનાર હતો.

અંદરનો (આનંદ) કહી, તેઓનો બહારનો આનંદ 'અને મોટો ઉત્સવ થયો' શબ્દોથી કહે છે. ઘણી જ ધામધૂમ તેઓએ કરી, એવો અર્થ છે. ૪૮.

બીજા પણ બધાની તે પ્રસંગને લીધે કૃતાર્થતા થઇ, એમ નીચેના શ્લોકથી કહે છે:—

शङ्खभेर्यानका नेदुर्गीतवाद्यद्विजाशिषः ॥
नरा नार्यश्च मुदिताः सुवासःस्रगलङ्कृताः ॥४९॥

શંખ, નગારાં અને નોબતો વાગ્યાં. ગીતો, વાજીંત્રો અને બ્રાહ્મણોની આશિષોના (શબ્દ સંભળાયા); અને આનંદ પામેલા પુરૂષો અને સ્ત્રીઓએ સુંદર વસ્ત્રો, માલાઓ અને અલંકારો ધારણ કર્યાં. ૪૯.

શંખ વિગેરે ત્રણ પ્રકારનાં વાજાંઓ (વાગ્યાં). ગીતો વિગેરે ત્રણ પ્રકારનાં શબ્દરૂપ (સંભળાયાં). આરંભમાં અને અંતે સત્ત્વ (ગુણ)વાળા આ છ (કહ્યાં). ગીતો, અને નગારાં રાજસ* છે. 'પુરૂષો અને સ્ત્રીઓ' એમાં 'च' 'અને' શબ્દથી નહિ કહેલાં બધાનો† સમાવેશ કરેલો છે. 'આનંદ પામેલા' વિશેષણથી અંદરનો (ગુણ કહેલો છે). વસ્ત્રો વિગેરે ત્રણ બહારનાં (કહેલાં છે). અલંકારો વડિલોપાર્જીત હતા એમ 'च' 'અને' શબ્દથી જાણવું. ૪૯.

રાજાએ સંતોષને લીધે ઘણે ભાગે પોતાનાં બધાં (ધન)નું દાન કર્યું એમ નીચેના બે શ્લોકથી કહે છે:—

दशधेनुसहस्राणि पारिबर्हमदाद्विभुः ॥
युवतीनां त्रिसाहस्रं निष्कग्रीवसुवाससाम् ॥५०॥
नवनागसहस्राणि नागाच्छतगुणान् रथान् ॥
रथाच्छतगुणानश्वानश्वाच्छतगुणान्नरान् ॥५१॥

શક્તિવાળા (નાગ્નજીત રાજા)એ દશ હજાર ગાયો, ગળામાં સુવર્ણની કંઠીઓ તથા સુંદર વસ્ત્રોવાળી ત્રણ હજાર યુવતીઓ, નવ

---

* આરંભમાં કહેલ 'શંખ' અને અંતે કહેલ 'બ્રાહ્મણોની આશિષો' સાત્ત્વિક છે. ગીતો અને નગારાં રાજસ છે. નોબતો અને વાજીંત્રો તામસ રહ્યાં.

† 'નહિ કહેલાં બધાં' એટલે બાલકો, વઢો વિગેરે.

હજાર હાથીઓ, હાથીઓ કરતાં સોગણા રથો, રથો કરતાં સોગણા અશ્વો અને અશ્વો કરતાં સોગણા નરો (સૈનિકો) પહેરામણી તરીકે આપ્યા. ૫૦–૫૧.

(તે બે શ્લોકો પૈકી) એક (પહેલા)થી ધર્મ અને કામ પ્રાપ્ત કરાવનારા, અને બીજાથી ચાર અંગોવાળી સેનારૂપ અર્થ પ્રાપ્ત કરાવનારા (પદાર્થો) કહેલા છે.

‘(આ પદાર્થો ભગવાનને) ઇચ્છેલા નહિ હોવાથી, તે લેશે નહિ’ એવી શંકા થાય, તેથી ‘પહેરામણી તરીકે’ શબ્દ યોજેલ છે. કન્યાનો સ્વીકાર કરવામાં આવે ત્યારે તે (પહેરામણી)નો સ્વીકાર જરૂરી છે. ‘શક્તિવાળા’ શબ્દથી (એમ જણાવેલું છે કે) જેમ તેમ કરીને પ્રતિષ્ઠા (થાય તે) માટે દાન આપેલું નહતું.

જેમાં એક હજાર દક્ષિણા આપવામાં આવે તેવો ધર્મ (યજ્ઞ) પ્રાકૃત અને વૈકૃત એવા ભેદથી દશ પ્રકારનો* છે (તેથી દશ હજાર ગાયો આપી). કામ ત્રણ પ્રકારનો છે, તેથી (તેટલા) હજારની સંખ્યામાં યુવતીઓ આપી, અને (૧) નિયતા, (૨) અલંકૃતા (તથા) (૩) રસાલંબના† એવા નાયિકાના ભેદને લીધે તથા ગુણના ભેદને લીધે (કામ) ત્રણ પ્રકારનો છે. ૫૦.

સર્વ પેટા જાતિવાળા હાથીઓ એક હજારની સંખ્યામાં આપ્યા. ભદ્ર વિગેરે નવ જ જાતના હાથીઓ છે. રથ વિગેરે એક પછી એક સોગણા આપ્યા. તે (નગ્નજીત)ના પહેલાના વિચાર કરતાં પછીનો વિચાર એકસો ગણું ગ્રહણ કરે છે. ૫૧.

પછી સ્નેહને લીધે (શ્રીકૃષ્ણ તથા કન્યાને) ત્યાં રાખ્યા નહતા એમ જણાવવા નીચેના શ્લોકમાં (તેમને) વળાવ્યાનું કહે છે:—

दम्पती रथमारोप्य महत्या सेनया वृतौ ॥
स्नेहप्रक्लिन्नहृदयो यापयामास कोसलः ॥५२॥

સ્નેહને લીધે ભીંજાએલ હૃદયવાળા કોસલરાજે મોટી સેનાથી વીંટાએલા દંપતીને રથમાં બેસાડીને વળાવ્યા. ૫૨.

(ત્યાં) રાખવાથી દંપતી‡ નિરૂદ્યમી થાય. રથમાં એટલે પોતાના (રાજાના)

---

* (૧) અગ્નિહોત્ર (૨) દર્શપૂર્ણમાસ (૩) પશુ (૪) ચાતુર્માસ્ય અને (૫) સોમ એવા વેદાર્થરૂપ ભગવાન (કર્મ)નાં પાંચ રૂપો છે. તે દરેકના (૧) પ્રાકૃત કુદરતી, ફેરફાર થયા વિનાનું અને (૨) વૈકૃત ફેરફાર થએલું એવા બે ભેદ હોવાથી ધર્મના દશ રૂપો થયાં. જૂઓ તત્ત્વદીપ ૨-(૧-૨).

† આ નાયિકાના ત્રણ ભેદ ગુણ પ્રમાણે કરેલા જણાય છે, સાહિત્યદર્પણમાં (૧) સ્વીયા (૨) પરકીયા અને (૩) સાધારણી એવા ત્રણ ભેદો કહેલા છે.

‡ વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં ‘ધર્મપત્ન્યૌ’ પાઠ છે.

રથમાં (બેસાડીને વળાવ્યા). (દંપતીને તેમના ઘેર) જવામાં પણ બધીએ રાજાનીજ સાવચેતી સૂચવેલી છે. (રાજા) પોતે (સાથે) જાય તે અયોગ્ય હોવાથી તેણે જ (તેમને) મોટી સેનાથી વીંટળાએલા (કર્યા) (સાથે મોટી સેના મોકલી) વળી સ્નેહને લીધે હૃદયનું ભીંજાવું પણ (રાજાને સાથે) જવામાં વિઘ્ન કરનારૂં હતું. આથી એમ કહેલું છે કે ભક્તે કરવું જોઇએ તે સર્વ તેણે કર્યું. (તે) કોસલ દેશનો રાજા હતો, તેથી પોતે ત્યાં (કોસલ દેશમાં) ભક્તિ કરવા માટે જાતે રહ્યો એમ પણ કહેલું છે. ૫૨

આખલાઓ ઉપર વિજય મેળવતાં ભગવાનનાં સામર્થ્યની લોકમાં પ્રસિદ્ધિ થઇ નહિ, તેથી (તે લોકમાં) જણાવવા તે (આખલાઓએ) જેમના અવયવો ભાંગેલા તેઓ ભેગા થઇને તેમને (ભગવાનને) પકડવા આવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:—

श्रुत्वैतद्रुरुधुर्भूपा नयन्तं पथि कन्यकाम् ॥
भग्नवीर्याः सुदुर्मर्षा यदुभिर्गोवृषैः पुरा ॥५३॥

પહેલાં યાદવોએ અને આખલાઓએ જેમનાં પરાક્રમનો નાશ કર્યો હતો તેવા ઘણા દ્વેષી રાજાઓ આ સાંભળીને કન્યા લઇ જતા (ભગવાન)ને રસ્તામાં ઘેરી વળ્યા ૫૩.

આ ભગવાનનું ચરિત્ર છે. 'भूपाः' 'રાજાઓ' શબ્દથી તેઓનો પોતાનો દેશ (છે એમ) કહેલ છે. ભગવાનને તો પોતાનો દેશ પણ નથી તેમજ સાસરાનો દેશ પણ નથી. સર્વ તરફથી રોકવામાં આવે ત્યારે ગુંચવણ થાય, એવો (અર્થ છે). (ભગવાન) કન્યાને જ લઇ જાય છે એવા ખોટા (સમાચાર) સાંભળીને થોડી ધર્મબુદ્ધિવાળા (રાજા)ઓ પણ આવ્યા. તેથી રાજાઓ (રોકનારા) ઘણા થયા. 'રસ્તામાં' શબ્દથી (એમ કહેલું છે કે નગ્નજીતે સાથે મોકલેલી) સેના ઘણી છૂટી પડી ગઇ હતી.

'યાદવોએ જેમનાં પરાક્રમનો નાશ કર્યો હતો' શબ્દોથી તેઓના આવવાનું કારણ વેર કહેલું છે. 'પહેલાં આખલાઓએ જેમના પરાક્રમનો નાશ કર્યો હતો' શબ્દોથી એમ કહેલું છે કે કન્યા માટે પણ તેઓ હેરાન થએલા હતા. છતાં પણ આવવાનું પ્રયોજન 'ઘણા દ્વેષી' એ વિશેષણથી કહેલું છે. सुष्ठु ઘણો दुष्टः દુષ્ટ છે मर्षः સહનશક્તિ જેમની તેવા (તેઓ હતા) (सुदुर्मर्षाः માંના) दुर् ઉપસર્ગથી (તેઓનો) ક્રોધ દુષ્ટ થાય છે. ૫૩.

તેઓએ માત્ર રોકાણ કર્યું એટલું જ નહિ, પરંતુ મારવા માટે પણ પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तानस्यतः शरव्रातान्बन्धुप्रियकृदर्जुनः ॥
गाण्डीवी कालयामास सिंह क्षुद्रमृगानिव ॥५४॥

જેમ સિંહ હલકા પ્રાણીઓને (નસાડે) તેમ બાણોના સમૂહ નાખતા તેઓને, ગાંડીવ ધારણ કરનાર બંધુઓનું પ્રિય કરનાર અર્જુને નસાડ્યા. ૫૪

ભક્તિમાં ભગવાન અનુકૂલ હોય છતાં પણ ભક્ત અનુકૂલ હોવાની જરૂર છે એમ કહેવા, તે બધાને ભગવાનના સેવકે જ નસાડ્યા એમ 'અર્જુને (નસાડ્યા)' શબ્દથી કહે છે. ભગવાને અલૌકિક કરવાનું નહતું, અને ભક્તિમાર્ગમાં ઐશ્વર્યનું સ્થાપન કરવાનું હતું (તેથી અર્જુને નસાડ્યા). અર્જુને પણ ભગવાનની પ્રેરણાથી યુદ્ધ કર્યું નહતું, પરંતુ બંધુઓ એટલે ભગવાનના વસુદેવ વિગેરે ભક્તોનું પ્રિય કરનારો તે હતો. (તેથી) જે પ્રકારે ભક્તિમાં ભક્તની જરૂર રહે અને બંધુઓ પોતાનો ઉપકાર જાણે (તે પ્રમાણે તેણે રાજાઓને નસાડ્યા), ગાંડીવ વિગેરેના ઉદાસીન પ્રતિ ઉપકાર અને અપકાર[1] વર્ણવેલા છે. અહિં બંધુઓ ઉપરના ઉપકારનું વર્ણન કરવામાં આવે છે. 'ગાંડીવ ધારણ કરનાર' શબ્દ આ સૂચવે છે. 'कालयामास' 'નસાડ્યા' શબ્દથી એમ સૂચવેલું છે કે કાલની પેઠે (તેઓનો) નાશ કર્યો. તે (અર્જુન)ને બહુ મહેનત પણ પડી નહતી એમ જણાવવા 'જેમ સિંહ હલકાં પ્રાણીઓને (નસાડે)' એવું દૃષ્ટાંત કહેલું છે. ૫૪.

નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે:—

पारिबर्हमुपागृह्य द्वारकामेत्य सत्यया ॥
रेमे यदूनामृषभो भगवान् देवकीसुतः ॥५५॥

દેવકીજીના પુત્ર ઉત્તમ યાદવ ભગવાને પહેરામણી લઇને દ્વારકા આવીને સત્યા સાથે રમણ કર્યું. ૫૫.

ઉપસ્કાર સહિત તે(સત્યા)નો સ્વીકાર કરીને, વિધિ પ્રમાણે પણ (તેને દ્વારકા) લાવીને, તેની અંદર ઘણો જ પ્રેમ ઉત્પન્ન કર્યો. ભગવાન જેવા ભક્ત **વિષે રમણ કરે છે તેવા બીજે રમણ કરતા નથી,** એવું સર્વ (રાણીઓથી) ઉત્તમપણું કહ્યું. દ્વારકા આવવાનું પ્રસંગને લીધે કહેલું છે.

'ઉત્તમ યાદવ' શબ્દથી એમ સમજાય છે કે તે (સત્યા)થી ગૃહસ્થપણું સારી રીતે સિદ્ધ થયું. તે (ગૃહસ્થપણા)માં સર્વ યોગ્યતા સિદ્ધ થાય, તે માટે 'ભગવાન' શબ્દ યોજેલો છે. 'દેવકીજીના પુત્ર' શબ્દથી એમ કહેલું છે કે એ પ્રમાણે રમણ કરવામાં ભક્ત ઉપરની કૃપા જ કારણરૂપ હતી. ૫૫.

---

[1] 'ઉદાસીન' (શત્રુ પણ નહિ અને મિત્ર પણ નહિ તેવા) મય ઉપર ઉપકાર કરેલ, અને અગ્નિનો અપકાર કરેલ. (આ અધ્યાયના શ્લોક ૨૫ તથા ૨૭ ઉપરનાં શ્રી સુબોધિની જુઓ). (લે)

કીર્તિ અને શ્રીનો વિધિ પ્રમાણે સ્વીકાર કરીને, આઠ ઐશ્વર્યવાળા[1] થઇને, બધીએ (સ્ત્રીઓ)નો સ્વીકાર કર્યો એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે:—

श्रुतकीर्तेः सुतां भद्रामुपयेमे पितृष्वसुः ॥
कैकेयीं भ्रातृभिर्दत्तां कृष्णः संतर्दनादिभिः ॥५६॥

સંતર્દન વિગેરે ભાઈઓએ આપેલી, ફોઇ શ્રુતકીર્તિની પુત્રી કૈકેયી ભદ્રાને શ્રીકૃષ્ણ પરણ્યા. ૫૬.

શ્રુતકીર્તિ પણ (શ્રીકૃષ્ણની) ફોઇ હતી. ('કૈકેયી' એટલે) કૈકય દેશના રાજાની પુત્રી.

'જ્ઞાન (શક્તિ) પછીની શક્તિને[2] ભાઇઓએ (શ્રીકૃષ્ણને પસંદ કરતાં) અટકાવી હતી, તેથી ભક્તિ પછી તરતની (શક્તિ) કીર્તિનું પણ તેમજ હશે' એવી શંકા થાય, તેથી તેમ નહતું એમ કહેવા 'ભાઇઓએ આપેલી' વિશેષણ યોજેલ છે. 'શ્રીકૃષ્ણ' (શબ્દથી એમ કહેલું છે કે) સામગ્રી (પહેરામણી) વિનાની પણ આ (કન્યા)નો (ભગવાને) સ્વીકાર કર્યો. સંતર્દન ઘણો પ્રસિદ્ધ હતો, તેથી श्रुतेन विद्याथो कीर्तिः કીર્તિ (હતી જેની), અથવા श्रुता સાંભળવામાં આવેલી હતી કીર્તિ જેની, એમ કીર્તિ (પ્રસિદ્ધિનું) કારણ હોય તે યોગ્ય છે. 'તર્દન'* નામ હોવાથી કીર્તિ થાય જ. કૈકય દેશ પશ્ચિમમાં† આવેલો છે. ૫૬.

નીચેના શ્લોકમાં શ્રીરૂપ લક્ષ્મણાનો વિવાહ કહે છે:—

सुतां च मद्राधिपतेर्लक्ष्मणां लक्षणैर्युताम् ॥
स्वयंवरे जहारैकः स सुपर्णः सुधामिव ॥५७।

જેમ ગરૂડે અમૃત હરી લીધું હતું તેમ તેમણે એકલાએ (શુભ) લક્ષણોવાળી મદ્રાના રાજાની પુત્રી લક્ષ્મણાનું સ્વયંવરમાં હરણ કર્યું હતું. ૫૭.

---

[1] જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, કીર્તિ અને શ્રીરૂપ આ (પાંચ પટરાણીઓ) અનુક્રમે થઇ. ભૌમાસુર પાસેથી લાવેલી ઐશ્વર્યરૂપ હતી, એવા આશયથી 'આઠ ઐશ્વર્યવાળા થઇને' કહેલ છે. આથી એમ પણ સૂચવેલું છે કે રૂક્મિણીથી આરંભી આઠ પટરાણીઓ આઠ ઐશ્વર્યરૂપ હતી. (લે) સત્યાને અહિં ધર્મરૂપ કહી છે, પરંતુ શ્રી સુબોધિનીમાં તેને ભક્તિરૂપ જ કહેલ છે. નિબંધમાં પણ 'યાગરૂપ' નહિ, પણ 'યોગરૂપ' કહેલ છે. એમ આ અધ્યાયના આરંભની કારિકાઓ ઉપરના લેખમાં જ કહેલું છે. ભૌમાસુર પાસેથી લાવેલી સ્ત્રીઓને ઐશ્વર્યરૂપ માનવા કરતાં આઠ પટરાણીઓથી જ આઠ ઐશ્વર્યવાળા થયા એમ માનવું વધારે યોગ્ય જણાય છે.

[2] મિત્રવિંદાને. (લે)

* 'તર્દન' એટલે મારી નાખવું. ક્ષત્રિયોમાં હણનાર હોય તેની પ્રસિદ્ધિ થાય જ.

† સિંધુની પાસેનો પ્રદેશ કૈકય દેશ ગણાતો.

મદ્રદેશ પણ કેકયની પાસે હતો. (આ કન્યા) શ્રીવત્સરૂપ હોવાથી લક્ષ્મણા (નામ પડેલું). આનો (ભગવાન સાથે) વિવાહ થવામાં (શુભ) લક્ષણવાળી હોવાપણું કારણરૂપ હતું, તેથી 'લક્ષણોવાળી' વિશેષણ યોજેલ છે. રાધાવેધનું જેમાં નિશાન (પણ) હતું તેવા સ્વયંવરમાં (ભગવાને તેનું) હરણ કર્યું. (લક્ષ્મણાએ ભગવાનનું) વરણ કર્યા પછી, ત્યાર પછીનાં વાક્યોની* અનુવૃત્તિથી (ભગવાને હરણ કર્યું હતું એમ) જણાય છે. 'એકલાએ' વિશેષણથી ભગવાનનો પ્રતાપ (જણાવેલો છે), કારણ કે સઃ તે પ્રસિદ્ધ ભગવાન શ્રીકૃષ્ણ છે. 'જેમ ગરૂડે અમૃત (હરી લીધું હતું)' શબ્દોથી સામા પ્રહાર વિના લઇ આવવા(ના વિષય)માં અને ઇંદ્ર વિગેરે ઉપર વિજય મેળવવા(ના વિષય)માં દૃષ્ટાંત કહેલું છે. આ(નો વૃત્તાંત) આગળ‡ વિસ્તારથી કહે છે. (બીજી) સર્વનો એક સ્થલે વિસ્તારથી વૃત્તાંત કહેલો છે અને આનો બીજે સ્થલે (કહેલો છે) એમ જણાવવા વાણીથી વિવાહ(નું વર્ણન કરતી) વખતે (આનો વૃત્તાંત) વિસ્તારથી કહેલો છે. ૫૭.

સાધનરૂપ[1] (પત્નીઓ)નું વર્ણન કરી, સાધ્ય† સાધનને અધીન હોવાથી નીચેના શ્લોકમાં તેઓનું[2] ટૂંકમાં નિરૂપણ કરે છે.

अन्याश्चैवंविधा भार्याः कृष्णस्यासन् सहस्रशः ॥
भौमं हत्वा तन्निरोधादाहृताश्चारुदर्शनाः ॥५८॥

અને ભૌમાસુરને હણીને તેના અંતઃપુરમાંથી આણેલી સુંદર દર્શનવાળી બીજી એવા પ્રકારની શ્રીકૃષ્ણની હજારો પત્નીઓ હતી. ૫૮

'च' 'અને' શબ્દથી આમનાથી ઉત્તમ તથા હલકી પત્નીઓનો સમાવેશ કરેલો છે. નરકાસુરને હણીને તેના અંતઃપુરમાંથી લાવવામાં આવેલી. તેણે જ એક સ્થલે ભેગી કરેલીને ભગવાન લઇ આવ્યા એ માત્ર દૃષ્ટાંત છે. 'चारु સુંદર दर्शनं જ્ઞાન અથવા સૌંદર્ય હતું જેઓનું' એ વિશેષણથી તેઓને લાવવાનું પ્રયોજન કહેલું છે. જૂદી (ગોપના) જાતની ગોપીઓ વિગેરે (આમના) સરખી ન હતી, ઉત્તમ હતી. (આમનાથી) હલકી તો અપ્સરાઓ (હતી, તેઓ) પોતે આવેલી. બધીએ પત્નીઓ હતી. બધીઓને ભગવાને મુક્તિ આપી એમ જણાવ્યું એ સ્પષ્ટ જ છે. એવી રીતે ભગવાને નિરોધ કર્યો. ૫૮.

ઇતિ શ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભ દીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમ સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો નવમો અધ્યાય સંપૂર્ણ.

---

* જૂઓ ૧૦–૮૦–૩૧ થી ૩૫

‡ આ સ્કંધના અધ્યાય ૮૦ માં.

[1] 'સાધનરૂપ' એટલે વિદ્યારૂપ એવો અર્થ છે (લે)

† 'સાધ્ય' એટલે સાધનથી જે પ્રાપ્ત કરવાનું છે તે. આઠ પટરાણીઓને ૧૦.૮૦–૧૬ ઉપરનાં શ્રીસુબોધિનીજીની કારિકામાં પહેલા (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન. વંદન, દાસ્ય, સખ્ય) આઠ પ્રકારની ભક્તિરૂપ કહેલ છે. આ આઠ પ્રકારની ભક્તિ સાધનરૂપ છે. તેથી પ્રાપ્ત કરવાનું સાધ્ય 'આત્મ નિવેદન' છે.

[2] આ બધીએ સાધ્યરૂપ હતી, એવો અર્થ છે (લે)

* * *

॥ अथ दशमोऽध्यायः ॥ અધ્યાય દશમો

सर्वासामुद्धृतिः पूर्वं संक्षेपेण निरूपिता ॥
दशमे विस्तरेणाह तामेवान्यविभाषया ॥१॥

સર્વ (સ્ત્રીઓ)નો ઉદ્ધાર પહેલાં ટૂંકાણમાં કહ્યો. દશમા (અધ્યાય)માં તે (ઉદ્ધાર)નેજ બીજા વિકલ્પપક્ષથી વિસ્તારથી કહે છે. કા. ૧.

यदर्थमवतीर्णोऽसौ नात्यन्तं तत्र मृग्यते ॥
हेतुरित्यत्र निर्णीत अतस्ता जगृहे हरिः ॥२॥

આ (ભગવાને) જે પ્રયોજનથી અવતાર લીધેલો છે તે વિષયમાં (તેમને) બહુ પ્રયાસ કરવો પડતો નથી. એવા હેતુનો* અહિં નિર્ણય કરવામાં આવે છે. તેથી હરિએ તેઓનો સ્વીકાર કર્યો. કા. ૨.

સામાન્ય રીતે સ્ત્રીઓના વિવાહનું વર્ણન કર્યું ત્યારે તેમાં (ભગવાનનું) પરાક્રમ સાંભળવામાં આવ્યું નહિ, તેથી તે (પરાક્રમ સાંભળવા) માટે, (રાજા) નીચેના શ્લોકમાં પ્રશ્ન કરે છે, કારણ કે જો બધાં કર્મો પરાક્રમવાળાં હોય તો તેઓ ભક્તિ ઉત્પન્ન કરે છે:—

॥ राजोवाच ॥ રાજા કહે છે:—

यथा हतो भगवता भौमो येन च ताः स्त्रियः ॥
निरुद्धा एतदाचक्ष्व विक्रमं शार्ङ्गधन्वनः ॥१॥

જે પ્રકારે ભગવાને ભૌમાસુર કે જેણે તે સ્ત્રીઓને પૂરી રાખેલી હતી તેને હણ્યો. આ શારંગ ધનુષ્યવાળાનું પરાક્રમ જણાય તેમ કહો. ૧.

'ભગવાન' હોવાથી (ભૌમાસુરને) હણે તેમાં સંદેહ નથી, પરંતુ (હણવાના) પ્રકારમાં જ (સંદેહ છે). 'ભૌમ' એ ભગવાનનો જ પુત્ર હતો.

'બધાએને જેમ હણ્યા તેમ તેને પણ હણ્યો, એટલે વિશેષ શું હોય?' એવી શંકા થાય, તેથી 'જેણે (તે સ્ત્રીઓને પૂરી રાખી હતી)' શબ્દ યોજેલ છે, કારણ કે તે રાજાઓની કન્યાઓ સોળ હજારની સંખ્યામાં હતી. જો (ભૌમાસુર તેના રહેવાના) સ્થાનથી અથવા (તેનો પોતાના) દેહથી પાસે જઈ શકાય તેવો હોત, તો બધાએ રાજાઓ ભેગા થઇ તેને હણત, કારણ કે પુત્રીનું હરણ થાય તે લજ્જા કરાવનારૂં છે. તેથી જણાય છે કે સર્વ પ્રાણીઓથી ન હણાય તેવો અને પાસે જઇ ન શકાય તેવો તે હતો. એટલે તેવાનો વધ લૌકિક નિયમ પ્રમાણે

---

* 'હેતુ', એટલે તર્ક. ભૌમાસુરને હણી આ સ્ત્રીઓનો ઉદ્ધાર કરવામાં ભગવાનને બહુ પ્રયાસ કરવો પડ્યો નથી, કારણ કે તેને તો બીજા કારણે (ઇંદ્રની ફરીઆદને લીધે) પણ હણવાનો જ હતો. આવા તર્કનો અહિં નિર્ણય કરેલો છે.

કેમ થયો? એવો વિચાર થાય છે. તે (કન્યા)ઓ પ્રસિદ્ધ હતી. વળી તેઓને પૂરી જ કેમ રાખી? તેમને ભોગવી કેમ નહિ? અથવા ભગવાન તેમને કેવી રીતે લઈ આવ્યા?*

જે પ્રકારે (ભગવાનનું) પરાક્રમ થાય[1] (જણાય), તે પ્રમાણે કહો. આથી એમ જણાવેલું છે કે તેઓ(ની સાથે)ના વિવાહમાં (ભગવાનને) કલેશ થએલો એમ લોકમાં જણાય છે, અને યુક્તિથી એમ જણાય છે કે (ભગવાનને) કલેશ થયો નહતો, કારણ કે આ શારંગ ધનુષ્યવાળા છે, (અને) શક્તિવાન કલેશ થાય તેમ કાર્ય કરતા નથી. ૧.

તે સંબંધમાં પ્રસંગને લીધે તેઓનો (ભગવાન સાથે) વિવાહ થયો હતો એમ કહેવા, ભગવાન દેવોના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા એમ નીચેના શ્લોકમાં કહે છે:–

॥ श्रीशुकउवाच ॥ શ્રીશુક કહે છે:—

इन्द्रेण हृतच्छत्रेण हृतकुण्डलबन्धुना ॥
हृतामराद्रिस्थानेन ज्ञापितो भौमचेष्टितम् ॥२॥

જેનું છત્ર હરાએલું હતું, જેનાં બંધુના કુંડલ હરાએલાં હતાં, અને જેનું મેરૂ પર્વત ઉપરનું સ્થાન હરાએલું હતું તેવા ઇંદ્રે ભૌમાસુરનું કર્મ જણાવેલા (ભગવાન)....૨.

પહેલાં નરકાસુરે દિગ્વિજયમાં ઇંદ્રને હરાવીને (પોતાનો) વિજય જાહેર કરવા (તેનાં) ત્રણ (પદાર્થો) લઇ લીધા. (૧) રાજાપણું જણાવનારૂં છત્ર. તે(છત્ર લેવા)થી ઇંદ્રપણું લીધું. (૨) અદિતિના પુત્ર હોવાપણું અને કશ્યપના પુત્ર હોવાપણું (એ) જેનું માહાત્મ્ય હરી ન શકાય તેવાં છે એમ માનીને, કશ્યપથી ભગવાન મોટા હોવાથી પિતાને લીધે પ્રાપ્ત થતી સરસાઇ (પોતાની) સિદ્ધ થતાં, (પોતે) ભૂમિનો પુત્ર હોવાથી 'અથવા આ (ભૂમિ) અદિતિ છે' વાક્ય પ્રમાણે (પોતે પણ) આદિત્ય† સિદ્ધ થતાં, ઉત્તમ રૂપ પ્રકટ કરનારાં તે(અદિતિ)નાં બે કુંડલો લઇને

---

* 'જે ભગવાન તે સ્ત્રીઓને ભૌમાસુર પાસેથી લઇ આવ્યા' એમ 'निरुद्धाः' એટલે છોડાવી લાવ્યા, એવો બીજો અર્થ કરેલ છે.

[1] ('જે પ્રકારે ભગવાને ભૌમાસુરને હણ્યો'-) એમ જે પહેલાં પૂછ્યું તે ભગવાનના પરાક્રમ તરીકે કહો, એવો અર્થ છે. **पतत्** શબ્દ **विक्रमं** નું વિશેષણ નથી: તેનું વિશેષણ હોય તો '**पतम्**' જોઇએ. (ले)

† ઇંદ્રના પિતા કશ્યપ અને માતા અદિતિ હતાં. ભૌમાસુરના પિતા ભગવાન અને માતા ભૂમિ હતાં. કશ્યપ કરતાં ભગવાન ઉંચા હોવાથી તે વિષયમાં ભૌમાસુર વધારે ઉત્તમ હતો. ભૂમિ પણ અદિતિ હોવાથી (અદિતિ શબ્દનો અર્થ પણ ભૂમિ થાય છે) ઇંદ્રની પેઠે ભૌમાસુર પણ અદિતિનો પુત્ર આદિત્ય હતો.

(ભૌમાસુરે) પોતાની માતા ભૂમિને આપ્યાં. (૩) તેજ પ્રમાણે ત્રણ લોકના અધિપતિપણાનો પણ નાશ કરવો જોઇએ. (क) તે પૈકી જે જ્યાં રહેતો હોય, તેનાં અધિપતિપણાંનો નાશ કરવો જોઇએ નહિ, કારણ કે તે સાધારણ થાય.[1] (ख) તેથી (ઇંદ્રનાં) ભૂમિના અધિપતિપણાનો નાશ કરવા 'अमराद्रिस्थानं' મેરૂ (પર્વત) ઉપર ઇંદ્રનું જે સ્થાન હતું તેને પણ હરી લીધું. (ग) આથી (એમ સૂચવ્યું કે) પોતાના (ભૌમાસુરના) સ્થાનનું અધિપતિપણું (ઈંદ્રમાં) રહ્યું જ નહતું, તેથી (તેનું) પાતાલનું અધિપતિપણું દૂર કરવા કાંઇ પણ કર્યું નહિ. (क) સ્વર્ગનું (ઈંદ્રનું) સ્થાન પણ લેવું છે એવો (તેનો) નિશ્ચય હતો.

(ભગવાનના) બીજા અવતારો હોય, ત્યારે અવતારનું જે પ્રયોજન હોય તેટલું જ (તો) કરે છે; અધિક (કાંઇ) કરતા નથી. તેમજ વામન (પોતાના) પુત્રને હણવા ઇચ્છતા નહતા; પરંતુ ભાઇ કરતાં પુત્ર (તેમને) પ્રિય હતો. વળી અદિતિ કરતાં ભૂમિ (વધારે) ભક્ત હતી[2] તેથી, અને પોતાના કરતાં પણ પુત્ર પ્રિય હતો તેથી, પુત્ર પોતાની માતાને કુંડલો આપતો હતો તેમાં તેને અટકાવ્યો નહિ. (ભગવાનનો) ઉત્તમ અવતાર થાય ત્યારે સર્વ (અવતારો)માં રહેલું તેજ તેમાં જ પ્રવેશ કરે છે. તેથી[3] વામન ઉદાસીન (બેદરકાર) રહ્યા, એટલે ઇંદ્રે શ્રીકૃષ્ણને જ વિજ્ઞપ્તિ કરી.

હરાએલાં હતાં બે કુંડલો બંધુના એટલે માતાના જેની,[4] હરાએલું હતું મેરૂ પર્વતનું સ્થાન જેનું તેવો (ઇંદ્ર થએલો).

---

[1] નરકાસુર પોતે પાતાલમાં રહેતો, તેથી પાતાલનું અધિપતિપણું લેવામાં ઝાઝા પ્રયાસની તેને જરુર નહતી, તેથી તેણે (ઈંદ્રનું) ભૂમિનું અધિપતિપણું 'લઇ લીધું એવો અર્થ છે. તે (આસામની સરહદ પાસે) કામરૂપ દેશમાં રહેતો હોવા છતાં, અસુર હોવાથી તેને રહેવાનું સ્થલ પાતાલ જ હતું (ले). અહિં પાતાલના અધિપતિપણાની ચર્ચા જણાતી નથી. નીચે (ग) વાળા ભાગમાં તેની ચર્ચા છે. અહિં સ્વર્ગના અધિપતિપણાની વાત કરતા હોય તેમ જણાય છે. ઈંદ્ર સ્વર્ગમાં રહેતો એટલે સ્વર્ગનું અધિપતિપણું તેની પાસેથી લઇ લેવામાં આવે તો પણ તે ત્યાં રહેતો હોવાથી સ્વર્ગ ભૌમાસુર અને ઈંદ્રની સામાન્ય મિલ્કત ગણાય, એવો ભાવ જણાય છે.

[2] ભૂમિ અને અદિતિ બંને ભક્ત હતા. તેથી બંને વામનને સરખા હોવાથી (અદિતિના કુંડલ લઇ ભૌમાસુરે ભૂમિને આપ્યા તેમાં) તેમણે તેને અટકાવ્યો નહિ. વળી પોતાનો પુત્ર (તેની માતાને આપતો) હતો તેથી અટકાવ્યો નહિ એવો અર્થ છે (ले). વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં '**अदितेर्भूमिश्च भक्तेति स्वापेक्षया...**' પાઠ છે તે પ્રમાણે અનુવાદ કરેલો છે.

[3] 'તેથી' એટલે (વામનનું) તેજ ભગવાનમાં પ્રવેશેલું હોવાથી. (ले)

[4] 'હરાએલાં કુંડલોવાળો હતો બંધુ જેનો' એમ સમાસ છોડવો. (ले) બે બહુવ્રીહિ-સમાસનો આ શબ્દ બનેલ છે.

(ભૌમાસુરનું) કર્મ વધારે લઇ (લેવારૂપ (ઈંદ્રે) ભગવાનને જણાવ્યું; કારણ કે તેમનો પુત્ર બીજાથી હણી શકાય તેવો નહતો, કારણ કે પહેલાં ભગવાન ચાર મૂર્તિ (આકાર)વાળા હતા. તે પૈકી (૧) એક તપ કરતી. (૨) બીજી (જગતનું) રક્ષણ કરતી. (૩) ત્રીજી ભોગ કરતી (અને ૪) ચોથી તો નિદ્રા કરતી. તેઓનું કર્મ રેંટની ડાલની પેઠે વારાફરતી એવી રીતે થતું કે જે (પહેલાં) તપ કરતી તે (પછી) રક્ષણ કરતી. જે રક્ષણ કરતી તે (પછી) ભોગ કરતી. જે ભોગ કરતી તે (પછી) નિદ્રા કરતી (અને) જે નિદ્રા કરતી તે (પછી) તપ કરતી; અને (દરેક) ક્રિયાનો સમય એક હજાર વર્ષનો હતો. તેમાં આ (એવી) વ્યવસ્થા હતી (કે) જે તપ કરતી તે ઉઠતી; અને જે કોઇ પોતાના માટે તપ કરતા તેમના ઉપર પ્રસન્ન થતી. એવા સંજોગોમાં એક વાર ભૂમિ તપ કરતી રહેલી, અને સંધ્યા સમયે ભગવાને ઉઠીને તેને વર માગવા પ્રેરણા કરી. પછી સંધ્યા સમયે ભૂમિએ પુત્ર માગ્યો. પછી આ નરકાસુર ઉત્પન્ન થયો. કાલ (સંધ્યા)ને લીધે (તે) અસુર થયો. પછી ભૂમિએ ભગવાનને ફરી પ્રાર્થના કરી કે આને હણુવો નહિ. પછી ભગવાને કહ્યું કે 'તારી સંમતિ વિના હું (તેને) હણીશ નહિ,' અને પોતાનું નારાયણ નામનું શસ્ત્ર એવા હેતુથી આપ્યું કે જ્યાં સુધી આની પાસે (તે) શસ્ત્ર હોય ત્યાં સુધી (તેનું) મૃત્યુ થાય નહિ. પણ તે અસુર હોવાથી મહાદેવનો ભક્ત થયો અને નારાયણ અસ્ત્રના સરખું ત્રિશૂલ (તેણે) પ્રાપ્ત કર્યું. પછી પોતે શિવનો ભક્ત હોવાથી પોતાના માટે ત્રિશૂલ રાખ્યું; (અને પોતાના) પુત્ર ભગદત્તને નારાયણ અસ્ત્ર આપ્યું. તેથી તેને હણવામાં ભૂમિની સંમતિ જ લેવી રહી, અને સત્યભામા ભૂમિ (હતાં). ૨.

તેથી નરકાસુરનો વધ કરવા સત્યભામા સાથે ભગવાન ગરૂડ ઉપર બેસીને પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

सभार्यो गरुडारूढः प्राग्ज्योतिषपुरं ययौ ॥
गिरिदुर्गैः शस्त्रदुर्गैर्जलाग्न्यनिलदुर्गमम् ॥
मुरपाशायुतैर्घोरैर्दृढैः सर्वत आवृतम् ॥३॥

પત્ની સાથે ગરૂડ ઉપર બેસીને પર્વતોને લીધે શસ્ત્રોને લીધે જલ અગ્નિ અને વાયુને લીધે જઇ ન શકાય તેવા (અને) મુરના ઘોર મજબૂત હજારો બંધનોથી સર્વ તરફ વીંટાએલા પ્રાગ્જ્યોતિષ નગર પધાર્યા. ૩

'પ્રાગ્જ્યોતિષપુર' એ તે (ભૌમાસુર)ના નગરનું નામ હતું. જે સમયે તેજ જલ અને અન્નરૂપ સૃષ્ટિ થઇ તે પહેલાં આ સ્થાન બનાવેલું એમ જણાવવા તેવું નામ (રાખેલું). પછી છેલ્લી બે પંક્તિઓમાં તેના છ કિલ્લાઓ વર્ણવે છે. (૧) (તેની) સર્વ બાજુએ ઘોડેસ્વાર જઇ ન શકે તેવા गिरयः પર્વતો હતા, હમણાં

‘કામરૂપદેશ’ એ નામથી તે (સ્થલ) પ્રસિદ્ધ છે. (૨) બીજાં શસ્ત્રોના કિલ્લાઓ ‘કિલ્લો’ એટલે ફરતા બધી બાજુએ રહીને (અંદર) જવામાં અટકાવ કરનાર. ખડ્ગ વિગેરે શસ્ત્રો હતાં. અસિપત્રવનના* જેવું (તે થયું) (૩) પછી વચમાં બધી બાજુએ ફરતું જલ હતું. (૪) પછી અંદર અગ્નિ હતો; (૫) તેથી અંદર વાયુ હતો એવો (અર્થ છે). (૬) મુર એ પંચપર્વવાળી અવિદ્યાની સંભાળ રાખનાર દૈત્ય હતો. તેના બંધમો સર્વથી અંદરના કિલ્લા બનેલા હતા, અને પહેલાનાં (બધા) કરતાં પણ મજબૂત હતા. આથી એમ સૂચવેલું છે કે (કિલ્લાઓ) અનુક્રમે એક પછી એક વધારે મજબૂત હતા. ‘સર્વ તરફ વીંટાએલા’ નો એવો (અર્થ છે કે) બધાએ (કિલ્લાઓએ) માર્ગ પણ રાખેલો નહિ. (ભોમાસુર) પોતે તો આકાશમાં ઉડનારો હતો. તેજથી આરંભી (છેલ્લા) ત્રણ કિલ્લાઓ તો ઉપર (આકાશમાં) પણ હતા એવી દંતકથા છે. તેથી (તે સ્થાન) સર્વથી (કોઇથી) જઇ ન શકાય તેવું હતું. ૩.

તેવા (ભૌમાસુર)ના પણ લૌકિક પ્રકારથી (કરેલા) વધનું વર્ણન કરવા માટે, નીચેના શ્લોકમાં અનુક્રમ (ભગવાને કરેલ) કિલ્લાઓનો નાશ જણાવે છે:—

गदया निर्बिभेदाद्रीन् शस्त्रदुर्गाणि सायकैः ॥
चक्रेणाग्निं जलं वायुं मुरपाशांस्तथासिना ॥४॥

(ભગવાને) ગદાથી પર્વતોના ચૂરા કર્યા, બાણોથી શસ્ત્રોના કિલ્લાઓને કાપી નાખ્યા, અગ્નિ જલ અને વાયુનાનો ચક્રથી વિનાશ કર્યો, અને મુરના બંધનોને તરવારથી કાપી નાખ્યા ૪.

ગદાના પ્રહારથી પર્વતોના ચૂરા કર્યા. તેથી પહેલા કિલ્લામાં માણસોને પણ જવાનું સહેલું થયું, અને હમણાં તેજ માર્ગ છે: બાણોથી શસ્ત્રોના કિલ્લાઓને કાપી નાખ્યા. સુદર્શનથી જલ અગ્નિ અને વાયુના કિલ્લાઓનો વિનાશ કર્યો એમ ‘(અગ્નિ જલ અને વાયુનાનો) ચક્રથી’ શબ્દથી કહે છે. આરંભમાં (સુદર્શને) પોતાની જાતના (અગ્નિ)નો વિનાશ કરવા અગ્નિમાં પ્રવેશ કર્યો. તે (અગ્નિ) (જલ અને વાયુ) બંનેના આધારરૂપ છે, અને તેનું કાર્ય જલ છે. (તેમાં અને પછી (તેના) કારણ વાયુમાં એમ (તેના) છેડા ઉપર રહેલામાં પ્રવેશ કર્યો, અને મુરના બંધનોને તો (ભગવાને) નંદક† તરવારથી કાપી નાખ્યા. ૪.

એ પ્રમાણે કિલ્લાઓનો નાશ કરી દૂરથી હણવાનાં સાધનરૂપ યંત્રો જેવાં કે પથરા ફેંકવાના વિગેરે (ભગવાને) કાપી નાખ્યાં, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

---

* આ એક નરકનુ નામ છે. આ નરકમાં વૃક્ષોને પણ તરવારની ધાર જેવાં પાંદડાઓ છે. (જૂઓ ૫-૨૬-૧૫).

† શ્રીકૃષ્ણની તરવારનું નામ ‘નંદક’ છે.

शङ्खनादेन यन्त्राणि हृदयानि मनस्विनाम् ॥
प्राकारं गदया गुर्व्या निर्बिभेद गदाधरः ॥५॥

શંખના નાદથી યંત્રોનો (અને) બહાદુરોનાં હૃદયોનો (વિનાશ કર્યો પછી) ગદાધરે મોટી ગદાથી કિલ્લાની દિવાલના ચૂરેચૂરા કર્યા. ૫

અને બહાદુર (અસુરો)નાં હૃદયો એટલે ઉત્સાહ શક્તિઓનો વિનાશ કર્યો. પછી કિલ્લાની દિવાલના ચૂરા કર્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. 'મોટી' વિશેષણથી ત્યાં (કિલ્લાની દિવાલ ઉપર) રહેલા દેવોનો નાશ કરવાની શક્તિ જણાવેલી છે. તે (દેવો) આવીને (ભગવાનને) અટકાવે તેમ નહતા એમ જણાવવા (નિર્બિભેદમાં) નિર્ ઉપસર્ગ મૂકેલો છે. 'ગદાધર' એટલે 'ભવિષ્યમાં યુદ્ધ કરવા માટે સાવધાન' એવો અર્થ છે. ૫.

पाञ्चजन्यध्वनिं श्रुत्वा युगान्ताशनिभीषणम् ॥
मुरः शयान उत्तस्थौ दैत्यः पञ्चशिरा जलात् ॥६॥

યુગના અંતે થતા અગ્નિથી પણ ભયંકર પાંચજન્યનો અવાજ સાંભળીને પાંચ માથાવાળો સૂતેલો દૈત્ય મુર જલમાંથી ઉઠ્યો. ૬.

એ પ્રમાણે (તે સ્થાનમાં જવાને કરેલી) બધી અડચણો દૂર કરીને (ભગવાન) સાવધાન થયા. 'વિષ્ણુના મુખમાંથી નીકળતા પવનથી પૂરેલાનો જેનો અવાજ દાનવોના મદનો નાશ કરનારો છે' એમ (પાંચજન્ય) શંખના અવાજનું માહાત્મ્ય જણાવેલું છે.

પછી (કિલ્લાની) ખાઇના જલમાં મદને લીધે સૂતેલો (મુર) તે (શંખ)ના અવાજથી પોતાના મદનો નાશ (થતો) માનીને '(આ) કેમ થયું ?' એમ (તેનું) કારણ શોધવાને ઉઠ્યો. (શંખનો) અવાજ માત્ર (પોતાના) માહાત્મ્યથી જ મદનો નાશ કરતો નહતો, પરંતુ સ્વરૂપથી પણ તેવો હતો એમ 'યુગના અંતે થતા અગ્નિથી પણ ભયંકર' વિશેષણથી કહેલું છે, 'યુગનાં અંતે' એટલે પ્રલયના સમયે, તેમાં (તે સમયે) પણ હણનાર તરીકે જ પ્રસિદ્ધ થએલો (જે) અગ્નિ, તેનાથી પણ ભયંકર (અવાજ) મદનો નાશ કરે જ, પ્રલય સમયે દૈત્યોનો મદ રહે છે એમ પ્રસિદ્ધ છે. તેથી મદથી નિશ્ચિત (થઇને) સૂતેલો પણ ઉઠ્યો, અને તે દૈત્ય હતો, તેથી હણવા યોગ્ય જ હોવાથી, ભગવાન તરફ મુખવાળો* હોવા છતાં શત્રુ જ બન્યો. તે અવિદ્યા સાથે સંબંધ ધરાવનારો હતો એમ જણાવવા 'પાંચ માથાવાળો' વિશેષણ યોજેલું છે. 'પાંચ હતાં માથાં જેનાં' એવો સમાસ છે. 'મુર' એવું જ (તેનું) નામ હતું. 'જલમાંથી' એટલે ખાઈના સંબંધવાળાં (ખાઈમાં રહેલા) (જલ)માંથી (ઉઠ્યો). ૬.

---

[*] એવો અવાજ થવાનું કારણ શોધવા ઉઠયો એટલે જે બાજુથી અવાજ આવતો હતો તે બાજુએ જૂએ, એટલે ભગવાન તરફ મુખવાળો થાય.

ઉઠ્યો કે તરત જ તે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે:–

त्रिशूलमुद्यम्य सुदुर्निरीक्षणो युगान्तसूर्यानलरोचिरुल्बणः ॥
ग्रसंस्त्रिलोकीमिव पञ्चभिर्मुखैरभ्यद्रवत्तार्क्ष्यसुतं यथोरगः ॥७॥

સામે જોઇ ન શકાય તેવો, યુગાન્તના સૂર્ય અને અગ્નિ જેવી કાંતિવાળો, ઘોર, પાંચ મુખોથી ત્રણ લોકોને જાણે કે ગળી જતો હોય તેવો, (સુર) ત્રિશૂલ ઉગામીને જેમ સર્પ ગરૂડ તરફ દોડે તેમ સામો દોડી આવ્યો ૭.

આથી એમ કહેલું છે કે (બીજો કોઇ) મદદ કરનાર ન હોવા છતાં વીર હતો. 'સામે જોઇ ન શકાય તેવો' નો (અર્થ એવો છે કે,) તે તેવો હોય તે યોગ્ય જ હતું, કારણ કે જેને જોઇ જ શકાય નહિ, તેની સાથે યુદ્ધ કોણ જ કરે? અને વળી તે 'યુગાન્તના સૂર્ય અને અગ્નિ જેવી કાંતિવાળો ઘોર' હતો. પાંચજન્યનો અવાજ તો પ્રલયના અગ્નિ જેવો જ હતો. આની તો દેહની કાંતિ પણ યુગાન્ત (પ્રલય)ના સૂર્ય અને અગ્નિ જેવી હતી, અને (તે પોતે) તેથી પણ ઘોર હતો. તેથી જ યુદ્ધમાં તે ભયરહિત હતો. જે મહાભૂતોનું પણ ભક્ષણ કરવાને શક્તિવાળો છે, તેને કેમ જીતાય? એમ '(પાંચ મુખોથી) ત્રણ લોકોને જાણે કે ગળી જતો હોય તેવો' વિશેષણથી કહેલું છે. પાંચ મુખોથી ચાર દિશાઓમાં અને ઉપર (આકાશમાં) બધાએ લોકોનું તે ભક્ષણ કરતો હતો.

તે રાક્ષસ હોવાથી* તેનો માત્ર દેખાવ જ ભયંકર હતો પરંતુ તે યુદ્ધ કરવા શક્તિવાળો નહતો, એમ જણાવવા 'જેમ સર્પ ગરૂડ તરફ (દોડે)' એવું દૃષ્ટાંત કહેલું છે. જેમ (ગરૂડનો) ખોરાક સર્પ ગરૂડ તરફ દોડે તેમ (તે સામો દોડી આવ્યો. ૭.

નીચેના શ્લોકમાં તેના પરાક્રમનું વર્ણન કરે છે:—

आविध्य शूलं तरसा गरुत्मते निरस्य वक्त्रैर्व्यनदत्स पञ्चभिः ॥
खं रोदसी सर्वदिशोऽन्तरं महानापूरयन्नण्डकटाहमावृणोत् ॥८॥

ત્રિશૂલને ફેરવીને ઝડપથી ગરૂડ ઉપર ફેંકીને તેણે પાંચ મુખોથી ગર્જના કરી. (તે) મોટા (નાદે) આકાશ, પૃથ્વી અને સ્વર્ગ બધી દિશાઓ અને મધ્ય પ્રદેશ પૂરી દઇને બ્રહ્માંડના પડને ભરી દીધું. ૮.

---

*મી. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલી પ્રતમાં '**न समायेति**' પાઠ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં '**न समयेति**' પાઠ છે. મી. તેલીવાળાએ આ પાઠ સંદિગ્ધ હોવાથી બીજા પાઠો સૂચવ્યા છે. મને લાગે છે કે '**स माय इति**' પાઠ હોવો જોઇએ. આ પાઠથી અર્થ બરાબર ઘટે છે. તેથી આ પાઠ લઇ અર્થ કરેલો છે.

(आविध्य' એટલે) ઉંચું કરીને અથવા ફેરવીને, 'ઝડપથી' બીજો (લડનાર પક્ષ) સાવધાન થાય નહિ તેટલા સમયમાં (ફેંક્યું). તે ભગવાનનાં દર્શન કરવા શક્તિમાન નહતો, કારણ કે ભગવાન અવિદ્યાથી જણાતા નથી; તેથી તેણે ગરૂડને (ત્રિશૂલ) માર્યું. કાલ પછી જ (તેને) ભગવાનની પ્રાપ્તિ થવાની હોવાથી, તેણે કાલરૂપ ગરૂડમાં ખળભળાટ કર્યો. निरस्य એટલે ફેંકીને. ફેંકવાથી (તેનો) તિરસ્કાર સૂચવેલો છે, કારણ કે 'મારા બલને ત્રિશૂલથી પુષ્ટિ મળતી નથી' એવા અભિપ્રાયથી તરખલાંની પેઠે (તેને) ફેંકી દીધું. પછી અવિદ્યાથી તે(ગરૂડ)ને મોહ ઉત્પન્ન કરવા પાંચ મુખોથી તેણે ગર્જના કરી: બીજા (ભગવાન) તો એક પ્રકારે ગર્જના કરે છે, હું પાંચ પ્રકારે ગર્જના કરૂં છું એમ જણાવવા ઉત્તમ પ્રકારે શંખનાદ કર્યો. તે નાદનું માહાત્મ્ય ઉત્તરાર્ધમાં કહેલું છે. બધાંએ પોલાણનાં સ્થાનો ભરી દઈને તેણે બ્રહ્માંડના પડને પૂરી દીધું. એટલે બ્રહ્માંડને ફોડી નાખી (તેની) ઉપર પણ ગયો, એવો અર્થ છે. તત્ત્વોને પણ અવિદ્યાથી મોહ થાય છે તેથી શબ્દ અલૌકિક હોવાથી (બ્રહ્માંડની) બહાર ગયો. બ્રહ્માંડ પણ ઇંડું હોવાથી, રૂવાંડાંના છિદ્રો પેઠે છિદ્ર(વાળું) છે. વચમાં સર્વ સ્થલો (અવાજથી) પૂરાએલાં નહિ હોય એવી શંકા થાય, તેથી દરેકને ગણાવે છે. 'खम्' એટલે (સ્વર્ગ અને પૃથ્વીની) વચ્ચે રહેલું આકાશ; અથવા બધા (પ્રાણીઓ)નાં હૃદયરૂપ આકાશ 'रोदसी' એટલે સ્વર્ગ અને પૃથ્વી. 'બધી' એટલે આઠ દિશાઓ. अन्तरं એટલે (બધાની) વચલો પ્રદેશ. 'અવાજના અથડાવાથી ઉત્પન્ન થએલો બીજો અવાજ તેવો (સર્વ પ્રદેશ પૂરનારો) હશે' એવી શંકા થાય, તેથી 'મોટા' વિશેષણ યોજેલું છે. વધતા જવાના નિયમ પ્રમાણે આ સર્વ તરફથી (બધા પ્રદેશોને) ભરી દીધાં. ૮.

એ પ્રમાણે તેના પરાક્રમનું વર્ણન કરીને, તેનું નિવારણ (કરવા) માટે ભગવાને (કરેલ) ચરિત્ર નીચેના શ્લોકથી કહે છે:—

तदापतद्वै त्रिशिखं गरुत्मते हरिः शराभ्यामच्छिनत्त्रिधौजसा ॥
मुखेषु तं चापि शरैरताडयत्तस्मै गदां सोऽपि रुषा व्यमुञ्चत ॥९॥

ગરૂડ ઉપર પડતા તે ત્રિશૂલના (તેના) તેજ સહિત હરિએ બે બાણોથી ત્રણ કટકા કર્યા, અને તેને પણ મુખો ઉપર બાણો માર્યાં. તેણે પણ ક્રોધથી તેમના ઉપર ગદા ફેંકી. ૯

તે ત્રિશૂલ ઉડતું ગરૂડ ઉપર પડવાની* સ્થિતિમાં જ હતું, 'ત્રિશૂલ' શબ્દથી એમ સૂચવેલું છે કે (તે) ત્રણ કટકા કરતું એટલે તે ત્રણ (લોક)માં સત્ય દેવોને પણ હણનારૂં હતું. 'ગરૂડ' શબ્દથી (એમ કહેલું છે કે તે) પાંખવાળું ઘણું કોમલ (પક્ષી) હતું, અને પોતાની મેળે (ત્રિશૂલનું) નિવારણ કરવાની (તેનામાં) શક્તિ

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'पतदेव स्थितम्' પાઠ લીધેલો છે.

નહતી;* અને ભગવાન હરિ (દુઃખ હરનાર) હતા, તેથી (તેમણે ત્રિશૂલનું) નિવારણ અવશ્ય કરવું જોઇએ. તેથી બે બાણોથી (તેના) (ત્રણ) કટકા કર્યા, કારણ કે ત્રણ કટકા થાય ત્યારે તે ફરીથી કાર્ય (બલ) કરતું નથી. આથી એમ જણાવેલું છે કે તે ત્રિશૂલ દૈત્ય હતું. 'તેજ સહિત' એટલે 'જે પ્રકારે તેમાં રહેલ દેવતાનો પણ છેદ થાય તેમ,' અથવા 'તેના તેજ સહિત.' (તેના) તેજના પણ ત્રણ કટકા કર્યા, એવો અર્થ છે. માત્ર ત્રિશૂલના જ કટકા કર્યા એટલું જ નહિ, પરંતુ તેને પણ માર્યો એમ '(તેને પણ) મુખો ઉપર (બાણો માર્યા), શબ્દથી કહેલું છે. (તેના) આકારથી જેટલો લોકોને ભય થતો નહતો, તેટલો તેની ગર્જનાથી થતો હતો, તેથી મુખો ઉપર પ્રહાર કર્યા, એટલે પાંચ[1] (બાણો)થી (પ્રહાર કર્યા), અથવા (મુખો) પૂરી દીધાં.[2] તેવો અર્થ કરીએ ત્યારે જેટલા (બાણો)થી (મુખો) પૂરાય તેટલાથી[3] (પ્રહાર કર્યા); કારણ કે (તેની) ગર્જના જ બંધ કરવાની હતી. અથવા 'અને તેને પણ' શબ્દોથી (એમ કહેલું છે કે) તેના ઉપર પણ જૂદી રીતે હૃદય ઉપર અથવા લલાટ ઉપર પ્રહાર કર્યા. તે સમયે (ભગવાનનો દેવો પ્રતિ) પક્ષપાત જાણીને, (ભગવાનને) 'હું પહોંચીશ' એવા વિચારથી માર ખાધેલા **સોઽપિ** તેણે પણ **તસ્મૈ** ભગવાન ઉપર, 'અપમાન કરેલો બહુ ક્રોધ કરે છે' એ નિયમ પ્રમાણે ક્રોધથી દૂરથી જ ગદા ફેંકી. ૯.

તે ગદામાં પણ દેવતા રહેતી હોવાથી, ભગવાને પોતાની ગદાથી જ તેનું નિવારણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तामापतन्तीं गदया गदां मृधे गदाग्रजो निर्बिभिदे सहस्रधा ।
उद्यम्य बाहूनभिधावतोऽजितः शिरांसि चक्रेण जहार लीलया ॥१०॥

સંગ્રામમાં (પોતા તરફ) આવતી તે ગદાના ગદાગ્રજે ગદાથી હજારો કટકા કર્યા. અજીતે બાહુઓ ઉંચા કરીને દોડી આવતા (તે દૈત્ય)ના માથાંઓ ચક્રવડે રમતમાં ઉડાડી દીધાં ૧૦.

કૌમદકી (ગદા)થી ઘણા જ કટકા કર્યા. 'હજારો' શબ્દથી (એમ જણાવેલું છે કે તેમને) જોડવાનું (પાછી ગદા બનાવવાનું) અશક્ય કર્યું.

'એક જાતના (આયુધે) પોતાની સમાન જાતવાળાનો ઘાત કરવો અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'સંગ્રામમાં' શબ્દ યોજેલ છે. સંગ્રામમાં (એ પ્રમાણે ઘાત કરવો એ) દોષ નથી. 'ગદાગ્રજે' શબ્દ અનુપ્રાસ માટે યોજેલો છે, અથવા

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતનો '**निवारणासामर्थ्ये**' પાઠ લીધેલો છે.

[1] કારણ કે, જેમના ઉપર પ્રહાર કરવાનો હતો તે મુખો પાંચ હતા. (લે)

[2] કારણ કે પૂરી દેવાથી જ તે ગર્જના કરતો અટકે, એવો ભાવ છે. (લે)

[3] આ અર્થ પ્રમાણે બાણો પાંચ જ હતા એમ કહી ન શકાય. (લે)

(ભગવાન) સ્ત્રીઓનું હિત કરનાર હતા એમ (જણાવવા યોજેલો છે). ‘ બાહુઓ ઉંચા કરીને ’ શબ્દોથી (ભગવાનને તે) પકડવા આવતો હતો એમ કહેલું છે, અને ભગવાનથી તે સ્પર્શ કરવા યોગ્ય નહિ હોવાથી, (ભગવાને) કાલવડે જ તેને મારી નાખ્યો એમ ‘ માથાંઓ ચક્ર વડે ઉડાડી દીધાં ’ શબ્દોથી કહેલું છે. જેમ ખાતરીપૂર્વક જ સંસાર ન રહે તે પ્રકારે (અવિદ્યારૂપ દૈત્યના માથાંરૂપ) પાંચે અવયવોને છેદી નાખ્યા. ‘ રમતમાં ’ શબ્દથી (એમ કહેલું છે કે માથાં ઉડાડવામાં) સુદર્શનનું સામર્થ્ય નહતું. (ભગવાનના) પોતાના જ પુરૂષાતનનો ઉપયોગ થએલો, પરંતુ શ્રમ વિના થએલો, કારણ કે (શ્રમ) થયા પછી જ તે ઉતારવામાં* આવે છે. અથવા તે સ્થલે (ભગવાનની) લીલા જ કામમાં રોકાએલી રહે, એટલે તે (લીલા રોકાએલી રહેવાને) લીધે હવે નિરોધરૂપ સંસાર જ પ્રવર્તે, પરંતુ બીજો (અવિદ્યાથી થતો) પ્રવર્તે નહિ, એવા અભિપ્રાયથી ‘ लीलया ’ ‘રમતમાં’ એમ કહેલું છે. ૧૦.

માથાંઓ કપાઈ ગએલાં હોવા છતાં, (તે) દૈત્ય હોવાથી કદાચ (તેના) પ્રાણો હૃદય વિગેરેમાં રહે, તેથી કપાએલાં માથાવાળાની તેની પછીની સ્થિતિ નીચેના શ્લોકમાં કહે છે:—

व्यसुः पपाताम्भसि निकृत्तशीर्षो निकृत्तशृङ्गोऽद्रिरिवेन्द्रतेजसा ॥
तस्यात्मजाः सप्त पितुर्वधातुराः प्रतिक्रियामर्षजुषः समुद्यताः ॥११॥

પ્રાણ રહિત થએલો ઇંદ્રના તેજથી કપાએલા શિખરવાળા પર્વતની પેઠે ઘણું કપાએલાં માથાંવાળો (તે) જલમાં પડ્યો. પિતાના વધથી દુઃખી થએલા તેના સાત પુત્રોએ વેર વાળવા ક્રોધ ધારણ કરી (લડવા) તૈયારી કરી. ૧૧.

‘ જતા રહેલા છે પ્રાણો જેનાં ’ તેવો (તે થયો). (તે) ભૂમિ ઉપર પડે તો દૈત્ય હોવાથી પાછો ઉભો (જીવતો) થાય, તેથી “ જલો રાક્ષસોને હણનારાં છે ’ તેથી (તે) જલમાં પડ્યો એમ કહેલું છે. અવિદ્યા ઉપર પણ ભગવાનનું સામર્થ્ય (ચાલે) છે, અને ભવિષ્યમાં પણ (તેને) (ભગવાન) ઉત્પન્ન કરવાના† છે તેથી ‘ અજીતે ’† એમ કહેલું છે. કોઇથી પણ, માયા વિગેરેથી પણ ભગવાનનો

---

* ભગવાને પોતાના પુરૂષાતનનો શ્રમ વિના જ ઉપયોગ કરી મુરના માથાંઓ ઉડાડી દીધાં. શ્રમ થયો હોય તો તે ઉતારવાનું રહે. પરંતુ ભગવાને તો ‘ **लीलया** ’ રમતમાં જ, શ્રમ વિના જ તેમને ઉડાડી દીધાં, એવો ભાવાર્થ જણાય છે.

† ‘ **अग्रेऽप्युत्पादनार्थे** ’ એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લઇ અર્થ કરેલ છે. મી. તેલીવાલાવાળી પ્રતમાં ‘ **अग्रेऽप्युत्पादनाभावार्थे** ’ પાઠ છે. આનો અર્થ ‘ ભવિષ્યમાં પણ તે ઉત્પન્ન થાય નહિ તે માટે ’ એવો થાય છે, પણ મુરના વધ પછી પણ ભગવાને અવિદ્યાને ઉત્પન્ન કરેલી હોવાથી વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે ભગવાન ‘ અજીત ’ હોવાથી ફરી અવિદ્યા ઉત્પન્ન કરવામાં તેમની કાંઇ ક્ષતિ થતી નથી, એવો અર્થ લઈ શકાય.

પરાજય થએલ નથી. 'ઘણું કપાએલાં માથાંવાળો' એટલે ઘણું કપાએલ છે માથું જેનું (માથાં જેનાં) તેવો. (માથાં) ફરી જોડી શકાય તેમ નહતું એમ જણાવવા, અથવા (તેઓનું) કપાવું આધિદૈવિક હતું એમ જણાવવા 'ઘણું કપાએલ' હોવાનું (કહેલું) છે. બીજા યુગમાં પણ (તેનો) પ્રાદુર્ભાવ થાય તેમ નહતું એમ જણાવવા 'કપાએલા શિખરવાળા પર્વતની પેઠે (પડ્યો)' એવું દૃષ્ટાંત કહેલું છે. 'ઈંદ્રના તેજથી' એટલે વજ્રથી. તેવો શબ્દ (એમ) સૂચવે છે કે જો ફરી (પર્વત) ઉભા થાય તો (તેઓને) ઈંદ્રનો ભય છે. તે પ્રમાણે અહિં (મુર) પણ ભયને લીધે (ફરી) ઉભો થતો નથી.

(અવિદ્યાથી થતા) સાત વ્યસનરૂપ તેના પુત્રોને (તેઓની સેનાના) અધિપતિઓ સહિત હણ્યા એમ કહેવા, ઉત્તરાર્ધથી તેઓ આવ્યા એમ કહે છે. મૂલ કપાતાં શાખાઓની પેઠે તેઓ નમાલા થવાથી; પિતાના વધથી દુઃખી થએલા તેઓએ વેર વાળવા માટે **अमर्षजुषः** ક્રોધ ધારણ કર્યો. વેર વાળવું એટલે હણનારને હણવું. (તે કાર્ય કરવા તેઓ) પોતે શક્તિવાળા નહિ હોવાથી, 'ક્રોધથી પણ કદાચ (તે કાર્ય) થશે' એવા વિચારથી તેઓએ ક્રોધનો ઉપયોગ કર્યો. 'તૈયારી કરી' શબ્દથી (તેઓની યુદ્ધ માટેની) બહારની સામગ્રી કહી, અંદર(ની સામગ્રી) ક્રોધ હતો. ૧૧.

તેઓ પ્રસિદ્ધ હતા એમ જણાવવા, નીચેના શ્લોકમાં તેઓનાં નામો ગણાવે છે:—

ताम्रोऽन्तरिक्षः श्रवणो विभावसुर्वसुर्नभस्वानरुणश्च सप्तमः ।।
पीठं पुरस्कृत्य चमूपतिं मृधे भौमप्रयुक्ता निरगुर्धृतायुधाः ॥१२॥

ભૌમાસુરે આજ્ઞા કરેલા તામ્ર અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ નભસ્વાન અને સાતમો અરૂણ સેનાના અધિપતિ પીઠને સંગ્રામમાં આગળ કરીને, હથીઆર ધારણ કરી નીકળ્યા. ૧૨.

'તામ્ર' એટલે રંગ (લાલ)ને લીધે ક્રોધરૂપ. 'અંતરિક્ષ' એટલે બધી ક્રિયાઓમાં કામમાં લઇ ન શકાય તેવો. 'શ્રવણ' એટલે આકાશરૂપ. 'વિભાવસુ' સૂર્ય અને અગ્નિની સમાન હતો. 'વસુ' ભીષ્મ વિગેરેથી પણ અધિક (બલવાન) હતો. 'નભસ્વાન' એટલે વાયુ. તે(વાયુ)ની સમાન હતો. 'અરૂણ' એટલે સર્વને જગાડનારો, અથવા રંગ (લાલ)ને લીધે ભય પમાડનારો. 'સાતમો' વિશેષણથી એમ જણાવેલું છે કે અહિં અનુક્રમ ઇચ્છેલો છે, 'પીઠ' તેઓનો આધાર બનેલો હતો. તે (પીઠ) નરકાસુરની સેનાનો અધિપતિ હતો. સંગ્રામમાં યુદ્ધ કરવા માટે નરકાસુરે પોતાના સ્થાનમાં (તેઓને) આજ્ઞા કરી; કારણ કે પિતાના વધને લીધે તેઓ પોતાના (નરકાસુરના) કરતાં પણ (વધારે) યુદ્ધ

કરશે, એવા અભિપ્રાયથી નરકાસુરે તેઓને (યુદ્ધ કરવા) મોકલ્યા: પહેલાં યુદ્ધ કરવા નીકળ્યા, અને પછી તેઓએ હથીઆર ધારણ કર્યાં. આ (હથીઆર ધારણ કર્યાં તે)થી યુદ્ધ (કરવા)નો નિશ્ચય જણાવેલો છે. ૧૨.

પછી તેઓએ શસ્ત્રોનો ઉપયોગ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

प्रायुञ्जतासाद्य शरानसीन् गदाः शक्त्यृष्टिशूलान्यजितेरुषोल्बणाः ॥
तच्छस्त्रकूटं भगवान् स्वमार्गणैरमोघवीर्यस्तिलशश्चकर्त ह ॥१३॥
तान् पीठमुख्याननयद्यमक्षयं निकृत्तशीर्षोरुभुजाङ्घ्रिवर्मणः ॥

ક્રોધથી ઉગ્ર થઇ, નજીક જઇને તેઓએ અજીત ઉપર બાણો, તલવારો, ગદાઓ, શક્તિઓ, અર્ષ્ટિઓ અને ત્રિશૂલો ફેંકયા. અહો! સદા સફલ વીર્યવાળા ભગવાને પોતાનાં બાણોથી તેઓનાં શસ્ત્રોના સમૂહના તલ તલ જેટલા કટકા કર્યા, (અને) જેઓનાં માથાં, સાથળો, ભુજાઓ, પગો અને કવચો કપાઇ ગએલાં છે તેવા પીઠ વિગેરે તેઓને યમને ઘેર મોકલ્યા ૧૩½.

आसाद्य નજીક જઇને, છ પ્રકારના શસ્ત્રો ભગવાન ઉપર નાખવામાં આવ્યાં તે 'બાણો' વિગેરે (શબ્દો)થી કહે છે. અર્ષ્ટિ અમુક પ્રકારનું હથીઆર છે. સાતે (મુરના પુત્રો)એ દરેકે છ પ્રકારના શસ્ત્રો ફેંકયા. જો કે ભગવાન 'અજીત' છે એમ તેઓ જાણતા હતા, છતાં પણ रुषा ક્રોધથી ઉગ્ર થઇ તેઓએ તેમ કર્યું. ભગવાને સામું કાર્ય કર્યું તે તેરમા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. 'પોતાના બાણોથી' એટલે અસાધારણ બાણોથી (તેઓના શસ્ત્રોના કટકા કર્યા). તેમ (અસાધારણ બાણોનો પ્રયોગ) ન હોય તો, બાણો અગ્નિના છે, તલવાર દુર્ગાની છે, ગદા વાયુની છે, અર્ષ્ટિ પણ વરૂણ વિગેરેની છે 'શક્તિ માયાની છે (અને) ત્રિશૂલ શિવનું છે. તેથી પોતપોતાના દેવતાઓ જેમની અંદર રહેલા છે તેવાં આટલા (હથીઆરો) નાશ ન પામે.

'તેઓને પણ ભગવાને જ પોતાનું સામર્થ્ય આપેલું. તેથી ભગવાને (તેઓને) કેમ કાપી નાખ્યાં?' એવી શંકા થાય, તેથી 'સદા સફલ વીર્યવાળા' વિશેષણ યોજેલું છે. તેઓને (ભગવાને) આપેલું સામર્થ્ય બીજાની પાસે જતાં નિષ્ફલ થયું, (અને) તેજ (સામર્થ્ય) પોતાના સ્થાનમાં (ભગવાન પાસે) સદા સફલ રહ્યું. તેથી સફલ (વીર્ય)થી નિષ્ફલ વીર્યવાળાઓનો નાશ થયો, એવો અર્થ છે. તલ તલ જેટલા કટકા કરવાથી એમ જણાવેલું છે કે લોઢાના કટકાઓને પણ પાછા લાવીને (હથીઆરો) બનાવવાનું અશક્ય હતું.

'ह' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. પ્રયોજન ન હોવાથી તેટલું બધું (તલ તલ જેટલા કટકા કરવાનું) કરવું ન જોઇએ, છતાં પણ પોતે ક્લેશ વિના

કર્મ કરનારા છે એમ જણાવવા (ભગવાને) તેટલું પરાક્રમ દેખાડ્યું.

શસ્ત્રોની વ્યવસ્થા જણાવીને, (તેમનો) ઉપયોગ કરનારાઓની વ્યવસ્થા ચૌદમા શ્લોકના પૂર્વાર્ધથી કહે છે. (તેઓને) 'યમને ઘેર' એટલે દંડ ભોગવવાજ, અથવા મુરની પેઠે, (તેઓ) ફરી (ઉભા થઈ) આવે નહિ તે માટે (મોકલ્યા). તેઓ પીઠને આગળ કરીને આવેલા, તેથી (પીઠ ઉપર તેઓનો) આધાર હોવાથી (તેઓનો) ઉત્સાહ નાશ પામે તે માટે આરંભમાં તેને જ હણ્યો. મૂર્છા વિગેરે અલૌકિક પ્રકારથી હણ્યા નહતા એમ જણાવવા '(જેઓનાં માથાં સાથળો ભુજાઓ પગો અને કવચો) કપાઇ ગએલાં છે' એ વિશેષણ યોજેલું છે. ચારે અંગો અને કવચ કપાઇ ગએલાં હતાં જેઓના તેવા (તેઓ હતા). પિતા (અવિદ્યારૂપ મુર)ના પાંચ અંશો તેઓમાં રહેલા હોવાથી, કાર્યમાં તેના અંશો ન રહે તે માટે માથું વિગેરે કાપી નાખ્યાં. (૧) માથાં, (૨) સાથળો, (૩) ભુજાઓ અને (૪) પગો (ચાર અંગો કાપેલાં). પહેલું અને છેલ્લું અનુક્રમે જ્ઞાન અને ગતિ આપનારાં છે, અને વચમાં (સાથળો) ઉત્પત્તિ અને (ભુજાઓ) કર્મ (કરાવનારાં) છે. તેથી એવો ક્રમ કરેલો છે. ૧૩½.

પછી મુર અને તેના પુત્રો બંનેના[1] ફલરૂપ[2] નરકાસુરની (ભગવાનની) સામે થવાની પ્રવૃત્તિ નીચેના શ્લોકમાં વર્ણવે છે:—

स्वानीकपानच्युतचक्रसायकैस्तथा निरस्तान्नरको धरासुतः ॥१४॥
निरीक्ष्य दुर्मर्षण आस्रवन्मदैर्गजैः पयोधिप्रभवैर्निराक्रमत् ॥

પૃથ્વીનો પુત્ર નરકાસુર પોતાની સેનાના રક્ષકોને તે પ્રમાણે અચ્યુતના ચક્ર અને બાણોથી હણાએલા જોઇને, ઘણા ક્રોધવાળો થઈ સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા મદ ઝરતા હાથીઓ સાથે (યુદ્ધ કરવા) બહાર આવ્યો. ૧૪½.

તેનો જય કરાવનારી સેનાઓ હતી, તે (સેનાઓ)ના સમૂહોના રક્ષકો (હણાયા). અજ્ઞાન અને વ્યસનોથી નરક પ્રાપ્ત થાય* છે, તેથી તેઓનુ નિવારણ થતાં, (નરકાસુર) પોતે હારેલો હોવા છતાં લૌકિક સાધનોથી પોતાનો વિજય થશે એમ માની મદ ઝરતા હાથીઓ સાથે (લઇ), યુદ્ધ કરવા બહાર નીકળ્યો. (ભગવાન) 'અચ્યુત' હોવાથી તેમની કોઇ પણ અંશથી હાનિ થઇ નહતી. મુર ચક્રથી હણાયો,

---

[1] 'બંનેના' એટલે મુર અને તેના પુત્રોના. (લે)

[2] 'ફલરૂપ' એટલે 'યુદ્ધના ફલ તરીકે દ્રવ્ય આપનાર.' (લે)

* અવિદ્યારૂપ અજ્ઞાન (મુર), અને તેના પુત્ર સાત વ્યસનો (મુરના પુત્રો)થી નરક પ્રાપ્ત થાય છે. તેથી નરક પ્રાપ્ત કરાવનાર અજ્ઞાન અને વ્યસનોનુ નિવારણ થતાં, નરકાસુર (નરક) હારી જ ગયો, એવો ભાવાર્થ છે.

બીજાઓ બાણોથી (હણાયા), એમ સાધન સાથે સાધ્ય* કહેલાં છે. ‘તે પ્રમાણે’ શબ્દથી (હણાવાનો) પ્રકાર પણ (કહેલો છે). પછી તેઓના કરતાં હાથીઓ વધારે બલવાન હતા એમ સૂચવવા પહેલાં (હણેલા)ને કહેલાં છે.

‘ભગવાન અગ્નિની પેઠે મોટાને તથા ઝીણાંને પણ બાળે છે, તેથી તેમનાથી ઘણા બલવાળા હાથીઓને પણ હણશે. તેથી તેણે (એવી) પ્રવૃત્તિ કેમ કરી ?’ એવી શંકા થાય, તેથી ‘ઘણા ક્રોધવાળો’ વિશેષણ યોજેલ છે; તે દુષ્ટ ક્રોધવાળો હતો. જ્ઞાનને ઢાંકી દેનાર (ક્રોધ તેનામાં) હતો, તેથી (તેની) તેવી પ્રવૃત્તિ થઈ. ‘મદ ઝરતા, સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા’ વિશેષણોથી હાથીઓનું ઉત્તમપણું વર્ણવેલું છે. (અનુક્રમે) કાર્યથી અને કારણને‡ લીધે ઉત્તમપણું વર્ણવેલ છે. જીવોમાં હાથીઓ સ્વભાવથી ઉત્તમ અને સારી રીતે ફરનારા† છે. તેથી ત્રણે પ્રકારનું ઉત્તમપણું જણાવ્યું. હાથીઓમાં ઉત્તમ બલનું કારણ મદનું ઝરવું જ છે. ઐરાવત (હાથી) સમુદ્રમાંથી ઉત્પન્ન થએલો, તેથી પિતા એક હોવાથી તેનું બલ સર્વમાં હોવાનું કહેલું‡ છે. ૧૪.

નરકાસુરને માતા પિતા અને કાલનાં દર્શન થયાં એમ કહેવા નીચેના શ્લોકમાં તેને થએલ ભગવાનનાં દર્શનનું વર્ણન કરે છે:—

दृष्ट्वा सभार्यं गरुडोपरिस्थितं सूर्योपरिष्टात्सतडिद्घनं यथा ॥
कृष्णं स तस्मै व्यसृजच्छतघ्नीं योधाश्च सर्वे युगपत्स्म विव्यधुः ॥१५॥

જેમ સૂર્યની ઉપર વિજળી સહિત મેઘ હોય તેમ પત્ની સહિત ગરૂડ ઉપર રહેલા શ્રીકૃષ્ણને જોઇને, તેણે તેમના ઉપર શતઘ્ની ફેંકી, અને બધા સૈનિકોએ એક સાથે જ પ્રહાર કર્યા. ૧૫.

(ભગવાનનાં દર્શનથી તે) યુદ્ધ કરવા આવ્યા છે એવી શંકા જ દૂર થઇ, કારણું કે જો તે (નરકાસુર)ને તેમના ઉપર પ્રેમ થયો હોત, તો તે કૃતાર્થ જ થાત. અલૌકિક ભગવાન લૌકિક સાધનોથી જીતી શકાય તેવા નથી એમ જણાવવા ‘સૂર્યની ઉપર (વિજળી સહિત મેઘ હોય તેમ)’ શબ્દથી (કોઇ સમયે) ન બનેલ હોય તેવી ઉપમા કહેલી છે. (ભગવાનનાં દર્શન) અદ્ભુત હોવાથી (તેમના ઉપર) પ્રેમ અને દ્વેષ (રાખવા)થી (અનુક્રમે) શુભ અને અશુભ સૂચવનારાં છે.

---

* ચક્ર અને બાણો સાધન છે, અને તે સાધનોથી પ્રાપ્ત કરવાનું કાર્ય (સાધ્ય) મુર અને તેના પુત્રો તથા પીઠનો વધ છે.

‡ મદનું ઝરવું એ કાર્ય છે. કારણ સમુદ્ર છે, કારણ કે આ હાથીઓ સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા છે. ઐરાવત સાથે સરખામણી કરી આ કારણને લીધે પ્રાપ્ત થએલ ઉત્તમપણું નીચે દર્શાવેલ છે.

† ‘सम्प्रचराः’ પાઠ લીધો છે.

જો સૂર્યના ઉપર આધિદૈવિક મેઘ આધિદૈવિક વિજળીની રેખા સાથે રહે, એટલે સૂર્યની અંદર મેઘ રહેલ હોય તેમ થાય, તેના જેવું તેમનું (ભગવાનનું) આધિદૈવિક રૂપ હતું, એમ (આ ઉપમાના) શબ્દની યોગ્યતા છે. છતાં પણ શ્રીકૃષ્ણ (નરકાસુરના) કાલરૂપ અને સ્ત્રીઓનું હિત કરનારા હોવાથી તેને સારી બુદ્ધિ ઉત્પન્ન ન થઇ, પરંતુ ઉંધી જ (બુદ્ધિ) થઇ, એમ (જણાવનારૂં) તેનું કર્મ 'તેમના ઉપર શતઘ્ની ફેંકી' શબ્દોથી કહેલું છે. શતં એકસોને હન્તિ હણે તે (શતઘ્ની)* એવી વ્યુત્પત્તિ પણ તેણે ઇચ્છેલી હતી. તેવી (શતઘ્ની)ને વિશેષેણ સારી રીતે ફેંકી, અને સૈનિકોએ શતઘ્નીઓ વડે અથવા બાણોથી એક સાથે જ સ્મ એટલે પ્રસિદ્ધ (ભગવાન) ઉપર પ્રહાર કર્યા. ભગવાન ક્લેશ વિના (કર્મ કરનારા) છે એમ જણાવવા આરંભમાં તેઓનો અપરાધ કહ્યો. ૧૫.

तद्भौमसैन्यं भगवान् गदाग्रजो विचित्रवाजैर्निशितैः शिलीमुखैः ॥
निकृत्तबाहूरुशिरोङ्घ्रिविग्रहं चकार तर्ह्येव हताश्वकुञ्जरम् ॥१६॥

તેજ સમયે ગદાગ્રજ ભગવાને વિચિત્ર પીંછાંવાળાં તીક્ષ્ણ બાણોથી ભૌમાસુરના તે સૈન્યને જેના વિગ્રહમાં બાહુઓ સાથળો માથાંઓ અને પગો કપાઇ ગએલાં છે (અને) જેનાં અશ્વો અને હાથીઓ હણાએલા છે તેવું કર્યું. ૧૬.

જેટલા સમયમાં તેઓએ યુદ્ધ માટે પ્રવૃત્તિ કરી તેથી પહેલાં અથવા તે સમયે ભગવાને પોતાનાં બાણોથી પ્રથમ સૈનિકોને કાપી નાખ્યા, (અને) પછી તેમણે ફેંકેલા શસ્ત્રોને કાપી નાખ્યાં. (સૈનિકોને કાપી નાખ્યા તે) પહેલાં શસ્ત્રો (ભગવાન) પાસે પહોંચેલા નહિ હોવાથી અહિં (કહેલ) ક્રમથી દોષ થતો‡ નથી.

ભૌમાસુરના 'તે' પ્રસિદ્ધ સૈન્યને (ભગવાને કાપી નાખ્યું). (શ્રીકૃષ્ણ) ભગવાન હોવાથી પુત્ર વિગેરે ઉપરનો પ્રેમ તેમને (યુદ્ધ કરવામાં) અડચણ કરનારો નહતો, તેથી (યુદ્ધ માટે) ભગવાનની પ્રવૃત્તિ થઇ. તે (નરકાસુર) પણ (પોતાની) માતાનો પુત્ર† હોવાથી, તે (પોતાના) પિતાની સાથે પણ યુદ્ધ કરે તે અયોગ્ય નહતું. ભગવાન 'ગદાગ્રજ' એટલે ગદના મોટા ભાઇ હોવાથી ભક્ત ઉત્પન્ન કરવા તે પ્રમાણે કરે તે યોગ્ય જ છે.

---

* શતઘ્ની એક પ્રકારનું શસ્ત્ર છે. ચાર તાડ જેટલી લાંબી લોઢાના ખીલા જડેલી લાકડી શતઘ્ની કહેવાતી. (જૂઓ રઘુવંશ ૧૨-૯૫) પર મલ્લિનાથની ટીકા.

‡ શ્લોક ૧૫ માં ભૌમાસુરે અને તેના સૈન્યે ભગવાન ઉપર શસ્ત્રો નાખ્યાનું કહેલું છે. આ શસ્ત્રો ભગવાન પાસે પહોચે તે પહેલાં ભગવાને ભૌમાસુરના સૈનિકોને પ્રથમ હણ્યા અને પછી તે શસ્ત્રોનો નાશ કર્યો (જુઓ શ્લોક ૧૭), એવો અર્થ છે.

† ભૂમિ તેની માતા હતી. ભૂમિનો પુત્ર તે ભૌમ.

ભગવાને લૌકિક પ્રકારથી જ તેઓને હણ્યા એમ જણાવવા, 'વિચિત્ર પીંછાંવાળા' એવું ભગવાનના બાણોનું વિશેષણ કહે છે. પીંછાંઓ (બાણને) દૂર લઇ જનારા અને નિશાન ઉપર જ લઇ જનારાં છે. 'વિચિત્ર છે પીંછાંઓ જેમનાં' તેવાં, (ભગવાનનાં બાણો હતાં). 'વાયુ* ઉત્પન્ન થાય છે જેમનાથી' અથવા 'ગતિ* ઉત્પન્ન થાય છે જેમનાથી'- તે (वाजाः પીંછાંઓ). તીક્ષ્ણ (બાણો) (શત્રુઓને હણવાનું) કાર્ય સાધનારા છે.

કપાએલાં છે બાહુઓ વિગેરે જેનાં તેવું (સૈન્ય) થયું. બાહુઓ (શસ્ત્રો) ફેંકનારા હતા. (ભગવાન પાસે) આવવાનું સાધનારી જાંગરૂપી લતા હતી; અથવા પહેલાંની પેઠે‡ કર્મ અને જન્મ કરાવનાર (તે બે) હતાં. પછી જ્ઞાન અને ગતિ (કરાવનારાં માથું અને પગ કપાયાં). બાહુઓ, સાથળો, માથું અને પગો જેના વિગ્રહમાં† (કપાએલાં) હતાં. તેવું (સૈન્ય કર્યું).

'તેજ સમયે' એટલે જે ક્ષણે તે સૈન્યે યુદ્ધ કરવાની પ્રવૃત્તિ કરી તેજ ક્ષણે-પહેલાં શસ્ત્રો ફેંક્યા પછી બીજું જે પ્રકારે ફેંકે નહિ, તે માટે (પોતાની) બાજુના બધાએ (સૈનિકો)ને મારી નાખ્યા. 'હણાએલા છે અશ્વો અને હાથીઓ જેના' એ વિશેષણથી વાહનોનો નાશ કહેલો છે. સેનાના ચાર વિભાગમાં રથો જડ છે. માણસો (સૈનિકો)નું સ્વરૂપ (પહેલાં) કહેલું જ છે. અશ્વો અને હાથીઓ બાકી રહ્યા તેથી (આ વિશેષણ યોજેલું છે). ૧૬.

પછી (ભગવાને) શસ્ત્રો કાપી નાખ્યાં એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

यानि योधैः प्रयुक्तानि शस्त्रास्त्राणि कुरूद्वह ॥
हरिस्तान्यच्छिनत्तीक्ष्णैः शरैरेकैकशस्त्रिभिः ॥१७॥
उह्यमानः सुपर्णेन पक्षाभ्यां निघ्नता गजान् ॥

હે કુરૂઓના વંશને ચાલુ રાખનાર! બે પાંખોથી હાથીઓને પ્રહાર કરતા ગરૂડથી ઘૂમાવાતા હરિએ, સૈનિકોએ જે શસ્ત્રો તથા અસ્ત્રો ફેંકેલા તે એકે એકને ત્રણ તીક્ષ્ણ બાણોથી કાપી નાખ્યા. ૧૭.

તેજ સૈનિકોએ જે (શસ્ત્રો વિગેરે) ફેંકેલા (તે કાપી નાખ્યા). (હાથમાં)

---

* 'वा' ધાતુના અર્થ (પવનનું) વાવું, અને જવું થાય છે. એ બે અર્થ અનુક્રમે લક્ષ્યમાં રાખી 'વાયુ' અને 'ગતિ' અર્થ કરેલા છે એમ જણાય છે.

‡ જૂઓ શ્લોક ૧૪ના પૂર્વાર્ધમાં શ્રી સુબોધિની.

† 'વિગ્રહ' એટલે વિસ્તાર. સૈન્યના બધા વિસ્તારમાં આ અંગો કપાએલા હતાં. 'વિગ્રહ' એટલે શરીર. આ અંગો કપાએલાં હતાં જેમના શરીરમાં. આ સમાસ સૈન્યનું વિશેષણ હોવાથી 'વિસ્તાર' અર્થ લેવો વધારે યોગ્ય જણાય છે. 'શરીર' અર્થ લેતાં તે સૈનિકોનું વિશેષણ થાય.

પકડી રાખીને મારવાનાં સાધનો 'શસ્ત્રો' (કહેવાય) છે. અસ્ત્રો તો બ્રહ્માસ્ત્ર વિગેરેરૂપ ફેંકવાના (આયુધો) છે. (ભગવાને કરેલ આ કાર્ય પરિક્ષિત માટે કરેલ કાર્યથી) ઉલટા પ્રકારનું હોવાથી, (તેને) વિશ્વાસ રહે તે માટે 'હે કુરૂઓના વંશને ચાલુ રાખનાર!' એવું સંબોધન કરેલું છે. તે (સૈનિકોએ ફેંકેલાં શસ્ત્રો વિગેરે) રહ્યાં હોય તો (વધ કરવાના) સાધનરૂપ હોવાથી ભવિષ્યમાં પણ લોકોને દુઃખ કરનારાં થાય, તેથી ભગવાને (તેમને) કાપી નાખ્યાં, એવા અભિપ્રાયથી 'હરિએ....(કાપી નાખ્યાં)' એમ કહેલું છે. 'તીક્ષ્ણ બાણોથી' કાપ્યાં, અને એકે એકને ત્રણ (બાણો)થી (કાપ્યાં), તેથી (તેમાં કાંઇ) અલૌકિક (કરેલું) નથી. છતાં પણ જે હાથીઓ પોતાને માટે શોભા કરે તેવા હતા, તેઓને ભગવાને હણ્યા નહિ એમ કહેવા, તેવા (બે પાંખોથી હાથીઓને પ્રહાર કરતા) ગરૂડથી ઘૂમાવાતા ભગવાનનું વર્ણન કરેલું છે, જે ગરૂડે હાથીઓને (ભગવાનની) અંદર પ્રવેશ કરાવવા માટે બે પાંખોથી જ પ્રહાર કર્યો. (આ હાથીઓનો) બે હાથ (પાંખ)થી જાણે કે ભગવાનમાં પ્રવેશ કરાવ્યો એવું વર્ણન કરેલું છે. (ભૌમાસુરની) સેનારૂપ દૈત્યના અંશવાળા હાથીઓને (ગરૂડે) મારી નાખ્યા, (અને) સાધારણ દેવના અંશવાળા (હાથીઓ)નું રક્ષણ કર્યું એવો વિભાગ (કર્યો). ૧૭.

પછી ગરૂડે પ્રહાર કરેલા (હાથીઓએ) શહેરમાં પ્રવેશ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

गरुत्मता हन्यमानास्तुण्डपक्षनखैर्गजाः ॥
पुरमेवाविशन्नार्ता नरको युध्ययुध्यत ॥१८॥

ચાંચ, પાંખો અને નખો વડે ગરૂડથી પ્રહાર કરાતા હાથીઓએ દુઃખી થઇ શહેરમાં જ પ્રવેશ કર્યો. સંગ્રામમાં નરકાસુરે યુદ્ધ કરવા માંડયું. ૧૮.

ચાંચ, પાંખો અને નખો (અનુક્રમે) તામસ, સાત્વિક અને રાજસ છે. (હાથીઓએ) દુઃખી થઇને શહેરમાં જ પ્રવેશ કર્યો, પરંતુ તેઓને યુદ્ધ કરવાની બુદ્ધિ થઈ નહિ, એવો અર્થ છે. પછી તેઓ (સંગ્રામમાંથી) જતા રહેતાં, નરકાસુરે પોતે યુદ્ધ કરવા માંડયું. 'સંગ્રામમાં' હોવાથી (તેને તેમ કરવાની) જરૂર હતી. આ યુદ્ધ માત્ર 'હું યુદ્ધ કરીશ' એવા ઉત્સાહના નિશ્ચયરૂપ જ હતું. ૧૮.

શસ્ત્રોનો પ્રહાર કરવારૂપ (યુદ્ધ) તો નીચેના શ્લોકમાં વર્ણવે છે:—

दृष्ट्वा विद्रावितं सैन्यं गरुडेनार्दितं स्वकम् ॥
तं भौमः प्राहरच्छक्त्या वज्रः प्रतिहतो यतः ॥१९॥

પોતાનાં સૈન્યને ગરૂડે દુઃખી કરીને નસાડેલું જોઇને, ભૌમાસુરે વજ્ર જેના ઉપર નિષ્ફલ થએલું તેવા તે(ગરૂડ)ના ઉપર શક્તિનો પ્રહાર કર્યો. ૧૯.

ગરૂડે નસાડેલા, અને માત્ર ભયને લીધે જ નાઠેલાં નહિ પરંતુ (ગરૂડે) દુઃખી કરેલા પોતાનાં સૈન્યને જોઇને, જો કે પોતે ભગવાન સાથે યુદ્ધ કરવા આવેલો હતો અને બીજાની દરકાર કરતો નહતો, છતાં પણ તેવા (ભૌમાસુરે) પણ પોતે જ તે ગરૂડ ઉપર શક્તિનો પ્રહાર કર્યો.

'છતાં પણ નજીવા (ગરૂડ) ઉપર તેણે પોતાના પરાક્રમનો કેમ ઉપયોગ કર્યો?' એવી શંકા થાય, તેથી 'વજ્ર જેના ઉપર નિષ્ફલ થએલું' શબ્દો યોજેલ છે. ગરૂડ ઉપર વજ્ર પણ નિષ્ફલ થએલું. ગરૂડનું તે (માહાત્મ્ય) અમૃતહરણના* પ્રસંગમાં પ્રસિદ્ધ છે તેથી બલવાન (પ્રાણી) ઉપર પુરૂષાતનનો ઉપયોગ કરવો યોગ્ય હોવાથી, (ગરૂડ ઉપર શક્તિનો પ્રહાર તેણે કર્યો તેમાં) કાંઇ પણ અયોગ્યતા નથી. આ (ગરૂડના) માહાત્મ્યનો ભવિષ્યમાં પણ‡ ઉપયોગ થશે. ૧૯.

ભગવાનનું એક જ વાહન (ગરૂડ) હતું, તેથી તેને પીડા થાય તો ભગવાનને કાંઇક ભય થાય. તેથી તેને પીડા થઇ નહતી એમ કહેવું જોઇએ. તેથી (શક્તિના પ્રહારથી ગરૂડને) કાંઇ થયું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

नाकम्पत तया विद्धो मालाहत इव द्विपः ।
शूलं भौमोऽच्युतं हन्तुमाददे वितथोद्यमः ॥२०॥

માલાથી પ્રહાર કરેલા હાથીની પેઠે તેનાથી પ્રહાર કરેલો (ગરૂડ) થરથર્યો નહિ. નિષ્ફલ પ્રયત્નવાળા ભૌમાસુરે અચ્યુતને હણવા ત્રિશૂલ લીધું. ૨૦.

તે શક્તિથી પ્રહાર કરેલો (ગરૂડ થરથર્યો નહિ). 'તે (શક્તિ)થી થોડું પણ શરીર ઘવાયું હશે' એવી શંકા થાય, તેથી 'માલાથી પ્રહાર કરેલા' એવું દૃષ્ટાંત કહેલું છે. (मालाहतः એટલે) માલાથી પ્રહાર કરેલો. ઘવાયો હોય તો પણ પીડા થઇ નહતી એમ જણાવવા 'હાથીની પેઠે' શબ્દ યોજેલ છે. જેમ અંકુશથી ઘવાએલો હાથી જાગ્રત થાય છે અને કાર્ય કરવા યોગ્ય થાય છે, તે પ્રમાણે ગરૂડ (શક્તિના પ્રહારથી) ઘણા પરાક્રમવાળો થયો, એવો અર્થ છે. પછી શરમાએલા નરકાસુરે તે (ગરૂડ) જીવતો હોવા છતાં, મહાદેવ પાસેથી પ્રાપ્ત થએલ સદા સફલ ત્રિશૂલનો અચ્યુત ઉપર પ્રહાર કરવાનો વિચાર કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે, કારણ કે ભૌમઃ માતા (ભૂમિ)નો પુત્ર હતો. તેમ કરવાનું પ્રયોજન 'નિષ્ફલ પ્રયત્નવાળા' વિશેષણથી કહેલું છે. ગરૂડ ઉપર (તેનું) પરાક્રમ નકામું ગયું, તેથી (તે) નિષ્ફલ (પ્રયત્નવાળો) હતો. ૨૦.

---

* પોતાની માતા વિનતાને કદ્રૂની ગુલામીમાંથી મુક્ત કરાવવા ગરૂડ ઇંદ્ર પાસેથી અમૃત લઈ આવેલ. તે સમયે થએલ યુદ્ધમાં ઇંદ્રે વજ્રનો પ્રહાર ગરૂડ ઉપર કરેલ.

‡ પારિજાતનું વૃક્ષ ભગવાનનું સ્વર્ગમાંથી લાવશે તે સમયે.

ભગવાને વળી ત્રિશૂલનું માહાત્મ્ય પણ રાખવું જોઇએ, તેથી જે ક્ષણે તે ત્રિશૂલ ફેંકવાનો હતો, તે પહેલાંની જ ક્ષણે (ભગવાને) સુદર્શનથી તેનું માથું કાપી નાખ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तद्विसर्गात् पूर्वमेव नरकस्य शिरो हरिः ॥
अपाहरद्गजस्थस्य चक्रेण क्षुरनेमिना ॥२१॥

તે ફેંકાય તે પહેલા જ હરિએ હાથી ઉપર બેઠેલા નરકાસુરનું માથું અસ્રાના જેવી ધારવાળા ચક્રથી કાપી નાખ્યું. ૨૧.

'પહેલાં જ (કરેલા ત્રિશૂલ ફેંકવાના) પ્રયત્નને લીધે (માથું) કપાયું તેજ સમયે (ત્રિશૂલ) ફેંકવાનું પણ બન્યું. તેમ થયું નહોત તો ત્રિશૂલ તેની પાસે રહે ત્યાં સુધી તે વધ કરી શકાય તેવો નહતો,' એમ કેટલાક કહે છે. બીજાઓ એમ કહે છે કે આ (તેને) મહાદેવે આપેલું ત્રિશૂલ નહતું. વળી તે હાથી ઉપર બેઠેલો હતો. (તેણે) આચમન વિગેરે કરેલ નહિ હોવાથી તે ત્રિશૂલ ઉપર મહાદેવ આવેલ નહતા, એમ 'હાથી ઉપર બેઠેલા' વિશેષણથી કહેલું છે. ચક્રનું (તેનું માથું કાપવાનું) સામર્થ્ય નહતું એમ 'અસ્રા જેવી ધારવાળા' વિશેષણથી કહેલું છે.[1]

પછી તે માથું ફરીથી (ધડ સાથે) જોડાય નહિ તે માટે નીચેના શ્લોકમાં (તેનો) બીજો ઉપયોગ કહેતાં (તેનું) વર્ણન કરે છે:—

सकुण्डलं चारुकिरीटभूषणं बभौ पृथिव्यां पतितं समुज्ज्वलत् ॥
हाहेति साध्वित्यृषयः सुरेश्वरा माल्यैर्मुकुन्दं विकिरन्त ईडिरे ॥२२॥

કુંડલવાળું, સુંદર મુકુટરૂપી ભૂષણવાળું પ્રકાશતું (માથું) પૃથ્વી ઉપર પડેલું શોભવા લાગ્યું ઋષિઓ અને મોટા દેવોએ 'અરેરે! અરેરે! સારૂં થયું! સારૂં થયું!' એમ કહેતાં મુકુંદ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતાં (તેમની) પ્રશંસા કરી. ૨૨

જેમ ભૂમિમાંથી માથું જ પ્રકટ થયું હોય તે પ્રમાણે તે વિકાર વિનાનું શોભતું હતું એમ જણાવવા કુંડલ અને મુકુટનું વર્ણન કરેલું છે. સારી રીતે પ્રકાશતું માથું (ભૂમિ ઉપર) પડ્યું એવો અર્થ છે. પછી (તે) શોભવા લાગ્યું. ભૂમિ (તેનો) તિરસ્કાર કરતી નહોતી, તેથી (તેણે તેને) સારી રીતે રાખેલું હોવાથી (તેની) શોભા થઇ. જેમ તે (ભૂમિ)નો પુત્ર તેને આપવામાં આવે (તેમ ભગવાને

---

[1] (ચક્રની) ધારોનું જ તેજરૂપ સામર્થ્ય ચક્રના સામર્થ્ય તરીકે પ્રકટ કર્યું, એવો અર્થ છે (લે) ચક્રના સામર્થ્યથી નહિ, પણ ભગવાનના જ પુરૂષાતનથી તેનું માથું કપાયું, એમ કહેલું જણાય છે. પાંછલ શ્લોક ૧૦ માં પણ આવો જ અર્થ કહેલ છે.

તેને પાડયું). આ ભૂમિ (ભૂમિના) અભિમાનવાળી દેવતા હતી, પરંતુ ભગવાનની શક્તિ ઇલા નહતી. તે (ઇલા) આધિદૈવિકી હતી. સત્યભામા આધિદૈવિકી જ હતી.[1] તેને (સાથે) લાવવાનાં પાંચ પ્રયોજનો હતાં. (૧) બલભદ્ર સાથે શક્તિનો વિભાગ થતાં (ભગવાને) યોનિનો અંશ (પોતાથી) જૂદો કરેલો હોવાથી શક્તિ (સત્યભામા) સાથે (ભગવાન) પૂર્ણ થાય. (૨) અને (સત્યભામાને) માહાત્મ્ય દેખાડવાનું હતું. (૩) તે (સત્યભામા)ના કહેવાથી નરકાસુરને પણ હણવાનો હતો. (૪) (સત્યભામા) શોક હોવાનું સહન કરે તે માટે બીજા પ્રકારે તે બીજી પત્નીનું અસ્તિત્વ (શોકની હાજરી) સહન કરે નહિ, પણ (ભગવાન) બલથી હરણ કરે ત્યારે તો (ભગવાનનું સામર્થ્ય) જોએલું હોવાથી (તે) માન્ય રાખે, અને (૫) પારિજાતનું હરણ કરવા.

પછી લોકો 'અરેરે ! અરેરે !' એમ બોલ્યા, અને ઋષિઓ પણ પોતાનો પુત્ર હતો, અને પોતે જ (તેને) હણ્યો, તેથી (એમ બોલ્યા). વળી બીજા ઋષિઓ પાછા 'સારૂં થયું' એમ બોલ્યા અને દેવો 'સારૂં જ કર્યું' એમ બોલ્યા. (ભગવાનના કૃત્યનું) અનુમોદન જ કરતાં, (ભગવાને) નરકાસુરને પણ મોક્ષ આપ્યો તેથી પુષ્પની વૃષ્ટિ કરતાં, તેઓએ મુકુંદની પ્રશંસા કરી. 'અરેરે ! અરેરે !' કહીને પ્રશંસા કરી, અને 'સારૂં થયું ! સારૂં થયું !' કહીને પ્રશંસા કરી. 'આ પુત્રને આવી રીતે કેમ હણ્યો ?' એમ (અરેરે ! કહી) ભગવાનનું પરાક્રમ વર્ણવી પ્રશંસા કરી. બીજાઓએ તો 'સારૂં જ કર્યું.' એમ કહેતાં પ્રશંસા કરી, એવો (અર્થ છે). પુષ્પોની વૃષ્ટિ એમ સૂચવે છે કે (ભગવાને) દેવોને માટે તેનો વધ (કરેલો). ૨૨.

જે (કાર્ય)ને માટે આ (નરકાસુર)ને હણ્યો, તે તે હણાતાં થયું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ततश्च भूः कृष्णमुपेत्य कुण्डले प्रतप्तजाम्बूनदरत्नभास्वरे ॥
सवैजयन्त्या वनमालयार्पयत् प्राचेतसं छत्रमथो महामणिम् । २३॥

અને પછી ભૂમિએ શ્રીકૃષ્ણ પાસે આવીને ઘણાં જ તપેલાં સુવર્ણ અને રત્ન જેવાં પ્રકાશતાં બે કુંડલો, વરૂણનું છત્ર અને મહામણિ વૈજયન્તી વનમાલા સાથે (તેમને) અર્પણ કર્યાં. ૨૩.

(ભૂમિએ શ્રીકૃષ્ણની) उपेत्य સમીપ આવીને (કુંડલો વિગેરે અર્પણ કર્યાં) (ભગવાન) શ્રીકૃષ્ણ (સદાનંદ) હોવાથી તેને ભય ન લાગ્યો. અદિતિના બે કુંડલો

---

[1] અહિં ભૂમિ અને સત્યભામાનો ભેદ કહેલો છે. 'શ્રી, પુષ્ટિ...' વિગેરે ૧૦ ૩૬–૫૫ માં ગણાવેલી 'ઇલા' આધિદૈવિક છે, તે નરકાસુરની માતા નહતી. ત્યારે એ ઇલા કોણ? એ જણાવવા સત્યભામા આધિદૈવિક ઇલારૂપ હતી. એમ કહેલું છે. (લે)

સદાએ ઘણું જ તપેલાં સુવર્ણની પેઠે અને રત્નની પેઠે પ્રકાશતાં હતાં. (ઉત્તમ સુવર્ણ અને રત્ન) બંને પણ તે (કુંડલો)ના ઉપાદાન કારણ* હોવાથી (તે) બે કહેલાં છે. વળી ભગવાને આપેલી વૈજયન્તી વનમાલા સમર્પણ કરી, અથવા ભગવાનની પૂજા કરવા માટે વૈજયન્તી (સમર્પણ કરી).

(ભૂમીએ આપેલ) આ છત્ર વરૂણે બનાવેલું સમુદ્રમાંથી ઉત્પન્ન થએલું ઇંદ્રનું જ હતું, અથવા ભગવાન માટે આપેલું બીજું (છત્ર) હતું. અને કૌસ્તુભના જેવો મહામણિ (આપ્યો) 'अथो' 'અને' શબ્દથી (એમ સૂચવેલું છે કે આની) પહેલાં (કહેલા પદાર્થો) ભગવાનનાજ ભગવાનને આપેલા, આ (મણિ) તો જૂદો હતો, એટલે પુત્રે પ્રાપ્ત કરેલો આપ્યો.

અથવા વૈજયન્તી સાથે કુંડલો ભૂમિ ઉપરનાં હતાં, છત્ર સ્વર્ગ ઉપરનું હતું (અને) મણિ પાતાલનો હતો, તેથી (એ પદાર્થો પોતાના જેવા બીજાઓનાં) ચિહ્ન તરીકે (આપેલાં) હોવાથી, ત્રણ લોકમાં જે કાંઇ ઉત્તમ હતું તે સર્વ (ભગવાનને) નિવેદન કર્યું, આ (સર્વ પદાર્થોનું સમર્પણ) ખાલી હાથે (ભગવાન પાસે) ન (જવાય) તે માટેજ. વાસ્તવિક રીતે તો બધું ભગવાનનું જ હતું, કારણ કે તે (ભૂમિ) સ્ત્રી હતી (અને) તે (નરકાસુર) પુત્ર હતો. તેથી જ પુત્રથી (પિતાની) જૂદાઇ ન હોવાથી, (ભૌમાસુરે) ભગવાન માટે જ સ્ત્રીઓનો સંગ્રહ કરેલો હોવાથી, બીજાના જનાનામાં રહેલી સ્ત્રીઓ સાથેના વિવાહથી દોષ થતો નથી. ૨૩.

હવે (ભૂમિ) પોતાના અપરાધની શાંતિ કરાવવા નીચેના શ્લોકથી આરંભી જૂદા આરંભથી (ભગવાનની) સ્તુતિ કરે છે:—

अस्तौषीदथ बिश्वेशं देवी देवबरार्चितम् ।।
प्राञ्जलिः प्रणता राजन् भक्तिप्रबणया धिया ।।२४।।

હે રાજા! પછી હાથ જોડીને પ્રણામ કરતી દેવીએ ઉત્તમ દેવોએ પૂજેલા વિશ્વના પ્રભુની ભક્તિ પ્રાપ્ત કરાવનારી બુદ્ધિથી સ્તુતિ કરી. ૨૪.

(પુત્રને) હણનારની કેમ સ્તુતિ કરે છે?' એવી શંકા થાય, તેથી 'વિશ્વના પ્રભુની' શબ્દ યોજેલ છે. પુત્રપણું વિગેરે સંબંધ પ્રવૃત્તિ કરાવનાર નહિ હોવાથી 'વિશ્વના' પદ યોજેલું છે. (ભૂમિને) સ્તુતિ (કરવા)નું જ્ઞાન હતું એમ જણાવવા 'દેવી' શબ્દ યોજેલ છે.

---

* જે પદાર્થની અમુક ચીજ બનેલી હોય, તે પદાર્થ તે ચીજની પ્રકૃતિ અથવા ઉપાદાન કારણ કહેવાય છે. ઉત્તમ સુવર્ણ અને રત્નોના આ કુંડલો બનેલા હતાં, એવો અર્થ છે.

'છતાં હમણાં (ભગવાને) કાંઇ અલૌકિક (કાર્ય) કર્યું નથી;† તેથી સ્તુતિ શા માટે (કરે છે)?' એવી શંકા થાય, તેથી હમણાં જ 'ઉત્તમ દેવોએ પૂજેલા' એમ કહેલું છે. 'બે હાથ જોડીને' શબ્દથી નમ્રપણું અને દીનતા સૂચવેલાં છે. 'પ્રણામ કરતી' વિશેષણથી શરીરથી નમ્ર (કહેલી) છે. સ્ત્રીના સ્વભાવને લીધે દુઃખનો ભય (થાય તે) રહેલ નહતો એમ જણાવવા 'ભક્તિ પ્રાપ્ત કરાવનારી બુદ્ધિથી' શબ્દો યોજેલ છે. 'ભક્તિ પ્રાપ્ત કરાવનારી' એટલે, જેમ જલ નીચાણના પ્રદેશમાં જનારૂં છે તેમ વિઘ્નોની પણ દરકાર કર્યા વિના ભક્તિ તરફ જનારી. જો બુદ્ધિ તે (ભક્તિ)ની તરફ જનારી હોય, તો તે મનને પણ વશ રાખનારી હોવાથી, બધુંએ (બધીએ ઇંદ્રિયો) ભક્તિ પ્રાપ્ત કરાવનાર (થાય) છે. ૨૪.

षड्भिः स्तुत्वा प्रार्थयते पौत्रजीवितमुत्तमम् ॥
चतुर्भिर्नमनं प्रोक्तं सर्वभावप्रसिद्धये ॥३॥
माहात्म्यं च स्वरूपं च ततो द्वाभ्यामुदीरितम् ॥३½॥

(પચીસમા શ્લોકથી આરંભી) છ શ્લોકોથી સ્તુતિ કરીને (સાતમાથી) પૌત્રના ઉત્તમ જીવન માટે પ્રાર્થના કરે છે. (છ પૈકીના) ચાર શ્લોકોથી (ભગવાનનું) સર્વ ગૌરવ પ્રસિદ્ધ થાય તે માટે નમન કહેલું છે અને પછી બે શ્લોકોથી (તેમનાં) માહાત્મ્ય અને સ્વરૂપ કહેલાં છે. કા. ૩½.

'પહેલાં જેમનો આવિર્ભાવ થએલો તે (આથી) કોઇ બીજા હશે. તેમ ન હોય તો (આમનો જ પહેલાં આવિર્ભાવ થયો હોય તો પોતાના) પુત્રને કેમ હણે?' એવી શંકાને નીચેના શ્લોકમાં ખોટી ઠરાવતાં (ભગવાનનું) લક્ષણ કહે છે:—

॥ भूमिरुवाच ॥ ભૂમિ કહે છે:—

नमस्ते देवदेवेश शङ्खचक्रगदाधर ॥
भक्तेच्छोपात्तरूपाय परमात्मन्नमोऽस्तु ते ॥२५॥

હે દેવોમાં દેવોના ઈશ્વર! શંખ ચક્ર અને ગદા ધારણ કરનાર! આપને નમસ્કાર છે. હે પરમાત્મન્! ભક્તોની ઇચ્છાથી જેમણે આકાર ગ્રહણ કરેલ છે તેવા આપને નમસ્કાર હો. ૨૫.

'ते' 'આપને' નમસ્કાર છે.

'દેવતા (ભૂમિદેવી) બીજાને કેમ નમસ્કાર કરે?' એવી શંકા થાય, તેથી 'હે દેવોના દેવોના (ઈશ્વર)!' સંબોધન કરેલું છે. (ભગવાન) ઈશ્વર

---

† મી. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં 'न' નથી. તેમણે 'અલૌકિક' નો અર્થ 'લોકથી વિરુદ્ધ' કરેલ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'न' છે, એ પાઠ લીધો છે તેથી 'અલૌકિક' શબ્દનો એવો અર્થ કરવાની જરૂર રહેતી નથી.

હોવાથી ઔષધ જ (આપે છે), પરંતુ હણતા નથી. તેથી પુત્રને હણવા છતાં પણ જૂદા પ્રકારના થતા નથી (ઇશ્વર મટતા નથી). બ્રહ્મા વિગેરે દેવોના દેવોના પણ તે ઇશ્વર હોવાથી આ વિષયમાં બીજો કોઇ કહેવા (ફરીઆદ કરવા) યોગ્ય નથી. (ભગવાન) તેવા હોવાનું કારણ કહે છે કે તે શંખ ચક્ર અને ગદા ધારણ કરે છે. ભાવાર્થ પ્રમાણે કમલ (ધારણ કરે છે); (શંખ, ચક્ર અને ગદા એ) ત્રણનું કાર્ય 'ગદાથી પર્વતોના ચૂરા કર્યા' (શ્લોક ૪) વિગેરેથી કહેલું જ છે. હજી સુધી ભગવાને શહેરમાં પ્રવેશ કર્યો નહતો; (પરંતુ) ચાર ભુજાવાળા પ્રકટ ગરૂડ ઉપર જ રહેલા હતા, તેથી તે પ્રમાણે (મૂર્તિ) કહે છે:

'તેવા (ભગવાન) માણસની આકૃતિવાળા કેમ હોય ?' એવી શંકા થાય, તેથી 'ભક્તોની ઇચ્છાથી જેમણે આકાર ગ્રહણ કરેલ છે' એમ કહે છે. ભક્તોની જેવી ઇચ્છા, તેવો ગ્રહણ કરેલ છે આકાર જેમણે, (તેવા ભગવાન છે).

'આકાર ગ્રહણ કરવાથી જ (સ્વરૂપમાં) ફેરફાર થતો હોવાથી (અને) તેમાં પણ બીજાના જેવો આકાર ગ્રહણ કરેલો હોવાથી (ભગવાન) જીવની સમાન થવાથી, તે નમસ્કાર કરવા યોગ્ય કેમ હોય ?' એવી શંકા થાય, તેથી 'હે પરમાત્મન્ !' એવું સંબોધન કરેલું છે. બીજો આકાર ગ્રહણ કરવામાં આવે ત્યારે જીવાત્મા જ તેવો (સ્વરૂપમાં ફેરફારવાળો) થાય છે, પરંતુ પરમાત્મા (તેવા) થતા નથી, એવો (અર્થ છે). તેથી જ (ભગવાન) ભક્તને અધીન (રહેલા) હોવાથી, 'આપને નમસ્કાર હો !' શબ્દોથી ફરી (તેમને) નમસ્કાર કરે છે. ૨૫.

કુતિએ ચાર પ્રકારે સ્તુતિ કરેલા ભગવાન (તેના ઉપર) પ્રસન્ન થએલા, તેથી પોતે પણ નીચેના શ્લોકમાં (એ ચાર પ્રકારે) નમસ્કાર કરે છે:—

नमः पङ्कजनाभाय नमः पङ्कजमालिने ।
नमः पङ्कजनेत्राय नमस्ते पङ्कजाङ्घ्रये ॥ २६॥

આપ નાભિમાં કમલવાળાને નમસ્કાર, કમલની માલાવાળાને નમસ્કાર, કમલ જેવા નેત્રવાળાને નમસ્કાર, કમલ જેવા ચરણવાળાને નમસ્કાર. ૨૬.

કારણ કે તેણે (કુતિએ) (ભગવાન) બ્રહ્માંડમાં સર્વ છે અને સર્વથી ઉત્તમ છે (એમ) કહેલું. (૧) 'કમલ છે નાભિમાં જેમની' વિશેષણથી (ભગવાનનું) નારાયણ તરીકે પુરૂષપણું કહેલું છે તેથી (ભગવાન) બ્રહ્માંડરૂપ હોવાનું સિદ્ધ થાય છે. તે(બ્રહ્માંડ)માં (૨) લક્ષ્મીના પતિ તરીકે, (૩) સર્વના સેવ્ય તરીકે અને (૪) સર્વ સ્હેલાઇથી સેવા કરી શકે તેવા હોવા તરીકે એવા ત્રણ પ્રકારે ઉત્તમપણું છે, કારણ કે 'જેમની સ્હેલાઇથી' સેવા થઇ શકે તે જો ઉદાર હોય તો તે બધા પુરૂષાર્થોનું સ્હેલાઇથી દાન કરે છે.

(૨) ‘કમલોની માલા છે આમને,’ એટલે કમલની માલાવાળી લક્ષ્મીએ (પતિ તરીકે) પસંદ કરેલા. ‘તે (લક્ષ્મી) વિના દેવપણું ક્યાં છે ?’ વિગેરે વાક્યો પ્રમાણે તે (લક્ષ્મી) સર્વ પુરૂષાર્થરૂપ છે. (૩) ‘કમલ જેવા નેત્રવાળા’ વિશેષણથી ‘દૃષ્ટિથી જ સર્વ દુઃખ હરનારા અને વશ કરનારા’ કહેલા છે. (૪) ‘કમલ જેવા ચરણવાળા’ વિશેષણથી સ્હેલાઇથી સેવા કરી શકાય તેવા કહેલા છે. ૨૬.

એ પ્રમાણે બ્રહ્માંડ (ભગવાનનું) સ્વરૂપ છે અને તેમાં (તેમનું) ઉત્તમપણું છે એમ કહીને, નીચેના શ્લોકમાં તત્ત્વોમાં (ભગવાન) તેવા હોવાનું જણાવે છે:-

नमो भगवते तुभ्यं वासुदेवाय विष्णवे ॥
पुरुषायादिबीजाय पूर्णबोधाय ते नमः ॥२७॥

વાસુદેવ વિષ્ણુ આપ ભગવાનને નમસ્કાર છે પુરૂષરુપ, બીજના કારણુરુપ, પૂર્ણ જ્ઞાનવાળા આપને નમસ્કાર છે. ૨૭

‘ભગવાન સર્વ તત્ત્વોનું કારણ બનેલ છે, અને તત્ત્વો ભગરૂપ છે’ એવી શાસ્ત્રની દૃષ્ટિ પ્રમાણે (આ) સ્તુતિ કરતી નથી એમ જણાવવા ‘આપ’ શબ્દ યોજેલ છે. ‘વાસુદેવ’ શબ્દથી (એમ કહેલું છે કે ભગવાન) તત્ત્વો બનાવવાના પ્રયોજનને લીધે આકારવાળા મોક્ષ આપનાર છે. આ (નામ)થી (ભગવાનની) ઉપાસનામાર્ગ પ્રમાણે સેવા કરવા યોગ્ય હોવાને લીધે (થતી) શ્રેષ્ઠતા કહેલી છે. ‘વિષ્ણુ’ શબ્દથી કર્મમાર્ગ પ્રમાણે પણ સેવા કરવા યોગ્ય કહેલા છે. ‘વિષ્ણુ સ્વતંત્ર યજ્ઞ છે’ એમ જણાવવા યજ્ઞ માટે ‘વિષ્ણુ’ શબ્દ યોજેલ છે. તત્ત્વોમાં પુરૂષ ઉત્તમ હોવાથી ‘પુરૂષરૂપ’ શબ્દથી તેવા (પુરૂષ) રૂપવાળા હોવાનું કહેલું છે. તે (પુરૂષરૂપ)માં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ઉત્તમ છે એમ ‘બીજના કારણરૂપ, પૂર્ણ જ્ઞાનવાળા’ શબ્દોથી કહે છે. (‘બીજના કારણુરૂપ’ એટલે) કાર્ય ઉત્પન્ન કરવાની શક્તિવાળા બીજોને પણ ઉત્પન્ન કરનાર. (આ શબ્દથી ભગવાનની) પૂરેપૂરી ક્રિયાશક્તિ કહેલી છે. ‘પૂર્ણ છે જ્ઞાન જેમનું’ એ વિશેષણથી જ્ઞાનશક્તિ સ્પષ્ટ (કહેલી છે.) ૨૭.

એ પ્રમાણે તત્ત્વોમાં ઉત્તમપણું કહી, નીચેના શ્લોકમાં પુરૂષોત્તમપણું જણાવે છે:—

अजाय जनयित्रेऽस्य ब्रह्मणेऽनन्तशक्तये ॥
परावरात्मन् भूतात्मन् परमात्मन्नमोऽस्तु ते ॥२८॥

હે ઉત્તમ (અને) અધમના આત્મારૂપ, હે ભૂતોના આત્મારૂપ, હે પરમાત્મન્, જન્મરહિત, આની ઉત્પત્તિ કરનાર, બ્રહ્મરૂપ, અનન્ત શક્તિઓવાળા આપને નમસ્કાર હો. ૨૮.

ઉનમ તત્ત્વ સર્વ વિકાર વિનાનું હોય છે, એવા સિદ્ધાંતને લીધે ‘જન્મ રહિત’ કહેલા છે. જન્મ ન હોવાને લીધે તે (જન્મ)ની અંદરની રહેલ સ્થિતિઓ (ફેરફારો) નથી એમ તે (શબ્દ)થીજ કહેલું છે. જગતના કર્તા હોય તે તેવા (ભગવાન) છે એમ જેઓ માને છે, તેઓના મતને લીધે ‘આની ઉત્પત્તિ કરનાર’ કહેલા છે. પોતે જન્મ વિનાના હોઇ, બીજાઓની ઉત્પત્તિ કરે છે, તેથી સર્વથી ઉત્તમ હોવાપણું પણ સિદ્ધ થાય છે. દિવ્ય જ્ઞાનથી (ભગવાન) તેવા હોવાનું કહે છે, તેથી અહિં પ્રમાણ કહેવાની જરૂર નથી. બ્રહ્મવાદમાં બ્રહ્મ જ વસ્તુ છે. તે સંબંધમાં પણ (ભગવાનને) ‘બ્રહ્મરૂપ’ કહે છે. બૃહત્ (શક્તિવાળા) અને બૃહણ (પોષણ કરનાર) હોવાથી (ભગવાન) બ્રહ્મ છે. સર્વ થવાની શક્તિવાળું હોય તે વસ્તુ છે (ગણાય), એવા મતને લીધે ‘અનંત શક્તિઓવાળા’ શબ્દ યોજેલ છે. (ભગવાન સર્વના) આત્મા છે એવા વાદને લીધે કહે છે કે બ્રહ્મા વિગેરે ‘ઉત્તમ’ (અને) આપણે વિગેરે અધમ (છીએ), તેઓના આત્મા ભગવાન છે. ‘ભૂતો’ એટલે જડ પદાર્થો, તેઓના પણ આત્મા છે. જીવ અને જડના આત્મા હોવાનું સિદ્ધ કરી, ‘પરમાત્મન્’ શબ્દથી અંતર્યામી હોવાનું કહે છે, બધા સ્થલે (બધા શબ્દો સાથે નમનનો) સંબંધ લેવાય તે માટે અંતે મનન કરેલું છે. ૨૮.

નીચેના શ્લોકમાં (ભગવાનનું) માહાત્મ્ય કહે છે:—

त्वं वै सिसृक्षू रज उत्कटं प्रभो तमो निरोधाय बिभर्ष्यपावृतः ।।
स्थानाय सत्त्वं जगतो जगत्पते कालः प्रधानं पुरुषो भवान्परः ॥२९॥

હે પ્રભો! આવરણ વિનાના આપ જગતને રચવાની ઇચ્છાવાળા થતાં કાર્ય કરવા તત્પર રજોગુણને, નાશ કરવા તમોગુણને અને સ્થિતિ માટે સત્ત્વગુણને ધારણ કરો છો. હે જગતના પતિ! આપ કાલ પ્રકૃતિ પુરૂષ છો. (તેમનાથી) પર છો. ૨૯.

રચવાની ઇચ્છાવાળા આપ उत्कटं કાર્ય કરવા તત્પર રજોગુણને ધારણ કરો છો, નાશ કરવા તમોગુણને (ધારણ કરો છો).

‘તેમ હોય તો તે(ગુણ)થી ભરપૂર હોય’ એવી શંકા થાય, તેથી ‘આવરણ વિનાના’ વિશેષણ યોજેલું છે. (આપ ગુણોના) આવરણ વિનાના છો. સ્થિતિ માટે આપ સત્વગુણને ધારણ કરો છો. ‘કાર્ય કરવા તત્પર’ વિશેષણ બધે (બધા ગુણોને) (લાગુ પડે છે). તેમાં વિઘ્ન કરનાર બીજો (કોઇ) નથી એમ કહેવા, ‘હે જગતના પતિ!’ એવું સંબોધન કરેલું છે. ગુણોને વશ રાખનાર ત્રણ છે (૧) (તેઓમાં) ખળભળાટ કરનાર કાલ. (૨) (તેઓનાં) સ્વરૂપરૂપ પ્રકૃતિ અને (૩) (તેઓનો) અધિષ્ઠાતા પુરૂષ. આ ત્રણે પણ આપ જ છો. (આપ) તેટલા જ છો એવું નથી, પરંતુ તેમનાથી પણ પર છો. ૨૯.

એ પ્રમાણે (ભગવાન) સર્વથી ઉત્તમ છે એમ કહી, નીચેના શ્લોકમાં (તે) સર્વરૂપ છે એમ કહે છેઃ—

अहं पयो ज्योतिरथानिलो नभो मात्राणि देवा मन इन्द्रियाणि च ॥
कर्ता महानित्यखिलं चराचरं त्वय्यद्वितीये भगवन्नयं भ्रमः ॥३०॥

હે ભગવાન! હું જલ, તેજ તથા વાયુ, આકાશ, તન્માત્રાઓ દેવો મન અને ઇંદ્રિયો, અહંકાર, મહત્તત્ત્વ એવું બધું સ્થાવરજંગમ જેમનાથી બીજું કાંઇ નથી તેવા આપમાં (દેખાય છે) આ ભ્રમછે. ૩૦.

તત્ત્વો અને (તેઓનું) કાર્ય આપ જ છો, એવો અર્થ છે. 'હું' એટલે પૃથ્વી. 'अथ' 'તથા' શબ્દથી ત્રણને એકત્ર કરવાના મતથી જૂદા હોવાનું જણાવે* છે. 'मात्राणि' એટલે રૂપ વિગેરે તન્માત્રાઓ. દિશાઓ, પવન વિગેરે દેવો, તેમજ દશ ઇંદ્રિયો. 'च' 'અને' શબ્દથી બુદ્ધિ અને પ્રાણ (કહેલા છે). 'कर्ता' એટલે અહંકાર. 'महान्' એટલે મહત્તત્વ. 'इति' 'એવું' શબ્દ પ્રકાર જણાવનારો, અથવા સમાપ્તિ જણાવનારો છે. 'સ્થાવરજંગમ' શબ્દ 'બધું' શબ્દનો અર્થ ફરી જણાવનાર છે. (આ બધાનું ભગવાનથી) જૂદા દેખાવું એ ભૂલભરેલું હોવાથી, અને કાર્યમાં જૂદાપણું અવશ્ય કહેવું જોઇએ તેથી, ઓછું અથવા વધારે (જણાવ્યાનો) દોષ ન રહે તે માટે 'બધું' શબ્દનો બંને બાજુએ સંબંધ લેવાનો છે. 'એક હોઇ બહુ પ્રકારે વિચર્યા' એ શ્રુતિથી ભગવાન જ સર્વ રૂપથી વિચરે છે એમ કહેલું હોવાથી, જેમનાથી બીજું કાંઇ નથી એવા આપમાં ભેદ (જણાય છે). (આપથી) જૂદો બીજો હોવાનું સંભવતું નથી. તત્ત્વ વિગેરેનો નિર્ણય કરનારા સ્માર્ત વિચારકોના હૃદયમાં પણ ભેદ ભાસે છે, તેથી આ બધોએ ભ્રમ એ પ્રમાણે ગણત્રી કરવારૂપ છે, કારણ કે આપને જ ઘણા પ્રકારે ગણતાં, તેઓ જેમને ગણે છે તેમનો પરસ્પર ભેદ માને છે. જૂદી વસ્તુ હોવી એજ ભેદ છે. ૩૦.

એ પ્રમાણે સ્તુતિ કરીને નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ—

तस्यात्मजोऽयं तव पादपङ्कजं भीतः प्रपन्नार्तिहरोपसादितः ॥
तत्पालयैनं कुरु हस्तपङ्कजं शिरस्यमुष्याखिलकल्मषापहम् ॥३१॥

હે શરણે આવેલાના દુઃખને હરનાર! તેનો ભય પામેલો આ પુત્ર આપના ચરણકમલમાં આવેલ છે. તેથી આનું પાલન કરો. આના માથા ઉપર સર્વ પાપોને હરનારૂં આપનું હસ્તકમલ મૂકો. ૩૧.

(સર્વ લોક) ભ્રાન્ત છે એવી, અને આપ જ સર્વ (થએલા) છો એવી

---

* પૃથ્વી, જલ અને તેજ એ ત્રણને ભેગાં કરવાં તે 'त्रिवृत्करणम्'. આ ત્રણથી જૂદા બીજા પદાર્થ છે એમ દર્શાવવા 'अथ' શબ્દ યોજેલો છે, એવો ભાવાર્થ જણાય છે.

સ્તુતિથી સર્વના અપરાધો દૂર કરેલા છે. 'પુત્ર' શબ્દથી (ભગવાન તેને) રાજ્ય આપે તે માટે તે (ભૌમાસુર)નો પુત્ર હોવાનું કહેલું છે. (ભગવાન) તેના ઉપર સ્નેહ કરે તે માટે 'આપના ચરણકમલમાં આવેલ છે' શબ્દો યોજેલા છે. (તેના ઉપર) દયા કરે તે માટે 'ભય પામેલો' વિશેષણ યોજેલું છે.

'છતાં પણ શત્રુ હણવા યોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'શરણે આવેલાના દુઃખને હરનાર!' એવું સંબોધન કરેલું છે. '(ચરણકમલમાં) આવેલો છે' એટલે ચરણ પાસે આવી ચરણમાં પડેલો છે, પરંતુ આપને વિરોધી માનતો નથી. આથી એમ કહેલું છે કે 'જેઓ મને જે પ્રકારે ભજે છે' (ભગવદ્ગીતા ૪–૧૧) એ વિચાર પ્રમાણે પણ તેના ઉપર કૃપા કરવી જોઇએ. 'તેથી પાલન કરો' એવી પ્રાર્થના (કરેલી) છે. (તેને) દેખાડીને 'આનું (પાલન કરો)' એમ કહેલું છે. (પોતે ભગવાનની) પત્ની હોવાથી અને તે (ભૌમનો પુત્ર) પણ પૌત્ર હોવાથી ઉદ્ધતાઇથી એવી ફરીથી બીજી વિજ્ઞપ્તિ કરે છે, કે 'આના માથા ઉપર આપનું હસ્તકમલ મૂકો,' કે જે પ્રકારે (આ) પોતાથી (ભગવાનથી) રક્ષાએલો છે એમ જાણવામાં આવે.

'વાણીથી પણ (તે કાર્ય) થાય, હસ્તથી સ્પર્શ (કરવા)માં શું વધારે છે?' એવી શંકા થાય, તેથી 'સર્વ પાપોને હરનારૂં' વિશેષણ યોજેલું છે. ત્રણ કાલમાં ત્રણે (કોઇ પણ) પ્રકારના પાપો તે (હસ્તકમલ)માં રહેતાં નથી, તેથી તે હસ્તકમલ સર્વ પાપોને હરનારૂં છે, કારણ કે પોતાની વસ્તુને તે તેવી (પાપ રહિત) બનાવે છે. જો કે તે (ભૌમાસુર)નો પુત્ર પણ દુષ્ટ હોઇ હણવા યોગ્ય જ હતો, છતાં પણ ભૂમિની પ્રાર્થનાને લીધે (ભગવાને) તે સમયે તેને હણ્યો નહિ. ૩૬.

બધા બધુંએ માગે છે, છતાં પણ જે અહિં યોગ્ય હોય તેજ ભગવાન કરે છે, (તેથી) વિરૂદ્ધ જરા પણ કરતા નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

॥ श्रीशुक उवाच ॥ શ્રી શુક કહે છેઃ—

इति भूम्यार्चितो वाग्भिर्भगवान् भक्तिनम्रया ॥
दत्त्वाऽभयं भौमगृहं प्राविशत् सकलर्द्धिमत् ॥३२॥

એ પ્રમાણે ભક્તિને લીધે નમ્ર ભૂમિએ વાણીથી પૂજાએલા ભગવાને અભય આપીને સર્વ સમૃદ્ધિવાળા ભૌમાસુરના ઘરમાં પ્રવેશ કર્યો. ૩૨.

(ભૂમિએ ભગવાનની) પૂજા કરવાનાં દ્રવ્યો સાથે વાણીથી પૂજા કરી; અથવા વાણીથી જ પૂજા કરી, કારણ કે બાકીનું બધું તેમનું (ભગવાનનું)જ છે.[1] બુદ્ધિ

---

[1] (બીજું બધું ભગવાનનું છે પણ) વાણી પોતાની છે એમ અહિંથી સિદ્ધ કરે છે. સ્તુતિના આરંભમાં ભક્તિ પ્રાપ્ત કરાવનારી બુદ્ધિથી નમ્ર થઇ સ્તુતિ કર્યાનું કહેલું છે (શ્લોક ૨૪) તેથી બુદ્ધિનું કાર્ય સ્તુતિરૂપ વાણી પણ પોતાની છે એવો ભાવ છે. (લે)

તો ભગવાને સ્ત્રી પેઠે બધાને આપેલી છે. તે પુરંજનના ઉપાખ્યાનમાં કહેલું છે. તે બધા જીવોમાં જૂદી જૂદી છે.[૧] તેમ ન હોય તો પ્રમાણો વ્યર્થ થાય. તેથી (ભગવાન જીવની) બુદ્ધિના ગુણો અને દોષોને આગળ કરીને (ધ્યાનમાં લઇને) જેમ યોગ્ય હોય તેમ કરે છે તેથી સર્વ યોગ્ય છે. અમુક સમયે લીલા થઇ શકે તે માટે (ભગવાને જીવોની) બુદ્ધિ તેવી (જૂદી જૂદી) કરેલી છે, તે 'ભગવાને' શબ્દથી કહેલું છે. છતાં પણ (પૃથ્વીએ) ભક્તિને લીધે નમ્ર થઇને સ્તુતિ કરેલી, તેથી (ભૌમના પુત્રને) અભય આપીને ભૌમ (પુત્ર)નું ઘર પોતાનું જ ઘર હોવાથી તેમાં પ્રવેશ કર્યો; તે(પ્રવેશ કરવા)નું કારણ 'સર્વ સમૃદ્ધિવાળા' વિશેષણથી કહેલું છે. તે સમયે તેના પુત્રના પ્રાણોનું જ રક્ષણ કરવાનું હોવાથી (ભગવાને) તેમ[૨] કર્યું. તેમ ન હોય[૩] તો તેટલી કન્યાએ નિષ્ફલ* થાય, કારણ-કે તેણે પ્રાપ્ત કરેલું સર્વ (ભગવાન) ગ્રહણ કરે ત્યારે જ તેનો લૂંટનો દોષ દૂર થાય. ૩૨.

છતાં પણ[૧] કન્યાઓ (ભગવાનને) પોતાની મેળે વરી[૨] એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तत्र राजन्यकन्यानां षट्सहस्राधिकायुतम् ॥
समाहृतानां विक्रम्य राजभ्यो ददृशे हरिः । ३३॥

ત્યાં હરિએ રાજાઓ પાસેથી પરાક્રમ કરીને આણેલી દશ હજારથી અધિક છ હજાર રાજાની કન્યા જોઈ ૩૩

તે રાજાની કન્યાઓ હતી, તેથી (પતિમાં) પોતાની જાતના રૂપ તથા વીર્યની (તેઓને) જરૂર હતી. દશ હજાર અને છ હજાર—એમ સોળ કળાઓની હજાર પ્રકારે જૂદી જૂદી અધિષ્ઠાત્રી દેવતાઓ ભૂમિ ઉપર રહેલી, (તેમને) ભગવાનની પ્રેરણાથી ભ્રમને લીધે ભૂમિના પુત્રે હરેલી, અને ત્યારે જ (તેઓ) તેટલી

---

[૧] (ભગવાને જીવોને) જૂદા જૂદા પ્રકારની બુદ્ધિ આપેલી છે એવો અર્થ છે (લે)

[૨] 'તેમ કર્યું' એટલે તેના માત્ર પ્રાણનું રક્ષણ કરવા અભયદાન આપ્યું, એવો અર્થ છે. (લે)

[૩] 'તેમ ન હોય તો' એટલે (તેના પ્રાણ સિવાયના) કન્યાઓ વિગેરેનાં પણ રક્ષણ માટે (અભયદાન આપ્યું હોય તો) (લે).

* તેણે લૂંટ કરીને લાવેલી કન્યાઓનું ભગવાન ગ્રહણ ન કરે તો તેના લૂંટના દોષનું નિવારણ થાય નહિ, કારણ કે ભગવાન તેમને ગ્રહણ કરે તોજ તેનો એ દોષ દૂર થાય. તેથી કન્યાઓને ત્યાં જ રહેવા દેવાનું અભયદાન આપ્યું નહતું. તેમ કરવાથી કન્યાઓનાં જીવન પણ નિષ્ફલ થાય તેમ હતું, એવો ભાવાર્થ જણાય છે.

[૧] લૂંટનો દોષ દૂર કરવા ભગવાન વરણ કરવાના જ હતા છતાં પણ, એવો અર્થ છે. (લે)

[૨] આ પછીના બે શ્લોકોથી મનથી અને વાણીથી વરણ કર્યું. અને આ શ્લોકથી વરણનું કારણ કહ્યું. એમ ત્રણ શ્લોકોથી વરણ કહે છે; એવો અર્થ છે. (લે)

થઇ.* આ દ્વિસ્વભાવવાળી હતી એમ જણાવવા ‘ છ હજાર અને દશ હજાર ’ એવી બે સંખ્યાઓથી જણાવેલી છે. છ હજારનું ઉત્તમપણું જણાવવા ત્યાં ‘ અધિક ’ શબ્દ યોજેલો છે, કારણ કે તે અપ્સરાઓ દેવતા હોવાથી, ક્રીડા કરવા માટે તે (રાજાની કન્યાના) રૂપથી જન્મેલી હતી. તેઓએ પ્રથમ અષ્ટાવક્રની સ્તુતિ કરેલી અને પછી મશ્કરી કરી, એમ જણાવવા દ્વિસ્વભાવપણું કહેલું છે. તેથી જ ઋષિના કોપને લીધે આરંભમાં અને અંતે (તેમને) દુઃખ પ્રાપ્ત થએલું; અને (ઋષિને) પ્રસન્ન કર્યા તેથી (ભગવાનને) વરવાની બુદ્ધિ થઇ. ‘ બધા બલથી કરેલા પદાર્થો ન કરેલા છે એમ મનુએ કહેલું છે ’ એમ જણાવવા, ‘ રાજાઓ પાસેથી પરાક્રમ કરીને આણેલી ’ શબ્દોથી બલથી આણવાનું કહેલું છે. ‘ હરિ ’ તેઓનું દુઃખ હરનારા છે, તેમણે તેવા (દુઃખ હરનારા) થવા માટે (તેઓને) જોઇ. ૩૩.

નીચેના શ્લોકમાં (રાજાની કન્યાઓએ કરેલું ભગવાનનું) વરણ કહે છે:—

तं प्रविष्टं स्त्रियो वीक्ष्य नरवर्यं विमोहिताः ॥
मनसा वव्रिरेऽभीष्टं पतिं दैवोपसादितम् ॥३४॥

પ્રવેશ કરેલા તે ઉત્તમ પુરૂષને જોઇને, મોહ પામેલી સ્ત્રીઓ દૈવે આણેલા (પોતાના) ઇચ્છેલા પતિને મનથી વરી. ૩૪.

(‘પ્રવેશ કરેલા’ એટલે) ઉત્તમ પ્રકારે પોતાની સમીપ પધારતા (ભગવાનને જોઇ વરી), કારણ કે (તે) સ્ત્રીઓ હતી (અને) સ્ત્રીઓએ અવશ્ય પતિનું વરણ કરવું જોઇએ.

‘ છતાં પણ તેઓ ભગવાન પુરૂષોત્તમને કેમ વરી ? ’ એવી શંકા થાય, તેથી ‘ ઉત્તમ પુરૂષને ’ શબ્દ યોજેલ છે. (તેમને વરી); કારણ કે તેમણે પુરૂષની આકૃતિ અને સ્ત્રીઓને પ્રિય હોય તેવી આકૃતિ ધારણ કરી હતી, જેને લીધે તેઓ મોહ પામી હતી. તેઓ (ઘરમાં) પૂરાએલી હોવાથી હૃદયથી† (ભગવાનને) વરી, કાયાથી વરી (શકી) નહિ. ‘ ઇચ્છેલા ’ એ વિશેષણથી (એમ જણાવેલું છે કે) પહેલાં પણ (ભગવાન પતિ થાય) તેવા જ પ્રકારના વિચારથી (ત્યાં) રહેલી હતી. (ભગવાનને) પતિ તરીકે જ વરી. ‘ દૈવે આણેલા ’ વિશેષણથી એમ જણાવેલું છે કે (વરવા યોગ્ય) સમયે પ્રાપ્ત થએલા આવા (વર)ને અવશ્ય વરવું જોઇએ. તેથી યોગ્ય જ થાય છે. જેમ પિતા વરણ કરાય તે માટે વરને (કન્યાની) સમીપ લાવે છે, એવી રીતે દૈવ (ભગવાનને સમીપ) લાવ્યું. ૩૪.

---

* જૂદા જૂદા રાજાઓ પાસેથી લાવી ભેગી કરી ત્યારે સોળ હજાર ભેગી થઇ, એવો અર્થ જણાય છે.

† દેવકીનંદન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. રા. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં ‘ भयेन ’ પાઠ છે, તે કરતાં આ પાઠ વધારે સારો છે.

નીચેના શ્લોકમાં તેઓનો મનોરથ જણાવે છેઃ—

भूयात् पतिरयं मह्यं धाता तदनुमोदताम् ॥
इति सर्वाः पृथक् कृष्णे भावेन हृदयं दधुः ॥३५॥

'આ મારા પતિ થાઓ. પ્રજાપતિ તેનું અનુમોદન કરો' એવા ભાવથી જૂદાં જૂદાં બધીઓએ શ્રીકૃષ્ણમાં (પોતાનું) હૃદય સ્થાપ્યું. ૩૫.

'મારા' એમ દરેકનો (વિચાર કહેલો છે). બ્રહ્માંડમાં સંવત્સરરૂપ પ્રજાપતિને અધિકાર આપેલો હોવાથી, તે સંમતિ ન આપે તો પિતાની આજ્ઞા ન મળી હોય તેની પેઠે વરણ (કરવાનું) સંભવતું નથી, તેથી 'પ્રજાપતિ તેનું અનુમોદન કરો' શબ્દોથી તેમની સંમતિની પ્રાર્થના કરે છે. બધીઓનો ભાવ એકજ હતો, પરંતુ તે જૂદો જૂદો દરેકમાં* પરિણમેલો (રહેલો) હતો. 'શ્રીકૃષ્ણ' શબ્દથી (એમ કહેલું છે કે તે ભગવાન) તેઓને પ્રિય હતા. 'ભાવથી' એટલે 'આ પતિ થાઓ' એવી ઇચ્છાથી, અથવા શ્રદ્ધાથી, અથવા રસનો આધાર બનેલ (ભાવ)થી, (તેઓએ પોતાનું) હૃદય (શ્રીકૃષ્ણમાં) સ્થાપ્યું એટલે તેમનામાં જ સ્થિર કર્યું. ૩૫.

હવે પછી જેમાં ભાવ રહેલ તે શરીર ભગવાનનું કરવાની તેમનામાં શક્તિ નહિ હોવાથી, ભગવાને તે (કાર્ય) કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

ताः प्राहिणोद्द्वारवतीं सुमृष्टविरजोम्बरैः ॥
नरयानैर्महाकोशं रथाश्वद्रविणं महत् ॥३६॥

સારી રીતે ધોએલાં સ્વચ્છ વસ્ત્રોવાળી તેઓને પાલખીઓમાં દ્વારકા મોકલી (અને) મોટો ખજાનો, રથો અશ્વો અને દ્રવ્યરૂપી ઘણું (ધન) (દ્વારકા મોકલ્યાં). ૩૬.

'દ્વારકા' એટલે તે (કન્યાઓ)નાં ઇચ્છેલા ફલ(રૂપ ભગવાન)નું સ્થાન, કારણ કે ભગવાનના સ્થાનમાં જવાનું તે (દ્વારકા) દ્વાર છે. સારી રીતે ધોએલાં સ્વચ્છ વસ્ત્રોવાળી કરીને **नरयानैः** પાલખીઓમાં (તેઓને મોકલી). માત્ર સ્ત્રીરૂપી રત્નોને મોકલ્યાં એટલું જ નહિ; પરંતુ બીજાં પણ રત્નો મોકલ્યાં એમ કહેવા 'મોટો ખજાનો (મોકલ્યો)' એમ કહેલું છે. રત્ન વિગેરેનો મોટો ખજાનો મોકલ્યો. રથો, અશ્વો અને દ્રવ્ય એવા ત્રણ પ્રકારનું ઉત્તમ ધન મોકલ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. તેમને પણ મોકલવાનું કારણ 'ઘણું' શબ્દથી કહેલું છે, કારણ કે ઘણું (ધન) બીજા સ્થલે (હલકા પુરૂષને ત્યાં) રાખેલું હોય તે હલકા (પુરૂષ)ને દુઃખ (ઉત્પન્ન) કરે છે. ૩૬.

---

* મી. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલી પ્રતમાં '**न तु**' શબ્દો અહિં અધિક છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લઇ અનુવાદ કરેલો છે.

ખાસ કરીને પોતાને માટે જ હાથીઓ મોકલ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ऐरावतकुलेभांश्च चतुर्दन्तांस्तरस्विनः ।
पाण्डुरांश्च चतुःषष्टिं प्रेषयामास केशवः ॥३७॥

અને કેશવે ચાર દાંતવાળા ઝડપવાળા ઐરાવતના કુલમાં ઉત્પન્ન થએલા હાથીઓ અને સફેદ ચોસઠ મોકલ્યા ૩૭.

જે કુલમાં ઐરાવત ઉત્પન્ન થએલો તે કુલમાં ઉત્પન્ન થએલા (હાથીઓ મોકલ્યા). તેઓનો બીજાઓથી ભેદ કહે છે. 'ચાર દાંતવાળા' વિશેષણથી સ્વરૂપનો ભેદ કહેલો છે, અને 'ઝડપવાળા' વિશેષણથી સ્વભાવનો ભેદ કહેલો છે. 'च' 'અને' શબ્દથી એમ (કહેલું છે કે) ઉચ્ચૈઃશ્રવાના કુલમાં જન્મેલા સફેદ અને બીજા અશ્વોને પણ મોકલ્યા. ચાર દાંતવાળા અને ઝડપવાળા (પ્રાણીઓ) હરણ વિગેરેના કુલોમાં પણ હોય છે, તેથી (આ) તેવા નહતા એમ જણાવવા 'સફેદ' વિશેષણ યોજેલું છે. બીજા[1] પણ આવા જ હતા, કારણ કે તેમની સાથે કહેલા છે. ઘણી જૂદી જાતના હોવું એ ભેદ કરનારૂં છે. તેઓમાં[2] દાંત વિગેરેમાં ભેદ વિચારી લેવો.

'ચોસઠ' વિશેષણથી તેઓને કલારૂપ જણાવેલા છે. 'કેશવ' શબ્દનો (એવો અર્થ છે કે ભૌમાસુર) મહાદેવનો ભક્ત હોવાથી તેમના વરદાનને લીધે તે આટલો (આટલા બધા વૈભવવાળો) થએલો, તેથી (તેનો વૈભવ દ્વારકા મોકલવાથી) કદાચ મહાદેવ અપ્રસન્ન (ગુસ્સે) થાય, એવી શંકા કરીને 'કેશવ' એમ કહેલું છે. (ભગવાન) (क) બ્રહ્મા અને (ईश) મહાદેવે પણ સેવા કરવા યોગ્ય છે. ૩૭.

પછી ત્યાં (પ્રાગ્જ્યોતિષપુર)નું કાર્ય કરીને, જે (કાર્ય) માટે ઇંદ્રની પ્રેરણાથી (ભગવાન) પધારેલા, તે તેમણે કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

गत्वा सुरेन्द्रभवनं दत्त्वादित्यै च कुण्डले ।
पूजितस्त्रिदशेन्द्रेण सहेन्द्राण्या च सप्रियः ॥३८॥

સુરેન્દ્રના ભવને જઈ અને અદિતિને કુંડલો આપીને વળી પ્રિયા સહિત (ભગવાન) ઈંદ્રાણી સાથે ત્રિદશોના ઈંદ્રથી પૂજાયા. ૩૮.

---

[1] 'બીજા' એટલે સફેદથી જૂદા શ્યામ હાથીઓ પણ ઝડપવાળા હતા, એવો અર્થ છે. (લે) આ વિશેષણ અશ્વો માટે યોજેલ હોવાનું પણ સંભવે છે.

[2] 'તેઓમાં' હરણો વિગેરેમાં ચાર દાંતવાળા હોય, છતાં પણ તેઓના દાંત હાથીઓના દાંતથી જૂદા પ્રકારના હોય છે, એવો અર્થ છે (લે) આ પ્રમાણે અર્થ કરવામાં 'બીજા પણ આવા જ હતા' એ વાક્યનો વિરોધ થતો હોય તેમ જણાય છે. બીજા પણ આવા જ હતા, ઘણી જૂદી જાતના નહતા. દાંત તેઓના જૂદા પ્રકારના હતા એવો ભેદ વિચારી લેવો, એવો ભાવાર્થ જણાય છે.

'સુરેન્દ્રનું ભવન' અને સ્વર્ગરૂપી સ્થાન. ત્યાં જ રહેલી અદિતિને બે કુડલો (ભગવાને) આપ્યાં. ભોગરૂપ (ભોગ કરનારી) અદિતિ ત્યાં રહે છે. ક્રિયારૂપ (અદિતિ) તો અંશથી દેવકી બનેલી. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ઇંદ્રને પણ છત્ર વિગેરે આપ્યાં. પછી ત્રિદશોના ઇંદ્રથી (ભગવાન) પૂજાયા. 'ત્રિદશો(ના ઈંદ્રથી)' શબ્દથી (એમ કહેલું છે કે) ઘડપણ અને મૃત્યુ જેઓને નથી તેવા (દેવો)ના ઇંદ્રે એટલે તે (દેવો)ને પણ ઘણાં જ ઐશ્વર્યનું દાન કરવાની શક્તિવાળાએ સ્વામી તરીકે (ભગવાનની) પૂજા કરી, એવી ભગવાનની સરસાઇ સત્યભામાને દર્શાવી. ભગવાન પત્ની સાથે પધારેલા, તેથી પત્ની સાથેના ઇંદ્રે જ (તેમની) પૂજા કરી. તેમ કરવામાં ન આવે (એકલો ઈંદ્ર પૂજા કરે) તો લોકમાં વિરૂદ્ધ જેવું (એ પૂજાનું કાર્ય) થાય, અથવા પૂજામાં સત્યભામાનો પ્રવેશ ન થાત. 'च' 'વળી' શબ્દથી (એમ કહેલું છે કે) દેવોએ અને તેમની સ્ત્રીઓએ (પૂજા કરી).

'ભગવાન સર્વના ઈશ્વર હોવાથી ઈંદ્ર વિગેરે (તેમની) પૂજા કરે, સત્યભામાની પૂજા કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'પ્રિયા સહિત' શબ્દ યોજેલ છે. પ્રિયાની સાથે (ભગવાન પધારેલા). (સત્યભામા) ભગવાનનાં પ્રિયા હોવાથી, તેમની પણ પૂજા કરી, કારણ કે તેમ કરવામાં ન આવે તો ભગવાન પ્રસન્ન ન થાય. ૩૮.

પછી સ્ત્રીઓની વાતચિતમાં શચી સાથેની વાતમાં (સત્યભામાએ) પારિજાત પુષ્પની ઇચ્છા દર્શાવતાં, મનુષ્ય તરીકે શચીએ (તેમની) હલકાઇ જણાવતાં, બહિર્મુખ (શચી)નું મેણું નહિ સહન કરનારી (સત્યભામા)એ પ્રાર્થના કરેલા ભગવાન પારિજાત (વૃક્ષ)ને લઈ ગયા એમ નીચેના શ્લોકમાં કહે છે:—

नोदितो भार्ययोत्पाट्य पारिजातं गरुत्मति ॥
आरोप्य सेन्द्रान् विबुधान्निर्जित्योपानयत्पुरम् ॥३९॥

પત્નીએ પ્રેરેલા (ભગવાન) પરિજાતને ઉખાડી, ગરૂડ ઉપર મૂકીને, ઇંદ્ર સહિત દેવો ઉપર વિજય મેળવી, (તેને પોતાના) નગર લઇ ગયા. ૩૯.

પછી ભગવાન પારિજાત (વૃક્ષ)ની સમીપ જઈ, પત્ની સહિત, ગરૂડ ઉપર બેસીને, જ્યારે ભગવાન (ભૂતલ ઉપર) વિરાજતા હોય ત્યારે નરકાસુરના ઘરની પેઠે ત્યાં (સ્વર્ગમાં) પણ સર્વથી ઉત્તમ (પદાર્થ) રહે તે અયોગ્ય હોવાથી તે પારિજાતને ઉખાડી, પાછું ગરૂડ ઉપર મૂકીને સોમની પેઠે ભૂમિ ઉપર લઇ આવ્યા. તે (ભગવાનનું કાર્ય) ઇન્દ્ર વિગેરેને ગમતું નહિ હોવાથી, 'સેવકોએ સ્વામીની લીલાને અનુસરીને જ પોતાનું કાર્ય કરવું યોગ્ય છે' એવો સિદ્ધાંત જાણ્યા વિના, અમને આપેલું (પારિજાત) કેમ લઇ જાય છે? એવા અભિપ્રાયથી (ભગવાન સામે) યુદ્ધ કરવા તેઓ આવ્યા. ત્યારે ઈંદ્ર સહિત દેવો ઉપર વિજય મેળવી (પારિજાત લઇ જવામાં) તેઓએ કરેલ અડચણ દૂર કરી (ભગવાન તેને) પુરં

દ્વારકાનગર લઈ ગયા, પરંતુ તેને રસ્તામાં (અધવચ) તજી દઈ (દ્વારકાં) મધાર્યો નહિ. જો (તેઓએ) પ્રાર્થના કરી હોત, તો કદાચ (તે તેમને) આપીને (દ્વારકા) લાવ્યાં ન હોત. આ મતાંતર ભાષા છે, એમ પહેલાં જ અમે કહેલું છે. ૩૯.

પછી સ્ત્રીના વચનને લીધે સ્ત્રી માટે જ તે આણેલું હતું એમ જણાવવા, તેને સત્યભામાના ઘરમાં રોપ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स्थापितः सत्यभामाया गृहोद्यानोपशोभनः ॥
अन्वगुर्भ्रमराः स्वर्गात्तद्गन्धासवलम्पटाः ॥४०॥

સત્યભામાના ઘર અને ઉદ્યાનને શોભાવનાર (તેને) રોપ્યું. તેની ગંધ અને રસમાં લંપટ ભ્રમરો સ્વર્ગમાંથી (તેની) પાછળ આવ્યા હતા. ૪૦.

ઘર અને ઉદ્યાનને ૩૫ સમીપમાં રહી શોભાવે તે, અથવા બંનેની શોભા થતી હતી જેનાથી તે ઘર અને ઉદ્યાનને શોભાવનાર: ઘર અને ઉદ્યાનની વચ્ચે (તેને) રોપ્યું હતું. તે પારિજાતનું સર્વથી ઉત્તમપણું ઉત્તરાર્ધથી કહેલું છે. સ્વર્ગનો પણ ત્યાગ કરીને, તેની જે ગંધ અને આસવ એટલે રસ, અથવા ગંધ એજ મદ કરનાર હોવાથી આસવ, તેમાં લંપટ થએલા એટલે વિવેક (સારૂં અથવા ખરાબ પારખવાની શક્તિ)ને લીધે પણ તેનો ત્યાગ કરવાની શક્તિ વિનાના (ભ્રમરો તેની પાછળ આવ્યા). વળી નામથી પણ તેઓ ભ્રમવાળા અને મરણવાળા* છે. સ્વર્ગમાં તો તે બંને નથી, છતાં પણ (સ્વર્ગ તજી તેની પાછલ) આવ્યા એમ પદાર્થ (પારિજાત)નું ઉત્તમપણું કહેલું છે. ૪૦.

આ મત[1] પ્રમાણે પણ ભગવાને કરેલું જ યોગ્ય છે, પરંતુ ઇંદ્રે કરેલું યોગ્ય નથી, તેથી નીચેના શ્લોકમાં તેના કાર્યની નિંદા કરે છે:—

यया च आनम्य किरीटकोटिभिः पादौ स्पृशन्नच्युतमर्थसाधनम् ।
सिद्धार्थ एतेन विगृह्यते महानंहो सुराणां च तमो धिगाढ्यतम् ॥४१॥

મુકુટની ટોચોથી ચરણનો સ્પર્શ કરતાં પ્રણામ કરીને, (ઇંદ્રે) કાર્ય કરી આપનાર અચ્યુતની યાચના કરેલી. કાર્ય પાર પડતાં (તે) મોટાએ આમની સાથે વિગ્રહ કર્યો. અહો! દેવોને પણ અજ્ઞાન છે! ધનવાનપણાને ધિક્કાર હો! ૪૧.

---

* 'ભ્રમર'=ભ્રગ+મર ('મ' બંને બાજુએ લીધેલ છે) એટલે ભ્રમ અને મરણ તેઓને ભ્રગ અને ગરણ હોય જ. સ્વર્ગમાં તે બંને નથી તેથી તેમણે ત્યાં રહેવું જ ઉત્તમ હતું, છતાં પારિજાતની ગંધમાં લંપટ હોવાથી તેઓ આ વિવેકને લીધે પણ સ્વર્ગમાં રહી શક્યા નહિ અને ભ્રમ અને મરણ થાય તેવી ભૂમિ ઉપર તેની પાછલ આવ્યાં.

[1] 'આ મત પ્રમાણે' એટલે 'મતાંતરની ભાષામાં પણ.' (લે)

જે ઇંદ્રે કાર્ય કરી આપનાર અચ્યુતની યાચના કરેલી તેણે કાર્ય પાર પડતાં પાછલથી કાર્ય કરી આપનાર સાથે જ વિગ્રહ કર્યો, પ્રસંગને લીધે (અકસ્માતથી) યાચના કરી નહતી એમ 'પ્રણામ કરીને' શબ્દથી જણાવેલું છે. (યાચના) પ્રાર્થનારૂપ હતી.

'પ્રસંગે માન આપવા યોગ્ય (પુરૂષ) પાસે નમસ્કાર કરીને યાચના કરવામાં આવે છે' એવી શંકા થાય, તેથી 'મુકુટની ટોચોથી ચરણનો સ્પર્શ કરતાં' શબ્દો યોજેલા છે. પોતાની હલકાઈ દર્શાવતાં પણ યાચના કરેલી. વળી (ઈંદ્ર) પોતે નરકાસુરને હણવા શક્તિવાળો નહતો અને ભગવાન શક્તિવાળા હતા, એમ જાણીને તેણે તે પ્રમાણે પ્રાર્થના કરેલી, એવો અભિપ્રાય 'અચ્યુત' શબ્દથી દર્શાવેલો છે. કાર્ય પાર પડે જેનાથી, એવા (ભગવાન પાસે યાચના કરેલી), તેમનાથી જ કાર્ય પાર પડ્યું. (કાર્ય કરવા) શક્તિવાળો હોય તો પણ બીજો કાર્ય કરતો નહતો. એ પ્રમાણે બહાદૂર તરીકે ભગવાનને જાણવા છતાં; (તેમનું) પરાક્રમ જોઇને પણ, પોતે મોટો હોવા છતાં (ઇંદ્રે તેમની સાથે) વિગ્રહ કર્યો.

'કારણથી વિરૂદ્ધ કાર્ય કેમ થયું* ?' એવી શંકા થાય, તેથી 'અહો !' શબ્દ(થી આશ્ચર્ય દર્શાવેલ) છે, 'છતાં પણ (કારણ વિના કાર્ય થવાની) યોગ્યતા કહેવી જોઇએ' એવો વિચાર થાય, તેથી 'દેવોને પણ અજ્ઞાન છે' શબ્દો યોજેલા છે, જ્ઞાન જેઓમાં મુખ્ય છે તેવા સાત્વિકોને પણ કેવલ તમોરૂપ અજ્ઞાન હોય છે, એવો (તેનો અર્થ છે). વિગ્રહ કહીને વાસ્તવિક રીતે ધનવાનપણાને કારણ તરીકે કહેલું છે. તેથી જ 'ધનવાનપણાને ધિક્કાર હો' શબ્દોથી તેની નિંદા કરે છે. **લક્ષ્મીની પ્રાપ્તિ જ ન હઠાવી શકાય તેવું અજ્ઞાનનું મૂલ છે પરંતુ બીજું કાંઇ (તેવું) નથી.** તે પ્રસંગે દેવ હોવાપણું વિગેરે દુઃખ કરનારાં છે, એવો અર્થ છે. ૪૧.

શૌર્યના આવેશનો ત્યાગ કરીને કામના આવેશવાળા (ભગવાને) કામના અનંત રૂપો હોવાથી જૂદા જૂદા (કામ)ને પૂર્ણ કરનાર રૂપથી તે(સ્ત્રી)ઓને વિવાહ, રતિ અને માન પ્રાપ્ત કરાવ્યાં, એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે:—

अथो मुहूर्त एकस्मिन्नानागारेषु ताः स्त्रियः ।।
यथोपयेमे भगवांस्तावद्रूपधरोऽव्ययः ।।४२।।

પછી એક મુહૂર્તમાં જૂદા જૂદા ઘરોમાં તે સ્ત્રીઓને તેટલાં રૂપો ધારણ કરનાર વિકાર વિનાના ભગવાન શાસ્ત્રવિધિથી પરણ્યા. ૪૨

---

* અદિતિના કુંડલો અને ઇંદ્રના છત્ર વિગેરે લાવી આપી ઇંદ્રનું કાર્ય કરી આપનાર ભગવાન સાથે યુદ્ધ કરાય નહિ, છતાં તેણે યુદ્ધ કેમ કર્યું ? એવો અર્થ જણાય છે.

સર્વ (સ્ત્રીઓ)ની કામના સરખી હોવાથી (સર્વને) સર્વ પ્રકારે સરખું ફલ પ્રાપ્ત થાય તે માટે એકજ મુહૂર્તમાં જૂદા જૂદા ઘરોમાં તે સ્ત્રીઓને રાખીને શાસ્ત્રવિધિથી પરણ્યા. દૃષ્ટિના ભ્રમને લીધે એમ જણાયું નહતું એમ 'તેટલાં રૂપો ધારણ કરનાર' વિશેષણથી કહે છે. 'ભગવાન' શબ્દથી તે વિષયનું (તેમ કરવાનું) સામર્થ્ય કહેલું છે. (ભગવાનનાં તે) રૂપો પણ વિકાર વિનાના હતા એમ જણાવવા 'વિકાર વિનાનાં' શબ્દ યોજેલ છે. યથા એટલે ગૃહ્યસૂત્રમાં કહેલા પ્રકારથી. ૪૨.

વિવાહનું વર્ણન કરી નીચેના શ્લોકમાં રમણનું વર્ણન કરે છે:—

गृहेषु तासामनपाय्यतर्क्यकृन्निरस्तसाम्यातिशयेष्ववस्थितः ॥
रेमे रमाभिर्निजकामसंप्लुतो यथेतरो गार्हकमेधिकांश्चरन् ॥४३॥

જેમની સમાન અથવા જેમનાથી અધિક બીજા કોઇ નથી તેવાં તેઓનાં ઘરોમાં નિરંતર સ્થિર રહેતાં, ન વિચારી શકાય તેવાં (કાર્ય) કરનાર, નિજ કામથી ભરપૂર (ભગવાન), જેમ બીજો (જીવ) ગૃહસ્થના (ધર્મો)નું આચરણ કરતાં રમણ કરે તેમ (તે) લક્ષ્મીઓ સાથે રમણ કરતા હતા. ૪૩.

તેઓનાં ઘરોમાં (ભગવાન) **અનપાયી** નિરંતર રહેતા હતા, કારણ કે પ્રમાણને અનુસરનારા[1] કામ પ્રમાણે તેઓની સાથે વિવાહ કરેલ નહતા, પરંતુ પ્રમેયને અનુસરનારા કામ પ્રમાણે (કર્યા હતા), (અને) તે (પ્રમેયને અનુસરનારો કામ) પુષ્ટ અને સદા ચાલુ રહેનાર નિત્ય રમણરૂપ છે. તેથી વિવાહની ક્ષણથી આરંભી જ્યાં સુધી (તેઓની) સ્થિતિ રહી, ત્યાં સુધી તેઓની સાથે નિત્ય રમણ જ કર્યું. વિધિ (શાસ્ત્રની આજ્ઞા)નું પાલન કરવા માટે જ દશ પુત્રો ઉત્પન્ન કરવાના હોય છે, તે અહિં કામનું પ્રધાનપણું હોવાથી કહેવા યોગ્ય નથી, કારણ કે (પુત્રો) ઉત્પન્ન કરવામાં આવે ત્યારે કામ ઓછો થાય છે.

'નિરંતર રમણમાં ઘણા દોષો છે. (૧) બીજા કાર્યમાં વિઘ્ન થાય. (૨) લોકોને સંદેહ થાય. (૩) તે (પત્ની)ઓને એક બીજી સાથેની વાતચિતમાં પરસ્પર સંદેહ થાય,' એવી શંકા થાય, તેથી 'ન વિચારી શકાય તેવાં કાર્ય કરનાર' શબ્દ યોજેલ છે. જેમ કોઇને પણ કોઇ પણ સંદેહ ઉત્પન્ન ન થાય તેમ (ભગવાન) કરે છે. વિરોધ થતો હોય ત્યાં લોકનું જ્ઞાન જ જૂદા પ્રકારનું ઉત્પન્ન કરે છે.

---

[1] શાસ્ત્રમાં પ્રજા માટે પ્રજા ઉત્પન્ન કરવાના અંગ તરીકે કામ રાખવાનું કહેલું છે. આ પ્રમાણને અનુસરનારો કામ છે. ભોગ માટે રાખવામાં આવેલ કામ પ્રમેયને અનુસરનારો છે. આ મહારાણીઓ સાથે ભગવાને પ્રજા માટે વિવાહ કરેલા નહતા, કારણ કે આઠ પટરાણીઓથી જ પ્રજા થાય તેમ હતું. આમની સાથે તો જૂદા જૂદા પ્રકારના વિલાસ માટે વિવાહ કરેલા, એવો અર્થ છે. (લે)

(ભગવાનનાં) ઘણાંએ રૂપો હોવાથી, કોઇક રૂપથી બીજા સ્થલે પણ પધારે છે, પરંતુ અહિં (આમના ઘરોમાં) (રમણથી) અધિક કાર્ય કરતા નથી. તેથી (ભગવાન દ્વારકામાં) હોવા છતાં શાલ્વ વિગેરે સાથે તેમણે યુદ્ધ કર્યું નહિ.*

(ભગવાન ત્યાં) કામ માટે જ રહેલા હોવાથી કામની સારી રીતે વૃદ્ધિ થાય તે માટે, 'જેમની સમાન અથવા જેમનાથી અધિક બીજાં કોઇ નથી' વિશેષણથી (તે) ઘરોનું વર્ણન કરે છે. સ્વર્ગ વિગેરેમાં પણ (આ) મહારાણીઓના ઘરની સમાનતા અથવા તેથી ઉત્તમપણું કોઇ પણસ્થલે નથી. (ત્યાં ભગવાન) પોતે પણ '**अवस्थितः**' સ્થિર રહેલા છે. વ્યગ્રપણું (ઉંચું મન) અથવા અસ્થિરપણું હોય તો વધેલા કામમાં અડચણ થાય, એ પ્રમાણે સર્વ (સાધનો) પ્રાપ્ત થતાં તેઓની સાથે રમણ કર્યું.

'ભગવાન ઇંદ્રિય વિનાના છે (અને) બ્રહ્માનંદરૂપ લક્ષ્મી સાથે જ રમણ કરે છે, પરંતુ બીજે સ્થલે (બીજી સ્ત્રી સાથે) રમણ કરતા નથી' એવી શંકા થાય, તેથી 'લક્ષ્મીઓ સાથે' શબ્દ યોજેલ છે. જેટલાં ભગવાનનાં રૂપ (સ્વરૂપ) છે તેટલી જ લક્ષ્મીઓ કરે છે, એટલે તે (સ્ત્રીઓ)માં લક્ષ્મીનાં તેટલાં રૂપોનો આવેશ થાય છે. એમ કરવાનું કારણ 'નિજ કામથી ભરપુર' વિશેષણથી કહેલું છે. (કામની) સેના (સ્ત્રી) આવતાં કામનો પણ આવિર્ભાવ થાય છે. (આ) જીવનો કામ નથી એમ જણાવવા 'નિજ' પદ યોજેલું છે.

'એમ હોય તો તેઓનો સંકલ્પ સિદ્ધ થાય નહિ†' એવી શંકા થાય, તેથી 'જેમ બીજો (જીવ) (ગૃહસ્થના ધર્મોનું આચરણ કરતાં રમણ કરે તેમ)' એવું દૃષ્ટાંત આપેલું છે. 'ગૃહસ્થના ધર્મોનું આચરણ કરતાં' શબ્દોથી કેવલ નીચ (કામ) નથી એમ કહેલું છે. ગૃહસ્થના શ્રૌત અને સ્માર્ત ધર્મોનું આચરણ કરતાં (જેમ જીવ રમણ કરે), (એવો અર્થ છે). ૪૩.

નીચેના શ્લોકમાં (ભગવાને) તેઓનું માન વધાર્યું એમ કહે છે. અથવા (ગયા) બે (શ્લોકો)થી ભગવાનનું ચરિત્ર કહ્યું. (ભગવાને) એમ કર્યા પછી, તેઓએ પણ એક (ચરિત્ર) કામરસથી કર્યું અને એક (બીજું) તો ભક્તિથી કર્યું એમ (નીચેના શ્લોકથી આરંભી) બે (શ્લોકો)થી કહે છે:—

इत्थं रमापतिमवाप्य पतिं स्त्रियस्ता ब्रह्मादयोऽपि न विदुः पदवीं यदीयाम् ।
भेजुर्मुदाऽविरतमेधितयानुरागहासावलोकनवसङ्गमजल्पलज्जाः ॥४४॥

---

* શાલ્વે દ્વારકા ઉપર ચઢાઇ કરી, ત્યારે આ મહારાણીઓના ઘરમાં ભગવાન નિરંતર રમણ કરતા હોવાથી હતા જ, પરંતુ એ સ્વરૂપથી ભગવાન બીજું કાર્ય કરતા નહિ હોવાથી, તે સમયે તે સ્વરૂપે શાલ્વ સાથે યુદ્ધ કર્યું નહિ, એવો અર્થ જણાય છે.

† લક્ષ્મીનો આવેશ થતાં લક્ષ્મી સાથે જ રમણ કરતા હોય તો આ મહારાણીઓનો રમણનો મનોરથ સિદ્ધ ન થાય, એવો અર્થ જણાય છે.

જેમના માર્ગનું બ્રહ્મા વિગેરેને પણ જ્ઞાન થયું નથી તેવા લક્ષ્મીપતિને આવી રીતે પતિ તરીકે પ્રાપ્ત કરીને પ્રેમ, હાસ્ય, અવલોકન, નવો સંગ, વાર્તાચિત અને લજ્જાવાળી તે સ્ત્રીઓએ નિરંતર વધતા જતા આનંદથી (તેમની) સેવા કરી. ૪૪

ભગવાન લક્ષ્મીના જ પતિ છે પરંતુ બીજી (સ્ત્રી)ઓના (પતિ) નથી. તેમના દાસો જીવો જ બીજીઓના (પતિ છે). તે (લક્ષ્મીના) પતિને પોતે પ્રાપ્ત કરીને (તેમની સેવા કરી). પહેલાં તેઓ કેદી તરીકે પકડાએલી હતી. કેદી તરીકે પકડાવાનું તેઓના ઉપકાર માટે જ થયું એવો (અર્થ છે).

'નિરંતર વધતા જતા આનંદથી ભગવાનની સેવા કરી' એવો (વાકયનો) સંબંધ છે. તેઓએ નિરંતર સેવા કરી.

'(એમાં) આશ્ચર્ય શું? કારણ કે સ્ત્રીઓ પતિની સેવા કરે છેજ' એવી શંકા થાય, તેથી 'જેમના માર્ગનું બ્રહ્મા વિગેરેને પણ જ્ઞાન થયું નથી' શબ્દો યોજેલ છે. (બ્રહ્મા વિગેરે) ભગવાનના માર્ગને જ જાણતા નથી, (તો પછી તેમની) સેવા કયાંથી કરશે? કારણ કે (ભગવાને) ઇચ્છેલી સેવા કરવી જોઇએ, પરંતુ (તેમની) ઇચ્છા જાણવી દુર્લભ છે. તે (તેમની ઇચ્છા)ને પણ જાણીને (આ સ્ત્રીઓએ તેમની) સેવા કરી, એવું (તેઓનું) અલૌકિક (કાર્ય) જણાવેલું છે. તેમાં પણ વિધિ (શાસ્ત્રની આજ્ઞા)ના કિંકર તરીકે (સેવા કરી) નહિ, પરંતુ આનંદથી કરી. 'નિરંતર વધતા જતા (આનંદથી)' શબ્દોથી ઉત્સુકપણાને લીધે આનંદ થતો નહતો એમ કહેલું છે. 'પ્રેમ....' વિગેરેથી ભગવાન તરફના તેઓના છ ભાવો કહે છે. તેમ (તેવા ભાવો) ન હોય તો ભક્તિરસ જ થાય, કામરસ ન થાય. (૧) આરંભમાં ચિત્તમાં પ્રેમ થતો. (૨) પછી હાસ્ય એટલે (પ્રેમના) ભાવનું પ્રકટ થવું. (૩) પછી અવલોકન એટલે દૃષ્ટિથી સંગ થતો. (૪) પછી નિત્ય નવો સંગ થતો, કારણ કે ભગવાન નિત્ય નવા છે. (૫) પછી **जल्पाः** ભાતભાતની વાતચિત. (૬) પછી ઉભી થએલીને લજ્જા એટલે ઉંચા કુલની વહૂનો ભાવ પ્રકટ કરવાનું થતું. તેમ (લજ્જા) થતી ન હોય તો છૂપો નહિ રાખેલ રસ રસાભાસ થાય. '**जातलज्जाः**' 'લજ્જા થએલી છે જેઓને' એવો પાઠ સ્હેલાઇથી (અર્થ) જણાય તેવો જાણવો. ૪૪.

કામને લીધે કરેલું (ચરિત્ર) કહીને નીચેના શ્લોકમાં ભક્તિથી કરેલું (ચરિત્ર) કહે છે:—

प्रत्युद्गमासनवरार्हणपादशौचताम्बूलविश्रमणवीजनगन्धमाल्यैः ॥
केशप्रसारशयनस्नपनोपहार्यैर्दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ॥४५॥

(તેઓને) સેંકડો દાસીઓ હોવા છતાં, સામા આવવું, આસન (આપવું). **વરને યોગ્ય** (ઉપચારો કરવા), ચરણ ધોવા, તાંબૂલ આપવું,

થાક ઉતરાવવો, પંખો કરવો, સુગંધી પદાર્થો અને માલાઓ આપવી, કેશ ઓળવા શયન કરાવવું, નવરાવવું અને જમવાનું આપવું એ (ક્રિયાઓ)થી સમર્થ (પ્રભુ)નું તેઓએ દાસ્ય કર્યું. ૪૫

(૧) દૂરથી પધારતા (ભગવાન)ને જોઇને જેવી તેવી સ્થિતિમાં રહેલી હોવા છતાં ઉભી થઈ જતી (અને) સામે જતી. (૨) પછી ભગવાનને આસન આપતી. (૩) પછી વરને યોગ્ય જેની તેઓ આજ્ઞા કરે તેવા ઉપચારો કરતી, અથવા વિવાહ સમયે વર આવેલ હોય તેના મધુપર્ક આપવું, પાણિગ્રહણ કરવો વિગેરે જેવા ઉપચારો કરવામાં આવે છે તેવા કરતી. (૪) પછી ચરણ ધોતી. (૫) પછી તાંબૂલ આપતી. (૬) પછી થાક ઉતરાવતી એટલે ચરણ ચાંપતી. ૭) પછી પંખો વિગેરેથી પવન નાખતી. (૮) પછી સુગંધી પદાર્થો માલાઓ વિગેરે આપતી. (૯) પછી પોતાની ઇચ્છાથી ભગવાન બેસે ત્યારે માલાઓ વિગેરે ગૂંથવા માટે કેશ ઓળતી. (૧૦) પછી શયન કરાવતી. (૧૧) પછી કામ તૃપ્ત થતાં નવરાવતી. (૧૨) પછી જમવાનું એટલે ભક્ષણ કરવાના અને ભોજન કરવાના વિગેરે પદાર્થો આપતી; કારણ કે સ્ત્રીના ઘેર કામ માટેજ જવાનું હોય છે, પરંતુ ભોજન માટે જવાનું હોતું નથી. તેથી કામ (તૃપ્ત થયા) પછીજ ભોજન (આપવું) યોગ્ય છે. તેમ કરવામાં ન આવે તો (કામ અને ભોજન) બંને રસ વિનાના થાય. એવી રીતે મનની બાર પ્રકારની વૃત્તિ (ઇચ્છા)ને પૂર્ણ કરવા માટે બાર પ્રકારના ઉપચારો દરરોજ કરવાના હતા.

‘એમ કરવામાં આવે તો તેઓને ક્લેશ થતો હોવાથી તેઓ રસ ઉત્પન્ન કરી શકે નહિ’ એવી શંકા થાય, તેથી ‘સેંકડો દાસીઓ હોવા છતાં’ શબ્દો યોજેલા છે. તેથી તે (દાસી)ઓથી કેલવણી પ્રાપ્ત કરી ભગવાનનું દાસ્ય કરતી.

‘ક્લેશ પામેલા ભગવાનની આ (સ્ત્રીઓ) એ પ્રમાણે સેવા કરતી એટલે સેવા (ભગવાનને) જરૂરની હતી’ એમ કોઇક કહે, તેથી તેમ નહતું એમ જણાવવા ‘સમર્થ’ વિશેષણ યોજેલું છે. (ભગવાન) સર્વ પ્રકારે સમર્થ હતા. એ પ્રમાણે બધી (સ્ત્રીઓ)ની વિવાહથી આરંભી સેવા સુધીની ક્રિયાઓ જણાવી. માન (અભિમાન) દૂર કરવું વિગેરે તો (પણ) કહેવું જોઇએ, તે (આ) પછીના અધ્યાયમાં રૂક્મિણીના સંબંધમાં કહીને, (તે) સર્વને લાગુ પડે છે એમ કહેશે. જ્યારે ભગવાન જે અંશથી તિરોહિત જેવા થાય, તેજ સમયે ભગવાને કરેલા (આપેલા) માનને લીધે[1] (તેઓને) અભિમાન થતું એવી સ્થિતિ હતી. ૪૫.

ઇતિશ્રી મલ્લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રી ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો દશમો અધ્યાય સંપૂર્ણ.

* * *

---

[1] પાછલ બેંતાલીસમા શ્લોકના આભાસમાં આ અધ્યાયના છેલ્લા બે શ્લોકનો અર્થ ‘માન’ છે એમ કહેલું છે, તે આ વાકયથી સિદ્ધ કરે છે. (લે)

॥ श्रीकृष्णाय नमः ॥

॥ एकादशोऽध्यायः ॥ અધ્યાય અગીઆરમો.

वाचिकस्तु तिरोभावो रुक्मिण्यामुच्यते स्फुटः ॥
एकादशे निरोधार्थमन्यथा लौकिकं भवेत् ॥१॥

અગીઆરમા (અધ્યાય)માં રૂક્મિણીના સંબંધમાં નિરોધ (સિદ્ધ થાય તે) માટે વાણીનો તિરોભાવ* તો સ્પષ્ટ કહેલો છે તેમ ન હોય તો લૌકિક† થાય. કા. ૧.

सर्वथा कृतसेवायाः परीक्षापि निरूप्यते ॥
यथा प्राणे शरीरस्य स्थितिस्तद्वद्यथा भवेत् ॥२॥

જેમ પ્રાણ (હોય) ત્યારે જ શરીરની સ્થિતિ હોય છે તે પ્રમાણે (સેવા હોય ત્યારે જ રૂક્મિણીના શરીરની સ્થિતિ રહે તેવું જ્ઞાન) જે પ્રકારે થાય તેવી રીતે જેણે સર્વ પ્રકારે સેવા કરેલી છે તેવી (રૂક્મિણી)ની પરીક્ષા પણ જણાવવામાં આવે છે. કા. ૨.

सान्त्वनं कायिकं त्वत्र निःसम्बन्धाद्यतो भयम् ॥
दोषाभावाय वाक्यं तु ईर्ष्यामात्सर्यदोषनुत् ॥३॥

અહિં દોષ ન રહે તે માટે સાંત્વન તો કાયાથી કરેલું[1] છે, કારણ કે (તેને ભગવાનના) સંબંધ વિનાની થવાનો ભય થએલ હતો. વાક્ય[2] તો અદેખાઇ અને દ્વેષના દોષ મટાડનારૂં છે. કા. ૩.

निर्दुष्टायाः परिज्ञानमविरोधस्य वर्णनात् ॥
निरूप्यते यतः सा हि न कुतश्चिद्भ्रमं भजेत् ॥४॥

(ભગવાનના વાક્યમાં) વિરોધ નથી એવું તેણે વર્ણન કર્યું તેથી તે દોષ

---

* ભગવાન રૂક્મિણીને પોતાને તજી બીજે જવાનું કહે છે. તે ભગવાનનો વાણીથી કરેલ તિરોભાવ થયો.

† રૂક્મિણીની સેવા લૌકિક થઇ જાય કારણ કે લૌકિકમાં પણ પત્ની પતિની એવી સેવા કરે છે, એવો ભાવાર્થ જણાય છે.

[1] 'વાણીનો તિરોભાવ થયો (તેથી રૂક્મિણીને દુઃખ થયું તો તેનું) સાંત્વન વાણીથી જ ભગવાને કરવું જોઇતું હતું, છતાં શ્લોક ૨૬ ૨૭ માં કહ્યા પ્રમાણે કાયાથી સાંત્વન કેમ કર્યું ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. ભગવાનનો કાયાનો સંબંધ રહેશે નહિ એવો ભય રૂક્મિણીને થયો, તેથી કાયાથી સાંત્વન કર્યું. ત્રણ પ્રકારના રૂક્મિણી સાથેના વિવાહ વર્ણવેલા છે તેથી કાયાનો સંબંધ થએલ. કાયાનો સંબંધ નહિ રહે એવા ભયથી તેને મૂર્ચ્છા થઇ. તે ન રહે તે માટે કાયાથી સાંત્વન કરવાની જરૂર હતી. (લે)

[2] 'વાક્ય' એટલે ભગવાને કહેલ ૧૦ થી ૨૦ સુધીના શ્લોકો. (લે)

રહિત જણાએલી હોવાનું વર્ણવેલ છે. કારણ[1] કે તે ક્યાંયથી ભ્રમવાળી થતી નથી. કા. ૪.

शब्दार्थयोर्विरोधः स्यात् प्रामाण्ये सर्वथैव हि ॥
लक्षणायामपि तथा मुख्यार्थोऽबाधितो यतः ॥५॥

(ભગવાનનું વાક્ય) સર્વ રીતે જ પ્રમાણ લેવામાં આવે તો શબ્દ અને અર્થમાં વિરોધ થાય.[2] લક્ષણા* લેવામાં આવે તો પણ તેમજ (થાય). કારણ કે મુખ્ય અર્થ બાધ* (વિરોધ) વિનાનો છે. કા. ૫.

अतो हि भगवद्वाक्यं दुर्ज्ञेयं सर्वथा मतम् ॥
यस्त्वेतस्य परिज्ञाता स न मुह्यति कर्हिचित् ॥६॥

તેથી ભગવાનનું વાક્ય સર્વ રીતે જાણી ન શકાય તેવું મનાએલું છે. જે (આ વાક્ય)નો જાણનાર હોય તે તો ક્યાંય પણ મોહ પામતો નથી. કા. ૬.

ગયા અધ્યાયના અંતે સ્ત્રીઓની સર્વ ભાવોથી સેવા વર્ણવી. તે (સ્ત્રી)ની પરીક્ષા માટે આનો આરંભ કરવામાં આવે છે. તે સંબંધમાં પહેલાં[1] પહેલી છ (સેવા) થઇ જતાં, પછીની (સેવા)રૂપ પંખો કરવાનું નીચેના શ્લોકમાં કહે છેઃ—

॥ श्रीशुक उवाच ॥ શ્રી શુક કહે છેઃ—

कर्हिचित्सुखमासीनं स्वतल्पस्थं जगद्गुरुम् ॥
पतिं पर्यचरद्भैष्मी व्यजनेन सखीजनैः ॥१॥

કોઇક સમયે પોતાના પલંગમાં સુખથી વિરાજેલા જગતના ગુરૂ પતિની ભૈષ્મી સખીજનો સહિત પંખાથી સેવા કરતી હતી. ૧.

---

[1] દોષવાળી ન હોય તેને જ, ભ્રમ ન થાય તે યોગ્ય છે, એમ જણાવવા 'हि' 'કારણ કે' શબ્દ યોજેલ છે. (લે)

[2] આ વાક્યથી ભ્રમનું સ્વરૂપ કહેલું છે. (લે)

*(૧) મુખ્ય અર્થનો બાધ થતો હોય એટલે તે બંધ બેસતો ન હોય, (૨) તેની સાથે સંબંધવાળો બીજો અર્થ હોય, (૩) ત્યારે રૂઢિ અથવા પ્રયોજનને લીધે એ બીજો અર્થ લેવામાં આવે તેને 'લક્ષણા' કહે છે. જેમ કે 'ગંગામાં ઝૂપડું છે' એ વાક્યમાં મુખ્ય અર્થ બંધ બેસતો નથી, કારણ કે ગંગામાં એટલે ગંગાના પ્રવાહની અંદર ઝૂપડું હોઈ શકે નહિ. તેની સાથે સંબંધવાળો ગંગાનો કિનારો છે. તેના ઉપર ઝૂપડું હોઇ શકે. તે ઝૂપડામાં શીતલતા પવિત્રપણું વિગેરે છે એવા પ્રયોજનથી લક્ષણાથી ગંગાનો અર્થ ગંગાનો પ્રવાહ નહિ, પણ ગંગાનો કિનારો લેવાય. અહિં ભગવાનના વાક્યો અર્થહીન નથી, કે એવી રીતે લક્ષણાથી બીજો અર્થ લેવાની જરૂર પડે.

[1] પંખો કર્યો, તેથી (ગયા અધ્યાયના શ્લોક ૪૫ માં તેની પહેલાં કહેલી) સામું આવવું વિગેરે ૭ સેવાઓ કહેવાઇ જ. 'સુખથી વિરાજેલા' વિશેષણથી તેજ (સેવા) ફરી કહેલ છે, એવો ભાવ છે. (લે)

'સુખથી વિરાજેલા' વિશેષણથી થાક ઉતરાવવા સુધીની સેવા જણાવી. 'પોતાના પલંગમાં વિરાજેલા' વિશેષણથી ભવિષ્યમાં થવાની (સેવા*) માટે જરૂરી (સામગ્રી) જણાવી. કોઇક સમયે રાત્રિએ ભગવાન સભામાંથી ઉઠીને રૂકિમણીના ઘેર પધાર્યા. પછી 'સામા આવવું' વિગેરે (સેવાના) પ્રકારથી (રૂકિમણીએ તેમને) પોતાના પલંગ પર જ આસન આપ્યું; અને તે (રૂકિમણીનું) ઘર કામની કલાઓથી ભરપૂર હતું. ઘણું કરીને તેના પિતા વિગેરેએ તેના સુખ માટે સામગ્રી મોકલેલી એમ જણાય છે, કારણ કે તેમ ન હોય તો, સામગ્રી પોતે આપેલી હોય તો ભગવાન એ પ્રમાણે‡ બોલે નહિ, અને તે (રૂકિમણી) પણ ભાવને† જાણનારી હતી. તે એ પ્રમાણે અભિમાનથી સેવા કરવા પ્રવૃત્ત થાય નહિ; તેથી (રૂકિમણીને પોતાને) નહિ જ ગમતું દીનપણું કર્યા (દર્શાવ્યા) વિના તેણે (ભગવાનને) પોતાના પલંગ ઉપર આસન આપ્યું.

અને ભગવાન એ પ્રમાણે‡ કેમ કહે છે. એ જાણવાની ઇચ્છા થાય તેથી 'જગતના ગુરૂ' શબ્દ યોજેલ છે, કારણ કે તે સર્વને ઉપદેશ કરનારા છે. ભ્રમથી ઉલટી બુદ્ધિ થાય તો તેને રોકવી જોઇએ, એવું જગતના ગુરૂનું તે કાર્ય જ છે. (ભગવાન) પતિ હોવાથી (રૂકિમણી) નિર્ભયતાથી (તેમની) સેવા કરતી હતી. તે 'ભૈષ્મી' હોવાથી અભિમાનવાળી હતી. 'પંખાથી' એટલે પોતે પંખો લઇને, સખીજનોની સાથે (સેવા કરતી હતી), પોતાના ઉત્તમપણાની બુદ્ધિને લીધે તે (સખી)ઓને પણ (પાસે) રાખેલી. ૧.

છતાં પણ (રૂકિમણીની સેવાથી ભગવાનને) સંતોષ થતાં, (તેમણે તેને) દુઃખ ઉત્પન્ન કરવું યોગ્ય નહતું, એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

यस्त्वेतल्लीलया विश्वं सृजत्यत्त्यवतीश्वरः ॥
स हि जातः स्वसेतूनां गोपीथाय यदुष्वजः ॥२॥

જે આ વિશ્વનાં ઉત્પત્તિ લય અને સ્થિતિ લીલાથી કરે છે તે જન્મરહિત ઈશ્વર પોતે કરેલી મર્યાદાઓનું રક્ષણ કરવા યદુઓમાં જન્મેલા હતા. ૨.

ભગવાન એ પ્રમાણે (રૂકિમને દુઃખ ઉત્પન્ન) કરે તેમાં બંને પ્રકારે તેમને કાંઇ દોષ નથી. આરંભમાં તે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનારા છે. જેમ હર્ષ વિગેરેની ઉત્પત્તિ કરે છે અથવા સ્થિતિ કરે છે (નભાવે છે), તેમ પ્રલય પણ કરે

---

* શયનની સેવા.

‡ 'એ પ્રમાણે' એટલે આગળ શ્લોક ૧૦ થી ૨૦ સુધીમાં કહેશે તેવું.

† રૂકમણી પણ ભગવાનની સ્થિતિ (ઐશ્વર્ય વિગેરે) જાણનારી હોવાથી ભગવાને સાધનો આપેલ હોત તો તેને અભિમાન થાત નહિ એવો ભાવ જણાય છે.

છે. તેથી હર્ષ વિગેરેનો નાશ પણ ભગવાનનું જ કાર્ય છે. વળી ભગવાન સ્વસેતૂનાં પોતે કરેલી મર્યાદા એટલે ધર્મ વિગેરેના **ગોપીથાય** રક્ષણ (કરવા) માટે જ અવતરેલા હતા. તેમ ન હોય તો 'જન્મરહિત' (ભગવાન)નો યાદવોમાં અવતાર ઘટે નહિ.

'પ્રલયમાં ભગવાનનો કાંઈક ઉદ્યોગ જોવામાં આવે છે અને સમય પણ તેવો (પ્રલય કરવા યોગ્ય) હોય છે. આ સમય તો તેવો નહોતો' એવી શંકા થાય, તેથી 'લીલાથી' શબ્દ યોજેલ છે. ઉત્પત્તિ વિગેરે કરવામાં તેમને કાંઇ પણ સાધન માટે પ્રયાસ કરવો પડતો નથી, પરંતુ લીલાથી જ કરે છે; તેમજ પુષ્ટિમાં રહેલા યદુ (યાદવમાં જન્મેલા ભગવાન)ને શાસ્ત્રે મુકરર કરેલા કાલ વિગેરેની પણ જરૂર નથી; તેમજ સ્વભાવને પણ ફેરવી નાખીને જે (ભગવાન) પધારેલા છે તે જે (કાર્ય) માટે પધારેલા છે તે કરે તે અયોગ્ય પણ નથી. ૨.

'ત્યારે દેશને લીધે[1] અથવા કાલને લીધે[2] ભગવાને તે પ્રમાણે કહેલું હશે' એવી શંકા થાય, તેથી ઘરનું અને રસનું ધામ બનેલી તે (રૂક્મિણી)નું વર્ણન, નીચેના શ્લોકથી આરંભી (અનુક્રમે) ચાર અને બે (એમ) છ શ્લોકોથી કરે છેઃ—

तस्मिन्नन्तर्गृहे भ्राजन्मुक्तादामविलम्बिना ॥
विराजिते वितानेन दीपैर्मणिमयैरपि ॥३॥
मल्लिकादामभिः पुष्पैर्द्विरेफकुलनादिते ॥
जालरन्ध्रप्रविष्टैश्च गोभिश्चन्द्रमसोऽमलैः ॥४॥
पारिजातवनामोदवायुनोद्यानशालिना ।
धूपैरगरुजै राजन् जालरन्ध्रविनिर्गतैः ॥५॥
पयःफेननिभे शुभ्रे पर्यङ्के कशिपूत्तमे ॥
उपतस्थे सुखासीनं जगतामीश्वरं पतिम् ॥६॥

હે રાજન્! પ્રકાશતી મોતીની માલાઓ જેમાં લટકાવેલી છે તેવા ચંદરવાથી, અને મણિમય દીપકોથી, મોગરાની માલાઓથી, પુષ્પોથી, ભમરાઓના સમૂહોના ગુંજારથી અને જાળીઆનાં છિદ્રોમાંથી પ્રવેશેલા ચંદ્રમાના સ્વચ્છ કિરણોથી, બગીચામાંથી આવતા પારિજાતના વનની સુગંધીવાળા વાયુથી, અને જાળીઆનાં છિદ્રોમાંથી બહાર

---

[1] ઘર (રસ ઉત્પન્ન કરે તેવું) ઉત્તમ નહિ હોય, એવી શંકા દૂર કરવા તેનું વર્ણન કરે છે. (લે)

[2] રૂક્મિણીનું વય ભોગ કરવાની યોગ્યતાવાળું થયું નહિ હોય, એવી શંકા દૂર કરવા તેનું વર્ણન (સાતમા તથા આઠમા શ્લોકથી) કરે છે એવો અર્થ છે. (લે)

નીકળતા અગરમાંથી થએલા ધૂપોથી શોભતા તે ઘરની અંદર દૂધના ફીણ જેવા સફેદ અને ચાદરને લીધે ઉત્તમ પલંગ ઉપર સુખથી વિરાજેલા જગતના ઈશ્વર પતિની તે સેવા કરતી હતી ૩ થી ૬.

'ઘરની અંદર' શબ્દોથી એકાંતપણું (જણાવેલું છે). તેમાં પણ 'તે' શબ્દથી પ્રસિદ્ધિ (જણાવેલી છે). તેથી (એમ જણાવ્યું છે કે) તે કામનું જ સ્થાન હતું પરંતુ ક્રોધ વિગેરેનું સ્થાન નહતું.

આરંભમાં તેની ઉપરની શોભાનું વર્ણન કરે છે. પ્રકાશતી મોતીની માલાઓનાં લટકણવાળા **वितानेन** ચંદરવાથી (તે) શોભતું હતું. ચારે તરફ લટકતી હતી મોતીની માલાઓ જે ચંદરવામાં, તેનાથી શોભતું કામનું સ્થાન જ હોય. વળી મણિમય દીપકોથી ચારેતરફ શોભતું હતું. મોગરાની માલાઓથી અને છૂટાં પુષ્પોથી ચારે તરફ (શોભતું હતું).

'ભ્રમરાઓના સમૂહોમા ગુંજાર છે જેમાં' એમ શૃંગારરસનો અનુભવ કરાવનાર (ગુણ) કહેલો છે. અથવા ભમરાઓનો कलं[*] મધુર ગુંજાર છે જેમાં (તેવું તે હતું). ચંદ્ર પણ ઘણો જ (કામને) જાગ્રત કરનારો હોવાથી, 'જાળીઆનાં છિદ્રોમાંથી પ્રવેશેલા' વિશેષણથી તેનાં કિરણોનો (ઘરની) અંદર પ્રવેશ કહેલો છે. ચંદ્રના ઉદય સમયના રાગવાળાં[†] અરુણ કિરણોએ જાળીઆનાં માર્ગથી અંદર પ્રવેશ કરી (તેને) શોભાવેલું હતું.

(હવે કામને) જાગ્રત કરનાર અલૌકિક સામગ્રી કહે છે. પારિજાતક વૃક્ષોના એટલે પહેલાં મોકલેલું[૩] જે પારિજાત કલ્પવૃક્ષ હતું તેનાં ફણગાઓ સર્વ સ્થલે રોપેલા તે વન જેવા થએલા. તે તે ઘરની ચારે તરફ હતા. તેથી જાળીઆં વિગેરેના માર્ગથી તેમની સુગંધવાળા વાયુએ પણ તેમાં પ્રવેશ કરેલો, તે (વાયુ)થી પણ (તે) શોભતું હતું. તે (વાયુ)ના શીતલપણાનું અને મંદપણાનું વર્ણન કરવા માટે 'બગીચામાંથી આવતા' વિશેષણ યોજેલું છે. બગીચામાં વાવો અને ઝરાઓ હોય છે. તેમાં પણ બગીચો છે રહેઠાણ જેનું[૪] તેવો (આ વાયુ હતો). તેથી મંદપણું પણ આવ્યું (સિદ્ધ થયું).

(કામને) જાગ્રત કરનારાં કુદરતી (સાધનો) કહીને પાંચમા શ્લોકનાં ઉત્તરાર્ધથી કૃત્રિમ (સાધન) કહે છે. 'અગરમાંથી થએલા' એટલે અગરવાળા

---

[*] '**द्विरेफकलनादिते**' પાઠ લઈ આવો અર્થ કરેલો છે.

[†] 'રાગ' એટલે (૧) પ્રેમ. (૨) રતાશ. બંને અર્થ અહિં યોજેલા છે.

[૩] ઉત્તરાર્ધના પહેલા અધ્યાયના શ્લોક ૫૫ માં જણાવેલું પહેલાં મોકલેલું પારિજાતક વૃક્ષ. (લે)

[૪] આ બહુવ્રીહિ સમાસ નથી, પણ માલિકી જણાવનાર **इन्** પ્રત્યય 'शाला' શબ્દને લગાડવાથી થએલો શબ્દ છે. (લે)

જૂદા જૂદા પ્રકારના દ્રવ્યોમાંથી નીકળેલા. 'હે રાજન્!' એ સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કરેલું છે તે (અગરનો) ધૂપ અંદર રાખેલો હતો, પરંતુ બહાર રહેલો (ધૂપ) અંદર આવેલ નહતો એમ જણાવવા, 'જાળીઓના છિદ્રોમાંથી બહાર નીકળતા' એવું (તેનું) વિશેષણ કહેલું છે. ૩ થી ૫.

છઠ્ઠા શ્લોકમાં (તે ઘરની) નીચેની શોભા કહે છે. દૂધનું ફીણ સદા ઉંચું ચઢેલું, વિચિત્ર અને સફેદ હોય છે. (પલંગ) સૂત્ર (પાટી)થી ભરેલો, મધ્યમાં અને ચારે તરફ હાથીદાંત અને હીરાઓથી જડેલો હતો. તેથી સફેદ અને ચાદરને લીધે ઉત્તમ હતો.

એ પ્રમાણે (કામની) સામગ્રીનું વર્ણન કરીને ત્યાં રહેલા, રસનું દાન કરનાર ભગવાનનું વર્ણન કરે છે. તે સમયે સુખ જે પ્રકારે થાય તેવી રીતે (ભગવાન) વિરાજેલા હતા. 'જગતના ઈશ્વર' અને 'પતિ' એ બે વિશેષણો લોક અને વેદનો ભય ન રહે તે માટે કહેલાં છે. ૬.

(રૂક્મિણી) કુલવધૂ હોવાથી અને (પતિ) ઈશ્વર હોવાથી, (રસ માટે રૂક્મિણીએ) પોતે પ્રવૃત્તિ કરવી અયોગ્ય હોવાથી, (તે) પોતે સમીપમાં ઉભી રહી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

वालव्यजनमादाय रत्नदण्डं सखीकरात् ।।
तेन वीजयती देवी उपासांचक्र ईश्वरम् ।।७।।

સખીના હાથમાંથી રત્નના હાથાવાળી ચમરી લઇને તેનાથી પંખો કરતાં દેવી ઈશ્વરની સેવા કરવા મંડી ૭.

ચમરી વાલનો પંખો છે. રત્નો છે હાથામાં જેના તેવી (તે હતી). આ (ચમરી લેવાથી) (રૂક્મિણીએ) પોતાનું દાસીપણું પ્રકટ કર્યું, પરંતુ નાયિકાપણું દર્શાવ્યું નહિ, કારણ કે તેમ કરે તો ઉદ્ધતાઇ થાય. પહેલાં તે (ચમરી) સખીના હાથમાં હતી. તે પણ હલકાઈ કરાવનારી નહતી એમ જણાવવા તેનું વર્ણન કરેલું છે. ભગવાને વિલંબ કરતાં, તેણે સખીના હાથમાંથી (ચમરી) પોતે લીધી, (અને) તેનાથી પંખો કરવા મંડી. (પંખો કરવો) તે પણ (કામને) જાગ્રત કરનાર છે. સેવાથી ઈશ્વર પ્રસન્ન થાય, તેથી તે પણ કરવા મંડી એમ 'સેવા કરવા મંડી' શબ્દથી કહેલું છે. સેવારૂપ સમીપમાં ઉભા રહેવું તે સેવા. ૭.

આલંબન* વિભાવ મુખ્ય હોવાથી તે (રૂક્મિણી)નું વર્ણન નીચેના શ્લોકમાં કરે છે:—

सोपाच्युतं क्वणयती कलनूपुराभ्यां रेजेऽङ्गुलीयवलयव्यजनाग्र्यहस्ता ।।
वस्त्रान्तगूढकुचकुङ्कुमशोणहारभासा नितम्बधृतया च परार्ध्यकाञ्च्या ।।८।।

---

* 'આલંબન વિભાવ' એટલે રસનો જેના ઉપર આધાર છે તે (અહિં રૂક્મિણી).

મધુર અવાજવાળાં નૂપુરોથી અચ્યુત પાસે ઝંકાર કરતી, હાથમાં વીંટીઓ, બંગડીઓ અને પંખાના હાથાવાળી તે વસ્ત્રના છેડાથી ઢંકાએલાં સ્તનો ઉપરના કંકુને લીધે લાલ થએલા હારની કાંતિથી અને નિતંબ ઉપર પહેરેલા ઘણા કિંમતી કંદોરાથી શોભતી હતી ૮.

સ્હેજ હાલવાથી મધુર અવાજવાળાં નૂપુરોથી ઝંકાર કરતી થતી. જઘન વિગેરેના ભારને લીધે સ્થિરપણાથી ઊભી રહેવાની શક્તિ વિનાની હોવાથી થોડુંક હાલવાથી નૂપુરનો અવાજ કરતી. આવી (રૂક્મિણી) આગ્રહપૂર્વક સેવા કરતી હોવા છતાં પણ શોભતી હતી. ભગવાનની સમીપ જતાં તેના હાથનું વર્ણન '(હાથમાં) વીંટીઓ (બંગડીઓ અને પંખાના હાથાવાળી)' શબ્દથી કરે છે. વીંટીઓ બંગડીઓ અને પંખાનો હાથો હતા જેના હાથમાં તેવી (તે હતી). (૧) વસ્ત્રના છેડાથી ઢંકાએલાં એ સ્તનો ઉપરના કંકુને લીધે લાલ થએલો જે હાર, તેની કાંતિથી, અને (૨) નિતંબ ઉપર પહેરેલા ઘણા કિંમતી કંદોરાથી તે શોભતી હતી. રસ ઉત્પન્ન કરાવનારો સ્થાન (અવયવ) જણાવવા માટે એ સ્થાનનું વર્ણન કરેલું છે. હસ્ત અને ચરણ તો પૂર્વાર્ધમાં વર્ણવેલા છે. એવી રીતે આરંભ મધ્ય અને અંતમાં રસસ્થાનનું વર્ણન કર્યું. ભગવાન આનંદમાં નહિ હોવાથી, તે પણ આનંદમાં નહતી તેથી (તેના) મુખનું અને અંદરના ભાવનું વર્ણન કરેલું નથી. ૮.

એવી રીતે રસને (ઉત્પન્ન કરવા) માટે દેશ અને કાલ અનુકૂલ હોવા છતાં પણ ભગવાનમાં તે રસ ઉત્પન્ન થયો નહિ, કારણ કે ભગવાન રસનો અનુભવ કરવા (ભૂતલ ઉપર) પધારેલા નથી, પરંતુ ધર્મનું રક્ષણ કરવા અને (જીવોનો) નિરોધ કરવા પધારેલા છે. અહિં રસનો અનુભવ કરવામાં આવે તો તે (ભગવાનને અહિં પધારવાનાં પ્રયોજન)નો વિરોધ થાય, તેથી તે દોષ દૂર કરવા (ભગવાને) કાંઇક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तां रूपिणीं श्रियमनन्यगतिं च दृष्ट्वा या लीलया धृततनोरनुरूपरूपा ॥
प्रीतः स्मयन्नलककुण्डलनिष्ककण्ठवक्त्रोल्लसन्स्मितसुधां हरिराबभाषे ॥९॥

લીલાથી જેમણે શરીર ધારણ કરેલું હતું તેમને યોગ્ય રૂપવાળી અને જેને બીજો આશ્રય નહતો તેવી તે રૂપવાળી લક્ષ્મીને જોઇને, પ્રસન્ન થએલા હરિએ મંદ હસતાં. કેશ કુંડલો અને પદકવાળાં કંઠને લીધે સુંદર મુખ ઉપર ઉછળી આવતાં હાસ્યરૂપી અમૃતવાળીને (નીચે પ્રમાણે) કહ્યું: ૯.

લક્ષ્મી ભગવાનમાં સ્થાયી છે અને (ભગવાને) તજવા યોગ્ય નથી. તેવીની પણ (ભગવાને) દરકાર કરતા નથી એમ કહેવા માટે તેનું વર્ણન કરે છે. (૧) 'તે' એટલે ગુણોથી પ્રસિદ્ધ. (૨) 'રૂપવાળી લક્ષ્મી' શબ્દોથી સ્વરૂપથી પણ

ઉત્તમ (કહેલી છે). ૩) ‘ જેને બીજો આશ્રય નહતો ’ એટલે ભક્ત. આ (શબ્દ)થી તેની ભગવાન(ના પત્ની) માટેની યોગ્યતા જણાવેલી છે. તેના ત્રણે ગુણોને જાણીને (ભગવાને તેને) તે પ્રમાણે કહ્યું એમ કહેવા ‘ જોઇને ’ કહેલું છે.

‘ આકૃતિ (ભગવાનની) સમાન નહિ હોય ’ એવી શંકા થાય તેને ખોટી ઠરાવે છે. ‘ લીલાથી જેમણે શરીર ધારણ કરેલું હતું તેમને યોગ્ય રૂપ હતું જેનું ’ તેવી તે (હતી). તેના ગુણ વિગેરેથી (ભગવાન) પ્રસન્ન થએલા હતા. તેમ ન હોય ગુણોએ પોતાનું કામ કરેલ ન હોવાથી તે ગુણ જ ન થાય (ગણાય). તેથી તે ગુણોથી પ્રસન્ન થએલા હોવા છતાં, ‘ આવા ગુણવાળી હોય તેણે ગર્વ (કરવો) યોગ્ય નથી ’ એમ, અથવા ‘ ગુણો ગર્વમાં જ સમાઈ ગયા ’ એમ ભગવાન મંદ હસ્યા. તેથી જ પ્રસન્ન થએલા હોવા છતાં પણ હસ્યા. જ્યારે ભગવાને (તેના સામે) જોયું અને મુખ ઉપર હાસ્ય પણ આવ્યું ત્યારે (તેમને) આનંદ પામેલા જાણીને રૂક્મિણી પોતે પણ તેવી થઇ, એમ ‘ કેશ કુંડલો અને પદકવાળા કંઠને લીધે સુંદર મુખ ઉપર ઉછળી આવતાં હાસ્યરૂપી અમૃતવાળી ’ એ વિશેષણથી કહેલું છે. શરીરની પેઠે મુખનું સર્વ તરફથી વર્ણન કરે છે. ઉપર કેશ છે, બંને બાજુએ કુંડલો છે. નીચે પદક (માલા)વાળો ત્રણ કરચલીઓરૂપ સ્વરૂપથી પણ સુંદર કંઠ છે. તેમ ન હોય તો ‘ કંઠ ’ શબ્દ અર્થ વગરનો થાય. એ પ્રમાણે (કેશ, કુંડલો અને કંઠ) ત્રણને લીધે સુંદર જે મુખ, તેના ઉપર ભરપૂર રસ જેવું ઉછળી આવતું હાસ્ય, (તે) હાસ્ય જ અમૃત છે; કારણ કે મહાદેવે બાળી નાખેલા પણ કામને તે સજીવન કરે છે. તેવી (રૂક્મિણી)ને ભગવાને (નીચે પ્રમાણે) કહ્યું. તે (તેમ કહેવા)નું કારણ ‘ હરિ ’ શબ્દથી જણાવેલું છે, કારણ કે તે (હરિ) તેના પણ દોષ દૂર કરવા પ્રયાસ કરે છે. ૯.

નીચેના શ્લોકથી આરંભી અગીઆર (શ્લોકો)થી ભગવાનનાં વાકયો કહેછેઃ-

॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન કહે છેઃ—

राजपुत्रीप्सिता भूपैर्लोकपालविभूतिभिः ॥
महानुभावैः श्रीमद्भी रूपौदार्यबलोर्जितैः ॥१०॥

હે રાજપુત્રિ ! લોકપાલના જેવી પદવીવાળા, ઘણા પ્રભાવવાળા શ્રીમંત, અને રૂપ ઉદારતા અને બલમાં ઉત્તમ રાજાઓ (તને) ઈચ્છતા હતા. ૧૦.

(તે અગીઆર શ્લોકો પૈકી) સાતથી (પોતાનાં) સ્વરૂપ અને ધર્મો ઉલટા દર્શાવીને, જેનાથી (શ્રીકૃષ્ણ પોતે) ભગવાન (છે એમ) સિદ્ધ થાય તે પડતું મૂકીને પોતાથી (રૂક્મિણીનું) ઉત્તમપણું જણાવે છે, (અને) ચાર પ્રકારના પુરૂષાર્થ સિદ્ધ થાય તે માટે (તે પછીના) ચાર શ્લોક ઉલટી રીતે કહે છે.

તે પૈકી પહેલાં તેનાં (ભગવાનને વરવાના) કાર્ય માટે અભિનંદન નહિ આપતાં, શ્રી અને કીર્તિનું ઉલટી રીતે નિરૂપણ કરે છે, (અને) તેમાં પણ પહેલાં શ્રીનું (ઉલટી રીતે નિરૂપણ કરે છે). 'હે રાજપુત્રિ!' એ સંબોધન (તેની) જાતિ અને કુલનું ઉત્તમપણું સૂચવનારૂં છે. 'રાજાઓ (તેને) ઇચ્છતા હતા' શબ્દોથી (તેનું) સૌંદર્ય સૂચવેલું છે, અને 'લોકપાલના જેવી પદવીવાળા' શબ્દથી (તેનું) માહાત્મ્ય અને ગુણો (સૂચવેલા છે). તે (રાજા ઓ કરતાં પણ આ (રૂક્મિણી)ની સરસાઇ વધારે (હતી એમ) કહેવા માટે, ઉત્તરાર્ધમાં કહેલા ત્રણ વિશેષણોથી તેઓની સરસાઇ વર્ણવે છે. સરસાઇ બે પ્રકારની છે (૧) બહારની અને (૨) અંદરની. બહારની બે પ્રકારની છે (૧) અલૌકિક અને (૨) લૌકિક. તે બે 'ઘણો છે પ્રભાવ-જેઓનો' અને 'શ્રીમંત' એ બે (વિશેષચો)થી કહેલી છે. 'રૂપ (ઉદારતા અને બલમાં ઉત્તમ)' વિશેષણથી અંદરની (સરસાઇ) કહેલી છે. રૂપ એટલે શરીરનું સૌંદર્ય ઉદારતા જરૂરી અને સર્વ દોષોને મટાડનારો ગુણ છે. બલ ક્ષત્રિયોને જરૂરી છે. તે ગુણોમાં ઉતમ હોય તેઓ ઘણા પુષ્ટ હોય છે. એ પ્રમાણે એક (શ્લોક)થી તે (રૂક્મિણી)ની પ્રશંસા કહી. ૧૦.

(બીજો) ઉપાય નહિ હોવાથી, તેમ (શ્રીકૃષ્ણને વરવાનું) કર્યું; એવી શંકાનું નીચેના શ્લોકમાં નિવારણ કરે છે:—

तान् प्राप्तानर्थिनो हित्वा चैद्यादीन्स्मरदुर्मदान् ॥
दत्ता भ्रात्रा स्वपित्रा च कस्मान्नो ववृषेऽसमान् ॥११॥

ભાઈએ અને પોતાના પિતાએ આપેલી (તું) કામને લીધે ગાંડાતુર બનેલા (તારી) ઇચ્છા રાખીને આવેલા તે ચૈદ્ય વિગેરેને તજીને (તારી) સમાન નહિ તેવા અમને શા માટે વરી? ૧૧.

વિચારીને (વર) પસંદ કરવાનો હતો એમ જણાવવા ઘણા (રાજાઓ)નું નિરૂપણ કરેલું છે, કારણ કે બધા (રૂક્મિણીની) ઇચ્છા રાખનારા હતા. તારી ઇચ્છા હોવાની જ જરૂર હતી, એવો ભાવ છે. 'આવેલા' એટલે શરીરથી સંબંધવાળા. એ પ્રમાણે બહારથી અને અંદરથી સંબંધવાળાને* તજીને (અમને શા માટે વરી?) તેમાં વળી કામ વિગેરેથી અને શરીરથી સંબંધવાળી‡ તું પણ

---

* રાજાઓને રૂક્મિણીને પરણવાની ઇચ્છા હતી, એ તેમનો અંદરનો સંબંધ. તે માટે તેઓ કુંડિનપુર આવેલા. એ તેઓનો બહારનો સંબંધ. એવો અર્થ જણાય છે.

‡ 'सम्बद्धा' એવો વિસર્ગ વિનાનો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે. રૂક્મિણી પોતાનું દાન કરવા સ્વતંત્ર નહતી. તેના માટે તેના ભાઇ અને પિતાએ વર પસંદ કરેલ, તેને તેણે પરણવું જોઇએ, એ તેનો અંદરનો સંબંધ. તે વર કુંડિનપુર તે માટે આવેલ, એ તેનો બહારનો સંબંધ, એવો ભાવ જણાય છે.

અંદરથી અને બહારથી તેઓની સમાન હતી, અને સમાન હોય તે બેનો જ વિવાહ થાય એમ આગળ કહેશે. વળી તેઓ પ્રસિદ્ધ નહતા એમ નહતું, એમ ‘ચૈદ્ય વિગેરેને’ શબ્દથી કહે છે. દેશ પ્રદર્શાવનાર શબ્દથી ઘણી પ્રસિદ્ધિ (જણાવેલી છે). ‘કામને લીધે ગાંડાતુર’ વિશેષણનો એવો અર્થ છે કે દેશ અને કાલની પણ ગણનાનો ત્યાગ કરીને તેઓ સ્ત્રીનું હિત કરે. (કરનારા) છે. ‘ભાઇએ અને પોતાના પિતાએ આપેલી’ વિશેષણથી (એમ કહેલું છે કે) તેની સાથેના વિવાહમાં લોક અથવા શાસ્ત્રનો વિરોધ નહતો. વાણીથી તે આપેલી હતી (સગપણ થએલું). મુખ્ય રીતે ભાઇએ જ આપેલી, તેથી પહેલાં તેનું નામ કહેલું છે. ‘પોતાના પિતાએ’ શબ્દથી (એમ કહેલું છે કે) તે તેની જ કન્યા હોવાથી, પોતાની મેળે (પોતાનું) દાન કરવા તે સ્વતંત્ર નહતી. વિવાહ તો આ લોકના (હિત) માટે થાય છે. તે આ લોકનું હિત યુક્તિ પ્રમાણે શાસ્ત્ર પ્રમાણે અને લોક પ્રમાણે તે (રાજા)ઓમાં જ રહેલું હતું, તેથી તેનો ત્યાગ કરીને, કયા પ્રયોજનથી જ તેં અમને ઘવૃષે પસંદ કર્યા?

‘(આપનામાં અને તે રાજાઓમાં) ભેદ નહિ હોવાને લીધે (આપને પસંદ કર્યા)’ એવી શંકા થાય, તેથી ‘સમાન નહિ તેવા’ વિશેષણ યોજેલું છે. સંબંધીઓ અને કુલના અર્થમાં યોજેલું છે. જેમ રાજાઓ તારી સમાન છે તેવો હું નથી, વળી હું રાજાઓની સમાન નથી, (અને) મારા સંબંધીઓ પણ (તારી અથવા રાજાઓની સમાન) નથી. તેથી લૌકિક હિત માટે લગ્ન (કરવાનાં) છે એ મત પ્રમાણે (અમારામાં) લૌકિક ઉત્તમપણું નહિ હોવાથી અને (મારી તારામાં) આસક્તિ નહિ હોવાથી (તને લૌકિક) સુખ (પ્રાપ્ત થાય તેમ) નહિ હોવાથી, આ (લગ્નના) વિષયમાં અલૌકિકનો સંભવ નહિ હોવાથી, તેં (અમને) કેમ પસંદ કર્યા? (પસંદ કરવાનું) કાંઇ કારણ હોય તો કહેવું જોઇએ એવો ભાવછે. ૧૧.

‘ઇચ્છા જ (આપને પસંદ કરવાનું) કારણ હતું. બધાએ પોતાનું ઇચ્છેલું જ પસંદ કરે છે. તેથી (તે વિષયમાં જેની પસંદગી કરવામાં આવે તે) વસ્તુ સંબંધી વિચાર (કરવો) નકામો છે’ એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં (તે) વસ્તુના દોષો કહે છે:—

राजभ्यो बिभ्यतः सुभ्रूः समुद्रं शरणं गतान् ॥
बलवद्भिः कृतद्वेषान् प्रायस्त्यक्तनृपासनान् ॥१२॥

હે સુંદર ભૃકુટિવાળી! રાજાઓથી ભય પામતા, સમુદ્રને શરણે ગએલા, બલવાનો સાથે વેર કરેલા, ઘણે ભાગે નૃપાસનનો ત્યાગ કરેલા (અમને તેં કેમ પસંદ કર્યા. શ્લોક ૧૧) ૧૨

रूपतः फलतश्चैव सम्मत्या युक्तिभिस्तथा ॥
चतुर्भिर्दूषणं प्राह चतुर्विधमिहाच्युतः ॥७॥

(૧) સ્વરૂપથી તેમજ (૨) ફલથી (૩) સંમતિથી અને ૪) યુક્તિથી (એમ) ચાર પ્રકારનું (પોતાની સાથેના વિવાહમાં) દૂષણ (અનુક્રમે) ચાર (શ્લોકો)થી અચ્યુત અહિં કહે છે. કા. ૭.

તે પૈકી આરંભમાં (આ શ્લોકમાં) સ્વરૂપનો દોષ કહે છે કે (૧) જરાસંધ વિગેરે રાજાઓ છે તેમનાથી (અમે) ભય પામીએ છીએ. (આ દોષ છે) કારણ કે ભયાનક રસે જેમનામાં પ્રવેશ કરેલ હોય તે (બીજાઓને) સુખ ઉત્પન્ન કરી (આપી) શકતા નથી. (૨) 'સમુદ્રને શરણે ગએલા' શબ્દોથી (બીજો દોષ કહે છે), કારણ કે બીજાને શરણે ગએલ હોય તેનામાં સ્વતંત્રપણું હોતું નથી, અને સ્વતંત્ર ન હોય તે સુખ આપી શકતો નથી. બધા યાદવોને ધ્યાનમાં રાખીને બહુવચન યોજેલું છે. કપટથી મનુષ્ય તરીકેની લીલાની પેઠે યાદવ તરીકેની લીલાનો પણ આશ્રય કરેલો હોવાથી, (ભગવાન) તે (યાદવો)ની સમાન (પોતાના) ગુણો હોવાનુ લીલામાં કહે તે યોગ્ય જ છે. (રૂક્મિણીએ) લૌકિક દૃષ્ટિથી જ (ભગવાનનો પતિ તરીકે) સ્વીકાર કરેલો હોવાથી, તે (લૌકિક દૃષ્ટિ)માં ઉપયોગી (થાય તેવા) પ્રકારથી પદાર્થનું નિરૂપણ કરવામાં આવે તેમાં શાસ્ત્રીય દોષ પણ નથી. (૩) 'બલવાનો સાથે વેર કરેલા' વિશેષણથી ત્રીજો દોષ કહે છે. વેર માત્ર કરવાં અયોગ્ય છે, પરંતુ જો તે ફલ (પ્રાપ્ત કરાવવાં)માં પરિણામ પામે[1] તો દોષ નથી. 'બલવાનો' શબ્દથી ફલમાં પરિણામ પામવાનું નથી[2] એમ સૂચવેલું છે, અને ઘણાંઓ સાથે કજીઓ (કરવો) યોગ્ય નથી. (ઘણાં સાથે કજીઓ કરે તેને) સર્વ તરફથી ભય હોવાથી, સુખ હોતું નથી. (૪) 'ઘણા ભાગે નૃપાસનનો ત્યાગ કરેલા' વિશેષણથી લોકની દૃષ્ટિ પ્રમાણે (પોતાની હલકાઇ) જણાવે છે, (અને) બધા બલવાનો સાથે કજીઓ થતાં, (તેથી) થએલું ફલ પણ સૂચવે છે. યયાતિના શાપને લીધે તજેલું છે નૃપાસન જે યાદવોએ (તેવા અમે છીએ). અર્જુન* વિગેરે (યાદવો) એ તજ્યું નથી, એમ જણાવવા 'ઘણા ભાગે' શબ્દ યોજેલ છે.

તેથી રાજાની કન્યાએ (૧) મુખ્ય રાજા સાથે વિવાહ કરવો જોઇએ અથવા (૨) રાજાના મિત્ર સાથે (વિવાહ કરવો જોઇએ) કારણ કે તે રાજાની સમાન હોય છે અથવા (૩) પોતાના દેશમાં રહેનાર નાના (ખંડીઆં) રાજા સાથે (વિવાહ કરવો જોઇએ), અથવા (૪) હલકામાં હલકા મત પ્રમાણે ભય વિનાના (પુરૂષ) સાથે (વિવાહ કરવો જોઇએ), પરંતુ ચાર પ્રકારના દોષવાળા કોઇની પણ સાથે વિવાહ કરવો જોઇએ નહિ. ૧૨.

---

[1] વેરનું ફલ શત્રુને હણવાનું જો બની શકે તો વેર (કરવા)માં દોષ નથી (લે)

[2] પરંતુ (શત્રુઓ બલવાન હોવાથી) તેમને હણવાનું બની શકે તેમ નથી. (લે)

* 'અર્જુન' એટલે યદુના વંશમાં ઉત્પન્ન થએલ સહસ્રાર્જુન. જૂઓ શ્રીમદ્‌ ભાગવત ૯-૨૩-૨૪.

વિચાર કર્યા વિના મોહને લીધે નીતિનો ત્યાગ કરીને વિવાહ કરવામાં જે દુઃખ થાય છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ—

अस्पष्टवर्त्मनां पुंसामलोकपथमीयुषाम् ॥
आश्रिताः पदवीं सुभ्रूः प्रायः सीदन्ति योषितः ॥१३॥

હે સુંદર ભ્રૂકુટિવાળી! જેઓનો માર્ગ સ્પષ્ટ નથી અને જેઓ અલૌકિક માર્ગે જનારા છે તેવા પુરુષોની પદવીનો આશ્રય કરેલી સ્ત્રીઓ ઘણું ભાગે દુઃખ પામે છે. ૧૩.

હવે જો અલૌકિક દૃષ્ટિથી દૂષણોનો પરિહાર કરીને (લૌકિક દોષવાળા સાથે) વિવાહ કરે, તો તે (સ્ત્રી)થી અલૌકિક વ્યવહાર જાણી શકાય તેવો નહિ હોવાથી, લૌકિક પક્ષનો આશ્રય કરવામાં આવતાં, (લૌકિક અને અલૌકિક) બન્નેથી ભ્રષ્ટ થએલી સ્ત્રીઓ દુઃખ પામે છે. 'નથી સ્પષ્ટ માર્ગ જેઓનો' એ વિશેષણથી અલૌકિક (પુરુષો)નું લક્ષણ કહે છે, કારણ કે જેઓની રીત (આચાર) જાણવામાં આવે, તેમને અનુસરીને વ્યવહાર કરી શકાય.

'કોઇ પ્રસંગે તે (અલૌકિક પુરુષો) લોકની પ્રમાણે પણ વ્યવહાર કરે છે, તેથી તેઓનો ચોક્કસ માર્ગ જાણવામાં ન આવે તો પણ તેઓએ આશ્રય કરેલો લૌકિકમાર્ગ જાણવામાં આવે. તેથી દુઃખ કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'જેઓ અલૌકિક માર્ગે જનારા છે' શબ્દ યોજેલ છે. 'अलोकाः' એટલે લોકથી જૂદા. લોકમાં રહેવા છતાં પણ તેઓ અલૌકિકોના જ* માર્ગનો આશ્રય કરે છે. તેઓનો લૌકિક વ્યવહાર પણ અલૌકિક જ છે, એવો અર્થ છે, તેથી જ જેઓનો માર્ગ ચોક્કસ નથી તેવા ક્ષણિકો (ક્ષણે ક્ષણે જૂદો માર્ગ ગ્રહણ કરનારા)ની પદવીનો આશ્રય કરેલી (સ્ત્રીઓ) દુઃખ પામે છે. 'ઘણું ભાગે' શબ્દનો (અર્થ એવો છે કે) જો તે (સ્ત્રી)ઓ પણ તેઓમાં આસક્તિવાળી હોઇ તેમના જેવી જ થાય તો તેઓ દુઃખ પામતી નથી, એમ જણાવવા 'ઘણું ભાગે' શબ્દ લખેલો છે. ૧૩.

વળી જેમને કોઇએ ભજતું નથી તેમને જે ભજે છે તે દુઃખ પામે છે એમ કહેવા, 'મને કોઇ પણ ભજતું નથી' એમ ભગવાન નીચેના શ્લોકમાં કહે છેઃ—

निष्किञ्चना वयं शश्वन्निष्किञ्चनजनप्रियाः ॥
तस्मात् प्रायेण न ह्याढ्या मां भजन्ति सुमध्यमे ॥१४॥

અમે નિષ્કિંચન છીએ. નિષ્કિંચન પુરુષો સદા અમને પ્રિય છે. તેથી હે સુંદર કટિવાળી! ધનવાનો ઘણું ભાગે મને ભજતા નથી. ૧૪.

સ્ત્રીઓને ધનવાનો જ પ્રિય હોય છે, અમે તો નિષ્કિંચન (ગરીબ) છીએ.

---

* 'અલોક' એટલે લોકથી જૂદા; તેઓનો માર્ગ તે અલૌકિકોનો માર્ગ.

મારા (ભક્તો) પણ સકિંચન (જેમની પાસે કાંઇક છે તેવા) નથી, એમ 'નિષ્કિંચન પુરૂષો સદા અમને પ્રિય છે' શબ્દથી કહે છે. નિષ્કિંચન જ પુરૂષો પ્રિય છે જેમને એવા, અને પોતે પણ નિષ્કિંચન પુરૂષોને પ્રિય છે જે તેવા (અમે છીએ). તેથી સાક્ષાત્ અને પરંપરાથી પણ (અમારી પાસે) ધન નથી એમ કહેલું છે.

'આ સામાન્ય રીતે (સત્ય) હશે' એવી શંકા થાય, તેથી આ પ્રસિદ્ધ અને ચોક્કસ છે એમ ઉત્તરાર્ધથી કહે છે. आढयाः ધનવાનો ઘણા ભાગે મને ભજતા નથી, કારણ કે બંને રીતે ધનનો નાશ થવાનો સંભવ છે. જો મારામાં સ્નેહ કરે તો મારા માટે (તેમના) સર્વ ધનનો વિનિયોગ કરે, તો પણ નિર્ધન થાય. જો મારૂં માહાત્મ્ય જાણીને અંદરથી (હૃદયથી)જ ભજન કરે, તો પણ તે મારો પ્રિય હોવાથી, તે મારો પ્રિય થાય તે માટે હુંજ તેને નિર્ધન કરૂં છું. તેથી બંને રીતે પણ લોકમાં પ્રતિષ્ઠા કરનાર ધનવાનપણાનો નાશ થાય છે, તેથી (ધનવાનો મને) ભજતા નથી તારૂં તો ધનવાનપણું જ સ્વરૂપ છે, તેથી (તું મને ભજ તો તારા તો) સ્વરૂપનો નાશ જ સંભવે છે, એવો ભાવ છે. અંબરીષ વિગેરે (ધનવાનો) તેવા (મને ન ભજનારા) નથી એમ જણાવવા 'ઘણા ભાગે' શબ્દ યોજેલો છે. 'હે સુંદર કટિવાળી !' એ સંબોધન (રૂક્મિણીની) નિર્ધનના ઘરમાં રહેવાની અશક્તિ જણાવે છે, કારણ કે તેનામાં કામ કરવાની શક્તિ નથી અને (નિર્ધનના ઘરમાં) ભોગ (પ્રાપ્ત થતો) નથી. તેથી જ સમાનની સાથે જ વિવાહ કરવો યોગ્ય છે, સમાન ન હોય તેની સાથે (વિવાહ કરવો) યોગ્ય નથી, એવો લૌકિક (મત) કહે છે. ૧૪.

નીચેનાં શ્લોકમાં (ભગવાનને વરવામાં) ડહાપણનો વિરોધ છે એમ કહેછે:—

ययोरात्मसमं वित्तं जन्मैश्वर्याकृतिर्भवः ॥
तयोर्विवाहो मैत्री च नोत्तमाधमयोः क्वचित् ॥१५॥

જેમનાં પોતાની સમાન ધન, જન્મ, ઐશ્વર્ય આકૃતિ અને ભવ હોય, તે એના વિવાહ અને મૈત્રી યોગ્ય છે (પણ) ઉત્તમ અને અધમના (વિવાહ અને મૈત્રી યોગ્ય) કોઈ પ્રસંગે નથી. ૧૫.

લૌકિક* સમાનપણું જેમનાથી સિદ્ધ થાય તે ગુણો કહે છે. જે બે સ્ત્રી અને પુરૂષનું અથવા મિત્રોનું (૧) ધન સરખું હોય, અને (૨) સરખા કુલમાં જન્મ અથવા વય (સરખું હોય), અને (૩) ઐશ્વર્ય સરખું હોય, અને (૪) આકૃતિ એટલે વય અને જુવાની (સરખાં હોય) અથવા (૫) ભવ એટલે ઉત્પત્તિ સરખા

---

* '**लौकिकं समान इति**' શબ્દો વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ પ્રત કરતાં વધારે છે તે લઇ અર્થ કરેલો છે. ચૌદમા શ્લોકના '**सुमध्यमे**' શબ્દ ઉપરની ટીકા પંદરમા શ્લોકની ટીકામાં ભળેલી છે તે ચૌદમા શ્લોકમા જ લીધી છે.

હોય (તેઓનો વિવાહ અને મૈત્રી યોગ્ય છે). જન્મ અને ભવમાં કાલથી અને દેશને લીધે થએલા ભેદોનું અનુસંધાન કરવું. સર્વ પ્રકારે સમાનપણું યોગ્ય નથી અને અશક્ય છે, તેથી 'आत्म' 'પોતાની' શબ્દ યોજેલો છે. 'પોતાની યોગ્યતા પ્રમાણેનું સમાનપણું' એવો અર્થ છે, જેમકે ચોવીસ વર્ષનો પતિ (હોય તો) સોળ વર્ષની કન્યા (જોઇએ). પાંચ ગુણો સરખા (જોઇએ). ઐશ્વર્ય સાથે આકૃતિ (સમાન જોઇએ). 'કન્યા રૂપને પસંદ કરે છે' એ શ્લોકમાં પણ પાંચ ઇચ્છેલા ગુણો (સરખા જોવાના) કહેલા છે. (૧) (એ શ્લોકમાં કહેલું) રૂપ. અહિં 'આકૃતિ' (શબ્દથી જણાવેલ) છે. (૨) ધન (બંનેમાં) સ્પષ્ટ છે. (૩) ઐશ્વર્યને બદલે (ત્યાં) 'શ્રુત' કહેલું છે. (૪) (ત્યાં) કુલ (છે તેને અહિં) જન્મ (કહેલ છે). (૫) 'ભવ' એટલે સમૃદ્ધિ. (તે શ્લોકમાંના) પકવાન્નને બદલે છે. તેજ (અર્થ) અહિં પણ લેવો.

તે (પાંચ ગુણોના) સંબંધમાં લૌકિક દૃષ્ટિ પ્રમાણે (૧) રાજાની સમાન બીજાનું ધન હોતું નથી, તેથી (ધન વિષયમાં) રાજકન્યા રૂક્મિણી અને યાદવ ભગવાનનું) સમાનપણું નથી એ સિદ્ધ છે. (૨) જન્મના સંબંધમાં યાદવો તેવા કુલીન નથી એવી લોકમાં પ્રસિદ્ધિ છે. (૩) આકૃતિ પણ (ભગવાનની) ગૌર ન હોવાથી (સમાન નથી). (૪) (ભગવાનને) રાજ્ય નહિ હોવાથી જ ઐશ્વર્ય નથી. (૫) ઉદ્‌ભવ (ભવ) પણ તેથી (ભગવાનને રાજ્ય નહિ હોવાથી)જ (સમાનપણામાંથી) નીકળી જાય છે.

દૈવને લીધે વિવાહ થાય, તો પણ મૈત્રી રહેતી (ટકતી) નથી એમ ચાલુ વિષયમાં મૈત્રીનો પણ ઉપયોગ હોવાથી, (તે) કહેલી છે. 'ઉત્તમ અને અધમના' તો (વિવાહ અને મૈત્રી) કોઇ પ્રસંગે યોગ્ય નથી, કોઇ પણ પ્રસંગે થતા નથી, એવો અર્થ છે, અથવા કોઇ વાર થએલ હોય તો સુખ આપનાર થતાં નથી, એવો ભેદ (કહેલો) છે. ૧૫.

'ત્યારે હવે પછી મારે શું કરવું યોગ્ય છે ?' એવો પ્રશ્ન ઉઠે, તે સંબંધમાં નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકો કહે છે:—

वैदर्भ्येतदविज्ञाय त्वयाऽदीर्घसमीक्षया ॥
वृता वयं गुणैर्हीना भिक्षुभिः श्लाघिता मुधा ॥१६॥

હે વૈદર્ભિ, આ જાણ્યા વિના, તેં ટૂંકી બુદ્ધિથી, ગુણ વિનાના. (અને) ભિખારીઓએ વૃથા વખાણેલા અમને પસંદ કરેલા છે. ૧૬

(આ) એક (શ્લોક)થી (રૂક્મિણીનું) અજ્ઞાન સિદ્ધ કરે છે. 'અજ્ઞાનથી કરેલું ન કરેલું જ' હોવાથી જ્યારે હોમવાના પદાર્થ (અજ્ઞાનને લીધે) બદલાઇ જાય ત્યારે ફરીથી સરખા કરવા એ ઉપાય છે. તેથી પ્રથમ (તેનું) અજ્ઞાન કહે છે.

'વૈદર્ભિ' એટલે વિદર્ભના રાજાની પુત્રિ! આ (સંબોધન)થી સારા કુલમાં જન્મેલી કહેલી છે. 'જાણ્યા વિના અમને પસંદ કરેલા છે' શબ્દોથી આ તે (રૂકિમણી)નું અજ્ઞાન (તે) બીજું કાર્ય કરે તે માટે સિદ્ધ કરે છે, પરંતુ (તેને) દોષ દેવા સિદ્ધ કરતા નથી.

'સ્તુતિ દ્વારા અને વિજ્ઞપ્તિથી તેણે પદાર્થો જાણેલા જ હતા (એમ સિદ્ધ થાય છે) તેથી (તેનું) અજ્ઞાન કેમ (હોઇ શકે)?' એવી શંકા થાય, તેથી 'ટૂંકી બુદ્ધિથી' શબ્દ યોજેલ છે. 'દીર્ઘ નહતી સારી દૃષ્ટિ જેની' તેવી (તે હતી). ઉપર ઉપરથી (ભગવાનની) સરસાઇ જોઇ, (તેમને) અલૌકિક જાણ્યા વિના, (તેમનાથી) લૌકિક સુખ થશે (મળશે) એવા પ્રયોજનથી તે વરેલી હોવાથી ટૂંકી બુદ્ધિવાળી હતી વાસ્તવિક રીતે તો ભગવાન સર્વ સંસારનું નિવારણ કરનારા છે, પરંતુ સંસાર આપનારા નથી. તેથી વાસ્તવિક રીતે પણ (તે) ટૂંકી બુદ્ધિવાળી હતી.

'ગુણ વિનાના' શબ્દથી તેનું કારણ કહે છે. ગુણવાળાથી જ સંસાર (પ્રાપ્ત) થાય છે.

'પહેલાં આપના (ભક્તો) નારદ વિગેરેએ અનંત ગુણોથી ભરેલા તરીકે આપની સ્તુતિ કરેલી છે, તેથી આપ ગુણ વિનાના કેમ (હોઇ શકો)?' એવી શંકા થાય, તેથી ભિખારીઓએ વખાણેલા વિશેષણ યોજેલું છે, કારણ કે ભિખારીઓ બીજા (ભીખ આપનાર)નું ઇચ્છેલું અથવા નહિ ઇચ્છેલું કયા પ્રકારે થાય, એમ વસ્તુનું સ્વરૂપ જાણતા નથી, પરંતુ માત્ર પોતાનાં કામનો જ વિચાર કરે છે. તેમ ન હોત (બીજા સંબંધી વિચાર કરતા હોત) તો ભીખ ન માગત તે ભિખારીનું દૂષણ સામાન્ય રીતે પહેલાં 'ખરે લોક સ્વાર્થમાં આસક્તિવાળો છે, બીજાનું સંકટ જાણતો નથી. જો જાણતો હોત તો માગત નહિ' એમ (શ્રીમદ્ભાગવત ૬–૧૦–૬ માં) કહેલું છે. તેથી (ભગવાન) પોતે ગુણોથી પર હોવાથી, માત્ર મોક્ષને ઇચ્છનારાઓ સ્તુતિ કરે છે કે 'સંસારને ઇચ્છનારાઓ પણ સ્તુતિ કરે છે તે યોગ્ય છે.' (તેથી) 'ભિખારીઓએ વખાણેલા' એ દૂષણ છે. તેમાં પણ (તેઓએ) વ્યર્થ (વખાણેલ છે). તેઓને પોતાના આચરણથી જ પુરૂષાર્થ પણ પ્રાપ્ત થાય છે, એટલે મોક્ષ માટે પણ મારા દાનની જરૂર નથી. મોટા ભક્તોને તો જરાએ મારી (મોક્ષ પ્રાપ્ત કરવા માટે) જરૂર નથી. તેથી પોતાને આનંદ (થાય તે) માટે તેઓ વૃથા જ સ્તુતિ કરે છે. પરંતુ જેઓ સંસારની ઇચ્છા રાખે છે તેઓએ તે માનવું ન જોઇએ. તેથી પોતાથી અથવા બીજાની દ્વારા (સ્તુતિનો) અભિપ્રાય નહિ જાણવાથી તને ભ્રમ થએલો, તેથી તેં અજ્ઞાનને લીધે જ (મને) પસંદ કરેલો એવો અર્થ છે. ૧૬.

'ત્યારે હવે પછી (મારે) શું કરવું ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अथात्मनोऽनुरूपं वै भजस्व क्षत्रियर्षभम् ।।
येन त्वमाशिषः सत्या इहामुत्र च लप्स्यसे ।।१७।।

હવે તું પોતાને યોગ્ય ઉત્તમ ક્ષત્રિયનો સ્વીકાર કર, જેથી આ લોકમાં અને પરલોકમાં તું સત્ય આશિષો પ્રાપ્ત કરીશ. ૧૭.

'અથ' 'હવે' શબ્દથી જૂદા આરંભથી (જૂદું કાર્ય કરવાનું) કહે છે. (તું) પિતાને ઘેર જઇ, પહેલાંની પેઠે (સ્વયંવર) કરી, પોતાને યોગ્ય માત્ર સંસારમાં જ આસક્તિવાળા (ક્ષત્રિયનો સ્વીકાર કર). સ્ત્રીઓ માત્ર સંસારમાં જ પ્રેમવાળી હોવાથી, સ્ત્રીઓની મુક્તિ થતી નથી એવી મર્યાદા છે, અને સ્ત્રી પતિ સાથે ગાઢ સંબંધ પ્રાપ્ત કરે છે. તેથી પતિ (પોતાની) સમાન હોય ત્યારે આ સર્વ ઘટે છે, સમાન ન હોય ત્યારે ઘટતું નથી, એટલે તેમ (સમાન પતિ) ન હોય તો સ્ત્રીનો અથવા પતિનો નાશ થાય છે.

'તે કયો (પતિ) વરવા યોગ્ય છે ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'ઉત્તમ ક્ષત્રિય' શબ્દથી બહિર્મુખ જણાવે છે, કારણ કે તે (ક્ષત્રિયો) બહિર્મુખ જ હોય છે. તેમ ન હોય તો નિર્દય થઇ બીજાની હત્યા ન કરે. (તે) ઉત્તમ ક્ષત્રિય હોવાથી (બીજાની હત્યા કરે તેમાં) કોઇ પણ (તેનો) દોષ માનતું નથી. તેઓનો જય થતાં, (તેઓ પોતાના) બીજા સગાંઓને પણ બોલાવે છે એટલે દોષ પણ નથી. (તને પરણવાની) ઇચ્છા તો તેઓને છે, એમ કહેલું જ છે.

'તેથી (એમ કરવાથી) શું થાય ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'સત્ય આશિષો' એટલે પ્રવાહમાં નિત્ય રહેલા વિષયો તે (ક્ષત્રિયો)થીજ પ્રાપ્ત થાય, બીજાઓથી તો પ્રાપ્ત ન થાય. આ લોકના અને પરલોકના ફલમાં પ્રીતિ વિનાનો તો મારામાં આસક્તિવાળો હોવાથી, મારી સેવાથી બધા જન્મોમાં આ લોકનું અને પરલોકનું ફલ પ્રાપ્ત થતું નથી. તેથી માત્ર સંસારમાં જ જેની પ્રીતિ હોય તેવા ઉત્તમ ક્ષત્રિયને વરવાથી જ (આ લોક અને પરલોકનું) ફલ પ્રાપ્ત થાય એ યોગ્ય છે. 'તું' શબ્દથી (રૂકિમણીનું) માયાસ્વરૂપ કહેલું છે, કપટ તે (ક્ષત્રિયો)માં જ સફલ થશે, પરંતુ (હું) બ્રહ્મમાં (સફલ થશે) નહિ, એવો અર્થ છે. ૧૭.

'(મારે) એમ કરવાનું હતું તો સર્વ જાણનારા આપ મને એ પ્રમાણે (રાજાઓને હરાવીને) કેમ લઇ ગયા ?' એવી શંકા થાય, તેથી નીચેના બે શ્લોકો કહે છે:—

चैद्यशाल्वजरासंधदन्तवक्रादयो नृपाः ॥
मम द्विषन्ति वामोरु रुक्मी चापि तवाग्रजः । १८॥
तेषां वीर्यमदान्धानां दृप्तानां स्मयनुत्तये ॥
आनीतासि मया भद्रे तेजोऽपहृतयेऽसताम् ॥१९॥

હે સુંદર સાથળોવાળી! શિશુપાલ, શાલ્વ, જરાસંધ, દંતવક્ર વિગેરે રાજાઓ અને વળી તારો મોટોભાઇ રૂક્મી મારી સાથે વેર રાખે છે. ૧૮.

હે ભલી સ્ત્રી! વીર્યના મદને લીધે આંધળા થએલા તે અહંકારીઓનો અહંકાર દૂર કરવા, દુષ્ટોના તેજને હરવા હું તને લાવેલો. ૧૯.

તે (બહિર્મુખો)ને અને તેઓના દોષોને જણાવે છે. પહેલો અને છેલ્લો (શિશુપાલ અને દંતવક્ર) શાપને* લીધે વેર રાખનારા છે. વચલા બે બીજા દેવના ઉપાસકો હોઇ બહિર્મુખ છે, એમ ચાર (બહિર્મુખો) કહેલા છે. તેથી શાપને લીધે અથવા સ્વભાવને લીધે જેઓ બીજા (દેવ)માં આસક્તિવાળા છે તેઓ (મારી સાથે) વેર રાખે છે, એવો (અર્થ છે). જે બીજાઓ પણ આવા ગુણવાળા છે તેઓનો પણ 'વિગેરે' શબ્દથી સમાવેશ કરે છે. 'રાજાઓ' શબ્દથી તેઓને સર્વથા નહિ હણવાનું કારણ કહેલું છે. વળી તારા સગાંઓ પણ (તેવા છે) એમ 'અને વળી રૂકમી' શબ્દોથી કહે છે. તારો મુખ્ય સગો મોટો ભાઇ, અને 'च' 'અને' શબ્દથી તેના સગાઓ કહેલાં છે. નજીકનો સંબંધ કહેલો હોવાથી, તું તેઓને તજી શકે તેમ પણ નથી, એમ સૂચવેલું છે. તેથી તે (શિશુપાલ અને દંતવક્ર) મારા (સગા) અને તારા સગાઓ (બહિર્મુખ) હોવાથી, તેઓના અહંકારરૂપી સંનિપાતને દૂર કરવા હું તને લાવેલો છું, એમ કહેલું છે. 'હે સુંદર સાથળોવાળી!' સંબોધનથી (રૂકિમણી) દુષ્ટ નથી, એમ સૂચવેલું છે.

ઓગણીસમા શ્લોકથી (તેઓનો) દૂર થઇ શકે તેવો દોષ કહે છે (તેઓ) વીર્યના મદને લીધે આંધળા થએલા છે. જેમ આંધળો (પોતાની) પાસે રહેલા ખાડાને પણ જાણતો નથી, પરંતુ (તેમાં) પડે જ છે, તે પ્રમાણે વૈષ્ણવ અગ્નિમાં પડતાં તેઓને મેં અટકાવેલા છે, એવો ભાવ છે. વળી તેઓ दृप्ताः (અહંકારી) હૃદય વિનાના પણ છે. તેઓને નથી (કાંઇ) પ્રમાણ તેમજ નથી (કાંઇ) વિચાર, એવો અર્થ છે. તે બેથી‡ ઉત્પન્ન થએલો છે જે અહંકાર તેને દૂર કરવા (તને) લાવેલો છું એમ લાવવાનું બીજું કારણ છે એવો (અર્થ છે). (રૂકિમણી બીજાને વરે તેમાં) દોષ નથી એમ પહેલાં (શ્લોક ૧૬ માં) સિદ્ધ કરેલું છે, તેથી બીજાને વરવાનું સિદ્ધ થાય છે.

---

* સનક વિગેરેના શાપને લીધે જૂઓ શ્રીમદ્ભાગવત ૩-૧૬, અને ૭-૧-૩૫થી ૪૬.

‡ (૧) વીર્યના મદને લીધે થએલ અંધાપો અને (૨) દૃપ્તપણું એ બેથી.

'તેઓનો અહંકાર તેઓના પરાજયથી જ દૂર થાય, તેથી અને લાવવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'તેજને હરવા' શબ્દ યોજેલ છે. તેઓનું તેજ પણ હરવું જોઇએ, અથવા (તેઓના તેજનો) 'उपहतये' નાશ કરવા (તને લાવેલો). 'જય અથવા પરાજય નક્કી (હોતા) નથી' એ શાસ્ત્ર પ્રમાણે કોઇ વાર પરાજય થાય તો પણ જીવતાં સુધી (તેનું) દુઃખ રાખે નહિ અને હિંમતવાળા થતાં ફરીથી (લડવા) આવે. આમ કરવામાં (તને લઈ આવવામાં) આવે ત્યારે તો તેઓ તેજ વિનાના થાય, એટલે તેઓ ફરી (લડવા) ઊભા ન થાય.

'(તેઓનું) તેજ હરવાથી દોષ થશે' એવી શંકા થાય, તેથી 'દુષ્ટોના' શબ્દ યોજેલ છે. દુષ્ટોના તેજનો નાશ કરવો યોગ્ય જ છે. ૧૮–૧૯.

એ પ્રમાણે રુક્મિણી(ને લાવવા)નો ઉપયોગ કહીને, પોતાને માટે (ભગવાને) તેને રાખવી એવા મતનો નીચેના શ્લોકમાં નિરાસ કરે છે:—

उदासीना वयं नूनं न स्त्र्यपत्यार्थकामुकाः ।
आत्मलब्ध्यास्महे पूर्णा गेहयोर्ज्योतिरक्रियाः ॥२०॥

અમે ખરેખર ઉદાસીન છીએ, સ્ત્રી છોકરાં અથવા ધનની ઇચ્છા રાખતા નથી. આત્માના લાભને લીધે અમે પૂર્ણ છીએ (દેહ અને) ઘરમાં (પ્રકાશતા) તેજ પેઠે ક્રિયા વિનાના છીએ. ૨૦.

'नूनम्' 'ખરેખર !' શબ્દથી (એમ કહેલું છે કે) આ વિષયમાં તર્કથી સંદેહ કરવો નહિ. સ્ત્રી પુત્ર અને ધનરૂપ ત્રણ કામનાઓમાં (કામના માત્ર) પરિણમે છે. (અંતઃકરણની) અંદર તેઓથી હઠે તેવો રોગ હોય ત્યારે તેમની ઇચ્છા થતાં તેમની જરૂર પડે છે. પૂર્ણ આનંદવાળાને પોતાની અંદર દોષ[1] નહિ હોવાથી, (તેમને વિષે) ઉદાસીનપણું જ હોય છે. (તેમજ તેમને માટે) દ્વેષ નહિ હોવાથી, તેમને તજવાની જરૂર પણ નથી. તેથી (તેઓથી પોતાની) વૃદ્ધિ અથવા ક્ષય થતાં નહિ હોવાથી, સ્ત્રી પુત્ર અને ધનની કામના હોતી નથી. આ વિષયમાં ભગવાન સાથે સંબંધ (ભગવાન અને રુક્મિણી) બંનેની ઇચ્છાથી થએલો નહતો, પરંતુ એક (રુક્મિણી)ની જ ઇચ્છાથી થએલો હતો. (સંબંધનું) કાર્ય બંનેની ઇચ્છાને અધીન હોવાથી, ભગવાન તે ઇચ્છા પૂરી પાડે ત્યારે તે કાર્ય થાય છે, પરંતુ પૂરી ન પાડે તો થતું નથી, તેથી કાર્ય આવશ્યક નથી. ભિખારીઓના (સંબંધમાં બને છે) તેમ* ઇચ્છા પૂરી પાડવાનું સદા બનતું નથી. તેથી નિત્ય (સંસારની) ઇચ્છા રાખનારે (ભગવાન સિવાય) બીજે જવું યોગ્ય છે. 'જે ધર્મ

---

[1] 'દોષ નહિ હોવાથી' એટલે 'કામ વિગેરે નહિ હોવાથી.' (લે)

*ભિખારીને કોઇ કોઇ વાર કાંઇ આપે છે અને કોઇવાર આપતું નથી તે પ્રમાણે ભગવાન જીવની માગેલી વસ્તુ કોઇ વાર ન પણ આપે, એવો ભાવાર્થ છે.

અર્થ કામ અને મોક્ષરૂપી પદાર્થ ઇચ્છતો હોય (તેને હરિના ચરણની સેવાથી તે પ્રાપ્ત થાય છે) (શ્રીમદ્ભાગવત ૪–૮–૪૧)' વિગેરે વાક્ય પણ (ભગવાન) જૂદાં રહીને જ દાન (આપે છે) એવો બોધ કરે છે, પરંતુ (તે) ક્રિયામાં ભગવાનનો સંબંધ જણાવતું નથી. જો તેમ ન હોય (ક્રિયામાં ભગવાનનો સંબંધ હોય) તો ભગવાન તે (ફલ) આપનાર નજ થાય, કારણ કે (તેમાં ભગવાનનો) પોતાનો પણ આગ્રહ હોવાનું સંભવે.

ઇચ્છા ન રાખનાર હોવાનું કારણ 'આત્માના લાભને લીધે' શબ્દથી કહેલું છે. જો કે ભગવાન આત્મા હોવાથી, અને તેમને અજ્ઞાન વિગેરેનું નડતર નહિ હોવાથી આ (આત્માનો લાભ) ભગવાનના સંબંધમાં (ઇચ્છા ન રાખનાર હોવાનું) કારણ (થતું) નથી, અને 'આત્માના લાભથી ઉત્તમ (કાંઇ) નથી' એ શ્રુતિ પણ ફલ (રૂપ ભગવાન)ને ફલનો સંબંધ થવાનું જણાવતી નથી, છતાં પણ લૌકિક કથન પ્રમાણે સંમતિ દર્શાવવા તે પ્રમાણે કહેલું છે; કે જેમ જેઓએ આત્માની પ્રાપ્તિ કરેલી છે તેઓ જેમ સ્ત્રી વિગેરેની ઇચ્છા રાખનારા હોતા નથી, તેમ અમે (ભગવાન) પણ (તેમની ઇચ્છા રાખતા નથી). કહેવા યોગ્ય તો 'પૂર્ણ છીએ' એટલું જ છે. અમે સદાએ પૂર્ણ જ રહીએ છીએ એવો અર્થ છે; કારણ કે (અમને) જે નિત્ય પ્રાપ્ત થએલ છે તેજ આત્મા (પૂર્ણ હોવાના) કારણરૂપ કહેવામાં આવે છે.

'છતાં પણ ક્રીડા (કરવા) માટે પધારેલા (ભગવાન)ને ક્રીડાનો નિર્વાહ કરવા માટે જ કામના (જૂદા જૂદા પદાર્થની ઇચ્છા) થાય જ' એવી શંકા થાય, તેથી 'ઘરમાં (પ્રકાશતા) તેજ પેઠે ક્રિયા વિનાના છીએ, એમ કહેલું છે પ્રકાશતું અથવા ન પ્રકાશતું તેજ પોતે કાર્ય કરવામાં ઉદ્યમ કરતું નથી, પરંતુ પ્રકાશતું (તેજ) કોઇક નિમિત્તથી પોતે જેના સંબંધમાં આવે તેનો પ્રકાશ કરે છે, અને તેના જ દોષનો નાશ કરે છે, પરંતુ (તેને) પોતાને કોઇ (પદાર્થ)ની જરૂર નથી. **गेहयोः**[1] એટલે દેહ અને ઘરમાં પ્રકાશતું. આ બંને (સ્થલે પ્રકાશતું તેજ) સરખાં છે એમ જણાવવા એકસરખા (**देह** અને **गेह**) શબ્દથી (તેમને) જણાવેલ છે. '**ज्योतिरक्रियाः**' એટલે જ્યોતિ (તેજ)ની પેઠે ક્રિયા વિનાના. આથી એમ કહેલું છે તેજની પેઠે ભગવાનનો આવિર્ભાવ થાય છે. તેથી (અમારામાં) વિકારરૂપ ક્રિયા નહિ હોવાથી અમારે કોઇની જરૂર નથી, અને (અમારી પાસેથી) ફલ ચોક્કસ (મળે તેમ) નહિ હોવાથી (તારે) ફલની જરૂર હોય તો બીજાને અનુસરવું એમ સિદ્ધ થયું. ૨૦.

---

[1] આ સાતમી વિભક્તિ(નું દ્વિવચન) છે. દેહમાં અને ઘરમાં રહેલા તેજના પેઠે અમે ક્રિયા વિનાના છીએ, એવો અર્થ છે. (લે)

(પોતે) સંબંધ વિનાના છે એમ જણાવીને ભગવાન (બોલતા) બંધ થયા, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:—

एतावदुक्त्वा भगवानात्मानं वल्लभामिव ॥
मन्यमानामविश्लेषात्तद्दर्पघ्न उपारमत् ॥२१॥

જૂદાં નહિ પડવાને લીધે, (પોતે) વહાલી હોય તેવી પોતાને માનતીને તેના મદનો નાશ કરનાર ભગવાન આટલું કહીને (બોલતા) અટક્યા. ૨૧.

આ (બોલતાં અટકવું)જ વાણીથી (ભગવાન)નું તિરોધાન (થવું) છે. 'વહાલી હોય તેવી પોતાને માનતી' શબ્દોથી તિરોધાન (થવા)નું કારણ કહેલું છે. તે (એ પ્રમાણે માનતી હોવા)નું કારણ પણ 'જૂદાં નહિ પડવાને લીધે' શબ્દથી કહેલું છે. જેમ શિશુપાલ વિગેરેનાં મદનો નાશ કરવા આને લઇ આવ્યા, એ પ્રમાણે આનો પણ મદ દૂર કરવા (આની સાથે) સંબંધ ન હોવાનું કહ્યું, તે એમ જણાવે છે કે મદના કારણરૂપ[1] સાથે સંબંધ[1] હોય ત્યાં સુધી મદ દૂર થતો નથી, તેથી આથી જ[2] તે (દૂર) થશે એમ જાણીને, (ભગવાને તેમ) કર્યું[3] 'વહાલી' એટલે ભગવાનને ઘણી જ પ્રિય, (તેનામાં) પ્રેમ હોવાને લીધે' (ભગવાનને તેની) જરૂર હોય તેવી. (ભગવાનને) ઘણી સ્ત્રીઓ હોવાથી, કાર્યની* બીજી રીતે પણ સિદ્ધિ થતી હોવાથી, એક પત્નીવાળાને જેમ તે (પત્ની) પ્રિય હોય છે, તેમ (હું ભગવાનને પ્રિય છું એવું) તે માનતી હતી. તેમ (માનતી) ન હોત તો જૂદા ન પડવું તે (પોતે પ્રિય હોવાનું માનવાના) કારણરૂપ પણ ન હોત.

અથવા (રૂક્મિણી) અજ્ઞાનને લીધે ભગવાનને ભજે છે તેથી તેને જ્ઞાન આપવા ભગવાને એ પ્રમાણે કહ્યું, એમ જણાવવા 'પોતાને (ભગવાનને) વહાલી (वल्लभाम्) (માનતીને)' એવું દૃષ્ટાંત કહેલું છે. ભગવાનને તે સ્ત્રી જેવા માનતી

---

[1] શિશુપાલ વિગેરેને મદ થવાનું કારણ રૂક્મિણી પોતે જ હતી કારણ કે તે ગમતા હતી. તેથી તેઓને મદ થવાનાં કારણરૂપ રૂક્મિણી સાથે ભગવાનને સંબંધ હોય ત્યાં સુધી તેઓનો મદ દૂર થાય નહિ, પરંતુ વધે એવો અર્થ છે મદ થવાનું કારણ (રૂક્મિણી) સાથે ભગવાનનો સંબંધ પ્રબળ થાય તેમ તે અધિક મદ ઉત્પન્ન કરે, એવો ભાવ છે (લે)

[2] 'આથી' એટલે 'સંબંધ ન હોવાનું જણાવવાથી.' (લે)

[3] 'તેમ કર્યું' એટલે 'સંબંધ ન હોવાનું જણાવ્યું.' જો ભગવાનને રૂક્મિણી સાથે લૌકિક સંબંધ હોત તો પત્નીને બીજા સાથે સંબંધ કરવાનો તેને ઉપદેશ જ ન કરત, એવો ભાવ છે.

* 'કાર્ય' એટલે 'પુત્રોની ઉત્પત્તિ' એવો અર્થ જણાય છે.

હતી. 'જેમ સ્ત્રીથી સારી રીતે આલિંગન પામેલો બહારનું કાંઇ પણ જાણતો નથી' એવા સુષુપ્તિના ઉપાખ્યાનમાં 'શારીર આત્મા (જીવ) ઘણા જ્ઞાનવાળા આત્માથી સારી રીતે આલિંગન પામેલો છે' એમ જણાવેલું છે. બ્રહ્મસૂત્ર ૧-૩-૪૨ માં આનું વિવેચન કરેલું છે. તે (જીવ)ને જેમ જ્ઞાન આપવામાં આવે છે, તેમ આ (રૂક્મિણી)ને પણ (ભગવાન જ્ઞાન આપે છે), એવો (અર્થ છે)

અથવા પોતે લગભગ પ્રિય હોય તેવી પોતાને માનતીને, (આટલું કહીને ભગવાન) અટક્યા, વાક્યથી (બોલતા અટક્યા), અને કાયા અને મનની ક્રિયા કરતાં અટક્યા. ૨૧.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી, ત્યાર પછી જે થયું તે કહે છે:—

इति त्रिलोकेशपतेस्तदात्मनः प्रियस्य देव्यश्रुतपूर्वमप्रियम् ॥
आश्रुत्य भीता हृदि जातवेपथुश्चिन्तां दुरन्तां रुदती जगाम ह । २२॥

અહો! ત્રણ લોકના ઈશ્વર અને પતિ, પોતાના પ્રિયનું પહેલાં નહિ સાંભળેલું, અપ્રિય એવું તે (વાક્ય) સાંભળીને દેવી ભય પામી, (તેના) હૃદયમાં કંપ થયો, (અને) રડતી તે ઘણી ચિંતા પામી. ૨૨.

(એ ત્રણ શ્લોકોમાં) સારી રીતે જ્ઞાનવાળીની, કાંઇક જ્ઞાનવાળીની, અને મૂર્છા પામેલીની, અવસ્થાઓ અનુક્રમે કહેલી છે, કારણ કે તે ત્રણ ગુણવાળી હતી. તેથી સત્ત્વથી આરંભી તમોગુણ સુધીની અવસ્થાઓ વર્ણવેલી છે. દરેક ગુણ ત્રણ પ્રકારનો હોવાથી (દરેકનાં) ત્રણ ત્રણ (કાર્ય) કહેવામાં આવે છે.

તે પૈકી પહેલાં (આ શ્લોકમાં) સત્ત્વગુણના ત્રણ કાર્યો કહે છે. 'એવું' એટલે પહેલાં કહેલા પ્રકારથી સંબંધનો અભાવ જણાવનારૂં વાક્ય સાંભળીને, (૧) આરંભમાં (ભગવાન મારો) ત્યાગ કરશે એમ માની ભય પામી. (૨) પછી હૃદયમાં વેપથુઃ કંપ પણ થયો, અને (૩) ઘણી ચિંતા પણ થઇ. ચિંતા સાત્ત્વિક છે, ભય તામસ છે. (ભગવાન) ત્રણ લોકનાં ઈશ્વર અને પતિ છે, અને પોતાના પણ (પતિ) છે, (ભગવાન સાથે રૂક્મિણીના) ઉત્તમ લૌકિક અને વૈદિક સંબંધો કહ્યા. 'તદા'* એટલે તે સ્થિતિમાં, અથવા તદ્' એટલે પ્રખ્યાત, સર્વને જણાએલું (ભગવાનનું વાક્ય....) તેથી (ભગવાન તેને) સત્ય પણ કરે (રૂક્મિણીનો ત્યાગ પણ કરે).

માત્ર લોક પ્રમાણે અને વેદ પ્રમાણેજ (તેને ભગવાન સાથે) સંબંધ હતો એમ ન હતું, પરંતુ (ભગવાન તેને) પોતાને પણ પ્રિય હતા.

'આ મશ્કરીનું (વાક્ય) હશે, તેથી ભય કેમ પામી?' એવી શંકા થાય, તેથી 'દેવી' શબ્દ યોજેલ છે. તે દેવતારૂપ હતી. (તેથી) ભગવાન સત્યજ કહે છે એમ તેણે જાણ્યું.

---

* तदात्मनः=तदा+आत्मनः એવો પાઠ લઇ આ પ્રમાણે અર્થ કરેલ છે.

'ત્યારે (ભગવાનનો) અભિપ્રાય જાણીને, મદનો ત્યાગ કરી, (તેમને) શરણ કેમ ન ગઇ ?' એવી શંકા થાય, તેથી 'પહેલાં નહિ સાંભળેલું' વિશેષણ યોજેલું છે. મદ તો (તેને) સદાએ થતો, પરંતુ વાક્ય કોઇ પણ સમયે એવા પ્રકારનું સાંભળેલું નહતું. તે પણ આ સારી રીતે અભિપ્રાયથી અને અર્થથી સાંભળ્યું (જાણ્યું). તેથી (૧) આરંભમાં મનમાં ભય થયો. (૨) હૃદયના સ્થાનમાં કંપ પણ થયો. આ કાયાના (કાર્ય) જેવું થયું. (૩) બુદ્ધિનો અહંકાર તો દૂર કરવો જ જોઇએ, ચિત્તમાં ચિંતા થઇ (એટલે અહંકાર જતો રહ્યો). રડતી હતી એ ઇંદ્રિયોનું રૂદનરૂપ (કાર્ય) એમ જણાવવા માટે થયું કે અહંકાર તે (આંસુઓના) રૂપથી (નીકળી) ગયો. (ભગવાનના) માત્ર વાક્યથી જ (તેની) આવી અવસ્થા કેમ થઇ, એવું આશ્ચર્ય જણાવવા 'ह' 'અહો !' શબ્દ યોજેલ છે. આ (દેહની) અંદરનું (કાર્ય) જણાવ્યું. ૨૨.

નીચેના શ્લોકમાં (દેહની) બહારનું (કાર્ય) જણાવે છે:—

पदा सुजातेन नखारुणश्रिया भुवं लिखन्त्यश्रुभिरञ्जनासितैः ॥
आसिञ्चती कुङ्कुमरूषितौ स्तनौ तस्थावधोमुख्यतिदुःखरुद्धवाक् ॥२३॥

નખોને લીધે લાલ કાંતિવાળા ઘણા કોમલ ચરણથી ભોંય ખોતરતી કેસરના લેપવાળા સ્તનોને કાજળને લીધે કાળા થએલા આંસુઓથી સિચન કરતી, ઘણા દુઃખને લીધે રૂંધાએલી વાણીવાળી નીચું મુખ રાખી ઉભી રહી. ૨૩.

(૧) 'सुजातेन' એટલે 'ઘણા કોમલ અથવા ભાગ્યના ચિહ્નવાળી.' તેથી ભાગ્યના ચિહ્નોને અથવા (તેમને) ઉત્પન્ન કરનારને દોષ દેતી (રૂકિમણી) તે પ્રમાણે કરતી (ભોંય ખોતરતી) હતી; અથવા ચરણ ઉત્તમ હોવાથી, (રૂકિમણીનું) એવું અનિષ્ટ થશે નહિ એમ જણાવવા તે પ્રમાણે (શુકે) કહેલું છે. 'नखारुणश्रिया' એટલે નખોની અંદર અથવા નખોને લીધે લાલ હતી કાંતિ જેની તેવો (ચરણ હતો). આ (વિશેષણ)થી નખોને મણિરૂપ કહેલા છે. આ સાત્ત્વિક ઉત્તમપણું છે કુદરતી અને આકસ્મિક સરસાઇવાળા ચરણથી ભોંય ખોતરતી હતી. ચિંતાથી પીડાએલી તેવું જ કાર્ય કરે છે તેથી તે ભોંય ખોતરતી હતી એમ (કહેલું છે). ભૂમિમાં કાંઇ પણ ખોતરવાની (શાસ્ત્રની) મના છે. 'હું ભૂમિને તોડી (તેની) અંદર પ્રવેશ કરીશ' એવા ભાવથી (તે) તે પ્રમાણે ખોતરતી હતી. આ લૌકિકી ભાષા છે. લૌકિક ભાવ દૂર કરવા માટે જ ભગવાને તે પ્રમાણે કહેલું, તેથી (ભગવાનમાં રાખેલો) હરકોઇ ભાવ ભરપૂર થાય ત્યારે ફલ પ્રાપ્ત કરાવનારો થાય છે એમ જણાવવા તે પ્રમાણે કહેલું છે. તેથી આ (વિશેષણ)થી તેની કાયાનું કાર્ય જણાવ્યું.

(૨) 'કેસરના લેપવાળા સ્તનોને આંસુઓથી સિંચન કરતી' (વિશેષણથી) મનનું (કાર્ય) કહે છે. મનમાં ઘણો શોક હોવાને લીધે સદા ઉત્પન્ન થતાં આંસુઓ કાજળને પણ ધોઇ નાખીને બહાર નીકળતાં હતાં, એટલે તેનો બધોએ ઉત્તમ રંગ તે (આંસુ)ઓ ધોઇ નાખતા હતા એમ સૂચવેલું છે, કારણ કે તેમણે કેસર અને કાજળ બંનેને ધોઇ નાખ્યાં. 'મુખ નીચે રાખી' એથી પણ મનનું જ (કાર્ય) કહેલું છે. (૩) ઘણા દુઃખને લીધે (તેની) વાણી રૂંધાએલી હતી, એમ વાણી બંધ થયાનું (કહેલું છે). (કાયા અને મન) બંનેની થોડી ક્રિયા (રહેલી). વાણી તો બંધ જ થઇ એવો (અર્થ છે). ૨૩.

તેની બહારની અને અંદરની સ્થિતિ કહીને (તેનો) દેહ પડ્યો, એમ અને પહેલા (વિશેષણ)થી મનનો પાત થયો (બુદ્ધિ નાશ પામી), એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तस्याः सुदुःखभयशोकविनष्टबुद्धेर्हस्ताच्छ्लथद्वलयतो व्यजनं पपात ॥
देहश्च विक्लवधियः सहसैव मुह्यन् रम्भेव वायुविहता प्रविकीर्य केशान् ॥२४॥

ઘણું દુઃખ ભય અને શોકને લીધે નાશ પામેલી બુદ્ધિવાળીનાં તેના સરી જતા બંગડીવાળા હાથમાંથી પંખો પડી ગયો અને મંદ થતી બુદ્ધિવાળીનો દેહ એકાએક મૂર્છા આવતાં વાયુએ ઉખેડી નાખેલી કેળની પેઠે કેશ વિખરાઇને પડ્યો ૨૪

તેનો દેહ પડ્યો. (૧) બુદ્ધિ પ્રયત્નદ્વારા દેહને ધારણ કરનારી છે. તેનો તો ત્રણ પ્રકારે (ત્રણ કારણથી) નાશ થયો, એમ (તેનો નાશ કરનારાં) ઘણું દુઃખ, ભય અને શોક કહેલાં છે. પુરૂષોત્તમ નામના પદાર્થ (પોતાની પાસે) નહિ હોવાને લીધે, અથવા આનંદરૂપ ભગવાનનો તિરોભાવ થવાથી (તેને) ઘણું દુઃખ થયું. 'ભગવાન બીજાઓને (મને) આપી દેશે' એવા (વિચાર થી ભય થયો. પોતાનું સર્વસ્વ જતું રહેવાથી શોક થયો. (એ) ત્રણ દોષને લીધે બુદ્ધિનો નાશ થયો. (૨) તે (બુદ્ધિના નાશે) પોતાનું (કાર્ય) પ્રયત્ન ન થવા દેવાનું પણ કર્યું, એમ 'સરી જતી બંગડીવાળા હાથમાંથો પંખો પડી ગયો' શબ્દોથી કહેલું છે. (રૂક્મિણી) દૂબળી થવાથી બંગડી સરી જવા લાગી. પહેલાં ગુણનો ક્ષય થયો, પછી ગુણવાળા પદાર્થનો (ક્ષય થયો) એમ નિયમ પ્રમાણે ક્ષય થયો, એટલે અલૌકિક પ્રકારથી તે (તેનો દેહ) પડી નહતી. જેનાથી તે વાયુ ઢોળતી હતી તે પંખો, (પોતાને) ધારણ કરી રાખવાનો પ્રયત્ન જતો રહેતાં પડી ગયો. આથી એમ કહેલ છે કે (રૂક્મિણીનો) સ્થૂલ પ્રયત્ન જતો રહ્યો. (૩) સૂક્ષ્મ (પ્રયત્ન) જેનાથી પ્રાણ ધારણ થાય છે તે પણ જતો રહ્યો. એમ ઉત્તરાર્ધથી કહે છે. 'અને દેહ પડ્યો.' 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) તે

(દેહ)ના સંબંધવાળા આભૂષણો વિગેરે પણ (પડ્યાં). આથી પણ સૂક્ષ્મ (પ્રયત્ન) જે મૂળતત્ત્વરૂપ પ્રાણને ધારણ કરનારો છે તે બાકી રહ્યો. તે જતો રહે તો સર્વ (પ્રાણ)નો નાશ થાય, તેથી ભગવાને ત્યાં સુધી દૂર પરીક્ષા કરી. લૌકિક (રૂક્મિણી)ને અલૌકિક પુનઃજીવન આપવું[1] (પ્રાણ તદ્દન ગયા પછી ફરી જીવતી કરવી) એ યોગ્ય નહિં હોવાથી, (પ્રાણ તદ્દન જાય) તે પહેલાં જ (ભગવાન) ઉપાય કરશે.

'(દેહ) ધારણ કરનારી સૂક્ષ્મ બુદ્ધિ સ્વપ્નમાં પણ રહે છે, તેથી (તે હોવા છતાં રૂક્મિણીનો) દેહ કેમ પડ્યો ?' એવી શંકા થાય, તેથી 'મંદ થતી બુદ્ધિવાળાનો' શબ્દ યોજેલ છે. સૂક્ષ્મ બુદ્ધિ પણ મંદ થઈ ગઈ હતી. વિચાર (કરવા)થી તે (મંદપણું) દૂર થાય તેમ નહતું એમ 'એકાએક મૂર્ચ્છા આવતાં' શબ્દોથી કહેલું છે. (તે) અડધી મરણ પામી હતી. માત્ર આસન્ય (પ્રાણ) રહેલો. તેથી જ તે પડી (ગઇ ', મરણ પામી નહિ.

'પડવાનો પણ ભય હોય છે, તેથી ભયને લીધે તેણે (પડતાં બચવાનો) પ્રયત્ન કર્યો હશે' એવી શંકા થાય, તેથી તેમ (થયું) નહતું એમ જણાવવા 'વાયુએ ઉખાડી નાખેલી કેળની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. જેમ વાયુના ઝપાટાથી કેળ ભાંગીને પડે છે, તેમ (કેળની પેઠે) પોતે પણ કોમળ (રૂક્મિણી) સર્વ (હરકોઇ) પ્રકારના પ્રયત્ન વિના (પડી ગઇ). 'કેશ વીખરાઇને' શબ્દથી કેળની સમાનતા કહેલી છે અથવા મૂર્ચ્છા (થઇ તે) સમયે (તેનું) માથું ભમ્યું, એટલે કેશની ગાંઠ છૂટી જતાં કેશ વીખરાઇ ગયા. (તેણે) કેશ વેણીના આકારથી બાંધેલા (ગૂંથેલા) નહતા. ૨૪.

પછી (એક) ક્ષણનો વિલંબ થશે તો (રૂક્મિણીના મનની) શાંતિ થઇ શકશે નહિ, એમ (જાણીને), ભગવાને અનાદર (કરવા)ના વિચારનો ત્યાગ કરી, તેનો આદર (કરવા)નો વિચાર કરીને, તરત જ (તેનું સાંત્વન કરવાના) ઉપાય કરવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तद्दृष्ट्वा भगवान् कृष्णः प्रियायाः प्रेमबन्धनम् ॥
हास्यप्रौढिमजानन्त्याः करुणः सोऽन्वकम्पत ॥२५॥

હાસ્યનું માહાત્મ્ય ન જાણનારી પ્રિયાનું તે પ્રેમનું બંધન જોઇને તે દયાળુ ભગવાન શ્રીકૃષ્ણે (તેના પર) દયા કરી. ૨૫.

---

[1] ઉત્તરાર્ધમાં ભગવાન લોકના ધર્મ પ્રમાણે લીલા કરે છે, તેથી તે લીલાના સંબંધવાળી (રૂક્મિણી)ને અલૌકિક પ્રકારે ફરી જીવતી કરવી, એ યોગ્ય નથી. પૂર્વાર્ધમાં ભગવાને અલૌકિક પ્રકારે લીલા કરેલી, તેથી ત્યાં વ્રજવાસીઓને અલૌકિક પ્રકારે ફરી જીવતા કરેલા એમ ત્યાં જ બારમા અધ્યાયમાં કહેલું છે એવો ભાવ છે. (લે)

તેને પડી ગએલી જોઇને, (ભગવાને) દયાળુ થઇને (તેના પર) દયા કરી, તેનું દુઃખ દૂર કરવાની[1] ઇચ્છા કરી.

(ભગવાનના) અભિપ્રાય પ્રમાણે જે (વાક્યો) તે આગળ કહેશે તેટલું તેણે કહેવું જોઇએ, અને પછી (તેને) અભિમાન નથી એમ જાણવામાં આવતાં ભગવાન કૃપા કરત; પરંતુ વચમાં મૂર્ચ્છા (આવવા)થી જે તેનું પતન થયું, તે તેમનો (ભગવાનનો) અભિપ્રાય ન જાણવાથી થયું. ઈશ્વરના વાક્યના સંબંધમાં તો જ્યાં સુધી તેજ પોતાનો અભિપ્રાય પ્રકટ ન કરે ત્યાં સુધી બીજો અર્થ જણાવવો ન જોઇએ. તેથી (રૂક્મિણી) લૌકિક હોવાથી તે (ભગવાનના વાક્યનો) અભિપ્રાય જાણતી નહિ હોવાથી, (પોતાનો) ત્યાગ થવાના ભયને લીધે (તેની) તેવી અવસ્થા (થાય તે) યોગ્ય જ છે. તે સમયે (રૂક્મિણીએ) ઉત્તર ન આપેલ હોવા છતાં, (તેને) અભિમાન નથી એમ ન જાણવામાં આવેલ હોવા છતાં, ભગવાને (તેના પર) કૃપા જ કરી, તેનું કારણ 'દયાળુ' વિશેષણથી કહેલું છે. ('દયાળુ' એટલે) દયાવાળા. દયા (કરવા)નું પણ કારણ આ શ્લોકના પૂર્વાર્ધથી કહેલું છે. 'ભગવાન'-શબ્દથી સર્વ અર્થનું જ્ઞાન (તેમને હતું એમ કહેલું છે). 'શ્રીકૃષ્ણ' એટલે સ્ત્રીઓને પ્રિય, તેઓનો ઉદ્ધાર કરવા પધારેલા, તે(રૂક્મિણી)ને કેમ હણે?

'વચનથી દુઃખ પામીને ઘણાએ મૂર્ચ્છા પામે છે. આમાં આશ્ચર્ય શું છે?' એવી શંકા થાય, તેથી 'પ્રિયાનું પ્રેમનું બંધન (જોઇને)' શબ્દો યોજેલ છે. તે પણ ભગવાનની ભક્ત હોવાથી તેમને પ્રિય હતી; (અને) ભગવાનનો સંબંધ નહિ રહે એમ જાણતાં જ પ્રાણનો ત્યાગ કરવારૂપ તેનો પણ ઘણો પ્રેમ હતો. પ્રેમ જ બંધનરૂપ હોવાથી, તે ભગવાનના પ્રેમથી જ બંધાઇને ઊભી હતી. તે (પ્રેમ) નહિ રહે એમ જાણવામાં આવતાં જ પડી ગઇ, એવો (તેનો પ્રેમ હતો).

'તે (રૂક્મિણી) તેમ થાય (પડી જાય) તે યોગ્ય જ હતું, (ભગવાન) કયા અંશથી સંતોષ પામ્યા, કારણ કે સંતોષના કારણરૂપ આશ્ચર્યકારક કાર્ય) નહતું' એવી શંકા થાય, તેથી 'હાસ્યનું માહાત્મ્ય ન જાણનારી' શબ્દો યોજેલ છે. હાસ્યરસની અંદર પૂર્વપક્ષ અને સિદ્ધાંતના નિયમ પ્રમાણે પદ (શબ્દ)ના અર્થ કહેવા તે (તેનું) માહાત્મ્ય છે તે પૈકી પૂર્વપક્ષ ભગવાને કર્યો, કારણ કે રૂક્મિણી (તેમાં જણાવ્યું તેમ) લૌકિક નહતી, તેમજ તેને લૌકિક વિષયની દરકાર પણ નહતી. તેથી (રૂક્મિણીએ) સિદ્ધાંત અવશ્ય કહેવો જોઇએ. તે કહેવાનું તે જાણતી નહતી એટલે બાલકોની પેઠે અજ્ઞાનવાળી સ્થિતિમાં અભિમાન હોય તે દોષરૂપ નહિ હોવાથી, (તેની) મૂર્ચ્છા જોઇને સ્વભાવથી પણ ઘણા દયાળુ (ભગવાને તેના પર) દયા કરી. ૨૫.

---

[1] આ 'દયા' શબ્દનો અર્થ કહેલ છે, કારણ કે 'દયા' શબ્દનો અર્થ 'બીજાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા' છે. (લે)

પછી (ભગવાને) જે કર્યું તે નીચેના શ્લોકથી (આરંભી) કહે છે:—

पर्यङ्कादवरुह्याशु तामुत्थाप्य चतुर्भुजः ॥
केशान् समूह्य तद्वक्त्रं प्रामृजत् पद्मपाणिना ॥२६॥

પલંગ ઉપરથી એકદમ ઉતરીને, તેને ઉઠાડીને, ચાર ભુજાવાળાએ (તેના) કેશો ભેગા કરીને કમલ જેવા હસ્તથી તેનું મુખ સ્વચ્છ કર્યું. ૨૬.

(ભગવાને) પોતે પલંગ ઉપરથી એકદમ ઉતરીને, બે હસ્તથી તેને ઉઠાડીને, બે હસ્તથી (તેના) કેશો ભેગા કરીને એક હાથથી કેશના બંધનને પકડી રાખી. જમણા (બીજા હાથ)થી તેનું મુખ સ્વચ્છ કર્યું. 'કમલ જેવા હસ્તથી' એટલે અમૃત સવતા ઠંડા (હસ્ત)થી (મુખ સ્વચ્છ કર્યું). તેથી (તેનું) દુઃખ દૂર થયું અને (તે) જીવતી રહી. (ભગવાનનાં) સ્પર્શથી જ પ્રાણ આવ્યા. ૨૬.

પછી (ભગવાને) સ્વસ્થ થએલી (રૂકિમણી)ને દિલાસો આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

प्रमृज्याश्रुकले नेत्रे स्तनौ चापहतौ शुचा ॥
आश्लिष्य बाहुना राजन्ननन्यविषयां सतीम् ॥२७॥
सान्त्वयामास सान्त्वज्ञः कृपया कृपणां प्रभुः ॥
हास्यप्रौढिभ्रमच्चित्तामतदर्हां सतां गतिः ।२८॥

હે રાજન્! જેમાં આંસુઓનો ભાગ હતો તેવાં બે નેત્રોને અને શોકને લીધે અસ્વચ્છ થએલાં બે સ્તનોને સ્વચ્છ કરી. જેને (પોતાના સિવાય) બીજો આશ્રય નહતો તેવી સતીને બાહુથી આલિંગન કરી, દિલાસો આપવાનું જાણનાર સત્પુરૂષોના ફલરૂપ પ્રભુએ કૃપાથી હાસ્યના માહાત્મ્યને લીધે ભમતાં ચિત્તવાળી, તેને યોગ્ય નહિ તેવી દીન (રૂકિમણી)ને દિલાસો આપ્યો. ૨૭-૨૮

આંસુઓનો ભાગ જેમાં હતો તેવાં (નેત્ર)નાં આંસુઓ તેજ હસ્તથી સ્વચ્છ કરી, પછી (તેને) ઉઠાડીને જ, બે હાથે પકડી રાખીને, વચ્ચે એક (હસ્ત)થી (તેના) કેશને બાંધ્યા. (ગયા શ્લોકમાં) કહેલું કાર્ય કર્યું. તેથી (તેને) દિલાસો આપ્યો ત્યાં સુધી (ભગવાન) ચાર ભુજાઓવાળા જ રહ્યા. '(નેત્રને) સ્વચ્છ કરવું' એટલે આંસુઓ લૂછી નાખીને, આસપાસ રહેલા કાજળને સર્વત્ર (આખા નેત્રમાં) મૂક્યું. તેજ પ્રમાણે બીજે† પણ કર્યું: (પોતાનો) પ્રેમ પ્રકટ કરવા અને (હું તારો) ત્યાગ કરીશ નહિ એવો વિશ્વાસ આવે તે માટે બાહુથી આલિંગન કરીને (તે પ્રમાણે કર્યું).

---

† 'બીજે પણ' એટલે સ્તનોના સંબંધમાં.

“ ‘(અમે) સ્ત્રી, પુત્ર અથવા ધનની ઇચ્છા રાખતા નથી’ એમ કહીને (ભગવાને) પાછું તે પ્રમાણે (સ્ત્રીનું સાંત્વન) કેમ કર્યું” એવી શંકા થાય, તેથી ‘જેને (પોતાના સિવાય) બીજો આશ્રય નહતો’ એવું વિશેષણ યોજેલું છે, ‘ન હતો બીજો આશ્રય જેને’ તેવી (તે હતી) એટલે જો આ (ભગવાન) પણ આશ્રય ન રહેત તો (તેના) દેહનો નાશ થાત. તેને તેવી જાણીને, ‘જેઓએ મારા માટે લોકના ધર્મોનો ત્યાગ કરેલો છે તેઓનું હું રક્ષણ કરૂં છું’ એવી પોતાની પ્રતિજ્ઞા સાચવવા માટે જ ભગવાને તેમ કર્યું, એવો અર્થ છે, અને તેથી (ભગવાને) સ્ત્રી તરીકે (તેની) ઇચ્છા રાખી નથી, પરંતુ જેને બીજો કોઇ આશ્રય નથી તેવી તરીકે (કામના) રાખી છે. વળી (તે) સતી એટલે પતિવ્રતા હતી. તેનો અનાદર કરવાથી મર્યાદાનો પણ વિરોધ થાય. પરિક્ષિતને ભ્રમ ન રહે તે માટે ‘હે રાજન્!’ એવું સંબોધન કરેલું છે, કારણ કે રાજા (લૌકિક) વિષયોથી ભરપૂર હોય છે. ૨૭.

વળી (ભગવાને) દિલાસો આપ્યો એમ અઠ્ઠાવીસમા શ્લોકમાં કહે છે. પછી ભગવાને વાક્યોથી (તેને) દિલાસો આપ્યો. ‘(મારે તારી સાથે) સંબંધ નથી એમ (ભગવાને) પોતે જ જણાવીને (તેને) દિલાસો કેમ આપ્યો?’ એવી શંકા થાય, તેથી ‘દિલાસો આપવાનું જાણનાર’ શબ્દ યોજેલ છે. ‘કૃપાથી’ શબ્દથી દિલાસો આપવાનું કારણ (કહેલું છે). કોઇ પણ પ્રકારના ભયથી તો (દિલાસો આપ્યો) નહતો. ‘દીન’ શબ્દથી દયા કરવાનું કારણ કહેલું છે. પત્ની હોવાથી તો (દયા કરી) નહતી.

‘(દીનપણું અને પત્નીપણું) બંને ગુણો (રૂક્મિણીમાં) હોવાથી દીનપણું જ (દયા કરવાનું) કારણ કેમ (ગણાય)?’ એવી શંકા થાય, તેથી ‘પ્રભુએ’ શબ્દ યોજેલ છે, કારણ કે તે (ભગવાન) પોતાથી જ શક્તિવાળા* હતા, પત્ની વિગેરેની તેમને દરકાર નહતી.

‘હાસ્યના માહાત્મ્યવાળાં વાક્યોને લીધે ભમતાં ચિત્તવાળી’ શબ્દથી વાક્યથી દિલાસો આપવાનું કારણ કહેલું છે. તેવી તે ન હોત તો કાયાથી દિલાસો આપવાથી જ કાર્ય પતી જાત. તે (તેવી હોવા)થી ચિત્તના ભ્રમને પણ દૂર કરવાનો હતો.

‘ચિત્તમાં ભ્રમ ભલે રહે. તેથી શું થાય?’ એવી શંકા થાય, તેથી ‘તેને યોગ્ય નહિ તેવી’ વિશેષણ યોજેલું છે. ‘તે’ એટલે ‘(૧) શરીરથી કૃપા અને (૨) વાણીથી કૃપા નહિ, અથવા (૧) શરીરમાં સ્વસ્થપણું અને (૨) ચિત્તમાં અસ્વસ્થપણું એવા બે પ્રકારની સ્થિતિમાં રહેવા’ને તે યોગ્ય નહતી, કારણ કે ભગવાન સત્પુરૂષોના ફલરૂપ છે કેમકે સત્પુરૂષો સંદેહ વિનાના હોય છે (અને) ‘બે વાર

---

* આ ‘પ્રભુ’ શબ્દનો અર્થ છે.

બાણુ ચડાવતા નથી, શરણે આવેલાનું બે વાર (બે પ્રકારે) સ્થાપન કરતા નથી' 'હે કૌન્તેય! મારા ભક્તનો નાશ થતો નથી એવી (મારી) પ્રતિજ્ઞા જાણ' એવાં ભગવાનનાં વાક્યમાં વિશ્વાસ રાખીને પ્રવૃત્તિ કરે છે. તેથી (તેનાં) ચિત્તના ભ્રમને દૂર કરવા વાણીથી (તેને) દિલાસો આપવો જોઇએ. ૨૮.

તેજ (વાણી) નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી કહે છે:—

॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન કહે છે:—

मां मा वैदर्भ्यसूयेथा जाने त्वां मत्परायणाम् ॥
त्वद्वचः श्रोतुकामेन क्ष्वेल्याचरितमङ्गने ॥२९॥

હે વૈદર્ભિ ! મને તું દોષ ન દે. તને મારામાં આસક્તિવાળી હું જાણું છું. હે અંગના! તારૂં વચન સાંભળવાની ઈચ્છાવાળાએ (મેં) મશ્કરી કરેલી. ૨૯.

કાયા વાણી અને મન મધ્યે પહેલાંનું (તેની પછીનાના કરતાં) ઘણું બલવાન હોવાથી, કાયાથી દિલાસો આપવામાં આવ્યો ત્યારે (તે દિલાસો) ફલરૂપ હોવાથી, અને વાણીનો (દિલાસો) દુર્બલ હોવાથી, દિલાસો થઇ જ ગયો, પરંતુ (વાણીથી દિલાસો આપવામાં ન આવે તો) કાયા અને વાણીમાં પરસ્પર વિરોધ હોવાને લીધે ભગવાન વિશ્વાસ રાખવા યોગ્ય નથી એવું (રૂક્મિણીના મનમાં) થાય, (તેથી) તેવું નથી એમ 'હે વૈદર્ભિ ! મને તું દોષ ન દે.' શબ્દોથી (ભગવાન તેને) કહે છે. તું મને દોષવાળો ન જો (જાણ); અથવા '(ભગવાને મને) વિના કારણ આટલું દુઃખ દીધું' એવા વિચારથી કદાચ (રૂક્મિણી) ક્રોધ કરે. બીજું[1] તો સ્વાભાવિક જ હતું. તેનાથી[2] કોઇ ઉપકાર માનતું નથી.

'ત્યારે આચરણથી વિરૂદ્ધ (ભગવાનના) એવા વચનનો શું અભિપ્રાય હતો ?' એવી શંકા થાય, તેથી 'તને (મારામાં આસક્તિવાળી) જાણું છું' શબ્દો કહેલા છે. જૂદા પ્રકારની જાણીને જૂદા પ્રકારનું કહેવું (એ) અભિપ્રાય સૂચવનારૂં છે.

'જો (રૂક્મિણી) સર્વ પ્રકારે દોષ વિનાની હોય તો આમ (ગર્વવાળી) હોવા છતાં (ભગવાન તેનો) દોષ ગણે[3] નહિ તેથ દોષ દૂર કરવાનું શું પ્રયોજન ?'

---

[1] 'બીજું' એટલે 'લૌકિક વિષયોનો અભાવ વિગેરે' એવો અર્થ છે. (લે.)

[2] 'તેનાથી' એટલે 'લૌકિક વિષયો વિગેરેથી.' આવા લૌકિક વિષયો પ્રાપ્ત થાય, તેથી કોઇ પણ ભક્ત ઉપકાર માનતું નથી. તેથી 'તેના વિષય નથી' એમ કહેવાથી દુઃખ ઉત્પન્ન થતું નથી, કારણ કે વિષયો ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ આગળના વચન (ભગવાને) કહ્યાં તે દુઃખ આપનારાં છે, એવો અર્થ છે. (લે)

[3] 'દોષ ગણે નહિ' એટલે ભગવાન આવાં વચનો કહે તો પણ રૂક્મિણી લૌકિક વિષયો (પ્રાપ્ત કરવા)ના વિચાર નહિ કરે, એવો અર્થ છે. (લે) અહિં ભગવાને પોતે જે

એવી શંકા થાય, તેથી 'હે વૈદર્ભિ!' એવું સંબોધન કરેલું છે. જન્મભૂમિના સંબંધને લીધે કોઇ સમયે (રૂક્મિણી 'હું જ ભગવાનને પ્રિય છું') એમ[૪] પણ માને, કારણ કે ભગવાને ચિત્તની વૃત્તિ જૂદા પ્રકારની (ચંચલ), કરેલી છે, તેથી તેના ગર્વને હણવો અને મશ્કરી કરવા માટે (વચન કહેવું એ બે)માં પરસ્પર, વિરોધ નથી. (૧) મુખ્યા (૨) ગૌણી અને (૩) તાત્પર્ય જણાવનારી એવી શબ્દની, અર્થ જણાવનારી ત્રણ શક્તિઓ છે. લક્ષણા અને ગૌણી તો ભેદ વિનાની (એક જ) છે, અથવા તાત્પર્ય (જણાવવા)માં (તેમનો) સમાવેશ થાય છે તે પૈકી (ભગવાનના વચનના) (૧) મુખ્ય અર્થનો ભંગ (બંધ ન બેસવું) ગર્વનો નાશ કરવાના મતમાં અને મશ્કરી (કરવા)ના મતમાં સમાન છે. (૨) પછી પ્રસંગને લીધે લેવાતો ગૌણ (અર્થ) મશ્કરી (કરવા)માં પરિણમે છે, [અને (૩) તેમ કરવાનું] તાત્પર્ય તો ગર્વનો નાશ કરવામાં (પરિણમે છે) એમ (નં. ૨ અને ૩) બંનેમાં વિરોધ નથી. 'સ્ત્રીઓ પાસે, મશ્કરીમાં, વિવાહમાં....(અસત્ય બોલવું નિંદ્ય નથી)' શ્રીમદ્ભાગવત ૮–૧૯–૪૩ એ વાક્ય પ્રમાણે મુખ્ય અર્થ વિનાના શબ્દના ઉપયોગથી (આ પ્રસંગે) દોષ થતો નથી. તેમ ન હોય તો તાત્પર્ય વિગેરે (શબ્દના અર્થ જણાવનારી શક્તિઓ) વ્યર્થ થાય. વળી 'ઋષિઓ ન સમજાય તેવાં વચન કહેનારા છે અને ન સમજાય તેવું વચન મને પણ પ્રિય છે' એ ભગવાનના વચનને લીધે પણ (અહિં એવા શબ્દના ઉપયોગથી દોષ થતો નથી). પૂર્વપક્ષના નિયમ પ્રમાણે તે (રૂક્મિણી)માં બહિર્મુખપણું અને લૌકિકપણું છે એમ જણાવીને (ભગવાને) વાક્યો યોજેલાં એમ અમે કહેલું છે. (તેને) દિલાસો આપવા ભગવાન (હવે આવા) પ્રસંગોથી થતાં ફલ[૫] જણાવે છે: મુખ્ય અર્થ[૬] (ભગવાને) ઇચ્છેલો નથી, તે વિષયનું કારણ 'તને મારામાં આસક્તિવાળી હું જાણું છું' શબ્દોથી કહેલું છે. હું જ છું ઉત્તમ ગતિ જેની, તેવી (તું છો.)

'ત્યારે (મને આવાં વચનો) કહેવાનો શો અભિપ્રાય હતો?' એવી શંકા થાય, તેથી 'મશ્કરી કરેલી' શબ્દો યોજેલ છે. ક્ષ્વેલી એટલે મશ્કરી. મશ્કરી (કરવા) માટે જ ગાળો[૭] ઉત્પન્ન થએલી છે તેથી તેવાં વચન કહેલાં (એ) મશ્કરીજ

વાક્યો કહેલાં તેને લીધે રૂક્મિણી પોતાને દોષ ન આપે તે માટે, પોતાના ઉપર દોષ ન મૂકતા તેને કહે છે. રૂક્મિણીને દોષ વિનાની કહે છે. તેથી રૂક્મિણી સર્વ પ્રકારે દોષ વિનાની હોય તો ગર્વને દોષ ગણી તે દૂર કરવા પ્રયાસ કરવાનું શું પ્રયોજન? એવો અર્થ હોવાનું જણાતાં લેખથી જૂદા પ્રકારે અર્થ કરેલો છે.

[૪] 'એમ' એટલે 'વિષયોના ભોગને' (લે) ઉપર નોટ ૩ માં જણાવેલ કારણથી લેખથી જૂદા પ્રકારે અર્થ કરેલો છે.

[૫] મશ્કરી, કોપ, વિગેરે પ્રાસંગિક ફલ છે. (લે)

[૬] 'મુખ્ય અર્થ' એટલે 'ભોગ' (લે)

[૭] વિવાહ વિગેરેમાં બોલાય છે તેવી. (લે)

કરેલી, એવો અર્થ છે. 'હે અંગના !' સંબોધનથી તેમ કરવામાં દોષ નથી એમ કહેલું છે. अङ्गं દેહ नयति પ્રાપ્ત કરાવે* તે (અંગના) તેથી તેવી (સ્ત્રી) સાથે રસ ઉત્પન્ન થાય તે માટે (એવું વચન) બોલવું જ જોઇએ. (આવું બોલવાનુ) કોઇ સમયે જ થતું હોવાથી, તેજ સમયે આ (રસની ઉત્પત્તિ) ન થાય તો પણ દોષ નથી, પરંતુ ભવિષ્યમાં (રસની ઉત્પત્તિ ન થાય તો દોષ) થાય. ભગવદીય તરીકેનો ગર્વ તો થોડો રાખવો જ જોઇએ, નહિ તો જ્ઞાનમાર્ગથી (ભક્તિમાર્ગમાં) શું ભેદ રહે ? પરંતુ બહુ (ગર્વ) ન રાખવો. તે (ગર્વ) ઉતારવાનો હતો ત્યારે (ઉતારવાનાં વચનના) બોલનાર ઈશ્વર હોવાથી બધોએ (ગર્વ) જતો રહ્યો, અને તેનો જેમને આધાર હતો તેવા પ્રાણ પણ (અટકી) ગયા (જતા હતા). તે (ભગવાને) ઇચ્છેલ નહિ હોવાથી 'તને (મારામાં આસક્તિવાળી) હું જાણું છું' શબ્દોથી (તેમનો) પાછો સંચાર (થયાનુ) કહે છે; પરંતુ 'હું જ (ભગવાનને) પ્રિય છું' એમ (તારે) ન માનવું, એવો ભાવ છે. 'તારૂં વચન સાંભળવાની ઇચ્છાવાળાએ' વિશેષણથી મશ્કરી (કરવા)નુ પ્રયોજન કહેલું છે. ગૂઢ (અર્થ તરત ન સમજાય તેવું) વાક્ય પણ સાંભળવું જોઇએ, એવો ભાવ છે. ૨૯.

નીચેના શ્લોકમાં (એવાં વચન કહેવાનુ) બીજું પ્રયોજન કહે છે:—

मुखं च प्रेमसंरम्भस्फुरिताधरमीक्षितुम् ॥
कटाक्षेपारुणापाङ्गं सुन्दरभ्रुकुटीतटम् ॥३०॥

અને પ્રેમના સંવાદને લીધે ફડફડતા અધરવાળું, કટાક્ષ ફેંકવાથી લાલ થએલા આંખના ખૂણાવાળું, સુંદર ભ્રમરના ઢાળાવવાળું મુખ જોવાને (મશ્કરી કરેલી....શ્લોક ૨૯) ૩૦.

અને મુખ જોવાને (મશ્કરી કરેલી), કારણ કે ગાળ દેવામાં આવે ત્યારે લોકો કોપ કરે છે, તેમ તું પણ કોપ કરીશ એવા વિચારથી, (તારામાં) કોપ ઉત્પન્ન કરવા તે પ્રમાણે (મેં) કહેલું. (૧) સાત્ત્વિક (૨) રાજસ અને (૩) તામસ એવા ત્રણ પ્રકારનો પ્રેમ હોય છે. તે પૈકી (૧) સાત્ત્વિક (પ્રેમ) પુત્રો વિગેરેમાં સમાન હોય છે. (૨) ધર્મ સહિત રાજસ (પ્રેમ) સ્ત્રીમાં જ હોય છે (૩) તામસ (પ્રેમ) તો જારમાં જ હોય છે. કુદરતી તે (રાજસ) પ્રેમ કોઇ વાર અહિં જોવો જોઇએ, એવા હેતુથી તે ઉત્પન્ન કરાવવા (એવું) વચન (કહેલું). પ્રેમને લીધે જે ક્રોધવાળો સંવાદ થાય, તેને લીધે ફડફડતો હોય અધર જેની અંદર તેવું, કટાક્ષ ફેંકવા એટલે ત્રાંસી દૃષ્ટિઓ (કરવી), તે સહિત લાલ अपाङ्गं આંખનો ખૂણો છે જેનો તેવું, અને સુંદર છે ભ્રમરનો ઢાળાવ (જેમાં તેવું મુખ જોવા

---

* 'आत्मा वै पुत्र उत्पन्नः' 'પોતે જ પુત્ર (તરીકે) ઉત્પન્ન થાય છે.' એ શ્રુતિ પ્રમાણે પતિ જ પોતાની સ્ત્રીમાં પાછો પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, તેથી પત્ની પતિને નવો (પુત્રનો) દેહ પ્રાપ્ત કરાવે છે એવો ભાવાર્થ જણાય છે.

મશ્કરી કરેલી). (જ્યારે ફડફડતો અધર હોય) ત્યારે જ રસાલ મુખ તામસ થાય. અને (આંખનો ખૂણો લાલ હોય) ત્યારે જ સાત્ત્વિક દૃષ્ટિ રસાલ થાય; અને ત્યારે જ ભ્રમરનો ભંગ (ડોળા કાઢીને વઢવાનું) રસાલ થાય. ૩૦.

'વાણી અને કાયાના એવી રીતે શ્રવણ વિગેરે[૧] (કરવા)થી શું લાભ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अयं हि परमो लाभो गृहेषु गृहमेधिनाम् ॥
यन्नर्मैर्नीयते यामः प्रियया भीरु भामिनि ॥३१॥

હે ભીરૂ ભામિનિ! ગૃહસ્થોના ઘરોમાં આજ ઉત્તમ લાભ છે કે પ્રિયાની સાથે એક પહોર મશ્કરીમાં ગાળવામાં આવે. ૩૧.

માત્ર કામ જ જેમાં મુખ્ય છે તેવાં ગૃહસ્થોના ઘરોમાં આજ ઉત્તમ લાભ છે, કે જેની (શાસ્ત્રમાં) મના થએલી નથી તેવો હોવા છતાં પૂરેપૂરો કામરસ પ્રાપ્ત થાય છે. તેથી (ઘરમાં) જ્યાં રસાભાસ જ હોય ત્યાં જો રસની પ્રાપ્તિ થાય, તો તે ઉત્તમ લાભ કેમ ન હોય? 'ગૃહસ્થોના' શબ્દથી એમ કહેલું છે કે સ્વભાવને લીધે (તેઓમાં) રસ હોતો નથી 'नर्मैः' એટલે મશ્કરીનાં વચનોથી यामः સમય અથવા એક પહોર (ગાળવામાં આવે). રાત ત્રણ પહોરની હોય છે તે પૈકી બે પહોર નિદ્રા માટે હોય છે, પછી એક પહોર જ બાકી રહે છે. 'પ્રિયાની સાથે' શબ્દનો (એવો અર્થ છે કે) પ્રેમ તો (હૃદયની) અંદરનો છે, કાયાનો (સંબંધ) સામાન્ય* છે, (તેથી) જો વાણીનો (આનંદ) ન હોય તો એક અંગ ખોટવાળું રહે, તેથી અવશ્ય મશ્કરી કરવી જોઇએ.

'એમ થતાં (વાણીનો આનંદ કરતાં) જો કચવાટ થાય, તો (લાભ કરતાં) વધારે (આનંદ)નો નાશ થાય' એવી શંકા થાય, તેથી 'ભીરૂ' એવું સંબોધન કરેલું છે. ઉત્તમ સ્ત્રીઓ 'અંગના, ભીરૂ, કામિની, વામલોચના' કહેવાય છે તેથી ('ભીરૂ' શબ્દ) ઉત્તમ સ્ત્રીના અર્થવાળો હોવાથી, (રૂક્મિણી) એ પ્રમાણે કચવાટ કરશે નહિ. 'ભામિનિ!' સંબોધનથી તેની લૌકિક ચતુરાઇ જણાવેલી છે. તેથી[૨] સ્વભાવથી અને ગુણથી (રૂક્મિણી) ઉત્તમ હોવાથી, તે એ પ્રમાણે કચવાટ કરશે નહિ, એવો ભાવ છે. ૩૧.

---

[૧] શ્રવણ અને ત્યાર પછીનું દર્શન, એ બંનેનો સમાહાર કહેલો છે. 'તારૂં વચન સાંભળવાની ઇચ્છાવાળા' એમ કહેલું હોવાથી વાણીના શ્રવણથી અને 'મુખ જોતાને' કહેલું હોવાથી કાયાના દર્શનથી (શું લાભ થશે?) એવો અર્થ છે. (લે)

* ચતુરાઇ અથવા શ્રેષ્ઠતા ન હોય તેવાં સ્ત્રી પુરૂષોમાં પણ સમાન છે, એવો ભાવ જણાય છે.

[૨] મનમાં કચવાટ નહિ જણાવે, એવો અર્થ છે. (લે)

પછી સ્વસ્થ થઇને તેણે ભગવાનનું ઇચ્છેલું કર્યું, એમ નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કહે છે:

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:—

सैवं भगवता राजन् वैदर्भी परिसान्त्विता ॥
ज्ञात्वा तत्परिहासोक्तिं प्रियत्यागभयं जहौ ॥३२॥

હે રાજન્! ભગવાને એ પ્રમાણે પૂરો દિલાસો આપેલી તે વૈદર્ભીએ તે મશ્કરીનું વચન જાણીને, પ્રિયથી થવાના ત્યાગનો ભય તજ્યો.૩૨.

આરંભમાં (વૈદર્ભીનું) સ્વસ્થપણું કહેવામાં આવે છે. 'તે' એટલે પહેલાં તે પ્રમાણે જેને (વચન) કહેલાં અને જે તેવી (મૂર્છિત) થએલી તે.

"(પહેલાં કહેલાં અને હમણાં કહ્યાં તે) બંને ભગવાનનાં જ વાક્ય હોવાથી, આ (હમણાં કહેલાં) વાક્યમાં (રૂક્મિણીને) કેમ વિશ્વાસ બેઠો? પહેલાં કહેવાવું અને પછી કહેવાવું એ તો (વિશ્વાસ થવાનું) કારણ નથી. જેમ પહેલાંના (વાક્ય કહેવા)નું પ્રયોજન (ભગવાને) કહ્યું, તેમ અહિં (હમણાં કહેલા વાક્યમાં) પણ '(રૂક્મિણીનું) મરણ ઇચ્છેલું ન હોવારૂપ પ્રયોજન કેમ ન હોય? તેથી (રૂક્મિણીની હમણાં કહેલાં વાક્યમાં વિશ્વાસ રાખી) સંદેહ વિનાની પ્રવૃત્તિ કેમ થઇ?" એવી શંકા થાય, તેથી 'ભગવાને' શબ્દ યોજેલ છે, કારણ કે તે (ભગવાન) સર્વ (કરવા) શક્તિવાળા હોઈ (પોતાની) ઇચ્છા પ્રમાણે (સર્વ) કરે છે. 'હે રાજન્!' સંબોધન પહેલાંની પેઠે (રાજાને આમાં વિશ્વાસ રહે તે માટે) યોજેલું છે. 'વૈદર્ભી' એટલે સ્વભાવથી ભક્તિને મુખ્ય ગણનારી રાજસીને 'પૂરો દિલાસો' એટલે કાયા વાણી અને મનથી (દિલાસો આપતાં), (હમણાં કહેલાં વાક્યને) ખોટું જણાવનાર (તેથી) વિરૂદ્ધ (પહેલા કહેલાં) વાક્યને મશ્કરીનું વચન જાણીને, (ભગવાન પોતાની તરફ) ઉદાસીન હોવા વિષેની ચિંતા વિનાની અલૌકિકી (રૂક્મિણી) જેને ('ભગવાન મારો) ત્યાગ કરશે' એવા વિચારથી જ દુ:ખ થએલું, તેણે (ભગવાનનો) (એવું વાક્ય કહેવાનો) અભિપ્રાય જાણ્યો ત્યારે, પ્રિય (મારો) ત્યાગ કરશે એવા ભયને તજ્યો, કારણ કે તેમ ન હોત તો શેષવાળો (થોડો) અભિમાન ન રહેત. મશ્કરી (કરવા) માટે જ (ભગવાને કહેલું એમ) તેણે જાણ્યું, પરંતુ ગર્વ દૂર કરવા (કહ્યું એમ જાણેલ) નહિ. તેથી જ (વાક્યનો) સત્ય અર્થ લેતાં પ્રિયે કરવાના ત્યાગને લીધે જે ભય થએલ તે તજ્યો. ૩૨.

પછી સ્વસ્થ થએલી તેણે ભગવાને ઇચ્છેલું કાંઇક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

बभाषे ऋषभं पुंसां बीक्षन्ती भगवन्मुखम् ॥
सव्रीडहासरुचिरस्निग्धापाङ्गेन भारत ॥३३॥

હે ભારત ! લજ્જા સહિત હાસ્ય અને સુંદર પ્રેમવાળી ત્રાંસી દૃષ્ટિથી ભગવાનનાં મુખને જોતાં, તેણે ઉત્તમ પુરૂષને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૩.

'ઉત્તમ પુરૂષ' એટલે પુરૂષોત્તમ. આથી એમ કહેલું છે કે સ્ત્રીનો જેમના પર અમલ ચાલતો હોય તેવા ભગવાન નથી, અને તેથી તે સ્ત્રીના સલાહ લેનારા નથી, કપટવાળા નથી અને સ્ત્રીને વશ નથી. એવું જાણીને જ તે (રૂકિમણી) સત્ય (વચન) કહે છે; પરંતુ તે પણ એક પ્રકારનું જાણી (મનમાં રાખી), બીજા પ્રકારનું કહેતી નથી. તેમ હોય તો (રૂકિમણીનાં વચનના પણ) બીજા અભિપ્રાયની કલ્પના કરવામાં આવતાં અનવસ્થા* થાય. 'ભગવાનનાં મુખને જોતાં' શબ્દોથી (એમ) કહેલું છે કે તેને (મુખ) જોવાથી જ ઘણો સંતોષ થયો અને કહેવાનો વિષય પણ સ્ફૂર્યો (સૂઝયો). 'લજ્જા સહિત (હાસ્ય અને સુંદર પ્રેમવાળી ત્રાંસી દૃષ્ટિથી' શબ્દથી એમ કહેલું છે કે (પોતાની) અંદર રહેલી ત્રણ લાગણીઓ દર્શાવતાં તેણે તે પ્રમાણે કહ્યું. (૧) લજ્જા (સ્ત્રીઓને) સ્વાભાવિક (હોય છે તે) સાત્વિક (લાગણી) (૨) શૃંગાર જેમાં મુખ્ય છે તેવું રાજસ હાસ્ય. અને (૩) સુંદર પ્રેમવાળી જે ત્રાંસી દૃષ્ટિ, તે પણ ત્રણ ગુણોવાળી (હતી) 'તે(ની દૃષ્ટિ)થી જોતાં' શબ્દથી પોતાની અંદર રહેલી લાગણીઓને બહાર કાઢ્યાનું કહેલું છે, તેથી આથી જ[1] ચિત્તનું આકર્ષણ થતું હોવાથી, વચનો (દૃષ્ટિથી દેખાડેલી લાગણીઓને) માત્ર પોષણ કરનારાં જ છે, પરંતુ બીજા અર્થની કલ્પનાથી કોઇ પણ સમયે (તે લાગણીઓથી) વિરૂદ્ધ નથી, એવો ભાવ છે. ૩૩.

નીચેના શ્લોકથી આરંભી પંદર (શ્લોકો)થી (રૂકિમણીનાં) વચનો[2] કહે છે:–

---

* 'અનવસ્થા' એટલે અંત ન આવવો તે. ભગવાનનાં વચનોનો વચનથી જૂદો અભિપ્રાય હતો. તેના ઉત્તરમાં રૂકિમણી શ્લોક ૩૪ થી ૪૮ સુધીનાં વચનો કહેશે તેમનો પણ એ પ્રમાણે વચનથી જૂદો અભિપ્રાય કલ્પવામાં આવે, તો એ પ્રમાણે એક બીજાનાં વચનોનો વચનોથી જૂદો અભિપ્રાય કલ્પતાં ક્યાંય અંત આવે નહિ. આમ અંત ન આવવાપણું એ 'અનવસ્થા' દોષ છે.

[1] લાગણીઓ બહાર દેખાડવાથી જ ભગવાનના ચિત્તને આકર્ષણ થાય છે (વચનો પણ તેવાં છે) તેથી મનમાં જૂદું માનતાં જૂદા પ્રકારનાં વચનો રૂકિમણી કહેતી નથી. ચિત્તમાં જે છે તેથી વિરૂદ્ધ વચનો કહેતી નથી, એવો અર્થ છે. (લે)

[2] આ પંદર શ્લોકોમાં ભગવાને શ્લોક ૧૦ થી ૨૦ સુધીમાં કહેલાં વાકયોનું શબ્દનો અર્થ જણાવનારી ગૌણી શક્તિ પ્રમાણે વ્યાખ્યાન કરવામાં આવે છે. ગર્વનો નાશ એ તાત્પર્ય જણાવનારો અર્થ છે. જે સામાન્ય રીતે જણાય છે, તે શબ્દનો અર્થ જણાવનારી વાચ્ય શક્તિ પ્રમાણેનો અર્થ છે. (લે)

॥ रुक्मिण्युवाच ॥ રૂકિમણી કહે છેઃ—

नन्वेवमेतदरविन्दविलोचनाह यद्वै भवान् भगवतोऽसदृशी विभूम्नः ॥
क्वस्वे महिम्न्यभिरतो भगवांस्त्र्यधीशः क्वाहं गुणप्रकृतिरज्ञगृहीतपादा ॥३४॥

હે કમલના જેવાં નેત્રવાળા! અરે! આપે જે કહ્યું તે આ એમ જ છે. ભરપૂરતાવાળા (આપ) ભગવાનની સમાન (હું) નથી. પોતાના પૂર્ણાનંદમાં રમણ કરનાર, ત્રણ (ગુણ)ના અધિપતિ (આપ) ભગવાન કયાં (અને) ગુણો જેનો સ્વભાવ છે અને અજ્ઞાનીઓ જેના ચરણ ગ્રહણ કરે છે તેવી હું કયાં? ૩૪.

જાણે કે ત્રણે પ્રકારનો[1] પાંચ જાતનો[2] કામનો રસ જણાવનારી આ કલા જ હોય (તેવા આ ૧૫ શ્લોકો છે) 'ભગવાને તેવાં વાકય સાંભળવા માટે સૂત્રરૂપ વાકયો* કેમ કહ્યાં?' તેનો વિચાર કરતાં,[3] બહારના પ્રકારનો ત્યાગ કરીને અંદરના પ્રકારથી જ તે વાકયોના* વ્યાખ્યાનરૂપ વાકયો (ભગવાન) સાંભળશે (સાંભળવા ઇચ્છે છે) એમ જાણીને, તે (વાકયો*)નુ વ્યાખ્યાન જ (રૂકિમણી) કહે છે, કારણ કે તેમ (વ્યાખ્યાન) ન કરે તો 'ઇન્કાર નહિ કરેલું કબુલ રાખેલું થાય (ગણાય)' એ ન્યાય પ્રમાણે વિરોધ સ્વીકારેલો થાય (ગણાય), અથવા ઇશ્વરનું વાકય ખોટું ઠરે. આથી (એમ જાણવું કે) (રૂકિમણીના) દોષને[4] દૂર કરવા પ્રવૃત્તિ કરનાર ભગવાન તેની અંદર એ પ્રમાણે દોષ ઉત્પન્ન ન કરે, તેથી પોતાના વાકયોનું જ આ (રૂકિમણી) વ્યાખ્યાન કરે એવો ભગવાનનો અભિપ્રાય હતો.

તેમાં '(તારી) સમાન નહિ તેવા અમને શા માટે વરી?' (શ્લોક ૧૧) એમ જે ભગવાને કહેલું, તેના '(તારાથી) (૧) હલકા હોવાને લીધે અથવા (૨) ઉત્તમ હોવાને લીધે (તારી સમાન નહિ' એવા) બે અર્થ સંભવે છે. તે પૈકી (તારાથી) ઉત્તમ હોવાને લીધે (તારી સમાન નહિ એવો અર્થ લેવાથી)જ તે શબ્દ અર્થવાળો થાય છે એમ આ શ્લોકમાં કહે છે. '(તારી) સમાન નહિ' શબ્દને બાદ કરતાં પહેલા બે શ્લોકો (શ્લોક ૧૦–૧૧)નો અર્થ પ્રમાણે સ્વીકાર કરવામાં આવે છે, તેથી વિરૂદ્ધ કાંઇ પણ અર્થ કહેવામાં આવતો નથી. (એ સ્વી-

---

[1] કાયા, વાણી અને મનના ભેદથી ત્રણ પ્રકારનો. (લે)

[2] ચુંબન, આલિંગન, નખક્ષત, દંતક્ષત અને તાડન એવા પાંચ જાતનો. (લે)

* ૧૦ થી ૨૦ સુધીના શ્લોકોમાં ભગવાને કહેલાં વાકયો.

[3] આવો વિચાર તે સમયે રૂકિમણીને જ થયો, ત્યારે તેણે ભગવાનની વ્યાખ્યાનરૂપ વાકયો સાંભળવાની ઇચ્છા છે એમ જાણીને આ પંદર શ્લોકોમાં તે વાકયોનું વ્યાખ્યાન જ કહ્યું, એવો અન્વય છે. (લે)

[4] (ભગવાનના) વાકય અને વર્તનમાં વિરોધનો અંગીકાર કરવાથી થતો દોષ, અથવા ભગવાનનાં વચન ખોટાં હોવાનું સ્વીકારવાથી થતો દોષ. (લે)

કારવાનું) પ્રયોજન તો આગળ કહેવાનું છે. આરંભમાં તો (આ શબ્દથી જણાવાતો) દોષ દૂર કરવામાં આવે છે. તે શબ્દનો પણ સ્વરૂપથી અંગીકાર કરે છે (અર્થ જ જૂદી રીતે કરે છે).

હે કમલના જેવાં નેત્રવાળા ! જે આપે वै નિશ્ચયપૂર્વક કહ્યું (તે એમજ છે). 'ननु' 'ખરે' એ કોમલ સંબોધનથી એમ જણાવે છે કે સત્ય અર્થનો વિચાર કરવામાં આવે ત્યારે તે પૂર્વપક્ષ જ છે, કારણ કે આરંભમાં જ 'ननु'§ એમ કહેલું છે. જેવાં સાંભળ્યા તે (આપનાં) બધાંએ વાક્યો પૂર્વપક્ષ જ છે, એમ કહેવાયું. પોતાના અર્થ પ્રમાણે લેવામાં આવે ત્યારે આ એમ જ એટલે તેવું જ (પૂર્વપક્ષ જ) છે, એવો અર્થ છે.

જે દૃષ્ટિથી જ દુઃખ દૂર કરનારા છે તે વાકયોથી કેમ દુઃખ ઉત્પન્ન કરે ? એવાં (હે કમલના જેવાં નેત્રવાળા ! એ) સંબોધનથી એમ સૂચવેલું છે કે (તે સંબોધનના અર્થથી) વિરૂદ્ધ અર્થનો ત્યાગ યોગ્ય છે. वै નિશ્ચયપૂર્વક (આપનાં બધાં વાકયો પૂર્વપક્ષ જ છે), પરંતુ કોઇ પણ ભાગથી (તે તેવાં હોવાનું) ખોટું (ઠરતું) નથી.

'હું આપ (ભગવાન)ની સમાન નથી' એ '(તારી) સમાન નહિ તેવા' શબ્દનું વ્યાખ્યાન છે. (૧) न विद्यन्ते નથી समाः સરખા જેમની, અથવા (૨) न નથી समा સરખી,‡ એવી રીતે એવા બે અર્થો પૈકી પહેલો અર્થ જ લેવા યોગ્ય છે, કારણ કે ભગવાને કહેલું સમાનપણું બીજે કોઇમાં નથી. 'અગ્નિની સમાન (મચ્છરની સમાન, હાથીની સમાન)' વિગેરે શ્રુતિ પ્રમાણે ભગવાન તો સર્વની સમાન છે. જેમ આકાશ સર્વની સમાન છે, પરંતુ કોઇ પણ આકાશની સમાન નથી (તેમ ભગવાન સર્વની સમાન છે, પણ ભગવાનની સમાન કોઇ પણ નથી.) તેથી હું આપની સમાન નથી, એવો (અર્થ છે.) તેનું કારણ 'ભરપૂરતાવાળા' શબ્દથી (કહેલું છે) (૧) ઉત્તમ ભરપૂરતા છે જેમની, અથવા (૨) જતી રહેલી છે (સર્વની) ભરપૂરતા જેમનાથી[૫] તેવા (ભગવાન છે), એટલે (૧) (ભગવાન) સર્વથી ઉત્તમ છે અને (૨) બીજા (કોઇ)માં ભરપૂરતા નહિ હોવાથી (તે કોઇ ભગવાનની) સમાન નથી[૬] એમ સિદ્ધ જ થયું. ભગવાનનું વ્યાપકપણું (સર્વ સ્થલે

---

§ પૂર્વપક્ષનો આરંભ કરતાં આ 'ननु' શબ્દ જ યોજાય છે.

‡ આ પ્રમાણે અર્થ કરવામાં આવે ત્યારે ભગવાને શ્લોક ૧૧ માં 'असमान्' નહિ, પણ 'असमा' કહેલું એમ જાણવું.

[૫] પહેલા છોડેલ સમાસ પ્રમાણે 'ઉત્તમ છે ભરપૂરતા જેમની' એવો અર્થ છે, બીજા પ્રમાણે 'જેમના લીધે જતી રહી છે ભરપૂરતા સર્વમાંથી' એટલે બીજા કોઇમાં ભરપૂરતા નથી, એવો અર્થ થાય છે.

[૬] બ્રહ્મસૂત્ર ૧–૩–૮ થી શરૂ થતા ભૂમા અધિકરણમાં એમ કહેલું છે. શ્રુતિમાં કહેલો

હોવાપણું) સર્વ શ્રુતિઓથી સિદ્ધ થએલું છે, ગુણોમાં અથવા માયામાં તેવું (વ્યાપકપણું) નથી, તેથી (ભગવાન સર્વથી ઉત્તમ હોવાનું) આ કારણ જગતમાં પ્રસિદ્ધ હોવાથી યોગ્ય છે.

‘ છતાં પણ (ભગવાન) તારામાં જ રમણ કરે છે, તેથી તેમને પણ આનંદ ઉત્પન્ન કરનારી તું જ (ભગવાનથી) ઉત્તમ છે અથવા (તેમની) સમાન છે’ એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. ભગવાન સદા પોતાની અંદર જ રમણ કરે છે. સંપૂર્ણપણાથી રમણ ત્યાં (પોતાની અંદર)જ (કરે છે). કોઇક જ અંશથી કોઇક જ સમયે કાર્યમાં રમણ (કરે છે), તેથી જ ઘડા વિગેરે તે કાર્યો પણ કોઇક જ સમયે ઉપયોગી થાય છે, પરંતુ સદા (ઉપયોગી) થતા નથી. ‘स्वे महिम्नि’ એટલે ‘પોતાના પૂર્ણાનંદમાં. વળી આ (રૂકિમણી) સૃષ્ટિરૂપ માયા[7] છે, પરંતુ બ્રહ્માનંદના રૂપવાળી મુખ્ય લક્ષ્મી પણ નથી. તે (મુખ્ય લક્ષ્મી)નોજ અંશ માયા હોવાથી[8] કયાંય પણ વિરોધ નથી. (આપ મારાથી ઉત્તમ છો), કારણ કે (આપ) ભગવાન છો.

‘(ભગવાન તારી) સમાન ભલે હોય, તેમનામાં પણ ખાસ ગુણ કયો છે ?’ એવી શંકા થાય, તેથી ‘(ત્રણ ગુણના) અધિપતિ ’ શબ્દ યોજેલ છે. (ભગવાન) ત્રણ ગુણોના અને તેઓનાં કાર્યોના અધિપતિ છે, કારણ કે જેમને વશ રાખવાના છે તેઓની સાથે ઈશ્વર રમણું કરતા નથી (તેથી આપ મારી સમાન નથી).

‘ ત્યારે તું પણ ભગવાન સાથે, અથવા તારી પોતાની અંદર રમણ કરે છે, તેથી (તારૂં ભગવાન સાથે) સમાનપણું જ યોગ્ય છે’ એવી શંકા થાય, તેથી ‘ ગુણો જેનો સ્વભાવ છે તેવી હુ કયાં ? ’ શબ્દો યોજેલા છે. મારો તો સ્વભાવ ગુણો છે ભગવાનનો (સ્વભાવ) તો પરમાનંદ છે, જેમ એક માટીના (પદાર્થો)થી વ્યવહાર કરે અને બીજો સુવર્ણના (પદાર્થો)થી વ્યવહાર કરે (તેવો ભેદ છે). તેથી (મારા) સ્વરૂપમાં (મારૂં) રમણ પણ મારા માટે નકામું છે. ભગવાન સાથે

‘ ભૂમા ’ શબ્દનો અર્થ ભગવાન જ છે, બીજાને માટે તે શબ્દ યોજાએલ હોય ત્યાં તેનો અર્થ ‘ ઘણું.’ પણ હોય છે એમ જાણવું. (લે)

[7] “ ‘આ આત્માનુ અર્ધ છે’ એ વાકય પ્રમાણે રૂકિમણીને પણ ભગવાનનો આનંદજ પ્રાપ્ત થએલ છે. તેથી ‘ પોતાના પૂર્ણાનંદમાં રમણ કરનાર (ભગવાન) કયાં ?’ વિગેરે કેમ ઘટે ?” એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ વાકય બોલનારી સૃષ્ટિ કરનારી આનંદ શક્તિરૂપ માયા છે, એવો અર્થ છે. (લે)

[8] ‘ એમ હોય તો આ મુખ્ય લક્ષ્મી ન હોઇ શકે ’ એવી શંકા થાય, તેથી આ કહેલું છે. આ મુખ્ય (લક્ષ્મી) હોવા છતાં, તે સમયની આની અવસ્થાને લીધે આનામાં દૈન્યનો આવિર્ભાવ થવાથી, પોતાના એટલા અંશથી જ આ વાક્ય તેણે કહેલ છે, એવો ભાવ છે. (લે)

રમણ પણ કોઇક જ સમયે થાય છે, (અને હું) હદવાળી હોવાથી મારા અમુક ભાગથી જ થાય છે, કારણ કે હદવાળો હોય તે સંપૂર્ણ રીતે ભરપૂર કરી શકતો નથી.

વળી કાર્યદ્વારા પણ મારી જ હલકાઈ (જણાય) છે, એમ 'અજ્ઞાનીઓ જેના ચરણ ગ્રહણ કરે છે તેવી' વિશેષણથી કહે છે. જો કે મારા સેવકો ઘણા છે, અને તેઓ સંસાર રૂપવાળી મને ઇચ્છે છે, છતાં પણ તેઓ અજ્ઞાની છે. શ્રેષ્ઠ (પુરૂષો) આશ્રય કરતા હોય તેજ (જેનો તેઓ આશ્રય કરતા હોય તેનું) ઉતમપણું સૂચવનારૂં થાય છે, પરંતુ શ્રેષ્ઠ ન હોય તેવા ઘણા (આશ્રય કરનારા) હોવા છતાં (તે ઉત્તમપણું સૂચવનારૂં) હોતું નથી; કારણ કે ઘણીએ માખીઓ હરકોઈ હલકા (પદાર્થ)નો આશ્રય કરે છે તેથી તે કાંઇ ગરૂડ જેમનો આશ્રય કરે છે તેવા ભગવાનની સમાન થતો નથી. 'ચરણ ગ્રહણ કરે છે' શબ્દથી 'દોષ પણ નથી' એમ કહેલું છે. આ (શબ્દ)થી એમ (કહેલું) જાણવું કે બીજાઓ મારા સેવકો જ હોવાથી તેઓ મારી સમાન પણ નથી, તેથી બીજાઓ (પોતાની) સમાન હોવાના અભિપ્રાયથી ભગવાને જે કહેલું છે તેનો પણ (રૂક્મિણીએ) ઇન્કાર કરેલો છે. ૩૪.

એવી રીતે '(તારી) સમાન નહિ' શબ્દનું વ્યાખ્યાન કરીને, 'રાજાઓથી ભય પામતા....' એ (બારમા શ્લોકના પૂર્વ) અર્ધથી જે ભય વર્ણવેલો, તેનું પણ નીચેના શ્લોકમાં તેજ પ્રમાણે વ્યાખ્યાન કરે છેઃ—

सत्यं भयादिव गुणेभ्य उरुक्रमान्तः शेते समुद्र उपलम्भनमात्र आत्मा ॥
नित्यं कदिन्द्रियगणैः कृतविग्रहस्त्वं त्वत्सेवकैर्नृपपदं विधुतं तमोन्धम् ॥३५॥

હે મોટાં ડગલાં ભરનાર! આત્મા જાણે કે ગુણોથી થતા ભયને લીધે સમુદ્રની અંદર કેવલ ચિદ્રૂપમાં શયન કરે છે એ સત્ય છે. દુષ્ટ ઇંદ્રિયોના સમૂહવાળાઓ સાથે આપે નિત્ય વિગ્રહ કરેલો છે. સત્(પુરૂષો)ના વિરોધી અને આંધળા બનાવનારી નૃપની પદવી આપના સેવકોએ તજી છે. ૩૫.

રાજાઓ રજોગુણના સ્વભાવરૂપ રાજસ છે, કારણ કે તેઓ સદા માત્ર પ્રવૃત્તિ (કરવા)ના સ્વભાવવાળા હોય છે. તેઓ હોય ત્યાં સુધી કોઇ પણ સમયે આત્મસુખનો અનુભવ થતો નથી. 'સુખ આ આત્માનું સ્વરૂપ છે (અને) સર્વ ક્રિયાઓ બંધ પડતાં જણાય છે' (શ્રીમદ્ભાગવત ૭–૧૩–૨૨) એવી જ (સુખની) વ્યાખ્યા કહેલી છે. તેથી (આત્મા) પોતાના આનંદનો અનુભવ કરતાં રજઃ અને તમઃ જેમનામાં મુખ્ય છે તેવા ગુણોનો ત્યાગ કરીને **समुद्रे** એટલે જેમાં ગુણોનો પ્રવેશ ન થાય તેવા ઢાંકણવાળા **उपलम्भनमात्रे** કેવલ ચિદ્રૂપમાં (શયન કરે છે), કારણ કે જ્ઞાન માયાને દૂર કરનારૂં છે. ત્યાં (ચિદ્રૂપમાં) પણ **अन्तः** જેમ દૂરથી પણ

કોઇ પણ ન જૂએ તેમ અંદર છૂપાએલો રહી સૂક્ષ્મ[1] આત્મા (શયન કરે છે), અને પ્રસરીને પણ તે તે(ગુણ)વાળામાં પ્રસરતો નથી[2] એમ જણાવવા પણ 'आत्मा' શબ્દ યોજેલો છે. તે (ગુણવાળા)ઓ તો નમાલા છે એમ જણાવવા 'જાણે કે ભયને લીધે '* એમ કહેલ છે. તેનું (તેઓ નમાલા હોવાનું) કારણ 'હે મોટાં ડગલાં ભરનાર!' સંબોધનથી (જણાવેલું છે). જેવો (ભય) સાંભળવામાં આવેલ છે તેનો આગળ ઇન્કાર કરવામાં આવશે. આથી એમ પણ સિદ્ધ થયું કે અહિં દ્વારકામાં પણ (ભગવાન) આત્મરમણ માટેજ રહેતા હોવાથી, ગુણરૂપ તે (રાજા)ઓ પાસેથી પલાયન કરીને આવવું યોગ્ય હતું.

'બલવાનો સાથે વેર કરેલા' એમ જે (ભગવાને શ્લોક ૧૨ માં) કહ્યું, તે પણ સત્ય જ છે એવું વ્યાખ્યાન '(દુષ્ટ ઇંદ્રિયોના સમૂહવાળાઓ સાથે આપે) નિત્ય વિગ્રહ કરેલો છે' શબ્દથી કરે છે. **कदिन्द्रियाणां** દુષ્ટ ઇંદ્રિયોનો ગણઃ સમૂહ છે જેઓમાં (તેવા રાજાઓ છે), કારણ કે (તેઓની) બધીએ ઇંદ્રિયો બહિર્મુખ છે. વશ ન રાખેલી ઇંદ્રિયોને લીધે તેઓ બલવાળા છે. વાસ્તવિક રીતે તો તેઓ ઇંદ્રિયોને પરવશ હોવાથી દુર્બલ જ છે. તે દુષ્ટો કાગડાઓની પેઠે સ્પર્શ કરશે એવા વિચારથી, તેમણે આપેલું સ્વીકારવા યોગ્ય ન હોવાથી તેઓ કદાચ વૈદિક પ્રકારથી યજ્ઞ કરે એવા વિચારથી, 'દ્વેષ કરનારનું અન્ન ખાવું જોઇએ નહિ.' એ ન્યાય પ્રમાણે તેઓએ આપેલો ભાગ ન લેવામાં પણ દોષ નહિ હોવાથી, તે (તેઓથી અસ્પૃસ્ય રહેવા) માટે ભગવાન તેઓની સાથે સર્વ પ્રકારે વિગ્રહ જ કરે છે. આજ દૈત્યો સાથે (ભગવાનને) સદા વિગ્રહ હોવાનું કારણ છે.

'સત્ (પુરૂષો)ના વિરોધી અને આંધળા બનાવનારી નૃપની પદવીને આપના સેવકોએ તજી છે' શબ્દોથી 'ઘણે ભાગે નૃપાસનનો ત્યાગ કરેલા' શબ્દોનું વ્યાખ્યાન કરે છે. આપના સેવકો પણ તે પદવીનો ત્યાગ કરે છે, તેથી જણાય છે કે નૃપોનું સિંહાસન અધમ છે. તે ઉતમ હોય તો તે પ્રાપ્ત કરીને પછી આપની સેવાના રસનો અનુભવ કરીને, તે (નૃપાસન)નો ત્યાગ સંભવે નહિ. તેથી

---

[1] 'સૂક્ષ્મ' એટલે છૂટા છૂટા અવયવોવાળો સર્વત્ર પ્રસરેલો થઇને, એવો અર્થ છે. (લે)

[2] ગુણરૂપ થઇને શયન કરે છે એમ પણ જણાવવા; અને ગુણોમાં પ્રસરી પણ રહે છે એમ જણાવવા '**आत्मा**' શબ્દ યોજેલો છે, એવો અર્થ છે. (લે) અહિં '**तदात्मकं स न व्याप्नोति**' પાઠ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં પણ તેજ પાઠ છે. લેખકારે જૂદા પ્રકારે અર્થ કરેલ હોવાથી રા. તેલીવાલાએ પાઠ ભેદ કરેલ જણાય છે, પરંતુ મૂળ પાઠ પ્રમાણે જ અર્થ યોગ્ય લાગવાથી તેજ પાઠ લઇ અર્થ કરેલો છે; આ પાઠ પ્રમાણે ઉપરની નોટ ૧–૨ નકામી થાય છે.

* 'જાણે કે ભયને લીધે' કહ્યું, એટલે વસ્તુતઃ ભય નથી. મોટાં ડગલાં ભરનાર ભગવાન પાસે રાજાઓ નમાલા હોય, તેમનાથી ભગવાનને ભય સંભવતો જ નથી.

ભગવાનનાં ચરણની સેવાથી રાજ્ય હલકું છે એમ સિદ્ધ થાય છે. તે (ચરણ)થી હલકા(પદાર્થ)માં ભગવાન ન રહે તે યોગ્ય જ છે. જ્યાં કમલ વિગેરેની ગંધ (હોવા)નો પણ સંભવ નથી ત્યાં કમલની સ્થિતિ (હોઇ ન શકે), તેવી રીતે જ્યાં ભગવાનના ધર્મો પણ રહેતા નથી, ત્યાં ભગવાન કેમ રહે? 'तमोऽन्धम्' શબ્દથી તે (નૃપાસન)માં રહેલો દોષ સ્પષ્ટ કહે છે, કે તેના ઉપર બેસનાર આંધળો થાય છે, અને તમઃ (અંધકાર, અજ્ઞાન)ની પેઠે સત (પુરૂષો)નો વિરોધી થાય છે. લૌકિક દૃષ્ટિ પ્રમાણે (નૃપાસન) ઇચ્છેલું હોવાથી, 'प्रायः' 'ઘણે ભાગે' શબ્દનું ખંડન કરેલું નથી. ૩૫.

કારણ (ભગવાન)ને લીધે થતા દોષનો કાર્ય(જગત)માં સ્વીકાર કરીને પ્રવૃત્તિ કરવામાં '(૧) જેઓનો માર્ગ સ્પષ્ટ નથી અને (૨) જેઓ અલૌકિક માર્ગે જનારા છે તેવા પુરૂષોની....' એવા જે (ભગવાનને વરવામાં) બે દોષ કારણ તરીકે કહ્યા, તે પણ સત્ય છે એવું વ્યાખ્યાન નીચેના શ્લોકમાં કરે છેઃ—

त्वत्पादपद्ममकरन्दजुषां मुनीनां वर्त्मास्फुटं नृपशुभिर्ननु दुर्विभाव्यम् ॥
यस्मादलौकिकमिवेहितमीश्वरस्य भूमंस्तवेहितमथो अनु ये भवन्तम् ॥३६॥

આપના ચરણકમલના મકરંદને સેવનારા મુનિઓનો માર્ગ સ્પષ્ટ નથી, અને ખરે! માણસના આકારના પશુઓથી જાણાય તેવો નથી; કારણ કે ઇશ્વરની કૃતિ અલૌકિક જેવી છે. હે ભૂમન્! આપની કૃતિ અને આપને અનુસરનારાઓની (કૃતિ અલૌકિક છે). ૩૬.

'દુઃખ પામે છે' (શ્લોક ૧૩) એ ફલનું તો આગળ વિવેચન કરવાનું છે. આપનો માર્ગ સ્પષ્ટ નથી, એમ ભલે હો. જેઓના દેહો આપના ચરણની રજથી ઉત્પન્ન થએલા છે, અથવા જે આપના ચરણની રજની ઇચ્છા રાખનારાઓ આપની ઉપાસના કરે છે, તેઓનો માર્ગ પણ સ્પષ્ટ નથી. (જો તેઓનો માર્ગ) સ્પષ્ટ હોય તો તો વિઘ્નને લીધે તેઓથી મનન થઇ શકે નહિ. જેમ કાલને ઠગીને ભગવાન (પોતે) ઇચ્છેલા જ ભક્તોને (તેની પાસેથી) લઈ જાય છે, તેમ તે ભક્તો) પણ છૂપા રહે છે, એટલે આપની ઉપાસના કરનારા કર્મ કરનારા (કર્મમાર્ગીયો) પણ છૂપા રહે છે, ચરણની ઉપાસના કરનારા જ્ઞાનીઓ વધારે (છૂપા રહે છે), અને (આપના) ચરણકમલની ઉપાસના કરનારા ભક્તો ઘણા જ છૂપા રહે છે. તેમાં પણ ભક્તિરસને જાણનારા મકરંદનો ભોગ કરનારા (ભક્તો), તે રસ બીજો લઇ જશે એવા વિચારથી (સર્વથી છૂપા રહે છે). તેથી બહાર વિરૂદ્ધ આચરણ કરતા હોવાથી તેઓનો માર્ગ પણ સ્પષ્ટ નથી. આ માર્ગ જ એવો છે. તેથી માર્ગ સ્પષ્ટ ન હોવો એ દોષરૂપ નથી, પરંતુ ઉલટું 'પોતપોતાના અધિકારમાં જે સ્થિતિ તે ગુણ કહેલો છે. (તેથી) ઉલટા (રહેવા)થી તો દોષ થાય. બંનેનો આ નિર્ણય છે' એ વાક્ય પ્રમાણે ગુણરૂપ છે.

'છતાં પણ આ દોષ લોકમાં પ્રસિદ્ધ છે' એવી શંકા થાય, તેથી 'અરે! માણસના આકારના પશુઓથી જણાય તેવો નથી' શબ્દો યોજેલા છે. આ યોગ્ય જ છે, કારણ કે ઉત્તમ માર્ગ બધાએ જાણવા યોગ્ય હોતો નથી. તેવો હોય તો સાધારણ (માર્ગ) થાય. ઉત્તમ (પુરૂષો) તો અહિં (આ માર્ગને) પણ જાણે છે જ. તેમ (જાણતા) ન હોય, તો તેમના (ભગવાનના) સેવક શા માટે થાય? અથવા તે પ્રમાણે કેમ (વર્તન) કરે? તેથી જેઓ માણસના આકારના પશુઓ છે, (માત્ર) પૂંછડું અને શીંગડાં નથી, (પણ જેઓનો) બીજો બધાએ વ્યવહાર પશુની સમાન જ છે, તેઓથી જાણી ન શકાય તેવો જ છે. 'નનુ' 'અરે!' એ સંબોધન (આ) યોગ્ય જ છે એવા અર્થનું છે, અને એમ પણ (જણાય છે કે) તેઓ પણ જો વિવેકવાળા હશે તો ભવિષ્યમાં (આપના માર્ગને) જાણશે, એટલે પહેલાં (તેનું) ન જણાવાપણું એ પૂર્વપક્ષ પણ છે.

'જેઓ અલૌકિક માર્ગે જનારા છે' એવું લોકથી જૂદા (પ્રકારના) હોવાપણું પણ લોકમાં દૂષણ તરીકે પ્રસિદ્ધ છે, તે (દૂષણ)નો ઉત્તરાર્ધથી પરિહાર કરે છે. ભગવાન અને ભગવાનના ગુણો અલૌકિક છે, તેમ ન હોય તો ભગવાનનું અથવા ભગવાનના માર્ગનું કાંઇ પણ પ્રયોજન ન હોય (રહે). સંસાર તો બીજા જ પ્રકારે (ભગવાન અથવા તેમના ગુણો વિના જ) પ્રાપ્ત થએલો હોવાથી, તેને અટકાવનાર તો અલૌકિક જ હોવું જોઇએ. વળી લોકમાં પણ સાધારણ (માણસ)ની અને ઈશ્વર (રાજા)ની કૃતિમાં ભેદ જોવામાં આવે છે અને તેમાં દોષ નથી, તેવી જ રીતે ભગવાનની પણ કૃતિ અલૌકિક જેવી છે.

'તેમ હોય તો (ભગવાનના) કાર્યોમાં લોકો સાંહાય્ય કરનારા ન થઇ શકે' એવી શંકા થાય, તેથી 'હે ભૂમન્' એવું સંબોધન કરેલું છે. 'આપ જ મોટા છો, તુચ્છ (લોકો)નું શું (પ્રયોજન)?' એવો (તેનો) અર્થ છે.

વળી '(ભગવાનની કૃતિ) સંપૂર્ણ રીતે અલૌકિક નથી, પરંતુ મોટા મૂખે તે જ તે જણાય તેવી નથી. તેમ ન હોય તો ભગવાનના સેવકો (ન હોય), અને (ભગવાનના) માર્ગની પરંપરા ન હોય' એવા ભાવાર્થથી 'અને આપને અનુસરનારાઓની' શબ્દો યોજેલ છે. શાસ્ત્રમાં ભાવનું* વર્ણન કરેલું હોવાથી ભગવાનની કૃતિ તો જાણી પણ શકાય, પરંતુ તેમના (સેવકો)નો અભિપ્રાય તો બીજાએ જણાતો નથી, તેથી ('अथो' 'અને' શબ્દ યોજી) જૂદો આરંભ કરેલો છે તેથી અલૌકિક (કૃતિ)માં પણ ઘણા પ્રકારો હોવાથી, લોકની પેઠે તે પણ પ્રસિદ્ધ છે. તેથી જેટલા ગુણો લૌકિકમાં છે, તેથી પણ અધિક (ગુણો) અલૌકિકમાં હોવાથી આ (અલૌકિક માર્ગે જવું તે) દોષ નથી, પરંતુ ગુણ જ છે એવો અર્થ છે.

---

* 'ભાવ' એટલે 'ભગવાન ઉપરનો પ્રેમ.'

સાધન દોષ વિનાનું (સિદ્ધ) થતાં, કાર્યમાં દોષ હોવાનું ખંડન થઇ જ ગયું. છતાં પણ આગળ (તેનું) ખંડન કરવામાં આવશે. ૩૬.

(ભગવાને પાછલ શ્લોક ૧૪ માં પોતે) વરવા યોગ્ય નથી એવી સંમતિ માટે પોતાથી અથવા બીજાઓ દ્વારા (પોતાની પાસે) ધન નથી એવાં પ્રકારનો જે દોષ કહ્યો, તેનો પણ બીજા પ્રકારે અર્થ જણાવવા નીચેના શ્લોકમાં (તેનું) વ્યાખ્યાન કરે છે:—

निष्किञ्चनो ननु भवान्नयतोऽस्ति किञ्चि-
द्यस्मै बलिं बलिभुजोऽपि हरन्त्यजाद्याः ॥
न त्वां विदन्त्यसुतृपोऽन्तकमाढ्यतान्धाः
प्रेष्ठो भवान् बलिभुजामपि तेऽपि तुभ्यम् ॥३७॥

આપ ખરેખર નિષ્કિંચન છો, કારણ કે જેમને બ્રહ્મા વિગેરે બલિનો ભોગ કરનારાઓ પણ બલિ આપે છે તેવા (આપ)નું કાંઇક નથી. પ્રાણને પોષનારા, ધનથી અંધ બનેલા આપ સંહાર કરનારને જાણતા નથી. બલિનો ભોગ કરનારાઓને પણ આપ વહાલા છો, (અને) તેઓ પણ આપને (વહાલા છે.) ૩૭.

અહિં નિષ્કિંચન શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણેના અર્થવાળો છે, પરંતુ રૂઢ (વ્યવહારમાં પ્રચલિત) 'નિર્ધન' અર્થવાળો નથી. 'કારણ કે કાંઇક નથી' શબ્દોથી વ્યુત્પત્તિ કહે છે. 'ननु' 'ખરેખર!' એટલે નિશ્ચયપૂર્વક (૧) આપ નિષ્કિંચન છો, જેમનું 'किंचन' કાંઇક નથી, પરંતુ બધુંએ છે. (૨) અથવા यतो જે કારણને લીધે 'किंचित्' કાંઇક નથી, પરંતુ બધુંએ છે. (૩) અથવા 'यतः' 'જેમનાથી' જૂદો (શબ્દ લેવો). અહિં (જગતમાં) પણ જ્ઞાનનો ઉદય થાય ત્યારે ભગવાનની સમીપ બધું અલ્પ જ થશે (જણાશે), તેથી 'यतः' 'જેમનાથી બધું કાંઇક (હલકું)જ છે એવો 'ननु' (શબ્દ)નો અર્થ છે. (૪) અથવા (निष्किञ्चनમાંનો) 'निर्' ઉપસર્ગ 'નીકળેલું' એવા અર્થવાળો લેવો, કારણ કે ભગવાનની પાસેથી બધુંએ નીકળેલું છે; એટલે 'नयतः' સર્વ (પદાર્થ) પ્રાપ્ત કરાવનાર ભગવાનની પાસેથી किञ्चित् કાંઇ પણ (સર્વ પદાર્થ) (પ્રાપ્ત થએલા) છે એવો અર્થ છે.

'રૂઢિ (લોકના વ્યવહાર)નો ત્યાગ કરીને, એ પ્રમાણે યોગ (વ્યુત્પત્તિ પ્રમાણેના અર્થ)નો કેમ આશ્રય કરો છો?' એવી શંકા થાય, તેથી 'જેમને બલિનો ભોગ કરનારાઓ પણ બલિ આપે છે' શબ્દો યોજેલા છે; કારણ કે વિરૂદ્ધ અર્થ સ્વીકારી શકાતો નથી. જેમ યુદ્ધ માટે પ્રવૃત્તિ થતી હોય ત્યારે પ્રકરણને લીધે 'सैन्धव' વિગેરે શબ્દોની અંદર 'સિંધુ (સિંધ, દરીઆ)માં ઉત્પન્ન થએલ જ'

એવો અર્થ ગ્રહણ કરીને, (સૈંધવ શબ્દથી) 'અશ્વ'જ સમજાય છે, પરંતુ 'મીઠું' (સમજાતું) નથી; તેવી જ રીતે અહિં પણ (નિષ્કિંચનનો અર્થ કરેલ છે). બધાએ પૂજા કરવા યોગ્ય, બલિનો ભોગ કરનારા ઈંદ્ર વિગેરે પણ જેમને બલિ આપે છે, (તે નિર્ધન કેમ હોય ?') (ભગવાનના) ચરણ ધોવામાં બ્રહ્મા પ્રસિદ્ધ (થએલા) છે, તેથી તે પણ (તેમને) બલિ આપતા હશે. અથવા (બધા) 'ચરણના સેવકો' (છે એમ જણાવવા), 'તે (બ્રહ્મા) વિગેરે' શબ્દ યોજેલ છે. આથી (ભગવાનને) પોતાથી ધન નથી એવો વિચાર ખોટો ઠરાવેલ છે. 'બીજાથી ધન નથી' એવા વિચારના સંબંધમાં '(પ્રાણને પોષનારા, ધનથી અંધ બનેલા) આપને જાણતા નથી' શબ્દોથી સિદ્ધાન્ત કહે છે; કારણ કે જાણ્યા પછી ભજન (થઇ શકે).

'(ધનવાનોને ભગવાનનું) અજ્ઞાન (છે તે) પણ (ભગવાનનો) દોષ જણાવનારૂં છે'* એમ કહેવામાં આવે, તો (જ્ઞાન થવામાં) વિઘ્ન ન હોવા છતાં અજ્ઞાન (રહેતું) હોય તો (તે) સત્ય છે. અહિં તો (તેઓને) આપનું અજ્ઞાન રહેવાનું કારણ છે, એમ 'પ્રાણ પોષનારા' શબ્દથી કહે છે. માત્ર પ્રાણને જ પોષવામાં રોકાએલાં (આપને) જાણતા નથી, કારણ કે જણાવવા પ્રયત્ન કરવામાં આવે ત્યારે (તેમને જાણવાનો) અવકાશ હોતો નથી

'એમ હોય તો (ભગવાનનું જ્ઞાન) પ્રાણ કરતાં હલકું હોવાને લીધે જરૂર વિનાનું થતું હોવાથી, (તેઓને ભગવાનનું) અજ્ઞાન (છે તે)થી (ભગવાનમાં) દોષ‡ છે' એવી શંકા થાય, તેથી 'સંહાર કરનારને' શબ્દ યોજેલ છે, કારણ કે તે (ભગવાન) હણનારા સર્વનો સંહાર કરનારા છે. તેથી બધાએ જ (તેમને) જાણવા જોઇએ. છતાં પણ બહિર્મુખ હોવાથીજ (ધનવાનોને તેમનું) અજ્ઞાન રહે છે.

(તેઓને ભગવાનનું અજ્ઞાન હોવાનું) બીજું કારણ પણ 'ધનથી અંધ બનેલા' વિશેષણથી કહે છે. તેઓ ધનવાનપણાને લીધે આંધળા છે, કારણ કે દ્રવ્ય વિગેરેથી આંખ પૂરી દેવામાં આવે ત્યારે કોઇ પણ જોતું (જોઇ શકતું) નથી. તેવી રીતે સર્વ સ્થલે કામ કરતું સદાનું ધનવાનપણું આંધળાપણું જ પ્રાપ્ત

---

* રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલી પ્રતમાં નીચે નોટમાં મૂલ પાઠ આપી '**दोषाभाव प्रतिपादकम्**' પાઠ છપાવેલ છે. અહિં ભગવાન પોતામાં દોષ હોવાનું જણાવી રૂક્મિણીને બીજો પતિ પસંદ કરવા મશ્કરીમાં કહે છે અને રૂક્મિણી ભગવાનમાં દોષ નથી એમ દર્શાવે છે. અહિં જણાવેલી શંકા ભગવાન તરફથી જ કરવામાં આવતી હોવાથી '**दोषप्रतिपादकम्**' પાઠ જ યોગ્ય છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

‡ અહિં રા. તેલીવાલાએ મૂળ પાઠ નીચે નોટમાં આપી, '**अज्ञानमदोषाय**' પાઠ પ્રસિદ્ધ કરેલ છે, પરંતુ ઉપર* નોટમાં જણાવ્યા પ્રમાણે મૂળ પાઠ જ યોગ્ય હોવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

કરાવે છે. હદવાળું (ધન)જ ગુણ છે, પરંતુ નહિ પચેલા અન્નની પેઠે હદ વિનાનું ધન (ગુણ) નથી. તેથી (ધનવાનોને ભગવાનનું) જ્ઞાન નહિ હોવાથી (ભગવાનને) બીજા દ્વારા ધન ન હોય તે યોગ્ય છે, કારણ કે અંધપણું પ્રાપ્ત કરાવનારૂં (સાચું) ધન હોતું નથી.

'નિષ્કિંચન પુરૂષો જ અમને પ્રિય છે, પરંતુ ધનવાનો (પ્રિય) નથી' એમ જે કહ્યું; તે પોતાની રૂચિ જણાવવાનું પણ યોગ્ય જ છે, એમ (શ્લોકના) છેલ્લા પાદથી કહે છે. બલિનો ભોગ કરનારા દેવોને અને વિરક્તોને આપ પ્રિય છો, કારણ કે (આપ તેઓને) પુરૂષાર્થોની પ્રાપ્તિ કરાવનારા છો. 'अपि' 'પણ' શબ્દથી (દેવો અને વિરક્તો) બંને અને તેઓના સેવકોનો સમાવેશ કરેલો છે. તેઓ પણ 'तुभ्यम्' આપને માટે જ ઉત્પન્ન થએલા હોવાથી આપને પ્રિય છે, કારણ કે જે 'यदर्थम्' જેમને માટે જ ઉત્પન્ન થએલ હોય, તે તો તેમને પ્રિય હોય. અહિં 'अर्थ' શબ્દ 'દૂર કરવું તે' એવા અર્થમાં યોજાએલો નથી.[1] તેથી અન્યોઅન્ય પ્રિય હોવાને લીધે નિષ્કિંચન પુરૂષો જ (આપને) પ્રિય છે, પરંતુ ધનવાનો પ્રિય નથી, કારણ કે (તેઓને) પુરૂષાર્થની[2] દરકાર નથી, અને તેઓ તે માટે ઉત્પન્ન થએલા નથી. આથી 'ધનવાનો ઘણા ભાગે (મને ભજતા) નથી' એમ (ધનવાનોનું) અભજન (કહેલું તે)નું સમર્થન થયું. ૩૭.

વિવાહ માટે યોગ્યતા થાય (ગણાય), તે માટે 'જેમનાં પોતાની સમાન ધન....' (શ્લોક ૧૫) એમ જે ભગવાને કહ્યું, તે વિષયનો નિર્ણય નીચેના શ્લોકમાં કહે છે:—

त्वं वै समस्तपुरुषार्थमयः फलात्मा
यद्वाञ्छया सुमतयो विसृजन्ति कृत्यम् ॥
तेषां विभो समुचितो भवतः समाजः
पुंसः स्त्रियाश्च रतयोः सुखदुःखिनोर्न ॥३८॥

આપ ખરે સર્વ પુરૂષાર્થથી ભરપૂર ફળરૂપ છો, (કે) જેમની (પ્રાપ્તિની) ઇચ્છાથી સારી બુદ્ધિવાળાઓ કૃત્યનો ત્યાગ કરે છે. હે

---

[1] અહિં '**यदर्थम्**' લખ્યું તેમાં '**अर्थ**' શબ્દ 'દૂર કરવું તે' એવા અર્થમાં યોજેલો નથી. આવો અર્થ લેવામાં આવે તો (દેવો અને વિરક્તો) ભગવાન માટે ઉત્પન્ન થએલ નહિ હોવાથી, તેઓ ભગવાનને પ્રિય ન હોય. 'અર્થ' શબ્દનો પાંચમો અર્થ 'દૂર કરવું તે' થાય છે [જેમકે **मशकार्थं धूमः** એટલે મચ્છરોને દૂર કરવા (ઉડાડી મૂકવા) કરેલો ધૂમાડો] તેથી એવા અર્થની શંકા ન રહે તે માટે આ કહેલું છે. (લે)

[2] 'ભગવાન પુરૂષાર્થમય છે' એમ કહેવામાં આવશે. ધનવાનોને તેમની દરકાર નથી, પરંતુ ધનની જ દરકાર છે, એવો અર્થ છે. (લે)

સમર્થ ! તેઓનો અને આપનો સંબંધ, (પરસ્પર) પ્રીતિવાળા પુરૂષ અને સ્ત્રીના સંબંધની પેઠે ઘણો યોગ્ય છે, પરંતુ સુખી અને દુઃખીનો (સંબંધ યોગ્ય) નથી. ૩૮.

બંનેથી[૧] જૂદો જો ધર્મ વિગેરે પુરૂષાર્થ થાય (વિવાહથી પ્રાપ્ત કરવાનો હોય), તો તે(વિવાહ)ની અંદર જન્મ વિગેરે પાંચનો* વિચાર કરવો જોઇએ, કારણ કે ક્ષેત્ર (સ્ત્રી) અને બીજ જૂદી જૂદી જાતના હોય તો ફલ ઉત્પન્ન ન થાય; પરંતુ ફલ અને સાધનના જન્મ વિગેરે સરખાં હોવાની જરૂર નથી. તેથી લૌકિક દૃષ્ટિથી જ જે આપને સાધન[૨] તરીકે માને છે, તેને જ આવી વાણી (કહેવી) યોગ્ય છે, પરંતુ મને કહેવી યોગ્ય નથી; કારણ કે 'સમાન નહિ હોવાથી (તમો બેએ) વિવાહ કરવો નહિ' એમ મને અથવા આપને (કહેવું) યોગ્ય નથી પ્રકરણને[૩] લીધે આ વાક્યનું ઉત્તમપણું હોવું જોઇએ, પરંતુ પ્રકરણમાં કોઇ પણ અંશથી તેનો સંબંધ નથી, એવા અભિપ્રાયથી આ શ્લોક કહે છે.

આપ સર્વ પુરૂષાર્થથી ભરપૂર છો. જેમ ગંગામાં જલ છે, તેમ ધર્મ વિગેરે પુરૂષાર્થો આપની અંદર (રહેલા) છે. તે(જલ)થી પણ ગંગા મોટી[૪] છે, તેમ આપ (પુરૂષાર્થોથી મોટા છો). એવો '**મય**' નો અર્થ છે.

'સાધનોથી પ્રાપ્ત કરેલા (પુરૂષાર્થો) તે(ભગવાન)માં હશે' એવી શંકા થાય, તેથી 'ફલરૂપ' શબ્દ યોજેલ છે. અથવા પુરૂષાર્થો સાધનરૂપ પણ હોય છે, તેથી આ (શબ્દો)થી (ભગવાનનું) સાધનરૂપપણું અને ફલરૂપપણું સિદ્ધ કરે છે. અથવા (ફલરૂપ એટલે) સર્વ ફલોના આપ આત્મા છો, કારણ કે પરમાનંદ (પ્રાપ્ત થતો) હોય ત્યારે પોતાનો (તે લેવાનો) અધિકાર નથી એવા વિચારથી કોઇ પણ વિલંબ કરતું નથી.

ભગવાન ફલ છે અને સાધન છે એમ દિવ્ય જ્ઞાનથી કહીને, લૌકિક બુદ્ધિવાળા તે સ્વીકારશે નહિ એમ માનીને, તેઓના ઉપર પણ અનુગ્રહ કરવા બીજા

---

[૧] 'બંને' એટલે 'પત્ની અને પુરૂષ' એવો અર્થ છે. ભગવાન તો પુરૂષાર્થરૂપ જ છે, એવો ભાવ છે. (લે)

* પાછળ શ્લોક ૧૫ માં કહેલા જન્મ વિગેરે પાંચ.

[૨] 'સાધન તરીકે' એટલે 'પુરૂષાર્થના સાધન તરીકે' એવો અર્થ છે. (લે)

[૩] અહિં ભગવાનના વિવાહનું પ્રકરણ છે. આ પ્રકરણને લીધે શ્લોક ૧૫ ના વાક્યનું ઉત્તમપણું હોવું જોઇએ, પરંતુ તે વાક્ય આ પ્રકરણથી વિરૂદ્ધ હોવાથી, અહિં લાગુ પડતું નથી. તેથી તે બીજા પ્રસંગોમાં એટલે લૌકિક વિવાહ જણાવવામાં યોજવું જોઇએ, એવો અર્થ છે. (લે)

[૪] આધિદૈવિકી ગંગા ઘરમાં પણ પ્રકટ થાય છે, તેથી જલ કરતાં મોટા વિસ્તારવાળી છે એવો અર્થ છે. (લે)

ચરણથી યુક્તિ કહે છે. ફલ (પ્રાપ્ત કરવા)ની ઇચ્છા હોય ત્યારે જ (તેથી) વિરૂદ્ધ (પદાર્થો)નો ત્યાગ કરવામાં આવે છે, અને (તે પ્રાપ્ત કરવાનાં) સાધનો કરવામાં આવે છે, પરંતુ બે[1] ફલમાંના (એક પ્રાપ્ત થયું હોય ત્યારે) બીજાં ફલની ઇચ્છાથી (તેમ કરવામાં આવતું) નથી, કારણ કે એક પ્રાપ્ત થએલું છે અને બીજું પ્રાપ્ત થએલું નથી, તેથી (એકને તજવાની) મુશીબતને લીધે એક[2] તજાતું નથી. તેથી રાજ્ય ફલ નથી, તેમજ ફલનું સાધન નથી. તે (અર્થ) 'જેમની ઇચ્છાથી તજવામાં આવે છે' શબ્દોથી કહેલ છે.

'છતાં પણ રાજ્ય આ લોકનું ફલ છે, તેથી તેનો ત્યાગ કરવામાં મૂર્ખાઈ છે' એવી શંકા થાય, તેથી 'સારી બુદ્ધિવાળાઓ' શબ્દ યોજેલ છે. 'કૃત્ય' એટલે કર્તવ્ય. 'ભગવાન સાધનરૂપ અને સાધ્યરૂપ હોવાથી, તેજ પ્રસન્ન કરવા યોગ્ય છે, પરંતુ બીજો (પ્રસન્ન કરવા યોગ્ય) નથી' એવા વિચારથી કૃત્ય નાશ કરવા[3] યોગ્ય છે, એવું સારી બુદ્ધિવાળાં હોવાનું કારણ પણ કહેલું છે. તેથી જેઓ આપને માટે જ મુકરર થએલા છે, તેઓનો અને આપનો સંબંધ યોગ્ય છે, એમ ત્રીજા ચરણથી કહે છે. જો કે તેઓની સાથે પણ (ભગવાનની) મૈત્રી અથવા વિવાહ સંભવતાં નથી, છતાં પણ એક સમાજમાં માત્ર સંબંધ (થવો) પણ યોગ્ય છે, તેથી તેમ કહેલ છે.

'હે સમર્થ!' સંબોધનથી રાજ્ય વિગેરેનો ત્યાગ કરેલ ઘણા જ સુકુમાર (પુરૂષો)ને સંતોષ ઉત્પન્ન કરવાનું (ભગવાનનું) સામર્થ્ય (જણાવેલું છે) રાજા અને મંત્રીઓ(ના સંબંધ)ની પેઠે (આપનો અને તેઓનો) સંબંધ ઘણો યોગ્ય છે. સર્વ પ્રકારની યોગ્યતા સિદ્ધ કરવા 'પુરૂષ અને સ્ત્રીના સંબંધની પેઠે' એવું દૃષ્ટાંત કહે છે. જેવો પુરૂષ અને સ્ત્રીનો સંબંધ છે, 'च' 'અને' શબ્દ હોવાથી, જેવો એકસરખા સ્વભાવ અને વ્યસનવાળા બે મિત્રોનો સંબંધ છે, તેવો (આપનો અને તેમનો સંબંધ છે). 'अश्व न[4] त्वा वारवन्तम्' એ વાક્યમાં ઉપમાનો અર્થ

---

[1] અહિં 'પ્રાપ્ત થએલા' શબ્દ અધ્યાહાર છે. (લે) બે ફલ પ્રાપ્ત થએલાં કહેલાં જણાતાં નથી. આગળ જ એક (રાજ્ય) પ્રાપ્ત થએલું અને બીજું પ્રાપ્ત નહિ થએલું હોવાનું જણાવેલ છે.

[2] અહિં 'પ્રાપ્ત થએલું' શબ્દ અધ્યાહાર છે. (લે)

[3] આ 'કૃત્ય' શબ્દની વ્યુત્પત્તિ જણાવેલી છે. 'कृति' (कृत् છઠ્ઠો ગણ) ધાતુ 'નાશ કરવો' અર્થવાળો છે તેને क्यप् (य) પ્રત્યય લગાડવાથી આ શબ્દ બનેલ છે. (લે)

[4] આ 'न' શબ્દનો અર્થ નિરૂક્તના પહેલા અધ્યાયમાં 'इव' 'ની પેઠે' કરેલો છે. તેજ પ્રમાણે અહિં પણ ઉપમા જણાવનાર 'इव' વિગેરે શબ્દ ન હોવા છતાં 'न' શબ્દ જ બે વાર લખેલો લઇ, તેનો ઉપમાનો (इव જેવો) અર્થ કરવો. એટલે 'न' શબ્દ બે વાર લેવાનો. પહેલા 'न' નો ઉપમાનો અર્થ કરવો, એટલે 'रतयोरिव' 'પ્રીતિવાળાની

જણાવનાર ન હોવા છતાં નિરૂક્તમાં ઉપમાનો અર્થ જણાવવા ‘इव’ ‘ની પેઠે’ કહેલ છે તે પ્રમાણે (અહિં છે). તેમાં પણ ‘પ્રીતિવાળા’ વિશેષણથી પ્રસંગના[૫] સમયે (તેમનો તેવો સંબંધ) નહિ હોવાનું કહેલ છે. સર્વ (કોઇ પણ પ્રકારના) ક્લેશ વિનાના હોય અને પરસ્પર પ્રીતિવાળા હોય (ત્યારે તેમનો તેવો સંબંધ હોય છે). પ્રીતિ વિગેરે હોય છતાં પણ વિઘ્ન કરનારૂં હોય તો (તેવો સંબંધ) હોતો નથી, એમ ‘સુખી અને દુઃખીનો (સંબંધ યોગ્ય) નથી’ શબ્દોથી (સંબંધ) હોતો નથી એમ જણાવે છે. એક સુખી હોય (અને) બીજો રોગો વિગેરેથી દુઃખી હોય, તેવા બેનો કોઇ પણ રીતે સંબંધ હોતો નથી. આથી (એમ) કહ્યું કે બે સુખીઓનો અથવા બે દુઃખીઓનો સંબંધ હોય છે. ૩૮.

(ભગવાનને પસંદ કરવામાં રૂક્મિણીનું) અજ્ઞાન (હોવાનું કહેલ તે)નું સમર્થન કરવા ‘ભિખારીઓએ વૃથા વખાણેલા’ એમ જે (શ્લોક ૧૬ માં) કહેલું, તે વિષયનો નિર્ણય નીચેના શ્લોકમાં કહે છે:—

त्वं न्यस्तदण्डमुनिभिर्गदितानुभाव आत्मात्मदश्च जगतामिति मे वृतोऽसि ।
हित्वा भवद्भ्रुव उदीरितकालवेगध्वस्ताशिषोऽब्जभवनाकपतीन् कुतोऽन्ये ॥३९॥

‘જેઓએ (પ્રાણીઓને) સજા કરવાનું મૂકી દીધું છે તેવા મુનિઓએ જેમના પ્રભાવનું બરાબર વર્ણન કરેલું છે તેવા આપ જગતોના આત્મા અને આત્માનું દાન કરનારા છો’ એવા વિચારથી, આપની ભ્રમરના સંબંધવાળા (તેણેજ) પ્રેરેલા કાલના વેગથી જેઓની ઇચ્છાઓ નાશ પામેલી છે તેવા બ્રહ્મા શંકર, અને ઈંદ્રને તજીને મેં આપને પસંદ કરેલા છે (તો પછી) બીજાઓ કેમ જ (વરવા યોગ્ય હોય)? ૩૯.

‘ભિખારીઓ’ એટલે પરમહંસોએ અને ‘વૃથા’ એટલે ફલની ઇચ્છા વિના (વખાણેલા), એવો અર્થ કરવો જોઇએ. તેમ કરવામાં ન આવે તો નારદ વિગેરે લૌકિક ભિખારીઓ નહિ હોવાથી વાક્ય વિરૂદ્ધ અર્થવાળું (ખોટું) થાય; અને બીજા (લૌકિક) ભિખારીઓ (આપનાં) વખાણ કરતા નથી. તે (અર્થ) કહે છે. ‘મૂકી દીધેલું છે સજા કરવાનું પ્રાણીઓને જેમણે’ તેવાઓએ (વખાણેલા છો). આથી તેઓમાં દોષ નથી એમ કહેલું છે, અને તેઓ અને તે મુનિઓ,

---

પેઠે’ અર્થ થાય છે. બીજા ‘न’ નો અર્થ ‘નથી’ કરવો, એટલે બે સુખીઓનો અને બે દુઃખીઓનો સંબંધ યોગ્ય નથી, એવો અર્થ થાય છે. (લે). આ પ્રમાણે અર્થ કરતાં શ્લોકમાં ‘पुंसः स्त्रिया न रतयोः’ એવો પાઠ થશે.

[૫] પ્રસંગને લીધે બીજા કામ માટે ભેગા થએલા સ્ત્રી અને પુરૂષનો સંબંધ તેવો રસ ઉત્પન્ન કરનારો હોતો નથી, એવો અર્થ છે. (લે)

એમ ગુણો કહેલા છે.* સ્પષ્ટ વાણીથી,[1] સમજાય તેવાં વચનોથી (કહેલો છે) પ્રભાવ જેમનો (તેવા આપ છો). તેઓ માત્ર વખાણ કરતા નથી, પરંતુ જેવું (આપે) કરેલું છે તેવું (કહે છે) એમ 'પ્રભાવ' શબ્દથી કહેલું છે. તેઓને તે પોતાના અનુભવથી જણાએલું છે. તેમ ન હોય તો તેઓ તેવા (આપની સ્તુતિ કરનારા) કેમ થાય? તેથી તેઓનું વચન લાભકારક હોવાથી, તેમના વચનથી (આપને) જાણીને, આપ સમાનને જ પસંદ કરેલા છે.

(ભગવાન) સમાન હોવાનું કારણ 'આત્મા' શબ્દથી કહેલું છે. જેમ બહારની દૃષ્ટિમાં જન્મ વિગેરે સમાનપણું કરાવનારા છે, તેમ અંદરની દૃષ્ટિમાં આત્મપણું જ (સમાનપણું કરાવનારૂં) છે. કારણ કે કોઇને પણ પોતાનો આત્મા (પોતાની) સમાન ન હોય તેવું નથી.

'ત્યારે પસંદ કરવાથી શું (લાભ)?' એવી શંકા થાય, તેથી 'અને આત્માનું દાન કરનારા' શબ્દ યોજેલ છે, કારણ કે જેમણે આત્મા ગૂમાવેલ છે તેવા જ જીવો હતા, તેમને (ભગવાન) આત્મા અથવા પોતાનો આત્મા આપે છે. આથી એમ કહેલું છે કે આપ (મને) પોતાના આત્માનું દાન કરશો એમ જાણીને જ મેં (આપને) પસંદ કરેલા છે. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ધર્મ વિગેરે (પુરૂષાર્થો) પણ (આપ આપો છો).

'હું તારો આત્મા કેવી રીતે (છું)?' એવી શંકા થાય, તેથી 'જગતોના (આત્મા)'[2] એમ સામાન્ય રીતે કહેલું છે. (આપ જગતોના આત્મા છો) એવી બુદ્ધિથી જ (મેં) પસંદ કરેલા છે. તેથી જ તેઓને (જગતના અધિકારીઓને) પણ તજેલા છે એમ 'આપની ભ્રમરના સંબંધવાળા (અને તેણે જ) પ્રેરેલા કાલના વેગથી જેઓની ઇચ્છાઓ નાશ પામેલી છે' શબ્દોથી કહેલું છે. બીજાઓનો ત્યાગ કરીને મેં આપને હમણાં જ પસંદ કર્યા એટલું જ નહિ, પરંતુ પહેલાં પણ લક્ષ્મીના સ્વયંવર સમયે જન્મ ઐશ્વર્ય વિગેરેની સરસાઈવાળા બ્રહ્મા શંકર ઈંદ્ર વિગેરેનો ત્યાગ કરીને (મેં) આપને જ પસંદ કરેલા, એવો (વાક્યનો) સંબંધ છે. તેઓનો ત્યાગ કરવાનું કારણ કહે છે કે આપની ભ્રમર કાલને ઉત્પન્ન કરનારી છે, તે (ભ્રમર)ના સંબંધવાળો, તેણે જ પ્રેરેલો જે કાલ, તેના વેગથી નાશ પામેલી છે ઇચ્છાઓ જેમની, તેવા (બ્રહ્મા વિગેરે છે). એક ક્ષણ પણ મતભેદ થતાં, (આપની) ભ્રમર વાંકી થતાં તેઓનો સર્વનાશ જ થાય છે, તેથી તેઓને પસંદ કરવાથી શું (લાભ)?, કારણ કે કોઈ પણ સ્ત્રી મરવા પડેલાને પસંદ કરતી નથી. જ્યારે બ્રહ્મા વિગેરેની પણ આ સ્થિતિ છે, તો પછી બીજાઓ

---

* પ્રાણીઓને સજા કરવાનું મૂકી દીધેલ હોવાથી તેમનામાં દોષ નથી. તેઓ મુનિ એટલે ભગવાનનું મનન કરનારા છે એ તેમનામાં ગુણ છે.

[1] આ (गदित શબ્દવાળા) गद् ધાતુનો અર્થ કહેલો છે. (લે)

પસંદ કરવા યોગ્ય કેમ જ હોય, એમ 'બીજાઓ કેમ જ (વરવા યોગ્ય હોય)?' શબ્દોથી કહે છે. તેથી જાણીને જ આપને પસંદ કરેલા છે, અને બીજાઓ પસંદ કરવા યોગ્ય પણ નથી.

ભગવાને જે બીજું કહેલું છે, તે મને (રૂક્મિણીને) અડચણકારક નથી, અને (તેના તરફ મારૂં) ઉદાસીનપણું છે. (ભગવાન) આત્મા અને આત્માને આપનારા હોવાથી (મેં કરેલું વરણ) મને ઇષ્ટ જ છે, કારણ કે હું પણ તેવી થઇશ.[1] ૩૯.

એ પ્રમાણે (ભગવાનને વરવામાં) દોષ જણાવનારા શબ્દોનો ગુણ દર્શાવનારા તરીકે અર્થ કરી અને (ભગવાનનાં) વાકયોનો અર્થ કહીને, 'જેવું સાંભળવામાં આવ્યું તેવું ભગવાનનું વાકય લોકની દૃષ્ટિ પ્રમાણે પણ વિરોધવાળું છે, તેથી (તે) વાકયો ઉલટી રીતે પોતાની (ભગવાનની) સરસાઇ જ સિદ્ધ કરે છે એમ કહેવું જોઇએ' એવા અભિપ્રાયથી, નીચેના શ્લોક(થી આરંભી) કહે છે:—

जाड्यं वचस्त्व गदाग्रज यश्च भूपान्विद्राव्य शार्ङ्गनिनदेन जहर्थमां त्वम् ॥
सिंहो यथा स्वबलिमीश पशून्स्वभागं तेभ्यो भयाद्यदुदधिं शरणं प्रपन्नः ॥४०॥

અને હે ઇશ! આપ જેમણે શાર્ઙ્ગના ટંકારથી રાજાઓને ભગાડીને જેમ સિંહ પોતાના ભાગરૂપ બલિ પશુઓને લઈ જાય તેમ તેઓની પાસેથી મારૂં હરણ કર્યું, તે તેઓના ભયને લીધે સમુદ્રને શરણે ગયા, એવું હે ગદાગ્રજ! જે આપનું વચન અર્થ વિનાનું છે. ૪૦.

અહિંથી ફરીથી (ભગવાને કહેલા) બધા શ્લોકો લોકદૃષ્ટિથી પણ વિરોધવાળા છે એવું વ્યાખ્યાન કરવામાં આવશે, કારણ કે (લોકદૃષ્ટિથી) વિરૂદ્ધ હોવાને લીધે (તેઓ) પોતાની (શ્લોક બોલનાર ભગવાનની) સરસાઇ જ સિદ્ધ કરે. તે પ્રસંગે (તેવું વ્યાખ્યાન કરતાં) તેજ વાકયો (તેમનાથી) સૂચવેલા અર્થમાં યોજાએલા થાય છે.

'રાજાઓથી ભય પામતા' (શ્લોક ૧૨) એમ જે આરંભમાં જ કહ્યું તેનો ઉત્તર (આ શ્લોકથી) આપવામાં આવે છે, 'અને પ્રેમના સંવાદને લીધે ફડફડતા અધરવાળું મુખ જોવાને' (શ્લોક ૩૦) એમ ભગવાને કહેલું હોવાથી તામસ પ્રકારથી પણ ક્રોધના આવેશવાળી થઇ (રૂક્મિણી તે) વાકયોનું ખંડન કરે છે એટલો (પહેલા કહેલા અને આ અર્થમાં) ભેદ છે.

---

[1] ભગવાનનું વરણ કરેલું હોવાથી હું પણ આત્માને પ્રાપ્ત કરી પૂર્ણ થઇશ, એવો અર્થ છે. (લે)

બુદ્ધિ વગરનાને ભય થાય છે. બુદ્ધિ ન હોવાને લીધે જ[1] ધ્રુજારો થાય છે. તેમાં ભગવાનમાં ભયનું કારણ નહિ હોવાથી, કહેનાર[2] (શબ્દ)ને ભય જણાવનાર શબ્દ છે, (તેની) ભાટ્ટોની પેઠે શબ્દની જ 'કહેનાર' અને 'કહેવાનું' એવી બે શક્તિઓની કલ્પના કરી સાર્થકતા કરાવવી જોઇએ. એમ 'વચન અર્થ વિનાનું છે' શબ્દથી કહે છે. વચન જ जाड्यं જડપણું એટલે ભયવાળું છે, એવો અર્થ છે. 'આપનું' એમ ભેદ જણાવવા* સમાસ કરેલો નથી.

'બોલનાર હાજર હોવા છતાં મુખ્ય અર્થનો ત્યાગ કરીને વચનને કેમ જડ ઠરાવવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી 'હે ગદાગ્રજ!' એવું સંબોધન કરેલું છે. જેમ ગદની ઉત્પત્તિ થઇ ત્યાં સુધી (ભગવાન) પોતે ભય પામેલા નહિ હોવા છતાં ભયવાળી (ભય પામ્યા હોય તેવી) ક્રિયા કરતા, તેમ વાણીને[3] પણ તેવી (ભયવાળી) કરે છે. તેથી ભગવાનની ઇચ્છાથી જ કાયાની અને વાણીની તેવી (પ્રવૃત્તિ) થવાથી કાંઇ પણ દોષ નથી. 'वचः' એટલે 'वाचः' અથવા 'वचसः' 'વચનનું' એ વૈદિક (પ્રયોગ) જાણવો.

અથવા[4] કોઇક ગુણને લીધે જ્ઞાન ન થવાથી લોકમાં (પુરુષ) જડ થાય છે. ચાલુ પ્રસંગમાં તો જડપણું કરાવનાર વચન જ છે. માત્ર વાક્યથી જ જડપણું જણાય છે, પરંતુ અર્થથી જણાતું નથી એવો અર્થ છે. 'च' 'અને' શબ્દથી પહેલાં ઘણા પ્રકારે ભગવાને કરેલા જયનો સંગ્રહ કરેલો છે.

આપ જેમણે રાજાઓને શાર્ઙ્ગના ટંકારથી જ ભગાડીને (એટલે) પશુની સમાન બનાવીને, મારૂં હરણ કર્યું (તેમનું આ વચન અર્થ વિનાનું છે), કારણ કે પશુઓ જ માત્ર શબ્દથી ભાગી જાય. પહેલાં ટંકારથી જ માનભંગ કરીને (બધાને) ભેગા કર્યા, પછી યુદ્ધ માટે પ્રવૃત્તિ થતાં બલભદ્રે† બધાને હરાવ્યા,

---

[1] जाड्यं (બુદ્ધિ ન હોવી તે) એટલે ભય ભગવાનમાં હોવાનું કારણ નહિ હોવાથી, તે 'કહેનાર' શબ્દમાં પરિણમે છે, એટલે ભયને લીધે શબ્દ ધ્રુજી ઉઠ્યો. તેથી ભય નહિ પામેલા ભગવાનને પણ તે શબ્દ ભય પામેલા જણાવે છે, એવો ભાવ છે. (લે)

[2] 'કહેનાર' એટલે 'શબ્દ' એવો અર્થ છે. (લે) શબ્દની 'કહેનાર' શક્તિ.

* 'આપ' અને 'વચન' બે જૂદા છો એવો ભેદ જણાવવા 'वचस्तव' એમ બે જૂદા શબ્દ યોજેલા છે, પરંતુ 'त्वद्वचः' એમ સમાસ કરેલો નથી, એવો અર્થ જણાય છે.

[3] વાણીને પણ ભયવાળી કરે છે (લે) ભય પામ્યા હોય તેવું વચન કહે છે.

[4] ઉપર જણાવી તેવી શબ્દની બે પ્રકારની શક્તિ પૂર્વમીમાંસામાં કલ્પેલી છે, પરંતુ વ્યાસજીને ઇષ્ટ નથી. તેથી તે અર્થ ન રૂચવાથી બીજો અર્થ કરે છે. આ અર્થ પ્રમાણે 'वचः' શબ્દ પાંચમી વિભક્તિના એકવચનનો જાણવો. એ વૈદિક પ્રયોગ જણાવીને તેવો જાણવાની યોગ્યતા તો ઉપર કહેલી છે. (લે)

† ભગવાન રૂકિમણીને હરી ગયા, પછી ભેગા થએલા રાજાઓને બલભદ્રે હરાવેલા. જૂઓ ઉત્તરાર્ધ અધ્યાય ૫ શ્લોક ૬ તથા ૩૫.

તેથી વિરોધ નથી. જેઓ માત્ર શબ્દથી ભાગી જાય તેઓથી ભય (થવા)નો સંભવ નથી. ‘શાર્ગના ટંકારથી’ એવું (રાજાઓને ભાગવાનું) કારણ અહિં કહેલું હોવાથી એમ જણાય છે કે (રૂકિમણીનું હરણ કરતી વખતે ભગવાને) પહેલાં ધનુષ્યનો ટંકાર કરેલો. ‘રાજાઓના સમૂહને હરાવીને’ એ (ઉત્તરાર્ધ અધ્યાય ૪ શ્લોક ૫૬)માં ‘શાર્ગના ટંકારથી’ શબ્દ ઉમેરવો.

‘દૈવને લીધે તે(રાજા)ઓનું ધ્યાન નહિ હોય ત્યારે (ભગવાન રૂકિમણીને) લઈને આવ્યા હશે’ એવો વિચાર ‘જેમ સિંહ (પશુઓને લઇ જાય)’ શબ્દોથી ખોટો ઠરાવે છે. જબરજસ્તીથી ઉપાડી જવાનો દોષ નહતો, એમ ‘પોતાના ભાગરૂપ’ શબ્દથી કહેલું છે. (પિતાએ) નહિ આપેલી હોવા છતાં (તેને) લઇ જવામાં (ભગવાનને) દોષ થયો નહતો અને (લઇ જવાનું તેમનામાં) સામર્થ્ય હતું, એમ ‘હે ઈશ!’ શબ્દથી કહેલું છે. જેમ મુકરર કરેલો ભાગ પણ, હોમેલો ન હોય તો દેવો ગ્રહણ કરતા નથી, તેવું ઈશ્વરને હોતું નથી એવો અર્થ છે. લોકમાં પોતાનો ભાગ જબરજસ્તીથી પણ લઈ જવાનું જોવામાં આવે છે, એ વિષયમાં ‘આપે મારૂં (હરણ કર્યું)’ એમ પ્રત્યક્ષ પ્રમાણ કહેલું છે. ‘પશુંઓને’ શબ્દથી (એમ કહ્યું છે કે) સિંહને (લઇ જવામાં આવતા) નથી, કારણ કે સિંહની કન્યા જો કે પોતાના ભાગરૂપ હોય તો પણ સિંહ જબરજસ્તીથી લઈ જઇ શકતો નથી. ‘પોતાના બલિ’ શબ્દથી (એમ કહેલું છે કે) દેવો વિગેરે રક્ષણ કરતા નહતા, કારણ કે દેવોએ પોતાના (ભગવાનના) માટે જ (રૂકિમણીરૂપ બલિ) મુકરર કરેલું. જેમ સિંહ પશુઓને ભગાડીને, પોતાના ભાગનું ભક્ષણ કરનાર વાઘ વિગેરેને ગર્જનાથી જ અટકાવીને, પોતાના ભાગરૂપ (હાથીના) કુંભ સ્થલમાં રહેલું માંસ લઈ જાય છે, તેમ ભય વિના (મારૂં) હરણ કરનાર આપને ભય ક્યાંથી (હોય)? એવો (અર્થ છે). ‘તેઓના ભયને લીધે સમુદ્રને શરણે ગયા’ શબ્દોથી ભય જણાવનારૂ વાક્ય (ઉપર કહેલ અર્થથી) વિરૂદ્ધ અર્થવાળું છે એમ કહેવા તે ફરીથી કહે છે. જેથી ‘તેઓના ભયને લીધે આપ સમુદ્રને શરણે ગયા’ (એમ) આથી (જણાવતું હોવાથી) વચન અર્થ વગરનું છે, એવો અર્થ છે. પછીના વાક્યમાં આવેલા ‘यत्’ ‘જે’ શબ્દને ‘तत्’ ‘તે’ શબ્દની આવશ્યકતા નથી, તેથી ‘તે’ શબ્દ અધ્યાહાર નથી. પશુની સમાન ભગાડેલા (રાજાઓ)થી ભય (થવા)નું વચન વિરૂદ્ધ અર્થવાળું છેજ, તેથી તેનો ઉલટી રીતે જ અર્થ કહેવો જોઇએ, એવો ભાવ છે. આથી જ ‘બલવાનોની સાથે વેર કરેલા’ શબ્દોનું વ્યાખ્યાન થઇ ગયું, કારણ ભાગી જવામાં તત્પર રહેનારા પશુઓ બલવાન હોતા નથી. પોતાની મેળે જ નૃપાસનનો ત્યાગ કરવો એ પ્રતિષ્ઠા જ છે. ૪૦.

‘જેઓનો માર્ગ સ્પષ્ટ નથી’ એમ અને ‘તેમના માર્ગે જનારા દુ:ખ પામે છે’ એમ જે ભગવાને (શ્લોક ૧૩ માં) કહ્યું, તેમાં પણ બીજો અર્થ જણાતો

હોવાથી અને વાક્યના અર્થથી વિરૂદ્ધ જ્ઞાન થતું હોવાથી, સૂચવેલા અર્થના પ્રકારેજ નિર્ણય કરવો જોઇએ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

यद्वाञ्छया नृपशिखामणयोऽङ्गवैन्यजायन्तनाहुषगयादय ऐकपत्यम् ॥
राज्यं विसृज्य विविशुर्वनमम्बुजाक्ष सीदन्ति तेऽनुपदवीं त इहास्थिताः किम् ॥४१॥

હે કમલનયન! જેમની ઇચ્છાથી અંગ, વૈન્ય, જાયન્ત, નાહુષ, ગય વિગેરે રાજાઓના શિરોમણિઓએ ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરીને વનમાં પ્રવેશ કરેલો તેઓ આપના માર્ગના રસ્તે રહેલા છે. તેઓ શું અહિં રહેલા છે? ૪૧.

(શ્લોક ૧૩ માં) '**योषितः**' 'સ્ત્રીઓ' એ શબ્દ ઉપલક્ષણથી* યોજેલો છે. તેથી પુરૂષો પણ દુ:ખી થાય† છે એમ કહેવું જોઇએ, કારણ કે અહિં 'સ્ત્રી' શબ્દ પુખ્ત વયવાળીથી જૂદી નહિ‡ એવા અર્થમાં યોજેલો છે. '**अवसादः**' એટલે તે (ભગવાન)માં જ લય. ભગવાન પહેલાં પધારેલા તેથી તે માર્ગે જવાની ઇચ્છાથી રાજ્ય વિગેરેનો ત્યાગ કરીને, રાજ્ય વિગેરેથી ભગવાનનાં દર્શન ઉત્તમ હોવાથી તે (ભગવાનનાં દર્શન)ની ઇચ્છાથી અંબરિષ વિગેરે રાજાઓના શિરોમણિઓએ વનમાં પ્રવેશ કરેલો. ભગવાન પધાર્યા છતાં પણ તેઓ આવેલા નહિ હોવાથી, (અને) પહેલાં પણ[1] પાછા ફરીને આવેલા નહિ હોવાથી માર્ગના રસ્તે જ રહેલા છે, એટલે ભગવાનના માર્ગમાં જ જાણે કે (તે) માર્ગ દર્શાવનારા હોય તેમ રહેલા છે. તેમ ન હોય તો ભગવાનનો માર્ગ આગળ ચાલે નહિ. તેથી દુ:ખી થવાનું વાક્ય સત્ય છે, છતાં પણ ઘણાઓની જ (તેવી) પ્રવૃત્તિ થતી હોવાથી (એ) દૂષણ નથી.

'એક સ્થલે (સ્ત્રીઓના સંબંધમાં) કહ્યું તે સર્વ સ્થલે (રાજાઓને પણ) કેમ લાગુ પાડવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી 'તેઓ શું અહિં રહેલા છે?' એમ કહેલું છે. તેઓ એટલે અંગ વિગેરે. 'અંગ' પૃથુનો દાદો. 'વૈન્ય'

---

* એક વસ્તુ કહેલી હોય અને તેના જેવી બીજીનો તેમાં સમાવેશ કરવાનો હોય તેને ઉપલક્ષણ કહે છે. અહિં 'સ્ત્રીઓ' કહેલ છે, અને પુરૂષો પણ સમજવાના છે.

† શ્લોક ૧૩ માં '**सीदन्ति**' 'દુ:ખી થાય છે' એમ કહેલું છે, આજ શબ્દના 'લય પામવું,' 'નાશ થવો' એવા અર્થ છે.

‡ અહિં '**स्त्रीपदमत्र' प्रौढानन्यवृत्तीति**' એવો મૂળ પાઠ લઇ અર્થ કરેલો છે. શ્લોક ૧૩ માં કાચી વયની અથવા કાચી સમજણવાળી સ્ત્રીઓ એ પ્રમાણે દુ:ખી થાય છે એમ કહેલું નથી, પરંતુ પુખ્ત વય અને વિચારવાળી સ્ત્રીઓ કહેલી છે, એવો અર્થ છે. તેથી પુખ્ત વિચારવાળા પુરૂષો, રાજાઓ પણ એ શબ્દથી સૂચવેલા છે એવો ભાવ જણાય છે.

[1] ભગવાન પધાર્યા તે પહેલા પણ આવેલા નથી, અને તે પધાર્યા પછી પણ આવેલા નથી, એવો અર્થ છે. (લે)

એટલે પૃથુ. 'જાયન્ત' એટલે જયન્તીનો પુત્ર ભરત. 'નાહુષ' એટલે યયાતિ. 'ગય' પ્રિયવ્રતના વંશમાં ઉત્પન્ન થએલો. આ (બધા) શું અહિં રહેલા? મરણ થતાં સુધી શું ઘેર જ રહેલા? તેથી ઉલટું વનમાં ગએલા અને ત્યાં જ મરણ પામેલા. તેથી ઉલટા ફલવાળા ઘરમાં જેઓ રહેલા, તેઓ જ નાશ પામેલા છે, પરંતુ તે (રાજા)ઓ નાશ પામેલા નથી. એ પ્રમાણે (ભગવાનને પ્રાપ્ત કરવાની) માત્ર ઇચ્છાથી જ પોતાનાં પ્રાપ્ત થએલાં રાજ્યનો પણ ત્યાગ કરે છે, (અને) વનમાં પોતાનું મરણ પણ સહન કરે છે, ત્યારે ભગવાનને પ્રાપ્ત કરીને અધમ રાજ્યનો ત્યાગ (કરવો એ)માં શું આશ્ચર્ય, એવો ભાવ છે. ૪૧.

ભયના ધોરણથી જ (ભગવાને પોતાનું વરણ) ન કરવાનું કહેલ હોવા છતાં, 'અમે નિષ્કિચન છીએ. (નિષ્કિંચન પુરૂષો) સદા (અમને પ્રિય છે)' (શ્લોક ૧૪) એમ (રૂક્મિણી) લક્ષ્મીવાળી હોવાથી તે ન કરવાનું કહેતાં, ધનવાનો (મને) ભજતા નથી. એમ પણ (જે ભગવાને કહેલું) તેનો નીચેના શ્લોકમાં વિરોધ કરી ખોટું ઠરાવે છે:—

कान्यं श्रयीत तव पादसरोजगन्धमाघ्राय सन्मुखरितं जनतापवर्ग्यम् ।।
लक्ष्म्यालयं त्वविगणय्य गुणालयस्य मर्त्या सदोरुभयमर्थविविक्तदृष्टिः । ४२।।

(લગ્નના) પ્રયોજનમાં વિવેકવાળી દૃષ્ટિ છે જેની તેવી મરણધર્મવાળી કઇ (સ્ત્રી) ગુણોના ધામરૂપ આપનાં, સત્પુરૂષોએ વારંવાર વર્ણવેલ, પ્રાણી માત્રને મોક્ષ આપનાર. લક્ષ્મીનાં સ્થાનરૂપ ચરણકમલની ગંધનો અનુભવ લઇને, તેનો અનાદર કરી, સદા ઘણા ભયવાળા બીજાનો આશ્રય કરે? ૪૨.

આપનાં ચરણકમલની ગંધનો અનુભવ લઇને કઇ સ્ત્રી લસણના જેવાં અપવિત્ર રૂપવાળા બીજાનો આશ્રય કરે? આ (વાક્ય)થી એમ કહેલું છે કે (ભગવાન) ઉત્તમ પતિ છે અને તેમનામાં પોતાની રૂચિ છે.

કોઇ પ્રસંગે નિંદિત (પદાર્થ) પણ આવો (સુગંધવાળો) હોય, તેથી તેમ નથી એમ જણાવવા 'સત્પુરૂષોએ વારંવાર વર્ણવેલ' એમ કહેલું છે; કારણ કે સત્પુરૂષોએ વાચાલની પેઠે ભગવાનના ચરણારવિંદનું વર્ણન કરેલું છે. 'પ્રાણિમાત્રને મોક્ષ આપનાર' વિશેષણથી (તેને) ફલ પ્રાપ્ત કરાવનારૂં કહેલું છે. **जनतायाः** પ્રાણી માત્રનું **आपवर्ग्यम्** મોક્ષ સુધીનું જે સુખ, તે બધું (થાય છે) જેમાંથી, તેવું છે. (આ બે વિશેષણોથી) પ્રમાણ અને ફલ કહ્યાં.

વળી સ્ત્રીઓમાં મુખ્ય લક્ષ્મી છે અને (તે) સંપત્તિરૂપ છે. તે (લક્ષ્મી)નું તે (ભગવાનનું ચરણકમલ)જ ઘર છે. તેથી બધી સ્ત્રીઓએ ત્યાં જ રહેવું જોઇએ.

'એમ હોય તો બધીઓને બીજા જ પતિઓ કેમ હોય છે?' તે(વી શંકા)ના સંબંધમાં 'તુ' શબ્દથી પૂર્વપક્ષને ખોટો જણાવે છે. 'અનાદર કરીને' શબ્દનો (અર્થ કરીએ છીએ). પધારેલા અને પાસે રહેલા ભગવાનનો અનાદર કરીને કોઇ પણ (સ્ત્રી) બીજાનો આશ્રય કરતી નથી. વળી મર્ત્યા પોતે મરણ ધર્મવાળી (સ્ત્રી)એ, મરણ મટાડનાર (અને) આત્માનું દાન કરનાર ભગવાનની જ સેવા કરવી જોઇએ, પરંતુ सदोरुभयं સદાએ કાલ વિગેરેથી ઘણો ભય છે જેને, તેવાની (સેવા કરવી જોઇએ) નહિ. મોટો ભય મરણરૂપ છે. કોઇક સમયે પોતાને તે થવાનો. જેની સેવા કરવામાં આવે છે તે (પતિ) તો સદાએ તેવા ભયવાળો છે, એમ. (તેની) સેવા નહિ કરવાનું કારણ કહેલું છે.

વળી આપ ગુણોના ધામરૂપ છો. અનંત ગુણોના ધામરૂપ આપ જ છો. તેથી જે ગુણરૂપ (સ્ત્રી) હશે તે આપનો જ આશ્રય કરશે, પણ દોષરૂપ (સ્ત્રી) બીજાનો આશ્રય કરશે એવી વ્યવસ્થા છે.

'ઘણીએ ગુણરૂપ (સ્ત્રીઓ) બીજાનો પણ આશ્રય કરે છે. તેમ ન હોત તો ભગવાન વિરાજતા તે સમયે બીજા (પુરૂષો)નો વિવાહ ન થાત' એવી શંકા થાય, તેથી 'પ્રયોજનમાં વિવેકવાળી છે દૃષ્ટિ જેની' એમ કહેલું છે. વિચાર કર્યા વિના, અથવા પ્રયોજનનો નિર્ણય કરવાનું સામર્થ્ય નહિ હોવાથી બીજાનો આશ્રય કરે, પરંતુ પ્રયોજનના ભેદનું જ્ઞાન હોય તો મરણધર્મવાળી ગુણરૂપ લક્ષ્મીના અંશરૂપ સ્ત્રીએ પહેલાં કહેલા નિયમ પ્રમાણે ભગવાનનો આશ્રય કરવો એ જ યોગ્ય છે, એવો અર્થ છે. આથી (એમ કહેવાયું કે) સમાનપણાને લીધે થતો વિવાહ સાધારણ છે, ઉત્તમ(ની સાથે) વિવાહ જ કરવા યોગ્ય છે. તેથી '(જેમનાં પોતાની સમાન ધન....વિગેરે હોય) તે બેનો વિવાહ અને મૈત્રી યોગ્ય છે' (શ્લોક ૧૫) એ મતનો નિરાસ થયો. તેમ ન હોત (ઉત્તમ સાથે વિવાહ થતો ન હોત) તો લક્ષ્મી વિગેરેના વિવાહ થાત નહિ. ૪૨.

'હે વૈદર્ભિ! આ જાણ્યા વિના' એ (શ્લોક ૧૬)નો ઉત્તર નીચેના શ્લોકથી આપે છે:—

त्वं त्वानुरूपमभजं जगतामधीशमात्मानमत्र च परत्र च कामपूरम् ॥
स्यान्मे तवाङ्घ्रिशरणं सृतिभिर्भ्रमन्त्या यो वै भजन्तमुपयात्यनृतापवर्गः ॥४३॥

તે જગતના ઈશ્વર, આત્મા, અને આ લોકમાં અને પરલોકમાં કામનાઓ પૂરનારા આપ યોગ્ય (પતિ)ને મેં પસંદ કરેલા છે. આપ જેમનું ભજન કરનારને જે મોક્ષ પ્રાપ્ત થાય છે જ તેમનું ચરણ જન્મો લઈ ભ્રમણ કરનારીનું મારૂં શરણ હો. ૪૩.

કારણ કે (રૂક્મિણીએ) જો અજ્ઞાનને લીધે (ભગવાન સાથે) વિવાહ કર્યો હોત તો (તેને) બીજાને પસંદ કરવાનું રહેત. (તેણે ભગવાનને) ઓળખીને જ

પસંદ કરેલા તેથી પોતે જાણેલ વૃત્તાંત (આ શ્લોકમાં) કહે છે. ‘તે’ એટલે પહેલાં કહેલ ‘લક્ષ્મીના પતિ હોવાપણું’ વિગેરે ગુણવાળા ‘આપ’ શબ્દથી (એમ કહેલું છે કે) અવતાર સમયે પણ આપ તેવા જ છો, પરંતુ સ્વરૂપની હાનિ થએલ હોય તેવા નથી.

‘છતાં પણ સમાનનો વિવાહ જ યોગ્ય છે’ એવી શંકા થાય, તેથી ‘યોગ્ય’ વિશેષણ યોજેલું છે. મારા માટે તો આપ યોગ્ય જ છો, કારણ કે (મારાથી) શ્રેષ્ઠ છો, પરંતુ હું આપને યોગ્ય નથી. તેથી આ મેંણું મને દેવાનું નથી.

વળી ઘણા હલકા હોય તેઓએ પણ ઈશ્વરની સેવા પોતાની શક્તિ પ્રમાણે કરવી જ જોઇએ, તે અર્થ ‘જગતના ઈશ્વર’ શબ્દથી કહેલો છે. વળી બધાએ આત્માની સેવા કરવી જોઇએ, કારણ કે સર્વ (પદાર્થ માત્ર) પોતાના (આત્માના) માટે હોય છે. આપ તો આત્મા છો. વળી પુરૂષાર્થ આપનારની સેવા કરવી જોઇએ. તે આપ છો એમ ‘અને આ લોકમાં અને પરલોકમાં કામનાઓ પૂરનારા’ શબ્દોથી કહે છે. ‘च’ ‘અને’ શબ્દથી (એમ કહેલ છે કે) આ લોકમાં પરલોકના સુખો એટલે સ્વર્ગ વિગેરે સુખો (ભગવાન) આપે છે, અને પરલોકમાં જાતિનું સ્મરણ વિગેરેથી આ લોકનું સુખ આપે છે, એવો અર્થ જણાવવા બે ‘च’ ‘અને’ યોજેલા છે. કામના એટલે ઇચ્છેલો પદાર્થ, તેના પુરરૂપ અથવા પ્રવાહરૂપ પૂરે છે (આપે છે)

“ ‘અમે ઉદાસીન છીએ’ (શ્લોક ૨૦) એમ કહેલું છે, તેથી (મને) કામ નહિ હોવાથી તારી કામનાઓ (હું) કેમ પૂરીશ ?” એવી શંકા થાય, તેથી ‘આપનું (તેમનું) ચરણ મારૂં શરણ હો’ શબ્દો યોજેલા છે. આધાર વિનાના સંસારમાં ભ્રમણ કરનારીનું મારૂં આપનો ચરણ શરણ હો. (આપ) કામનાઓ પૂરી ન કરો તો પણ ચરણનો આશ્રય કરવાની ના નહિ પાડો.

‘માત્ર આશ્રય કરવાથી ભગવાન જો કાંઇ પણ (હિત) ન કરે તો શું થાય (વળે)?’ એવી શંકા થાય, તેથી ‘ભજન કરનારને જે મોક્ષ પ્રાપ્ત થાય છે જ’ શબ્દો યોજેલા છે. **अनृतापवर्गः** એટલે મોક્ષ, ખાસ કરીને ન માગેલ હોવા છતાં, ભગવાને ન આપેલ હોય છતાં, ભગવાનના ચરણની સુગંધની પેઠે ભગવાનના ભક્તને પ્રાપ્ત થાય છે. અનૃત (અસત્ય)નો ભગવાનમાં અંત જ છે. ત્યાં (ભગવાન પાસે) પહોંચેલો સીમાડાના છેડે પહોંચેલાની પેઠે તે (અનૃત)નો અભાવ અવશ્ય પ્રાપ્ત કરે છે. તેથી વધારે ફલ ન* હોય તો પણ મોક્ષ તો પ્રાપ્ત થએલો જ હોય છે, એવો (અર્થ છે). ૪૩.

---

* રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ પાઠ પ્રમાણે અર્થ કરેલ છે. આ પાઠ વધારે યોગ્ય જણાય છે.

'જો આટલું જ માગવાનું હોય તો બીજા (પતિ)ને સેવવામાં આવે તો પણ વિષયો ભોગવ્યા પછી, શાસ્ત્રાર્થ પ્રમાણે (ભગવાનનું) ભજન કરવાથી પણ મોક્ષ થાય. તેથી (વિષયોનો ભોગ અને મોક્ષ) બંનેનો ત્યાગ કરીને વિષયોના અધિકારવાળા (જીવ)થી મારૂં ભજન કેમ થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

तस्याः स्युरच्युत नृपा भवतोपदिष्टाः स्त्रीणां गृहेषु खरगोश्वबिडालभृत्याः ॥
यत्कर्णमूलमरिकर्षण नोपयाता युष्मत्कथा मृडविरिञ्च्यसभासु गीताः ॥४४॥

હે અચ્યુત! હે શત્રુનો નાશ કરનાર! આપે જણાવેલા રાજાઓ (જેઓ) સ્ત્રીઓના ઘરોમાં ગધાડા, બલદ, કૂતરા અને બિલાડા પેઠે સેવક થઇ રહે છે તેઓ તે સ્ત્રીના પતિ હો, કે જેના કાનના મૂલમાં શંકર અને બ્રહ્માની સભાઓમાં ગવાએલી આપની કથાઓ આવેલી નથી. ૪૪

જે તેવી પ્રાકૃત છે (અને) માત્ર વિષયોની ઇચ્છા રાખે છે તેના પતિઓ સર્વ (હરકોઇ) પ્રકારે વિષયો પૂરા પાડનારા, આપે ગણાવેલા શિશુપાલ વિગેરે હો.

'બધીએ (સ્ત્રીઓ વિષયોની) ઇચ્છા રાખે છે' એવી શંકા થાય, તેથી 'જેના કાનના મૂલમાં આપની કથાઓ આવેલી નથી' શબ્દો યોજેલા છે. કથાઓનો કાનમાં પ્રવેશ થતાં જે પ્રકારે વિષયોની ઇચ્છા જતી રહે છે તે (આગળ) કહેશે. શા માટે રાજાઓ સર્વ પ્રકારે વિષયોને પોષનારા છે (અને) ભગવાન (તેવા) નથી એ ભેદનું નિરૂપણ '(જેઓ) સ્ત્રીઓના ઘરોમાં (ગધાડા, બલદ, કૂતરા અને બિલાડા પેઠે સેવક થઇ રહે છે)' શબ્દોથી કહે છે. જેઓ ઘરના ગૂલામો પેઠે સ્ત્રીઓના સૂવાના, ભોજન કરવાના, વિહાર કરવાના, મલનો ત્યાગ કરવાના વિગેરે ઘરોમાં પોતાના વૈભવનો ત્યાગ કરી તે (સ્ત્રીઓ)ની સેવામાં તત્પર રહેનારા સેવકો થઈ રહે છે. ગૂલામીમાં પણ ગધાડા વિગેરે શબ્દોથી ચાર પ્રકારનો ભેદ કહે છે, કારણ કે (૧) ગધાડા તેઓને જોઇતું અને તેઓને કરવાનું જલ (લાવવાનું) વિગેરે (કામ) પોતે કરે છે, તે પ્રમાણે જેઓ આળસ વિનાના થઈ પત્નીએ કરવાનું (કામ) પોતે કરે છે. (તેઓ ગધાડા જેવા સેવક છે). અથવા (૨) જેમ **गावः** બલદો ગાડામાં તેમને ફેરવે છે, અથવા (ગાયો) દૂઝે છે એટલે પોતાનું સર્વસ્વ (તેમને) આપે છે, ઇચ્છેલા પ્રદેશોમાં પોતે ભાર વહન કરીને, તે પ્રમાણે તે (સ્ત્રી)ઓને (સર્વ) લાવી આપે છે. અથવા (૩) જેમ કૂતરો રાત્રે ઘરનો સ્વામી ઉંઘતો હોય ત્યારે પોતે જાગતો રહી તેનું રક્ષણ કરે છે તેમ હલકી સ્થિતિમાં રહી (પોતાના) દેહથી (સ્ત્રીઓનું) રક્ષણ કરે છે. એ પ્રમાણે રહેવામાં, હરવાફરવામાં અને શયનમાં સેવકપણું કર્યું. (૪) એમ થતાં પણ જો ભોગ (સ્ત્રીના ભોગની) સમાન થતો હોત, અથવા ભોગ (કરવા) માટે (સેવક-

પણું) થતું હોત તો કાંઇ પણ ચિંતા ન હતી, પરંતુ તે (સ્ત્રી)ઓનું (ભોગ કરતાં) વધેલું, હલકું જ, તેઓનું એઠું અથવા તે આને ઉપયોગી ન હોય તેવું ભોગ માટે (પ્રાપ્ત થાય છે) એમ જણાવવા બિલાડાનું દૃષ્ટાંત કહે છે; કારણ કે તે (બિલાડો) સ્ત્રીઓના પગ પાસે ખાવાનું માગવા માટે અનેક ચેષ્ટાઓ કરે છે, પછી તેઓ દૂધ પીને કોઇ સમયે ઠામને ચોટી રહેલા જેવું આપે છે. તે પ્રમાણે જેઓ હલકો અને અચોકસ ભોગ કરનારા છે, તેઓ જ સ્ત્રીઓને ભોગ પ્રાપ્ત કરાવી શકે છે. વિષયોની ઇચ્છા રાખનારીઓ તેવા (પતિ)ની જ ઇચ્છા રાખે છે.

કથાઓ બધાએના કાનમાં સામાન્ય રીતે પ્રવેશ કરે છે, તેથી જે પ્રકારના પ્રવેશથી કાર્ય કરે છે તે કહેવા માટે 'કાનના મૂલમાં (આવેલી)' શબ્દ યોજેલ છે. કથાઓ અંદર પ્રવેશ કરતાં મૂલ સાથે સંબંધ(માં આવે છે). વિષયોની ઇચ્છાનો નાશ કરવાનું કારણ '**अरिकर्षण**' શબ્દથી કહેલું છે. **विषं** વિષ **यान्ति** થાય છે તે **विषयाः** શત્રુઓ છે, તેઓનો **कर्षंते** નાશ કરે તે શત્રુઓનો નાશ કરનાર વિષયોનો નાશ કરનાર થાય છે. તે (ભગવાન)ની કથાઓ તેમના જેવી છે. તે (કથાઓ) પણ 'અચ્યુત' એટલે પોતાનો નાશ થવાના ભય વિનાની છે, કારણ કે વિષયો તેમનો નાશ કરી શકતા નથી. તેમાં પણ (કથાઓ) ઘણા રૂપોવાળી હોઇ એક રૂપવાળા ભગવાનથી પણ* ઘણી બલવાન છે. તેમાં પણ તેઓ પોતે જ ઘણીઓ **उप** સમીપ આવે છે. '**युष्मत्कथाः**' 'આપની કથાઓ' એ સમાસથી (એમ) કહેલું છે કે તેઓ સદા ભગવાન સાથે રહેનારી છે. તેઓ વિષયોને દૂર કરનારી છે એવી યુક્તિ (તર્ક) કહીને, 'શંકર અને બ્રહ્માની સભાઓમાં ગવાએલી' વિશેષણથી પ્રમાણ કહે છે. તે બે (શંકર અને બ્રહ્મા) પ્રલય કરનાર અને ઉત્પત્તિ કરનાર છે. તે બે (પ્રલય અને ઉત્પત્તિ) તેઓને અધીન જ હોવાથી, જે તેઓને જરૂરવાળું તેઓની સભાઓમાં ગવાય છે, તે તેઓને દુર્લભ અને (તેઓએ) ઇચ્છેલું છે. દરરોજ ભરવામાં આવતી બધીએ સભાઓમાં ભગવાનની કથાઓ જ ગવાય છે. આથી એમ કહેલું છે કે તે બેથી પણ ભગવાન ઉત્તમ છે. તે બેએ કથાઓનાં ફલનો નિર્ણય કરેલો હોવાથી, (કથાઓ સંબંધી) પ્રમાણ જણાવવામાં તે પ્રમાણે કહેલું છે, કારણ કે તે બે જ મુખ્ય છે. આ (શ્લોક 'થી 'જે ભગવાનની કથાઓનું શ્રવણ કરતી નથી તે તેવો (ગૂલામી કરનાર) પતિ પ્રાપ્ત કરે છે' એવો સ્ત્રીઓને શાપ કહેલો છે; કારણ કે તે (રૂક્મિણી) એમ માને છે કે સ્ત્રીઓ સામાન્ય રીતે દુષ્ટ હોવાથી (તેઓના દોષને) યોનિનો દોષ માનીને ભગવાન એ પ્રમાણે (પોતાને તેમનું ભજન કરવાની) ના પાડે છે, કારણ કે તેમ ન હોય તો (પોતાની) સમાન નથી તેવા પણ પુરૂષોને ભજન કરવાની ના નહિ પાડતાં, મને જ કેમ ના પાડે છે ? ૪૪.

---

* વૃદાવન પ્રેસવાળી પ્રતનો '**ऽपि बलिष्ठाः**' પાઠ લઇ અર્થ કરેલો છે.

'ત્યારે તે (સ્ત્રી)ઓને તે (પતિ)ઓથી આ લોકનું સુખ થશે (મળશે). આ લોક અને પરલોક સમાન હોવાથી (તેં આપેલો) શાપ નમાલો છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

त्वक्श्मश्रुरोमनखकेशपिनद्धमन्तर्मांसास्थिरक्तकृमिविट्कफपित्तवातम् ॥
जीवच्छवं भजति कान्तमतिर्विमूढा या ते पदाब्जमकरन्दमजिघ्रती स्त्री ॥४५॥

જે સ્ત્રી આપના ચરણકમલના મકરંદની સુગંધ લેતી નથી તે મૂર્ખી જેની અંદર માંસ હાડકાં લોહી કીડાઓ વિષ્ટા કફ પિત્ત અને વાત છે તેવા, ચામડી દાઢી રૂંવાડાં નખ અને કેશથી મઢેલા જીવતાં મડદાને 'કાન્ત' માનીને સેવે છે. ૪૫.

મડદાનું આલિંગન કરવામાં કાંઇ પણ ભોગ નથી. સ્વપ્નમાં પણ તેવું (મડદાનું આલિંગન) જોવાથી મૃત્યુ થાય છે. (સ્ત્રીઓ) અગ્નિમાં પ્રવેશ કરે (સતી થાય) ત્યારે તો મડદાનું આલિંગન થતાં મૃત્યુ (થાય છે તે) સ્પષ્ટ જ છે. જો તે દેહમાં કોઈ ઇંદ્રિયવાળો ચૈતન્યવાળો (જીવ) હોય તો તે ગધાડા વિગેરેની સ્થિતિ પ્રાપ્ત ન કરે. તેથી (તે) માત્ર મડદું જ છે, પરંતુ જીવતું મડદું છે. પ્રસિદ્ધ (મડદાં) કરતાં (વધારામાં) પ્રાણો આમાં રહેલા છે.

તે માત્ર મડદું છે એટલું જ દૂષણ નથી, પરંતુ અવયવોના પ્રકારથી બહારના અને અંદરના ભેદથી વિચાર કરતાં પણ તે દોષવાળું છે એમ કહે છે. તે મડદાંની બધી બાજુએ ચામડી છે. ઉંચે લટકતા ભાગમાં ઢાંકણાનો* આગલો ભાગ હોય તેની પેઠે દાઢી છે. તરખલાંઓની પેઠે બધે રૂંવાડાં છે. જેમ કિલ્લા ઉપર ટોચો અથવા ભાલાંઓ હોય તેવા છેડાઓ ઉપર નખો છે. પાછળ કેશો છે. એવી રીતે બહારથી બધે મઢેલું છે. અંદર તો માંસ અને તેનો પણ આધાર બનેલ હાડકાં છે. તેમાં પણ વચમાં નાડીઓમાં લોહી છે. નાડીઓ (માંસની) બહાર પણ નીકળે છે, તેથી માંસની બહાર પણ લોહી પ્રાપ્ત થાય છે. વાસ્તવિક રીતે તો (લોહી માંસની) અંદર હોય છે, અને તેમાં કીડાઓ એટલે નાના જીવડાં હોય છે. તેથી પણ અંદર વિષ્ટા હોય છે, (અને) શાસ્ત્રમાં પ્રસિદ્ધ રોગ વિગેરે સૂચવનારા કફ પિત્ત અને વાત હોય છે. એવી રીતે દેખાતા અને ન દેખાતા દોષો જણાવ્યા.

'જો (તે) આવું ખરાબ હોય, તો (સ્ત્રી તેને) કેમ સેવે?' એવી શંકા થાય, તેથી 'કાંત માનીને' શબ્દ યોજેલ છે. 'આ (મારો) કાંત ઘણો સુંદર છે' એવી (તેની) તેનામાં ઉત્તમ હોવાની બુદ્ધિ છે.

'દરરોજ મલ વિગેરે રૂપ તે દેખાય છે, તેથી તેનામાં કાંત હોવાની બુદ્ધિ કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી 'મૂર્ખી' વિશેષણ યોજેલું છે.

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'छदैः' પાઠ યોગ્ય લાગવાથી તે પાઠ પ્રમાણે અર્થ કરેલો છે.

‘બધીએ સ્ત્રીઓની આજ સ્થિતિ હોય છે. તેથી (તે સ્થિતિ) સાધારણ હોવાથી, ભોગ શબ્દનો આજ અર્થ હોવાથી, (અને તે) સુખ ઉત્પન્ન કરે છે એવો અનુભવ થતો હોવાથી તેના દોષનું વર્ણન કરવું નકામું છે’ એવી શંકા થાય; તેથી ‘જે આપના ચરણકમલના મકરંદની (સુગંધ લેતી નથી)’ શબ્દો યોજેલા છે. જેમ કાન (ભગવાનની) કથાનું ગ્રહણ કરે છે, તેમ જો નાક પણ ભગવાનની સેવા કરીને ભગવાનના ચરણારવિંદની રજને ગ્રહણ કરે તો મડદાંને સ્વીકારતું નથી; કારણ કે જે કમલની સુગંધ લે છે તે મડદાંની ગંધથી શંકાય છે (દૂર રહે છે). ભેદ નહિ જાણનાર કાગડા વિગેરે તો શંકાતા નથી; તેથી આ સર્વ (કોઇ પણ) પ્રકારે ભોગરૂપ નથી. પતિવ્રતાને આ લાગુ પડતું નથી એમ જણાવવા ‘સ્ત્રી’ શબ્દ યોજેલો છે, કારણ કે તે (પતિવ્રતા) ધર્મ (પ્રાપ્ત કરવા) માટે જ તેને ભગવાન માનીને ભજે છે, અને તેને વિષયોની ઇચ્છા પણ નથી.

એવી રીતે (ભગવાન વિના) બીજાનું સેવન કરનારી સ્ત્રીની તથા પુરૂષની નિંદા કરીને, પોતાને માત્ર વિષયોનો જ અધિકાર હોવાથી, વિષયોનો તદ્દન અનુભવ નહિ કરતાં એકલો મોક્ષ (પ્રાપ્ત કરવા)નો અધિકાર નહિ* હોવાથી, પોતાની (ભગવાનને જ સેવવાની) પ્રવૃત્તિ પણ વ્યર્થ થશે’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अस्त्वम्बुजाक्ष मम ते चरणानुराग आत्मन्रतस्य मयि चानतिरिक्तदृष्टेः ॥
यर्ह्यस्य वृद्धय उपात्तरजोऽतिमात्रो मामीक्षसे तदु ह नः परमानुकम्पा ॥४६॥

હે કમલનયન! આત્મામાં રમણ કરનારા અને મારા વિષે પણ જૂદી દૃષ્ટિ નહિ રાખનાર આપના ચરણમાં મારો પ્રેમ હો. જ્યારે આની વૃદ્ધિ માટે રજોગુણની અતિમાત્રા આપ ધારણ કરો ત્યારે મારા તરફ દૃષ્ટિ કરશો. તેજ અમારા ઉપર ઘણી કૃપા થશે. ૪૬.

‘હે કમલનયન!’ સંબોધન દૃષ્ટિથી જ ઘણું સુખ આપનાર હોવાપણું સૂચવે છે. ‘આપના ચરણમાં મારો પ્રેમ હો. બંનેનો (પરસ્પર) પ્રેમ હોય ત્યારે બંનેને સ્પર્શ વિગેરેથી સુખ થાય છે, પરંતુ પ્રેમ ન હોય ત્યારે (થતું) નથી. તેમાં જો ભગવાનનો મારા ઉપર પ્રેમ ન હોય તો મેં કરેલા સ્પર્શ વિગેરેથી (તેમને) સુખ ન થાય, છતાં પણ (તે) પૂર્ણ આનંદવાળા હોવાથી (તેમને) કાંઇ હાનિ નથી. હું તો પૂર્ણ આનંદવાળી ન હોવાથી, બીજે સ્થલે (ભગવાનના ચરણ સિવાયના અવયવોમાં) સ્પર્શ કરવામાં ઉદ્ધતાઇ થાય તેથી, (અને) ચરણનો સ્પર્શ કરવામાં વિરોધ નથી તેથી (મારો) પ્રેમ ત્યાં (ચરણમાં) હો. પ્રાર્થના (કરવા)ના અર્થમાં આજ્ઞાર્થ (अस्तु) યોજેલ છે. “मम ते” “આપના (ચરણમાં)

---

* ‘**केवलमोक्षाधिकाराभावात्**’ મૂળ પાઠ જ બરાબર જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

મારો" એવો અંતરાય વિનાનો‡ સંબંધ પ્રાર્થના (કરવા)ના અધિકારનું કારણ છે. ભગવાનને (મારા પ્રેમની) જરૂર નહિ હોવાથી, બીજાનો પ્રેમ કોઇ પ્રસંગે નડતર તરીકે ઇચ્છેલો ન હોય તેથી, ભગવાનની (મારો તેમનામાં પ્રેમ હોય એવી) ઇચ્છા ન હોવાથી પ્રેમ ન થાય, તેથી પ્રાર્થના (કરેલી છે). ભગવાનને (મારા પ્રેમની) જરૂર નથી, તેનું કારણ 'આત્મામાં રમણ કરનારા' વિશેષણથી કહેલું છે.

'ત્યારે આત્મામાં રમણ કરનારા ભગવાન વિષયોની પેઠે તારી સાથે પણ સંબંધ કરશે નહિ' એવી શંકા થાય, તેથી 'મારા વિષે પણ (જૂદી દૃષ્ટિ નહિ રાખનાર)' શબ્દો યોજેલા છે; જેમ ભગવાન આત્મામાં રમણ કરે છે તેમ પ્રપંચમાં પણ રમણ કરે છે. તેમાં પ્રપંચનું મૂલ સ્વરૂપ હું હોવાથી સૃષ્ટિ અને પ્રલય થાય છે, તેથી (ભગવાન) મારા સંગનો વિરોધ કરશે નહિ, એવો અર્થ છે.

'એમ હોય તો સંસારીઓ અને આત્મામાં રમણ કરનારાઓમાં શું ભેદ?' એવી શંકા થાય, તેથી 'જૂદી દૃષ્ટિ નહિ રાખનાર' શબ્દ યોજેલ છે. સર્વરૂપ ભગવાન, આત્મામાં અથવા મારામાં જૂદી નથી દૃષ્ટિ જેમની, તેવા છે. બધાએ આત્મરૂપ હોવાથી સર્વ સ્થલે (ભગવાનની) એકજ દૃષ્ટિ છે.

'ત્યારે તારો સ્ત્રીરૂપ પુરૂષાર્થ કેમ પ્રાપ્ત થશે? પ્રાપ્ત નહિ થાય, તો સ્ત્રીપણું વ્યર્થ થશે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. જ્યારે ભગવાન આ જગતની વૃદ્ધિ માટે, 'ધારણ કરેલી છે રજોગુણની અતિમાત્રા એટલે અધિકમાત્રારૂપ કામ જેમણે' તેવા થઇ ત્યારે મારા તરફ દૃષ્ટિ કરશે,—વર્તમાન કાલની સમીપના (ભવિષ્યકાલ) માટે વર્તમાનકાલ પેઠે પ્રયોગ કરેલો છે (નિ. ૩–૩–૧૩૧) ત્યારે એટલે તેજ સમયે, નઃ અમારા ઉપર એટલે બધી શક્તિઓ ઉપર ઘણી કૃપા થશે. અમારા ઉપર (ભગવાનની) ઘણી કૃપા છે, એવો અર્થ છે. 'હે ભારત! મહદ્ બ્રહ્મ મારી યોનિ છે. તેમાં હું ગર્ભ મૂકું છું. તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે' (ભગવદ્ગીતા ૧૪–૩) વાક્ય પ્રમાણે માત્ર દૃષ્ટિથી જ ચિત્ શક્તિ મૂકવાનું કહેલું છે. ભગવાનની સાથેનો સંબંધ તો સદાનો હોવાથી, દૃષ્ટિ જ (થશે) એજ ભેદ છે. ૪૬.

એ પ્રમાણે ભગવાન ઉદાસીન રહે તો પણ પોતાને સર્વ પુરૂષાર્થો પ્રાપ્ત થશે એમ કહીને, સુખના આરંભમાં ભગવાને જે એવું (એવાં વાક્ય) કહ્યાં તેનું શું પ્રયોજન હોવું જોઇએ એમ વિચારી, (મારી) પરીક્ષા કરવાનો તે (વાક્યો)નો ઉપયોગ હતો એવા ભાવનું નીચેના બે શ્લોકોમાં વર્ણન કરે છે:—

---

‡ 'मम ते' શબ્દો શ્લોકમાં પાસે પાસે જ છે. એની વચ્ચે બીજો કોઇ શબ્દ નથી, તેથી એનો સંબંધ અંતરાય વિનાનો કહેલો છે.

नैवालीकमहं मन्ये वचस्ते मधुसूदन ॥
अम्बाया इव हि प्रायः कन्यायाः स्याद्रतिः क्वचित् ॥४७॥
व्यूढायाश्चापि पुंश्चल्या मनोऽभ्येति नवं नवम् ॥
बुधोऽसतीं न बिभृयात्तां बिभ्रदुभयच्युतः ॥४८॥

હે મધુસૂદન! આપનાં વચનને હું વગર વિચારેલું માનતી નથી. કારણ કે ઘણા ભાગે અંબાની પેઠે કન્યાનો પ્રેમ કોઇ પ્રસંગે થાય છે; અને પરણેલી પણ વ્યભિચારિણીનું મન નવા નવા (પુરૂષ) પાસે જાય છે. ડાહ્યા માણસે વ્યભિચારિણીનું પોષણ કરવું ન જોઇએ. તેનું પોષણ કરનાર બંને (લોક)થી ભ્રષ્ટ થાય છે. ૪૭-૪૮.

જેવો સાંભળવામાં આવ્યો તેવા અર્થ પ્રમાણે પણ આપનું વચન વગર વિચારેલું હોવાનું હું માનતી નથી. '**अलीकम्**' એટલે વગર વિચારેલું વચન. '(હે મધુસૂદન! સંબોધનથી) એમ સૂચવેલું છે કે મધુનો નાશ કરનાર હોવાથી ઘણા શક્તિવાળા, સર્વની ઇચ્છા વિનાના (આપ)ને ક્લેશવાળું (કાર્ય) કરવાનું પ્રયોજન નહિ હોવાથી, (આપે) પરીક્ષા કરીને જ સંબંધ કરવો જોઇએ. (આપને આવો) વિચાર આવવામાં (મારૂં) સ્ત્રીપણું જ કારણ છે; કારણ કે મોટા કુલમાં ઉત્પન્ન થએલી કાશિરાજની પુત્રી અંબાનો પ્રેમ શાલ્વમાં જોવામાં આવેલો તેની પેઠે કોઈ પ્રસંગે કન્યાનો પ્રેમ (કોઇમાં) થાય છે. "અંબા અંબિકા અને અંબાલિકા એ ત્રણ સ્વયંવર ઇચ્છનારી કાશિરાજની કન્યાઓને ભીષ્મ વિચિત્રવીર્ય માટે લાવેલ. પછી મોટી (અંબા)એ 'મારૂં મન શાલ્વમાં છે' એમ ભીષ્મને પોતાનો અભિપ્રાય કહ્યો. પછી ભીષ્મે (તેને શાલ્વ પાસે) મોકલી. બીજાએ હરણ કરેલી હોવાથી શાલ્વે તેને રાખી નહિ. (તે) પાછી ભીષ્મ પાસે આવી. પરશુરામે કહેવા છતાં ભીષ્મે તેને ન રાખી. એટલે તપ વડે (એ) દેહનો ત્યાગ કરી (તે) શિખંડી થઇને ભીષ્મને હણવા ઉત્પન્ન થઇ" એવી ભારતમાં કથા છે. પરણેલી પણ વ્યભિચારિણી જન્મના સંસ્કારને લીધે અથવા ગ્રહોને લીધે ઘણા પુરૂષોના સંબંધવાળી થાય છે, પછી તેનું મન નવા નવા પુરૂષ પાસે જાય છે. (તેની) પરીક્ષા કરીને અવશ્ય તે જાણવું જોઇએ. તે (જાણવા)નું પ્રયોજન 'ડાહ્યા પુરૂષે વ્યભિચારિણીનું પોષણ ન કરવું જોઇએ' શબ્દોથી કહેલું છે. 'તેનું પોષણ કરનાર બંને (લોક)થી ભ્રષ્ટ થાય છે' શબ્દોથી (પોષણ કરવાથી થતી) હાનિ કહેલી છે. ૪૮.

એવી રીતે એ પ્રકારે (રૂક્મિણીએ) અભિપ્રાય સહિત ભગવાનનાં વાક્યોનું વ્યાખ્યાન કર્યું. તે વ્યાખ્યાનમાં (તેને) દિલાસો આપવા પોતાનો અભિપ્રાય (ભગવાને) જણાવેલો તેનું તેણે કરેલું વર્ણન સાંભળીને, (તેનું) અનન્યપણું જાણીને, (તેણે) દીનપણું અને હલકા હોવાની સ્થિતિ પણ જણાવેલી હોવાથી

(તેનામાં) મદ નથી એમ પણ જાણીને, સંતોષ પામી, નીચેના શ્લોકથી આરંભી ભગવાન તેનાં વાક્યોનું અભિનંદન કરે છે:—

॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન કહે છે:—

साध्व्येतदभिज्ञाय त्वं राजपुत्रि प्रलम्भिता ॥
मयोदितं यदन्वात्थ सर्वं तत्सत्यमेव हि ॥४९॥

હે ભલી રાજપુત્રિ! આ સમજીને મેં તને મેણું કહેલું, મેં કહેલ તેનું તેં જે વ્યાખ્યાન કર્યું તે બધું ખરેખર સાચું જ છે. ૪૧.

આ (તેં) વ્યાખ્યાન કહ્યું તે સારૂં જ છે. અથવા 'હે ભલી (સ્ત્રી)' એવું (સંબોધન લેવું). પહેલાં જ તું આવું બોલીશ એમ સમજીને (મેં તને) प्रलम्भिता વાંકું બોલીને મેણું કહેલું. આમ બોલવાનું (રૂક્મિણીનું) સામર્થ્ય 'રાજપુત્રિ' સંબોધનથી (કહેલું છે). 'ભલી' શબ્દથી એમ જણાવ્યું છે કે આ (મેં કહેલ તે) દોષ (તારામાં) નથી. (મારાં વાક્યોનું) વ્યાખ્યાન તેં વ્યાખ્યાન કર્યું તેવું જ છે એમ ઉત્તરાર્ધથી કહે છે. કહેલ હોય તેને અનુસરીને બોલવું તે વ્યાખ્યાન. તેથી મેં કહેલ તેનું તેં જે अन्वात्थ વ્યાખ્યાન કર્યું તે બધું સાચું જ છે. 'हि' 'ખરેખર' શબ્દથી (એમ કહેલું છે કે) આ અર્થ યોગ્ય જ છે. તેમ ન હોય તો (મારાં) વાક્યો અર્થના સંબંધ વિનાના થાય. ૪૯.

નીચેના શ્લોકમાં, પ્રસન્ન થએલા (ભગવાન રૂક્મિણીએ) માગેલ ચરણારવિંદમાં પ્રેમનું દાન કરવાનું કહેતાં ઘણુંએ આપે છે:—

यान् यान् कामयसे कामान्मय्यकामाय मानिनि ॥
सन्ति ह्येकान्तभक्तायास्तव कल्याणि नित्यदा ॥५०॥

હે માનિનિ! હે કલ્યાણિ! જે જે કામોની તું કામના કરે છે તે મારા વિષેની હોવાથી અનન્ય ભક્તિવાળીના તારા નિષ્કામપણા માટે સદાએ છે. ૫૦.

મારા સંબંધવાળા સકામ અને નિષ્કામ બધાએ વ્યવહારો નિષ્કામ જ છે. ફરી કહેવાને લીધે, પ્રાપ્ત થઇ ગએલ હોય તેની પેઠે આ વર(દાન) (ભગવાને રૂક્મિણીને) આપેલ છે કે જે કામોની તું કામના કરે છે તેમની નિષ્કામપણા માટે કામના કરે છે, કારણ કે (તે) મારા વિષેની (કામનાઓ) છે એમ બીજી વાર[1] લઇ (વાક્યની) યોજના (કરવાની છે). (કામનાઓ) જૂદા જૂદા પ્રકારની હોવાને લીધે (જે જે એમ) બે વાર કહેલ છે. તેથી 'તારી કામનાઓ નિષ્કામ થાઓ' એમ કહેવાએલું થાય છે. 'માનિનિ' એ સંબોધન એમ સૂચવે છે કે (તારા) માનને ઉતારવા માટે એમ કહેલ છે, કારણ કે માનિની (માનવાળી સ્ત્રી) નિષ્કામ હોતી નથી.

---

[1] કામનાઓ મારા વિષેની છે, તેથી તે નિષ્કામપણા માટે છે એમ ફરી કહેલું છે. 'મારા વિષે' શબ્દથી નિષ્કામપણું થવાનું કારણ કહેલું છે એવો અર્થ છે. (લે)

એ પ્રમાણે કામનાઓનું નિષ્કામપણું વર્ણવીને, ઉત્તરાર્ધથી બધીએ કામનાઓ આપે છે. 'सन्ति हि' 'છે' એટલે કામનાઓ છે* દાન કર્યા વિના જ તે હોવાનું (પ્રાપ્ત થવાનું) કારણ 'અનન્ય ભક્તિવાળી' વિશેષણથી કહેલું છે. 'हि' (શબ્દથી એમ કહેલું છે કે) આ અર્થ યોગ્ય જ છે, કારણ કે જે અનન્ય ભક્તિવાળી હોય તે સર્વ પ્રાપ્ત કરે છે, અથવા 'एकान्तभक्तायाः' એટલે) જે એકાંતમાં ભજન કરે છે તે પણ ઇચ્છેલું કામનાઓનું સુખ પ્રાપ્ત કરે છે. 'तव' 'તારા' શબ્દથી તે વિષયમાં (રૂક્મિણીનો) અનુભવ (હોવાનું) કહેલું છે. 'હે કલ્યાણિ' એ સંબોધનથી (આવું ફલ પ્રાપ્ત કરવા માટે) સ્વરૂપની યોગ્યતા અને (ભગવાનને) પરણેલી હોવાથી ભાગ્ય કહેલાં છે. 'नित्यदा' એટલે સદા (આ) વૈદિક (પ્રયોગ) છે. ૫૦.

તે સમયે (રૂક્મિણીની) પડી જવાની ક્રિયાથી જે (પરિણામ) થયું તે નીચેના શ્લોકમાં કહે છે:

उपलब्धं पतिप्रेम पातिव्रत्यं च तेऽनघे ॥
यद्वाक्यैश्चाल्यमानाया न धीर्मय्यपकर्षिता ॥५१॥

હે પાપ રહિત સ્ત્રી! તારો પતિ ઉપરનો પ્રેમ અને પતિવ્રતાપણું જાણવામાં આવ્યા, કારણ કે વાકયોથી (તને) ડગાવવા છતાં મારામાં (તારી) ભક્તિ ઘટી નહિ. ૫૧.

(મારાથી તારો) ત્યાગ થાય તેવો સંભવ થતાં (જણાતાં)જ (તેં) શરીરનો ત્યાગ કર્યો તેથી તારો પતિ ઉપરનો પ્રેમ જાણવામાં આવ્યો; અને (પતિ) વ્રતનો ભંગ થતાં મરણ જ સ્વીકાર્યું તેથી પતિવ્રતાપણું જાણવામાં આવ્યું. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) મારો સ્પર્શ થવાથી જ (તને) જીવન પ્રાપ્ત થયું તેથી મારામાં (તારી) સ્થિર ભક્તિ પણ (જાણવામાં આવી). 'च' 'અને' શબ્દથી (કહેલાં ભક્તિ જણાવાના કારણથી) જૂદું કારણ પણ ઉત્તરાર્ધથી કહે છે. જે કારણથી વાકયોથી (તને) ડગાવવા છતાં પણ મારામાં તારી ભક્તિ ઘટી નહિ. (ભક્તિ) જરા પણ ન હોવાનો તો સંભવ જ ન રહ્યો. ૫૧.

(સંસારમાં) વૈરાગ્યવાળી તેણે (રૂક્મિણીએ) ભક્તિમાર્ગ પ્રમાણે ભક્તિનો જ સ્વીકાર કરીને પ્રાસંગિક કામનું જે સમર્થન કરેલું તેજ યોગ્ય છે, પરંતુ લૌકિકની પેઠે મારૂં ભજન યોગ્ય નથી, એમ (એ વિષયમાં ભગવાન) પોતે સંમતિ કહેવા, નીચેના શ્લોકમાં (તેથી) વિરૂદ્ધ કાર્ય કરવાથી હાનિ થાય છે એમ કહે છે:—

ये मां भजन्ति दाम्पत्ये तपसा व्रतचर्यया ॥
कामात्मानोऽपवर्गेशं मोहिता मम मायया ॥५२॥

જે કામમાં ચિત્તવાળાઓ તપથી અને વ્રત આચરીને દંપતીના

---

* 'છે' એટલે તારી પાસે છે, તને પ્રાપ્ત થએલી છે, મારે આપવાપણું નથી એવો અર્થ છે.

જેવી સ્થિતિ માટે મને મોક્ષ આપનારને ભજે છે, તેઓ મારી માયાથી મોહ પામેલા છે. ૫૨.

'**दाम्पत्ये**' એટલે દંપતીના જેવી સ્થિતિ (પ્રાપ્ત કરવા) માટે ભક્તિમાર્ગમાં એવી રીતે (મારૂં ભજન થતું) નથી તેથી, બીજા સ્થલે (માર્ગોમાં) ભગવાનનું ભજન લોકમાં પ્રસિદ્ધ (થએલ) નહિ હોવાથી[1], કર્મમાર્ગમાં પોતે તે (તેવું ભજન) કહેવા માટે 'તપથી અને વ્રત આચરીને' શબ્દોથી (તેનાં) સાધન કહે છે. તપ પુરૂષનું (સાધન) છે વ્રતનું આચરણ સ્ત્રીનું (સાધન) છે.

'ભગવાનને પણ તે પ્રમાણે કેમ ભજતા હશે? કારણ કે શીતલતા માટે કોઇ પણ અગ્નિને સેવતું નથી' એવી શંકા થાય, તેથી 'કામમાં ચિત્તવાળાઓ' શબ્દ યોજેલો છે. કામમાં ચિત્તવાળાઓ કામને જ પુરૂષાર્થ માને છે. ભગવાન '**अपवर्गेशः**' મોક્ષ આપનાર છે. એ પ્રમાણે જેમની સેવા કરવામાં આવે છે તે અને સેવા કરનાર વિરૂદ્ધ હોવા છતાં પણ જે સેવા થાય છે, તે માયાએ કરેલા મોહને લીધે જ થાય છે એમ 'મારી માયાથી મોહ પામેલા છે' શબ્દોથી કહેછે. ૫૨.

સાધારણ સેવકોની (ગયા શ્લોકમાં) સ્થિતિ કહીને, જેઓ વળી ખાસ કરીને ભગવાનને પ્રાપ્ત થએલા છે, તેઓ પણ જો કામનાવાળા હોય તો કાલથી તેઓની બુદ્ધિનો નાશ થાય છે એમ નીચેના શ્લોકમાં (તેમની) નિંદા કરે છે:—

मां प्राप्य मानिन्यपवर्गसम्पदं वाञ्छन्ति ये सम्पद एव तत्पतिम् ॥
ते मन्दभाग्या निरयेऽपि ये नृणां मात्रात्मकत्वान्निरयः सुसङ्गमः ॥५३॥

હે માનિનિ! મોક્ષની પ્રાપ્તિ જેમનાથી થાય છે તેવા તે(મોક્ષ)ના પતિને મને પ્રાપ્ત કરીને જે વિષયરૂપ હોવાથી નરકમાં પણ માણસોને પ્રાપ્ત થાય છે તેવી સંપત્તિઓની જ જેઓ ઇચ્છા કરે છે, તેઓ મંદ ભાગ્યવાળા છે. નરક સ્હેલાઇથી પ્રાપ્ત થાય તેવું છે. ૫૩.

अपवर्गस्य મોક્ષની **संपत्** પ્રાપ્તિ થાય છે જેમનાથી તેવો (હું છું). 'હે માનિનિ!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે (તારામાં) માન હોવાથી તું

---

[1] લોકો તો કામમાં ચિત્તવાળા છે. ભક્તિમાર્ગમાં એ પ્રમાણે નથી એટલે કામમાં ચિત્ત હોતું નથી, તેથી કર્મ વિગેરે માર્ગોથી બીજે એટલે ભક્તિમાર્ગમાં ભજન લોકમાં પ્રસિદ્ધ થએલું નથી એવો અર્થ છે. (લે) આ અર્થ યોગ્ય લાગતો નથી. 'ભક્તિમાર્ગમાં દંપતીની સ્થિતિ માટે ભજન કરવાનું હોતું નથી' એમ કહીને 'બીજે ભગવાનનું ભજન લોકમાં પ્રસિદ્ધ નથી' એમ કહેલું છે. તેથી ભક્તિમાર્ગથી બીજા માર્ગોમાં ભગવાનનું ભજન પ્રસિદ્ધ નથી એવો જ અર્થ થાય. તેથી કર્મમાર્ગમાં ભજન પ્રસિદ્ધ નહિ હોવાથી ભગવાન પોતે તેવું (દંપતીની સ્થિતિ માટેનું) ભજન તે માર્ગનું છે એમ કહેવા તેવાં ભજનનાં તે માર્ગનાં સાધનો કહે છે. ભક્તિમાર્ગમાં ભજન લોકમાં પ્રસિદ્ધ નથી, એ પણ બરાબર જણાતું નથી. ભજન પ્રસિદ્ધ ન હોય તો ભક્તિમાર્ગ જ ન કહેવાય.

(મોક્ષ) માગતી નથી. જેઓ માત્ર આ લોકની સંપત્તિઓ માટે જ પ્રાર્થના કરે છે તેઓ મંદ ભાગ્યવાળા છે. જેમ મંદ ભાગ્યવાળો નિધિને પણ પ્રાપ્ત કરીને, ‘ આ પથ્થર છે ’ એમ માની (તેને) પગથી ફેંકી દે છે. આ મંદ ભાગ્યવાળાનું લક્ષણ છે.

‘ સ્ત્રી, ધન વિગેરે વિષયો પણ દુર્લભ છે. તેથી (તે માગે તેઓ) મંદ ભાગ્યવાળા કેમ (ગણાય) ? ’ એવી શંકા થાય, તેથી ‘ જે વિષયો નરકમાં પણ માણસોને પ્રાપ્ત થાય છે ’ એમ કહેલું છે. તે (પ્રાપ્ત થવા)નું કારણ ‘ વિષયરૂપ હોવાથી ’ શબ્દથી કહેલું છે, કારણ કે ક્યાંય પણ વિષયો ન હોય તેવું નથી, કેમ કે કૂતરા વિગેરેની યોનિમાં પણ વિષયોનો ભોગ જોવામાં આવે છે. વિષયનો સંબંધ હોય ત્યાં દુઃખ તો નક્કી છે. (દુઃખનું) થોડા ઓછાપણું તો નિરર્થક છે.

‘ ત્યારે સંપત્તિઓવાળું તેવું નરક પણ સારૂં ’ એવી શંકા થાય, તેથી ‘ નરક સ્હેલાઇથી પ્રાપ્ત થાય તેવું છે ’ શબ્દો કહેલા છે. સુષ્ઠુ સારી રીતે થાય તેવો સુક્રમઃ સંબંધ છે જેનો તેવું (નરક છે). તે (પ્રાપ્ત કરવા) માટે તપ અથવા મારૂં ભજન કરવાં પડતાં નથી. તેથી દુઃખ વિના પ્રાપ્ત થાય તેવું પ્રાપ્ત કરવા દુઃખ(વાળાં સાધન) કરવાં એ દુર્ભાગ્ય છે; અથવા પૂર્ણ (ભગવાન) પાસેથી હલકું માગતાં મંદ ભાગ્યવાળા થવાય, તેથી તેવો વિચાર ન કરવો, એવો ઉપદેશ છે. ૫૩.

‘ મારા તરફ દૃષ્ટિ કરશો તેજ અમારા ઉપર ઘણી કૃપા થશે ’ (શ્લોક ૪૬) એમ જે તે (રૂક્મિણીએ) કહ્યું, તેનું નીચેના શ્લોકમાં અભિનંદન કરે છે:—

दिष्ट्या गृहेश्वर्यसकृन्मयि त्वया कृतानुवृत्तिर्भवमोचनी खलैः ॥
सुदुष्करासौ सुतरां दुराशिषो ह्यसुंभराया निकृतिजुषः स्त्रियाः ॥५४॥

હે ગૃહેશ્વરિ ! તેં સદ્ભાગ્યે વારંવાર ભવ મટાડનારી મારામાં અનુવૃત્તિ કરી. ઠગોને લીધે આ થવી ઘણી કઠણ છે. દુષ્ટ ઇચ્છાઓવાળી, પ્રાણનું પોષણ કરનારી, નરક સેવનારી સ્ત્રીથી તે થવી ઘણીજ કઠણ છે. ૫૪.

મારામાં વારંવાર જે અનુવૃત્તિ કરી, તે સદ્ભાગ્યે કરી, કારણ કે તે ભવ મટાડનારી છે. ‘ હે ગૃહેશ્વરિ ! ’ એ સંબોધન એમ સૂચવે છે કે લોકમાં પ્રસિદ્ધ સંસારનું સુખ તને પ્રાપ્ત થઈજ ગયું છે. ‘ અનુવૃત્તિ ’ એટલે ભગવાન ઉદાસીન હોય તો પણ તેમને અનુસરવું તે. પહેલાં પત્ર મોકલીને (તેં) આત્મસમર્પણરૂપ (તે) અનુવૃત્તિ (કરી). પછી રૂક્મીના વધના પ્રસંગે પ્રાર્થનાથી વાણીના સમર્પણ રૂપ (અનુવૃત્તિ કરી). પછી હમણાં મૂર્ચ્છાથી મનના સમર્પણરૂપ (કરી), અને પોતાનો અભિપ્રાય જણાવનારાં વાક્યોથી સર્વ સમર્પણરૂપ (કરી). ઇશ્વરથી જૂદાઇથી રહેવાથી સંસાર થાય છે એમ ‘ ઇશ્વરથી દૂર રહેલાને.... ’ ૧૧–૨–૩૭ માં આગળ કહેશે. તેથી આ (અનુવૃત્તિ) ભવ મટાડનારી છે.

'(મેં અનુવૃત્તિ કરી તેમાં) શું આશ્ચર્ય ? સ્ત્રી (તેમ) કરે છેજ' એવી શંકા થાય, તેથી 'ઠગોને લીધે તે થવી ઘણી કઠણ છે' એમ કહેલું છે. રૂકમી વિગેરે દુષ્ટોને લીધે (આ) થવી ઘણી કઠણ છે. ઠગો દુષ્ટ સ્વભાવવાળા, અદેખાઇને લીધે બીજાનાં કાર્યનો નાશ કરનારા હોય છે. વળી (તારી પોતાની) અંદરથી પણ તને (અનુવૃત્તિ કરવામાં) વિઘ્ન ન થયું એમ (૧) 'દુષ્ટ ઇચ્છાઓવાળી(થી થવી ઘણી જ કઠણ છે)' શબ્દથી કહે છે. દુષ્ટ એટલે પ્રાકૃત છે ઇચ્છાઓ જેની, તેનાથી મારી અનુવૃત્તિ થવી ઘણી જ કઠણ છે. તેમાં પણ 'આ' એટલે આવી (તેં કરી તેવી અનુવૃત્તિ), (૨) તેમાં પણ असुंभरायाः પ્રાણનું પોષણ કરનારી થી થવી ઘણી જ કઠણ છે). (૩) તેમાં પણ निऋर्तिजुषः નરક સેવનારીથી, અને (૪) સ્ત્રીથી (થવી ઘણી જ કઠણ છે). (૧) અંતઃકરણ (૨) પ્રાણ (૩) ઇંદ્રિય અને (૪) શરીરના દોષોમાંથી હરકોઈ (દોષ) હોય તો પણ (તે) દુર્લભ છે, તો પછી બધા (દોષો) હોય ત્યારે તો કહેવું જ શું ? એવો અર્થ છે. આજ યોગ્યતા 'हि' શબ્દથી કહેલી છે. ૫૪.

આવી બીજીઓ પણ ઘણી હોવાથી, સ્ત્રીઓમાં ઉત્તમ તરીકે તે(રૂકિમણી)ની નીચેના શ્લોકમાં પ્રશંસા કરે છેઃ—

न त्वादृशीं प्रणयिनीं गृहिणीं गृहेषु पश्यामि मानिनि यया स्वविवाहकाले ॥
प्राप्तान्नृपानविगणय्य रहो अहो मे प्रस्थापितो द्विज उपश्रुतसत्कथस्य ॥५५॥

હે માનિનિ! ઘરોમાં તારા જેવી પ્રેમવાળી ગૃહિણીને હું જોતો નથી (કે) જેણે, અહો! પોતાના વિવાહના સમયે આવેલા રાજાઓનો અનાદર કરીને સંતો પાસેથી જેમની કથા સાંભળેલી તેવા મારી પાસે એકાંતમાં બ્રાહ્મણને મોકલ્યો! ૫૫.

પ્રેમવાળી ગૃહિણી દુર્લભ છે. લૌકિક ધર્મોમાં આસક્તિવાળી હોય તે ગૃહિણી. તેવી હોવા છતાં ઘણા પ્રેમવાળી એટલે પોતાના કરતાં પણ (પતિ ઉપર) વધારે પ્રેમ રાખનારી દુર્લભ હોય છે. ઘરોમાં એટલે મારા ઘણા પ્રકારના ગૃહસ્થાશ્રમોમાં (તારા જેવી પ્રેમવાળી સ્ત્રી) હું જોતો નથી. 'હે માનિનિ!' એ સંબોધનથી તેવી (બીજી) નહિ હોવાનું પ્રમાણ કહેલું છે. (રૂકિમણીને) માન હોવાથી (માન છે એમ કહેવાથી) એમ સૂચવેલું છે કે બીજામાં તેની આસક્તિ નથી, અને તે જરા પણ અપકીર્તિ સહન કરતી નથી.

'(તે એવી) કેમ ?' એ જાણવાની ઇચ્છા થાય તેથી કહે છે કે જેણે પોતાના વિવાહના સમયે આવેલા શિશુપાલ વિગેરેનો સર્વ પ્રકારે અનાદર કરીને रहः એકાંતમાં બ્રાહ્મણને મોકલ્યો. (તેને તે સમયે) મારી સાથે પરિચય પણ નહતો, પરંતુ સાંભળેલી હતી સંતોએ કરેલી કથા જેમની અથવા (સાંભળી હતી)

સારી કથા (જેમની) તેવો (હું અજાણ્યો હતો). અહો! શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલ છે, કારણ કે આવું લોકમાં કોઈ સમયે પણ થએલ નથી. સ્વયંવરમાં તો (પતિનું) વરણ કરવું યોગ્ય છે, પરંતુ આવું (થતું) નથી. બીજી બધીએ (પત્નીઓ ભગવાન) લૌકિક પ્રકારથી લાવેલા. આથી એમ કહેલું છે કે તારા જેવો (લગ્નના) સંબંધનો પ્રકાર બીજી (સ્ત્રીઓ)નો નથી. ૫૫.

અને તારી પેઠે બીજીઓ અપરાધ પણ સહન કરતી નથી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

भ्रातुर्विरूपकरणं युधि निर्जितस्य प्रोद्वाहपर्वणि च तद्वधमक्षगोष्ठ्याम् ॥
दुःखं समुत्थमसहोऽस्मदयोगभीत्या नैवाब्रवीः किमपि तेन वयं जितास्ते ॥५६॥

યુદ્ધમાં જીતાએલા ભાઇને કદ્રૂપો કરવો, અને લગ્નના પ્રસંગે દ્યુત સભામાં તેનો વધ; (તેમનાથી) થએલું દુઃખ તેં સહન કર્યું. મારાથી વિખૂટા થવાના ભયથી કાંઇ પણ બોલી જ નહિ તેથી તેં મારા ઉપર વિજય મેળવ્યો. ૫૬

(૧) વિવાહના સમયે (તારા) મોટા ભાઇ રૂકમીને કદ્રૂપો કરવો એટલે (તેનું) મુંડન કરવું, અને તે પણ યુદ્ધમાં જીતાએલાનું. (૨) 'લગ્નના પ્રસંગે' શબ્દનો બંને તરફ સંબંધ છે જો કે આ (રૂકિમણીની મશ્કરીની) કથા પ્રદ્યુમ્નની ઉત્પત્તિ પહેલાંની જ છે, (કારણ કે) તેમ ન હોય તો (પ્રદ્યુમ્નની ઉત્પત્તિ પછી) ભગવાન (રૂકિમણીને) બીજાનો આશ્રય કરવાનું ન કહે, કેમકે પુત્ર અને પૌત્રવાળી (સ્ત્રી)ને કોઈ સમયે એ પ્રમાણે કહેવામાં આવતું નથી. પહેલો સંગ (થતો) હોય ત્યારે જ એ પ્રમાણે (મશ્કરી) થાય છે. (રૂકિમણી ભગવાનનું) હૃદય સર્વથા (જરાએ) જાણતી ન હોય તેવી દશામાં જ તેના પણ પડી જવા વિગેરેનો સંભવ છે, પરંતુ સદા (ભગવાનનું હૃદય) જાણવામાં આવતું હોય ત્યારે (તેવો સંભવ) નથી. અનિરૂદ્ધના વિવાહ સમયે દ્યૂતસભામાં તે(રૂકમીનો) વધ થએલ, તે (આ) પછીના અધ્યાયમાં કહેવામાં આવશે. છતાં પણ જેમ તે (રૂકિમણીએ) બધું દિવ્ય જ્ઞાનથી કહ્યું, તેમ ભગવાન પણ તેને તેવી (દિવ્ય દૃષ્ટિવાળી) માનીને જે બનાવ બનવાનો છે તે પણ થઇ ગએલ હોય તેમ કહે છે. ભૂતકાલના પ્રત્યય लङ्नो પ્રયોગ કરેલો છે, તે તો પાણિની ૩–૪–૬ વાળો નિયમ દશ લકારના અર્થમાં લાગુ પડે છે તેથી (असह्यः 'સહન કર્યું' શબ્દને) ફરી લઇને યોજના કરતાં બીજા વાક્યમાં (તે કાલને) ભવિષ્ય (કાલ)ના અર્થમાં જાણવો.* તે બે (પ્રસંગો)થી

---

* વેદમાં ત્રણે ભૂતકાલો એકબીજાના અર્થમાં યોજાય છે. આ નિયમ બીજા લકાર (કાલ તથા વિધ્યર્થ)ને લાગુ પાડવાથી ભૂતકાલનો પ્રત્યય ભવિષ્યકાલના અર્થમાં યોજેલો જાણવો તેથી રૂકમીનું મુંડન કર્યું તેથી થતું દુઃખ તેં સહન કર્યું અને કાંઇ બોલી નહિ વળી

થએલું દુઃખ સહન કર્યું એમાં પણ તેમ (જાણવું). 'મારાથી વિખૂટા થવાના' એટલે મારો સંબંધ મટી જશે એવા ભયથી (કાંઈ બોલી નહિ તેથી) તુંજ સર્વથી ઉત્તમ છે, કારણ કે ઉત્પત્તિને લીધે સર્વથી બલવાન ભાઈના સંબંધ કરતાં પણ મારો સંબંધ મટી જવાની શંકા પણ (તને) મોટી લાગી. 'च' 'અને' શબ્દથી પ્રદ્યુમ્નના વિવાહ વિગેરેમાં તે (રૂકમી)નો અનાદર વિગેરે કરેલ તેનો સમાવેશ કરેલ છે. ઉત્પન્ન થએલું દુઃખ સહન કરી શકાય તેવું હોતું નથી. બલભદ્રે કરેલ ઉપદેશથી એમ જણાય છે કે દુઃખ ઉત્પન્ન થએલું. એક ક્રિયા (ભાઇનો અનાદર)થી પ્રાપ્ત થએલ હોવાથી, બીજું (રૂકમીના વધનું દુઃખ) પણ તેવું (ઉત્પન્ન થએલું)જ હતું. તેથી (એ) દુઃખ સહન કરવાથી તે તેં મારા ઉપર વિજય મેળવ્યો છે. હું તારો પણ (થયો છું). તારો વિજય (મેં) સ્વીકાર્યો અને તારા (સેવક)પણું પણ (સ્વીકાર્યું). ૫૬.

તારૂં (બીજું) એક ચરિત્ર, જેના જેવું બીજું ન હોઇ શકે તેવું હોવા છતાં, ઉપમા આપી ન શકાય તેવું હોવા છતાં, (તારો) વિજય વિગેરે સ્વીકારવાથી પણ જેનો બદલો ન વાળી શકાય તેવું છે એમ નીચેના શ્લોકમાં કહે છે:—

दूतस्त्वयात्मलभने सुविविक्तमन्त्रः प्रस्थापितो मयि चिरायति शून्यमेतत् ॥
मत्वा जिहास इदमङ्गमनन्ययोग्यं तिष्ठेत तत्त्वयि वयं प्रतिनन्दयामः ॥५७॥

તેં સારી રીતે સ્પષ્ટ કરેલ મસલતવાળો બ્રાહ્મણ મારી પ્રાપ્તિ માટે મોકલેલો. મને (આવવામાં) વિલંબ થતાં આને શૂન્ય માની, બીજા કોઇને યોગ્ય નહિ તેવા આ દેહને તજવાની ઇચ્છા કરી, તે તારામાં હો. હું અભિનંદન કરૂં છું. ૫૭.

आत्मलभने શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય તે માટે **सुष्ठु** સારી રીતે **विविक्तः** સ્પષ્ટ કરેલ **मन्त्रः** મસલત છે જેની, તેવો બ્રાહ્મણ મોકલેલો. આથી એમ કહેલું છે કે (હું) પ્રાપ્ત થએલ હોઉં તેવો વિશ્વાસ આરંભથી જ કરેલો (રાખેલો). પછી મને (આવવામાં) **चिरायति** વિલંબ થતાં આ જગતને શૂન્ય જ માનીને, બીજા કોઇને યોગ્ય નહિ તેવા, માત્ર ભગવાને જ ભોગ કરવા યોગ્ય આ **अङ्गम्** દેહને હું તજીશ એમ માનીને, 'બ્રાહ્મણને મોકલેલો' એમ પહેલાં કહેલ (શબ્દો) સાથે જ (વાકયનો) સંબંધ છે. (બ્રાહ્મણને) મોકલતી વખતે જ આ વિષયોનો વિચાર કરેલો. તેથી આ તારામાં જ હો. આ (**तिष्ठेत**) વિધ્યર્થ છે. આનો બદલો (આપવાનુ) સંભવતું નથી એવો (અર્થ છે). 'નજીવું (કાર્ય) હોવાથી (બદલો ન અપાય) તેવું હશે' એવી શંકા, 'તે તારામાં જ હો (તારાથી જ થઈ શકે)

રૂકમીનો વધ બલભદ્ર કરશે તે દુઃખ હું સહન કરીશ અને કાંઇ બોલીશ નહિ. તેથી તેં વિજય પ્રાપ્ત કરેલો છે, એવો અર્થ છે.

હું અભિનંદન કરૂં છું' શબ્દોથી દૂર કરે છે. આ વિષયમાં હું (તારો) દેણદાર છું એવો ભાવ છે. ૫૭.

એ પ્રમાણે દિલાસો આપેલ તેનો ઉપસંહાર કરીને નીચેના બે શ્લોકોથી બીજી (પત્ની)ઓના સંબંધમાં પણ એવી રીતભાત હોવાનું (શુક) જણાવે છે:—

॥ श्रीशुकउवाच ॥ શ્રીશુક કહે છે:—

एवं सौरतसंलापैर्भगवान् देवकीसुतः ॥
स्वरतो रमया रेमे नरलोकं विडम्बयन् ॥५८॥
अथान्यासामपि विभुर्गृहेषु गृहवानिव ॥
आस्थितो गृहमेधीयान् धर्मान् लोकगुरुर्हरिः ॥५९॥

એ પ્રમાણે દેવકીપુત્ર ભગવાને પોતામાં રમણ કરનારા હોવા છતાં નરલોકનું અનુકરણ કરતાં સુરતને યોગ્ય વાર્તાચિતથી રમા સાથે રમણ કર્યું. શક્તિવાળા લોકના ગુરૂ હરિ બીજી (સ્ત્રી)ઓના ઘરોમાં પણ ગૃહસ્થની પેઠે તેવી રીતે ગૃહસ્થના ધર્મો આચરતા રહેતા હતા. ૫૮–૫૯.

सौरताः એટલે જેનાથી સુરતની વૃદ્ધિ થાય તેવી સુરતને યોગ્ય, વાતચિતોથી (રમણ કર્યું). 'ભગવાન' શબ્દથી (તેમની એવી) લીલામાં યોગ્યતા કહેલી છે.[1] 'દેવકી પુત્ર' શબ્દથી એમ સૂચવેલું છે કે સ્ત્રીઓનું પ્રિય થાય તે માટે માત્ર ભક્તોનું હિત સાધનારૂં હોવાથી (તે) તેવું (રમણ) કરે છે: (તે) પોતામાં રમણ કરનાર હોવા છતાં **रमया** લક્ષ્મી એટલે રૂક્મિણી સાથે તેમણે રમણ કર્યું, પરંતુ માત્ર વાણીથી જ (તેમની) ક્રિયા અટકી નહતી.[2]

'પરબ્રહ્મ માટે તેવું યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'નરલોકનું અનુકરણ કરતાં' શબ્દોથી (મનુષ્યની) લીલાનું અનુકરણ કહેલું છે. તેમ (કર્યું) ન હોત તો 'આ (ભગવાન) મનુષ્ય છે' એવી લોકોની માન્યતા ન થાત. ૫૮.

ઓગણસાઠમા શ્લોકમાં (એવી રીતભાત) બીજી (સ્ત્રી)ઓના સંબંધમાં થયાનું જણાવે છે. તેઓના સંબંધમાં પણ આવો જ (રમણનો) પ્રકાર નહતે, પરંતુ તે દરેકને યોગ્ય જૂદો (જૂદો પ્રકાર) હતો, તે અર્થ '**अथ**' 'તેવી રીતે' શબ્દથી કહેલો છે. રૂક્મિણી સિવાયની બીજી (સ્ત્રી)ઓના ઘરોમાં પણ **गृहवानिव** પ્રાકૃત (ગૃહસ્થ)ની પેઠે તે (લીલા)નું અનુકરણ કરતાં લૌકિક અને વૈદિક ગૃહસ્થના

---

[1] કારણ કે તે પોતાના છ ગુણોથી લીલા કરે છે. (લે)

[2] પંખો નાખવાની લીલામાં આ (મશ્કરી) થએલી. પછી ભગવાને ગયા અધ્યાયના અંતે કહેલી સુગંધી દ્રવ્યો અને માલાઓ સ્વીકારવાની વિગેરે સેવા ગ્રહણ કરી, એવો અર્થ છે. (લે)

ધર્મો આચરતાં (ભગવાન) રહેતા હતા. વિડંબન કરવા (હું મનુષ્ય છું એમ મનાવવા) લૌકિક (ધર્મો)નો આશ્રય કરતા, તે પહેલાં કહેલું છે. ‘લોકના ગુરૂ’ શબ્દથી વૈદિક (ધર્મો)નો આશ્રય કરવાનું જૂદું (પ્રયોજન) કહેલું છે. ‘હરિ’ એ શબ્દથી તે પ્રમાણે (ભૂતલ પર) આવીને બધું કરવાનું અને લાંબા સમય સુધી (ભૂતલ પર) રહેવાનું પ્રયોજન કહેલું છે. ૫૯.

ઇતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર વલ્લભદીક્ષિતે રચેલી શ્રી ભાગવતની સુબોધિનીમાં
દશમસ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધમાં અગીઆરમો અધ્યાય સંપૂર્ણ.

* * *

॥ श्रीकृष्णाय नमः ॥

॥ द्वादशोऽध्यायः ॥ અધ્યાય બારમો.

द्वादशे रमणं प्राह पुत्रपौत्रयुतस्य हि ॥
प्रसङ्गान्मारणं चोक्तं रुक्मिणः प्रतिबन्धनुत् ॥१॥
भगवान् केवलं लोके क्रीडार्थं न समागतः ॥
किन्तु सर्वोद्धारणाय तदुद्वाहेऽपि मारणम् ॥२॥

બારમા (અધ્યાય)માં પુત્ર અને પૌત્રવાળા (ભગવાન)નું રમણ કહે છે પ્રસંગને લીધે રૂકમીનો વધ પણ કહેલો છે. અડચણ દૂર કરનારા[1] ભગવાન લોકમાં માત્ર ક્રીડા કરવા પધારેલા નથી પરંતુ સર્વનો ઉદ્ધાર કરવા (પધારેલા છે). તેથી લગ્ન(ના પ્રસંગ)માં પણ (રૂકમીને) હણ્યો. કા. ૧-૨.

कलौ शुद्धक्षत्रियो हि न स्थाप्य इति निश्चयात् ॥
पापं विवाहमकरोत् फलं तस्याप्यसूचयत् ॥३॥
देवकीप्रीतये वंशः स्थाप्य एवेति तत्तथा ॥

કલિ(કાલ)માં શુદ્ધ ક્ષત્રિય રાખવો નહિ એવા નિશ્ચયને લીધે દોષવાળો વિવાહ કર્યો, અને તેનું ફલ[2] પણ સૂચવ્યું, દેવકીજીની પ્રસન્નતા રહે[3] તે માટે વંશ રાખવો જ જોઇએ, તેથી તે (વિવાહ) તેવો (દોષવાળો) કર્યો. કા. ૩

तदानीं सर्वधर्माणां सम्यक्स्थितिनिरूपणे ।४॥

---

[1] (અવિદ્યાના પર્વ) સ્વરૂપના અજ્ઞાનરૂપ રૂકમી હતો. અવિદ્યાના વિભાગરૂપ હોય તે ભગવાનના ભજનમાં અડચણરૂપ હતો. તેને હણવાથી ભજનમાં જે અડચણ હતી તે દૂર થઇ, એવો અર્થ છે. (લે)

[2] દોષવાળા વિવાહનું ફલ રૂકમીનો વધ છે, એવો અર્થ છે. (લે)

[3] તેવા દોષરૂપ વિવાહથી અશુદ્ધિ થવા છતાં પણ વંશ રાખવાનું કારણ આ શબ્દથી કહેલું છે. (લે)

दशास्यामिति वाक्येन दशपुत्रनिरूपणम् ॥
यथोक्तं श्रुतिसिद्धं हि कर्तुं नान्यः क्षमो भवेत् ॥६॥

તે સમયે સર્વ ધર્મોની સ્થિતિ માટે સારી રીતે વર્તન થાય' તે માટે 'આમાં દશ પુત્રો (ઉત્પન્ન કર)' એ વાક્યને લીધે દશ પુત્રો કહેલા છે, કારણ કે શ્રુતિમાં (કહેલું) ધાર્મિક (કાર્ય) જેવું કહેલું છે તેવું કરવા બીજો (કોઇ) શક્તિમાન થતો નથી. કા ૫.

लोकवेदौ पुरस्कृत्य रमणं तत्तथोच्यते ॥

લોક અને દેદને અનુસરીને તે રમણ તે પ્રમાણે કહેલ છે. કા. ૫½.

પહેલાં લૌકિક રમણ કહેલું છે. હવે નીચેના શ્લોકથી આરંભી 'રૂકમીએ શત્રુના પુત્રને (પુત્રી કેમ આપી ?)' (શ્લોક ૨૦) સુધીથી વૈદિક રમણ કહે છે:—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:—

एकैकशस्ताः कृष्णस्य पुत्रान् दशदशाबलाः ॥
अजीजनन्ननवमान् पितुः सर्वात्मसम्पदा ॥१॥

શ્રીકૃષ્ણની તે સ્ત્રીઓએ દરેકે સર્વ પોતાની સંપત્તિમાં પિતાથી ઉતરે નહિ તેવા દશ દશ પુત્રોને જન્મ આપેલો. ૧.

કારણ કે (૧) (શાસ્ત્રમાં) આજ્ઞા હોય તે પ્રમાણે કરવું અને (૨) મના કરેલ હોય તે સાચવવું (ન કરવું) એવા બે પ્રકારનો ધર્મ છે. 'ત્રયી નો દ્વેષ કરનારને હણવા' વાકય પ્રમાણે (તેમને) જવા દેવા ન જોઇએ, તેથી રૂકમી વિગેરે દૈત્યોનો વધ પણ આથી આગળ કહેવામાં આવશે.

તે પૈકી આરંભમાં 'આમાં દશ પુત્રો ઉત્પન્ન કર' એવું વેદનું વાકય હોવાથી એમ જણાવવામાં આવે છે કે (ભગવાને) બધીએ (સ્ત્રીઓ)માં, વધારે નહિ (તેમ) ઓછા નહિ, (પરંતુ બરાબર) દશ પુત્રો ઉત્પન્ન કર્યા. તે બધીએ એકે એક ભગવાનની સ્ત્રીઓ હતી. कृष्णस्य પોતાના પ્રિયની अबलाः સ્ત્રીઓએ દશ દશ પુત્રોને જન્મ આપ્યો. 'પિતાથી अनवमान् ઉતરે નહિ તેવા' વિશેષણથી એમ જણાવેલું છે કે (તેઓએ સારા* પુત્રોને જન્મ આપ્યો તેમાં બધાએ ગુણ ભગવાનનો હતો. 'સર્વ પોતાની સંપત્તિમાં' શબ્દથી કોઇ પણ અંશથી તેવાપણું (ભગવાનથી ઉતરતાપણું) નહતું એમ જણાવેલ છે. પોતાની (શ્રીકૃષ્ણની) સર્વ જે સંપત્તિઓ, એટલે શરીર ઇંદ્રિય વિગેરેની સંપત્તિઓ તે એકત્ર થએલી દરેક (પુત્ર)માં હતી એમ જણાવવા (पितुः શબ્દ) એકવચનમાં યોજેલો છે. ૧.

---

૧ આ પ્રયોજન દર્શાવવા યોજેલી સાતમી વિભક્તિ છે. (લે)

* 'सुपुत्रजनने' મૂળ પાઠ જ યોગ્ય લાગવાથી તે લીધેલો છે. રા. તેલીવાળા વાળી પ્રતમાં 'तासु पुत्रजनने' પાઠ છપાએલ છે.

‘(સારા પુત્રો ઉત્પન્ન કર્યા તેમાં, તે (સ્ત્રી)ઓની જ સરસાઇ હતી’ એવી (શંકા) કોઇ સમયે થાય, તેથી તે(વી શંકા) ન રહે તે માટે નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી (સ્ત્રીઓનું) પ્રાકૃતપણું[1] વર્ણવે છે:—

गृहादनपगं वीक्ष्य राजपुत्र्योऽच्युतं स्थितम् ॥
प्रेष्ठं न्यमंसत स्वं स्वमतत्त्वविदः स्त्रियः ॥२॥

ઘરમાંથી બહાર નહિ જતા અચ્યુતને (ઘરમાં) રહેલા જોઇને રાજપુત્રીઓ પોતપોતાને (ભગવાનની) પ્રિય માનતી. (તે) સ્ત્રીઓ તેમના તત્ત્વને જાણતી નહતી. ૨.

આરંભમાં તેઓ અભિમાનવાળી થઈ. તેનું કારણ (૧) ભગવાનને ‘ઘરમાંથી બહાર નહિ જતા જોઇને’ (શબ્દોથી કહેલું છે). ભગવાન સદા ઘરમાં જ વિરાજતા. ભગવાનનો સંબંધ હોવા છતાં તેવો દોષ (સ્ત્રીઓમાં) ઉત્પન્ન થવાનું કારણ જન્મથી જ રાજકન્યાપણું હતું. (૨) (ભગવાન) અચ્યુત હોવાથી પોતાની મેળે સુરતમાં અટકતા નહિ. તેથી તેઓએ જાણ્યું કે (ભગવાન) પોતાની (સ્ત્રીઓની) ઇચ્છાઓ પૂર્ણ કરનારા છે. (૩) સર્વ સ્થલે રહેનાર તરીકે (ભગવાનનું) આગમન* થતું હશે, તેની શંકા કરીને, ‘રહેલા’ વિશેષણથી એમ કહેલું છે કે લૌકિક નિયમ પ્રમાણે તેમ (આગમન) થતું. (તેઓના) ઘરોમાં જ ભગવાન લૌકિક (પુરૂષ)ની પેઠે જ રહેલા. એ પ્રમાણે ભગવાનના ત્રણ ગુણોને લીધે (સ્ત્રીઓ) પોતાને प्रष्ठम् ભગવાનની પ્રિય માનતી હતી.

‘આત્મા સર્વથી પ્રિય છે (અને) ભગવાન પણ (સ્ત્રીઓના) આત્મા જ છે. તેથી (તેઓનું માનવું) સાચું જ હતું’ એવી શંકા થાય, તેથી ‘તેમના તત્ત્વને જાણતી નહતી’ એમ કહેલું છે. તેઓ તેમના તત્ત્વને, અને તે (શંકામાં જણાવેલા) તત્ત્વને જાણતી નહતી, ભગવાનનો અભિપ્રાય અને વસ્તુ (ભગવત્સ્વરૂપ)ના તત્ત્વને જાણતી નહતી એવો અર્થ છે. (ન જાણવાનું) કારણ કે (તે) ‘સ્ત્રીઓ’ હતી. ૨.

તેઓના સંબંધને લીધે ભગવાનને પણ કોઇ વાર તેઓના ધર્મ(પ્રાકૃતપણા)નો સંબંધ થાય, તેવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી તેનો નિરાસ કરે છે:—

चार्वब्जकोशवदनायतबाहुनेत्रसप्रेमहासरसवीक्षितवल्गुजल्पैः ॥
संमोहिता भगवतो न मनो विजेतुं स्वैर्विभ्रमैः समशकन्वनिता विभूम्नः ॥३॥

સુંદર કમલની કળી જેવું મુખ, લાંબા બાહુઓ, વિશાલ નેત્રો, પ્રેમવાળું હાસ્ય, રસથી ભરેલી દષ્ટિ અને મનોહર કથાઓથી મોહ

---

[1] ‘પ્રાકૃતપણું’ એટલે ‘લૌકિક પ્રેમવાળી હોવાપણું.’ (લે)

* ‘આગમન’ એટલે ‘પુરૂષનું સ્ત્રી પાસે સુરત માટે ગમન.’

પામેલી સ્ત્રીઓ પોતાના વિલાસોથી પરિપૂર્ણ ભગવાનના મનને જીતી શકતી નહતી. ૩.

ભગવાનના ગુણોથી મોહ પામેલી (સ્ત્રી)ઓ ભગવાનને મોહ ઉત્પન્ન કરી શકી નહિ; કારણ કે (તેઓ) પોતે **वनिताः** વનને પ્રાપ્ત થએલી એટલે જ્યારે સંસારરૂપી વન પ્રાપ્ત થાય છે તેવી (વયમાં) હતી (અને) તે (ભગવાન) તો પરિપૂર્ણ, એટલે **विगतः** હલકું છે **भूमा** ભરપૂરપણું જેમનાથી તેવા છે. (સ્ત્રીઓ) પોતે ઉજ્જડ જેવી હતી, (અને) તે તો સર્વના રહેઠાણરૂપ છે એવો અર્થ છે.

તેઓને મોહ ઉત્પન્ન કરનારા ભગવાનના છ ગુણો કહે છે. (૧) સુંદર કમલની કળી જેવું મુખ (૨) લાંબા બાહુઓ અને (૩) (વિશાલ) બે નેત્રો (૪) પ્રેમવાળું હાસ્ય (૫) રસથી ભરેલી દૃષ્ટિ (૬) **वल्गुजल्पाः** મનોહર કથાઓ. (૧) પૂર્ણ રસ જણાવવા માટે (મુખ) સુંદર કમલની કળી (સમાન) હતું. (૨) આલિંગનની ક્રિયા પૂર્ણ થતી એમ જણાવવા (બાહુઓ) લાંબા (કહેલા છે). (૩) સૌંદર્ય જણાવવા માટે નેત્રને જૂદું (વિશાલ કહેલું છે), કારણ કે તે (વિશાલ નેત્ર) સ્વરૂપથી પણ રસને જાગ્રત કરનારૂં છે. આ ત્રણ કાયાના (ગુણો) રસ (ઉત્પન્ન થતો એમ) જણાવવા કહ્યા.

'પ્રેમવાળું હાસ્ય, રસથી ભરેલી દૃષ્ટિ' શબ્દોથી (૧) પ્રેમ (૨) હાસ્ય અને (૩) રસથી ભરેલી દૃષ્ટિઓ એવા ત્રણ મનના (ગુણો) કહેલા છે. સ્નેહ (પ્રેમ) ન હોય તો તે (દૃષ્ટિ) રસભરેલી થતી નથી, તેથી પ્રેમ તેની સાથે હોવાનું કહેલું છે. હાસ્ય રસ જાગ્રત કરનારૂં છે અને રસથી ભરેલી દૃષ્ટિઓ ઘણી લલચાવનારી છે.

'મનોહર કથાઓ' શબ્દથી વાણીના (ગુણો) કહેલા છે. વાક્યો (૧) મનોહર અર્થવાળા (૨) પોતાના મતનું સ્થાપન કરનારા અને (૩) બીજાના મતમાં દોષ દર્શાવનારાં હોવાથી તે પણ ત્રણ પ્રકારનાં છે. એ પ્રમાણે કાયા વાણી અને મનથી મોહ પમાડેલી, (અને) તેથી જ બલ વિનાની (થએલી તે સ્ત્રીઓ) ભગવાનના મનને જીતી એટલે વશ કરી શકતી નહતી, આથી એમ કહેલું છે કે ભગવાનનું ચિત્ત તેઓમાં આસક્તિવાળું નહતું. ૩.

(ભગવાનના મનમાં) ખળભળાટ ઉત્પન્ન કરવા પણ તેઓ શક્તિવાળી (થતી) નહતી. એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स्मायावलोकलवदर्शनभावहारिभ्रूमण्डलप्रहितसौरतमन्त्रशौण्डैः ॥
पत्न्यस्तु षोडशसहस्रमनङ्गबाणैर्यस्येन्द्रियं विमथितुं कुहकैर्न शेकुः ॥४॥

સોળ હજાર પત્નીઓ ગર્વવાળી દૃષ્ટિ કટાક્ષ અને પ્રેમ હરનારા ભ્રમરના મંડલોથી મોકલેલા, સુરતના મંત્રોથી બલવાન થએલા કામના બાણોથી અને કપટોથી જેમની ઇંદ્રિયોમાં ખળભળાટ કરી શકતી નહતી. ૪

..આસક્તિ જૂદી અને મનનો ખળભળાટ જૂદો. કોઇ સમયે (સ્ત્રીઓ ભગવાનના મનને) વશ કરવા માટે (ભગવાનના) પ્રેમને ઉત્પન્ન કરીને, હરકોઇ પ્રકારે પોતાના મોહને રોકી રાખી (ભગવાન પાસે જવામાં) વિલંબ કરતી, (ત્યારે) તેમ કરવા છતાં પણ ખળભળાટ કરતી (કરી શકતી) નહિ, તેથી (ભગવાન સાથેના) સંબંધથી* તથા સંબંધ વિના* (તેઓ) ભગવાનમાં દોષ ઉત્પન્ન કરી શકતી નહિ એવું વર્ણન કરવામાં આવે છે.

(૧) **स्मायावलोकः**[1] ગર્વ સાથેની દૃષ્ટિ. તે(વી દૃષ્ટિ)થી (સ્ત્રીઓ ભગવાનનું) માન ઉતારવા સંબંધ (થવા)માં વિલંબ સૂચવે છે; (૨) અને (ભગવાનની) બેદરકારીને હઠાવવા કટાક્ષો[2] ફેંકે છે, એટલે મંદદૃષ્ટિ અથવા વાંકી (કરચલીવાળી) દૃષ્ટિ વિગેરે કટાક્ષોથી (ભગવાનની) પોતાની અંદર આસક્તિ (ઉત્પન્ન) કરે છે (કરવા પ્રયાસ કરે છે), (૩) પછી પ્રેમ હરનારાં ભ્રમરના મંડલો કરે છે તેથી જેમ કરવાથી ભગવાનના મનનો ધર્મ એટલે પ્રેમ પોતામાં આસક્ત થાય તેવું કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ ભ્રમરનું મંડલ કરે છે. તે ત્રણથી મોકલેલા (કરેલા) અને સુરતના મંત્રો એટલે સુરતને જાગ્રત કરનાર ગુહ્ય ભાષણોથી, તેમનાથી **प्रौढाः** બલવાન થએલા જે અભિનયો (કામના બાણો), (તેમનાથી ખળભળાટ કરી શકતી નહતી): આથી જણાય તેવા અને ન જણાય તેવા (કામના) સાધનો કહ્યાં; અને બધીએ પત્નીઓ (પોતાને) સુખ થાય તેવી રીતે પ્રવૃત્તિ કરવામાં સંકોચ વિનાની અને અડચણ વિનાની હતી, તેઓ પણ સોળ હજાર એટલે સોળ કળાવાળા મનને એક હજાર પ્રકારે મોહ ઉત્પન્ન કરવાની શક્તિવાળી હતી. '**अनङ्गबाणाः**' 'કામના બાણો' એટલે અભિનય સાથેના અમુક (દેહના) અવયવો કે જેમનાથી વિજય (પ્રાપ્ત) થાય જ. મંત્રો સાથેના બાણો કાર્ય પાર પાડે છે એવી બ્રહ્માસ્ત્ર વિગેરે(ના સંબંધ)માં પ્રસિદ્ધિ છે. (૧) દૃષ્ટિ જેમનું દ્વાર છે તેવાં મંડલ બનાવેલ[3] (ગોળ થતાં સુધી ખેંચેલાં) ધનુષ્યો (૨) તેવી જ રીતે દૃષ્ટિ અને મુષ્ટિનું એકપણું જણાય તે માટે (કરેલાં)[4] કટાક્ષો (અને ૩) વીરરસ ખુલ્લો જણાય તે માટે ગર્વવાળી દૃષ્ટિ એવાં (કામના બાણો હતાં). એવી રીતે સર્વ સાધનોના વૈભવવાળાં બાણોથી પણ (સ્ત્રીઓ) જેમની ઇંદ્રિય એટલે મન **વિમથિતું** થકવી અથવા

---

* ભગવાન સાથેના સંબંધથી સ્ત્રીઓ ભગવાનમાં દોષ ઉત્પન્ન કરી શકતી નહતી એમ પાછલ શ્લોક ૩ માં દર્શાવ્યું. સંબંધ વિના દોષ ઉત્પન્ન કરી શકતી નહતી એમ આ શ્લોકમાં દર્શાવે છે.

[1] **स्मयस्य** ગર્વનો **अयम्** આ (ગુણ) તે **स्मायः**, તેવી દૃષ્ટિ, એવો અર્થ છે. (લે)

[2] **लवं** માત્ર થોડી જ **दर्शनं** દૃષ્ટિ તે **लवदर्शनम्** એવો અર્થ છે. (લે)

[3] ભ્રમરનો તેવો (ધનુષ્ય જેવો) આકાર હોવાથી. (લે)

[4] જેમ મુઠીથી ધનુષ્ય ખેંચીને બાણ મૂકવામાં આવે છે, તેવી રીતે દૃષ્ટિ ભ્રમર સુધીની કરીને કટાક્ષ બાણ મૂકવામાં આવે છે એવો અર્થ છે. (લે)

ખળભળાટવાળું કરી શકતી નહતી. આવા વિષયમાં કુદરતી (ગુણો)થી વિજય (પ્રાપ્ત) થતો નહિ હોવાથી, ઘણા જ ભયમાં રહેલાઓના સંબંધમાં રાજધર્મોમાં કપટ (કરવાનું) કહેલું છે, તેથી **कुहकैः** કપટવાળી રીતોથી પણ (તેઓ તેમ) કરી શકતી નહતી. ૪.

એવી રીતે તેઓનો દોષ (જણાવી), તેઓના સંબંધથી ભગવાનમાં દોષ થતો નથી એમ જણાવી, ભગવાનના સામર્થ્યથી જ તેઓમાં ધર્મનું સ્થાપન થએલું હોવાથી (દશ) પુત્રો ઉત્પન્ન કર્યાનું કહીને, ‘અગીઆરમા પતિની સેવા કર’ એ વેદના વાક્ય પ્રમાણે તેઓ ભગવાનની સેવા કરતી હતી એમ નીચેના બે શ્લોકોથી કહે છે:—

इत्थं रमापतिमवाप्य पतिं स्त्रियस्ताः ब्रह्मादयोऽपि न विदुः पदवीं यदीयाम् ॥
भेजुर्मुदाविरतमेधितयानुरागहासावलोकनवसङ्गमलालसाढ्यम् ॥५॥
मत्युद्गमासनवरार्हणपादशौचताम्बूलविश्रमणवीजनगन्धमाल्यैः ॥
केशप्रसारशयनस्नपनोपहार्यैर्दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ॥६॥

જેમના માર્ગનું બ્રહ્મા વિગેરેને પણ જ્ઞાન થયું નથી, જે પ્રેમયુક્ત હાસ્ય, અવલોકન અને નવા સંગની ઇચ્છાથી ભરપૂર હતા, તેવા લક્ષ્મીપતિને આવી રીતે પતિ તરીકે પ્રાપ્ત કરીને તે સ્ત્રીઓએ નિરંતર વધતા જતા આનંદથી (તેમની) સેવા કરી ૫.

(છઠ્ઠા શ્લોકના અનુવાદ માટે જૂઓ પૃષ્ઠ ૧૧૦).

પહેલાં આ બે શ્લોકોનું વ્યાખ્યાન કરેલું છે (જૂઓ પૃષ્ઠ ૧૦૯–૧૧૦). વિવાહના પ્રસંગમાં (આ બે શ્લોકો) કહેલા હોવા છતાં પોતાના યોગ્ય સ્થાનમાં (શુકે) ફરીથી તેજ કહેલા છે. તેથી બધોએ અર્થ (તેનો) તેજ છે. ભ્રમ ન થાય તે માટે ‘**लालसाढ्यम्**’ ‘ઇચ્છાથી ભરપૂર’ એવો જૂદો પાઠ (શ્લોક પાંચમાં) કહેલો છે. પહેલાં (૧૦–૫૬–૪૪ માં) પ્રેમ વિગેરે સ્રીઓમાં રહેલા હતા, હવે (આ શ્લોકમાં) ભગવાનમાં રહેલા (કહેલ) છે. (૧) પ્રેમયુક્ત હાસ્ય મનનો, (૨) અવલોકન ઈંદ્રિયનો અને (૩) નવો સંગ કાયાનો (ગુણ) છે. ત્રણેથી જે **लालसा** તેમની ખાસ ઇચ્છા, તેનાથી ભગવાન ભરપૂર હતા. સ્રીઓમાં રહેલા આ ગુણોની ભગવાન પોતાની અંદર ભાવના કરતા હતા, તેથી (તે) ગુણો ભગવાનમાં રહેલા (કહેલા) છે. ૫.

અને સામા આવવું વિગેરે (ગુણો)થી (સ્રીઓ) દાસ્ય કરતી. તેઓએ ઇચ્છેલી, કામને લીધે કરેલી (તે) સેવા, (અને) દાસ્ય સાધારણ* એવો (એ બેમાં)

---

* કામને લીધે પોતે ઇચ્છેલી ભગવાન પ્રતિ જે ક્રિયા કરી તે સેવા. તેનાથી તેમનુ સ્રીપણું એટલે દેહ કૃતાર્થ થયા. ભગવાન પ્રતિ જે સાધારણ ક્રિયા કરી તે દાસ્ય, તેનાથી તેઓનું ભક્તપણું અને અંતઃકરણ કૃતાર્થ થયા. આ બે શ્લોકોમાં અનુક્રમે સેવા અને દાસ્ય વર્ણવેલાં છે.

ભેદ છે. (તે બેથી અનુક્રમે તેઓએ પોતાનાં) સ્ત્રીપણું અને ભક્તપણું, એટલે દેહ અને અંતઃકરણને કૃતાર્થ કર્યાં એવો અર્થ છે. ૬.

(વૈદિક રમણમાં) વિધિનું પ્રધાનપણું હોવાથી વિધિ પ્રમાણે પ્રાપ્ત થએલી આઠ પટરાણીઓના પુત્રોના નામ કહેવાનો આરંભ કરે છે કે જેથી ધર્મનું રક્ષણ કરવા માટે ભગવાન આટલા રૂપવાળા થયા એમ તેઓનાં નામ લેવાથી રાજાના (પરિક્ષિતના) પાપનો ક્ષય થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી પ્રસિદ્ધ નામો પણ કહે છે:—

तासां या दशपुत्राणां कृष्णस्त्रीणां पुरोदिताः ॥
अष्टौ महिष्यस्तत्पुत्रान् प्रद्युम्नादीन् गृणामि ते ॥७॥

તે દશ પુત્રોવાળી શ્રીકૃષ્ણની સ્ત્રીઓમાંની જે આઠ પટરાણીઓ પહેલાં કહી તેમના પ્રદ્યુમ્ન વિગેરે પુત્રો તને કહું છું. ૭.

તે શ્રીકૃષ્ણની સ્ત્રીઓ દશ પુત્રોવાળી હતી. બધીએ દશ પુત્રોવળી હતી. તેઓ પૈકી રૂક્મિણી વિગેરે આઠ પટરાણીઓ જે પહેલાં કહી તેમના પ્રદ્યુમ્ન વિગેરે પુત્રો તે તારા હિત માટે કહું છું. બીજી (સ્ત્રી)ઓ કામને લીધે કરેલી તેથી તેમના (પુત્રોના) નામ લેતો (કહેતો) નથી. ૭.

चारुदेष्णः सुदेष्णश्च चारुदेहश्च वीर्यवान् ॥
सुचारुश्चारुगुप्तश्च भद्रचारुस्तथापरः ॥८॥
चारुचन्द्रो विचारुश्च चारुश्च दशमो हरेः ॥
प्रद्युम्नप्रमुखा जाता रुक्मिण्यानवमाः पितुः ॥९॥

પિતાથી ન્યૂન નહિ અને પ્રદ્યુમ્ન જેઓમાં મુખ્ય હતો તેવા ચારૂદેષ્ણ અને સુદેષ્ણ, અને બલવાન ચારૂદેહ, સુચારૂ અને ચારૂગુપ્ત, તેમ બીજો ભદ્રચારૂ, ચારૂચંદ્ર અને વિચારૂ અને દશમો ચારૂ હરિએ રૂક્મિણીથી ઉત્પન્ન કર્યા. ૮-૯.

ચારૂદેષ્ણ વિગેરે નવ પ્રદ્યુમ્ન પછી ઉત્પન્ન થએલા. જેવા નામના અવયવો છે તેવા તે (પુત્રો)ના ગુણો હતા 'બલવાન' એ વિશેષણ સુંદર દેહવાળા (ચારૂ દેહ)માં શૌર્ય હશે કે નહિ તેવી શંકા થાય તેથી કહેલું છે. 'च' 'અને' શબ્દો સર્વ સ્થલે પહેલા (કહેલા) ગુણોનો સમાવેશ કરવા યોજેલા છે. છેલ્લો (એ શબ્દ) કન્યાઓનો સમાવેશ કરવા યોજેલા છે. કેટલાક એમ કહે છે કે બીજા પણ 'च' શબ્દો) કન્યાઓનો સમાવેશ કરવા યોજેલા છે, એટલે જે (પુત્ર)ની પછી કન્યા થઇ તે (પુત્ર)ની પછી 'च' શબ્દ યોજેલ છે. 'તેમજ' એટલે બલવાન. 'તે (ચારૂગુપ્ત)ની સાથે (હોય ત્યારે) બલવાન હશે' એવી શંકા થાય, તેથી 'બીજો' એમ જૂદું કહેલું છે; અથવા 'परः' એટલે સર્વથી ઉત્તમ (એવો પાઠ લેવો).

અહિં અનુક્રમ ઇચ્છેલો છે, તેથી 'દશમો' એમ કહેલું છે. પ્રદ્યુમ્ન જ જેઓમાં મુખ્ય હતો તેવા (આ પુત્રો) હરિએ રૂકિમણીથી ઉત્પન્ન કર્યા. રૂકિમણી (પુત્રો ઉત્પન્ન કરવાનું) માત્ર સાધન હતું, પરંતુ આ માતાના પુત્રો નહતા, એવો અર્થ છે, કારણ કે (તેઓ) પિતાથી ન્યૂન નહતા, એમ તેનું કારણ કહેલું છે. अवमः એટલે ન્યૂન હોવાપણું. ૯.

भानुः सुभानुः स्वर्भानुः प्रभानुर्भानुमांस्तथा ॥
चन्द्रभानुर्बृहद्भानुरतिभानुस्तथाष्टमः ॥१०॥
श्रीभानुः प्रतिभानुश्च सत्यभामात्मजा दश ॥

ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, તથા ભાનુમાન્. ચંદ્રભાનુ, બૃહદ્ભાનુ તથા આઠમો અતિભાનુ. શ્રીભાનુ અને પ્રતિભાનુ (એ) દશ સત્યભામાના પુત્રો (થયા) ૧૦½.

ભાનુ વિગેરે દશ સત્યભામાના (પુત્રો થયા). 'તથા' નો (અર્થ એવો છે કે) જે (પુત્ર)નાં કર્મો પ્રસિદ્ધ થએલાં નથી તેને પણ પ્રસિદ્ધ હોય તેવો જ જાણવો એવા અભિપ્રાયથી કોઇ સ્થલે 'તથા' એમ કહેલું છે. 'આઠમો' વિશેષણથી તેનું સ્વતંત્રપણું અને સરસાઇ કહેલાં છે, કારણ કે સંખ્યામાં (તેને) જૂદો જણાવેલો છે. 'સત્યભામાના પુત્રો' એમ ઓળખવા માટે જ માતા(નું નામ) કહેલ છે, કારણ કે બધા પુત્રોનો બધી (ભગવાનની પત્નીઓ) પ્રતિ માતા તરીકેનો વ્યવહાર સરખો હતો. ૧૦½.

साम्बः सुमित्रः पुरुजिच्छतजिच्च सहस्रजित् ॥११॥
विजयश्चित्रकेतुश्च वसुमान्द्रविडः क्रतुः ॥
जाम्बवत्याः सुता ह्येते साम्बाद्या पितृसंमताः ॥१२॥

સાંબ, સુમિત્ર, પુરૂજિત્ અને શતજીત્, સહસ્રજીત, વિજય અને ચિત્રકેતુ. વસુમાન, દ્રાવિડ, ક્રતુ આ સાંબ વિગેરે જાંબવતીના પુત્રો પિતાથી આદર પામેલા હતા ૧૨.

સાંબ વિગેરે દશ જાંબવતીના પુત્રો હતા. 'આ' શબ્દથી તેઓ દેવતારૂપ હોવાથી (નામ) જણાવતી વખતે (તેઓની) હાજરી કહેલી છે. ફરીથી 'સાંબ વિગેરે' એવું વચન (આ) દશ દ્વિસ્વભાવવાળા (અસ્થિર મનના) હોવાનું સૂચવે છે. તેથી ભગવાને તેઓનો આદર કરેલ નહિ હોય એવી શંકા કરી, 'પિતાથી આદર પામેલા' વિશેષણથી પિતાનો આદર કહેલ છે. ૧૨.

वीरश्चन्द्रोऽश्वसेनश्च चित्रगुर्वेगवान् वृषः ॥
आमः शङ्कुर्वसुः श्रीमान्कुन्तिर्नाग्नजितेः सुताः ॥१३॥

વીર, ચંદ્ર અને અશ્વસેન, ચિત્રગુ, વેગવાન, વૃષ, આમ, શંકુ, વસુ, (અને) શ્રીમાન્ કુંતિ નાગ્નજીતિના પુત્રો હતા. ૧૩.

'શ્રીમાન્' એ વિશેષણ છે. (આ) નાગ્નજીતિ એટલે સત્યાના પુત્રો હતા. ૧૩.

श्रुतः कविर्वृषो वीरः सुबाहुर्भद्र एकलः ॥
शान्तिर्दर्शः पूर्णमासः कालिन्द्याः सोमकोऽवरः ॥१४॥

શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, એકલો (શત્રુઓને) હણનાર ભદ્ર, શાંતિ, દર્શ, પૂર્ણમાસ, (અને) છેલ્લો સોમક કાલિન્દીના (પુત્રો હતા. ૧૪.

શ્રુત વિગેરે દશ કાલિન્દીના (પુત્રો હતા).एकः એકલો હોવા છતાં બધા શત્રુઓને लाति હણે તે 'एकलः' એ વિશેષણ છે. સોમક તો છેલ્લો દશમો હતો. સંખ્યા પૂરી થાય તે માટે પાછલથી ઉત્પન્ન થએલો. ૧૪.

सुघोषो गात्रवान् सिंहो बलः प्रबल ऊर्ध्वगः ॥
माद्र्याः पुत्रा महाशक्तिः सह आजोऽपराजितः ॥१५॥

સુઘોષ ગાત્રવાન, સિંહ બલ, પ્રબલ, ઊર્ધ્વગ, મહાશક્તિ સહ, ઓજ (અને) અપરાજીત માદ્રીના પુત્રો હતા ૧૫.

સુઘોષ વિગેરે માદ્રી એટલે લક્ષ્મણાના પુત્રો હતા. 'ઊર્ધ્વગ' એ નામ છે. 'મહાશક્તિ' એક, 'સહ' જૂદો અને 'ઓજ' (જૂદો) 'અપરાજીત' એ નામ છે. ૧૫.

वृको हर्षोऽनिलो गृध्रो वर्धनोऽन्नाद एव च ॥
महाशः पावनो वह्निर्मित्रविन्दात्मजाः क्षुधिः ॥१६॥

વૃક, હર્ષ, અનિલ ગૃધ્ર વર્ધન, અને વળી અન્નાદ, મહાશ, પાવન, વહ્નિ (અને) ક્ષુધિ મિત્રવિંદાના પુત્રો હતા. ૧૬.

વૃક વિગેરે દશ મિત્રવિંદાના (પુત્રો હતા). 'મહાશ' એ નામ છે. 'ક્ષુધિ' દશમો સંખ્યા પૂરી કરનાર (કરવા જન્મેલો) હતો. ૧૬.

संग्रामजिद्बृहत्सेनः शूरः प्रहरणोऽरिजित् ॥
जयः सुभद्रो भद्राया वाम आयुश्च सत्यकः ॥१७॥

સંગ્રામજીત્, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજિત્, જય સુભદ્ર, વામ, અને આયુ, (તથા) સત્યક ભદ્રાના (પુત્રો) હતા ૧૭

સંગ્રામજીત્ વિગેરે દશ ભદ્રના (પુત્રો હતા). સત્યક (તેનો) દશમો (પુત્ર હતો). ૧૭.

दीप्तिमांस्ताम्रपत्राद्या रोहिण्यास्तनया हरेः ॥

દીપ્તિમાન, અને તામ્રપત્ર વિગેરે રોહિણીના હરિથી થએલા પુત્રો હતા. ૧૭½.

રોહિણી સોળ હજાર અને એકસોમાંની મુખ્ય (સ્ત્રી) હતી. કોઇ વાર આ આઠ પટરાણીઓમાં (ગણાએલી) હોવાથી મંત્રશાસ્ત્રમાં ભદ્રાને ઠેકાણે (પટરાણી તરીકે) પ્રસિદ્ધ થએલી છે. તેનો પુત્ર દીપ્તિમાન્ આઠ પટરાણીઓના પુત્રોની સમાન હતો. તેથી એકાશી પુત્રો થયા. (આ પુત્રો) એકાશી હોવાથી જાણે કે ભક્તિના પ્રકારો હોય તેમ ભગવાને (તેમને) પ્રકટ કરેલા એમ સૂચવેલું છે. તામ્રપત્ર વિગેરે રોહિણીના (બીજા) પુત્રો સાધારણ હતા. બીજીઓને (પણ) દશ પુત્રો હતા એમ જણાવવા આ (રોહિણી)ના દશ ગણાવેલા નથી. ૧૭½.

પૌત્રોને જણાવતાં, નીચેના શ્લોકથી એક (પૌત્ર)નું વર્ણન કરીને 'તેના જેવા બીજા હતા' એમ (બીજાઓને તે) લાગુ પાડે છેઃ—

प्रद्युम्नाच्चानिरुद्धोऽभूद्रुक्मवत्यां महाबलः ॥
पुत्र्यां तु रुक्मिणो राजन्नाम्ना भोजकटे पुरे ॥१८॥
एतेषां पुत्रपौत्राश्च बभूवुः कोटिशो नृप ॥
मातरः कृष्णजातानां सहस्राणि च षोडश ॥१९॥

અને હે રાજન્! ભોજકટ નગરમાં રૂકમીની પુત્રી રૂકમવતીથી તો પ્રદ્યુમ્નને અનિરૂદ્ધ નામનો ઘણો બલવાન પુત્ર થયો હતો હે રાજા! આમના પુત્રો અને પૌત્રો કરોડો થયા અને શ્રીકૃષ્ણના પુત્રોની માતાઓ સોળ હજાર હતી ૧૮-૧૯.

રૂકમીની પુત્રી રૂકમવતી (પ્રદ્યુમ્નના) મામાની કન્યાં હતી. પ્રદ્યુમ્ન કેટલાક સમય સુધી ત્યાં (મામાને ઘેર)જ રહેલો, ત્યાં જ વિવાહ કરીને તેણે પુત્ર ઉત્પન્ન કરેલો. '(તે) શત્રુના ઘરમાં એકલો કેમ રહ્યો?' એવી શંકા 'ઘણો બલવાન' વિશેષણ દૂર કરે છે. 'च' 'અને' શબ્દ 'तु' 'તો'ના અર્થમાં યોજાએલો છે. ભગવાનના આવેશવાળા પ્રદ્યુમ્નથી અનિરૂદ્ધ ઉત્પન્ન થયો એમ જણાવવા 'च' 'અને' શબ્દ યોજેલો છે. તેમ ન હોય તો કામને લીધે ઉત્પન્ન થએલો (પુત્ર) નમાલો હોય.

'રૂકમીની પુત્રીથી' શબ્દોથી એમ કહેલું છે કે તે માયાવતીમાં ઉત્પન્ન થએલો નહતો. "('રૂકમવતી' એ) માયાવતીનું બીજું નામ હશે અથવા (તેમાં માયાવતીનો) આવેશ હશે" એવી અશકયતાનું 'तु' 'તો' શબ્દ નિવારણ કરે છે. 'હે રાજન્!' એ સંબોધન (એમ) સૂચવે છે કે (રૂકમીએ) પ્રદ્યુમ્નને દ્વારકા મોકલ્યો નહતો, કારણ તે પણ રાજા હતો (અને) તેણે જમાઇ તથા કુંવરીને (પોતાને) ત્યાં જ રાખેલા. **પુરે** એટલે ભોજકટ નામના પોતાના નગરમાં (રાખેલ). ૧૮.

એક પૌત્રનું વર્ણન કરીને બીજાઓને (તે) લાગુ પાડે છે. આમના 'पुत्रपौत्राश्च' પુત્રો અને પૌત્રો કરોડો થયા. તેઓમાં દશની સંખ્યામાં હોવાનો નિયમ નહતો. બધામાં સંપ હતો એમ જણાવવા 'શ્રીકૃષ્ણના પુત્રોની (માતાઓ

સોળ હજાર હતી)' એમ કહેલું છે. બધાએ ભગવાનના પુત્રોની ભગવાનની બધીએ પત્નીઓ માતાઓ હતી. જેવી જન્મ આપનારી (માતા), તેવી જ બધીએ (માતાઓ હતી), એમ શોકના પુત્ર હોવાપણું નહતું એવું કહેલ છે. 'च' 'અને' શબ્દથી (બાકીની) એક સો આઠ (માતાઓ કહેલી છે). ૧૯.

રૂકમીની કન્યા સાથેનો (પ્રદ્યુમ્નનો) વિવાહ મિત્રપણાના સંબંધ વિનાનો હોવાથી, નીચેના શ્લોકમાં (રાજા) તેનું કારણ પૂછે છે:—

॥ **राजोवाच** ॥ રાજા કહે છે:—

कथं रुक्म्यरिपुत्राय प्रादाद्दुहितरं युधि ॥
कृष्णेन परिभूतस्तं हन्तुं रन्ध्रं प्रतीक्षते ॥
एतदाख्याहि मे विद्वन् द्विषोर्वैवाहिकं मिथः ॥२०॥

રૂકમીએ (પોતાની) પુત્રી શત્રુના પુત્રને કેમ આપી? શ્રીકૃષ્ણથી યુદ્ધમાં પરાભવ પામેલો (તે) તેમને હણવા (તેમની) ખામીની તપાસ કર્યા કરતો હતો. હે વિદ્વાન! આ બે શત્રુઓનો પરસ્પર વિવાહ સંબંધી વ્યવહાર મને કહો. ૨૦.

વિવાહ સ્નેહને લીધે કરવામાં આવે છે. પુત્ર પિતાનો ગણાય (માતાનો નહિ), તેથી શત્રુ કરતાં શત્રુનો પુત્ર વધારે દ્વેષ કરવા યોગ્ય છે અને પુત્રી (પોતાને) ઘણી વહાલી હોય છે. 'શ્રીકૃષ્ણથી યુદ્ધમાં પરાભવ પામેલો' શબ્દોથી વૈરનું કારણ કહેલું છે. હજી સુધી તે દ્વેષની ક્રિયા કરતાં અટકયો નહતો. 'ખામી' શબ્દથી એમ સૂચવેલું છે કે (ભગવાનનો) સાક્ષાત્ વિરોધ કરવા તે શક્તિમાન નહતો. (તેઓમાં વિવાહનો) સંબંધ થવાનું પ્રસિદ્ધ કારણ નહિ હોવાથી 'આ (મને) કહો' શબ્દોથી બીજું (અપ્રસિદ્ધ) કારણ પૂછે છે. 'હે વિદ્વાન !' એ સંબોધનથી (તે) કહેવામાં કારણભૂત જ્ઞાન (શુકને હોવાનું) જણાવે છે. **द्विषोः** પરસ્પર જે બેમાં વેર રહેલું છે તેવાઓનો પરસ્પર **वैवाहिकं** વિવાહ સંબંધી વ્યવહાર અથવા (વિવાહ થવાનું) કારણ (કહો). ૨૦.

'આ મેં પહેલાં સાંભળેલ નથી (અને) હમણાં સમાધિ નહિ હોવાથી[1] (હું તેનો) વિચાર કરતો નથી. તેથી (મને) તે જ્ઞાન કેવી રીતે હોય?' એમ (શુક) કહે, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अनागतमतीतं च वर्तमानमतीन्द्रियम् ॥
विप्रकृष्टं व्यवहितं सम्यक् पश्यन्ति योगिनः ॥२१॥

---

[1] આ વૃતાંત ભગવાનનું માહાત્મ્ય દર્શાવનારો નહિ હોવાથી, સમાધિભાષા(નો વિષય) નથી એવો અર્થ છે. (જો) આવો અર્થ કરવામાં આવે તો '**अधुना**' 'હમણાં' શબ્દ અર્થ વિનાનો થાય છે.

ભવિષ્યમાં થનારૂં અને થઇ ગએલું, ઇંદ્રિયોથી જાણી ન શકાય તેવું જે છે તે, દૂરનું (અને) આડચવાળું યોગીઓ સારી રીતે જૂએ છે. ૨૧.

દેશ અને કાલની આડચો યોગીઓને જ્ઞાન (પ્રાપ્ત) થવામાં નડતર થતી નથી. જેમ પ્રત્યક્ષ જ્ઞાન થવામાં ચક્ષુનું નજીક આવવારૂપ ગાઢ સંબંધ (જ્ઞાન કરાવનાર) છે, તેમ યોગીઓનો યોગથી (પ્રાપ્ત) થએલ ગુણ સર્વ વિષયો(નું જ્ઞાન થવા)માં ગાઢ સંબંધ છે, કારણ કે જેમ નદી જલ લઇ જાય છે તેમ કાલ વસ્તુઓને ઢસડી જાય[1] છે. જો કે ઓળખાવનાર પદાર્થ સાથે કોઇ પણ પ્રદેશમાં રહેલું જલ તે સમયે તે પ્રદેશમાં રહેલો (માણસ) જૂએ છે, છતાં પણ તે પ્રદેશમાં રહેલો બીજા પ્રદેશમાં ગએલા (તે) જલને જોતો નથી, અને (તેની) સાથે ગએલો તે (બીજા પ્રદેશમાં ગએલા જલ)ને પણ જૂએ છે. અથવા જેમ મનુષ્યોથી જોઇ ન શકાય તેવા (પદાર્થ)ને પણ દેવો જૂએ છે, જેમ સર્વથી છૂપા (પદાર્થ)ને જોશીઓ જૂએ છે, એવી રીતે સર્વ શક્તિવાળો યોગ જ સર્વ (જાણવા)ની શક્તિવાળો છે. 'ઇંદ્રિયોથી જાણી ન શકાય તેવું' એ 'वर्तमान' 'જે છે તે'નું વિશેષણ છે. 'થઇ ગએલું' એટલે જેનો અનુભવ થયો નહતો તેવું (થઇ ગએલું); 'ભવિષ્યમાં થનારૂં' એટલે જેને જણાવનાર કાંઇ નથી તેવું; 'च' 'અને' શબ્દથી ફરી ગએલ ગુણવાળું (સૂચવેલું છે); 'દૂરનું' એટલે જેની (અને આપણી) વચ્ચે દેશ (ઘણી જગ્યા) છે તેવું; સમીપ રહેલું પણ ભીંત વિગેરેની આડચવાળું; (આ) બધુંએ યોગીઓ સારી રીતે જૂએ છે. જ્ઞાનીઓને ધ્યાન (વિચાર કરવા)થી જ્ઞાન થાય છે. યોગીઓને તો યોગથી (પ્રાપ્ત) થએલ ગુણ પ્રકટ થાય ત્યારે ભગવાનની પેઠે સર્વજ્ઞપણું (પ્રાપ્ત થાય છે) એવો[2] (અર્થ છે). ૨૧.

(૧) 'બેનનું પ્રિય કરતાં' એવું એક (અને) 'સ્વયંવરમાં કન્યાએ જ પસંદ કર્યો' એવું બીજું, એમ તે પ્રદ્યુમ્નનો વિવાહ થવાનાં બે કારણો નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કહે છે:—

॥ श्रीशुकउवाच ॥ શ્રીશુક કહે છે:—

यद्यप्यनुस्मरन्वैरं रुक्मी कृष्णावमानितः ॥
व्यतरद्भागिनेयाय सुतां कुर्वन् स्वसुः प्रियम् ॥२२॥

જો કે શ્રીકૃષ્ણે અપમાન પમાડેલો રૂકમી વેરનું સ્મરણ કર્યા કરતો, (છતાં) બેનનું પ્રિય કરતાં તેણે પુત્રી ભાણેજને આપી. ૨૨.

---

[1] આ લૌકિક (સર્વ) કાલને અધીન જ છે. ભગવાનની લીલા જ કાલને અધીન નથી, એવો ભાવ છે. (૨) અહિં સામાન્ય જ વૃતાંત રાજા પૂછે છે.

તે પૈકી પહેલું (કારણ આ શ્લોકમાં) કહે છે. જો કે શ્રીકૃષ્ણે અપમાન પમાડેલો રૂકમી વૈરનું સ્મરણ કર્યા કરતો હતો, છતાં પણ બેનનુ પ્રિય કરતાં માતાનો પક્ષ લેનાર **भागिनेयाय** ભાણેજને તેણે પુત્રી આપી. બેનને સંતોષવી જોઇએ. પહેલાં તેનો અભિપ્રાય જાણ્યા વિના તેના ઉપર અપકાર કર્યો, પછી (તેનો અભિપ્રાય) જાણીને તે કેમ પ્રસન્ન થાય એમ વિચારીને, અને તેણે (પોતાના) પ્રાણોનુ રક્ષણ કરેલું તેથી રૂકમીએ પોતાની કન્યા તેના પુત્રને આપી; કારણ કે પ્રિય (પુરૂષ)ને પ્રિય (પદાર્થ) આપવામાં આવે તો બધાએ પ્રસન્ન થાયછે. ૨૨.

નીચેના શ્લોકમાં (તેને કન્યા આપવાનું) બીજું (કારણ) કહે છે:—

वृतः स्वयंवरे साक्षादनङ्गोऽङ्गयुतस्तया ॥
राज्ञः समेतान्निर्जित्य जहारैकरथो युधि ॥२३॥

તેણે સ્વયંવરમાં અંગવાળા સાક્ષાત્ અનંગનું વરણ કર્યું. એકરથવાળા તેણે એકઠા થએલા રાજાઓને યુદ્ધમાં જીતી (તેનું) હરણ કર્યું. ૨૩

જેને લીધે બીજા (પુરૂષો)નું પણ (કન્યાઓ) વરણ કરે છે, તે પોતે જ પહેલાં અનંગ (અંગ વિનાનો) હતો (અને) તેથી કોઇ કન્યા (તેને) વરેલી નહિ. હમણાં તે અંગવાળો થયો, તેથી તે (રૂકમવતી) ઓળખીને (તેને) વરી. સ્વયંવરમાં પસંદ કરેલાને (કોઇથી કન્યા આપવાની) ના પડાતી નથી, તેથી ઘણા અભિમાનવાળા તે (રૂકમીએ) કન્યાનો સ્વયંવર કર્યો (અને) પછી સંતોષથી ધાર્મિક વિધિ કરીને પણ (કન્યા) આપી, એમ 'આપી' (શ્લોક ૨૨) શબ્દથી કહેલું છે.

'તે (પ્રદ્યુમ્ન)નું સૌંદર્ય જ ઘણું હતું, પુરૂષાતન (ઘણું) નહિ હોય' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. યુદ્ધમાં સાવધાન* (અને) તે પણ બધા એકઠા થએલાઓને સંપૂર્ણ રીતે જીતીને, એકરથવાળા એટલે સાહાય્ય કરનાર વિનાના તેણે (કન્યાનું હરણ કર્યું). પહેલાના (અઢારમા) શ્લોકથી નક્કી થાય છે કે (કન્યાનું) હરણ કરીને તે મામાના ઘેર જ ગયો. એકરથવાળા હોવાપણું વિગેરે ગુણોથી (થતી) કીર્તિ વડે પિતાથી અધિકપણું કહેલું છે. ૨૨.

એ પ્રમાણે ધર્મ (આચરવા)ના પ્રારંભમાં પુત્રની ઉત્પત્તિ અને વિવાહ કહીને, નીચેના શ્લોકમાં ભગવાને કરેલ કન્યાદાન(ની કથા) પણ કહે છે:—

रुक्मिण्यास्तनयां राजन्कृतवर्मसुतो बली ॥
उपयेमे विशालाक्षीं कन्यां चारुमतीं किल ॥२४॥

હે રાજન્! (લોકો) કહે છે તેમ રૂકિમણીની પુત્રી વિશાલ ચક્ષુઓવાળી કન્યાં ચારૂમતીને કૃતવર્માનો પુત્ર બલી પરણ્યો. ૨૪.

---

* રાજાઓ' શબ્દનો અર્થ કહેલો છે. રાજાઓ યુદ્ધમાં સાવધાન જ રહે.

કૃતવર્મા યાદવ હતો. 'બલી' એ નામ છે. 'વિશાલ ચક્ષુઓવાળી' વિશેષણથી સૌંદર્ય જણાવેલું છે. (બલીને) બોલાવીને, કન્યા આપી. 'રૂક્મિણીની પુત્રી' આ શબ્દોથી બીજી (સ્ત્રી)ઓની પણ પુત્રીઓ કહેલી (જણાવેલી) છે. (બીજી સ્ત્રીઓની પુત્રીઓ) હોવાથી, તે પ્રમાણે તેઓનો વિવાહ પણ (થએલ હોવાનું) જાણવું. 'વિશાલ ચક્ષુઓવાળી' શબ્દથી (એમ) કહેલું છે કે તેનો વિવાહ થવાનું કારણ સૌંદર્ય હતું, પરંતુ મોટા (પુરૂષ)ની કન્યા હોવાપણું નહતું. 'ચારૂમતી' એ નામથી એમ સૂચવેલું છે કે (રૂક્મિણીને) બીજી કન્યાઓ પણ હતી. તેથી (પાછલ શ્લોક ૮–૯ માં) પાંચ 'च' શબ્દોથી કહેલી પાંચ કન્યાઓ રૂક્મિણીને હોવાનું નક્કી થાય છે. બીજી (સ્ત્રી)ઓની પણ જેટલા 'च' શબ્દ હોય તેટલી કન્યાઓ જાણવી. 'किल' '(લોક) કહે છે તેમ' શબ્દ પ્રસિદ્ધિ (હોવાનું જણાવે છે), કારણ કે આ (ભગવાનની) સરસાઇ દર્શાવતું નહિ હોવાથી (અને) માત્ર લૌકિક હોવાથી વ્યાસ વિગેરેએ કહેલું નથી. ૨૪.

પછી ત્યાં ભોજકટમાં જ અનિરૂદ્ધ જન્મ્યો. તેનો પણ વિવાહ ત્યાં જ થયાનું નીચેના શ્લોકમાં કહે છેઃ—

दौहित्रायानिरुद्धाय पौत्रीं रुक्म्यदाद्धरेः ॥
रोचनां बद्धवैरोऽपि स्वसुः प्रियचिकीर्षया ॥
जानन्नधर्मं तद्यौनं स्नेहपाशवशंगतः ॥२५॥

હરિની સાથે વેર રાખેલ હોવા છતાં, તે વિવાહના સંબંધને ધર્મ વિરૂદ્ધ જાણતો હોવા છતાં, સ્નેહના બંધનને વશ થએલા રૂકમીએ બેનનું પ્રિય કરવાની ઇચ્છાથી (પોતાની) દીકરીના દીકરા અનિરૂદ્ધને દીકરાની દીકરી રોચના આપી. ૨૫.

પોતાના કુલમાં રહેલી કન્યા સાથે બીજો (સંબંધ વિનાનો) વિવાહ ન કરે એવા અભિપ્રાયથી (રૂકમીએ અનિરૂદ્ધને રોચના આપી). 'રોચના' એ તે (કન્યા)નું નામ હતું. તે પણ અનિરૂદ્ધના મામાની કન્યા હતી. 'તેટલાથી (રોચના આપવાથી) વેર શાંત થશે' એવી શંકા થાય, તેથી 'વેર રાખેલ હોવા છતાં' શબ્દો યોજેલ છે. 'બેનનું પ્રિય કરવાની ઇચ્છાથી' એ કારણ પહેલાના જેવું (કહેલું છે). જીંદગી સુધી જે કાંઇક ઉત્તમ હતું તે બધુંએ બેનની પ્રીતિ થાય તે માટે તેણે આપ્યું એવો નિર્ણય થાય છે. તેમ ન હોત તો વારંવાર તે (બેનનું પ્રિય કરવાની ઇચ્છા) કારણ તરીકે કહેત નહિ.

'કોઇને આપવાનું હતું તે (તેણે અનિરૂદ્ધને) આપ્યું. આટલાથી બેન પ્રસન્ન કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'બેનનું પ્રિય કરવાની ઇચ્છાથી તે વિવાહના સંબંધને ધર્મ વિરૂદ્ધ જાણતો હોવા છતાં' શબ્દો યોજેલા છે. (આ)

સ્ત્રીનો સંબંધ ધર્મથી વિરૂદ્ધ છે. 'જેની મા, દાદી તેમજ દાદાની મા ત્રણ એક કુલમાં ઉત્પન્ન થએલી હોય તે શ્રાપિત કહેવાય છે' એ વાક્ય પ્રમાણે તે (રોચના)માં ઉત્પન્ન થએલ (પુત્ર) શ્રાપિત થવાના દોષવાળો હોવાથી તે વિવાહનો સંબંધ ધર્મથી વિરૂદ્ધ છે. ધર્મથી વિરૂદ્ધ (સંબંધ)નો પણ સ્વીકાર કરીને એનનું પ્રિય (કરવા) માટે (રોચના) આપી.

'શાસ્ત્રમાં મના કરેલ આચરણથી પ્રિય કેમ થાય? વળી તેવું પ્રિય (લાગે તે વસ્તુતઃ) પ્રિય હોતું નથી' એવી શંકા થાય, તેથી 'સ્નેહનાં બંધનને વશ થએલા' વિશેષણ યોજેલું છે. સ્નેહ હોય ત્યારે બધું યોગ્ય જ જણાય છે. (રૂકમી અને રૂક્મિણી) બંનેમાં ઘણો સ્નેહ હોવાથી તેમાં રહેલ દોષ (તેમને) જણાયો નહિ. તેથી (ધર્મ વિરૂદ્ધ છે એમ) જાણવા છતાં 'આમ કરવાથી પ્રિય થશે' એવી બંનેની લૌકિક બુદ્ધિને લીધે તેણે તેમ કર્યું, એવો અર્થ છે. ૨૫.

આ વિવાહ લૌકિક* જેવો હોવાથી, (કન્યા) આપી ત્યારે ભગવાન વિગેરે બધાંએ જાનૈયાં (ભોજકટ) આવ્યા, એમ નીચેના શ્લોકથી કહે છે:—

तस्मिन्नभ्युदये राजन् रुक्मिणी रामकेशवौ ॥
पुरं भोजकटं जग्मुः साम्बप्रद्युम्नकादयः ॥२६॥

હે રાજન્! તે ઉત્સવ ઉપર રૂક્મિણી, બલભદ્ર અને કેશવ, સાંબ પ્રદ્યુમ્ન વિગેરે ભોજકટ નગર ગયા ૨૬.

વિવાહના ઉત્સવમાં રૂક્મિણી (વિવાહ થવાનું) કારણ હોવાથી મુખ્ય હતી. પછી (વિવાહ) લૌકિક હોવાથી વયના અનુક્રમે બલભદ્ર અને શ્રીકૃષ્ણ નગર બનેલા (રૂકમીની) પ્રતિજ્ઞાના સ્થલ ભોજકટ સ્થાને ગયા. જેઓ (ભોજકટ) પધારવાનું સંભવે નહિ તેવા બે બલભદ્ર અને શ્રીકૃષ્ણને કહીને, સાંબ પ્રદ્યુમ્ન વિગેરે જાનૈયા કહેલા છે. સાંબ સુંદર હોવાથી પ્રદ્યુમ્નથી પણ પહેલાં કહેલો છે. (**साम्बप्रद्युम्नकादयः** માં) '**क**' પ્રત્યય (વિવાહ શાસ્ત્રમાં) મના કરેલ (પ્રકારનો) હોવાથા તિરસ્કાર દર્શાવવા યોજેલો છે. ૨૬.

નીચેના શ્લોકથી (આરંભી) મના કરેલ આચરણનું ફલ કહે છે:—

तस्मिन्निवृत्त उद्वाहे कालिङ्गप्रमुखा नृपाः ॥
दृप्तास्ते रुक्मिणं प्रोचुर्बलमक्षैर्विनिजय ॥२७॥

તે વિવાહ પૂરો થયો ત્યારે મદવાળા કલિંગના વિગેરે રાજાઓએ રૂકમીને કહ્યું કે તું બલભદ્ર ઉપર પાસાઓથી (જૂગારમાં) વિજય મેળવ. ૨૭

---

* પ્રદ્યુમ્ન વિગેરેના વિવાહો વિધિપૂર્વક શાસ્ત્ર પ્રમાણે થએલ હોવાથી વૈદિક હતા. આ વિવાહ શાસ્ત્રમાં મના કરેલ પ્રકારનો હોવાથી વૈદિક અથવા ધાર્મિક નહતો. તેથી લૌકિકજ હતો.

કન્યાદાન પછી વરની યાત્રા (કન્યા વળાવવાનું) પણ પૂરી થઇ ત્યારે, (પોતાના) દેશના નામથી જ પ્રસિદ્ધ 'कालिङ्ग' કલિંગ દેશનો રાજા (વિગેરે)એ સ્નેહને લીધે પોતે શાંત રહેલા* પણ રૂકમીને કહ્યું, કારણ કે તે(રાજા)ઓ મદવાળા હતા; તેમજ તે (રૂકમી)ને તેવું કરવાનું કાંઇએ પ્રયોજન પણ નહતું. ૨૭.

'પાસામાં સદાએ મારી જ જીત કેમ થશે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अनक्षज्ञो ह्ययं राजन्नपि तद्व्यसनं महत् ॥
इत्युक्तो बलमाहूय तेनाक्षै रुक्म्यदीव्यत ॥२८॥

'હે રાજન્! આ પાસા ન જાણનારા છે, છતાં (તેમને) તે ભારે વ્યસન છે.' એમ કહેવાએલા રૂકમીએ બલભદ્રને બોલાવી તેમની સાથે પાસાથી જૂગાર રમવા માંડયું. ૨૮.

કારણ કે જેઓ વૈદિક કર્મમાં અથવા ધર્મમાં આસક્તિવાળા હોય છે, તેઓ પાસા જાણનારા હોય છે. બલભદ્ર તે બે પૈકી એકે પ્રકારના નહિ હોવાથી તેમને પાસાનું જ્ઞાન ન હોય તે યોગ્ય જ છે. 'હે રાજન્!' એ સંબોધનથી (એમ કહેલું છે કે) તું પાસા જાણનારો છે. 'છતાં (તેમને) તે ભારે વ્યસન છે' શબ્દોથી (પાસા) નહિ જાણનાર (બલભદ્ર) રમશે નહિ, એવી શંકા દૂર કરેલી છે. તેથી પ્રથમ (રમવાનો) આરંભ કરેલા તે પાછલથી (રમતાં) અટકશે નહિ એટલે હારી જશે.

એ પ્રમાણે તર્કથી સમજાવેલા તે(રૂકમીએ) તે પ્રમાણે કર્યું એમ ઉત્તરાર્ધથી કહે છે. બલભદ્રે પહેલાં (રૂક્મિણીને) જ્ઞાનનો ઉપદેશ કરેલો અને દિલાસો આપેલો, તેથી તે હિતકારી છે એમ માની બલભદ્રને જ બોલાવી એટલે ભગવાનથી છૂટા પાડી દુષ્ટ બુદ્ધિવાળા રૂકમીએ જૂગાર રમવા માંડયું. ૨૮.

शतं सहस्रमयुतं रामस्तत्रादधे पणम् ॥
तं तु रुक्म्यजयत्तत्र कालिङ्गः प्राहसद्बलम् ॥
दन्तान्संदर्शयन्नुच्चैर्नामृष्यत्तद्धलायुधः ॥२९॥

તેમાં બલભદ્રે એકસો, એક હજાર અને દશ હજાર હોડમાં મૂકયા. તે તો રૂકમી જીત્યો. ત્યાં કાલિંગે દાંત દેખાડતાં મોટા અવાજે બલભદ્રની મશ્કરી કરી. તે હલાયુધે સહન કરી નહિ. ૨૯

ત્યાં પાસા ઝાલીને રૂકમીએ 'હોડ કરો' એમ કહ્યું, પાસાઓ ઉપર ચાર બાજુઓએ જૂદી જૂદી સંખ્યા(ના મીંડાં) કોરેલ હોય છે. તે પૈકી કોઇકની બેકી

---

* શત્રુઓ ઘેર આવેલ હોવા છતાં રૂકમી બેન ઉપરના સ્નેહને લીધે શાંત રહેલો હોવા છતાં, એવો અર્થ જણાય છે.

સંખ્યા, કોઇકની એકી સંખ્યા એવી પહેલેથી જ પ્રતિજ્ઞા કરીને, રમત કરવા માટે શરૂઆત થતાં, પછી હાથમાં પાસા પકડેલ રૂકમીએ (હોડ કરવા) કહેલા બલભદ્રે એકસો, એક હજાર, દશ હજાર એમ એક પછી એક દશગણા ત્યાં હોડમાં મૂકયા: તે હોડ તો પોતાને લાભકારક રીતે પાસાઓ નાખી રૂકમી જીત્યો. તે વિષયમાં (બલભદ્રનું) પાસાનું અજાણપણું કાલિંગે પ્રથમ કહેલું હોવાથી, તેણે બલભદ્રની મશ્કરી કરી. તે મશ્કરી પણ પ્રકટ રીતે કરી. એમ 'દાંત દેખાડતાં મોટા અવાજે' શબ્દોથી કહેલું છે. તે(કાલિંગ)ના મનમાં કપટ રાખીને હસે છે એમ વિચારી હલાયુધે તે સહન કરી નહિ.

'નીતિ જાણનારે અવશ્ય (આવી) મશ્કરી સહન કરવી જોઇએ' એવો વિચાર થાય, તેથી 'હલાયુધ'* શબ્દ યોજેલો છે. ૨૯.

ततो लक्षं रुक्म्यगृह्णाद् ग्लहं तत्राजयद्बलः ॥
जितवानहमित्याह रुक्मी कैतवमाश्रितः ॥३०॥

પછી રૂકમીએ એક લાખની હોડ લીધી. તેમાં બલભદ્ર જીત્યા. કપટનો આશ્રય કરેલા રૂકમીએ કહ્યું કે હું જીત્યો. ૩૦.

પછી ત્રણ વાર પછી, જય અથવા પરાજય થતાં, (પાસા પાડનારને) ફેરવીને બીજાએ નાખવા જોઇએ, એવો જૂગાર શાસ્ત્રનો નિયમ હોવાથી, કપટ વિગેરેની શંકા ન રહે તે માટે બલભદ્રે પોતે પાસા લઇને નાખ્યા. પછી દશ હજારથી દશગણાં એટલે એક લાખ ग्लहं હોડમાં મૂકવાના દ્રવ્યની રૂકમીએ પ્રતિજ્ઞા કરી. તે સમયે તે રમતમાં બલભદ્ર જીત્યા. (બલભદ્ર) એકાંતમાં રમતા હતા તેથી પોતાના સંબંધી સાંબ વિગેરે સાક્ષીઓ નહતા, પરંતુ બધા તે(રૂકમી)ના જ સંબંધીઓ હતા. તેથી એકવાર જ (રૂકમીની) ભારે હાર થવાથી, જૂગારમાં જૂઠું બોલવું નિંદાપાત્ર નહિ હોવાથી, રૂકમીએ 'હું જીત્યો' એમ કર્યું. તે પાસાને ઉલટા પકડીને દેખાડીને, કપટનો આશ્રય કરીને એટલે 'કપટથી જ હું જીતીશ' એવો નિશ્ચય કરીને, તે જૂઠું બોલ્યો. ૩૦.

मन्युना क्षुभितः श्रीमान् समुद्र इव पर्वणि ॥
जात्यारुणाक्षोऽतिरुषा न्यर्बुदं ग्लहमादधे ॥३१॥

જેમ પૂનેમને દિવસે સમુદ્ર (ખળભળે) તેમ ક્રોધથી ખળભળેલા, શ્રીમાન સ્વભાવથી લાલ નયનવાળા ઘણા ક્રોધને લીધે (ઘણા લાલ નેત્રવાળા) થયા. (રૂકમીએ) દશ કરોડ હોડમાં મૂકયા ૩૧.

---

* સામાન્ય પુરૂષ એવા નીતિના વિચાર રાખે. હલ જેમનું આયુધ હતું તેવા ઘણા બલવાન બલભદ્ર એવી મશ્કરી કેમ સહન કરે? એવો ભાવ જણાય છે.

પછી તે સહન ન કરતાં (બલભદ્ર) ક્રોધથી ખળભળી ઉઠ્યા. 'આપવાનું (હોડવાળું દ્રવ્ય) નહિ હોવાથી સહન નહિ કરેલ હોય' એવી શંકા થાય, તેનો 'શ્રીમાન' વિશેષણથી નિરાસ કરેલો છે. (શ્રીમાન એટલે) પૂર્ણ ધનવાળા. રોકવા છતાં સ્વભાવથી જ (બલભદ્ર) તેવા હતા એવું, અને તે સમયે તેમજ (કરવું) યોગ્ય હતું એવું દૃષ્ટાંત 'જેમ પૂનેમને દિવસે સમુદ્ર (ખળભળે)' શબ્દોથી કહેલું છે, કારણ કે તે (સમુદ્ર) પૂર્ણ ચંદ્રની સામે જાય છે, તેમ આ (બલભદ્રે) પણ 'મારો જ શિષ્ય મારાથી પણ સરસાઇ (પ્રાપ્ત કરવા) ઇચ્છે છે અને જૂઠું બોલે છે' એમ વિચારી, (જેમ) સમુદ્ર (ચંદ્રને પકડવા ઇચ્છે છે) તેમ (રૂકમીને) પકડવાની ઇચ્છા કરી. વળી તે જાત્યા સ્વભાવથી લાલ નયનવાળા હતા, ક્રોધ કરેલ ન હોય ત્યારે પણ ક્રોધ કરેલા જેવા દેખાતા, તો પછી ક્રોધ કરે ત્યારે તો કહેવું જ શું? એવો અર્થ છે. ઘણા ક્રોધને લીધે તે ઘણા લાલ નેત્રવાળા થયા. તેથી 'આ હણવા યોગ્ય છે' એવો વિચાર (તેમના) મનનો કહ્યો.

પછી ત્રણ વાર રમવું જોઇએ, તેથી બલભદ્રે ફરીથી પાસા લીધા. તે સમયે રૂકમીએ દશ કરોડ હોડમાં મૂક્યા એટલે દશ કરોડ જેટલું (દ્રવ્ય હોડમાં હોવાની) પ્રતિજ્ઞા કરી. જેમ (કરવાથી) એક અસત્ય બોલવાથી જ બધું અસત્ય (બોલવાનું કાર્ય) થાય, તે માટે ત્રણ વાર દશગણું કરવાથી જેટલું થાય,* તેટલું એકવાર જ (હોડમાં) મૂક્યું ૩૧.

જાણકાર હોવાથી નહિ, પરંતુ દૈવની ગતિને લીધે પહેલાંની પેઠે તે પણ બલભદ્ર જીત્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तं चापि जितवान्रामो धर्मेणच्छलमाश्रितः ॥
रुक्मी जितं मयात्रेमे वदन्तु प्राश्निका इति ॥३२॥

અને તે પણ ધર્મ પ્રમાણે બલભદ્ર જીત્યા. કપટનો આશ્રય કરેલા રૂકમીએ (કહ્યું) કે 'હું જીત્યો આ વિષયમાં આ મધ્યસ્થો કહે (નિર્ણય આપે).' ૩૨.

તે સમયે ભારે ખોટ જોઇને, કપટનો આશ્રય કરીને એટલે કપટ જ કરવું જોઇએ. એવો નિશ્ચય કરીને, રૂકમીએ કહ્યું. 'च' 'અને' શબ્દથી (ત્રીસમાં શ્લોકમાંના) 'आह' 'કહ્યું' શબ્દથી જણાવેલી પહેલાની ક્રિયા લેવાની છે. તેણે કહ્યું કે 'હું જીત્યો. આ વિષયમાં આ મધ્યસ્થો કહો (નિર્ણય આપો),' (કારણ કે) મધ્યસ્થો પણ પોતાના લાભનું વચન કહે તો બલભદ્રને પોતાને થએલ જ્ઞાન ભૂલભરેલું લાગે. તે માટે મધ્યસ્થ સભાસદોનો (મત પૂછ્યો). સંદેહ હોય ત્યારે જેઓની સમીપ પ્રશ્ન (કરવાનું) સંભવે તે મધ્યસ્થો. ૩૨.

---

* એક લાખને ત્રણ વાર દશગણા કરવાથી દશ કરોડ થાય. હવે રૂકમી હારતો હોવાથી વારંવાર અસત્ય બોલવા કરતાં એકવાર જ ત્રણવાર જેટલી હોડ મૂકી, 'હું જીત્યો છું' એમ અસત્ય બોલી કામ પતાવી લેવાની ઇચ્છાથી તેણે આવી હોડ કરી એવો ભાવ જણાય છે.

तदाब्रवीन्नभोवाणी बलेनैव जितो ग्लहः ॥
धर्मतो वचनेनैव रुक्मी वदति वै मृषा ॥३३॥

તે સમયે આકાશવાણીએ કહ્યું કેઃ-'ધર્મ પ્રમાણે બલભદ્ર જ હોડ જીત્યા છે. રૂકમી માત્ર વચનથી જૂઠું જ બોલે છે' ૩૩.

ત્યાં દેશ વિગેરેના દેવો સાક્ષીઓ હતા. કાલિંગ વિગેરે દુષ્ટો હોવાથી તેઓએ તેમનામાં આવેશ કરેલ નહતો. ત્યાં રહેલા (સભાસદો) બોલે તે પહેલાં જ સર્વ દેવતારૂપ આકાશવાણીએ સંદેહ દૂર કરવા કહ્યું કે 'બલભદ્ર જ હોડ જીત્યા છે.' જો કે તે પાસાની રમત જાણતા નહતા, છતાં પણ ધર્મ પ્રમાણે જીત્યા છે. રૂકમી માત્ર વચનથી જ એટલે ધર્મ વિનાનું (વચન) બોલે છે. વૈ નિશ્ચયપૂર્વક (એમ છે), આ વિષયમાં સંદેહ કરવો નહિ. તેનું વચન લૌકિક પણ નથી એમ 'મૃષા' 'જૂઠું' શબ્દથી કહેલું છે. લૌકિક (પુરૂષો) પણ આવા વિષયમાં જૂઠું બોલતા નથી. ૩૩.

तामनादृत्य वैदर्भो दुष्टराजन्यचोदितः ॥
संकर्षणं परिहसन् बभाषे कालचोदितः ॥३४॥

તેનો તિરસ્કાર કરીને દુષ્ટ રાજાઓએ પ્રેરેલા વૈદર્ભે સંકર્ષણની મશ્કરી કરતાં કાલથી પ્રેરાઇ (નીચે પ્રમાણે) કહ્યું:- ૩૪.

પછી 'સાક્ષાત્ મધ્યસ્થો હાજર હોવા છતાં આ કયો બનાવટી શબ્દ પ્રમાણ (ગણાય)?' એમ તે (આકાશવાણી)નો તિરસ્કાર કરીને, દુષ્ટ રાજાઓએ '(તારે) તે પ્રમાણે જ કહેવું યોગ્ય છે, આ (આકાશવાણી)નો સ્વીકાર કરવો નહિ' એમ પ્રેરેલા (રૂકમી)એ સંકર્ષણની મશ્કરી કરતાં નીચે પ્રમાણે (શ્લોક ૩૫) કહ્યું, કારણ કે તે **વૈદર્ભઃ** એટલે જેમાં ધર્મ મુખ્ય હોય તેવા દેશમાં નહિ રહેનારો અને દુષ્ટોની સોબતવાળો હતો. તે (સંકર્ષણ) લય કરવા માટે જ જગતને જ ખેંચે છે. તેવા સામર્થ્યવાળાની કટાક્ષ હાસ્ય વિગેરેથી મશ્કરી કરતાં તેણે અયોગ્ય (વચન) કહ્યાં.

'બોલવાનું (તેને) શું પ્રયોજન હતું? શાંત રહેવું હતું અથવા ઊઠીને જતા રહેવું હતું' એવી શંકા થાય, તેથી 'કાલથી પ્રેરાઇ' શબ્દ યોજેલ છે. ૩૪.

नैवाक्षकोविदा यूयं गोपाला वनगोचराः ॥
अक्षैर्दीव्यन्ति राजानो बाणैश्च न भवादृशाः ॥३५॥

તમે વનમાં ફરનારા ગોપાલો પાસા જાણનારા નથી જ. રાજાઓ પાસાઓથી અને બાણોથી રમે છે, તમારા જેવા નહિ. ૩૫.

ભગવાને ગોપાલપણું માન્ય રાખેલું તેથી તે(રૂકમી)ના અંતર્યામીએ પણ (તેને) તેવી જ પ્રેરણા કરી. 'બાલપણમાં (સર્વ) વિદ્યાભ્યાસ કરે છે, અને ક્ષત્રિયો

શસ્ત્રોનો અભ્યાસ કરે છે. તે સમયે (તમે) વનમાં ગાયો જ ચારી' એવું મર્મસ્થાનમાં પ્રહાર કરનારું (વાક્ય) લોકોને વિશ્વાસ રહે તે માટે કહે છે. તમે પાસા જાણનારા નથી, કારણ કે ગોપાલ છો. કેમકે બધા બધી વિદ્યાઓ જાણનારા હોતા નથી. તેથી તમે વનમાં ફરનારા (ગાયો ચારનારા)જ છો.

'(પાસા રમવાનું અને ગાયો ચારવાનું) બંને જાણીએ છીએ' એવી શંકા થાય, તેથી 'રાજાઓ પાસાઓથી રમે છે' એમ કહેલું છે, કારણ કે અભ્યાસ વિના વિદ્યા આવતી નથી. પાસા(ની રમત) ઉપયોગી નથી એવી શંકા કરીને, જૂગાર રમવામાં આસક્તિવાળા અધમ છે, એવી શંકા દૂર કરવા, (તે રમત) જય પ્રાપ્ત કરાવનારી હોવાથી બાણો(ની રમત)ની સમાન છે એમ 'અને બાણોથી' શબ્દોથી કહેલું છે.

'અમે ક્ષત્રિયો હોવાથી બંને જાણીએ છીએ' એમ (બલભદ્ર) કહે, તેથી 'તમારા જેવા નહિ' એમ કહેલું છે. પારકા ઘેર મોટા થએલા, બાલકપણું રહ્યું ત્યાં સુધી નીચ કર્મમાં યોજેલા (તમારા જેવા) પાસાંઓ અને બાણ જાણનારા હોતા નથી, એમ 'તમારા જેવા નહિ' શબ્દોથી (તમે) જાણતા નથી, એમ કહેલ છે. ૩૫.

रुक्मिणैवमधिक्षिप्तो राजभिश्चोपहासितः ॥
क्रुद्धः परिघमुद्यम्य जघ्ने तं नृप संसदि ॥३६॥

હે રાજા! રૂકમીએ એવી રીતે અપમાન કરેલા અને રાજાઓએ મશ્કરી કરેલા (બલભદ્રે) ક્રોધ કરી ભોગળ ઉંચકી. સભામાં તેને મારી નાખ્યો. ૩૬.

પછી બધાએ '(રૂકમી) સત્ય કહે છે' એમ કહ્યું, અને મશ્કરી કરી, ત્યારે કાલે પ્રેરણા કરેલા બલભદ્રે દૈવગતિથી ત્યાં જ કાલના હથોડારૂપ ભોગળ ઉંચકીને **संसदि** સભામાં બેઠેલા જ તેને મારી નાખ્યો; '(તેનો) પક્ષપાત કરનારાઓએ તેના પક્ષને ટેકો આપવો જોઇએ' એમ જાણે કે કહેતા હોય તેવી રીતે સભામાં જ (તેને) મારી નાખ્યો. 'હે રાજા!' એ સંબોધન એમ જણાવે છે કે રાજાઓએ તે પ્રમાણે કરવું યોગ્ય છે. 'ક્રોધ કરેલ' શબ્દથી વિચાર કર્યા વિના (તેમ કર્યું એમ જણાવેલું છે). 'ભોગળ ઉંચકીને' શબ્દથી (એમ કહેલું છે કે) બીજી (બાકીની હણવાની) ક્રિયા કરી. 'च' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેના સેવકોએ પણ (બલભદ્રની) મશ્કરી કરેલી. ૩૬.

વાણીથી અપરાધ થતાં વધ કરીને, મનથી અપરાધ કરેલ (તેમને) માર્યા એમ નીચેના *શ્લોકમાં કહે છે:—

कलिङ्गराजं तरसा गृहीत्वा दशमे पदे ॥
दन्तानपातयत् क्रुद्धो योऽहसद्विवृतैर्द्विजैः ॥३७॥

ક્રોધ પામેલા (બલભદ્રે) કલિંગરાજ જેણે દાંત ખુલ્લા કરી મશ્કરી કરેલી તેને ઝડપથી દશમા પગલે પકડી પાડી, (તેના) દાંત પાડી નાખ્યા. ૩૭

જેણે મશ્કરી કરેલી (શ્લોક ૨૯) તેને ભાગતાં દશમા પગલે પકડ્યો. ક્રિયાશક્તિ પ્રાણની હોવાથી, ‘પુરૂષમાં જરૂર નવ પ્રાણ છે’ શ્રુતિને લીધે પ્રાણને અનુસરી, (તેના ભાગવાના) નવ પ્રયત્નો (પગલાં) જવા દઈને, દશમા પગલે તેને પકડી પાડ્યો. પછી તેણે લોકોને દાંત દેખાડેલા હોવાથી, ફરી તે દેખાડે નહિ તે માટે (તેના) દાંત પાડી નાખ્યા. આ સમયે પણ તે ક્રોધ પામેલા હોવાથી વિચાર વિના (તેમ કરેલું). ‘જેણે મશ્કરી કરેલી’ શબ્દોથી તેનો દોષ કહેલો છે. ‘દાંત ખુલ્લા કરી’ શબ્દોથી દાંત જ પાડવાનું કારણ (કહેલું છે). ૩૭.

अन्ये निर्भिन्नबाहूरुशिरसो रुधिरोक्षिताः ॥
राजानो दुद्रुवुर्भीता बलेन परिघार्दिताः ॥३८॥

બલભદ્રે ભોગળથી પીડેલા બાહુ સાથળ અને માથું ભાંગેલા, લોહીથી ખરડાએલા બીજા રાજાઓ ભય પામી નાઠા. ૩૮.

બીજા પણ (રૂકમીનું) અનુમોદન કરનારા (રાજાઓ), ભાંગેલા હતા બાહુઓ સાથળો અને માથાંઓ જેઓનાં તેવા થયા. ‘रुधिरोक्षिताः’ લોહીથી ખરડાએલા’ વિશેષણથી (તેઓને) ઓળખવાનું ચિહ્ન કહેલું છે. પછી તેઓ ભય પામીને નાઠા. (તેઓ) પોતાની મેળે ભયથી નાસી જાય તેમાં બલભદ્રની સરસાઇ ન થાય, તેથી ‘ભોગળથી પીડેલા’ શબ્દથી ભાગવામાં તે ક્રિયાનું સાધન (કારણ) કહેલું છે. ૩૮.

‘પૌત્રના વિવાહમાં એવી રીતે અનર્થ થયો ત્યારે ભગવાને શું કર્યું ?’ એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

निहते रुक्मिणि श्याले नाब्रवीत्साध्वसाधु वा ॥
रुक्मिणीबलयो राजन् स्नेहभङ्गभयाद्धरिः ॥३९॥

હે રાજન્! સાળો રૂકમી હણાતાં રૂકિમણી અને બલભદ્રના સ્નેહનો ભંગ થવાના ભયથી હરિ સારૂં અથવા ખરાબ કાંઈ બોલ્યા નહિ. ૩૯.

(બલભદ્રે ભગવાનના) સાળાને એકલાને મારી નાખ્યો. (૧) વિવાહ(ના પ્રસંગ)માં સાળો પવિત્રપણું કરનાર છે. તેથી (સાળો હણાતાં) (ભગવાને બલભદ્રને) કાંઇક કહેવું (ઠપકો આપવો) જોઇએ. (૨) ધર્મનું સ્થાપન કરવાનું હોય ત્યારે દુષ્ટ મારી નાખવા યોગ્ય જ છે. તેથી (ભગવાને બલભદ્રને) કાંઇ ન કહેવું

જોઈએ. 'સાળો હણાતાં સારું અથવા ખરાબ કાંઈ બોલ્યા નહિ' શબ્દોથી તે બંને કર્યાં નહિ, એમ કહેલું છે.

'જેનો વિરોધ કરેલ ન હોય તે મંજુર કરેલું થાય (ગણાય)' એ નિયમ પ્રમાણે શાંત રહેવાથી પણ (ભગવાન) બલભદ્રના પક્ષના થાય (ગણાય), તેથી 'સારું (કર્યું)' એમ ન કહેવાથી શું ?' એવી શંકા થાય, તેથી 'હણાતાં' શબ્દ યોજેલ છે. (હણવાનું) કાર્ય થઇ ગયા પછી વચન વ્યર્થ જ થાય આથી એમ સૂચવેલું છે કે 'ખરાબ કર્યું' એમ (ભગવાને બલભદ્રને) કહેવું (ઠપકો આપવો) જોઇતું હતું, છતાં પણ કહ્યું નહિ. તેનું[1] કારણ 'રૂક્મિણીના[1] સ્નેહનો ભંગ થવાના ભયથી' શબ્દોથી કહેલું છે. (રૂક્મિણી) ભક્ત હોવા છતાં, (તે) માયાના કાર્યરૂપ અવિદ્યા હોવાથી, તેની ઉત્પત્તિનો વિચાર કરતાં તેના સ્નેહનો ભંગ થવાનું સંભવતું હતું. પછી ભક્ત (રૂક્મિણી) તેવી (સ્નેહ વિનાની) થતાં, મારે પણ તેવું થવું યોગ્ય હોવાથી, સ્નેહનો સર્વથા (બંને તરફથી) ભંગ થતાં ભક્તિમાર્ગનો નાશ થાય એવો ભય હતો.

'(ભક્તિ)માર્ગનો નાશ થાય, તો પણ ઈશ્વરને શું ભય* ?' એવી શંકા થાય, તેથી 'હરિ' શબ્દ યોજેલ છે; કારણ કે તે સર્વનાં દુઃખ હરનારા છે. તેમ ન કરે (માર્ગનો નાશ થવાની દરકાર ન કરે) તો બધાનાં દુઃખ જાય નહિ, એવો (અર્થ છે).

તેવી જ રીતે 'ખરાબ કર્યું' એમ ન કહેવાનું કારણ બલભદ્રના સ્નેહનો ભંગ હતો, કારણ કે તેમના સ્નેહનો ભંગ થતાં, અવતારનું પ્રયોજન (સિદ્ધ) ન થાય. ભગવાન સિવાયનામાં બીજા ગુણની પ્રવૃત્તિ થાય છે, તેથી (બલભદ્રના) સ્નેહનો ભંગ (થવાનું) સંભવતું હતું, કારણ કે (ભગવાનની) શક્તિનો વિભાગ થઈ ગએલ હતો.‡ ૩૯.

---

[1] 'ખરાબ કર્યું' એમ કહેવું જોઈતું હતું, એટલે 'સારું કર્યું' એમ ન કહ્યું (તેનું કારણ રૂક્મિણીના સ્નેહનો ભંગ થવાનો ભય હતો) એવો અર્થ છે. (લે) આ અર્થ યોગ્ય લાગતો નથી. 'તેનું કારણ' એટલે "'સારું કર્યું' અથવા 'ખરાબ કર્યું' એમ ભગવાને કાંઈ ન કહ્યું તેનું કારણ" રૂક્મિણીના (અને બલભદ્રના) સ્નેહનો ભંગ થવાનો ભય હતો, એમ લેવાથી બધું યોગ્ય થાય છે. મૂળ શ્લોકમાં 'रुक्मिणीबलयोः' એવો સમાસ જ છે. અહિ સુબોધિનીમાં બંનેના સ્નેહનો ભંગ અનુક્રમે કેવી રીતે થાય તે દર્શાવેલું છે. તેથી 'तत्र हेतुः' 'તેનું કારણ' શબ્દોનો અર્થ ઉપર પ્રમાણે લેવાથી કાંઈ દોષ રહેતો નથી.

* રા. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'इव' વધારે છે.

‡ જૂઓ પાછલ અધ્યાય ૮ શ્લોક ૨૪ ઉપરનાં શ્રી સુબોધિની (પૃષ્ઠ ૪૮).

બંનેનું* છૂટા પડવાનું કહીને, ત્રણ‡ ઉત્સાહ વિનાના થતાં, બાકીનાઓએ† જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:—

ततोऽनिरुद्धं सह सूर्यया वरं रथं समारोप्य ययुः कुशस्थलीम् ।
रामादयो भोजकटाद्दशार्हाः सिद्धाखिलार्था मधुसूदनाश्रयाः ॥४०॥

પછી જેમણે મધુસૂદનનો આશ્રય કરેલ અને જેમના બધા મનોરથો સિદ્ધ થયા હતા તેવા બલભદ્ર વિગેરે યાદવો અનિરૂદ્ધને નવવધૂ સાથે ઉત્તમ રથમાં બેસાડીને ભોજકટથી કુશસ્થલી ગયા. ૪૦.

તે (રૂકમી)ના પક્ષપાતીઓ અટકાવ ન કરે તે માટે બલભદ્રને ફરીથી જાનૈયાઓમાં મુખ્ય તરીકે રાખેલા છે. (અનિરૂદ્ધને) **सूर्यया** નવવધૂ સાથે રથમાં 'બેસાડીને' (ગયા), એમ માના બાપ તથા પિતાના બાપને§ મારી નાખેલ હોવાથી દુ:ખી થએલા હોવાથી બલથી બેસાડવાનું કહેલ છે. 'કુશસ્થલી' શબ્દથી પ્રદેશ ખડબચડો હોવાનું સૂચવેલું છે. **दशार्हाः** એટલે અમુક કુલના યાદવો, તેવી દશાને યોગ્ય હોવાથી (એવા નામથી ઓળખાએલ હતા).

બાકીનાઓને† બંને ઇચ્છેલાં હતાં, એમ 'જેમના બધા મનોરથો સિદ્ધ થયા હતા' વિશેષણથી કહેલું છે. (૧) શત્રુનું મૃત્યુ અને (૨) ઇચ્છેલાની✿ પ્રાપ્તિ (તે) સર્વ મનોરથો (સિદ્ધ થયા). તેવા (સિદ્ધ મનોરથવાળા) થવાનું કારણ 'જેમણે મધુસૂદનનો આશ્રય કરેલ' વિશેષણથી કહેલું છે. એવી રીતે ધર્મના આરંભમાં, અનિરૂદ્ધ ધર્મનો રક્ષક હોવાથી તેની કથામાં દુષ્ટનું નિવારણ કહેલું છે. ૪૦.

ઇતિશ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં
દશમા સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો અધ્યાય બારમો સંપૂર્ણ.

---

* 'બંનેનું' એટલે જાનૈયા અને માંડવીઆઓનું.

‡ રૂક્મિણી, અનિરૂદ્ધ અને રોચના એ ત્રણ રૂકમીના મરણથી ઉત્સાહ વિનાના થયા. તેથી જ વરકન્યાને પરાણે રથમાં બેસાડવા પડ્યાનું કહેલ છે.

† ત્રણ ઉત્સાહ વિનાના થયા તે સિવાયનાઓએ.

§ અનિરૂદ્ધની માના બાપ અને રોચનાના પિતાના બાપને.

✿ ઇચ્છેલ કન્યાની.

॥ अथ त्रयोदशोऽध्यायः ॥ અધ્યાય તેરમો.

निरोधे राजसफले देवानां विजयः स्फुटः ॥
निरूप्यते यतो रुद्धा नान्यं संभावयन्ति हि ॥१॥

નિરોધમાં રાજસફલ (પ્રકરણ)માં (ભગવાને) કરેલ દેવો (ઉપર)નો સ્પષ્ટ વિજય કહેવામાં આવે છે, કારણ કે જેઓનો નિરોધ થએલ છે તેઓ બીજાને નમન કરતા નથી. કા. ૧.

त्रयोदशे ततोऽध्याये हेतुस्तस्य निरूप्यते ॥
अनिरुद्धप्रसङ्गेन धर्मः सिध्यति तेन हि ॥२॥

તેથી તેરમા અધ્યાયમાં અનિરૂદ્ધના પ્રસંગથી તે (વિજય)નું કારણ કહેવામાં આવે છે, કારણ કે તે(અનિરૂદ્ધ=મન)થી ધર્મ સિદ્ધ થાય છે. કા. ૨.

सर्वथाप्युपकारित्वात्सर्वतो भयशङ्कया ॥
परमानन्दरूपत्वात्सफलो राजसः स्मृतः ॥३॥

બધાએ પ્રકારે ઉપકાર કરનાર હોવાથી, સર્વ તરફથી ભય (થવા)નો સંશય હોવાથી, (અને) પરમાનંદરૂપ હોવાથી રાજસફલ મનાએલો છે.* કા. ૩.

अनिरुद्धो निरोद्धव्यो निरुद्धो येनकेनचित् ॥
तन्मूलाः सर्व एवैते विनिरुद्धा भवन्ति हि ॥४॥

હરકોઇએ પૂરી રાખેલ અનિરૂદ્ધનો (ભગવાને પોતાની અંદર) નિરોધ કરવાનો છે, કારણ કે (તેનો નિરોધ થતાં) તેના આધારવાળા આ બધાનો[1] નિરોધ થાય છે. કા. ૪

સર્વ દેવો ઉપર (ભગવાનનો) વિજય થાય તે માટે આરંભમાં અનિરૂદ્ધના બંધનનું નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે (ભગવાનમાં) નિરોધ થએલું મન સર્વ(ના નિરોધનું) કારણ થાય છે. તે સંબંધમાં અનિરૂદ્ધનું બંધન કાલથી જ થતું હોવાથી, ઉષાનું ઉપાખ્યાન[2] કહેવામાં આવે છે. કાલમાં પણ વિષયોનો ભેદ (જાણનારી) કારણરૂપ હોવાથી ચિત્રલેખા અગ્રેસર છે.[3]

---

* મન બધી રીતે ઉપકાર કરી શકે તેવું હોવાથી, તેને સર્વ તરફથી (ચંચલ હોવાથી ફરી જવાનો) ભય થવાનો સંશય હોવાથી અને (ભગવાનને પ્રાપ્ત કરી) પરમાનંદરૂપ થાય તેવું હોવાથી રાજસનો નિરોધ સફલ થાય છે, એવો ભાવ જણાય છે.

[1] 'આ' એટલે ભક્તોની ઇંદ્રિયો વિગેરે બધાંનો આધાર અનિરૂદ્ધ, કારણ કે અનિરૂદ્ધ મનના અધિદેવ છે એવો ભાવ છે. (લે)

[2] દૈત્યો કાલના સેવકો હોવાથી કાલરૂપ છે. તેથી દૈત્ય (બાણ)ની પુત્રી ઉષા પણ કાલરૂપ છે એવો ભાવ છે. (લે)

[3] (અનિરૂદ્ધનું બંધન થવામાં) કાલ કારણરૂપ હોવા છતાં વિષયોનો ભેદ જાણનારી (ચિત્રલેખા) મુખ્ય કારણ છે, કારણ કે તે હોય ત્યારે મનનું બંધન સારી રીતે થાય છે, એવો ભાવ છે. (લે)

स्वप्नेऽपि चेत्प्रसङ्गः स्याद्बद्धो भवति मानवः ॥
अन्येन वा तथा ज्ञातः किमु साक्षात्तथाविधः ॥५॥

સ્વપ્નમાં પણ જો પ્રસંગ[1] પડે. અથવા બીજો (કોઇ) તેવો જાણે તો માણસને બંધન (પ્રાપ્ત) થાય છે તો પછી સાક્ષાત્[2] તેવા પ્રકારના[2] (માણસ)નું તો કહેવું જ શું? કા ૫.

આરંભમાં અનિરૂદ્ધના બંધનના કારણરૂપ (ઉષા)નો સંબંધ કરાવનારી (ચિત્રલેખા) (અનિરૂદ્ધને) લઇ જાય તે માટે નીચેના શ્લોકથી[3] સત્તર શ્લોક વડે પ્રસ્તાવના કહે છે:—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છે:—

बाणः पुत्रशतज्येष्ठो बलेरासीन्महात्मनः ॥
सहस्रबाहुर्वाद्येन ताण्डवेऽतोषयन्मृडम् ॥१॥

મહાત્મા બલિના એકસો પુત્રોમાં બાણ સર્વથી મોટો હતો. એક હજાર હાથવાળા તેણે તાંડવમાં શંકરને વાજીંત્રથી પ્રસન્ન કર્યા. ૧.

એકસો પુત્રોમાં (બાણ) સર્વથી મોટો હતો. ભગવાને તે(બલિ)ને બાંધેલ હોવાથી તેનું વેર વળાયાનું જણાવવા ભગવાનના અંશરૂપ અનિરૂદ્ધને તેના પુત્રે બાંધ્યો એમ સૂચવવા, (બાણ) બલિનો પુત્ર હોવાનું જણાવેલું છે.

'તે (બલિએ)જ કેમ ન બાંધ્યો?' એવી શંકા થાય, તેથી 'મહાત્મા' વિશેષણ યોજેલું છે; કારણ કે તે મહાત્મા (હોવાથી) અપકાર કરતો નહતો. 'એકસો પુત્રોમાં સર્વથી મોટો' વિશેષણથી એમ જણાવેલું છે કે (૧) તેણે (બાણે) કર્યું તે તેના પિતાએ જ કરેલું (ગણાય), (અને) (૨) તેને સાહાય્ય કરનારા ઘણા હોવાથી બલિની પેઠે આનું બંધન થવાનો ભય પણ નહતો. છતાં પણ ભગવાન સાથે શત્રુવટ થતાં (આનું) સામર્થ્ય ન રહે તેથી તેણે મહાદેવની ઉપાસના કરી એમ ઉત્તરાર્ધથી કહે છે. વળી તેણે તેમની (મહાદેવની) કૃપાથીજ એક હજાર હાથ મેળવેલા. તે (એક હજાર હાથવાળા વિશેષણ)થી એમ સૂચવેલું છે કે તેણે મહાદેવ પાસેથી ઘણા પ્રકારે બક્ષિસો પ્રાપ્ત કરેલી. તાંડવ (નૃત્ય)માં

---

[1] કાલની ઉપાસના કરનાર દુષ્ટ દૈત્યો સાથે પ્રસંગ. તેથી જ અનિરૂદ્ધનું બંધન થવામાં કાલને કારણ કહેલ છે (લે) 'સ્ત્રી સાથે પ્રસંગ' એવો અર્થ પણ લઇ શકાય તેમ છે.

[2] 'સાક્ષાત્' એટલે જાગતા હોય ત્યારે, 'તેવા પ્રકારના' એટલે કુસંગવાળાનું (તો કહેવું જ શું)! (લે)

[3] પહેલા શ્લોકથી આરંભી, ત્યાર પછીના સત્તર શ્લોકોથી (એટલે પહેલા અઢાર શ્લોકોથી) એવો અર્થ છે. ૧૦–૮–૨૮ શ્લોક પરના શ્રીસુબોધિનીમાં 'ત્રણ શ્લોકોથી' લખેલ છે તેનો આ પ્રમાણે અર્થ ટિપ્પણીમાં કરેલ છે, તે પ્રમાણે અહિં પણ લખું છું. (લે)

ઉત્સાહ વધે તે માટે ઘણાં વાજીંત્રોની જરૂર રહે છે. તે પ્રસંગે ઘણા (પુરૂષો) (જૂદાં જૂદાં વાજીંત્રો) વગાડે ત્યારે જૂદા જૂદા (પુરૂષો)માં રહેલી ક્રિયાઓ એકસરખી ન થાય, તેથી એક (પુરૂષ) ઘણાં વાજીંત્રો વગાડે તેથી સંતોષ પ્રાપ્ત થાય, તેથી (બાણે) એક હજાર હાથોથી તાંડવમાં શંકરને પ્રસન્ન કર્યા. ૧.

નીચેના શ્લોકમાં પ્રસન્ન થએલા (શંકરે) જે કર્યું તે કહે છેઃ—

भगवान् सर्वभूतेशः शरण्यो भक्तवत्सलः ॥
वरेण छन्दयामास स तं वव्रे पुराधिपम् ॥२॥

સર્વ પ્રાણીઓના ઈશ્વર, રક્ષણ કરનારા, ભક્તો ઉપર પ્રેમ રાખનાર તે ભગવાને વર(દાન)થી (તેને) સંતોષ્યો. તેણે તેમને શહેરનું રક્ષણ કરનાર (તરીકે) માગી લીધા. ૨.

'ભગવાન' શબ્દથી (શંકરનું) વરદાન આપવાનું સામર્થ્ય કહેલું છે. તેમણે આપેલું કોઇ પણ મિથ્યા કરશે નહિ એમ સૂચવવા (તેમને) 'સર્વ પ્રાણીઓના ઇશ્વર' એટલે સર્વને વશ રાખનાર કહેલા છે. તે (શંકર)જ જો ઉત્પન્ન થાય, એટલે અહંકારવાળા થઇ શરીરના સંબંધથી ઉત્પન્ન થાય, તો જરૂર તે અહંકાર વશ રાખનારને વશ થાય. સાત્વિક વિગેરે (પ્રકારનો) અહંકાર (તેમનામાં) નહિ હોય એમ વિચારી* 'સર્વ' શબ્દ યોજેલ છે.

(દાન કરવાનું) સામર્થ્ય અને તે મિથ્યા ન થાય તેવું હોવાનું કહીને 'રક્ષણ કરનારા' વિશેષણથી (તેમનો) દાન આપવાનો સ્વભાવ જણાવે છે જે શરણે આવેલાનું દુઃખ મટાડનાર હોય તેજ રક્ષણ કરવા યોગ્ય (ગણાય) છે.

(એવા હોવા) છતાં પણ જો યોગ્ય દાન કરનાર હોય તો થોડું જ આપે; તેથી વધારે દાન (કરનારા છે એમ) જણાવવા 'ભક્તો ઉપર પ્રેમ રાખનાર' શબ્દ યોજેલ છે. જેમ વાછરડાં ઉપર પ્રેમ રાખનારી ગાય (પોતાની) અંદર રહેલું દુધ પણ બીજાઓને પણ તેની ઇચ્છા થતાં આપે છે, તેમ ભગવાન ભક્તોને ન આપવા યોગ્ય (પદાર્થ) પણ આપે છે, તેથી 'વર માગ' એમ (કહી શંકરે તેને) સંતોષ્યો. 'छन्दनं' 'સંતોષ' એટલે (પોતાની) ઇચ્છા પ્રમાણે ફરવાની સત્તા.‡ પછી છૂપું (કાર્ય) કરવાની ઇચ્છાવાળા તે બાણે પોતે સર્વ સ્થલે ફરતાં ઘણા શત્રુઓ હોવાને લીધે ઘરના રક્ષણ માટે ચિંતાથી દુઃખી થતાં તે મહાદેવને **पुराधिपं** શહેરનું રક્ષણ કરનાર તરીકે માગી લીધા. આથી તેનું નગર સર્વથી (કોઇથી) પ્રવેશ થઇ ન શકે તેવું કહેવાયું. તેથી દેવો વિગેરેથી પણ તેનો વિરોધ થઇ શકે તેમ નહતું એમ કહેલું છે ૨.

---

* 'એમ વિચારી' એટલે એવી શંકા કરી, તેમ નહતું પણ સાત્વિક વિગેરે પ્રકારના અહંકાર પણ હતા એમ 'સર્વ' શબ્દથી સૂચવેલું છે, એવો અર્થ જણાય છે.

‡ 'સંતોષ્યો' એટલે આવી સત્તા આપી

'ત્યારે તેવા (બાણુ)નો નાશ કેવી રીતે થયો ?' એવી શંકા થાય, તેથી તેમના (શંકરના) ક્રોધથી જ (તેનો નાશ થયો) એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી બીજો પ્રસંગ કહે છેઃ—

स एकदाह गिरिशं पार्श्वस्थं वीर्यदुर्मदः ॥
किरीटेनार्कवर्णेन संस्पृशंस्तत्पदाम्बुजम् ॥३॥
नमस्ये त्वां महादेव लोकानां गुरुमीश्वरम् ॥
पुंसामपूर्णकामानां कामपूरामराङ्घ्रिपम् ॥४॥

વીર્યના દુષ્ટ મદવાળા તેણે એક દિવસે પાસે રહેલા શંકરને તેમના ચરણકમલનો સૂર્યના જેવા રંગવાળા મુકુટથી સ્પર્શ કરતાં કહ્યું કે હે મહાદેવ! લોકોના ગુરૂ, ઇશ્વર, જેમની કામનાઓ પૂર્ણ થઇ નથી તેવા પુરૂષોની કામના પૂરનાર કલ્પવૃક્ષ રૂપ આપને હું નમન કરૂં છું. ૩-૪.

गिरिशः એટલે મહાદેવ, ત્યાં જ **गिरौ** પર્વત ઉપર **शेते** શયન કરે છે એવી સદાની (તેમની) સ્થિતિથી (બાણુની) ઉદ્ધતાઇ સૂચવેલી છે. 'પાસે રહેલા' વિશેષણથી (એમ જણાવેલું છે કે) ત્યાં પણ ભક્ત ઉપરની કૃપાને લીધે તેની પાસે જ (શંકર) રહેલા, તેથી તેને ઘણો જ મદ થયો. વીર્યનો દુષ્ટ મદ હતો જેનો, તેવો તો જેમના ઉપર આધાર રાખતો તેમનો વિરોધ કરનારો હતો. વીર્યના મદને લીધે વિવેક વિનાનો તેણે જે કર્યું તે (બીજા શ્લોકના) ઉત્તરાર્ધથી કહે છે, કારણ કે વિનયવાળો હોય તે મુકુટ પાઘડી વિગેરે (નીચે) મૂકીને સાષ્ટાંગ પ્રણામ કરીને વિનતિ કરે; આણે તો મુકુટ જ, અને તે પણ અગ્નિના જેવા રંગવાળો સ્પર્શમાં ઘણો જ કઠોર ધારણ કરીને, તેનાથી (શંકરના) ઘણાં કોમલ ચરણકમલનો સ્પર્શ કરતાં ચારથી છ સુધીના શ્લોક કહ્યા. ૩.

'હું નમન કરૂં છું' શબ્દોથી સ્તુતિ કરી, અથવા વાણીથી નમસ્કાર કર્યા. 'હે મહાદેવ!' એ સંબોધનથી (એમ કહેલું છે કે) આપના જેવો બીજો (કોઇ) નથી કે જે ઉપાસના કરવા યોગ્ય હોય. 'લોકોના ગુરૂ' એટલે ઉપદેશ કરનારા અને (ઇશ્વર એટલે) ફલ આપનારા આપ જ છો, એમ (શંકરને) સાધનરૂપ અને ફલરૂપ કહ્યા. તે(શબ્દ)થી આપ જ પ્રાર્થના કરવા યોગ્ય છે, પરંતુ બીજો (તેવો) નથી, એમ પ્રાર્થના કરવાનું પ્રયોજન કહેલું છે. વળી (શંકર) માગેલું બધું અયોગ્ય હોવા છતાં આપે છે, તેમજ હરકોઇ (પદાર્થ) માગવામાં આવે તો પણ ક્રોધ કરતા નથી એ વિષયમાં જાણે કે દૃષ્ટાંત કહેતા હોય તેમ 'જેમની કામનાઓ પૂર્ણ થઇ નથી (તેવા પુરૂષોની કામના પૂરનાર કલ્પવૃક્ષરૂપ)' શબ્દ કહે છે. બીજા દેવતાનું તપ વિગેરે સાધનોથી જ્યારે (જેમની) કામના સિદ્ધ

થએલી ન હોય, તેવા નિષ્ફલ થએલ સર્વ ઉપાયવાળાઓએ માત્ર આશ્રય કરવાથી સર્વ (ફલ) આપનાર अमराङ्घ्रिपवत् કલ્પવૃક્ષની પેઠે કામના પૂરનાર કલ્પવૃક્ષરૂપ (આપ છો). ૪.

એવી રીતે પ્રાર્થના કરેલ પદાર્થ પ્રાપ્ત થાય તે માટે (પ્રાર્થના કરી) નીચેના શ્લોકમાં પ્રપંચથી યુદ્ધની માગણી કરે છે:—

दोः सहस्रं त्वया दत्तं परं भाराय मेऽभवत् ॥
त्रिलोक्यां प्रतियोद्धारं न लेभे त्वदृते समम् ॥५॥

આપે એક હજાર હાથ આપ્યા. પરંતુ મને ભારરૂપ થયા. ત્રણ લોકમાં આપના વિના (મારી) સમાન સામાવળીઓ મળ્યો નહિ. ૫.

(મારી) ક્રિયાશક્તિ ઘણી થાય તે માટે (આપે) એક હજાર હાથ આપ્યાં. વિષય વિના તે સાર્થક ન થાય. (તેમનો) વિષય તો (મારી) સમાન અથવા (મારાથી) અધિક (બલવાળા) સાથે સંગ્રામ છે, પરંતુ તે ન હોવાથી (મળવાથી), જેમ ટાઢ ન હોય ત્યારે વસ્ત્રો ભારરૂપ થાય છે, અથવા યુદ્ધ ન હોય ત્યારે શસ્ત્રો ભારરૂપ થાય છે તેમ ભારરૂપ થયા છે. ઉત્તરાર્ધથી (હાથનું) વ્યર્થપણું પ્રકટ કરે છે.

'ત્યારે સસલાનું શીંગડું નહિ હોવાથી શું આંખ ફલ વિનાની (થાય છે)? તે પ્રમાણે જેઓ હોય તેમનાથી જ જેમ યોગ્ય હોય તેમ (યુદ્ધ) કર' એવી શંકા થાય, તેથી (કહે છે) કે, સમાન (બલવાળા) સાથે જ યુદ્ધ કરવું જોઇએ. આપ (મારી) સમાન છો, તેથી આપ વિના બીજો સમાન (બલવાળો) મને મળ્યો નથી. આથી એમ કહેલું છે કે ભગવાન છે; પરંતુ ઇંદ્રિયોથી જણાતા નહિ હોવાથી, મને મળ્યા નથી. ૫.

'ત્યારે (યુદ્ધ) ભલે ન થાય, સૂઇ રહે' એવું કહેવાની શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

कण्डूत्या निभृतैर्दोर्भिर्युयुत्सुर्दिग्गजानहम् ॥
अन्वयां चूर्णयन्नद्रीन् भीतास्तेऽपि प्रदुद्रुवुः ॥६॥

ચળથી ભરેલા હાથોથી યુદ્ધ કરવાની ઇચ્છાવાળો હું પર્વતોના ભુક્કા કરતો દિગ્ગજોની પાછલ ગયો. તેઓ પણ ભય પામી નાસી ગયા. ૬.

(ચળથી) निभृताः એટલે પૂર્ણ, તેથી (પડ્યા) રહેવાને અશક્ત (હાથો હતા).

'ત્યારે યુદ્ધ ન મળવાથી ચળ મટાડવાનો બીજો જ કોઇ ઉપાય કર' એવી શંકા થાય, તેથી કહે છે કે દિગ્ગજોની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળો હું પર્વતોના ભુક્કા કરતો (તેમની) પાછલ ગયો. પર્વતોના પણ મેં ભુક્કા કર્યા. યુદ્ધ માટે દિગ્ગજોની પણ શોધ કરી. બંને પ્રકારે બલનો ક્ષય થાય છે. યુદ્ધથી

શૌર્યરૂપ (બલનો) અને પરાક્રમથી બલરૂપ (બલનો), તે પૈકી જડ (પર્વતો)ના ભુક્કા કર્યા, અને ચેતન (દિગ્ગજો) તો નાસી ગયા, એટલે (મારૂં બલ) વ્યર્થ જ થયું, એવો અર્થ છે. ૬.

એવી રીતે (તેના) ગર્વનું શ્રવણ કરીને, ભગવાને ક્રોધ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तच्छ्रुत्वा भगवान्क्रुद्धः केतुस्ते भज्यते यदा ॥
त्वद्दर्पघ्नं भवेन्मूढ संयुगं मत्समेन ते ॥७॥

તે સાંભળીને ક્રોધ પામેલા ભગવાને (કહ્યું કે), હે મૂર્ખ! જ્યારે તારી ધજાનો ભંગ થશે ત્યારે તને મારા સમોવડીઆ સામે તારા મદને હરનારૂં યુદ્ધ (પ્રાપ્ત) થશે. ૭

ક્રોધ પામેલા સર્વ જાણનાર ભગવાન મહાદેવે, 'કહ્યું' એ પહેલાં (શ્લોક ૩ માં) કહેલી ક્રિયા ચાલી આવે છે. જ્યારે તારી ધજાનો ભંગ થશે, ત્યારે તેજ યુદ્ધ પ્રાપ્ત થયું છે એમ તને જણાવનારૂં થશે. ધજા એટલે વંશની ધજા. જારથી ભોગવાએલી કન્યા ભાંગેલી ધજા (ધજાનો ભંગ) કહેવાય છે, અને તે રથમાં બેઠેલો હોય ત્યારે એકાએક (રથની) ધજાનો ભંગ (થાય તે ધજાનો ભંગ કહેવાય છે). તે સમયે त्वद्दर्पघ्नं તારા મદને હરવા માટેનું જ યુદ્ધ મારા સમોવડીઆ ભગવાન સાથે થશે. ભગવાન મારી સમાન છે. તે સર્વની સમાન હોવાથી મહાદેવની પણ સમાન છે. ૭.

એ પ્રમાણે યુદ્ધ (થવા)નો સંભવ (હોવાનું) સાંભળીને તે પ્રસન્ન થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

इत्युक्तः कुमतिर्हृष्टः स्वगृहं प्राविशन्नृप ॥
प्रतीक्षन् गिरिशादेशं स्ववीर्यनशनं कुधीः ॥८॥

હે નૃપ! એમ કહેલા દુષ્ટ બુદ્ધિવાળા તેણે આનંદ પામી પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. દુષ્ટ મતિવાળો પોતાના વીર્યનો નાશ કરનારા મહાદેવના ભવિષ્ય કથનની રાહ જોવા લાગ્યો. ૮.

મહાદેવે એમ કહેલો તે આનંદ પામ્યો, કારણ કે તે દુષ્ટ બુદ્ધિવાળો હતો. 'પોતાના ઘરમાં પ્રવેશ કર્યો' શબ્દોથી તેનો મહાદેવના વચનમાં વિશ્વાસ કહેલો છે. પોતે ઉદ્યમ ન કરતાં પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, (અને) મહાદેવના ભવિષ્ય કથનની રાહ જોવા લાગ્યો. જો કે તે ભવિષ્ય કથન પોતાના વીર્યનો નાશ કરનારૂં હતું, છતાં પણ દુષ્ટ મતિવાળો (હોવાથી તેની રાહ જોવા લાગ્યો). ૮.

નીચેના શ્લોકથી આરંભી તેની ધજાના ભંગનો પ્રકાર કહે છે:—

सोषा नाम दुहिता स्वप्ने प्राद्युम्निना रतिम् ॥
कन्यालभत कान्तेन प्रागदृष्टश्रुतेन वै ॥९॥

તેના ઉષા નામની પુત્રી કન્યાએ પહેલાં નહિ જોએલા અને નહિ સાંભળેલાજ કાન્ત પ્રદ્યુમ્નના પુત્રથી સ્વપ્નમાં સુરતસમાગમ પ્રાપ્ત કર્યો ૯.

આ વિષયમાં બીજા પુરાણમાં (એમ કહેલું છે કે) ઉષાએ પતિ માટે પાર્વતીને પ્રાર્થના કરી; પછી તે (પાર્વતી) પ્રસન્ન થયાં. પાર્વતીએ (તેને) કહ્યું કે આજે સ્વપ્નમાં જે તને ભોગવશે તે તારો પતિ (થશે). પ્રદ્યુમ્નના પુત્રરૂપ આધિદૈવિક ભગવાને સ્વપ્ન સૃષ્ટિમાં માયારૂપવાળીને તેને આલિંગન કરીને પોતાના પ્રેમનું તેનામાં સ્થાપન કર્યું. પછી વાસ્તવિક રીતે તેણે આધિદૈવિક પ્રદ્યુમ્નના પુત્ર સાથે સુરતસમાગમ પ્રાપ્ત કર્યો. કન્યાનો સમાગમ (તેના) વ્રતનો ભંગ કરનારો છે. 'કાન્ત' શબ્દથી તે માત્ર મનોરથ નહતો એમ કહેલું છે....

'ત્યારે મનોરથ જેવું સ્વપ્ન ભાવનાથી જ તેવું (સમાગમ કરાવનારૂં) થયું હશે' એવી શંકા થાય, તેથી 'પહેલાં નહિ જોએલા અને નહિ સાંભળેલા' વિશેષણ યોજેલું છે. પહેલાં એટલે તે સ્વપ્ન થયું તે પહેલાં તેણે કોઇ પણ સમયે તે (પ્રદ્યુમ્નના પુત્ર ને જોએલ નહતો તેમજ સાંભળેલ નહતો. વૈ 'જ' એટલે નિશ્ચયપૂર્વક. એ (શબ્દ)થી દૈવી બનાવ કહેલો છે. ૯.

सा तत्र तमपश्यन्ती क्वासि कान्तेति वादिनी ॥
सखीनां मध्य उत्तस्थौ विह्वला व्रीडिता भृशम् ॥१०॥

ત્યાં તેને નહિ જોતી 'હે કાન્ત! આપ ક્યાં છો?' એમ બોલતી બેબાકળી થએલી તે સખીઓની વચ્ચે ઊભી થઇ ગઇ (અને) ઘણી શરમાઇ. ૧૦

પછી તેના વ્રતની સમાપ્તિ કરીને (અનિરૂદ્ધ) ગયો ત્યારે સ્વપ્ન પૂરૂં થતાં તે ઊઠી (અને) જે પ્રદેશમાં સ્વપ્ન થએલું ત્યાં શય્યામાં અનિરૂદ્ધને નહિ જોતી, 'હે કાન્ત! આપ ક્યાં છો' એમ બોલતી તે સખીઓની વચ્ચે ઊભી થઈ ગઇ, કારણ કે આસપાસ (રહેલી) સખીઓની વચ્ચે તે સૂતી હતી. સખીઓમાં છૂપાએલા (કાન્ત)ને જાણે કે શોધતી હોય તેમ તે ઊઠી. 'બેબાકળી' વિશેષણથી ઊભી થએલીનું પણ તેનું ભોગવાયાનું ચિહ્ન કહેલું છે. પોતાની સ્થિતિનું સ્મરણ કરીને અંદરથી તે भृशम् ઘણી જ શરમાએલી હતી. ૧૦.

જેનાથી તેના બધાએ મનોરથ ફળે તેવી ચિત્રલેખા નામની યોગિનીને પાર્વતીએ પહેલાં જ તેની સખી બનાવેલી. જો કે બીજી (સખી)ઓએ પણ (ઉષાની સ્થિતિ) જાણવાની ઇચ્છા કરેલી, છતાં પણ તે (ચિત્રલેખા)જ ઉપયોગી હોવાથી, નીચેના શ્લોકથી આરંભી ચિત્રલેખાનું ઉપાખ્યાન કહેવામાં આવે છેઃ—

बाणस्य मन्त्री कुम्भाण्डश्चित्रलेखा च तत्सुता ॥
सख्यपृच्छत्सखीमूषां कौतूहलसमन्विता ॥११॥

બાણનો મંત્રી કુંભાંડ હતો અને ચિત્રલેખા તેની પુત્રી હતી. (તે) સખીએ જાણવાની ઇચ્છાવાળી થઇ સખી ઉષાને (નીચે પ્રમાણે) પૂછયું. ૧૧.

રાજ્ય મંત્રીને અધીન હોવાથી તે (કુભાંડ મંત્રી) મહાદેવે આપેલો એમ જણાવેલું છે. 'કુભાંડ' એ (તેનું) નામ હતું, પરંતુ કુભના આકારના વૃષણવાળો (તે હોવાનું કહેલ) નથી. ચિત્રલેખા તેની પુત્રી હતી. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) બીજી પણ તેની કન્યાઓ ઉષાની સખીઓ હતી. 'સખી' એટલે ઉષાની સખી. બંને પરસ્પર સખીઓ હોય ત્યારે વાતચિતમાં કાંઇ પણ છૂપું રાખવાનું રહે નહિ, તેથી 'સખી ઉષાને' એમ કહેલું છે. 'આજે જ પાર્વતીએ કહ્યું (અને) આજે જ આ બેબાકળી થઇ,' તેથી (ચિત્રલેખા' આ બેબાકળી થવાનું કારણ) જાણવાની ઇચ્છાવાળી થઇ. ૧૧.

તેણે જે કહ્યું તે નીચેના શ્લોકમાં કહે છે:—

कान्तं मृगयसे सुभ्रु कीदृशस्ते मनोरथः ॥
हस्तग्राहं न तेऽद्यापि राजपुत्र्युपलक्षये ॥१२॥

હે સુંદર ભ્રુકુટિવાળી! તું કાન્તને શોધે છે. તારો મનોરથ કેવો છે? હે રાજપુત્રિ! હજી સુધી તારો વિવાહ (થયાનું) હું જાણતી નથી. ૧૨.

'હે સુંદર ભ્રુકુટિવાળી!' એ સંબોધનથી ભ્રુકુટિનો ભંગ વિગેરેવાળી સ્થિતિ જોવામાં આવતી હોવાથી તે કન્યા (રહી) નથી એમ કહેલું છે.

'કાંતની શોધ કરવી તે યોગ્ય જ છે' એમ કહે, તેથી 'તારો મનોરથ કેવો છે?' એમ પૂછેલ છે. મનોરથ કરવામાં આવે ત્યારે સ્વપ્નમાં (જેવો મનોરથ હોય) તેવું જોવામાં આવે છે તેથી (કાંતને શોધવાનો) ઉપાય જણાએલ જ હોવાથી, તે મનોરથ જ પૂછે છે. 'કોઇક મનોરથ હશે' એમ કહે, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. **हस्तः** હાથ **गृह्यते** ઝલાય છે આનાથી તે **हस्तग्राहः** એટલે પતિ, અથવા (હાથ ઝલાય છે) આની અંદર તે **हस्तग्राहः** એટલે વિવાહ. હજી સુધી તારો વિવાહ (થયાનું) હું જાણતી નથી. કોઇક (કન્યા)નો બાલપણમાં જ વિવાહ થાય છે (અને) પછી સખીઓ સાથે સંબંધ થાય છે ત્યારે પણ વિવાહ થયો છે એમ જણાય છે. વિવાહ (થયો હોય) ત્યારે તો સારા કુલની કન્યા તે (પતિ)ના સંબંધમાં મનોરથ કરે તે યોગ્ય છે. 'હે રાજપુત્રિ!' એ સંબોધનથી એમ કહેલું છે કે તું પૂરાએલી હોવાથી ઇચ્છા પ્રમાણે તારાથી સંબંધ થઇ શકે તેમ નથી. ૧૨.

નીચેના શ્લોકમાં (ઉષા તેનો) ઉત્તર આપે છે:—

॥ उषोवाच ॥ ઉષા કહે છે:—

दृष्टः कश्चिन्नरवरः श्यामः कमललोचनः ॥
पीतवासा बृहद्बाहुर्योषितां हृदयङ्गमः ॥१३॥

કોઇએક શ્યામ, કમલના જેવાં લોચનવાળા, પીળાં વસ્ત્રોવાળા, મોટા બાહુઓવાળા (અને) સ્ત્રીઓને પ્રિય લાગે તેવા ઉત્તમ પુરૂષને મેં જોયા. ૧૩.

‘કોઇએક’ એટલે જેનું વધારે વર્ણન કરી ન શકાય તેવા નરવરઃ ઉત્તમ પુરૂષને (મેં જોયા). બધાનો આકાર જૂદો (જૂદો) હોવાથી, તે દેવ નહતો, દૈત્ય પણ નહતો અથવા બીજો (કોઇ) નહતો, પરંતુ ઉત્તમ પુરૂષ જ હતો. સ્વપ્નમાં સંપૂર્ણ ભાવ સ્પષ્ટ થતો નહિ હોવાથી માત્ર ભ્રમ થાય, તેવું આ પ્રસંગમાં નહતું એમ જણાવવા, (તે પુરૂષના) આકાર, રૂપ, ગુણ વિગેરેનું વર્ણન કરે છે. સર્વલક્ષણસંપન્ન પુરૂષપણું આકૃતિ હતી: ‘શ્યામ’ શબ્દથી રૂપ (કહ્યું). ‘કમલના જેવાં લોચનવાળા’ વિશેષણથી સૌંદર્ય (કહ્યું). ‘પીળાં વસ્ત્રોવાળા’ વિશેષણથી ભૂષણવાળા (હોવાનું) (કહ્યું). ‘મોટા બાહુઓવાળા’ વિશેષણથી ભોગ કરવાની યોગ્યતા (જણાવી). ‘સ્ત્રીઓને પ્રિય લાગે તેવા’ વિશેષણથી સંભોગ કરવાનું સામર્થ્ય (કહ્યું). ૧૩.

‘માત્ર જોવાથી તે કાન્ત કેમ થયો ?’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

तमहं मृगये कान्तं पाययित्वाधरं मधु ॥
क्वापि यातः स्पृहयतीं क्षिप्त्वा मां वृजिनार्णवे ॥१४॥

(જે) મને અધરનું અમૃત પાઇને, (તેની) ઇચ્છા રાખનારીને દુઃખના સમુદ્રમાં ધકેલી ક્યાંક જતો રહ્યો તે કાંતને હું શોધું છું. ૧૪.

તે મારો કાંત થયો, તેથી હું (તેને) શોધું છું. ‘કેવી રીતે (કાંત) થયો ?’ એ જાણવાની ઇચ્છા થાય, તેથી ‘અધરનું અમૃત પાઇને’ શબ્દો યોજેલ છે. આથી બધાએ સંબંધ (થએલા હોવાનું) કહેલું છે; કારણ કે ઘણા પ્રકારે સંબંધ થતાં સામર્થ્યનો ક્ષય થાય ત્યારે સ્ત્રી પુરૂષના અધરનું પાન કરે છે. આથી (તે) ઘણા સમય સુધી રહેલ હોવાનું સૂચવેલું છે. પછી તે ક્યાંક જતો રહ્યો પરંતુ ભોગ થવાના ચિહ્નો હોવાથી (તે) ક્ષીણ થએલ નથી. વધારે સુખ આપ્યા વિના જતો રહ્યો તેથી (તેને) શોધવો યોગ્ય છે એમ કહેવા, ‘ઇચ્છા રાખનારીને મને દુઃખના સમુદ્રમાં ધકેલીને’ શબ્દો યોજેલા છે. (મારામાં) રસની ઇચ્છા ઉત્પન્ન કરીને, તે પૂર્ણ ન કરવાથી (મને) દુઃખ (થએલું છે). ૧૪.

પછી નીચેના શ્લોકમાં સખી (ચિત્રલેખા)એ કરેલી પ્રતિજ્ઞા કહે છે:—

॥ चित्रलेखोवाच ॥ ચિત્રલેખા કહે છે:—

व्यसनं तेऽपकर्षामि त्रिलोक्यां यदि भाव्यते ॥
तमानेष्ये नरं यस्ते मनोहर्ता तमादिश ॥१५॥

જો (તે) ત્રણ લોકમાં હશે તો તારૂં દુઃખ દૂર કરીશ. ચિત્ર કરૂં છું, જે પુરૂષ તારૂં મન હરનારો છે તેને હું લાવીશ. તેને દેખાડ. ૧૫.

જો ત્રણ લોકમાં તે હશે તો હું તારૂં દુઃખ દૂર કરીશ. 'કેવી રીતે (દુઃખ દૂર કરીશ)?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'ચિત્ર કરૂં છું' એમ કહેલું છે. હું ચિત્ર દોરૂં છું. તેમાં જે તારૂં મન હરનારો હોય તે દેખાડ. તેને હું લાવીશ, એવી (તારૂં) દુઃખ દૂર કરવાની રીત છે. ૧૫.

इत्युक्त्वा देवगन्धर्वसिद्धचारणपन्नगान् ॥
दैत्यविद्याधरान् यक्षान्मनुजांश्च यथालिखत् ॥१६॥

એમ કહીને, (૧) દેવો (૨) ગંધર્વો (૩) સિદ્ધો (૪) ચારણો (૫) સર્પો (૬) દૈત્યો (૭) વિદ્યાધરો (૮) યક્ષો અને (૯) મનુષ્યોને બરાબર ચિતર્યા. ૧૬.

જો કે 'ઉત્તમ પુરૂષ' એમ ખાસ (શ્લોક ૧૩માં) કહેલું હોવાથી દેવો વિગેરેના ચિત્રો દોરવાનું યોગ્ય (જરૂરી) નહતું, છતાં પણ દેવો વિગેરે બીજાં રૂપો ધારણ કરીને ઉપભોગ કરતા આવતા હોવાથી, અહિં પુરૂષરૂપ ધારણ કરેલા જ દેવો વિગેરે ચિતરવામાં આવે છે. સ્ત્રીઓની દૃષ્ટિ ઉપરથી નીચે સુધીની હોય છે, તેથી (ચિત્રલેખાએ) પહેલા દેવો ચિતર્યા. આ ત્રણગણા ત્રણ ગુણો,* એટલે દેવો વિગેરે નવ સામાન્ય રીતે ચિતરેલા. 'च' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) મનુષ્યોમાં બધા પ્રકારો (બધા પ્રકારના મનુષ્યો), અથવા દેવો વિગેરેમાં પણ (બધા પ્રકારો ચિતરેલા). ૧૬.

मनुजेषु च सा वृष्णीन् शूरमानकदुन्दुभिम् ॥
व्यलिखद्रामकृष्णौ च प्रद्युम्नं वीक्ष्य लज्जिता ॥१७॥

અને મનુષ્યોમાં તેણે વૃષ્ણિઓને, શૂરને. વસુદેવને, બલભદ્ર અને શ્રીકૃષ્ણને અને પ્રદ્યુમ્નને ચિતર્યા. પ્રદ્યુમ્નને જોઇ તે શરમાઇ. ૧૭.

'શ્યામપણું' વિગેરે ગુણો તે (ઉષા)એ કહેલા હોવાથી, અને મનુષ્યોમાં તેમની સમાનપણું યાદવોમાં જ હોવાથી, મનુષ્યોમાં તેણે વૃષ્ણિઓને ચિતર્યા.

---

* સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો ત્રણ ત્રણ પ્રકારના, એટલે સાત્ત્વિક વિગેરે નવ પ્રકારના.

તેથી પણ વધારે 'સ્ત્રીઓને પ્રિય લાગે તેવા' વિગેરે ગુણોથી એક એકથી વધારે સુંદર રૂપવાળા વૃષ્ણિઓમાં શૂરને ચિતર્યા, અને તેના પુત્ર '**आनकदुन्दुभिम्**' વસુદેવને (ચિતર્યા). તેઓમાં બલભદ્ર જો કે શ્યામ નહતા, છતાં પણ તે બીજું રૂપ ધારણ કરીને તેમ કરે, તેથી બલભદ્રને પણ ચિતર્યા. '**रामकृष्णौ च**' માં '**च**' 'અને' શબ્દ હોવાથી (એમ જણાવેલું છે કે) ગદ વિગેરેને પણ ચિતર્યા. પ્રદ્યુમ્નને ચિતરેલા જોઇને, સ્હેજ તફાવતને લીધે '(તે પુરૂષ) તેમના (પ્રદ્યુમ્નના) પુત્ર હોવા જોઇએ' એવો નિર્ણય કરીને તે શરમાઇ. જો કે ભગવાન (પોતાનું) તેવું કુદરતી રૂપ કરવા શક્તિવાળા છે, છતાં પણ મર્યાદામાં એક એક ગુણ સ્પષ્ટ જણાય તે માટે (તેવા ગુણવાળો) એક જ પદાર્થ નક્કી કરવામાં આવે છે. તેથી જે પ્રકારનો ગુણ અનિરૂદ્ધના મૂળ કારણરૂપ હતો, તેનાથી અનિરૂદ્ધ જ ઉત્પન્ન કરવામાં આવેલ. બીજો (પુરૂષ તેવો) કરવામાં આવે તે કૃત્રિમ જ હોય; તેથી (અનિરૂદ્ધમાં અને તેવા પુરૂષમાં) ભેદ હોય જ. તેણે આધિદૈવિક (અનિરૂદ્ધ)ને જોએલો તેથી, અથવા અનિરૂદ્ધ પોતે માયા વડે તે પ્રમાણે (તેવું રૂપ લઇ) આવેલો તેથી, '(તે પુરૂષ) આપનો પુત્ર હોવો જોઇએ' એવો ભેદ તેણે શરમને લીધે જાણ્યો નહિ. પતિના દાદા વિગેરેની લાજ હોતી નથી એમ લૌકિક (પુરૂષો) કહેછે.* ૧૭.

પછી અસલ અનિરૂદ્ધનું ચિત્ર કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

अनिरुद्धं विलिखितं वीक्ष्योषावाङ्मुखी ह्रिया ॥
सोऽसावसाविति प्राह स्मयमाना महीपते ॥१८॥

હે રાજા! અનિરૂદ્ધને ચિતરેલો જોઇને ઉષા શરમથી નીચા મુખવાળી થઇ અને 'તે આ છે. આ છે' એમ હસતાં કહ્યું ૧૮.

(અનિરૂદ્ધનું) ખાસ ચિતરેલું કુદરતી રૂપ સ્વપ્નમાં જોએલાં (રૂપ) જેવું જોઇને, તે જાતે જ (પતિ) હોવાનું માનીને, પહેલાના સંબંધનું સ્મરણ કરીને ઉષા નીચા મુખવાળી થઇ. પછી (ચિત્રલેખા) બીજાનું ચિત્ર ન કરે તે માટે, આદરથી 'તે જ આ છે, આ છે' એમ બે વાર બોલી. 'હસતાં' શબ્દથી 'હું (તેને) પ્રાપ્ત કરીશ' એવા વિચારથી તેને થએલ હર્ષ સૂચવેલો છે. 'હે રાજા!' એ સંબોધન (પરિક્ષિતને) ભ્રમ ન થાય તે માટે (કરેલું છે). ૧૮.

પછી વર નક્કી કરી, (ચિત્રલેખા) તેને લેવા ગઇ, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

चित्रलेखा तमाज्ञाय पौत्रं कृष्णस्य योगिनी ॥
ययौ विहायसा राजन् द्वारकां कृष्णपालिताम् ॥१९॥

---

* શૂર, વસુદેવ, બલભદ્ર અને શ્રીકૃષ્ણનાં ચિત્રો જોઇ શરમાઇ નહિ, તેનું કારણ આથી જણાવેલું છે.

હે રાજન્! યોગિની ચિત્રલેખા તે શ્રીકૃષ્ણના પૌત્રને ઓળખીને આકાશમાર્ગે શ્રીકૃષ્ણથી રક્ષાએલી દ્વારકાં ગઇ. ૧૯.

'શ્રીકૃષ્ણના પૌત્ર' હોવાથી સ્ત્રીઓનું હિત કરનારાં હશે, અને પોતે યોગિની (હોવાથી), તેણે પહેલાં કરેલું રમણ યોગના અભ્યાસથી તેણે જાણ્યું. તેથી જ તે આકાશમાર્ગે ગઈ, કારણ કે ચોકીદારોને લીધે બીજા પ્રકારે (ત્યાં) જવાની અથવા (ત્યાંથી) આવવાની (તેની) શક્તિ નહતી. 'હે રાજન્!' એ સંબોધન (પરિક્ષિત્) સાવધાન રહે તે માટે (કરેલું છે). 'શ્રીકૃષ્ણથી રક્ષાએલી' વિશેષણથી (એમ જણાવેલું છે કે) તે સમયે શ્રીકૃષ્ણ પોતે જ આ જ કાર્યને લક્ષ્યમાં રાખીને રક્ષણ કરનાર, શહેરના અધ્યક્ષ બનેલા. તેમ ન હોત તો દેવો અને પ્રભાવવાળા (પુરૂષો)થી શહેરનું રક્ષણ થતું હોવાથી, કોઇથી (તેમાં) પ્રવેશ થઈ શકે તેમ નહતું. ૧૯.

तत्र सुप्तं स्वपर्यङ्के प्राद्युम्निं योगमास्थिता ॥
गृहीत्वा शोणितपुरे सख्यै प्रियमदर्शयत् ॥२०॥

યોગનો આશ્રય કરેલીએ તેણે ત્યાં પોતાના પલંગ ઉપર પોઢેલા પ્રદ્યુમ્નના પુત્રને લઇને શોણિતપુરમાં સખીને (તેના) પ્રિયનાં દર્શન કરાવ્યાં. ૨૦.

ત્યાં પણ ભગવાનની ઇચ્છાથી અનિરૂદ્ધ પણ જાગતો નહતો. નહિ તો (જાગતો હોત તો), તેજ ન જાત. 'પોતાના પલંગ ઉપર' શબ્દથી ગાઢ નિદ્રા જણાવેલી છે.

'ક્ષત્રિયો સાવધાન રહે છે. (અનિરૂદ્ધ) એવી રીતે ગાઢ નિદ્રામાં કેમ હતો?' એવી શંકા થાય તેથી 'પ્રદ્યુમ્નના પુત્રને' શબ્દ યોજેલ છે, કારણ કે તે પ્રદ્યુમ્નનો પુત્ર ભય વિનાનો હતો. પ્રદ્યુમ્નને (શંબર) ઉપાડી ગએલ, આને પણ ઉપાડી જવામાં આવ્યો, અથવા ભગવાનની ઇચ્છાથી (તેમ થયું) (શત્રુનો) પરાભવ અને સ્ત્રીની પ્રાપ્તિ બંનેનાં સંબંધમાં સરખાં થયાં. શક્તિનો સંકોચ તો નિમિત્તને લીધે થએલ એમ જણાવવામાં આવે છે. તે (ચિત્રલેખાએ) પણ તેને લઇ જવા માટે લૌકિક ઉપાયનો ત્યાગ કરીને યોગનો આશ્રય કર્યો. યોગ અલૌકિક ઉપાય છે 'આશ્રય કર્યો' એટલે સર્વ પ્રકારે તેના ઉપર ઘણો ભાર મૂકીને, પલંગમાંથી તે (અનિરૂદ્ધ)ને જ બાલકની પેઠે લઇને (શોણિતપુરમાં સખીને દર્શન કરાવ્યાં).

---

[1] પ્રદ્યુમ્ન પોતે જ શત્રુને હણીને સ્ત્રીને લાવેલ. આ અનિરૂદ્ધ તો પોતે બંધાઇ ગએલો, અને પછી ભગવાને તેને છોડાવેલ; એવો જે તેની શક્તિનો સંકોચ થએલો તે નિમિત્તને લીધે થએલ. કાલથી અને તેમાં પણ વિષયોનો ભેદ કરનારથી મનનું બંધન થાય તે યોગ્ય જ છે, એમ પહેલાં કહેલું હોવાથી, (એ નિમિત્તથી તેની શક્તિનો સંકોચ થયો). (લે).

(અનિરૂદ્ધ) જાગ્યો નહિ તે યોગનો પ્રભાવ હતો. 'શોણિતપુર' એ નામથી જ (તે શહેરનું) ભયાનકપણું કહેલું છે. 'સખીને' એટલે ઉષાને, 'આ તારો પ્રિય' એમ (કહી) તેના પ્રિય અનિરૂદ્ધનાં દર્શન કરાવ્યાં. ૨૦.

सा च तं सुन्दरवरं विलोक्य मुदितानना ॥
दुष्प्रेक्ष्ये स्वगृहे पुम्भी रेमे प्राद्युम्निना समम् ॥२१॥

અને તેણે તે સુંદર વરને જોઇને આનંદિત મુખવાળી થઇ પુરૂષોથી જોઇ ન શકાય તેવા પોતાના ઘરમાં પ્રદ્યુમ્નના પુત્ર સાથે રમણ કરવા માંડયું. ૨૧.

ત્યાં જઇ તે સ્ત્રીઓના મંડલમાં જાગ્યો. પછી આનંદિત મુખવાળી થએલી તેણે તેની સાથે રમણ કરવા માંડયું. 'च' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) તેણે (અનિરૂદ્ધે) પણ તેની સાથે (રમણ કરવા માંડયું). 'આનંદિત મુખવાળી' શબ્દથી એમ કહેલું છે કે વિષય (અનિરૂદ્ધ)ના સૌન્દર્યને લીધે તેને ભય રહ્યો નહતો. '(પુરૂષોથી) જોઇ ન શકાય તેવા પોતાના ઘરમાં' શબ્દોથી (તેને ભય ન રહેવાનું) લૌકિક કારણ પણ કહેલું છે. બધી સ્ત્રીઓ (ઉષાની) માતા વિગેરે પણ કન્યા ઉપર અને તે (અનિરૂદ્ધ)ના ઉપર સ્નેહ રાખનારી હોઇ એકમતવાળી થએલી. 'પ્રદ્યુમ્નના પુત્ર' શબ્દથી (એમ સૂચવેલું છે કે) તે સર્વ પ્રકારે કામમાં સંતોષ આપનારો હતો. ૨૧

તેઓ છૂપા રહીને દુઃખથી રમણ કરતા નહતા; એમ નીચેના શ્લોકથી જણાવે છે:—

परार्घ्यवासः स्रग्गन्धधूपदीपासनादिभिः ॥
पानभोजनभक्ष्यैश्च वाक्यैः शुश्रूषयार्चितः ॥२२॥
गूढः कन्यापुरे शश्वत्प्रवृद्धस्नेहया तया ॥
नाहर्गणान्स बुबुधे ऊषयापहृतेन्द्रियः ॥२३॥

ઘણાં કિમતી વસ્ત્રો માલાઓ સુગંધી પદાર્થો ધૂપ, દીપક આસન વિગેરેથી અને પાન ભોજન તથા ભક્ષ્યથી, વાણીથી (અને) સેવાથી આદર પામેલા, સદા કન્યાના અંતઃપુરમાં છૂપાવેલા, (અને) ઘણા વધેલા સ્નેહવાળી તે ઉષાએ જેની ઇંદ્રિય હરી લીધેલી તેવાએ ઘણા દિવસો (ગયા તે) જાણ્યું નહિ ૨૨-૨૩,

(વસ્ત્રો વિગેરે) બધાંએ ઘણાં કિમતી એટલે અમૂલ્ય હતાં. ધૂપ, દીપક, આસન વિગેરેથી (અનિરૂદ્ધની) દેવની પેઠે પૂજા (થયાનું) કહ્યું, સ્નાન કર્યા પછી પ્રથમ વસ્ત્ર, પછી માલાઓ, પછી સુગંધી પદાર્થો એમ (અપાતા). કેશોના

સંસ્કાર (સૂકવવા) માટે ધૂપ (અપાતો). પછી ઘરમાં પ્રવેશ કરે ત્યારે આરતી (દીપક) થતી. પછી બેસવા માટે આસન (અપાતું) પછી પાન, ભોજન અને ભક્ષ્યો (અપાતાં). મદ કરનારાં અને રૂચિ ઉત્પન્ન કરનારાં દ્રવ્યોનું બનાવેલું પાન (પીણું) હતું. 'ભોજન' એટલે સામાન્ય (ખોરાક). 'ભક્ષ્ય' એટલે તાંબૂલ વિગેરે. 'च' 'અને' શબ્દ હોવાથી તેના સંબંધવાળા (પદાર્થો પણ અપાતા). મનનો (સ્નેહ) તો સિદ્ધ થએલો જ હોવાથી આ બહારના (સ્નેહના ચિહ્નો) કહેલા છે. 'વાણીથી' શબ્દથી વાચાથી થતી, અને 'સેવાથી' શબ્દથી કાયાથી થતી (સરભરા કહેલી છે). સર્વ પ્રકારથી તેનો આદર થતો. ૨૨.

તે પણ તે(સ્ત્રી)ઓની ઇચ્છા પ્રમાણે વર્તનારો થયો એમ ત્રેવીસમા શ્લોકથી કહે છે. ઉપચારો (થતા) સદાએ જોવામાં આવતા હોવાથી, (અનિરૂદ્ધનું તેઓની) ઇચ્છા પ્રમાણે વર્તન થયું. 'ઘણા વધેલા-સ્નેહવાળી' વિશેષણથી સદા (ઉપચારોના) સાધનો (પૂરા પાડવા)નું કારણ કહેલું છે. તેને બીજાં કોઇ કાર્યનું સ્મરણ રહેલું નહિ એમ જણાવવા ઉત્તરાર્ધ યોજેલો છે. 'ઉષાએ' શબ્દથી એમ સમજાવેલું છે કે તેને પહેલાંની સ્ત્રીઓનું સ્મરણ રહેલ નહિ, (અને) આને સર્વથી ઉત્તમ (જાણતો). 'अपहृतम्' વશ કરેલી એટલે તે(ઉષા)ને આધીન થએલી હતી इन्द्रियम् ઇંદ્રિય જેની તેવો (તે થયો હતો). ૨૩.

तां तथा यदुवीरेण भुज्यमानां हतव्रताम् ॥
हेतुभिर्लक्षयांचक्रुरापीतां दुरवच्छदैः ॥२४॥
भटा आवेदयांचक्रू राजंस्ते दुहितुर्वयम् ॥
विचेष्टितं लक्षयामः कन्यायाः कुलदूषणम् ॥२५॥

તેવી રીતે યદુવીરથી ભોગવાતી પીળા વર્ણવાળી તેને સીપાઇઓએ છૂપાં રાખી ન શકાય તેવાં ચિહ્નોથી વ્રતથી ભ્રષ્ટ થએલી જાણી, (અને) 'હે રાજન્! આપની પુત્રી કન્યાનું વર્તન કુલને દૂષણરૂપ હોવાનું અમે માનીએ છીએ' (એમ) જાહેર કર્યું. ૨૪–૨૫.

પછી પુરૂષથી ભોગવાએલી (તે), ગર્ભથી થએલાં અથવા ભોગથી જ થએલા ચિહ્નોથી, ભ્રષ્ટ થએલું છે વ્રત જેનું તેવી (જણાઇ). કન્યાનું વ્રત બ્રહ્મચર્ય છે. પછી (સીપાઇઓએ) તેને વ્રતથી ભ્રષ્ટ થએલી માની. 'યદુવીરથી' શબ્દથી એમ કહેલું છે કે (તે) ઘણી જ ભોગવાએલી. તેથી ચિહ્નો સ્પષ્ટ (દેખાયાં). આ સર્વ બાજુએ પીતાં પીળા વર્ણવાળી (તે થઇ). શ્રમને લીધે અથવા ગર્ભ (રહેવા)ને લીધે સ્ત્રીઓ તેવી થાય છે. 'दुरवच्छदैः' એટલે છૂપાં રાખી ન શકાય તેવા ગુણો અને રૂપથી (તેને તેવી) જાણીને, પોતાનો અપરાધ ગણાશે એવા ભયથી સીપાઇઓએ (બાજુને) જાહેર કર્યું. 'હે રાજન્!' (વિગેરે)થી તે ચોકી રાખનારા કન્યાના અંતઃપુરના અમલદારોનું વાક્ય કહે છે.

'અયોગ્ય (વૃત્તાંત બાણુને) કેમ સંભળાવવું ?' એવા વિચારથી ભય રાખી સંબોધન કરીને, પછી ભારે દુઃખદાયક (વૃત્તાંત) સૂચવે છે. 'વર્તન' એટલે વ્યભિચાર. 'માનીએ છીએ' શબ્દથી (એમ કહેલું છે કે એ) સત્ય માત્ર અનુમાનથી જાણેલું છે.

'ભલે (તેમ) હોય, (તેમાં) શું દોષ ?' એવી શંકા થાય, તેથી 'કુલને દૂષણરૂપ' શબ્દ યોજેલ છે, કારણ કે જો કે પાપ વિગેરેનો તેઓને ભય હોતો નથી છતાં પણ દૈત્યો વ્યભિચારી હોતા નથી, જેમ દેવોમાં અસત્ય દોષ (ગણાય) છે, તેમ તેઓના કુલમાં વ્યભિચાર દોષરૂપ છે. ૨૫.

'ત્યારે કોણ (કન્યાના અંતઃપુરમાં) આવે છે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अनपायिभिरस्माभिर्गुप्तायाश्च गृहे प्रभो ॥
कन्याया दूषणं पुम्भिर्दुष्प्रेक्षाया न विद्महे ॥२६॥

હે પ્રભો ! ઘરમાં સંપૂર્ણ સાવધાનીથી અમારાથી રક્ષાતી, પુરૂષો જેને જોઇ શકે નહિ તેવી કન્યાનું દૂષણ (કેમ થયું તે) અમે જાણતા નથી. ૨૬

'કન્યા' શબ્દથી એમ કહેલું છે કે પોતાની મેળે તેણે વિવાહ કર્યો નથી. આ (શબ્દ)થી અનુમાન કરેલો વૃત્તાંત ખોટો હોવાનું પણ યુક્તિથી કહેલું છે. તેથી જ 'દૂષણ અમે માનીએ છીએ' અને 'જાણતા નથી' એમ કહેલું છે. જો તેમ ન હોય, (દૂષણનો) નિશ્ચય થએલ હોય, તો તેઓ પણ હણવા યોગ્ય થાય. ૨૬.

પછી (દૂષણનો) નિશ્ચય કરવા તેણે પોતે પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ततः प्रव्यथितो बाणो दुहितुः श्रुतदूषणः ॥
त्वरितः कन्यकागारं प्राप्तोऽद्राक्षीद्यदूद्वहम् ॥२७॥

પછી પુત્રીનું દૂષણ જેણે સાંભળેલું તેવો બાણ ઘણો દુઃખી થઇ ઝડપથી કન્યાના અંતઃપુરમાં ગયો (અને) તેણે યદુના વંશજને જોયો. ૨૭.

તે ઘણો એટલે શસ્ત્રો વિગેરેના (પ્રહારો)થી પણ વધારે દુઃખી થયો. પછી ઝડપથી કન્યાના અંતઃપુરમાં ગયો (અને ત્યાં) પહેલાં યદુના વંશજ (અનિરૂદ્ધ)ને જ જોયો. તે બધાએ यदून् યદુઓનો उद्वहति ઉદ્ધાર કરતો હતો, તેથી તે ઘણો શૂરવીર અને યદુકુલમાં ઉત્પન્ન થએલો હતો એમ (બાણે) જાણ્યું. ૨૭.

તેણે જોએલ અનિરૂદ્ધ ભય વિનાનો હતો એમ જણાવવા નીચેના શ્લોકોમાં તેનું વર્ણન કરે છે:—

कामात्मजं तं भुवनैकसुन्दरं श्यामं पिशङ्गाम्बरमम्बुजेक्षणम् ॥
बृहद्भुजं कुण्डलकुन्तलत्विषा स्मितावलोकेन च मण्डिताननम् ॥२८॥
दीव्यन्तमक्षैः प्रिययाभितृष्णया तदङ्गसङ्गस्तनकुङ्कुमस्रजम् ॥
बाह्वोर्दधानं मधुमल्लिकाश्रितां तस्याग्र आसीनमवेक्ष्य विस्मितः ॥२९॥

ભુવનોમાં એકલા સુંદર, શ્યામ, પીળાં વસ્ત્રવાળા, કમલ જેવાં નયનવાળા, મોટી ભુજાવાળા, કુંડલો અને કેશોના તેજથી તથા હાસ્યવાળી દૃષ્ટિથી શોભતા મુખવાળા, સર્વ તરફની તૃષ્ણાવાળી પ્રિયાની સાથે પાસાથી જૂગાર રમતા, તેના અંગના સંગને લીધે સ્તન ઉપરના કેસરવાળી અને રસવાળા મોગરા જેમાં હતા તેવી માલાને બાહુઓ વચ્ચે ધારણ કરતા, તેની સમીપ બેઠેલા કામના તે પુત્રને જોઇને તે વિસ્મય પામ્યો. ૨૮-૨૯.

તે સ્ત્રીઓનું અત્યંત હિત કરનાર હતો એમ જણાવવા 'કામના પુત્રને' શબ્દ યોજેલ છે. 'ભુવનોમાં એકલા સુંદર' વિશેષણથી (તેને) બધાએને મોહ ઉત્પન્ન કરનાર કહેલો છે. 'શ્યામ, પીળાં વસ્ત્રવાળા' વિશેષણોથી ભગવાનની સમાન રંગથી ભગવદીયપણું જણાવેલું છે. 'કમલ જેવાં નયનવાળા' વિશેષણથી (તેને) દૃષ્ટિથી જ સર્વને આનંદ આપનાર કહેલો છે. 'મોટી ભુજાવાળા' વિશેષણથી ભોગ (કરવા)ની યોગ્યતાવાળો અને વીર (કહેલો છે). આ સ્વભાવથી પણ ઉત્તમ હોવાથી 'કુંડલોથી અને કેશોથી શોભતું હતું મુખ જેનું' એમ કહેલું છે. 'હાસ્યવાળી દૃષ્ટિથી (શોભતા મુખવાળા)' શબ્દથી (તેનો) મનોહર સ્વભાવ કહેલો છે. આથી એમ કહેલું છે કે આ વર સર્વ લક્ષણોથી સંપૂર્ણ હતો. ૨૮.

તે ચોરીથી વ્યભિચારનો સંબંધ રાખતો નહતો એમ ઓગણત્રીસમા શ્લોકથી કહે છે. જેમ પરણેલા સ્ત્રી અને પુરૂષ પાસાથી રમે છે તેમ તેની એકલાની અંદર પ્રેમ રાખતી પ્રિયાની સાથે પાસાથી જૂગાર રમતો (તેને જોયો) અને 'સર્વ તરફની તૃષ્ણાવાળી' વિશેષણથી એમ કહેલું છે કે તે રમત રમત માટે જ (રમાતી) નહતી, પરંતુ રસનું પોષણ કરનારી હતી, કારણ કે સર્વ તરફની તૃષ્ણા હતી જેની તેવી (ઉભા) સર્વ તરફથી સંબંધ (રાખવા) ઇચ્છતી હતી. અથવા 'अभितृप्तया' એટલે સંભોગથી સંપૂર્ણ રીતે તૃપ્ત થએલી (પ્રિયા સાથે પાસાથી રમતો જોયો). અથવા 'अभिनृम्णया' (પાઠ લેવો). 'नृम्णम्' વૈદિક શબ્દ 'नृम्णाय नृम्णम्' એ (મંત્ર)માં પ્રસિદ્ધ છે. 'પ્રકાશમાનમાં પ્રકાશમાન' એવો (તેનો) અર્થ છે. 'अभिनृम्णया' એટલે સર્વ તરફથી પ્રકાશતી, પરંતુ કોઇ પણ અંશથી સંકોચથી નહિ રહેલી (પ્રિયા સાથે પાસાથી રમતો જોયો). તેના સંબંધમાં આવેલો જ ક્રીડા કરતો હતો એ વિષયના સર્વ સંદેહો દૂર થાય

તે માટે 'તેના અંગના સંગને લીધે સ્તન ઉપરના કેસરવાળી માલાને (ધારણ કરતો)' શબ્દ યોજેલ છે. તે(ઉષા)ના અંગના સંગને લીધે સ્તન ઉપરનુ જે કેસર માલાને ચોંટેલું, તેવી માલાને (પોતાના) બાહુઓ વચ્ચે ધારણ કરતો, એટલે ઘણા જ રસાલ સમયે જોયો, એવો (અર્થ છે). રસવાળો જે મોગરો, તે જેમાં હતો તેવી માલા (હતી), એમ તેને ભ્રમર વિગેરેનો સંબંધ (હોવાનુ) જણાવેલ છે. મોગરો ગંધથી અને રંગથી રસનુ પોષણ કરનારો છે. તે(બાણ)ની જ સમીપ પણ બેઠેલો, એટલે બાણ આવ્યો ત્યારે પણ તેવી જ રીતે બેસી રહેલો (તેણે) જોયો. '(મારી) પોતાની સમીપ બેઠેલો' એમ (બાણે) કહેવું જોઇએ, ત્યારે તે(બાણ)ને તેવો વિચાર થયો (આવ્યો) નહિ, તેથી 'તેની સમીપ પણ બેઠેલા' એમ શુકે જ કહેલું છે. (તેની સમીપ પણ બેસી જ રહ્યો) તેથી જ (બાણ) વિસ્મય પામ્યો. ૨૯.

પછી તેના સેવકોએ (તે) સહન નહિ કરતાં યુદ્ધ માટે પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

स तं प्रविष्टं वृतमाततायिभिर्भटैरनीकैरवलोक्य माधवः ॥
उद्यम्य मौर्वं परिघं व्यवस्थितो यथान्तको दण्डधरो जिघांसया ॥३०॥

શસ્ત્ર ધારણ કરેલા સીપાઇઓ અને સૈન્યોથી વીંટાએલા તેને પ્રવેશેલો જોઇને, હણવાની ઇચ્છાથી દંડ ધારણ કરનાર કાલની પેઠે, માધવ લોખંડની ભોગળ ઉગામીને ઉભો રહ્યો ૩૦.

(અંતઃપુરની) અંદર પ્રવેશ કરેલા તે (પોતાના) સાસરાને 'आततायिभिर्वृतम्' શસ્ત્ર ધારણ કરેલા (સીપાઇઓ અને સૈન્યો) સહિત આવતા (જોઇને), '(આ બધા મને) મારશે'. એવો નિશ્ચય કરીને, (માધવ ઉભો રહ્યો). મધુના વંશમાં ઉત્પન્ન થએલ (માધવ) પોતાના સંબંધથી બીજાની અંદર પણ મદ ઉત્પન્ન કરે છે, તો પછી સાક્ષાત્ પોતાની અંદર (ઉત્પન્ન કરે તેમાં) કહેવું જ શું? તેથી તે એકલો યુદ્ધ (કરવા) માટે તૈયાર થયો એમ ઉત્તરાર્ધથી કહે છે. ('મૌર્વં' એટલે) લોઢાથી જડેલી અથવા અમુક પ્રકારના ઘાસથી વીંટેલી (ભોગળ ઉગામી ઉભો રહ્યો). મૌર્વી એ કોઇ ઘાસની જાત છે, અથવા લોઢાની જાત છે. (તેની બનેલી ભોગળ ઉગામીને) ઉત્તમ પ્રકારે ઉભો રહ્યો. (તેઓ) ઘણા નજીક જશે તો (અનિરૂદ્ધ તેઓના) પ્રાણ લેશે એમ જણાવવા 'દંડ ધારણ કરનાર કાલની પેઠે' એમ કહેલું છે. 'હણવાની ઇચ્છાથી ઉભો રહ્યો' શબ્દોથી (એમ જણાવેલું છે કે) તે સ્વરૂપથી ભયાનક નહતો. ૩૦.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે:—

जिघृक्षया तान्परितः प्रसर्पतः शुनो यथा सूकरयूथपोऽहनत् ॥
ते हन्यमाना भवनाद्विनिर्गता निर्भिन्नमूर्धोरुभुजाः प्रदुद्रुवुः ॥३१॥

જેમ વારાહના સમૂહનું રક્ષણ કરનાર કૂતરાંને દૂર હઠાડે તેમ તેણે પકડવાની ઇચ્છાથી ચારે તરફથી ધસી આવતા તેઓને દૂર હઠાવ્યા. માર ખાતા તેઓ મકાનમાંથી બહાર નીકળ્યા (અને) ભાંગેલા માથાં સાથળ અને ભુજાઓવાળા થઇ નાઠા ૩૧.

આ (અનિરૂદ્ધ)ને પકડવો જ જોઇએ, પરંતુ હણવો ન જોઇએ એવા વિચારથી તેઓ ચારે તરફથી ધસી આવ્યા. પછી (અનિરૂદ્ધે) પોતે પણ સર્વ તરફથી ધસી આવતા તેઓને **अहरत्** દૂર હઠાવ્યા, અથવા જેમ (વારાહ) નજીક જઇને કૂતરાંઓને દાંતોથી મારે છે તેમ '**अहनत्**' માર્યા, પરંતુ કોઇથી પણ ગાંજ્યો ગયો નહિ. દૂરથી જ તેઓના અવાજો (આવતા હતા), પરંતુ તેઓ સમીપ જઇ શકતા નહતા. પછી જે થયું તે ઉત્તરાર્ધથી કહે છે. 'સારી રીતે ભાંગેલાં હતાં માથાં, સાથળ અને ભુજાઓ જેઓની' એ શબ્દથી માર સહન ન થવાનું કારણ કહેલું છે. તેથી વીખરાએલા હોવાથી આરંભમાં મકાનમાંથી બહાર નીકળ્યા, પછી ત્યાં (બહાર) પણ ભાંગેલા (દેહના) અવયવોવાળા થઈ નાઠા. ૩૧

તેઓ જતા રહ્યા ત્યારે, (બાણે) અલૌકિક પ્રકારથી તે(અનિરૂદ્ધ)ને બાંધ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तं नागपाशैर्बलिनन्दनो बली घ्नन्तं स्वसैन्यं कुपितो बबन्ध ह ॥
ऊषा भृशं शोकविषादविह्वला बद्धं निशम्याश्रुकलाक्ष्यरौदिषीत् ॥३२॥

કોપેલા બલવાન બલિના પુત્રે પોતાના સૈન્યને હણતા તેને નાગના પાશોથી બાંધ્યો. (તેને) બંધાએલો સાંભળીને ઘણા શોક અને દુઃખથી પીડાએલી ઉષા આંખમાં આંસુ લાવી રડી ૩૨.

(બાણ) બલિનો પુત્ર હોવાથી પિતાના વેરને લીધે તેણે (અનિરૂદ્ધને) બાંધ્યો. નાગના પાશો (ભગવાનનો) અમુક અવતાર હોય ત્યારે ભગવાનનું પણ તેમ (બંધન) કરે છે, તો પછી તેમના અંશોનું (બંધન) કરે તેમાં કહેવુંજ શું? તે(અનિરૂદ્ધ)થી (બાણ) બલવાન હતો. દૈવી બલથી બંધન (કરવા)નું બીજું કારણ 'પોતાના સૈન્યને હણતા' વિશેષણથી કહેલું છે. જો (અનિરૂદ્ધ સૈન્યને) હણે નહિ તો પછી (બાણ શું બન્યું એ) જાણવાની ઈચ્છા કરીને, 'તેવું (લગ્ન) અયોગ્ય નથી' એમ વિચારીને પોતાની મેળે અથવા મહાદેવને પૂછીને વિવાહની પેઠે (ઊષાના કાર્યનું) અનુમોદન કરત. તેથી પોતાના સૈન્યને (તે) હણતો હોવાથી, '(આ મારો) જમાઈ છે' એવો નિશ્ચય કરીને (તેણે તેને) બાંધી જ લીધો, અને તે બંધન પણ (અનિરૂદ્ધ અંતઃપુરથી) દૂર ગયો ત્યારે જ કર્યું, તે

અર્થ*: ઉત્તરાર્ધથી કરે છે. તે(અનિરૂદ્ધ)નું આશ્ચર્યકારક બંધન સાંભળીને, (તે પોતાનો) પતિ હોવામાં સંદેહ નહિ હોવાથી, આંખમાં આંસુવાળી થઈ પોતાનો અભિપ્રાય જણાવતી, તે રડી. આથી (એમ કહેલું છે કે) તે (અનિરૂદ્ધ) જાર નહોતો ૩૨

ઇતિ શ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રી વલ્લભદીક્ષિતે રચેલી શ્રી ભાગવતની સુબોધિનીમાં
દશમા સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો અધ્યાય તેરમો સંપૂર્ણ.

॥ अथ चतुर्दशोऽध्यायः ॥ અધ્યાય ચૌદમો.

चतुर्दशे तु विजयः शिवादीनां निरूप्यते ॥
निरोधो राजसः पूर्णो भविष्यति यतः फले ॥१॥

ચૌદમા (અધ્યાય)માં તો શિવ વિગેરે ઉપરનો વિજય વર્ણવેલો છે, જેને લીધે ફલ સંબંધમાં રાજસનો નિરોધ પૂર્ણ થાય. કા ૧.

भक्तवत्सलता दृष्टा न निरोधः क्वचित्तथा ॥
अतोऽन्यनाशशङ्कापि भजनान्तरबाधिका ॥२॥

(ભગવાનનું) ભક્તો પ્રતિ પ્રેમાળપણું જોવામાં આવ્યું, (પરંતુ) તેવા પ્રકારે (કરેલ) નિરોધ જોવામાં આવ્યો નથી.[1] કારણ કે બીજા (દેવ)થી નાશ થવાનો ભય[2] થાય, તે પણ ભજનની અંદર વિઘ્ન કરનારો છે. કા. ૨.

न बाधते हरिः क्वापि विरुद्धोऽपि कथं च न ॥
अक्लिष्टत्वाय तु हरेरुपेक्षात्र निरूप्यते ॥३॥

(હરિથી) વિરૂદ્ધ થવા છતાં પણ હરિ કોઈ પણ સમયે કોઈ પણ પ્રકારે દુઃખ

---

* (ઊષાએ તેને બંધાએલો) 'સાંભળીને' એમ કહેલું હોવાથી, તે દૂર ગયા પછી તેનું બંધન થયાનું કહેલું છે, એવો અર્થ છે. (લે)

[1] ભગવાનનું ભક્ત પ્રતિ પ્રેમાળપણું સર્વ સ્થળે જોવામાં આવેલ, પરંતુ ભક્ત માટે બીજા દેવ સાથે વિરોધ જોવામાં આવેલ નહતો. (લે) निरोधः પાઠ છે. બીજા દેવ ઉપર યુદ્ધમાં વિજય મેળવી, ભક્તનો નિરોધ કરેલ હોય તેવું જોવામાં આવ્યું નહતું, એવો અર્થ વધારે યોગ્ય જણાય છે.

[2] કારણ કે ભગવાનના ભજનમાં વિઘ્ન કરનારો બીજા દેવથી નાશ થવાનો ભય 'પણ ભક્તોને થાય' તેથી તેવો ભય દૂર કરવા બીજા દેવ ઉપરના વિજયનું અહિં વર્ણન કરવામાં આવે છે, એવો ભાવ છે. (લે)

દેતા નથી.[1] હરિની બેદરકારી તો અહિં (તેમનું) ક્લેશ વિના કર્મ કરનારપણું જણાય[2] તે માટે કહેલી છે. કા. ૩.

प्रद्युम्नवत्तु तस्यापि नयनेऽन्वेषणं न हि ॥
अत्रापि नारदः प्रोक्तः प्रमाणं चिन्तनाधिके ॥४॥

પ્રદ્યુમ્નની પેઠે તે(અનિરૂદ્ધ)ને પણ લઈ જવામાં આવ્યો ત્યારે તપાસ થઇ નહિ. (તેનું) અધિક ચિંતન થતાં અહિં પણ નારદને ભાળ આપનાર[3] કહેલછે કા. ૪.

सर्वभावेन युद्धाय ज्वरोपाख्यानमुच्यते ॥
तामसस्तु ज्वरोऽत्रैव समुत्पन्नस्तथोत्तमः ॥५॥

સંપૂર્ણ રીતે યુદ્ધનું વર્ણન થાય તે માટે જ્વરનું ઉપાખ્યાન કહેલું છે. તામસ[4] જ્વર તો[5] અહિં જ ઉત્પન્ન થએલો. તેવી જ રીતે ઉત્તમ[6] (જ્વર પણ થએલો). કા. ૫.

शीतरोगौ पृथक् पूर्वमुत्पन्नौ मिलितौ न हि ॥
अतो हि भगवानत्र मेलयामास सर्वथा ॥६॥

શીત અને રોગ[7] પહેલાં જૂદા જૂદા ઉત્પન્ન થએલા, ભેગા થએલા નહિ તેથી અહિં ભગવાને (તેમને) સર્વ પ્રકારે ભેગા કર્યા. કા. ૬.

ગયા અધ્યાયના અંતે (અનિરૂદ્ધનું) બંધન કર્યું. એવી રીતે શોણિતપુરમાં વૃત્તાંત થતાં, દ્વારકાની કથા કહેવી જોઇએ, તેથી (તે કહેવાનાં) કારણ તરીકે પહેલાં કહેલી કથા નીચેના શ્લોકથી કહે છેઃ—

॥ श्रीशुक उवाच ॥ શ્રીશુક કહે છેઃ—

अपश्यतां चानिरुद्धं तद्बन्धूनां च भारत ॥
चत्वारो वार्षिका मासा व्यतीयुरनुशोचताम् ॥१॥

---

[1] 'નારદે કહ્યું તે પહેલાં ભગવાને (અનિરૂદ્ધને છોડાવવાની) પ્રવૃત્તિ કેમ ન કરી!' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે)

[2] 'ત્યારે ભગવાને ભક્તોની દરકાર કરી નહિ' એવી શંકા થાય, તેથી આ પ્રયોજન જણાવેલું છે. (લે)

[3] ('प्रमाणम्' એટલે જ્ઞાન (પ્રમા) જેનાથી થાય તે) પ્રદ્યુમ્ન પેઠે અનિરૂદ્ધની ભાળ આપનાર પણ નારદ હતા, એવો અર્થ છે. (લે)

[4] 'તામસ' એટલે શંકરની કથારૂપ. (લે)

[5] પ્રસિદ્ધ જ્વર પહેલાં જ ઉત્પન્ન થએલો, તેથી 'तु' 'તો' શબ્દથી તે આ સમયે ઉત્પન્ન થયો નહતો એમ જણાવેલ છે. (લે)

[6] 'ઉતમ' એટલે વૈષ્ણવ જ્વર, એવો અર્થ છે. (લે)

[7] શીત અને ઉષ્ણ જ્વર પહેલાં ઉત્પન્ન થએલા. આ સમયે જ્વર શિવની કથારૂપ થયો, એવો ભેદ (કરેલો) છે. (લે) અહિં 'शितज्वरौ' પાઠ પણ છે.

હે ભારત! અને અનિરૂદ્ધને નહિ જોતાં તેના બંધુઓ શોક કરતા હતા તેટલામાં વળી વર્ષાઋતુના ચાર માસ વીત્યા ૧.

'च' 'અને' શબ્દથી (અનિરૂદ્ધ દ્વારકાથી) કેવી રીતે ગયો તેના પ્રકારનું જ્ઞાન વિગેરેનો સમાવેશ કરેલો છે. અનિરૂદ્ધ પણ જો છૂપાઈ જાય તો બધું વિપરીત થાય,[1] એવા વિચારથી તેના બંધુઓને અને 'च' 'વળી' શબ્દ હોવાથી બીજાઓને (પણ) શોક થયો. 'હે ભારત!' એ સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કરેલું છે. 'ચાર વર્ષાઋતુના માસો વીત્યા' શબ્દોથી શાંત રહેવાનું કારણ કહેલું છે, કારણ કે વર્ષાઋતુમાં યુદ્ધ વિગેરે માટે જવાની (શાસ્ત્રની) મના છે. 'શોક કરતા હતા' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તેઓ તે(અનિરૂદ્ધ)માં એકલામાં આસક્તિવાળા હતા. (તેનું) જ્ઞાન કરાવનારૂં ચિહ્ન[2] પ્રસિદ્ધ નહિ હોવાથી, લૌકિક પ્રકારથી પ્રાપ્ત થયું નહિ, તેથી (તેની) શોધ કરવા છતાં તે મળ્યો નહિ. ૧

તેથી નારદના વચનને લીધે, વૈષ્ણવોની પ્રસન્નતા[3] થાય તે માટે તેઓએ યુદ્ધ માટે તૈયારી કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

नारदात्तदुपाकर्ण्य वार्तां बद्धस्य कर्म च ॥
प्रययुः शोणितपुरं वृष्णयः कृष्णदेवताः ॥२॥

બંધાએલા (અનિરૂદ્ધ)ની વાત અને કર્મ નારદ પાસેથી સાંભળીને, શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા વૃષ્ણિઓ શોણિતપુર ગયા. ૨.

તે(અનિરૂદ્ધ)નું વૃત્તાંત અને (તેનું) થએલું બંધન, वार्तां આરંભથી (તેની) વાત, બંધાએલાની વાત અને તે(બાણ)ની કન્યા સાથે રમણરૂપ કર્મ, 'च' 'અને' શબ્દ હોવાથી (તેણે કરેલું) યુદ્ધ (સાંભળીને), પછી યુદ્ધ કરવા માટે તેઓ શોણિતપુર ગયા.

'તે (શોણિતપુર)માં મહાદેવ રહેતા હતા. તેથી (ત્યાં જવાથી) તેમની સાથે કજીઓ થવાનો સંભવ હોવાથી યાદવો (ત્યાં) કેમ ગયા?' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા' એ વિશેષણ યોજેલું છે. શ્રીકૃષ્ણજ હતા દેવ જેમના તેવા (તેઓ હતા). આ (વિશેષણ)થી (યુદ્ધ કરવાની) શક્તિ પણ જણાવેલી છે. ૨

---

[1] મનના અધિદેવ (અનિરૂદ્ધ)ને અસુરો પૂરી રાખે તો બધાનાં મન અસુરના સંબંધવાળા થાય, એવો અર્થ છે. (લે)

[2] 'प्रमाणम्' એટલે જ્ઞાન કરાવનાર, ભાળ કરાવનાર કાંઈ (સાધન) પ્રાપ્ત થયું નહિ, એવો અર્થ છે. (લે)

[3] વૈષ્ણવોને શોક થયાનું કહેલ તે (શોક) દૂર કરવા. તેથી જ ભગવાનની આજ્ઞાની પણ રાહ જોઈ નહિ. (લે)

(તેઓનુ) લૌકિક સામર્થ્ય કહેવા માટે નીચેના શ્લોકમાં મોટાઓનાં નામ કહે છે:—

प्रद्युम्नो युयुधानश्च गदः साम्बोऽथ सारणः ॥
नन्दोपनन्दभद्राद्या रामकृष्णानुवर्तिनः ॥३॥
अक्षौहिणीभिर्द्वादशभिः समेताः सर्वतो दिशम् ॥
रुरुधुर्बाणनगरं समन्तात्सात्वतर्षभाः ॥४॥

બલભદ્ર અને શ્રીકૃષ્ણને અનુસરનારા પ્રદ્યુમ્ન અને સાત્યકિ, ગદ સાંબ અને સારણ, નંદ ઉપનંદ ભદ્ર વિગેરે ઉત્તમ યાદવોએ બાર અક્ષૌહિણી સાથે મળી બાણના નગરને બધી દિશાઓથી સંપૂર્ણરીતે ઘેરી લીધું. ૩-૪.

(૧) પ્રદ્યુમ્ન. (૨) યુયુધાનઃ એટલે સાત્યકિ. (૩) 'ગદ' બલભદ્રના ભાઈ. (૪) 'સાંબ' ભગવાનના પુત્ર. આ ચાર મહારથીઓને મુખ્ય ગણેલા છે. પછી 'अथ' 'અને' શબ્દથી જૂદા આરંભથી છૂટા (સામાન્ય યાદવો)ને ગણાવે છે. 'च' 'અને' શબ્દથી તેના સંબંધવાળા સારણ વિગેરે ભગવાનના ભાઈઓ કહેલા છે. તે પણ ચાર ગણાવેલા છે. એવી રીતે આઠ પ્રકારના મુખ્ય થએલા. જે મુખ્ય અને ગૌણ(યાદવો)ના, તે બધાએ બલભદ્ર અને શ્રીકૃષ્ણને અનુસરનારા હતા, પરંતુ ઉદ્ધત અથવા સ્વતંત્ર નહતા. પૂરેપૂરી શક્તિ જણાય તે માટે (બલભદ્ર અને શ્રીકૃષ્ણ) બંનેનાં નામ કહેલાં છે. તેઓનુ સ્વાભાવિક બલ બાર અક્ષૌહિણી (સૈન્ય) સાથે ભળ્યું. 'समेताः' પરસ્પરની કડવાશ તજીને ભેગા થઈ તેઓએ બધી દિશાઓથી (શોણિતપુરને) ઘેરી લીધું. (તે શહેર) 'બાણનું નગર' એમ પ્રસિદ્ધ હતું. 'સંપૂર્ણરીતે' (ઘેરી લીધું), એટલે કોઈપણ સ્થલે સૈન્ય તૂટક થતું નહતું. 'ઉત્તમ યાદવો' શબ્દથી એમ સૂચવેલું છે કે તેઓને કોઈ સ્થલે ભય (થતો) નહતો. ૩-૪

પહેલાં જ તે(બાણ)નો અપરાધ સાબિત થએલો હોવાથી, તેઓએ જતાં વેંત સર્વ તરફથી વિનાશ કરવા માંડ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

भज्यमानपुरोद्यान प्राकाराट्टालगोपुरम् ॥
प्रेक्षमाणो रुषाविष्टस्तुल्यसैन्योऽभिनिर्ययौ ॥५॥

શહેરના મધ્ય ભાગો, બગીચા, કિલ્લો, કોઠા તથા દરવાજાઓ જેના ભંગાતા હતા તેવા (નગર)ને જોઇને, ક્રોધ કરીને, સરખું સૈન્ય લઇ (બાણ) બહાર નીકળ્યો. ૫.

पुराणि-જેમ મોટા નગરોની અંદર શહેરો હોય છે, તેવા શહેરના મધ્ય ભાગો; उद्यानम् બગીચાઓ, प्राकारः કિલ્લો, अट्टालाः ઉંચી મેડીઓના ઉપરના

ભાગો (કોઠા), ગોપુરમ શહેરનો દરવાજો; આ (સર્વ) ભંગાતા હતા જે નગરના, તેવા પ્રકારનું ભગવદીઓએ બનાવેલું પોતાનું નગર જોઇને, પોતાની વડાઈ જણાવવા માટે સરખુંજ સૈન્ય લઇને (બાણ) નગરની બહાર નીકળ્યો; (કારણ કે) ઓછું સૈન્ય હોય તો (પોતાની) અપકીર્તિ થાય, (અને) વધારે સૈન્ય હોય તો (યાદવો) નાસી જાય તેવો વિચાર કરી, તેઓ તેમ ન કરે તે માટે સરખુંજ સૈન્ય લઈ બહાર નીકળ્યો. ૫

પછી તે (બાણ) મૂર્ખ છે એમ માની, શ્રીકૃષ્ણ ત્યાં (યાદવોના) રક્ષણ કરનારા હોવાથી કોઈ પણ (યાદવ) હણાશે નહિ એમ વિચારી, શિવ પોતે પણ આ(બાણ ના સાહાય્ય કરનારા થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

बाणार्थं भगवान्रुद्रः ससुतः प्रमथैर्वृतः ॥
आरुह्य नन्दिवृषभं युयुधे रामकृष्णयोः ।६॥

પુત્ર સહિત, પ્રમથોથી વીંટાએલા ભગવાન રૂદ્ર નન્દિ આખલા ઉપર બેસીને બાણ માટે બલભદ્ર અને શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા લાગ્યા ૬.

(રૂદ્ર) બનાવટી નહતા એમ જણાવવા ‘ ભગવાન ’ શબ્દ યોજેલ છે. रुद् રોગોને द्रावयति ભગાડે તે ‘ રૂદ્ર ’. ‘ પુત્ર સહિત ’ એટલે ‘ કાર્તિકેય સાથે ’. તેથી બધાએ દેવો અહિં (તેમની) સાથે આવેલા છે એમ જાણવું, કારણ કે તે (કાર્તિકેય) સેનાપતિ છે. ‘ પ્રમથોથી વીંટાએલા ’ વિશેષણથી પોતાના ભૂતગણોથી વીંટાએલા કહેલા છે. બાણ દૈત્ય હોવાથી દૈત્યો સ્વાભાવિક (રીતે તેની સાથે હતા). આથી એમ કહેલું છે કે એક બાજુએ સંવત્સરરૂપ કાલ સાથે ભગવાન હતા, (અને) બીજી બાજુએ બધાએ એટલે ઘણા અને નમાલા હતા. ‘ નન્દી આખલા ઉપર બેસીને ’ એટલે પોતાના ઘરડા આખલા ઉપર બેસીને (રૂદ્ર) જાણે કે નાટક ભજવતા હોય તેમ તે બે બલભદ્ર અને શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરતા હતા. વાસ્તવિક રીતે તો આ (શંકર) તે બેના જ છે. ૬

પછી નીચેના બે શ્લોકોથી યુદ્ધનું વર્ણન કરે છેઃ—

आसीत्सुतुमुलं युद्धमद्भुतं रोमहर्षणम् ॥
कृष्णशंकरयो राजन्प्रद्युम्नगुहयोरपि ॥७॥
कुम्भाण्डकूपकर्णाभ्यां बलेन सह संयुगः ॥
साम्बस्य बाणपुत्रेण बाणेन सह सात्यकेः ॥८॥

હે રાજન્ ! શ્રીકૃષ્ણનું અને શંકરનું, તેમજ પ્રદ્યુમ્ન અને કાર્તિકેયનું ઘણું દારૂણ, અદ્ભુત, રૂંવાંડાં ઉભા કરનારૂં યુદ્ધ થયું. કુંભાંડ અને કૂપકર્ણને બલભદ્ર સાથે યુદ્ધ થયું. સાંબનું બાણના પુત્ર સાથે અને સાત્યકિનું બાણ સાથે (યુદ્ધ થયું). ૭-૮.

‘ઘણું દારૂણ’ એટલે ઘણું મોટું સદાએ શસ્ત્રના પ્રહારવાળું. ‘રૂંવાડાં ઉભાં કરનારૂં’ એટલે સાંભળતાં રોમાંચ થાય તેવું. ‘શ્રીકૃષ્ણ અને શંકરનું’ શબ્દોથી જૂદા જૂદા (યુદ્ધ કરનારા) કહે છે. હે રાજન્!’ સંબોધનથી (એમ જણાવ્યું છે કે) કોઈક પ્રસંગે મોટા (પુરૂષો) પણ યુદ્ધ કરે છે ‘પ્રદ્યુમ્ન અને કાર્તિકેયનું’ એટલે બંનેના પુત્રોનું (યુદ્ધ થયું). ‘કુંભાંડ અને કૂપકર્ણ’ (અનુક્રમે) દૈત્ય અને સિદ્ધ હતા. (તે) બંનેને બલભદ્ર સાથે યુદ્ધ થયું. ‘સાંબને બાણના પુત્ર સાથે (યુદ્ધ થયું)’. ‘બાણનો પુત્ર’ એમજ તે પ્રસિદ્ધ થએલો, પરંતુ નામથી પ્રસિદ્ધ થયો નહતો. બાણની સાથે મહારથી સાત્યકિને (યુદ્ધ થયું). ૭–૮

પાંચ (યુદ્ધ કરનારાં) જોડકાં કહીને, તે યુદ્ધનું સર્વથી ઉત્તમપણું કહેવા માટે નીચેના શ્લોકથી એમ કહે છે કે બ્રહ્મા વિગેરેએ પણ આશ્ચર્યને લીધે તે જોયું:—

ब्रह्मादयः सुराधीशा मुनयः सिद्धचारणाः ॥
गन्धर्वाप्सरसो यक्षा विमानैर्द्रष्टुमागमन् ॥९॥

બ્રહ્મા વિગેરે દેવોના અધિપતિઓ, મુનિઓ, સિદ્ધો અને ચારણો ગંધર્વો અને અપ્સરાઓ, (અને) યક્ષો વિમાનોમાં બેસી જોવા આવ્યા. ૯.

(૧) ‘દેવોના અધિપતિઓ’ એટલે ઈંદ્ર વિગેરે, (૨) સનક વિગેરે મુનિઓ, (૩) કપિલ વિગેરે સિદ્ધો. આ ત્રણ પ્રકારના ઉત્તમ (જોનારા) કહ્યા. (૧) સિદ્ધો અને ચારણો (૨) ગંધર્વો અને અપ્સરાઓ અને (૩) યક્ષો આ ત્રણ પ્રકારના હલકા (જોનારા) કહ્યા. એવી રીતે છ પ્રકારના કહેવામાં આવતાં, બધાએ કહેવાયા છે. યુદ્ધ(જોવા)માં ગરકાવ થતાં દેહનું ભાન ન રહે તો પણ પડી ન જવાય તે માટે ‘વિમાનમાં બેસીને’ આવવાનું કહેલું છે. ૯

પછી નીચેના શ્લોકોથી સામસામા પક્ષવાળાને પ્રહાર કર્યાનું કહે છે:—

शङ्करानुचरान् शौरिर्भूतप्रमथगुह्यकान् ॥
डाकिनीर्यातुधानांश्च वेतालान्सविनायकान् ॥१०॥
भूतमातृपिशाशाचांश्च कूष्माण्डान् ब्रह्मराक्षसान् ॥
द्रावयामास तीक्ष्णाग्रैः शरैः शार्ङ्गच्युतैर्भृशम् ॥११॥
पृथग्विधानि प्रायुङ्क्त पिनाक्यस्त्राणि शार्ङ्गिणे ॥
प्रत्यस्त्रैः शमयामास शार्ङ्गपाणिरविस्मितः ॥१२॥

શૌરિએ શાંર્ગ ધનુષ્યમાંથી છોડેલાં તીક્ષ્ણ અણીઓવાળા બાણોથી શંકરના અનુચર ભૂત, પ્રમથ અને ગુહ્યકોને, ડાકણો અને યાતુધાનોને, વિનાયકો સહિત વેતાલોને, પ્રેતો માતૃકાઓ અને પિશાચોને,

કૂષ્માંડો અને બ્રહ્મરાક્ષસોને ઘણા દૂર નસાડયા. પિનાકીએ જૂદી જૂદી જાતના અસ્ત્રો શાંર્ગી ઉપર નાખ્યા. હાથમાં શાંર્ગ ધારણ કરનારાએ વિસ્મય પામ્યા વિના સામા અસ્ત્રોથી (તે અસ્ત્રોને) શાન્ત કર્યાં. ૧૦-૧૧-૧૨

દેવો તો તેમના (ભગવાનના) જ (સેવકો) હતા, તેથી શંકરના અનુચરો જેમણે પહેલાં પ્રતિજ્ઞા કરેલી તેઓના ઉપર જ (ભગવાને) પ્રહાર કર્યા. ‘ શૌરિ ’ એમ (ભગવાનને) પિતાના નામથી ઓળખાવેલા છે. ભૂતો, પ્રમથો અને ગુહ્યકો એ ત્રણ, ડાકણો વિગેરે ત્રણ. ૧૦

પ્રેતો, માતૃકાઓ અને પિશાચો, કૂષ્માંડો, બ્રહ્મરાક્ષસો અને વિનાયકો એવા બાર પ્રકારના (શંકરના અનુચરો) થયા. કાલે ગળેલાં તે બધાએને એટલે શાંર્ગમાંથી છોડેલાં તીક્ષ્ણ અણીઓવાળાં બાણોથી એટલે શક્તિવાળાં સાધનો વડે ઘણા દૂર નસાડ્યા; તે(બાણો)ના પ્રહારોથી દુ:ખી થએલા તેઓ નાસવા લાગ્યા. ૧૧

પછી અનુચરો જતા રહ્યા ત્યારે પિનાકીએ પિનાક વડે જૂદી જૂદી જાતનાં અસ્ત્રો શાંર્ગી એટલે ભગવાન ઉપર નાખ્યાં. આરંભમાં સમાનપણું જણાવવા માટે બે ધનુષ્યો(નાં નામ) કહેલાં છે; પરંતુ ભગવાને તો તેમને નિષ્ફલ જ કર્યાં, પરંતુ નસાડ્યા નહિ એમ ઉત્તરાર્ધથી કહે છે. (યુદ્ધ) લૌકિક હતું એમ જણાવવા ‘ હાથમાં શાંર્ગ ધારણ કરનારા ’ શબ્દ યોજેલ છે. ‘ વિસ્મય પામ્યા વિના ’ શબ્દથી એમ કહેલું છે કે (ભગવાનનો) જય થવા છતાં પણ (તેમને) ગર્વ થયો નહતો. (આ) લૌકિક (કાર્ય)માં રોકાએલ હોવાપણું દર્શાવનારૂં (ચિહ્ન) છે. ૧૨

નીચેના શ્લોકમાં (અસ્ત્રો) ખાસ પ્રકારથી (નામ દઈને) કહે છે:—

ब्रह्मास्त्रस्य च ब्रह्मास्त्रं वायव्यस्य च पार्वतम् ॥
आग्नेयस्य च पार्जन्यं नैजं पाशुपतस्य च ॥१३॥

અને બ્રહ્માસ્ત્રને બ્રહ્માસ્ત્રથી, અને વાયવ્યને પાર્વતથી, અને આગ્નેયને પાર્જન્યથી અને પાશુપતને પોતાનાંથી (શાંત કર્યાં). ૧૩.

‘ च ’ ‘ અને ’ શબ્દથી બ્રહ્માસ્ત્રના બધાએ પ્રકારો કહેલા છે. અહિં* પહેલા (કહેલા)નાં કરતાં પાછલ (કહેલું) વધારે બલવાળું છે એમ નથી, પરંતુ અસ્ત્રનું જ્ઞાન અને (તેને યોજવાનું) બલ ઉપયોગનાં હોવાથી લૌકિક (યુદ્ધ)માં પણ ભગવાનની જ સરસાઇ (કહેલી છે). ‘ અને વાયવ્યને ’ એ વિષયમાં પણ તેમજ છે. પાર્વત અસ્ત્ર જ તે(વાયવ્ય)ને શાંત કરનારૂં છે, કારણ કે વાયુને બીજો વાયુ રોકતો નથી. ‘ અને આગ્નેયને પાર્જન્યથી (શાંત કર્યું)’ કારણ કે જલથી જ અગ્નિ શાંત થાય છે. છઠ્ઠી વિભક્તિના પ્રત્યયવાળા (અસ્ત્ર)ને શાંત કરવા માટે પહેલી વિભક્તિના પ્રત્યયવાળું (અસ્ત્ર) યોજ્યું, એવી (વાક્યની) યોજના છે.

---

* અહિ ’ એટલે બ્રહ્માસ્ત્રના સંબંધમાં.

'જૂદી જૂદી જાતનાં (અસ્ત્રો) નાખ્યાં' (શ્લોક ૧૨) એમ કહ્યું ત્યાંથી જ (વાક્યની યોજના) ચાલુ છે. પાશુપતને શાંત કરવા માટે પોતાનુ એટલે નારાયણ અસ્ત્ર નાખ્યું એમ (કહેલું છે), કારણ કે અંધકારને રોકનારો સૂર્ય જણાએલોજ છે, તેવીજ રીતે તમો(ગુણને રોકનારો) સત્ત્વગુણ છે. 'च' 'અને' શબ્દથી વચલાં (વચ્ચે યોજેલાં) અસ્ત્રો પણ જણાવેલાં છે. ૧૩

मोहयित्वा तु गिरिशं जृम्भास्त्रेण जृम्भितम् ॥
बाणस्य पृतनां शौरिर्जघानासिगदेषुभिः ॥१४॥

જૃંભાસ્ત્રથી બગાસાં ખાતા ગિરિશને તો મોહ પમાડીને શૌરિએ બાણના સૈન્યને તરવાર, ગદા અને બાણોથી હણવા માંડયું ૧૪.

પછી ખૂટી ગએલાં અસ્ત્રવાળા (શંકર)ને જૃંભાસ્ત્રથી મોહ પમાડ્યા. 'જૃંભણ' નામનો ગણ ત્રીજા (સ્કંધ)માં કહેલો છે, તે દેવતા હતો જેનો તેવું તે અંસ્ત્ર હતું. 'तु' 'તો' શબ્દથી એમ કહેલું છે કે (શંકરને) મોહ ન થાય તેમ નહતું; તેનું કારણ 'ગિરિશ' એ નામથી કહેલું છે. પર્વતોમાં જ ઘણો મોહ રહેલો છે. 'બગાસાં ખાતા' વિશેષણથી દેવતા (જાંભણ)નો પ્રભાવ દર્શાવેલો છે. તેમ ન હોય તો, અલૌકિક પ્રકારથી મોહ (કર્યાનું) સંભવે. પછી મોહને લીધે મહાદેવ (યુદ્ધમાંથી) પાછા ફરતાં, અથવા શાંત રહેતાં, અથવા શયન કરતાં અથવા (યુદ્ધથી) વિરૂદ્ધ થતાં, પછી બાણના સૈન્યને શૌરિએ (અનુક્રમે) (૧) સંપૂર્ણ રીતે કાપી નાખનાર, (૨) મારી નાખનાર અને (૩) થોડું કાપનાર (૧) તરવાર (૨) ગદા અને (૩) બાણોથી લૌકિક પ્રકારે હણવા માંડયું ૧૪

એ પ્રમાણે ભગવાનનું યુદ્ધ કહીને, પછી નીચેના શ્લોકથી આરંભી બીજાઓના તેવાં (યુદ્ધ) કહે છે:—

स्कन्दः प्रद्युम्नबाणौघैरर्द्यमानः समन्ततः ॥
असृग्विमुञ्चन् गात्रेभ्यः शिखिनापाक्रमद्रणात् ॥१५॥

પ્રદ્યુમ્નના બાણોના સમૂહોથી ચારે તરફથી પીડાતો કાર્તિકેય અંગોમાંથી લોહી વહેવરાવતો મોર વડે સંગ્રામમાંથી નાઠો. ૧૫:

બાણોના સમૂહોથી લોહી વહેરાવતો મૂર્ચ્છા પામેલ હોય તેમ મોરરૂપ સાધનને લીધે સંગ્રામમાંથી નાઠો. મોર તેને લઇને નાસી ગયો, એવો અર્થ છે. ૧૫

બલભદ્રે તો વિચાર ન કરતાં મારી જ નાખ્યા, એમ નીચેના શ્લોકથી કહે છે:—

कुम्भाण्डः कूपकर्णश्च पेततुर्मुशलार्दितौ ॥
दुद्रुवुस्तदनीकानि हतनाथानि सर्वतः ॥१६॥

કુંભાંડ અને કૂપકર્ણ મુશલથી પીડાએલા પડયા. જેમના નાથ હણાએલા હતા તેવાં તેમનાં સૈન્યો સર્વ તરફથી નાઠાં. ૧૬.

મુશલથી પીડાએલા, બે કટકા થઈ ગએલા, એકવારના પ્રહારથીજ જેમના ઉપરનો અને મધ્યનો ભાગ જૂદા પડી ગએલા તેવા ભૂમિ ઉપર પડ્યા એટલે મરી જ ગયા. ઉત્તરાર્ધથી તે (અર્થ) સ્પષ્ટ જણાવે છે. તેમનાં સૈન્યો–કારણ કે તે બે સેનાપતિઓ હતા–જેમના નાથ હણાએલા હતા તેવાં થયાં. ‘સર્વ તરફથી’ શબ્દથી એવો ગભરાટ જણાવેલો છે કે કેટલાક ભ્રમને લીધે ભગવાનના સૈન્યમાં પણ ગયા. ૧૬

એવી રીતે તે બેનો વધ થતાં બાણ પોતે આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

विशीर्यमाणं स्वबलं दृष्ट्वा बाणोऽत्यमर्षणः ॥
कृष्णमभ्यद्रवत्संख्ये रथी हित्वैव सात्यकिम् ॥१७॥

પોતાનાં સૈન્યને વીખરાઇ જતું જોઇને, ક્રોધ કરેલ બાણ યુદ્ધમાં સાત્યકિને મૂકી દઈને જ રથમાં બેસી શ્રીકૃષ્ણ સામે ધસી આવ્યો. ૧૭.

‘સામાન્ય યુદ્ધને મૂકી ખાસ પ્રકારે યુદ્ધ કેમ કરે છે’ એમ વિચારી (બાણે) ક્રોધ કર્યો. પછી સાત્યકિને મૂકી દઇને જ તે શ્રીકૃષ્ણ સામે ધસી આવ્યો. અહિં મૂકી દેવું એટલે ‘હું તારી સાથે યુદ્ધ કરીશ નહિ’ એમ (જણાવવું). તેમ (બાણ) ન કરે, તો તે (સાત્યકિ) (તેને) રોકી રાખે. ‘હું અલૌકિક પ્રકાર(નું યુદ્ધ) દેખાડીશ’ એવા વિચારથી (બાણે) લૌકિક (યુદ્ધ)નો ત્યાગ કર્યો. ૧૭

તે(બાણ)નો તે (અલૌકિક યુદ્ધનો) પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:—

धनूंष्याकृष्य युगपद्बाणः पञ्चशतानि वै ॥
एकैकस्मिन्शरौ द्वौ द्वौ संदधे रणदुर्मदः ॥१८॥

સંગ્રામમાં દુષ્ટ મદવાળા બાણે એક સાથે પાંચસો ધનુષ્યો ખેંચીને એક એક (ધનુષ્ય)માં બબે બાણ સાંધ્યાં. ૧૮.

સાધનો[1] ઘણાં હોવા છતાં (બાણનું) કાર્ય એકજ હતું, એમ તેની (બાણ સાંધવાની) ઝડપની પ્રશંસા કરવામાં આવે છે. ‘ખેંચીને’ એટલે ધનુષ્યની પરીક્ષા કરીને, એક એક ધનુષ્યમાં એક હાથથી બબે બાણો તેણે સાંધ્યાં, ત્યારે એક સમયે એક હજાર બાણ થયાં.

‘એવી રીતે એકજ સમયે એ પ્રમાણે તેણે ઘણાં સાધન* ફેંકવાનું કેમ કર્યું?’ એવી શંકા થાય, તેથી ‘સંગ્રામમાં દુષ્ટ મદવાળા’ વિશેષણ યોજેલું છે.

---

[1] ‘સાધનો’ એટલે બાહુઓ. (લે)

* ‘સાધન’ એટલે બાણ.

સંગ્રામમાં દુષ્ટ હતો મદ જેનો તેવો (તે હતો), કારણ કે મદવાળો (ગાંડો) સંબંધવાળું (કાર્ય) કરતો નથી. (આ તો) ઘણોજ દુષ્ટ મદવાળો હતો. ૧૮

થોડાથી જ (ભગવાને તે બધાં) નિષ્ફલ કર્યાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

तानि चिच्छेद भगवान्धनूंषि युगपद्धरिः ॥
सारथिं रथमश्वांश्च हत्वा शङ्खमपूरयत् ॥१९॥

ભગવાન હરિએ તે ધનુષ્યોને એકસાથે કાપી નાખ્યાં, અને સારથિ રથ અને અશ્વોનો નાશ કરી, શંખ વગાડયો. ૧૯

એક સાથે એક બાણથી કમલિનીના એકસો પાંદડાંને વીંધે તેમ બધાંએ ધનુષ્યોને (ભગવાને) કાપી નાખ્યાં, પછી સારથિ, રથ અને અશ્વોનો (નાશ કર્યો). તેથી (ભગવાનનાં) બાણનું કાર્ય માત્ર પ્રહાર કરવાનું જ નહતું, પરંતુ તેણે નાશ કર્યો. ત્યાર પછી પણ (બાણને) યુદ્ધથી નહિ અટકતો જોઇને, 'જેનો અવાજ દાનવોના મદને હરનારો છે' એ વાકય પ્રમાણે તેના અંતઃકરણમાં ભય ઉત્પન્ન કરવા (ભગવાને) શંખ વગાડ્યો. પછી ભય પામેલો, નાસી જવાની પણ શક્તિ વિનાનો (બાણ) લજ્જાને લીધે શત્રુને પોતાની પીઠ નહિ દેખાડતાં, (હતો) તેમજ ઉભો રહ્યો. ૧૯

तन्माता कोटरा नाम नग्ना मुक्तशिरोरुहा ॥
पुरोऽवतस्थे कृष्णस्य पुत्रप्राणरिरक्षया ॥२०॥

તેની કોટરા નામની માતા પુત્રના પ્રાણનું રક્ષણ કરવાની ઇચ્છાથી નગ્ન થઇ વાળ છૂટા મૂકી શ્રીકૃષ્ણની આગળ ઉભી રહી ૨૦.

પછી જ્યારે તે (બાણ) મહાદેવનો ગણ થયો, ત્યારે પાર્વતીના અંશરૂપ (સ્ત્રી) તેની ધર્મની માતા થઈ. તે ધાવમાતાથી અને ધર્મમાતાથી જૂદા પ્રકારની ગણમાતા જેવી હતી. પછી 'કોટરા' નામવાળી તે પર્વતમાંથી ઉત્પન્ન થએલી (હોવાથી), અથવા તે(પાર્વતી)ના અંશરૂપ હોવાથી કોઈવાર 'પાર્વતી' કહેવાતી, માતૃગણમાં ગણાએલ 'કોટરા, રેવતી, જ્યેષ્ઠા' (૧૦–૬–૨૮) શ્લોકમાં પણ પ્રસિદ્ધ થએલી પુત્રના પ્રાણનું રક્ષણ કરવાની ઈચ્છાથી નગ્ન થઈ વાળ છૂટા મૂકી શ્રીકૃષ્ણની આગળ ઉભી રહી. આથી તે(બાણ)ને દેવની સાહાય્ય હતી એમ જણાવેલું છે, અને (તેની) ધર્મમાં શ્રદ્ધા કહેલી છે. આથી આ ગણમાતા હતી એમ કહેલું હોવાથી, (તેને) ખરેખર જન્મ આપનારી જે અશના અથવા જે તે (બલિ)ની પત્ની વિન્ધ્યાવલિ હતાં તે બંને આ ન હોવાનું જણાવેલું છે. ૨૦

તેણે તેમ કરવાથી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ—

ततस्तिर्यङ्मुखो नग्नामनिरीक्षन्गदाग्रजः ॥
बाणश्च तावद्विरथश्छिन्नधन्वाविशत्पुरम् ॥२१॥

પછી નગ્ન (સ્ત્રી)ને નહિ જોતાં ગદાગ્રજે આડું મુખ કર્યું, અને તેટલામાં રથ વિનાના થએલા અને કપાએલા ધનુષ્યવાળા બાણે શહેરમાં પ્રવેશ કર્યો. ૨૧.

'નગ્ન સ્ત્રી, પ્રકટ સ્તનવાળીને (જોવી નહિ)' એવી શાસ્ત્રની મના હોવાથી, (તેને) નહિ જોતાં (ભગવાને) આડું મુખ કર્યું. વળી[1] (ભગવાન) ગદાગ્રજ હતા. પછી ભગવાન (યુદ્ધથી) આડું જોતાં બાણે પણ પાછું મુખ કરીને શહેરમાં પ્રવેશ કર્યો. પગપાળો નાસી ગયો. તે રથ વિનાનો અને કપાએલા ધનુષ્યવાળો હતો. 'च' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેના સેવકો બધાએ જતા રહ્યા. ૨૧

એવી રીતે પહેલા યુદ્ધનું વર્ણન કરીને, ભગવાન અને શંકરનાં બીજાં[2] રાજસ યુદ્ધ માટે નીચેના શ્લોકથી પ્રસ્તાવના કહે છે:—

विद्राविते भूतगणे ज्वरस्तु त्रिशिरास्त्रिपात् ।
अभ्यपद्यत दाशार्हं दहन्निव दिशो दश ॥२२॥

ભૂતોનો ગણ નાસી જતાં, ત્રણ માથાંવાળો અને ત્રણ પગવાળો તાવ તો જાણે કે દશ દિશાઓને બાળતો હોય તેમ શરણે આવેલનું રક્ષણ કરનાર પાસે આવ્યો. ૨૨

જ્યારે ભગવાને આડું જોયું, તે જ સમયે (ભગવાને યુદ્ધની) તે સ્થિતિનો ત્યાગ કરેલો હોવાથી મહાદેવ પણ મોહમાંથી જાગ્યા. પછી (મહાદેવને) પોતાનું વિસ્મરણ થએલ તેથી (પોતાનાં યુદ્ધનાં) સાધન બનેલા અને સેવક બનેલા ભૂતો નાસી ગએલા તે જોઇને, તેમણે વૈદિક પ્રકારથી પોતાના આધ્યાત્મિક સ્વરૂપવાળો રૂદ્ર જ્વર ઉત્પન્ન કર્યો એમ કહે છે. 'રૂદ્ર પશુનો નાશ કરે' એ મંત્રમાં રૂદ્રને જ્વર કહેલ છે. 'તેના પશુઓ રૂદ્રને ગમતા નથી' એ મંત્રમાં પણ (રૂદ્રને જ્વર કહેલ છે). વૈદિક માર્ગથી પણ ભગવાન સાથે યુદ્ધ કરવું જોઇએ, તેથી (તેવાં યુદ્ધ માટે) પ્રવૃત્તિ કરવા[3] 'ભૂતોનો ગણ નાસી જતાં (તાવ આવ્યો)' એમ (કહેલું છે). તેથી જ અહિં તાવની ઉત્પત્તિ કહેલી નથી, કારણ કે (પોતાનાં) જૂદાં રૂપથી રૂદ્ર જ તાવ થએલ છે. 'तु' 'તો' શબ્દથી (રૂદ્ર સિવાયનો) બીજો તાવ આવેલ નહતો એમ કહેલું છે; અને તે (રૂદ્ર જ્વર) ત્રણ માથાંવાળો અને ત્રણ પગવાળો

---

[1] શાસ્ત્રમાં (નગ્ન સ્ત્રીને જોવાની) મના હોવાથી ભગવાને આડું જોયું, અને ભગવાન ગદના મોટા ભાઈ હોવાથી તેમણે આડું જોયું એમ (કારણોનો) સરવાળો થાય છે. ભગવાન, ગદના મોટા ભાઈ હોવાથી ઉદ્ભવના કારણરૂપ છે. નગ્ન સ્ત્રીનું દર્શન તો અમંગલ હોઈ ઉદ્ભવથી વિરૂદ્ધ છે. (લે)

[2] 'બીજું યુદ્ધ' એટલે બીજા રૂપથી (કરવાનું) યુદ્ધ. (લે)

[3] ભૂતના ગણો હોય તે પ્રદેશમાં વૈદિક પ્રકારની પ્રવૃત્તિ થતી નથી, એવો અર્થ છે. (લે)

હતો. દાશાર્હ શરણે આવેલનું રક્ષણ કરવામાં ઉત્તમ (ભગવાન જે) કોટરાના હિત માટે (યુદ્ધથી) આડું જોઈ ગયા હતા, તેમની પાસે તે આવ્યો. 'જાણે કે દશ દિશાઓને બાળતો હોય તેમ' શબ્દોથી એમ કહેલું છે કે પોતાનું સામર્થ્ય પ્રકટ કરતો જ તે આવ્યો. ૨૨

ભગવાન સર્વરૂપવાળા હોવા છતાં તે સમયે તેમણે તે(રૂદ્ર જ્વર)ને અટકાવનાર કર્મરૂપ[૧]નો ત્યાગ કરીને, જૂદા પ્રકારથી પહેલાં ઉત્પન્ન થએલાં શીત અને તાવ[૨]ને ભેગા કરીને (રૂદ્ર જ્વર સામે યુદ્ધ કરવા) મોકલ્યા એમ નીચેના શ્લોકથી કહે છે:—

अथ नारायणो देवस्तं दृष्ट्वा व्यसृजज्ज्वरम् ॥
माहेश्वरो वैष्णवश्च युयुधाते ज्वरावुभौ ॥२३॥

પછી નારાયણ દેવે તેને જોઇને (પોતાના) જ્વરને મોકલ્યો. માહેશ્વર અને વૈષ્ણવ બંને જ્વરોએ યુદ્ધ કર્યું. ૨૩.

'તેને' એટલે તે જ્વરરૂપવાળા મહાદેવને જોઇને (દેવે પોતાના જ્વરને મોકલ્યો). 'હે અગ્નિ! તારાં જે ઘોર રૂપો છે ક્ષુધા અને તૃષ્ણા, અસ્તુ અને ક્વાનાહુતિ, અશના અને પિપાસા, સેદિ અને અમતિ. હે અગ્નિ! આ તારાં ઘોર રૂપો છે' એ શ્રુતિ પ્રમાણે તે રૂદ્ર જ્વર આઠ મૂર્તિવાળા શિવની કલારૂપ હતો. 'જે અમારો દ્વેષ કરે છે અને અમે જેનો દ્વેષ કરીએ છીએ તેની પાસે તું તે(રૂપો) વડે જા'. એ શ્રુતિને લીધે, રૂદ્રે પ્રેરેલાં તે રૂપો ભેગાં થઇને જ્વરપણું પ્રાપ્ત કરી ભગવાન સમીપ આવ્યાં. પછી 'નારાયણ જ પુરૂષ છે' શ્રુતિ પ્રમાણે નારાયણું દેવ યજ્ઞરૂપ પુરૂષ હોવાથી, તેમણે વૃત્રમાંથી જેમ અગ્નિ અને સોમને બહાર કાઢે તેમ તે(રૂદ્ર જ્વર)માંથી દેવતારૂપ અગ્નિને બહાર કાઢવા માટે (પોતાના) જ્વરને મોકલ્યો. 'ઇંદ્રે આત્મામાંથી શીત અને જ્વરને ઉત્પન્ન કર્યા' એ શ્રુતિમાં પણ એમ (કહેલું છે કે) આત્મા એટલે યજ્ઞરૂપ ભગવાને જ તે ઇંદ્ર)ની પ્રાર્થનાથી જ (શીત અને જ્વરને ઉત્પન્ન કર્યા. પછી બે જ્વરોનું પરસ્પર યુદ્ધ થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. 'બંને' એટલે પ્રસિદ્ધ જ્વરોએ, જેમ વિષ્ણુ અને શિવે પહેલાં (પહેલું) યુદ્ધ કરેલું, તેમના સેવકો (જ્વરો)એ પણ કર્યું, એવો (અર્થ છે). ૨૩

माहेश्वरः समाक्रन्दद्वैष्णवेन बलार्दितः ॥
अलब्ध्वा भयमन्यत्र भीतो माहेश्वरो ज्वरः ॥

---

[૧] 'તેના પશુઓ રૂદ્રને ગમતા નથા' એવી શ્રુતિ ગયા શ્લોક પરનાં સુબોધિનીજીમાં કહી તે શ્રુતિમાં જ્વરને અટકાવનારૂં કર્મ કહેલું છે. (લે)

[૨] પહેલું રૂપ શીત, અને પછીનું રૂપ વેદમાં 'રૂર' શબ્દથી જણાવેલો જ્વર, તે બંનેને ભેગા કરીને. એવો અર્થ છે (લે)

शरणार्थी हृषीकेशं तुष्टाव प्रयताञ्जलिः ॥२४॥

વૈષ્ણવ (જ્વર)ના બલથી પીડાએલા માહેશ્વર(જ્વર) રડવા લાગ્યો. બીજે કોઇ સ્થલે અશ્રય પ્રાપ્ત નહિ થતાં ભય પામેલા શરણ ઇચ્છતા માહેશ્વર જ્વરે બે હાથ જોડી હૃષીકેશની સ્તુતિ કરી ૨૪.

બંને જ્વરો હોવાથી, (તેઓનું) યુદ્ધ સમાન હતું, છતાં પણ દેવતાનુંજ પ્રાબલ્ય હોવાથી માહેશ્વર (જ્વરે) વૈષ્ણવ (જ્વર)ના બલથી પીડાઈ સારી રીતે રાડો પાડી, એટલે રડવા લાગ્યો. તામસ રૂદ્રની પ્રકૃતિવાળો હોવાથી (તે)જ પીડા થતાં રડે છે, બીજો રડતો નથી. રડવા છતાં પણ તે પીડા મટી નહિ ત્યારે વૈષ્ણવ (જ્વર)થી ભય પામીને, પોતાનું મૂલરૂપ (શંકર) પહેલાં જ પરાજિત થએલું (એમ) વિચારીને, શરણની ઈચ્છા રાખતો હૃષીકેશને જ શરણ ગયો, (પોતાનો) અંગીકાર કરે તે માટે (તેમની) સ્તુતિ કરી. ‘ હૃષીકેશ ’ નામથી (એમ કહેલું છે કે) ભગવાને (તેને) તેવી જ પ્રેરણા કરેલી. વળી બીજે કોઈ સ્થલે અભય પ્રાપ્ત નહિ થતાં, પહેલાં થએલું દુઃખ સંભારીને તે ભય પામ્યો, (ભગવાન) અંગીકાર કરે તે માટે શરણની ઈચ્છા કરી. આથી એમ કહેલું છે કે (તેનું) અંતઃકરણ તેમના(ભગવાન)માં આસક્ત હતું. ‘ બે હાથ જોડી ’ શબ્દથી નમ્રપણારૂપ કાયાની ક્રિયા કહેલી છે. ૨૪

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી તે(માહેશ્વર જ્વર)ની સ્તુતિ કહેછે:—

स्वरूपबलकार्याणि जानतो मम सर्वथा ॥
रक्षा त्वयैव कर्तव्येत्येवंरूपा स्तुतिः कृता ॥७॥

(આપનાં) સ્વરૂપ બલ અને કાર્યને જાણનારની મારી રક્ષા આપેજ કરવાની છે, એવી એ પ્રકારની સ્તુતિ (તેણે) કરેલી છે. કા. ૭.

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી સ્વરૂપ વર્ણવીને નમન કરે છે:—

॥ ज्वर उवाच ॥ જ્વર કહે છે:—

नमामि त्वानन्तशक्तिं परेशं सर्वात्मानं केवलं ज्ञप्तिमात्रम् ॥
विश्वोत्पत्तिस्थानसंरोधहेतुं यत्तद्ब्रह्म ब्रह्मलिङ्गं प्रशान्तम् ॥२५॥

અનંત શક્તિઓવાળા, મોટાઓને વશ રાખનાર, સર્વના આત્મા, પ્રકૃતિના સંબંધ વિનાના, જ્ઞાનરૂપ, વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણરૂપ, જે તે બ્રહ્મ, બ્રહ્મના ચિહ્નવાળા, ઘણા શાંત આપને હું નમન કરૂં છું. ૨૫.

‘ શાસ્ત્રથી સિદ્ધ થતું (ભગવાનનું) સ્વરુપ જે જોવામાં આવે છે તે(સ્વરુપ)થી જૂદું હશે ’ એવી શંકા દૂર કરવા, અને ‘ આ(શ્રીકૃષ્ણ)જ તે (સ્વરુપ) છે ’ એમ કહેવા, ‘ આપ ’ એમ કહેલું છે.

'આ આઠ મૂર્તિવાળા(શંકર)નો સર્વનો સંહાર કરનારી શક્તિરુપ જ્વર બીજાની સ્તુતિ શા માટે કરે?' એવી શંકા થાય, તેથી 'અનંત શક્તિઓવાળા' એટલે 'અનંત શક્તિઓ છે જેમની' એ વિશેષણથી તેમનું (ભગવાનનું) માહાત્મ્ય કહેલું છે.

'કાલ વિગેરે અથવા બ્રહ્મા વિગેરેની સાહાય્ય પ્રાપ્ત થતાં (જ્વરનું) રક્ષણ થશે, તેથી બલવાન(જ્વર)ને શત્રુના શરણે જવાનું શું પ્રયોજન (હોય)?' એવી શંકા થાય, તેથી 'મોટાઓને વશ રાખનાર' એટલે 'બ્રહ્મા વિગેરેને પણ વશ રાખનાર' એવું વિશેષણ યોજેલું છે. 'છતાં પણ મરણ સારૂં, પરંતુ શત્રુને શરણ જવું (સારૂં) નહિ' એવી શંકા થાય, તેથી 'સર્વના આત્મા' શબ્દ યોજેલ છે, કારણ કે તે (ભગવાન) સર્વના આત્મા છે, પરંતુ શત્રુ નથી. આ (શબ્દ)થી (ભગવાનમાં) પક્ષપાત અને ક્રૂરતા નથી એમ કહેલ હોવા છતાં પણ, 'સર્વના આત્મા હોય તેમનો પણ પ્રકૃતિના સંબંધને લીધે[1] સ્વભાવ બદલાય' એવી શંકા કરીને, 'પ્રકૃતિના સંબંધ વિનાના' વિશેષણથી તેમ થતું નથી એમ કહે છે. જીવની પેઠે (ભગવાન) પ્રકૃતિ વિગેરેના સંબંધવાળા નથી.

'જે દેખાતું હોય તે કામવાળું હોવાથી પ્રકૃતિના સંબંધ વિનાનું કેમ (હોઈ શકે)?' એવી શંકા થાય, તેથી 'જ્ઞાનરૂપ' શબ્દ યોજેલ છે. તે (જ્વર) એમ માને છે કે આ (ભગવાન) ચિદ્રૂપ જ પ્રકટ થએલા છે; અથવા ઓડુલોમિની પેઠે અથવા સાંખ્યની પેઠે આત્માને માત્ર ચૈતન્યરૂપ માને છે. બંનેનો[2] ભેદ જીવપણાં[3] અને બ્રહ્મપણાંથી[4] થએલો છે. બધાએ દૈત્યના અંશવાળાઓ અને તેમના પક્ષપાતીઓ (ભગવાન) જ્ઞાનરૂપ જ છે એવા મતવાળા હોય છે. તેઓ પૈકી કેટલાકના મત પ્રમાણે ભગવાન જગતના કર્તા નથી, પરંતુ પ્રકૃતિ વિગેરે (જગતના બનાવનાર) છે, તેથી તેઓનો પક્ષ (જ્ઞાનરૂપ શબ્દથી) લીધેલો ગણાય,[5] એવી શંકા થાય, તેથી 'વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણરૂપ' શબ્દથી (તે મતને) ખોટો ઠરાવે છે. વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કારણ આપ જ છો. ચિંતામણિ વિગેરેના સંબંધમાં જોવામાં આવેલું છે કે વિકાર વિનાના એકલા(પદાર્થ)માંથી સર્વ ઉત્પન્ન થાય છે, તેથી જ્ઞાનરૂપ પણ શ્રુતિમાં (જગતના કારણ તરીકે)

---

[1] ભગવાન સ્વરૂપથી કોઇનો પક્ષપાત કરતા નથી અને ક્રૂરતા દર્શાવતા નથી, છતાં પણ પ્રકૃતિના સંબંધને લીધે તેવું કરે, એવો અર્થ છે. (લે)

[2] જીવ અને ભગવાન બંનેમાં જ્ઞાનરૂપ સમાન હોવા છતાં, જીવપણાં અને બ્રહ્મપણાંથી તેમનામાં ભેદ થાય છે. (લે)

[3] 'જીવપણું' એટલે અંશ હોવાપણું. (લે)

[4] 'બ્રહ્મપણું' એટલે સર્વ સ્થલે રહેનાર હોવાપણું. (લે)

[5] 'તેઓનો પક્ષ લીધેલો ગણાય' એટલે તેઓના મતનો આશ્રય થાય. (લે)

પ્રસિદ્ધ હોવાથી, (આ જ્વર) તેને પણ (જગતનું) કારણ માને છે. તેથી[1]જ આ વિષયમાં તે (જ્ઞાનરૂપ) અલૌકિક કર્તા છે એવું પ્રમાણ 'જે તે' એટલે 'લોક અને વેદમાં પ્રસિદ્ધ' શબ્દથી કહે છે. જે લોકમાં (જગતના કારણ તરીકે) પ્રસિદ્ધ છે તે વેદમાં પણ (તેવું) પ્રસિદ્ધ છે, એવો (અર્થ છે).

'શ્રીકૃષ્ણના સંબંધમાં (તેવા પ્રકારની) પ્રસિદ્ધિ લોક અને વેદમાં કોઈ સ્થલે જોવામાં આવી નથી, કારણ કે તેવા પ્રકારનો શબ્દ જાણવામાં આવ્યો નથી' એવી શંકા થાય, તેથી 'બ્રહ્મ' શબ્દ યોજેલો છે. આપ જ બ્રહ્મ છો. '(મારા સંબંધી) વ્યવહાર થતો હોવાથી (હું બ્રહ્મ) કેવી રીતે ?' એવી શંકા થાય, તેથી 'બ્રહ્મના ચિહ્નવાળા' વિશેષણ યોજેલું છે, કારણ કે જગતના કર્તા હોવાપણું, તેને નભાવનાર હોવાપણું, સેતુ હોવાપણું, આધાર હોવાપણું વિગેરે તે(બ્રહ્મ)નાં ચિહ્નો છે, તેજ અહિં (આપમાં) છે. આ વિષયનું પણ પ્રમાણ 'ઘણા શાંત' વિશેષણથી કહેલું છે. ઘણી જ શાંતિ પ્રત્યક્ષથી સિદ્ધ થએલી છે. તેમ (ઘણી શાંતિ) ન હોય, તો સ્વતંત્ર શક્તિવાળા (ભગવાન) હું વિગેરેની દરકાર શા માટે કરે ? 'ઘણા શાંત' હોવાથી બ્રહ્મના ધર્મો જણાય છે, અને (તે) ધર્મોથી બ્રહ્મપણું (જણાય છે). તેથી લોક અને વેદનો સંબંધ (બંનેમાં પ્રસિદ્ધિ), અને તેનાથી જગતના કર્તા હોવાપણું (જણાય છે), એ પ્રમાણે (આ શ્લોકના) ઉત્તરાર્ધમાં ગુણો કહેલા છે અને પૂર્વાર્ધમાં દોષ નથી (એમ) કહેલું છે. એવી રીતે (શ્રીકૃષ્ણ) દોષ વિનાના અને પૂર્ણ ગુણવાળા દેહવાળા છે એમ કહ્યું. ૨૫.

આથી એમ સિદ્ધ થયું કે સર્વ સ્થલે બધું સામર્થ્ય ભગવાનનું જ છે, બીજાનું નથી, છતાં પણ માન્યતા પ્રમાણે કાલ વિગેરેનું બલ (હોવાનું) જાણવામાં આવેલ છે (તે) જણાવીને, નીચેના શ્લોકમાં તે(કાલ વિગેરે) ન હોવાનું જ કહીને તે(તેમનું બલ) નથી એમ કહે છે:—

कालो दैवं कर्म जीवः स्वभावो द्रव्यं क्षेत्रं प्राण आत्मा विकारः ॥
तत्संघातो बीजरोहप्रवाहस्त्वन्मायैषा तन्निषेधं प्रपद्ये ॥२६॥

કાલ, દૈવ, કર્મ, જીવ, સ્વભાવ, દ્રવ્ય, દેહ, પ્રાણ, અહંકાર, વિકાર, તેઓનો સમૂહ, બીજ અને કાર્યનો પ્રવાહ, આ આપની માયા છે. તે જેમનામાં નથી તેવાને શરણ આવું છું. ૨૬.

વાસ્તવિક રીતે કાર્યનાં અને કારણનાં આકારો પણ આપ જ છો. તેમને જૂદા માનીને જે (તેઓનું) સામર્થ્ય કલ્પવામાં આવે છે તે પણ આ આપની માયા છે. તેમ ન હોય તો સર્વ પ્રમાણોથી સિદ્ધ થએલા (આપ)માં બીજા પ્રકાર (રૂપો)ની કલ્પના કેમ સંભવે ?

---

[1] 'તેથી જ' એટલે 'તર્કથી જ્ઞાન થતું નહિ હોવાથી જ.' (લે)

તે (કાર્ય અને કારણનાં રૂપો) પૈકી કાલ સર્વનું કારણ છે એવો નિર્ણય જ્યોતિઃશાસ્ત્રથી અને અન્વય વ્યતિરેકથી* થાય છે. તેના પેટા ભેદો કાલના અવયવોરૂપ ગ્રહો છે. તેમની ઇંદ્રિયના રૂપો 'દૈવ' એમ કહેવાય છે. તેથી 'તે સર્વ કર્મને લીધે થાય છે' એમ માની, સામાન્ય અને વિશેષ કર્મોથી બધા કાર્યોની ઉત્પત્તિ થાય છે એમ ધર્મશાસ્ત્રમાં કહે છે. સાંખ્ય મતવાળા સર્વ સ્થલે બીજના સ્વભાવને જ કારણ કહે છે, બીજા પણ સ્વભાવ(કારણ છે એમ) માનનારાઓ (બીજના સ્વભાવને જ કારણ કહે છે). જડ કાર્ય કારણ થાય છે એમ માનનારાઓનો એવો સિદ્ધાંત છે. જીવમાંથી કાર્ય થાય છે એમ માનનારાઓના મત પ્રમાણે **'जीवस्वभावः'** 'જીવનો સ્વભાવ' એવો પાઠ લેવો, કારણ કે (તેમના મત પ્રમાણે) સર્વ જીવરૂપ છે. જો કે આ[1] (મત)ને બ્રહ્મવાદમાં ખોટો ઠરાવેલો છે, છતાં પણ (ત્યાં) પૂર્વપક્ષને[2] જ ખોટો ઠરાવેલ હોવાથી સર્વ જીવો (કારણ છે એવો) મત પણ યોગ્ય જ રહે છે.

અથવા[3] (૧) કાલ ગુણોમાં ખળભળાટ કરનારો છે. (૨) દૈવ એટલે પ્રાણીઓનું અદૃષ્ટ. (૩) કર્મ એટલે જન્મ કરાવનારૂં ભગવદ્રૂપ સામાન્ય†. (૪) જીવ ભોગ કરનારો છે (૫) સ્વભાવ એટલે ફેરફાર થવાનું કારણ. એ કાલ વિગેરે પાંચ સામાન્ય† કારણ બનેલા છે.

'जीवः स्वभावः' 'જીવ, સ્વભાવ' એ પાઠ પ્રમાણે 'દ્રવ્ય' શબ્દથી કાર્ય કહેલ છે. દ્રવ્ય એટલે તત્ત્વો. **'क्षेत्रम्'** 'ક્ષેત્ર' એટલે તેઓનું કાર્ય દેહ. તેઓમાં 'પ્રાણ' સર્વનાં કારણરૂપ છે. તેને પણ વશ રાખનાર **'आत्मा'** 'અહંકાર' છે. 'વિકાર' એટલે દેહમાં જોવામાં આવતો (ફેરફાર), અને તેઓનો સમૂહ એટલે દેવ, હલકાં પ્રાણી, મનુષ્ય વિગેરેના આકારવાળી મૂળ (સૃષ્ટિ). પછી 'બીજ અને કાર્યનો પ્રવાહ', એટલે બીજની સ્થિતિ પ્રાપ્ત કરેલાં તેઓની જ વૃદ્ધિ એટલે અંકુરની ઉત્પત્તિરૂપ કાર્ય. તેનો પ્રવાહ એટલે આરંભ વિનાના (સમયથી) સિદ્ધ

---

* જ્યાં જ્યાં કારણ હોય ત્યાં ત્યાં કાર્યનું હોવાપણું એ 'અન્વય.' જેમ કે જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે. આ અન્વયવ્યાપ્તિ કહેવાય છે. જ્યાં કાર્યનો અભાવ હોય ત્યાં કારણ પણ ન હોવું એ 'વ્યતિરેક.' જ્યાં અગ્નિ નથી ત્યાં ધુમાડો પણ નથી એ વ્યતિરેક પ્રાપ્તિ છે. જ્યાં દેહ વિગેરે કાર્ય છે ત્યાં કાલ છે. જ્યાં કાલ નથી ત્યાં દેહ વિગેરે કાર્ય પણ નથી, એમ અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિથી કાલ સર્વ કાર્યોનું કારણ હોવાનું સિદ્ધ થાય છે.

[1] 'આ' એટલે 'જીવ (કાર્યનું) કારણ છે એવો મત.' (લે)

[2] કારણ કે બ્રહ્મસૂત્ર ૨–૧–૪ પૂર્વપક્ષનું સૂત્ર છે, એવો ભાવ છે. (લે)

[3] આ પાંચે પ્રમાણથી સિદ્ધ થએલા છે. તેથી જ્યોતિઃશાસ્ત્ર વિગેરેના મતના ભેદને લીધે તેમને જૂદા જૂદા લેવા એ યોગ્ય નહિ લાગવાથી અહિંથી જૂદા પ્રકારે અર્થ કરે છે. (લે)

† 'સામાન્ય' એટલે 'સર્વમાં હોય તે.'

થએલો બીજાંકુરન્યાય*. વિભાગ વિનાના આપથી જૂદા તરીકે આ સર્વનું જ્ઞાન થાય છે. આ આપની માયા જ એવી બુદ્ધિરૂપ છે. કામની પેઠે જીવોમાં જ તે પ્રસરે છે. તેથી માયાને લીધે આપ જ તેવા (તે રૂપોવાળા) થાઓ છો. એમ જણાવવા 'તે જેમનામાં નથી' એમ કહેલું છે. તે (માયા) નથી જેમનામાં તેવા (આપ છો). તેથી સર્વ શક્તિવાળા આપને જ હું શરણ આવું છું. ૨૬

એ પ્રમાણે (ભગવાનનાં) સ્વરૂપ અને સામર્થ્ય કહીને, નીચેના શ્લોકમાં અવતારમાં કરેલું ખાસ કાર્ય કહે છેઃ—

नानाभावैर्लीलयोपपन्नैर्देवान्साधून् लोकसेतून्बिभर्षि ॥
हंस्युन्मार्गान्हिंसया वर्तमानान् जन्मैतत्ते भारहाराय भूमेः ॥२७॥

લીલાથી જ પ્રાપ્ત કરેલા જૂદા જૂદા અવતારોથી આપ દેવોનું સત્પુરૂષોનું અને લોકમાં (ધર્મની) મર્યાદાઓનું રક્ષણ કરો છો (અને) હિંસાથી જીવનારા અવળે રસ્તે જનારાઓને હણો છો. આ આપનો જન્મ ભૂમિનો ભાર હરવા (થએલો) છે. ૨૭.

નટની પેઠે આપ મત્સ્ય વિગેરે અવતારો ધારણ કરો છો. આનંદરૂપ (ભગવાન) (भावमात्रेण) માત્ર ચિંતન કરવાથી જ તે પ્રમાણે અવતરે છે, તેથી (અવતાર માટે) 'भाव' શબ્દ યોજેલો છે. તેમાં પણ (ભગવાન) નટની પેઠે દુઃખથી પદાર્થ પ્રાપ્ત કરતા નથી, પરંતુ ઈચ્છાથી જ તેવા રૂપવાળા થાય છે એવો અર્થ છે. 'દેવોનું સત્પુરૂષોનું અને લોકમાં (ધર્મની) મર્યાદાઓનું રક્ષણ કરો છો' શબ્દોથી તે(અવતારો)નું પ્રયોજન કહેલું છે. આ ત્રણ પ્રકારના છે. (૧) સ્વર્ગમાં રહેનારા દેવો. (૨) ભૂમિ ઉપર રહેનારા સત્પુરૂષો. (અને ૩) सेतवः ધર્મની મર્યાદાઓ. 'યજ્ઞકુંડ ખોદેલ છે' એ વાકય પ્રમાણે તેને ભૂમિની નીચે જ રહેલ કહેલી છે. આથી એમ કહેવાયું કે ત્રણ લોકમાં રહેલ ભક્તોના રક્ષણ માટે (ભગવાનના) અવતારો થાય છે.

એ પ્રમાણે ગુણવાળી સ્થિતિ હોવાનું કહીને 'અવળે રસ્તે જનારાઓને હણો છો' શબ્દોથી દોષ ન હોવાની સ્થિતિ કહે છે. 'અવળે રસ્તે જનારા' એટલે ધર્મમાર્ગના વિરોધીઓ. વળી 'હિંસાથી જીવનારા' એટલે હિંસા કરવાના જ સ્વભાવવાળાને (આપ હણો છો). તેથી આપનો, આ અવતાર તેવા બંને પ્રકારનું કાર્ય કરતાં પણ વધારાનું (ખાસ) કાર્ય પણ કરે છે. એમ 'ભૂમિનો ભાર હરવા'

---

*બીજમાંથી અંકુર ઉત્પન્ન થઈ વૃક્ષ થતાં તેમાં ફલ થાય છે અને એ ફલમાં બીજ થાય છે. તે બીજમાંથી પાછાં અંકુર થઈ વૃક્ષ બની ફલ થાય છે. તેમાંથી પાછાં બીજ થાય છે. એમ બીજ અને અંકુર (વૃક્ષ) એક બીજાનાં કાર્ય અને કારણ થયાં કરે છે એ 'બીજાંકુરન્યાય' કહેવાય છે.

શબ્દોથી કહેલું છે. भारहारः એટલે ભાર હરવો તે. બીજા અવતારો ભૂમિ ઉપર આધાર રાખનારાઓને જ ગુણ અને દોષનો અભાવ પ્રાપ્ત કરાવે છે. આ અવતાર તો ભૂમિનો જ ભાર દૂર કરે છે. આ ઉપલક્ષણ* છે. (આ અવતાર) પરમાનંદ પણ પ્રાપ્ત કરાવે છે. ૨૭

એ પ્રમાણે સ્તુતિ કરીને નીચેના શ્લોકમાં પ્રાર્થના કરવા માટે પોતાનું દુઃખ જણાવે છે:—

> तप्तोऽहं ते तेजसा दुःसहे न शान्तोग्रेणात्युल्बणेन ज्वरेण ॥
> तावत्तापो देहिनां तेऽङ्घ्रिमूलं नो सेवेरन्यावदाशानुबद्धाः ॥२८॥

આપના સહન થઈ ન શકે તેવા ઘણા ક્રૂર શાંત અને ઉગ્ર જ્વરરૂપ તેજસ્વી હું દુઃખી થાઉં છું. જ્યાં સુધી દેહીઓ આશાની પાછળ દોડતા હોવાથી આપનાં ચરણનાં મૂળને સેવતા નથી ત્યાં સુધી તેમને દુઃખ હોય છે. ૨૮.

'અગ્નિને તાપ લાગતો નથી' (શ્રીમદ્ભાગવત ૧૧–૨૩–૫૬) એ નિયમને પણ ખોટો પાડીને આપના સહન ન થઇ શકે તેવા ક્રૂર જ્વરરૂપ તેજથી હું દુઃખી થાઉં છું કારણ કે જે અનુભવવામાં આવે તેમાં કાંઇ અયોગ્યતા હોતી નથી.

'વૈષ્ણવ તેજ દુઃખ ઉત્પન્ન કરતું નથી' એવી શંકા થાય, તેથી 'શાંત અને ઉગ્ર' એવું વિશેષણ યોજેલું છે. (આપનો જ્વર) બહારથી શાંત (અને) અંદરથી ઉગ્ર છે. તેવું ન હોય તો વૈષ્ણવનું તેજ દૈત્યોને અટકાવનારૂં ન હોય. તે પ્રમાણે આ ધર્મ[1] જ્વરનો પણ જ્વર, રોકનારો અને પ્રવૃત્તિ કરાવનારો‡ છે, એમ (વૈષ્ણવ જ્વર પોતાને) અનુકૂલ થાય તે માટે દુઃખ જ દૂર કરવા તે પ્રમાણે કહેલું છે. (તે જ્વર) ઘણો ક્રૂર એટલે ક્રૂરથી પણ ક્રૂર હોવાથી સહન થઈ શકે તેવો નથી.

'જ્વર જતો રહે ત્યારે દુઃખ મટી જશે તેથી જ્વરની જ પ્રાર્થના કરવી જોઇએ, કારણ કે શસ્ત્રનો ઉપયોગ કરવામા આવે ત્યારે શસ્ત્રથી પીડા પામનારો શત્રુની પ્રાર્થના કરતો નથી[2]' એવી શંકા થાય તે ઉત્તરાર્ધથી દૂર કરે છે. **દેહના અભિમાનવાળાઓ જ્યાં સુધી આપનાં ચરણના મૂળને સેવતા નથી**

---

* બીજો ન કહેલ ગુણ પણ સૂચવનાર.

[1] 'આ ધર્મ' એટલે 'શીત' અને 'ક્રૂર' રૂપ ભગવાનનું તેજ, એવો અર્થ છે. (લે)

‡ વૈષ્ણવ જ્વર બીજા જ્વરને દૂર કરનારો, અટકાવનારો છે, તેમજ તેના કામમાં તેની પ્રવૃત્તિ કરાવનારો એટલે તેને સાહાય્ય કરનારો પણ છે. તેથી તે જ્વરને દૂર કરવાની પ્રાર્થના કરી નથી; પરંતુ તેનાથી થતું દુઃખ જ દૂર કરવા પ્રાર્થના કરેલી છે, એવો ભાવ જણાય છે.

[2] શત્રુની પ્રાર્થના કરતો નથી, પણ (પોતાના દેહમાંથી) શસ્ત્ર જ કાઢી નાખવા પ્રયાસ કરે છે, તે પ્રમાણે જ્વરની જ પ્રાર્થના વિગેરે ઉપાય કરવો જોઇએ એવો અર્થ છે. (લે)

ત્યાં સુધી જ તેઓને દુઃખ હોય છે. આ (વાક્ય)થી એમ પણ કહેલું છે કે તેમ (આપના ચરણનું શરણ) કરવામાં ન આવે તો દુઃખ મટવાનું **નથી.** જ્ઞાનથી પણ દુઃખ મટવામાં (ભગવાનના) ચરણના મૂલનો આશ્રય જ કારણ હોવાથી નિરર્થક જ્ઞાનનું શું પ્રયોજન? એમ ભક્તિનું ઉત્તમપણું પણ કહ્યું.

'ત્યારે (ચરણની) સેવા ન કરવાનું શું કારણ?' એવી શંકા થાય, તેથી 'આશાની પાછલ દોડતા' શબ્દ યોજેલ છે. **ભગવાનના ચરણારવિંદની સેવામાં કામ (જે તે પદાર્થ પ્રાપ્ત કરવાની ઇચ્છા) વિઘ્ન કરતો નથી[૧], પરંતુ તેની શક્તિ આશા (વિઘ્ન) કરે છે.** તેથી આશા વિનાના થએલ નહિ હોવાથી, અને સર્વ સ્થલે જૂદી જૂદી આશા પણ પૂર્ણ થતી નહિ હોવાથી, તેની પાછલ દોડ્યા કરે છે. 'જ્યાંસુધી' એ શબ્દથી એમ જણાવેલું છે કે આ (આશાની) પાછલ દોડવાનું અંતવાળું છે. આશા યોગ્યતાવાળી હોવાથી આશા પૂર્ણ થાય ત્યારે પૂર્ણ થતાં (તે) જતી રહે છે. કામ મટી જતાં તો તે જતી જ રહે છે. (જે પ્રાપ્ત કરવાની આશા હોય તે) પદાર્થનો દોષ જોવાથી પણ તે જતી રહે છે. તે જતી રહેવાના ઘણા પ્રકારો હોવાથી (તે જતી રહેવાનો) સંભવ હોવાથી, 'જ્યાં સુધી' એમ (તેનો) અંત કહેલો છે. કામ અગ્નિરૂપ હોવાથી, તેનાથી દુઃખ (આશા હોય) ત્યાં સુધી જ થાય, એ પણ યોગ્ય છે. ૨૮

એ પ્રમાણે વિનવેલા ભગવાન વશ કરનારા (હોવાથી), 'આ મૃત્યુનો મોટો ભાઈ છે' એમ વિચારી, તેને નિયમના બંધનથી રાખવા માટે (નીચે પ્રમાણે) કહે છે:—

॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન કહે છે:—

त्रिशिरस्ते प्रसन्नोऽहं व्येतु ते मे ज्वराद्भयम् ॥
यो नौ स्मरेत संवादं तस्य त्वन्न भवेद्भयम् ॥२९॥

હે ત્રણ માથાવાળા! હું તારા ઉપર પ્રસન્ન (થયો) છું. તારો મારા જ્વરથી (થએલ) ભય દૂર થાઓ. જે આપણા બેના સંવાદનું સ્મરણ કરે તેને તારાથી ભય ન થાઓ. ૨૯.

---

[૧] ભગવાન સંબંધી કામ ભજન પ્રાપ્ત કરાવનારો છે, તેથી બધા કામ વિઘ્ન કરનારા નથી, પરંતુ અમુક કામ એટલે નહિ મળેલી વસ્તુ મેળવવાની અભિલાષા રૂપ આશા વિઘ્ન કરનારી છે. ભગવાન આત્મા હોવાથી સદા પ્રાપ્ત થએલા જ છે, તેથી તેમના સિવાય બીજાને પ્રાપ્ત કરવાની અભિલાષા જ આશા છે. એવો ભાવ છે. (લે) આવો ભેદ કરવાનું પ્રયોજન જણાતું નથી. કામ અને આશામાં ભેદ હોવાનું શ્રીસુબોધિનીમાં કહેલ છે, જ્યારે અહિં આશાને એક પ્રકારનો કામ જ કહેલ છે. જેમ ભગવાન સંબંધી કામ ઈષ્ટ છે તેમ ભગવત્પ્રાપ્તિની આશા પણ તેવીજ છે. આને આશા ન કહેવાનું લેખમાં જણાવેલ કારણ સત્ય હોય તો ભગવાન સંબંધી કામને પણ કામ કહેવો ન જોઇએ.

ત્રણ માથાં છે જેના તે (ત્રણ માથાંવાળો). ધાતુ ઓછી વધારે હોવાને લીધે[1] વાત પિત્ત અને કફ (જ્વરનાં માથાં છે, કર્મો (માથાં) નથી; અથવા કાલ કર્મ અને સ્વભાવ (તેનાં ત્રણ) માથાં છે. (આ) સંબોધનથી એમ કહેલું છે કે હવેથી[2] તેનો નાશ (થવાનો) નથી. 'હું પ્રસન્ન (થયો) છું' શબ્દોથી એમ કહેલું છે કે તારૂં બધુંએ કામ સિદ્ધ થશે. 'તારો મારા જ્વરથી (થએલ) ભય દૂર થાઓ' શબ્દોથી જે માટે (તેણે) પ્રાર્થના કરેલી તે કહેલું છે. છતાં જેમ મારા (જ્વર)થી તને ભય થશે નહિ તેમ તારાથી પણ મારા (સેવકો)ને ભય થશે નહિ, એવા અભિપ્રાયથી ઉત્તરાર્ધ કહેલો છે. નૌ આપણા બેનો (તેં કરેલી) સ્તુતિ અને (મારી) પ્રસન્નતારૂપ સંવાદનું જે સ્મરણ કરે) તેને ત્વત્ તારાથી ભય ન થાઓ, એવી ભગવાનની (જ્વરને) આજ્ઞા છે. ૨૯.

એવી રીતે કૃતાર્થ થઈ, ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને, અહિં પ્રપંચથી કોઇને પણ ભય ઉત્પન્ન કરવો નહિ એમ જણાવેલો (જ્વર) મૃત્યુની સમીપ પોતાના સ્થાનમાં ગયો એમ નીચેના શ્લોકમાં (શુક) કહે છેઃ—

इत्युक्तोऽच्युतमानम्य गतो माहेश्वरो ज्वरः ॥
बाणस्तु रथमारूढः प्रागाद्योत्स्यञ्जनार्दनम् ॥३०॥

એમ કહેલો માહેશ્વર જ્વર અચ્યુતને નમન કરીને ગયો. બાણ તો રથમાં બેસીને જનાર્દન સાથે યુદ્ધ કરવા આવ્યો. ૩૦.

(ભગવાન) અચ્યુત હોવાથી (તેમનું) વચન પણ તેવું હતું. તેથી માહેશ્વર જ્વર ગયો. તે ગયો ત્યારે મહાદેવ પાસેથી વર(દાન) પ્રાપ્ત કરેલો (બાણાસુર) દૈવી બલનો આશ્રય કરીને યુદ્ધ કરવા આવ્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. 'તુ' 'તો' શબ્દ પહેલાના (તેના યુદ્ધ માટે) આવવાથી (આમાં) ભેદ જણાવે છે. 'બાણના જેવા જનાર્દન' એમ માનીને બાણ[3] પણ જનાર્દન સાથે 'योत्स्युम्' યુદ્ધ કરવા આવ્યો. ૩૦.

---

[1] ધાતુ ઓછી વધારે થવાથી તાવ આવતો હોવાથી, વાત વિગેરે (દોષો) જ તેનાં માથાં છે, પરંતુ સાત્વિક વિગેરે ત્રણ પ્રકારનાં કર્મો તેનાં માથાં નથી. (લે)

[2] 'अतः' એટલે હવેથી, (આ સંબોધન ભગવાને કર્યું ત્યારથી). (લે)

[3] 'બાણ' એટલે બાણાસુરે પણ એમ માન્યું કે 'બાણ જેમ જાણી શકાય તેવી રીતેજ કાર્ય કરે છે (પ્રાણીને વીંધે છે), તેમ જનાર્દન પણ જાણી શકાય તેવી રીતે જ કાર્ય કરે છે, અને હું તો દૈવના બલવાળો થયો છું.' અને પછી જનાર્દન સાથે યુદ્ધ કરવા આવ્યો (લે) બાણાસુરે માન્યું કે "બાણ જેમ લોકને વીંધી પીડા કરનારૂં છે તેમ 'જનાર્દન' પણ લોકને પીડા કરનારા છે. તેથી જેવો હું બાણ તેવા તે જનાર્દન. બંને સરખા છીએ. જનાર્દન મારાથી ચઢે તેવા નથી."

પછી દરેક હાથમાં જૂદા જૂદા પ્રકારનાં શસ્ત્રો અને અસ્ત્રો રાખીને તેણે યુદ્ધ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

ततो बाहुसहस्रेण नानायुधधरोऽसुरः ॥
मुमोच परमक्रूद्धो बाणांश्चक्रायुधे नृप ॥३१॥

હે નૃપ! પછી જૂદા જૂદા પ્રકારનાં આયુધો ધારણ કરનાર અસુરે ઘણો ક્રોધ કરી ચક્રાયુધ ઉપર બાણો ફેંકયાં. ૩૧

તે જૂદા જૂદા પ્રકારનાં આયુધો ધારણ કરતો હતો, તેથી પછી તેણે ચક્રાયુધ તરફ જૂદા જૂદા પ્રકારનાં આયુધો ફેંકયાં.

'ભગવાને પહેલાં આના પ્રાણને બચાવેલા. તેથી આણે (ભગવાન ઉપર) શસ્ત્રો કેમ ફેંકયાં?' એવી શંકા થાય તેથી 'ઘણો ક્રોધ કરી' શબ્દ યોજેલ છે. તેણે (ભગવાન ઉપર શસ્ત્રો) ફેંકયાં, પરંતુ વાસ્તવિક રીતે તેને ક્રોધ થયો નહતો. તેમ (તેવો અર્થ) ન હોય તો 'પરમ' ક્રોધનું વિશેષણ (હોવાનું) સંભવતું નથી[1]; અથવા (એ બે શબ્દોનું) સમાસ (કરવા)માં સામર્થ્ય ન થાય[2]. 'ચક્રાયુધ' એવા આ (શબ્દ)થી એમ સૂચવેલું છે કે (ભગવાને) ચક્રથી સર્વ (આયુધો)નો નાશ કર્યો. ૩૧

એક તરફ એક હજાર આયુધો અને બીજી તરફ સુદર્શન એમ સમાનપણું થાય*, તેવું (સમાનપણું) ન હતું એમ નીચેના શ્લોકમાં કહે છે:—

तस्यास्यतोऽस्त्राण्यसकृच्चक्रेण क्षुरनेमिना ॥
चिच्छेद भगवान् बाहून शाखा इव वनस्पतेः ॥३२॥

ભગવાને અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી વારંવાર અસ્ત્રો ફેંકતા તેના હાથોને મોટા વૃક્ષની શાખાઓની પેઠે કાપી નાખવાની પ્રવૃત્તિ કરી. ૩૨

અસ્ત્રો क्षिपतः ફેંકતાં એક હજાર હાથોને (ભગવાને) લૌકિક પ્રકાર રહે (અલૌકિક ન થાય) તે માટે અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી કાપી નાખવા પ્રવૃત્તિ

---

[1] પદાર્થનો બીજા પદાર્થ સાથે સંબંધ થાય એવો નિયમ છે. ક્રોધ (પદાર્થ નથી પણ) પદાર્થનો એક ભાગ છે, એવો ભાવ છે (લે) તેથી 'પરમ' ક્રોધનું વિશેષણ હોઈ શકે નહિ. (લે)

[2] ઉપર નોટ ૧ માં જણાવેલ નિયમ ઘણા ભાગે સાચો હોય છે, પણ બધે સાચો હોતો નથી, તેથી અહિં બીજો દોષ કહે છે. અહિં કર્મધારય સમાસ કરવાનો છે; પણ 'પરમ' શબ્દ 'क्रुद्धः' 'ક્રોધવાળો'નું વિશેષણ થતું નથી. તેથી વિશેષણ અને વિશેષ્યનો પરસ્પર સંબંધ થતો નહિ હોવાથી એ બે શબ્દોની સાથે જોડાવાની શક્તિ નથી. તેથી પાણિની. ૨-૧-૧ પ્રમાણે સમાસ જ થાય નહિ, એવો ભાવ છે. (લે)

* કારણ કે સુદર્શનને એક હજાર આરા હતા. જૂઓ ૯-૫-૪.

કરી. વચમાં (રહેલ) માથું કપાઈ જાય તેમ કર્યું નહતું એમ 'શાખાઓની પેઠે' શબ્દથી કહેલું છે 'મોટા વૃક્ષની' (કહ્યું), તેથી તે મોટો (પુરૂષ) હોવાથી (તેનુ) માથું કાપ્યું નહિ, પરંતુ (તેના) વિસ્તારનો નાશ કરવા માટે શાખાઓ જેવા (તેના) હાથોને જ કાપી નાખવા પ્રવૃત્તિ કરી, કારણ કે (તેણે) હાથો જ વર-(દાન)થી પ્રાપ્ત કરેલા હતા. ૩૨

પછી પોતે વરદાનથી આપેલા હાથો કપાવાની પ્રવૃત્તિ થતાં સર્વ ઉપાયોમાં નિષ્ફલ થએલા મહાદેવે ભગવાનની સ્તુતિ કરવા માંડી એમ નીચેના શ્લોકમાં કહે છે:—

बाहुषु छिद्यमानेषु बाणस्य भगवान् भवः ॥
भक्तानुकम्प्युपव्रज्य चक्रायुधमभाषत ॥३३॥

બાણના હાથો કપાવાની તૈયારી થતાં ભક્તો ઉપર દયા રાખનાર ભગવાન શંકરે ચક્રાયુધ પાસે આવી (નીચે પ્રમાણે) કહ્યું. ૩૩

(ભગવાનનો) માત્ર જય થાય, તેથી રૂદ્ર વિગેરેને (તેમની) પીછાણ* ન થાય, કારણ કે (યુદ્ધમાં) જય ચોકસ (થાય તેવું હોતું) નથી. તેમણે (શંકરે) આપેલ વરદાનનો નાશ કરવામાં આવે ત્યારે પણ તેમજ (પીછાણ ન) થાય. જો તે પોતાની મેળે પોતાનું સામર્થ્ય નથી એવો નિર્ણય કરીને ભગવાનનીજ પ્રાર્થના કરે તો બીજા સેવકો 'ભગવાન જ સ્વામી છે' એમ સંપૂર્ણ રીતે (માને અને) તેથી નિરોધ પ્રાપ્ત થાય, બીજા પ્રકારે (નિરોધ) ન થાય, એમ જણાવવા રૂદ્રની સ્તુતિ (કહેલી) છે.

(શંકરને) ઉપાયનું જ્ઞાન થયું એમ જણાવવા (તેમને) 'ભગવાન' કહેલ છે. 'ભક્તો ઉપર દયા રાખનાર' શબ્દથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ (શંકરે) પોતે બીજાના માટે હલકાપણું સ્વીકારવાનું કારણ કહેલું છે. (હું કહું તેમાં ભગવાન) સંમત ન થાય તો છેવટ મને ભલે હણે પરંતુ (મારા) ભક્તને ન હણે એમ જણાવવા, '**उपव्रज्य**' (ભગવાનની) પાસે આવીને (સ્તુતિ કરે છે). આથી એમ જણાવેલું છે કે તેમણે ભક્તના હિત માટે જ પહેલાં લૌકિક અને વૈદિક પ્રકારથી (તેને) સાહાય્ય કરેલી. તે (ભક્તનું હિત) ન થતાં (હવે) સ્તુતિ કરીને પણ તેમ કરે છે. 'ચક્રાયુધ' શબ્દથી (એમ જણાવેલું છે કે) હાથો કપાતાં પણ (ભગવાન) ચક્ર પકડીને જ ઉભા હતા, તેથી કદાચ (બાણનું) માથું પણ કાપી નાખે. તેથી (શંકરે તેમને નીચે પ્રમાણે) કહ્યું. ૩૩

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતનો '**अभिज्ञानम्**' પાઠ લઈ આ પ્રમાણે અર્થ કરેલ છે. અભિજ્ઞાનમાં અનુભવ અને સ્મરણ બંનેનો સમાવેશ થાય છે પહેલાં જોએલો પદાર્થ ફરી જોતાં, 'આ અમુક સમયે પહેલાં જોએલ તે જ છે' એવું જે સ્મરણ થાય તે અભિજ્ઞાન કહેવાય છે.

સંવત્સરરૂપ કાલનું ઉલ્લંઘન થાય તે માટે (નીચેના શ્લોકથી આરંભી) બાર શ્લોકોથી તેની (તેણે કરેલી) સ્તુતિ કહે છે:—

॥ रुद्र उवाच ॥ રૂદ્ર કહે છે:—

त्वं हि ब्रह्म परं ज्योतिर्गूढं ब्रह्मणि वाङ्मये ॥
यं पश्यन्त्यमलात्मान आकाशमिव केवलम् ॥ ३४ ॥

આપ નિશ્ચય વાણીમય બ્રહ્મમાં છુપાએલ ઉત્તમ જ્યોતિ બ્રહ્મ છો, જેમને શુદ્ધ અંતઃકરણવાળાઓ આકાશની પેઠે જૂદા જૂએછે. ૩૪

यादृशो भगवान् कृष्णः स योगेनैव गम्यते ॥
दृश्यमाणस्तु शास्त्रेण विसंवादी दृश्यते ॥८॥
इति ज्ञापयितुं प्रोक्ता भूम्यादीनां तथाङ्गता ॥
अङ्गान्यपि हरेर्लोके भिन्नानीति विदुर्यतः ॥९॥

ભગવાન શ્રીકૃષ્ણ જેવા છે (તેવા) તે યોગથી જ જણાય છે દેખાય છે તેવા[1] તો શાસ્ત્રથી (શાસ્ત્રમાં કરેલ વર્ણનથી) વિરૂદ્ધ દેખાય છે, એમ જણાવવા ભૂમિ વિગેરેને[2] તેવી રીતે અંગ કહેલાં છે; કારણ કે હરિના અંગો પણ લોકમાં (જણાએલા અંગોથી) જૂદા પ્રકારના છે એમ તેઓ જાણતા હતા.[3] કા. ૮–૯

अस्मदर्थे च भगवान् समागत इति स्तुतिः ॥
निर्दोषपूर्णगुणको ऽप्यस्मदादिभिरीर्यते ॥१०॥
यथाधिकारं तत्रापि हेतुर्हि भगवान्परः ॥
अन्तरायस्त्वदज्ञाने यदासीत्तस्य च स्वयम् ॥११॥
प्रकाशको महान् साक्षादतोऽस्माकं हितो भवेत् ॥

અને ભગવાન અમારા માટે[4] પધારેલા છે એવી સ્તુતિ છે. અમે વિગેરે (અમારા) અધિકાર પ્રમાણે (ભગવાનને) દોષ વિનાના અને પૂર્ણ ગુણોવાળા

---

[1] 'દેખાય છે તેવા' એટલે 'મનુષ્ય જેવા દેખાય છે તે' (લે)

[2] શ્લોક ૩૫ માં પહેલાં 'આકાશ' કહેલું છે, છતાં પણ ભૂમિ (ભગવાનના) ચરણરૂપ હોવાથી તેનાથી જ આરંભ કરીને વ્યાખ્યાન કરવું યોગ્ય છે એવો ભાવ છે. (લે)

[3] આ વાક્યથી છત્રીસમા શ્લોકનો અર્થ કહેલો છે. લોકમાં રૂંવાડાં કેશ વિગેરે મરેલી ચામડીરૂપ હોવાથી અંગ ગણાતાં નથી, છતાં પણ ભગવાનના અંગો લોકમાં ગણાતા અંગોથી જૂદા પ્રકારના છે એમ તેઓ જાણતા હતા, તેથી તેઓએ ભગવાનના અંગોનું વર્ણન કરતાં જ રૂંવાડાં વિગેરેનું પણ નિરૂપણ કરેલું છે. (લે)

[4] શંકર વેદરૂપ હોવાથી, ભગવાન વૈદિક ધર્મોનું પરિપાલન કરવા પધારેલા હોવાથી (આમ કહે છે). 'च' 'અને' શબ્દથી ભગવાન હરામખોરોને દંડ કરવા પધારેલા છે એમ કહેલું છે. (લે)

કહીએ છીએ.[1] તેનું પણ કારણ (એ છે કે) તને અજ્ઞાન હતું ત્યારે (જ્ઞાન થવામાં) જે મોટી અડચણ હતી તેનો પણ પ્રકાશ કરનાર સાક્ષાત્ ભગવાન પોતે ઉદાર હતા. તેથી તે આપણા હિત કરનારા છે કા. ૧૧½

कृष्णेच्छयैव सर्वेषामेव बुद्धिविपर्ययः ॥१२॥
अन्यथा धनपुत्रादौ कथं मुग्धा विवेकिनः ॥

શ્રીકૃષ્ણની ઈચ્છાથી જ બધાઓની બુદ્ધિ અવળી થાય છે. તેમ ન હોય તો વિવેકવાળાને ધન પુત્ર વિગેરેમાં મોહ કેમ હોય? કા. ૧૨½

तस्मात्पूर्वापराधानां क्षमा नित्या हरौ परे ॥१३॥
तथापि चेन्न सेवन्ते व्यर्थजीवास्तु ते मताः ॥
अनेन भजनं प्रोक्तं बाणोऽपि भजते यतः ॥१४॥

તેથી વશ રાખનાર હરિમાં પહેલાના (પહેલાં કરેલા) અપરાધોની ક્ષમા નિત્ય છે, છતાં પણ જેઓ (ભગવાનની) સેવા કરતા નથી તેઓ વ્યર્થ જીવનારા મનાએલા છે. આથી ભજન (કરવાનું) કહ્યું, કારણ કે બાણ પણ ભજન કરેછે. કા.૧૪

प्राकृताभजने हेतुर्दुरदृष्टं निरूप्यते ॥

પ્રાકૃત (જીવો) ભજન કરતા નથી તેનું કારણ (તેઓનું) ખરાબ અદૃષ્ટ કહેલું છે. કા. ૧૪½

वयं तु लोकरीत्यैव भगवदुत्कर्षहेतवे ॥१५॥
युद्धार्थमागताः किन्तु भक्ता एव न संशयः ॥

અમે તો લોકની રીત પ્રમાણે જ ભગવાનનું ઉત્તમપણું (સિદ્ધ) થાય તેવા પ્રયોજનથી યુદ્ધ કરવા આવેલા, પરંતુ ભક્તોજ છીએ, (તેમાં) સંશય નથી. કા. ૧૫½

प्रकटेन प्रकारेण शरणागतिरुच्यते ॥१६॥
तादृशस्य हितं यस्मात् कर्तव्यमिति सार्थता ॥

પ્રકટ પ્રકારથી શરણે આવવાનું (શંકરે) કહેલું છે, કારણ કે તેવા (શરણે આવનાર)નું હિત કરવું જોઈએ એવી (શરણે આવવાની) ઉપયોગીતા છે. કા.૧૬½

આરંભમાં લોકની દૃષ્ટિથી જોએલા ભગવાનનું જ્ઞાન થતું નહિ હોવાથી, ભગવાનનું સ્વરૂપ કહીને તેમનું યોગથી જ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ એમ કહે છે.

આપ ('हि') નિશ્ચયપૂર્વક બ્રહ્મ છો. વળી આ અર્થ યોગ્ય છે. તેમ ન હોય તો (મેં યુદ્ધમાં યોજેલા) લૌકિક અને વૈદિક પ્રકારો નિષ્ફલ ન થાય; કારણ કે પ્રમેય જ પ્રમાણથી બલવાન છે. આ (અર્થ) 'हि' 'નિશ્ચય' શબ્દથી કહેલો છે.

'છતાં પણ પ્રમેય (ભગવાન) પ્રમાણ (વેદ)થી બલવાન કેમ (હોઈ શકે)?' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ જ્યોતિ' શબ્દ યોજેલા છે. 'આ પુરૂષ

---

[1] આ આડત્રીસમા શ્લોકનો અર્થ કહેલો છે. ભગવાન આ શ્લોકમાં વર્ણવ્યા તેવા હોવા છતાં અમે અમારા અધિકાર પ્રમાણે જ વર્ણવીએ છીએ, એવો અર્થ છે. (લે)

કયું જ્યોતિ છે?' એ (બૃહદારણ્યક ઉપનિષદ્ અધ્યાય ૪ બ્રાહ્મણ ૩) બ્રાહ્મણમાં, (આ પુરૂષ) સૂર્ય વિગેરે નથી એમ આરંભમાં કહેલું છે ત્યાં, 'વાણીનો લય થાય ત્યારે આ પુરૂષ કયું જ્યોતિ છે?' એવું વાક્ય હોવાથી, વાણી પણ જ્યોતિ નથી એમ કહેલું છે. તેથી ભગવાન જ ઉત્તમ જ્યોતિ છે.

'ત્યારે એમ હોય તો વેદમાં એમ કેમ લખેલું નથી કે સાક્ષાત્ પુરાણ પુરૂષ પરમાત્મા દેવકીજીથી અવતાર લેશે તે જ વેદના અર્થરૂપ છે?' એવી શંકા થાય, તેથી 'વાણીમય બ્રહ્મમાં છૂપાએલ' શબ્દો યોજેલા છે. વેદોમાં તેમજ જણાવવામાં આવેલું છે, પરંતુ ગુપ્ત પ્રકારથી (જણાવવામાં આવેલું છે). તેથી જ (વેદમાં તે) ગુપ્ત હોવાથી જ 'અને બધા વેદો વડે જાણવા યોગ્ય હું જ છું' એમ ભગવાને (ભગવદ્‌ગીતા ૧૫–૧૫ માં) કહેલું છે.

'(વેદમાં ગુપ્ત રીતે કહેલ છે) ત્યારે નિર્ણયપૂર્વક પ્રવૃત્તિ કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે; કારણ કે તેઓ આરંભમાં (ભગવાન વેદમાં) છૂપાએલ છે એમ જાણીને સૂક્ષ્મ(છૂપાએલ ભગવાન)નાં દર્શન થાય તે માટે શુદ્ધ અંતઃકરણવાળા થાય છે. પછી પાંચ ભૂતોના બનેલા ઘડો વસ્ત્ર વિગેરે(પદાર્થો)માં આકાશ દેખાય છે તેમ (ભગવાન) છૂપાએલા હોવા છતાં (તેમને) શૂન્યની પેઠે સર્વ સ્થલે પ્રકાશતા જૂએ છે.

'ત્યારે તેઓ દેહમાં પ્રવેશ કરેલા જીવરૂપ તે(બ્રહ્મ)ને જોતા હશે' એવી શંકા થાય, તેથી '**केवलं**' 'જૂદા' વિશેષણ યોજેલું છે. (તેઓ ભગવાનને જૂદા જૂએ છે) પરંતુ દેહમાં પ્રવેશેલાને જોતા નથી. ૩૪

એવી રીતે ભગવાનના સ્વરૂપનું વર્ણન કરીને નીચેના બે શ્લોકથી (તેમનું) વિશ્વરૂપ કહેતાં એમ જણાવે છે કે પ્રમાણમાં જણાવેલા પ્રકારથી ઉલટું જ્ઞાન પ્રત્યક્ષથી થાય છે તે પ્રમાણથી વિરૂદ્ધ નથી.

नाभिर्नभोऽग्निर्मुखमम्बुरेतो द्यौः शीर्षमाशाश्रुतिरङ्घ्रिरुर्वी ॥
चन्द्रो मनो यस्य दृगर्क आत्मा अहं समुद्रो जठरं भुजेन्द्रः ॥३५॥
रोमाणि वृक्षौषधयोऽम्बुवाहाः केशा विरञ्च्यो धिषणा विसर्गः ॥
प्रजापतिर्हृदयं यस्य धर्मः स वै भवान् पुरुषो लोककल्पः ॥३६॥

આકાશ જેમની નાભિ છે, અગ્નિ જેમનું મુખ છે, જલ જેમનું વીર્ય છે, સ્વર્ગ જેમનું શિર છે, દિશાઓ જેમના કાન છે, પૃથ્વી જેમનું ચરણ છે, ચંદ્ર જેમનું મન છે, સૂર્ય જેમનું ચક્ષુ છે, અહંકાર જેમનો આત્મા છે, સમુદ્ર જેમનું જઠર છે ઇન્દ્ર જેમની ભુજા છે, વૃક્ષો અને ઓષધિઓ જેમનાં રૂંવાડાં છે, વાદળાંઓ જેમના કેશ છે,

બ્રહ્મા જેમની બુદ્ધિ છે, પ્રજાપતિ જેમની જનનેંદ્રિય છે, ધર્મ જેમનું હૃદય છે, તે લોક બનેલા પુરૂષ આપ જ છો. ૩૫-૩૬

આરંભમાં દૃષ્ટિ મધ્ય(ભાગ)માં પડે છે, તેથી તે (મધ્ય ભાગ) આકાશ ભગવાનના નાભિનું સ્થાન છે એમ કહે છે. પછી દૃષ્ટિ રૂપવાળી હોવાથી 'રૂપ અગ્નિમાં રહેલું છે'[1] એ વાક્ય પ્રમાણે 'અગ્નિ મુખ છે' એમ કહેલું છે. પછી રૂપના વિષયમાં સ્ત્રી મુખ્ય હોવાથી વિષય જણાવવા[2] જલ કહેલું છે, અથવા વાણીનો એક આધાર જીભ હોવાથી, તેના આધાર તરીકે* જલ કહેલું છે; અથવા સૃષ્ટિ-(રચના)ના ક્રમ પ્રમાણે ત્રણ† (પદાર્થ) ભેગા કરવામાં અગ્નિ પછી જલ (કહેલું) હોવાથી, 'ભગવાન વિશ્વના પિતા છે' એ વાક્ય પ્રમાણે ભગવાનના વીર્યરૂપ જલ જ (સૃષ્ટિનું) બીજ હોવાથી તે પ્રમાણે કહેલું છે.

પછી (૧) ઉપર (૨) બધી બાજુઓએ અને (૩) નીચે એવી રીતે ત્રણ પ્રકારે ભૂમિનું વર્ણન કરે છે. (૧) સ્વર્ગ શિર છે (૨) બધી બાજુઓએ દિશાઓ છે તે શ્રુતિઃ કાન છે (૩) ઉર્વી પૃથ્વી ચરણ છે બધે જાતિ (લેવા)ના વિચારથી અથવા માહાત્મ્ય જણાવવા એકવચન યોજેલું છે.

ઇંદ્રિયોનું પ્રકરણ હોવાથી ચંદ્ર વિગેરેનું નિરૂપણ કરે છે. આ ચંદ્ર જેમનું મન છે, સૂર્ય (જેમનું) ચક્ષુ છે, અહંકાર (જેમનો) આત્મા હૃદય છે, સમુદ્ર (જેમનું) જઠર છે, ઇંદ્ર (જેમની) ભુજાઓ છે, વૃક્ષો અને ઓષધિઓ (જેમનાં) રૂંવાડાં છે. રૂંવાડાંઓમાં સૂક્ષ્મ અને સ્થૂલનો ભેદ હોવાથી (ઓષધિઓ અને વૃક્ષો) બે કહેલાં છે. अम्बुवाहाः વાદળાંઓ ભગવાનના કેશો છે. જે કોઈ એકલા સર્વાત્મરૂપ કહેવા યોગ્ય છે, તેમનું એ પ્રમાણે વર્ણન કરેલું છે.

'વેદ જેનો આધાર છે તેવો ધર્મ છે' એ વાક્ય પ્રમાણે વેદરૂપ શંકરે તે (ભગવાન)ના ગુણોનું વર્ણન કરતાં,[3] પછી પ્રમેયના[4] સંબંધમાં સંશય થતાં, ભગવાનેજ પોતાનો સર્વના આત્મા હોવારૂપ (ગુણ) અક્રૂરને દેખાડ્યો. પછી ખોટી માન્યતા દૂર થાય તે માટે અહિં પ્રમાણ વેદ (શંકર) (તે ગુણ) જણાવે છે, તેથી

---

[1] રૂપ તેજની તન્માત્રા હોવાથી, (રૂપ અગ્નિમાં રહેલું છે), એવો ભાવ છે. (લે)

[2] વીર્યરૂપ જલનું નિરૂપણ વિષયનું નિરૂપણ કરવા કરેલું છે, એવો અર્થ છે. (લે)

* રસનો સ્વાદ જીભથી થઈ શકે છે. રસમાં મુખ્ય રસ મધુર રસ છે. તે મધુર રસ એકલો જલમાં રહેલો છે. 'તેના' એટલે 'જીભથી જેનો સ્વાદ લેવાય છે તે રસના' એવો અર્થ હોય તેમ જણાય છે.

† પૃથ્વી, અગ્નિ અને જલ એ ત્રણ પદાર્થો ભેગા કરવા તેને 'त्रिवृत्करणम्' કહેવાય છે.

[3] સદ્ધર્મનું નિરૂપણ કરનાર આઠમા સ્કંધમાં આ વર્ણન કરેલું છે. (લે)

[4] 'પ્રમેય' એટલે 'સ્વરૂપ' એવો અર્થ છે. (લે)

જે કહેવાનું છે તેનાં પ્રયોજનો જૂદાં હોવાથી પુનરૂક્તિ (તે જ વાત ફરી કહેવી તે) દોષ થતો નથી.

विरञ्च्यः બ્રહ્મા ભગવાનની ધિષણા બુદ્ધિ છે, ચાર મુખવાળા પ્રજાપતિ સારી રીતે સૃષ્ટિ જેને લીધે થાય છે તેવી (ભગવાનની) ગુહ્ય ઇંદ્રિય છે. ધર્મ જેમનું હૃદય છે. એ પ્રમાણે સર્વથી (ભગવાનનું) ઉત્તમપણું વર્ણવીને સર્વ સ્થલે સંબંધ લેવાય તે માટે; તેમજ આરંભમાં અને મધ્યમાં (કહેલા)ની[1] ઉપાસના કરવાની નથી એમ જણાવવા અને આધિદૈવિકપણું વિગેરેના ભેદ (આમાં) નથી એમ જણાવવા, અંતમાં જેમના સંબંધમાં આ કહેલું છે તેમને જણાવે છે. આવા પુરૂષ જે નારાયણ તે જ ભગવાન* (આપ) છો. ૩૫–૩૬

એવી રીતે (ભગવાન) વિશ્વરૂપવાળા છે એમ કહીને, નીચેના શ્લોકમાં તેવા-(ભગવાન)ને અવતાર લેવાનું પ્રયોજન કહે છે:—

तदावतारोऽयमकुण्ठधामन् धर्मस्य गुप्त्यै खलनिग्रहाय ॥
वयं च सर्वे भवतानुभाविता विभावयामो भुवनानि सप्त ॥३७॥

હે વૈકુંઠવાસી! આ આપનો અવતાર ધર્મનું રક્ષણ કરવા અને દુષ્ટોને દંડ આપવા માટે છે, અને આપથી અધિકાર પામેલા અમે બધા સાત ભુવનમાં અધિકાર ભોગવીએ છીએ. ૩૭

अकुण्ठः વૈકુંઠ (સ્થાન છે જેમનું તેવા, એ) સંબોધનથી સ્વરૂપથી ભ્રષ્ટ થએલ (અહિં) પધારેલા નથી એમ કહેલું છે. ‘આ આપનો અવતાર ધર્મનું રક્ષણ કરવા અને દુષ્ટોને દંડ આપવા માટે છે’. બંને પ્રયોજન માટે અવતાર (થએલો) છે (આથી) એમ કહેલું છે કે જ્યાં વિરોધ (જણાય) ત્યાં બંને (પ્રયોજન) સિદ્ધ થાય તેવી રીતે વિચાર કરવો યોગ્ય છે. મેં કહેલી[2] (બાણુની) ભુજાઓ ધર્મ છે, અને તે દુષ્ટ છે. બંનેનું અહિં સમાધાન કરવું જોઇએ.‡ ×‘ जगतो भवाय’ ‘જગતના ઉત્કર્ષ માટે’ એવો પાઠ હોય ત્યાં પણ (જગતના) ઉત્કર્ષ માટે

---

[1] આરંભમાં અને મધ્યમાં જે (આકાશ, ચંદ્ર, સૂર્ય વિગેરે) કહેલા છે તેમની ઉપાસના કરવાની નથી, અને (તે અને ભગવાન) આધિભૌતિક, આધ્યાત્મિક અથવા આધિદૈવિક છે એવો ભેદ નથી એમ જણાવવા એ પ્રમાણે જેમના સંબંધમાં આ કહેલું છે તે(ભગવાન)નો સંબંધ બધે લેવાય તે માટે અંતમાં તેમનું નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે. (લે)

* મૂળ શ્લોકમાં ‘**भवान्**’ શબ્દ છે. તેથી અહિં પણ ‘**भवान्**’ હોવું જોઇએ. ‘**ग**’ વધારે હોય તેમ જણાય છે.

[2] ‘મેં કહેલી’ એટલે મેં (શંકરે) વરદાનથી આપેલી ભુજાઓ, વેદરૂપ મેં આપેલી હોવાથી ધર્મરૂપ છે, એવો ભાવ છે. (લે)

‡ ધર્મરૂપ ભુજાઓ રહેવી જોઇએ અને દુષ્ટપણાનો નાશ થવો જોઇએ, એવો અર્થ

આ (બાણ) હણવા યોગ્ય છે એમ સિદ્ધ થાય છે, અથવા જે ગુણથી (જગતનો), ઉત્કર્ષ થાય (તે કરવો), કારણ કે પહેલાં દૈત્ય અંશનો નાશ કરવાથી તેમ (જગતનો ઉત્કર્ષ થાય) છે.×

'પ્રમાણ (વેદરૂપ) બનેલ પણ તમે (શંકર) પક્ષપાતથી (દૈત્ય ઉપર કૃપા) કરવાથી અપ્રમાણ થયા છો' એવી શંકા ઉત્તરાર્ધથી દૂર કરે છે. અને બધા વિષયોમાં આપથી જ અધિકાર પ્રાપ્ત કરેલા, તેવી શ્રદ્ધાથી પ્રેરાએલા અથવા સંસ્કાર પામેલા અમે સાત ભુવનમાં અધિકાર ભોગવીએ છીએ. 'અમે' એટલે તત્ત્વોમાં રહેલા દેવો અથવા બ્રહ્માંડના દેવો. જ્યારે બધાએ સ્થલમાં અમે આપની સત્તાથી સ્વીકારાએલા છીએ,* ત્યારે આ વિષયમાં*જ (તેમ હોવામાં) શું સંદેહ હોય? (શંકર) માત્ર તામસ ભાવવાળા છે એવો મત આથી ખોટો ઠરાવેલ છે. નીચેના સાત ભુવનોમાં તેમનો અધિકાર સિદ્ધ થએલો હોવાથી[1] ઉપરના જ સાત ભુવનો જણાવેલાં છે. ૩૭.

'છતાં પણ આ ભવિષ્યમાં મારો અપકાર કરશે, તેથી મારે હણવા યોગ્ય છે, તેથી આની પાસે સત્તા રહે તે યોગ્ય નથી' એવી શંકા થાય; તેથી નીચેનો શ્લોક કહે છે:—

त्वमेक आद्यः पुरुषोऽद्वितीयस्तुर्यः स्वदृग्धेतुरहेतुरीश्वरः ॥
प्रतीयसेऽथापि यथाविकारं स्वमायया सर्वगुणप्रसिद्ध्यै ॥३८॥

આપ એક, આદ્ય, પુરૂષ, એકલા, સમાધિમાં પ્રાપ્ત થતા, પોતામાં દષ્ટિવાળા, (મોક્ષના) કારણરૂપ, કારણ વિનાના, ઈશ્વર છો. છતાં પણ (આપના) બધા ગુણો પ્રસિદ્ધ થાય તે માટે પોતાની માયાથી વિકાર પ્રમાણે દેખાઓ છો. ૩૮.

જો કે આપ સર્વ સ્થલે એક જ છો અને પૂર્ણ ગુણવાળા છો, છતાં પણ ઘડો વસ્ત્ર વિગેરે (જેવાં) પણ જેટલાં રૂપો (પદાર્થો) જગતમાં પ્રસિદ્ધ છે તેમનાં કારણનો વિચાર કરતાં, આપ જ પોતાના જૂદા જૂદા ગુણનું મુખ્ય રીતે ગ્રહણ કરીને તેવા (તે પદાર્થરૂપ) થએલા છો એમ માનવું જોઇએ. તે પ્રમાણે હોવાથી,

---

જણાય છે...× આ ભાગ શ્રીસુબોધિનીમાં આ નીચે જણાવેલી શંકા પછી લખેલ છે; પરંતુ આ તેનું યોગ્ય સ્થાન જણાવાથી અહિ મૂકેલ છે.

*બધા વિષયોમાં આપની સત્તાથી જ અમારો અધિકાર ચાલે છે તો આ બાણના ઉપર કૃપા કરેલી તે પણ આપની સત્તાથી જ થઇ શકેલી, એવો ભાવાર્થ જણાય છે.

[1] 'નીચેના સાત ભુવનો.' એવો અર્થ લેવામાં આવે તો આપથી 'અધિકાર પ્રાપ્ત કરેલા' એ વિશેષણ નકામું થાય, કારણ કે તામસપણાને લીધે નીચેના ભુવનોમાં તેમનો પોતાનો જ અધિકાર હોવાનું સંભવે (છે). નીચેના ભુવનોમાં તેઓનો અધિકાર ચાલે છે એમ (લોકમાં) પ્રસિદ્ધ હોવાથી, ઉપરના સાત ભુવનો જ જણાવેલાં છે, એમ જણાય છે.

(આપના) જે ગુણથી એક હજાર ભુજાઓવાળો બાણ થયો, તેજ ગુણ (બાણનું) કારણ બનેલો માનવો જોઇએ, તેથી તે પ્રમાણે જ કરવું યોગ્ય છે. અમે સર્વ સ્થલે ભેદ જોઇએ છીએ છતાં પણ આપ એકજ[૧] છો; કારણ કે લીંબડો માનીને ખાધેલી સાકર કડવી (લાગતી) નથી.

‘ આદ્ય ’ વિશેષણથી તે(ભગવાન)નું એક (હોવા)પણું સિદ્ધ કરે છે. જેમ એકજ ચોખા(નો દાણો) અંકુર વિગેરે સ્થિતિથી (સ્થિતિ પ્રાપ્ત કરીને) એક હજાર ચોખા(ના દાણા) થાય છે, તેવી રીતે એક જ ભગવાન ચોખા(ના દાણા)ની પેઠે જૂદા જૂદા પદાર્થોની ઉત્પત્તિ કરવા માટે ‘આદ્યઃ’ પ્રથમ કારણ બનેલા છે.

‘(ભગવાન તો) આકાર વિનાના છે.’ એવી શંકા થાય, તેથી કારણ(બનેલ ભગવાન)નાં બીજરૂપ સ્વરૂપનું વર્ણન ‘ પુરૂષ ’ શબ્દથી કરેલું છે. તે ‘ (પુરૂષ)ને કારણ બનવામાં સ્ત્રીની જરૂર રહે છે ’ એવી શંકા થાય, તેથી ‘ એકલા ’ વિશેષણ યોજેલું છે. ચિંતામણિ(થી પદાર્થો ઉત્પન્ન થાય છે તે)ની પેઠે કાર્ય અને કારણનું જૂદાપણું[૨] અને કાર્યો જૂદાં જૂદાં હોવાપણું જાણવાં. તે (કાર્યોનું) ઉપાદાન (કારણ) હોવાનું, વિકાર વિનાનો હોવાનું અને નિમિત્ત (કારણ) હોવાનું પહેલાં સિદ્ધ કરેલું છે. તેથીજ[૩] જગત ઉપાસના કરવા યોગ્ય નથી એમ પણ સિદ્ધ થયું; અને જગત બ્રહ્મ (રૂપ) હોવાનું (કારણ)[૪] તે(બ્રહ્મ)માંથી ઉત્પત્તિ લય અને સ્થિતિ થતાં હોવાનું જણાએલું છે. (જગતની) સ્થિતિ અને પ્રલય બીજામાં થતાં નથી એ તો માત્ર ઉદાહરણ (કહેલું)* છે. ઘણાં દૃષ્ટાંતો† એકઠાં મળી ‘ ભગવાન સર્વથી જૂદા પ્રકારના છે ’ એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે તેથી, (બ્રહ્મજ્ઞાનનો) માત્ર તર્કજ આધાર હોય તો (તે જ્ઞાન) સત્ય ન ગણાય તેથી, અને દૃષ્ટાંત† નહિ હોવાથી બ્રહ્મ માત્ર વેદથી જ જણાય તેવું જ સિદ્ધ થએલું છે. (જગત્) અમુક સમય સુધી જ રહેનારૂં હોય તો પણ ભગવાન જ (તેનું) કારણ છે. બીજાને કારણ કલ્પવામાં જે તર્ક (કરવામાં આવે), તે ભગવાનમાં જ યોજવો, કારણ કે ભગવાન સર્વ શક્તિવાળા

---

૧ ‘ આપ એકજ છો ’ એટલે ભગવાન સર્વ સ્થલે એકરૂપ હોવાથી, ‘ અહિં પ્રભાવ રાખવો યોગ્ય છે, અહિં યોગ્ય નથી ’ એવો (તેમનામાં) ભેદ નથી. (લે)

૨ કાર્ય જડ અને ઉપાદાન (કારણ) ચેતન હોય એવો ભેદ. (લે)

૩ ‘ તેથીજ ’ એટલે ચિંતામણિમાંથી બનાવેલા પદાર્થોની ફલ આપનાર તરીકે ઉપાસના થતી નથી, પરંતુ ફલ આપનાર તરીકે ચિંતામણિનીજ ઉપાસના કરવામાં આવે છે, એ દૃષ્ટાંતને લીધે. (લે)

૪ અહિં ‘ કારણ ’ શબ્દ અધ્યાહાર છે. (લે)

* કારણ કે ઉત્પત્તિ પણ બીજામાંથી થતી નથી, પરંતુ બ્રહ્મમાંથી જ થાય છે.

† ઉપર ‘ ઘણાં દૃષ્ટાંતો ’ કહ્યાં તે અમુક અંશમાં જ લાગુ પડે તેવાં દૃષ્ટાંતો કહ્યાં. બ્રહ્મને સંપૂર્ણ રીતે લાગુ પડે તેવું કોઇ દૃષ્ટાંત છે જ નહિ.

છે. જૂદાં જૂદાં ઉપાદાન[1] હોય ત્યારે જેમ વિરોધ કાઢી નાખવામાં આવે છે તે પ્રમાણે એક ઉપાદાન હોય ત્યારે પણ (કરવું). તર્કની જરૂર હોય ત્યારે પણ જેમ પાંદડાં કાષ્ઠ સુંદર પુષ્પ અને ફલોનું કારણ (તે) સર્વથી જૂદું બીજ એકલું જ જોવામાં આવતું હોવાથી, તેજ સાક્ષાત્ અથવા પરંપરાથી (તે સર્વનું) કારણ હોવાનો નિર્ણય થાય છે, તે પ્રમાણે વેદમાં (બ્રહ્મને જગતનું કારણ) કહેલ હોવાથી બ્રહ્મને પણ (જગતનું કારણ) જાણવું, કારણ કે વેદ પ્રમાણ હોવાનો નિર્ણય થઈ ગએલ છે. તેમ થતાં શ્રુતિ સત્ય ઠરશે (અને તર્કથી તેને) પુષ્ટિ મળશે, અને વૈદિક અર્થ પણ પ્રત્યક્ષ અનુમાન વિગેરેથી જ સિદ્ધ થતો હોય તો (શ્રુતિ) વ્યર્થ થાય. સંકેત* તો વિચાર કરનારાઓના સ્વીકારવાથી જ (થાય છે), તેમ ન હોય તો જૂદા જૂદા મતમાં અલૌકિક પદાર્થો જણાવનાર ‘આત્મા’ વિગેરે શબ્દોનો સંકેત અસંભવિત થાય, તેથી મૂળ પુરૂષ એકલા જ જગતનું કારણ છે.

એવી રીતે ભગવાન જગતનું કારણ છે એમ સિદ્ધ કરીને, તેમાં કાર્ય તરીકે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય જ સિદ્ધ થએલા હોવાથી, ભગવાન્ મોક્ષ પ્રાપ્ત કરાવનારા છે એમ કહેતાં ‘સમાધિમાં પ્રાપ્ત થતા’ શબ્દથી બીજું વિશેષણ કહે છે. જેમ જાગતાંની અવસ્થા, સ્વપ્ન અને સુષુપ્તિ સ્થિતિ ઉત્પત્તિ અને પ્રલય જણાવનારી છે એ પ્રમાણે ચોથી (સમાધિની) અવસ્થા પણ મોક્ષ જણાવનારી છે, કારણ કે તેની અંદર પ્રકટ થએલા ભગવાન મોક્ષ આપનારા છે. ‘પોતામાં દ્રષ્ટિવાળા’ વિશેષણથી તેમનો મોક્ષનું દાન કરવાનો પ્રકાર કહેલો છે. (તેનો અર્થ) એવો છે કે જેમ એકલા પુરૂષ જગતનું કારણ થાય છે તેમ ‘સ્વદ્દક્’ પોતાની અંદર જ દૃષ્ટિવાળા, એટલે પોતાના અનુભવથી પ્રસન્ન રહેનારા મોક્ષના કારણરૂપ છે.

‘(એવા) પોતાનો મોક્ષ જ પ્રાપ્ત કરે, પરંતુ બીજા ઉપાસના કરનારાઓને (મોક્ષ પ્રાપ્ત) ન કરાવે’. એવી શંકા થાય, તેથી ‘(મોક્ષના) કારણરૂપ’ શબ્દ યોજેલ છે બીજાઓને પણ મોક્ષ (પ્રાપ્ત કરાવવા)માં, પોતાની અંદર દૃષ્ટિવાળા થવામાં અને ચોથી અવસ્થા (સમાધિ) (પ્રાપ્ત કરાવવા)માં તે(ભગવાન)જ કારણરૂપ છે.

‘ત્યારે અમે વિગેરે બીજાઓના પોતે (કારણરૂપ) છે તેમ (તેમનું) પોતાનું (કારણ) તેમનો પણ આધાર બનેલ કોઈક હશે’ એવી શંકા થાય, તેથી ‘કારણ વિનાના’ વિશેષણ યોજેલું છે. કોઈ પણ તેમનું કારણ નથી.

‘જેમ ભગવાન પોતાની ઈચ્છાથી સર્વ થાય છે એમ કહેવામાં આવે છે, તેમ બધાએ (પોતાની ઈચ્છાથી) સર્વ ભલે થાય, અને શ્રુતિ (ભગવાનમાં અને બીજામાં) ભેદ નથી એમ કહે છે’ એવી શંકા થાય, તેથી ‘ઈશ્વર’ શબ્દ યોજેલો

---

[1] ‘અધિકરણ’ એટલે ‘ઉપાદાન’. (લે)

* ‘સંકેત’ એટલે અમુક શબ્દનો અર્થ જાણવો, એવી સમજુતી.

છે, કારણ કે તે (ભગવાન) સર્વ (થવા) શક્તિવાળા હોવા છતાં પોતાની મેળે તેવીજ રીતે આધાર બનેલા છે. કાર્યરૂપવાળા (કાર્યનાં રૂપો) તો પોતામાંથી જ થાય છે, કારણ કે (તેમનામાં) સર્વ (થવાની) શક્તિ છે અને ઈશ્વરની ઈચ્છાને રોકી શકાતી નથી. એવી રીતે (ભગવાનનાં) સર્વ (થવાની) શક્તિ, અલૌકિકપણું, દોષ વિનાનો અને પૂર્ણગુણવાળો દેહ સિદ્ધ કરીને (એમ કહે છે કે), આપ સર્વ સ્થલે પૂર્ણગુણવાળા હોવા છતાં શેરડી, દુધ, ખાટું ખારૂં વિગેરે વિકારોનું ઉલ્લંઘન કર્યા વિના વિકાર પ્રમાણે દેખાઓ છો. સર્વરૂપથી (આપ) ન દેખાઓ તેવી વ્યવસ્થા કરનારી ભગવાનની માયા જ છે.

તે (ભગવાનની માયા) સ્વતંત્ર અથવા અસ્વતંત્ર હોવાથી તે દોષ પાછો તે સ્થિતિમાં રહે છે, એવી શંકા થાય, તેથી ‘બધા ગુણો પ્રસિદ્ધ થાય તે માટે’ શબ્દ યોજેલ છે. તેમ ન હોય તો ભગવાનના બધા ગુણો જૂદા જૂદા પ્રસિદ્ધ ન થાય. જેમ હરડે છ રસોવાળી હોવા છતાં પણ રસ વિનાની જ છે, કારણ કે સર્વથી જૂદો કોઈ પણ રસ કુદરતથી (તેમાં) દેખાતો નથી, તેવીજ રીતે ભગવાન સર્વ સ્થલે સર્વ ગુણો પ્રકટ કરે તો ખિચડા જેવા દેખાય. તેથી (ભગવાન) સર્વ સ્થલે પૂર્ણ ગુણવાળા હોવા છતાં ભગવાનની ઈચ્છારૂપ માયાને લીધે વિકાર પ્રમાણે દેખાય છે. તેજ પ્રમાણે લીલામાં માત્ર યાદવપણું પ્રકટ કરવા પ્રકટ થએલા (આપે) બીજા ગુણો પ્રકટ ન કર્યા. તેથી હું (શંકર) વિગેરેને પણ (આપનું) જ્ઞાન થયું નહિ, એવો ભાવ છે. ૩૮

‘કારણમાંથી કાર્યની ઉત્પત્તિ થાય છે ત્યાં સર્વ સ્થલે કારણ પ્રત્યક્ષ જોવામાં આવે છે, કારણ કે પ્રત્યક્ષ ન હોય તેવી માટી વિગેરેમાંથી ઘડા વિગેરેની ઉત્પતિ થતી નથી. તે પ્રમાણે (બ્રહ્મમાંથી) પદાર્થ ઉત્પન્ન થાય ત્યારે (તે પદાર્થોના) કારણ તરીકે બ્રહ્મ દેખાવું જોઈએ. તે (દેખાતું) નહિ હોવાથી (બ્રહ્મ પદાર્થોનું કારણ થાય તેમાં) પ્રત્યક્ષનો વિરોધ (થતો) હોવાથી (બ્રહ્મ) કારણ કેમ હોઈ શકે?’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

यथैव सूर्यः पिहितश्छायया स्वया छायां च रूपाणि च सञ्चकासति ॥
एवं गुणेनापिहितो गुणांस्त्वमात्मप्रदीपो गुणिनश्च भूमन् ॥३९॥

હે ભૂમન્! અને જેમ સૂર્ય પોતાની છાયાથી ઢંકાઈ છાયાને અને રૂપોને પ્રકાશે છે તેમજ પોતાથી પ્રકાશનાર આપ ગુણોથી સંપૂર્ણ રીતે ઢંકાઈ ગુણોને અને ગુણવાળાઓને (પ્રકાશો છો). ૩૯.

‘વાદળાંઓ સૂર્યથી ઉત્પન્ન થએલા છે’ એ શ્રુતિ પ્રમાણે (અને) ‘જ્યારે સૂર્ય કિરણો વડે તપે છે, (ત્યારે) તેમનાથી (કિરણોને લીધે) વરસાદ વરસે છે’ એ શ્રુતિ પ્રમાણે સૂર્ય જ વરસાદ છે. તેમ ન હોય તો (સૂર્ય) ઉત્પત્તિ કરાવનાર

ન હોય. તેથી સૂર્યમાંથી ઉત્પન્ન થએલા હોવા છતાં જેમ વાદળાંઓ સૂર્યને ઢાંકી દેનારો થાય છે, એવી રીતે જગત્ પણ ભગવાનમાંથી ઉત્પન્ન થએલું હોવા છતાં ભગવાનને ઢાંકી દેનારૂ છે. જેમ (સૂર્ય) પોતે ન દેખાવા* છતાં તે વાદળાંઓને, વાદળાંઓમાં ઉત્પન્ન થતા વરસાદને, તેની પણ નીચે (રહેલી) ભૂમિને અને ભૂમિ ઉપર રહેલા પદાર્થોને પ્રકાશે છે, એવી રીતે સર્વનું કારણ બનેલા ભગવાન જ સર્વ સ્થલે સર્વ(પદાર્થો)ને પ્રકાશનારા હોવાથી કાંઇ પણ અયોગ્યતા નથી. 'છાયાથી' એટલે 'વાદળાંઓથી.' 'च' 'અને' શબ્દ હોવાથી તે (વાદળાં)નું કાર્ય વરસાદ (કહેલ છે). 'પોતાની' શબ્દથી (એમ કહેલું છે કે) વાદળાંઓ (સૂર્યથી) જૂદાં નથી. 'રૂપોને' એટલે ઘડો વિગેરે (પદાર્થો)ને, (અને) 'च' 'અને' શબ્દ હોવાથી તે(પદાર્થો)થી થતી લૌકિક અને વૈદિક ક્રિયાને પણ પ્રકાશે છે. એવી રીતે (ભગવાન) પોતે જ તેવા (ગુણ) થએલા ગુણથી आपिहितः સંપૂર્ણ રીતે ઢંકાએલા હોવા છતાં (પદાર્થોના) કારણ બનેલા ગુણોને અને ગુણવાળાઓને એટલે કાર્યોને પ્રકાશે છે અને પોતાથી પ્રકાશનાર હોય છે. 'હે ભૂમન્!' એ સંબોધન, ભગવાનમાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે એમ જણાવવા (કરેલું છે). ૩૯.

નીચેના શ્લોકમાં ભગવાન (જગતનું) કારણ હોવાનું બીજું કારણ[1] કહે છે:—

यन्मायामोहितधियः पुत्रदारगृहादिषु ।।
उन्मज्जन्ति निमज्जन्ति प्रसक्ता वृजिनार्णवे ।।४०।।

જેમની માયાથી મોહ પામેલી બુદ્ધિવાળાઓ દુઃખરૂપ સમુદ્રમાં આસક્ત થઇ પુત્ર સ્ત્રી ઘર વિગેરેમાં જન્મે છે અને મરણ પામે છે. ૪૦.

વિવેકવાળા[2] હોવા છતાં વિષયો દુઃખ આપનારા છે એમ જોઇને પણ તેઓમાં[3] જ આસક્ત થાય છે. લૌકિકમાં ઇષ્ટ (પદાર્થો) પ્રાપ્ત કરાવનાર હોવાપણું (પ્રવૃત્તિ થવાનું) કારણ હોવાથી, તે[4] ન હોવા છતાં પણ તે(પુત્ર વિગેરે વિષયો)માં પ્રવૃત્તિ થાય છે તે અવશ્ય (એવી પ્રવૃત્તિનું) બીજું કારણ હોવાનું સૂચવે છે.

---

* વાદળાંઓથી ઢંકાએલ હોવાથી સૂર્ય પોતે દેખાતો નથી છતાં, એવો અર્થ છે.

[1] પુત્ર વિગેરેમાં પ્રવૃત્તિ થવી એ ભગવાન (જગતનું) કારણ હોવાનું બીજું કારણ છે. ભગવાન જ પોતાની શક્તિ માયાથી પુત્ર વિગેરેમાં પ્રવૃત્તિ કરાવે છે એવો અર્થ છે. (લે)

[2] 'આ ઇષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવનારી છે એવું જ્ઞાન જ (પ્રવૃત્તિ થવાનું) કારણ છે, ભગવાન કારણ નથી,' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (લે)

[3] 'તેઓમાં જ' એટલે 'પુત્ર વિગેરે વિષયોમાં જ.' (લે)

[4] 'તે' એટલે 'ઇષ્ટ (પદાર્થો) પ્રાપ્ત કરાવનાર હોવાપણું.' પુત્ર વિગેરેમાં પ્રવૃત્તિ ઇષ્ટ (પદાર્થ) પ્રાપ્ત કરાવનારી ન હોવા છતાં તેવી પ્રવૃત્તિ થાય છે, તેથી તેવી પ્રવૃત્તિ પોતાનું બીજું કારણ હોવાનું એટલે ભગવાન તેવી પ્રવૃત્તિ થવાનું કારણ હોવાનું સૂચવે છે, એવો અર્થ છે. (લે)

[1]‘દિશાઓનો ગુંચવાડો વિગેરેમાં જોવામાં આવે છે કે પ્રત્યક્ષમાં થએલ ભ્રમ ઉત્તમ જ્ઞાનવાળા પ્રત્યક્ષથી જ[2] દૂર થાય છે,[1] એવી શંકા થાય, તેથી ‘દુઃખરૂપ સમુદ્રમાં આસક્ત થઈ’ શબ્દો યોજેલા છે. તે(વિષયો)માં રહેલા દોષો જોઇને પણ, દુઃખનો અનુભવ કરીને પણ, પુત્ર સ્ત્રી અને ઘરમાં उन्मज्जन्ति ઉત્પન્ન થાય છે (અને) ‘અંત સમયે જેવી મતિ (હોય) તેવી ગતિ થાય છે’ એ વાક્ય પ્રમાણે તેઓમાં જ આસક્ત રહીને निमज्जन्ति; જીવતાં સુધી આસક્તિને લીધે તેઓમાં જ રહીને, તેઓમાં જ મરણ પામે છે.[3] ‘પ્રજા પછી ઉત્પન્ન થાય છે’ એ વાક્ય પ્રમાણે પુત્રથી ઉત્પન્ન થાય છે અને કોઈ પ્રસંગે પુત્રને માટે જ મરણ પામે છે તેવીજ રીતે પત્નીમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, અને પત્ની માટે મરણ પામે છે. ઘરમાં પણ ઉત્પત્તિ અને મરણ (થવાનું) પ્રસિદ્ધ છે. ‘વિગેરે’ શબ્દથી ઘોડા ગધેડા વિગેરેમાં પણ (જન્મે છે અને મરણ પામે છે એમ કહેલું છે). ‘અંત સમયે જેવી મતિ (હોય) તેવી ગતિ થાય છે’ એ વાક્ય પ્રમાણે જડભરતની પેઠે તે(વી યોનિ)માં પણ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. તેથી જેનું પ્રત્યક્ષ અને શાસ્ત્રોથી પણ ઉલ્લંઘન થઈ શકે નહિ તેવી કોઈક ભગવાનની શક્તિ જ એવા પ્રકારના મહામોહનું કારણ (છે એમ) સ્વીકારવું જોઇએ. ૪૦

હવે જેઓ ઉપર ભગવાનની અર્ધ કૃપા છે તેઓ માટે શોક દર્શાવતાં નીચેનો શ્લોક કહે છે:—

देवदत्तमिमं लब्ध्वा नृलोके अजितेन्द्रियः ॥
यो नाद्रियेत त्वत्पादौ स शोच्यो ह्यात्मवञ्चकः ॥४१॥

દેવે આપેલ આ પ્રાપ્ત કરીને, મનુષ્યલોકમાં ઇન્દ્રિયોને નહિ જીતનાર જે આપના ચરણોનો આદર કરતો નથી તે શોક કરવા યોગ્ય છે, કારણ કે પોતાને ઠગનારો છે. ૪૧

૧...૧ (પુષ્ટી લાગતી જણાય છે તેવું) ભ્રમરૂપ જ્ઞાન ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવનારું ન હોવા છતાં રહે છે જ અને તેથી પ્રવૃત્તિ થાય છે. ભ્રમ દૂર કરનારું ઉત્તમ જ્ઞાન હોવાથી તેવું જ્ઞાન થતાં એવી પ્રવૃત્તિ અટકે છે, તેથી (આ પ્રવૃત્તિ) ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવનારી છે એવું જ્ઞાન જ (પ્રવૃત્તિનું) કારણ છે, પરંતુ ભગવાન તેનું કારણ નથી, એવી આ શંકા છે.

૨ પ્રત્યક્ષથી જ ભ્રમ દૂર થાય છે, પરંતુ તે દૂર થવા કોઈ અલૌકિક (પદાર્થ)ની જરૂર નથી એમ જણાવવા ‘एव’ ‘જ’ શબ્દ યોજેલ છે, તેથી ભ્રમ દૂર થવામાં પણ ભગવાન કારણરૂપ નથી એવો અર્થ છે. (ક્ષે)

૩ ‘આ પ્રવૃત્તિ ઈષ્ટ પ્રાપ્ત કરાવનારી છે’ એવું ભ્રમવાળું જ્ઞાન ન હોવા છતાં, પ્રવૃત્તિ થાય છે એમ કહે છે. (તેવું જ્ઞાન પ્રવૃત્તિ થવાનું કારણ નથી પરંતુ ભગવાન જ કારણ છે એમ સિદ્ધ થાય છે). (ક્ષે)

ભગવાને જેને વિવેક ઈંદ્રિયો વિગેરેવાળું શરીર આપેલું છે, તે અર્ધ કૃપાવાળો પણ જો પૂરી (કૃપા) માટે પ્રયત્ન ન કરે તો તે મોહ પામેલાઓએ પણ શોક કરવા યોગ્ય થાય છે. હવે એટલે ભગવાને (આવું શરીર તેને) આપેલું, કારણ કે ભગવાનની ઈચ્છાથી જ તે મનુષ્યલોકમાં મનુષ્યના દેહમાં આવેલો છે.

'ત્યારે (તે ભગવાનનો) અનાદર કરે છે તેનું શું કારણ?' એવી શંકા થાય, તેથી 'ઈંદ્રિયોને નહિ જીતનાર' શબ્દ યોજેલ છે. ઈંદ્રિયો ઉપર જય (મેળવેલો) નહિ હોવાથી, ઈંદ્રિયોથી ઢસડાએલો તે બીજે જાય છે. તેથી (ભગવાનની) સેવા કરતો નથી. 'ત્યારે તેનો શું દોષ?' એવી શંકા થાય, તેથી 'આદર કરતો નથી' શબ્દો યોજેલા છે. (ભગવાનના ચરણોનો) આદર પણ કરતો નથી (એ દોષ છે), કારણ કે તે(ચરણો)માં આસક્તિ નિયમમાં રાખનારી છે. તેમ ન કરે (ભગવાનના ચરણોમાં આસક્તિ ન રાખે) તો હતું તે સાધનનો પણ તે નાશ કરે છે, તેથી તે શોક કરવા યોગ્ય થાય છે, અને પોતાને ઠગનારો થાય છે. 'હિ' 'કારણ કે' શબ્દથી સૂચવેલો તર્ક (પોતાને ઠગનારો શબ્દથી) કહેલો છે. 'બીજાને માટે[1] તે તેમ કરે છે' એવી શંકા કરીને, તેવું નથી[2] એમ જણાવવા 'પોતાને જ ઠગનારો થાય છે' શબ્દોથી (એ શંકાનો) નિરાસ કરે છે.[2] (બીજા ઉપર કરેલો) ઉપકાર તો પરિણામનો વિચાર કરતાં પોતાને જ ફલ આપનાર થતો હોવાથી, જ્યાં પોતે ઠગાતો ન હોય ત્યાં જ બીજાને-માટે (કાર્ય) કરવું યોગ્ય* છે તેમ ન હોય તો તે પોતે જ પોતાનો ઘાત કરનારો થાય. તેવાએ કરેલા ઉપકારથી શું વળે? ૪૧

ભગવાનને જેણે પ્રાપ્ત કરેલ નથી તેવાની નિંદા કરી નીચેના શ્લોકમાં જે ભગવાનને પ્રાપ્ત કરીને પણ તજે છે તેની નિંદા કરે છે. ભગવાનની ઈચ્છારૂપ માયાની પ્રશંસા કરવા (તેમ કરે છે, કારણ કે) તે માટે તેમ કરતા ન હોય તો જૂદા અર્થવાળું[3] વાક્ય થાય.

यस्त्वां विसृजते मर्त्य आत्मानं प्रियमीश्वरम् ॥
विपर्ययेन्द्रियार्थार्थं विषमत्त्यमृतं त्यजन् ४२॥

---

[1] ઈંદ્રિયોના હિત માટે તે તેમ કરે છે, અને તે પ્રમાણે બીજાનું હિત કરવું તે ગૌણ જ છે, એવો અર્થ છે. (લે) 'બીજાને માટે' એટલે સ્ત્રી પુત્ર વિગેરે માટે.

[2] એમ ન કરે તે માટે આવી રીતે બીજાનું હિત કરવા યોગ્ય નથી એમ જણાવે છે. (લે)

* બીજાના ઉપર ઉપકાર કરવામાં આવે તે (શુભ) કાર્યનું ફલ પોતાને જ મળે છે. તેથી જે કાર્યથી પોતાનો ઘાત અથવા પોતાનું ઘણું અહિત થતું ન હોય તેવી રીતેજ પરોપકાર કરવો યોગ્ય છે. જે કાર્યથી પોતાનો ઘાત થાય અને તે બીજા માટે કરેલ હોવાથી પરોપકારનું થોડું ફલ પ્રાપ્ત થાય તેવું કાર્ય કરવું યોગ્ય નથી; એવો અર્થ જણાય છે.

[3] આ શ્લોકનું તાત્પર્ય (માયાની પ્રશંસા કરવાનું ન હોય અને માત્ર મૂર્ખની) નિંદા કરવાનું હોય તો પાછલ ૩૪ મા શ્લોકના આભાસમાં બારે શ્લોકોનો અર્થ સ્તુતિ છે એમ કહેલ ૭ ૮. ખોટો ઠરે, એવો અર્થ છે.

આત્મા પ્રિય અને ઇશ્વર એવા આપનો. (તેમનાથી) વિરૂદ્ધ ગુણવાળા ઇંદ્રિયોને બહેંકાવનારા પદાર્થો માટે જે મર્ત્ય ત્યાગ કરે છે તે અમૃતને તજી વિષનું ભક્ષણ કરે છે. ૪૨.

(૧) '(ભગવાનનું) પ્રયોજન નથી' એવી શંકા થાય, તેથી 'મર્ત્ય' શબ્દ યોજેલ છે. (માણસ) મરણ (પામવા)ના ગુણવાળો છે. (૨) (ભગવાનની) જરૂર છે એમ જણાવવા 'આત્મા' શબ્દ યોજેલો છે. (૩) (વળી ભગવાન) 'પ્રિય' જેમના ઉપર પ્રીતિ થાય તેવા છે. (તેમની) જરૂર ન હોય તો પણ પ્રીતિને લીધે (તેમનો) આદર કરવામાં આવે છે. તેમાં પણ (તે) ઇશ્વર છે, એટલે તેમ (આદર કરવામાં ન આવે તો હણનારા છે. એવી રીતે ત્રણ પ્રકારે વાસ્તવિક રીતે બહારના અને અંદરના વ્યવહાર પ્રમાણે જરૂરી (ભગવાન)ને विसृजते તજે છે, અને તેમાં પણ 'विपर्ययेन्द्रियार्थार्थम' (તેમનાથી) વિરૂદ્ધ ગુણવાળા એટલે જે આત્મા નથી, પ્રિય નથી અને ઇશ્વર નથી તેવા છે અને ઇંદ્રિયોને બહેંકાવનારા છે તેવા રૂપ વિગેરે પદાર્થો (માટે તજે છે તેઓ અમૃત તજી વિષનું ભક્ષણ કરે છે), કારણ કે નદી તરવાની ઇચ્છાવાળો કોઈ પણ નૌકા આપી દઇને અથવા નૌકાનો ત્યાગ કરીને પથ્થર ગ્રહણ કરતો નથી; અથવા પથ્થર માટે જ નૌકાનો ત્યાગ કરતો નથી. 'અમૃતને તજી વિષનું ભક્ષણ કરે છે' શબ્દોથી તે(મ કરવા)નું ફલ કહે છે. મરવા પડેલો જેમ અમૃત પ્રાપ્ત કરી તે આપી દઇને વિષ લઈ તેનું ભક્ષણ કરે, તેની જે સ્થિતિ થાય, તેવી આની પણ (સ્થિતિ થાય છે), એવો ભાવ છે. ૪૨

તેવી આપ (શંકર) વિગેરેની (સ્થિતિ) છે એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:—

अहं ब्रह्माथ विबुधा मुनयश्चामलाशयाः ॥
सर्वात्मना प्रपन्नास्त्वामात्मानं प्रेष्ठमीश्वरम् ॥४३॥

હું બ્રહ્મા અને દેવો તથા શુદ્ધ અંતઃકરણવાળા મુનિઓ આત્મા સર્વથી પ્રિય અને ઇશ્વર (એવા) આપના સંપૂર્ણ રીતે ભક્તો છીએ. ૪૩.

જેમ બીજા અર્ધ કૃપાવાળા ભૂલેલા છે, અથવા જેમ (ભગવાનને) પ્રાપ્ત કરીને પણ વિષયોમાં આસક્ત રહેનારા (ભૂલેલા છે), તેવી રીતે અમે (ભૂલેલા) નથી, પરંતુ અમે જૂદા પ્રકારથી રહેલા છીએ. ભગવાન સાત્વિક[1] હોવાથી (૧) આરંભમાં 'હું' રૂદ્ર અને 'બ્રહ્મા' શબ્દોથી (તેમના) જેવા બીજા બે કહે છે. (૨) પછી (તેમનાથી) હલકા (તેમને) વશ રહેનારા 'દેવો' કહે છે. અધિકારીઓને કહીને (૩) 'તથા મુનિઓ' શબ્દથી જ્ઞાનમાં આસક્તિવાળા કહે છે. તેમને

---

[1] સાત્વિક કલ્પમાં ભગવાન વિષ્ણુરૂપ થઇ કાર્ય કરે છે. તેથી અહિ ભગવાન વિષ્ણુરૂપ હોવાથી સાત્વિક છે, એવો અર્થ છે. (છે)

જૂદા કહેવાનું કારણ 'શુદ્ધ અંતઃકરણવાળા' વિશેષણથી કહેલું છે અથવા (મુનિઓ શબ્દથી) સાધન (કરવા)માં તત્પર અને (શુદ્ધ અંતઃકરણવાળા શબ્દથી) જેમણે ફલ પ્રાપ્ત કરેલું છે તે (કહ્યા). શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યો (કહેલા) છે. સનક વિગેરે મુનિઓ પણ તેવા (કહેલા છે). આ ત્રણે પ્રકારના, (અને) च 'તથા' શબ્દથી આપને અનુસરનારા બધાનો સમાવેશ કરેલો છે. તે (તેવા) અમે સંપૂર્ણ રીતે આપના ભક્તો છીએ. 'આત્મા, સર્વથી પ્રિય ઈશ્વર' શબ્દોથી પોતાની (ભક્ત થવાની) પ્રવૃત્તિનું કારણ બનેલું જ્ઞાન જણાવે છે. પહેલાં (શ્લોક ૪૨) કરતાં,[1] ઘણો વધારે પ્રેમ હોવાનો ભેદ છે. તે (વધારે પ્રેમ)થી જ બીજાં સાધનો થઈ ગયાં. ૪૩.

'હમણાં લડાઈ (કરવા આવેલ) છો' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા નીચેના શ્લોકમાં 'હું શરણે આવું છું' એમ કહે છેઃ—

तं त्वां जगत्स्थित्युदयान्तहेतुं समं प्रशान्तं सुहृदात्मदैवतम् ॥
अनन्यमेकं जगदात्मकेतं भवापवर्गाय भजाम देवम् ॥४४॥

તે, જગતની સ્થિતિ ઉદય અને અંતના કારણ, સમ, ઘણા શાંત, મિત્ર, આત્મા, દેવતારૂપ, અનન્ય, એકલા, જગતના આત્મા અને સ્થાનરૂપ આપ દેવને ભવમાંથી મુક્ત થવા અમે ભજીએ છીએ. ૪૪.

એવી રીતે સર્વે ઉપાસના કરવા યોગ્ય, દોષ રહિત અને પૂર્ણ ગુણવાળા દેહવાળા આપને અમે ભજીએ છીએ. 'તે' વિશેષણથી (૪૨ અને ૪૩ એ) બે શ્લોકનો અર્થ લીધેલો છે, ('તે' એટલે) લોક અને વેદમાં પ્રસિદ્ધ.[2] 'આપને' એટલે દેખાઓ છો તેમને. 'જગતની સ્થિતિ ઉદય અને અંતના કારણ' શબ્દથી (આપ) બ્રહ્મ (છો એમ) જણાવવા જગતનાં કારણ હોવાનું કહેલું છે. બહારના દોષ નથી એમ જણાવવા 'સમ' (કહેલ છે). અંદરના દોષ નથી એમ જણાવવા 'ઘણા શાંત' વિશેષણ (યોજેલ છે). (અમને આપમાં) વિશ્વાસ છે એમ જણાવવા 'મિત્ર' શબ્દ (યોજેલ છે). (અમને આપથી) ભય નથી એમ જણાવવા 'આત્મા' (કહેલ છે). ઈચ્છેલા પદાર્થની પ્રાપ્તિ થાય તે માટે 'દેવતારૂપ' (કહેલ છે). પદાર્થથી થતું જૂદાપણું (આપમાં) નથી[3] એમ જણાવવા 'અનન્ય'

---

[1] શ્લોક ૪૨ માં ભગવાનને 'પ્રિય' કહ્યા, અહિં અમો વિગેરેને 'સર્વથી પ્રિય' હોવાનું કહ્યું એ સર્વથી વધારે પ્રિયપણું જણાવનાર 'इष्ठ' પ્રત્યયથી ભેદ જણાવેલો છે એવો અર્થ છે. (લે)

[2] શંકર પોતે વેદરૂપ હોવાથી, ૪૩ મા શ્લોકથી વેદમાં પ્રસિદ્ધ હોવાનું કહ્યું, અને ૪૨ મા શ્લોકથી લોકમાં પ્રસિદ્ધ હોવાનું કહ્યું, એવો અર્થ છે.

[3] કોઈક પદાર્થમાં રહેલ ભગવાન બીજા પ્રકારના હશે, એવો ભેદ નથી, કારણ કે ભગવાનથી જૂદો કોઈ પદાર્થ નથી, એવો અર્થ છે. (લે)

વિશેષણ (યોજેલું છે). न विद्यते નથી अन्यः જૂદો જેમનાથી અથવા (નથી જૂદો) જેમને તે (અનન્ય). ભગવાનને કોઈમાં પણ (તે પોતાથી) જૂદો હોવાના બુદ્ધિ નથી, કારણ કે (સર્વત્ર) ભગવાન એકલા જ છે. કાર્ય પણ તેમનાથી જૂદું નથી, કારણ કે આ (ભગવાન) જગતના આત્મા અને સ્થાનરૂપ છે. ઉત્તમ પ્રકારના ભજનથી અપરાધ દૂર થાય* એવી પ્રાર્થના કરવામાં આવે તો ભવિષ્યમાં ઈચ્છેલા (પદાર્થ)ની પ્રાર્થના થઈ શકે નહિ, તેથી 'ભવમાંથી મુક્ત થવા' શબ્દથી બધોએ દોષ દૂર થવારૂપ મોક્ષની જ પ્રાર્થના કરે છે. એવી રીતે શરણે આવવારૂપ ભજન કહેલું છે. ૪૪

નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કરે છેઃ—

अयं ममेष्टो दयितोऽनुवर्ती मयाऽभयं दत्तममुष्य देव ॥
संपद्यतां तद्भवतः प्रसादो यथा हि ते दैत्यपतौ प्रसादः ॥४५॥

આ મારો વહાલો પ્રેમપાત્ર સેવક છે. હે દેવ! મેં આને અભય આપેલું છે. તેથી જેમ આપે દૈત્યોના પતિ ઉપર કૃપા કરેલી તેમ (આના ઉપર) આપની કૃપા થાઓ. ૪૫

વહાલાની અનુકૂલતા પ્રમાણેનું વર્તન લોકમાં પ્રસિદ્ધ છે. दयितः એટલે પ્રેમપાત્ર. (આ બે શબ્દોથી શંકરની) ઈચ્છા અને રૂચિ દર્શાવ્યાં. 'સેવક' શબ્દથી (આ) સર્વ(કરવા)નું કારણ કહ્યું, કારણ કે તે સદા મને અનુસરે છે, તેથી મારે પણ તેને અનુકૂલ રહેવું જોઇએ. 'મેં આને અભય આપેલું છે' શબ્દોથી વાણીનું[1] (અનુકૂલપણું કહ્યું). એ પ્રમાણે કાયા વાણી અને મનથી (આ મારે) અનુકૂલ થવા યોગ્ય છે, તેથી આપે સર્વ પ્રકારે (તેના ઉપર) કૃપા કરવી જોઇએ, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'तत्' તે કારણને લીધે આપની કૃપા (આના ઉપર) થાઓ. અથવા[2] મેં (તેને) કહ્યું તે આપે જ કહેલું છે, તેથી આપણા બેમાં જૂદાઈ નહિ હોવાથી પહેલાં જણાવેલી તે કૃપા (આના ઉપર) થાઓ. 'જેમ આપે દૈત્યના પતિ ઉપર કૃપા કરેલી' શબ્દોથી (તે) કૃપાને દર્શાવે છે. ૪૫

પછીં પ્રસન્ન થએલા ભગવાને 'કર્યું તે કર્યું જ' એમ વાણીથી શંકરનું સાંત્વન કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

---

* શંકર ભગવાન સાથે લડાઇ કરવા આવેલ છે એ અપરાધ દૂર કરાવવા માટે જ પ્રાર્થના કરવામાં આવે, એવો અર્થ જણાય છે.

[1] 'સેવક' શબ્દથી કાયાનું અને 'વહાલો પ્રેમપાત્ર' શબ્દોથી મનનું (અનુકૂલપણું કહેલ છે) એવો ભાવ છે. (લે)

[2] શંકરે કરેલી કૃપા કરતાં જૂદી કૃપા ભગવાને કરેલી નથી એવા અભિપ્રાયથી અહિંથી જૂદો પક્ષ કહે છે. મેં કહેલ તેજ કૃપા આના ઉપર કરો. મેં કહેલ ફરે નહિ તેમ કરો, એવો અર્થ છે. (લે)

॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન કહે છેઃ—

यदात्थ भगवंस्त्वं नः करवाम प्रियं तव ॥
भवता यद्व्यवसितं तन्मे साध्वनुमोदितम् ॥४६॥

હે ભગવન્! તમે જે કહ્યું તે મારા વિષે (યોગ્ય છે). તમારૂં પ્રિય હું કરૂં છું. તમે જે વિચાર્યું તેનું મેં સારી રીતે અનુમોદન કરેલું છે. ૪૬.

(ભગવાન અને શંકરમાં) જૂદાઈ નથી એવા અભિપ્રાયથી ‘હે ભગવન્’ એવું સંબોધન કરેલું છે, કારણ કે તે (શંકર) ભગવાનને (તે પોતાથી) જૂદા ન હોય તેવી રીતે ભજે છે. ‘તમે જે કહ્યું તે, નઃ મારા વિષે’ તે યોગ્ય જ છે. અથવા તમે નઃ મારા છો. તેથી હું તમારૂં પ્રિય કરૂં છું, કારણ કે પોતાના (હોય તેમ)નું પ્રિય કરવું જ જોઇએ; વળી ‘तव’ ‘તમારૂં’ શબ્દથી (એમ કહેલું છે કે) તમારાં વાકયને (મારે) પુષ્ટિ આપવી જોઇએ.

‘હવે તે (શંકરના વાકયની પુષ્ટિ) બાહુઓનો છેદ ન કરવારૂપ[1] હશે’ એવી શંકા થાય, તેથી ‘હે મૂર્ખ!....તને મારા સમોવડીઆ સાથે તારા મદને હરનારૂં યુદ્ધ (પ્રાપ્ત) થશે’ (ઉતરાર્ધ અધ્યાય ૧૩ શ્લોક ૭) એમ જે પહેલાં (શંકરે) કહેલું, તેનું ઉત્તરાર્ધથી સ્મરણ કરાવે છે. (તમે એમ કહેલું) તેનું મેં સારી રીતે અનુમોદન કરેલું છે. (તે) કરેલું તો[2] તમે જ છે, (મેં તો) શસ્રદ્વારા તેનું માત્ર અનુમોદન કરેલું છે. એવો (અર્થ છે). ૪૬

શંકરે (બાણના) અભય માટે જે પ્રાર્થના કરેલી, તેના સંબંધમાં નીચેનો શ્લોક કહે છેઃ—

अवध्योऽयं ममाप्येष वैरोचनसुतोऽसुरः ॥
प्रह्लादाय वरो दत्तो न ते वध्यो मयान्वयः ॥४७॥

આ મારે પણ વધ કરવા યોગ્ય નથી. આ અસુર વૈરોચનનો

---

[1] ‘બાહુઓનો છેદ થયો તે મટી જાય, એટલે હવે ફરીથી બાહુઓ ઉગે’ એવી શંકા થાય, એવો અર્થ છે. (લે) આવો અર્થ યોગ્ય જણાતો નથી, કારણ કે હજી બાણાસુરના બાહુઓનો છેદ થયો નથી, એમ આગળ શ્લોક ૪૯ ઉપરના શ્રી સુબોધિનીથી જણાય છે.

[2] ભગવાન વિચાર કરે તેજ કાર્ય છે. પછી ક્રિયા કરે તે માત્ર તેનું અનુમોદન છે. જેમ ભગવાને દ્રોણ વિગેરેને વિચાર કરીને જ હણ્યા હતા. તેથી જ ‘દ્રોણને અને ભીષ્મને’ એ વાકય (ઘટે છે). લોકના દેખાવ માટે પછી યુદ્ધ થયું તે તો માત્ર તેનું અનુમોદન જ થયું. એ પ્રમાણે બધે (થાય છે એમ) જાણવું (લે) આ અર્થ પણ બરાબર જણાતો નથી કારણ કે અહિં બાણનો મદ હરનારૂં યુદ્ધ શંકરના સમોવડીઆ સાથે થશે એમ ભગવાને વિચારેલું ન હતું, પરંતુ શંકરે જ વિચારેલું હતું. તેથી જ ભગવાન તેમને એ તેમના વાકયનું સ્મરણ કરાવે છે અને તે પ્રમાણે કરી એટલે તેમના વાકયને પુષ્ટિ આપી તેમનું પ્રિય કરે છે.

પુત્ર છે. પ્રહ્‌લાદને (મેં) વર(દાન) આપેલું છે કે તારા વંશમાં ઉત્પન્ન થએલાનો હું વધ કરીશ નહિ. ૪૭.

આ પ્રહ્લાદના વંશમાં ઉત્પન્ન થએલો છે એમ જણાવવા 'વૈરોચનનો પુત્ર' શબ્દથી ત્રણ પેઢી કહેલી છે. આ બાણ વિરોચનના પુત્ર બલિનો પુત્ર છે. 'એમ હોય તેથી શું?' એવો પ્રશ્ન થાય. તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'તારા વંશમાં ઉત્પન્ન થએલાનો હું વધ કરીશ નહિ' એવું વર(દાન) મેં પ્રહ્લાદને આપેલું છે.

'ભક્તને એવું વચન કેમ કહ્યું ?[1]' એવો પ્રશ્ન થાય, તેથી 'અસુર' શબ્દ યોજેલો છે, કારણ કે અસુરો હણવા યોગ્ય જ છે. આથી એમ સૂચવેલું છે કે **ભક્તની ઈચ્છા કરતાં પણ (ભગવાન) ભક્તો ઉપર વધારે કૃપા કરનારા છે.** કારણ કે તે (પ્રહ્લાદે) તો એકના જ પ્રાણનું રક્ષણ કરવા કહેલું મેં તો વંશના પણ (પ્રાણનું રક્ષણ કરવા) કહ્યું.* ૪૭

ત્યારે (બાણના બાહુઓ) કાપવાનું કેમ થાય છે?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ—

दर्पोपशमनायास्य प्रवृक्णा बाहवो मया ॥
सूदितं च बलं भूरि यच्च भारायितं भुवः ॥४८॥

આનો મદ ઉતારવા માટે મેં હાથો સારી રીતે કાપેલ છે, અને જે મોટું સૈન્ય ભૂમિના ભારરૂપ થએલ તેનો નાશ કરેલ છે. ૪૮

'સારી રીતે કાપેલ' એટલે હાથોના મૂળમાંથી કાપેલ.† તેઓ કપાયા જ એટલે તેનો ઉપાય નથી. 'સૈન્યનો નાશ કલેશવાળું કર્મ હશે' એવી શંકા થાય તેથી તે(કરવા)નું બીજું કારણ 'જે ભૂમિના ભારરૂપ થએલ' શબ્દોથી કહેલું છે. 'च' 'અને' શબ્દથી (એમ જણાવેલ છે કે) તે ભક્તોની બુદ્ધિનો નાશ કરનારૂં હતું. તે બધાંએ સૈન્યનો सूदितं નાશ કરેલો છે. ૪૮

'ત્યારે મેં પ્રાર્થના કરી તેનો શું લાભ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ—

चत्वारोऽस्य भुजाः शिष्टा भविष्यन्त्यजरामराः ॥
पार्षदमुख्यो भवतो न कुतश्चिद्भयोऽसुरः ॥४९॥

---

[1] 'વધ કરીશ નહિ' એમ કહ્યું તેવું વધ કરવાનો સંભવ હોય તો કહેવાય. તેથી વધ કરવાનો સંભવ હતો એમ જણાવનારૂં વચન ભક્તને કેમ કહ્યું ? એવો અર્થ છે. (લે)

* શ્રીમદ્ભાગવત ૮–૨૨–૩૫ જૂઓ.

† હજી બાણના હાથો કપાએલા નથી એમ ૪૯ મા શ્લોકના સુબોધિની પરથી જણાય છે, પરંતુ ભગવાને તે કાપવાનો સંકલ્પ કર્યો એટલે તે કપાએલા છે એમ જણાવેલ છે.

આની ચાર અજર અને અમર ભુજાઓ બાકી રહેશે તમારો મુખ્ય સેવક (આ) અસુરને કોઇ તરફથી ભય થશે નહિ ૪૯.

આની ભુજાઓ કપાતાં મેં આપેલી બે કુદરતી ભુજાઓ અને તમે આપેલી બે પ્રસંગથી મળેલી ભુજાઓ એવી ચાર ભુજાઓ બાકી રહેશે. આથી એમ સૂચવેલું છે કે (ભગવાને) ફેંકેલું સુદર્શન હવે (બાણની ભુજાઓ) કાપે છે. વધારાની બે ભુજાઓ આપવાનું કારણ 'મુખ્ય સેવક' શબ્દથી કહેલું છે. તે બે(ભુજાઓ)-નો ઘણા કાલ પછી પણ નાશ ન થાય તે માટે 'અજર અને અમર' વિશેષણ યોજેલ છે (આથી તેને) દેવ કહેલ છે. (તે) યોગ્ય જ છે, કારણ કે (બાણ) તમારો મુખ્ય સેવક છે. 'કોઈ તરફથી ભય થશે નહિ' શબ્દોનો એવો અર્થ છે કે (તે) અસુર હોવા છતાં (તેને) મારાથી ભય નથી, મારા સેવકથી ભય નથી (અને) ગુણોથી ભય નથી. ૪૯

એ પ્રમાણે અભય આપવામાં આવતાં, ભગવાને કૃપાથી જોએલા તેણે પોતાને (કરવા) યોગ્ય કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

इति लब्ध्वाऽभयं कृष्णं प्रणम्य शिरसाऽसुरः ॥
प्राद्युम्निं रथमारोप्य सवध्वा समुपानयत् ॥५०॥

એ પ્રમાણે અભય પ્રાપ્ત કરીને, શ્રીકૃષ્ણને મસ્તકથી પ્રણામ કરીને, અસુર પ્રદ્યુમ્નના પુત્રને રથમાં બેસાડી (તેની) પત્ની સાથે લઇ આવ્યો ૫૦.

અભય પ્રાપ્ત કરીને, કન્યાનું દાન કરવા સમયે તે (બાણ) સારી રીતે પ્રસન્ન થએલો છે એમ જણાવવા શ્રીકૃષ્ણને પ્રણામ કરીને (પ્રદ્યુમ્નના પુત્રને પત્ની સાથે લઈ આવ્યો). 'મસ્તકથી' (પ્રણામ કર્યા) કારણ કે તેનું આ (મસ્તક)જ શ્રેષ્ઠ હતું કારણ કે આ અસુર હતો. 'પ્રદ્યુમ્નના પુત્રને' એટલે ભગવાનના પૌત્રને, અર્થથી એમ સમજાય છે કે, બંધન વિગેરે દૂર કરાવી, વરની પેઠે શણગારી, (તેની) પત્ની ઉષાની સાથે લઈ આવ્યો એટલે ઉત્તમ પ્રકારે ભગવાનની સમીપ લઈ આવ્યો. (ભગવાન) આ કાર્ય માટેજ પધારેલા હોવાથી; તેટલાથી પ્રસન્ન થયા.૫૦

अक्षौहिण्या परिवृतं सुवाससमलंकृतम् ॥
सपत्नीकं पुरस्कृत्य ययौ रुद्रानुमोदितः ॥५१॥

રૂદ્રે અનુમોદન કરેલા (ભગવાન) અક્ષૌહિણી (સેના)થી વીંટાએલા, સારાં વસ્ત્રોવાળા શણગારેલા (અનિરૂદ્ધ)ને પત્ની સાથે આગળ કરીને દ્વારકા) પધાર્યા. ૫૧.

અક્ષૌહિણીથી વીંટાએલા' વિશેષણથી (એમ જણાવેલું છે કે) અક્ષૌહિણી સેના દાયજાની હતી. 'સારાં વસ્ત્રોવાળા શણગારેલા' વિશેષણથી વસ્ત્રો અને

આભૂષણો (જણાવેલાં છે). પછી ભગવાનનું કૃત્ય કહે છે (કે), પત્ની સાથે તે પૌત્રં આગળ કરીને રૂદ્રે અનુમોદન કરેલા (પધાર્યા), કારણ કે તેમ (રૂદ્રનું અનુમોદન ન હોય તો (ભગવાને) તે લીધું તેને રૂદ્ર દંડ જેવું માને. 'कृष्णोऽनुमोदितः 'અનુમોદન પામેલા શ્રીકૃષ્ણ' એવો પાઠ હોય ત્યાં રૂદ્રથી (અનુમોદન પામેલા એમ અર્થથી જાણવું. આથી તેમના (રૂદ્રના) ઉપર ભગવાનની કૃપા જણાવેલી છે (અને) એમ પણ સૂચવેલું છે કે જાણવાનની પેઠે બોધ આપવા (તેમનો) પરાજય કરેલો. ૫૧

વિવાહના ઉત્સવ સમયે[1] પુરીનું વર્ણન કરેલું નહતું તેથી, નીચેના શ્લોકમ કાર્ય પુરૂં કરી ભગવાન પાછા પધાર્યા ત્યારે (તે સમયની) પુરીનું વર્ણન કરે છે:—

स्वराजधानीं समलंकृतां ध्वजैः सतोरणैरुक्षितमार्गचत्वराम् ॥
विवेश शङ्खानकदुन्दुभिस्वनैरभ्युद्यतः पौरसुहृद्द्विजातिभिः ॥५२॥

શંખ નગારાં અને દુંદુભિના અવાજોથી શહેરીઓ, મિત્રો અં બ્રાહ્મણોએ સામૈયું કરેલા (ભગવાને) તોરણો સાથે ધજાઓથી શણગારેલી છંટકાવ કરેલા રસ્તાઓ અને આંગણુંઓવાળી પોતાની રાજધાનીમાં પ્રવેશ કર્યો. ૫૨.

આથી[2] એમ સૂચવેલું છે કે તેણે (બાણે) વિધિ પ્રમાણે વિવાહ દ્વારકામાંજ કરેલો. (ભગવાનની) પોતાની રાજધાની હતી, તેથી (ભગવાન) પધારતાં મોજ શોખો કહેલા છે. 'તોરણો સાથે ધજાઓથી શણગારેલી' વિશેષણથી ઉપરનો અલંકાર (વર્ણવેલો છે). 'છંટકાવ કરેલા રસ્તાઓ અને આંગણાંઓવાળી' વિશેષણથ નીચેનો (શણગાર કહેલો છે). સુગંધવાળાં જલોથી उक्षिताः છંટકાવ કરેલા રસ્તાઓ અને चत्वराणि આંગણાંઓ હતાં જેનાં તેવી (પુરી હતી). 'શહેરીઓ મિત્રે અને બ્રાહ્મણોએ શંખ નગારાં અને દુંદુભિના અવાજો સહિત સામૈયું કરેલા' શબ્દોથી વચલા ભાગની શોભા કહેલી છે. શહેરીઓ તામસ હતા, મિત્રો રાજસ હતા આ વિવાહમાં સર્વની સંમતિ હતી એમ જણાવવા બધાએ સામૈયું કરેલું. ૫૨

પ્રકરણ સમાપ્ત થયું એમ જણાવવા નીચેના શ્લોકથી આ ઉપાખ્યાનન શ્રવણનું ફલ કહે છે:—

य एतत्कृष्णविजयं शंकरेण च संयुगम् ॥
संस्मरेत्प्रातरुत्थाय न तस्य स्यात्पराजयः ॥५३॥

જે પરોઢીએ ઉઠીને આ શ્રીકૃષ્ણના વિજયનું અને શંકર સાથેના યુદ્ધનું સ્મરણ કરશે, તેનો પરાજય થશે નહિ. ૫૩

---

[1] વિવાહ માટે (દ્વારકાથી બાણની નગરીએ) પધાર્યા ત્યારે, એવો અર્થ છે. (લે)
[2] 'આથી' એટલે પુરીને શણગારેલી કહી તેથી.' (લે)

જે દરરોજ આનું સ્મરણ કરશે તેનો ઇંદ્રિયો અને અંતઃકરણથી પરાજય થશે નહિ. ભગવાને જેઓનો નિરોધ કરેલો છે,[૧] જેઓએ પ્રપંચને વિસારેલો છે અને ભગવાનમાં આસક્તિવાળા છે તેઓને કાલ વિગેરેથી પીડા થાય, ત્યારે રાજસોને દુઃખ થાય છે. તેથી ફલ જણાવતાં તે (પરાજય થતો નથી એમ) અવશ્ય કહેવું જોઇએ, અને આ (શ્લોક)થી ઉપાય કહેલો છે કે પરાજય (થવા)નો સંભવ હોય ત્યારે આ (ઉપાખ્યાન)નું શ્રવણ કરવું. ૫૩

ઇતિ શ્રી લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભ દીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઉતરાર્ધનો ચોદમો અધ્યાય સંપૂર્ણ.

— ઇતિ દશમ-ઉત્તરાર્ધમાં રાજસફલ પ્રકરણ સમાપ્ત —



---

[૧] 'જેઓએ પ્રપંચને વિસારેલો છે અને ભગવાનમાં આસક્તિવાળા છે' એ શબ્દોથી 'ભગવાને જેઓનો નિરોધ કરેલો છે' એ વિશેષણનું વ્યાખ્યાન કરેલું છે. (લે.)

परिशिष्ट

નિવેદન

સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રંથો

શ્રી વલ્લભાચાર્યજીના વંશની સંપૂર્ણ વંશાવલિ સને ૧૯૪૩ માં છપાવી, પરમભગવદીય શેઠ નારાયણદાસ તથા જેઠાનંદ આસનમલ ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓએ સંપ્રદાય ઉપર મોટો ઉપકાર કર્યો છે. શ્રી વલ્લભાચાર્યજીએ અને તેઓશ્રીના વંશજોએ તથા સંપ્રદાયના વિદ્વાન ભટ્ટજીઓ વિગેરેએ કયા કયા ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે તેની સંપૂર્ણ નામાવલિ અદ્યાપિ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં પ્રગટ થયાનું મારા જાણવામાં નથી. પ્રગટ થાય તે આવશ્યક અને ઈચ્છવા યોગ્ય છે એવું મને લાગવાથી નામાવલિ તૈયાર કરી મને મોકલવા, બે વર્ષ પહેલાં, શ્રીમાન્ ધીરજભાઈને પત્રદ્વારા મેં વિનંતિ કરી. તેમને વિનંતિ કરવાનું ખાસ પ્રયોજન એ હતું કે શ્રી ગટ્ટુલાલજીના પુસ્તકાલયમાં ઘણા ખરા હસ્તલિખિત સાંપ્રદાયિક ગ્રંથો બીરાજે છે તેથી ધીરજભાઈ જ સંપૂર્ણ નામાવલિ તૈયાર કરી શકે. તેમણે કૃપા કરી, મારી વિનંતિને માન આપી અથાગ શ્રમ લઈ, યથાશક્તિ માહિતી મેળવી, સંપૂર્ણ નામાવલિ તૈયાર કરી, બે માસમાં મને મોકલી. એટલું જ નહિ પરંતુ કયા કયા ગ્રંથો છપાયા છે અને કયા કયા છપાયા નથી તેની માહિતી પણ નામાવલિમાં આપી. તેમણે તૈયાર કરેલી નામાવલિ જ હાલ હું છપાવું છું એટલે તેનો યશ અને તેનું માન ધીરજભાઈને જ ઘટે છે. ધીરજભાઈએ પત્રમાં મને જણાવ્યું હતું કે "શરતચૂકથી અગર માહિતીના અભાવે અમુક ગ્રંથો કદાચ રહી ગયા હોય." વૈશ્ય વૈષ્ણવોમાં ધીરજભાઈએ અને સદ્ગત તેલીવાળાએ સંપ્રદાયના અનેક ગ્રંથોનું પ્રકાશન કરી, સંપ્રદાયને કૃતાર્થ કરેલ છે, અને બન્નેએ પોતાનું જીવન સફળ કરેલ છે.

નામાવલિ ઉપર દૃષ્ટિપાત કરતાં વાંચનારને જણાશે કે શ્રી વલ્લભાચાર્યજીએ અને તેઓશ્રીના ૪૧ વંશજોએ ૫૦૦ ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે અને સંપ્રદાયના અનેક વિદ્વાન ભટ્ટજીઓએ પણ સંખ્યાબંધ ગ્રંથો લખ્યા છે. આ ગ્રંથો પુષ્ટિમાર્ગનો અમૂલ્ય ખજાનો છે.

શ્રી વલ્લભાચાર્યજીએ અને તેઓશ્રીના અનેક વંશજોએ સંખ્યાબંધ સંસ્કૃત ગ્રંથો રચી, સમાજમાં બ્રહ્મવાદના ઉચ્ચ સિદ્ધાંતો, ઉચ્ચ ઉપદેશ અને ઉચ્ચ ભાવનાઓનું સિંચન કર્યું ત્યારે સમય કેવો હતો તે લક્ષમાં રાખવામાં આવે તો જ લેખકોની યોગ્ય કદર થઈ શકે. બારમા સૈકા સુધી ક્ષત્રિય રાજાઓનું હિન્દમાં સામ્રાજ્ય હતું. અસ્તોદયના અબાધિત નિયમ પ્રમાણે તેનો અંત આવ્યો. તેરમા સૈકાથી લગભગ સને ૧૭૫૦ (સંવત્ ૧૮૦૬) સુધી જુદા જુદા વંશના મુસલમાન રાજાઓનું રાજ્ય હતું. શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય થયું ત્યારે બહલોલ લોદી ગાદી ઉપર હતા. તેમના પછી સીકંદર અને તેમના પછી ઇબ્રાહીમ લોદીએ સને ૧૫૨૬ સુધી રાજ્ય કર્યું. તે પછી મોગલ વંશના રાજાઓનું રાજ્ય થયું. મુસલમાન રાજાઓમાં કેટલાક ધર્માંધ હતા. તેઓના સમયમાં હિન્દુઓને ત્રાસ હતો, અને હિન્દુઓના અનેક મંદિરોને જમીનદોસ્ત કરવામાં આવ્યાં. બીજી તરફથી સંપ્રદાયના આચાર્યોએ, બ્રહ્મનિષ્ઠ વિદ્વાન બ્રાહ્મણોએ અને અનેક ભક્ત કવિઓએ હિન્દુઓના ભાવનારૂપી મંદિરોના પાયામાં ભક્તિમાર્ગ—ભાગવત ધર્મ—ના સતત ઉપદેશરૂપી સિમેન્ટનું સિંચન કર્યું. તેથી પરિ-

યુગ એ આવ્યું કે મોગલ શહેનશાહત સાધનસંપન્ન છતાં ઔરંગજેબની હૈયાતીમાંજ છિન્નભિન્ન થઈ ગઈ. ઔરંગજેબ સને ૧૬૫૮ માં ગાદીનશીન થયા. સને ૧૬૫૨ થી ૧૬૮૦ સુધી રાણાશ્રી રાજસિંહજી ઉદયપુરની ગાદી ઉપર હતા. તેમના સમયમાં શ્રી દ્વારકાધીશનું સ્વરૂપ જે હાલ કાંકરોલીમાં બીરાજે છે તે સ્વરૂપને અને શ્રીનાથજીના સ્વરૂપને ગિરિરાજમાંથી મેવાડની હદમાં પધરાવવામાં આવ્યું અને રાણા રાજસિંહજીએ તે વખતના ટીલકાયત મહારાજશ્રીઓનો સત્કાર કરી યોગ્ય પ્રબંધ કર્યો. અર્જુનને સામર્થ્ય આપનાર ભગવાને રાણા રાજસિંહજીને પણ બળ આપ્યું. ઔરંગજેબે હિન્દુઓ ઉપર જજીયાવેરો નાખ્યો. રાણા રાજસિંહજીએ ઔરંગજેબનાં રૂંવાડાં ઉભાં થાય એવો પત્ર તેને લખ્યો. આ પત્ર અક્ષરશઃ ટોડ રાજસ્થાનમાં છપાયો છે. ઔરંગજેબે રાજસિંહજીના વખતમાં મોટું લશ્કર મોકલી, મેવાડ ઉપર આક્રમણ કર્યું. રાજસિંહજીએ અનેક વખત તેના લશ્કરને પરાસ્ત કરી, મેવાડની હદમાંથી કાઢી મૂક્યું અને ઔરંગજેબના મુલક ઉપર સામું આક્રમણ કર્યું. તેના પરિણામે ઔરંગજેબને જજીયા વેરો કાઢી નાખવો પડ્યો. મુસલમાનોના રાજ્યના સમયમાં ઉદયપુરના રાણાઓએ અને સીસોદીયા ક્ષત્રિયોએ હિન્દુ ધર્મની કેટલી અને કેવી સેવા કરી છે તે હિન્દુઓએ લક્ષમાં રાખવા જેવું છે.

ધર્માંધ મુસલમાનોના સમયમાં જેટલાં મંદિરોને જમીનદોસ્ત કરવામાં આવ્યાં હતાં તેથી ત્રણ ગણાં મંદિરો અઢારમા, ઓગણીસમા અને વીસમા સૈકામાં હિન્દુસ્થાનનાં અનેક શહેરો અને ગામડાંઓમાં બંધાયાં. સંખ્યા ઘણી છે. જરૂર છે સુવ્યવસ્થાની કે જેથી સ્તુત્ય હેતુ પાર પડે. મંદિરો દ્વારા હિન્દુધર્મની ભાવનાઓનું સમાજમાં પોષણ થાય છે. એવું એક પણ ગામ નહિં હોય કે જ્યાં હિન્દુઓનાં ફક્ત ૫૦ કુટુંબો રહેતાં હોય તો પણ જ્યાં હિન્દુઓનું એકાદ મંદિર ન હોય, અને જે ગામમાં મંદિર ન હોય તેને સનાતનીસ્ટ હિન્દુઓ સ્મશાનવત્ માનવાના.

બીટીશ રાજ્યના અમલમાં પાશ્ચિમાત્ય પવનથી, અને મેકોલેના સમયથી શાળાઓમાં અપાતી કેળવણીથી, ભાવનારૂપી મંદિરોના પાયા ડગવા મંડ્યા છે. પરિસ્થિતિ એ છે કે કરોડો હિન્દુઓ આચાર ધર્મથી ભ્રષ્ટ થયા છે અને નામના જ હિન્દુ રહ્યા છે. જડવાદનો ચેપ લાગવાથી નૈતિક બલ પણ ઘટ્યું છે. દ્રવ્યનું પૂજન થાય છે. ચારિત્ર્યનું નહિં.

સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રંથો ઘણા ખરા છપાયા છે. અમુક ગ્રંથોનો અનુવાદ ગુજરાતીમાં છપાયો છે. ઘણા થોડા ગ્રંથોનો અનુવાદ હિન્દી ભાષામાં પ્રગટ થયો છે. અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલું, નોંધવા જેવું, ફક્ત એક પુસ્તક છે અને તે શ્રીમાન્ મણીભાઈ પારેખે છપાવેલ આશરે ૫૦૦ પૃષ્ઠનું વિસ્તૃત શ્રી વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર છે.

પ્રભુ કૃપાથી પુષ્ટિ માર્ગના અનુયાયીઓમાં હજારો લક્ષાધિપતિ છે. ઘણા ખરા સંસ્કૃત ગ્રંથો છપાયા છે. યુવકોમાં ધાર્મિક ભાવના રહી નથી એવી ફરીયાદ છે. રૂા. ૫૦૦)ના ખર્ચે પ્રગટ થયેલાં તમામ પુસ્તકો ખરીદ કરી શકાય તેમ છે, પરંતુ શોચનીય એ છે કે સાધનસંપન્ન કુટુંબોમાં પણ ગ્રંથો રાખવામાં આવતા નથી. ભલે સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોય પરંતુ જો ગ્રંથો ઘરમાં બીરાજતા હોય તો હાલના યુવકો એટલું તો જાણે કે સંપ્રદાયના અનેક આચાર્યોએ અનેક ગ્રંથો રચ્યા છે અને તેઓનો એવો નિશ્ચય થાય કે અંધશ્રદ્ધા સંપ્રદાયનો પાયો નથી પરંતુ વેદાદિક પ્રાચીન ગ્રંથોનું દોહન કરી, આચાર્યોએ રચેલા

અનેક ગ્રંથો સંપ્રદાયનો પાયો છે. ગ્રંથો ઘરમાં પધરાવી, ગ્રંથોમાં આચાર્યશ્રીઓ બીરાજે છે એવા ભાવથી ગ્રંથોનું દર્શન કરવામાં આવે તો પણ ધાર્મિક ભાવના દૃઢ થાય.

ધનાઢયો લાખો રૂપીઆનો ખર્ચ કરે છે, પણ શોચનીય એ છે કે સાંપ્રદાયિક ગ્રંથોના પ્રકાશન માટે એક લાખ કે ૫૦ પચાસ હજારનો પણ ફાળો કરી, ટ્રસ્ટ ફંડ કરવામાં આવ્યું નથી. આવું ફંડ હોય તો મુદ્દલ અને વ્યાજમાંથી દર વરસે આઠ દસ ગ્રંથો પ્રગટ થાય એવી યોજના કરી શકાય. સમય સાનુકૂલ છે. સંપ્રદાયના અનેક સેવાભાવી સાક્ષરો અને અમુક પંડિતો ખંત અને ઉત્સાહથી પ્રકાશન કરવા તૈયાર છે.

આ નામાવલિની ફક્ત ૫૦૦ પ્રતો શ્રીકૃષ્ણ ભંડાર તરફથી છપાવી છે. તેમાની ૨૫૦ પ્રતો શ્રીકૃષ્ણ ભંડાર તરફથી છપાવવામાં આવેલ સુબોધિનીજીના દશમસ્કંધ ઉત્તરાર્ધ અ૦ ૮ થી ૧૪ ના અનુવાદમાં પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી છે.

રાજકોટ,
સંવત્ ૨૦૦૨ ના
માગશર વદી ૭.

રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી

આ પુસ્તિકા મળવાનું ઠેકાણું—

શ્રીકૃષ્ણ ભંડાર-શ્રી નાથદ્વારા.

सांप्रदायिक संस्कृत ग्रन्थो

(१) श्रीवल्लभाचार्य रचित संस्कृत ग्रन्थो

(संवत् १५३५-१५८७)

१ ब्रह्मसूत्रो उपर अणुभाष्य
२ निबंध शास्त्रार्थ प्रकरण
३ निबंध सर्वनिर्णय प्रकरण
४ निबंध भागवतार्थ प्रकरण
५ श्रीभागवतस्कंध १, २ ३, १० अने ११ ना अ० ४ उपरनी श्रीसुबोधिनीजी टीका
६ पुरुषोत्तम सहस्रनाम
७ श्रीभागवतैकादशस्कंधार्थ निरूपण कारिकाः
८ दशमस्कंधार्थानुक्रमणिका
९ त्रिविध लीला नामावलि
१० श्रुतिगीता (वेदस्तुतिना श्लोको) उपरनी कारिकाओ
११ श्रीभगवत्पीठिका.
१२ सुबोधिनी प्रथम स्कंध कारिका
१३ यमुनाष्टक
१४ बालबोध
१५ सिद्धांत मुक्तावलि
१६ पुष्टिप्रवाह मर्यादा भेद
१७ सिद्धान्त रहस्य
१८ नवरत्नस्तोत्र
१९ अन्तःकरण प्रबोध
२० विवेक धैर्याश्रय
२१ कृष्णाश्रय
२२ चतःश्लोकी
२३ भक्तिवर्धिनी
२४ जलभेद (वक्ताना भेद)
२५ पंच पद्यानि (श्रोताना भेद)
२६ संन्यास निर्णय
२७ निरोध लक्षण
२८ सेवाफल
२९ सेवाफल विवरण
३० परिवृढाष्टकम्
३१ मधुराष्टकम्
३२ श्रीनंदकुमाराष्टकम्
३३ श्री गिरिराजधार्यष्टकम्
३४ श्रीकृष्णाष्टकम्
३५ श्रीगोपीजन वल्लभाष्टकम्
३६ गायत्री भाष्यम्
३७ गायत्री व्याख्या
३८ पत्रावलंबनम्
३९ श्रीकृष्ण प्रेमामृतम्
४० पूर्वमीमांसा कारिकाः
४१ पंचश्लोकी
४२ न्यासादेश
४३ शिक्षाश्लोकाः
४४ पूर्व मिमांसा भाष्य (थोडो भाग प्राप्त छे)

(२) गोस्वामि श्रीगोपीनाथजी रचित

४५ साधनदीपिका

(३) गोस्वामि श्रीविठ्ठलनाथजी

(श्रीगुंसाईजी)

(संवत १५७२ थी १६४२

४६ विद्वन्मंडन
४७ अणुभाष्य-१½ अध्याय
४८ श्रीसुबोधिनी विवृत्ति (टीपणी)
४९ भक्तिहंस
५० भक्तिहेतु
५१ सिद्धान्त मुक्तावली उपर टीका
५२ मधुराष्टक उपर टीका
५३ प्रेमामृत उपर टीका
५४ बालबोध उपर टीका

५५ विज्ञप्तिओ (१०) (बीजी प्रगट थई नथी)
५६ शृंगाररसमंडनम्
५७ श्री सर्वोत्तमस्तोत्र
५८ श्रीवल्लभाष्टकम्
५९ स्फुरत्कृष्णप्रेमामृतम्
६० यमुनाष्टपदी
६१ भुजंगप्रयाताष्टकम्
६२ राधाप्रार्थना चतुःश्लोकी
६३ श्रीगोकुलाष्टकम्
६४ अष्टाक्षर निरूपणम्
६५ ललित त्रिभंग स्तोत्रम्
६६ व्रजचर्याष्टपदी
६७ श्रीस्वामिनी प्रार्थना
६८ श्रीस्वामिन्यष्टकम्
६९ श्रीस्वामिनीस्तोत्रम्
७० स्वप्नदर्शनम्
७१ प्रबोधः
७२ गुप्तरसः
७३ रक्षा स्मरणम्
७४ वृत्रचतुःश्लोकी
७५ द्वितीया ,,
७६ गीता तात्पर्य
७७ न्यासादेश विवरणम्
७८ वृत्रासुर चतुःश्लोकी उपर टीका
७९ कठिनांशश्लोकोपरि कारिकाः
८० सप्तश्लोकी
८१ उत्सव निर्णय
८२ सौन्दर्य पद्य
८३ जन्माष्टमी निर्णय
८४ रामनवमी निर्णय
८५ पुत्रो प्रति पत्र
८६ स्वतंत्र लेखो
८७ कीर्तनो (संस्कृतमां)
८८ मंगला आरति
८९ पालना
९० राजभोगारति
९१ संध्या आरति
९२ शयन आरति
९३ दानलीलाष्टक
९४ रससर्वस्वम्

(४) गो० श्रीगिरिधरजी

९५ गद्य मंत्र टीका
९६ उत्सव निर्णय

(५) गो० श्रीबालकृष्णजी

९७ भक्तिवर्धिनी टीका
९८ मधुराष्टक टीका

(६) गो० श्रीगोकुलनाथजी

९९ "क्रिया सर्वापि सर्वत्र" उपर व्याख्यान
१०० गद्य मंत्र उपर टीका
१०१ सर्वोत्तम स्तोत्र उपर टीका
१०२ पुष्टिप्रवाह मर्यादा उपर टीका
१०३ सिद्धांत मुक्तावली उपर टीका
१०४ संन्यास निर्णय उपर टीका
१०५ सेवाफल उपर टीका
१०६ सर्वोत्तम स्तोत्र उपर मोटी टीका
१०७ भक्तिवर्धिनी उपर टीका
१०८ अंतःकरण प्रबोध उपर टीका
१०९ सिद्धांत रहस्य उपर टीका
११० मधुराष्टक उपर टीका
१११ वल्लभाष्टक उपर टीका
११२ निरोध लक्षण उपर टीका
११३ जलभेद उपर टीका
११४ प्रपंचसंसारभेदवाद
११५ उत्सवनिर्णय

(७) गो० श्रीरघुनाथजी

११६ सर्वोत्तम स्तोत्र उपर टीका
११७ पुरुषोत्तम सहस्र नाम उपर टीका

२४४ स्तोत्रम् —
२४५ षोडश स्तोत्रम्
२४६ पंचाक्षरमंत्रगर्भस्तोत्रम्
२४७ भगवच्चरणचिह्नवर्णनम्
२४८ नैवेद्यसंबंधि स्तोत्रम्
२४९ मध्याह्न लीला
२५० श्रीगोकुल प्रवेश लीला
२५१ प्रातर्युगलस्मरणम्
२५२ श्रीनागरी नागर स्तोत्रम्
२५३ विपरीत शृंगार फलकम्
२५४ श्री मुख्य शक्ति स्तोत्रम्
२५५ श्री यमुनाविंशतिः
२५६ श्री वल्लभ चरण विंशतिः
२५७ श्रीमदाचार्य सकलावतार साम्यरूप निरूपणम्
२५८ श्री महाप्रभोरष्टोत्तरशतनामानि
२५९ श्रीमदाचार्य चिन्तनम्
२६० प्रातः स्मरणम्
२६१ श्री विठ्ठलेश्वराष्टोत्तरशतनामावलिः
२६२ श्री गोकुलेशाष्टोत्तरशतनामावलिः
२६३ स्वप्रभु विंशतिः
२६४ रसात्मक भावस्वरूप निरूपणम्
२६५ चतुः श्लोकी
२६६ प्रथमं भगवदीय परिशिक्षणम्
२६७ द्वितीयं भगवदीय शिक्षणम्
२६८ तृतीयं तदीयानां शिक्षणम्
२६९ प्रथमं सिद्धान्तसंक्षेप निरूपणं
२७० द्वितीयं ,, ,,
२७१ तृतीयं ,, ,,
२७२ स्वमार्ग सर्वस्वम्
२७३ राजभोग भावना
२७४ वीटिका समर्पण भावनिरूपणं
२७५ स्वतंत्र लेखः
२७६ फल विवेकः
२७७ भगवच्छास्त्र निर्णयः
२७८ वाक्चक्षुर्मुख्यत्वनिरूपणम् ॥
२७९ सर्वाभोग्यसुधाधिक्यनिरूपणम् ॥
२८० चतुर्भुजस्वरूपविचारः
२८१ भावपोषकम्
२८२ गोपीवचनदिननिर्वाहकम्
२८३ श्रीनृसिंह वामन जयन्त्युत्सव व्रत वैशिष्ट्य निरूपणम्
२८४ श्रीभागवत पुस्तक नित्य पूजनविधि
२८५ षट्षष्टिरपराधाः फलानि तत्प्रायश्चित्तानि च
२८६–२८७ अष्टपदीद्वयम्
२८७ थी २९९ द्वादश पदानि (प्रभोः स्तवन रूपाणि)
३००-३०१ पदद्वयम् (श्रीमदाचार्य स्तवन रूपम्)
३०२ जन्मवैफल्यनिरूपणाष्टकम्
३०३ श्रीनिजाचार्याष्टकम्
३०४ श्रीवल्लभ भावाष्टकम्
३०५ प्रभाताष्टकम्
३०६ श्रीमद्गोकुलचंद्राष्टकम्
३०७ श्रीनवनीतप्रियाष्टकम्
३०८ भुजंगप्रयाताष्टकम्
३०९ स्मरणाष्टकम्
३१० दैन्याष्टकम्
३११ श्रीकृष्णशरणाष्टकम्
३१२ द्वितीयं ,, ,,
३१३ प्रमाणिकाष्टकम्
३१४ श्री गिरिधराष्टकम्
३१५ प्रार्थनाष्टकम्
३१६ श्री गोपीजनवल्लभाष्टकम्
३१७ श्रीमद्राधाष्टकम्
३१८ श्रीस्वामिनीप्रार्थनाष्टकम्
३१९ श्रीवल्लभ शरणाष्टकम्
३२० दैन्याष्टकम्
३२१ हा हा दैन्याष्टकम्
३२२ श्री वल्लभ भावाष्टकम्
३२३ श्री वैश्वानराष्टकम्
३२४ स्वंसंवामिपाणियुगलाष्टकम्

३२५ श्री विट्ठल विभोरष्टकम

३२६ श्री गोकुलेशाष्टकम्

३२७ श्री गुरुदेवाष्टकम्

३२८ प्रभुस्व रूपनिरूपणाष्टकम

३२९ गर्वापहाराष्टकम्

३३० दास्याष्टकम्

३३१ जन्माष्टमी निर्णयः

३३२ सुबोधिनीस्वतंत्रलेखाः

३३३ ब्रह्मवादः

३३४ प्रपंचवादः

३३५ उत्सवनिर्णयः

३३६ स्वतंत्रलेखाः

३३७ सहस्त्र श्लोकी भावना

३३७/१ मधुराष्टक टीका

(१६) गो० श्री व्रजराजजी.

३३८ चतुः श्लोकी टीका

३३९ अन्तःकरणप्रबोधटीका

३४० कृष्णाश्रयटीका

३४१ विवेकधैर्याश्रयटीका

३४२ निरोध लक्षण टीका

३४३ गीता अमृततरंगिणी टीका

३४४ ब्रह्मवाद

३४५ संवत्सरोत्सव कल्पलता

(१७) गो० श्रीकृष्णचंद्रजी

३४६ भावप्रकाशिकावृत्तिः

(१८) गो० श्री पीताम्बरजी

३४७ भक्तिरसत्ववादः

(१९) गो० श्री पुरुषोत्तमजी

(जन्म संवत् १७२४)

३४८ अणुभाष्यप्रकाश

३४९ सुबोधिनी प्रकाश

३५० रासपंचाध्यायी प्रकाश (प्रथम)

३५१ ,, ,, (द्वितीय)

३५२ निबंध आवरणभंग

३५३ निबंध टिपणी (भागवतार्थ)

३५४ विद्वन्मंडनसुवर्णसूत्रटीका

३५५ प्रस्थानरत्नाकर

३५६ नवरत्नटीका

३५७ पुष्टिप्रवाहमर्यादा टीका

३५८ सिद्धान्तमुक्तावलि टीका

३५९ निरोधलक्षणटीका

३६० संन्यासनिर्णयटीका

३६१ सेवाफलटीका

३६२ सिद्धान्तरहस्यटीका

३६३ भक्तिवर्धिनीटीका

३६४ अन्तःकरणप्रबोधटीका

३६५ बालबोध टीका

३६६ यमुनाष्टक टीका

३६७ वृत्रासुर चतुःश्लोकी उपर टीका

३६८ वल्लभाष्टक टीका

३६९ न्यासादेशविवरण

३७० पंचपद्य उपर टीका

३७१ भक्तिहेतुनिर्णय विवृत्तिः

३७२ भक्तिहंसविवृत्तिः

३७३ जलभेद टीका

३७४ वेदान्ताधिकरणमाला

३७५ "कथा इमास्ते" कारिकोपरि टीका

३७६ द्रव्यशुद्धि

३७७ उत्सवनिर्णय

३७८ नृसिंह उत्तरतापनी उपनिषद दीपिका

३७९ माण्डूक्योपनिषद् व्याख्या

३८० रामनवमीनिर्णय टीका

३८१ विजया निर्णयः

३८२ शरद् पूर्णिमानिर्णयः

३८३ उत्सव प्रतान

३८४ पूर्वमिमांसा भाष्यविवरण

३८५ गायत्रीकारिकाविवृति

३८६ कैवल्योपनिषद् दीपिका

३८७ ब्रह्मोपनिषद् दीपिका

३८८ छान्दोग्यदीपिका

३८९ श्वेताश्वतरदीपिका
३९० उपनिषदर्थसंग्रह
३९१ द्वात्रिंशदपराधक्षमापन टीका
३९२ भावप्रकाशिकावृत्ति
३९३ प्रहस्तवाद
३९४ पण्डितकरभिन्दिपालवाद
३९५ सृष्टिभेदवाद
३९६ आविर्भावतिरोभाववाद
३९७ ख्यातिवाद
३९८ प्रतिबिंबवाद
३९९ अंधकारवाद
४०० ब्राह्मणत्वादिदेवतावाद
४०१ जीवव्यापकत्वखंडनवाद
४०२ जीवप्रतिबिंबत्वखंडनवाद
४०३ उर्ध्वपुण्ड्रनिर्णयवाद
४०४ तुलसीमालाधारणवाद
४०५ शंखचक्रधारणवाद
४०६ मूर्तिपूजनवाद
४०७ भागवतशंका निरासवाद
४०८ उपदेशशंका निरासवाद
४०९ भक्तिउत्कर्षवाद
४१० वस्त्रसेवावाद
४११ भेदाभेदवाद
४१२ अभाववाद
४१३ आत्मवाद
४१४ स्ववृत्तिवाद
४१५ जयश्रीकृष्ण उच्चारणवाद

(२०) गो० श्री गोकुलनाथात्मज विठ्ठलरायजी

४१६ जीवस्वरूपनिर्णय
४१७ ब्रह्मस्वरूपनिर्णयः
४१८ जीवब्रह्मणोरैक्यनिरूपणं

(२१) गो० श्री गिरधरजी

४१९ अणुभाष्यविवरण
४२० विद्वन्मंडन हरितोषिणी टीका
४२१ शुद्धाद्वैतमार्तण्ड
४२२ शुद्धद्वैत मार्तण्ड परिष्कार
४२३ बालप्रबोधिनी भागवत टीका
४२४ गद्यमंत्र टीका
४२५ प्रपंचवाद

(२२) गो० श्री विठ्ठलेशात्मज वल्लभजी

४२६ प्रथमस्कंधलेख
४२७ द्वितीयस्कंधलेख
४२८ तृतीयस्कंधलेख
४२९ दशमस्कंधलेख
४३० एकादशस्कंधलेख
४३१ गद्यमंत्र टीका
४३२ चतुः श्लोकी टीका
४३३ नवरत्न टीका
४३४ सिद्धान्तमुक्तावली टीका
४३५ निरोधलक्षण टीका
४३६ संन्यासनिर्णय टीका
४३७ सेवाफल टीका
४३८ भक्तिवर्धिनी टीका
४३९ प्रपंचसंसार भेद
४४० वृत्रासुर चतुः श्लोकी टीका
४४१ उत्सव निर्णयः
४४२ श्रीप्रभु प्राकट्य शुद्ध जन्माष्टमी विचार
४४३ अनिरुद्धविजय काव्य

(२३) गो० श्री द्वारकेशजी.

४४४ भावना
४४५ बालबोध टीका
४४६ चतुः श्लोकी टीका
४४७ सिद्धान्तमुक्तावली टीका
४४८ सेवाफल टीका
४४९ भक्तिवर्धिनी टीका
४५० यमुनाष्टक टीका
४५१ कृष्णाश्रय टीका
४५२ मेष संक्रान्ति निर्णयः

(२४) गो० श्री गिरिधरजी.

४५३ सिद्धान्तरहस्थ उपर टीका
४५४ भक्तिवर्धिनी उपर टीका

(२५) गो० श्री मथुरानाथजी

४५५ चतुः श्लोकी टीका
४५६ अणुभाष्यप्रकाश

(२६) गो० श्री मुरलीधरजी.

४५७ अणुभाष्य व्याख्यान
४५८ नवरत्न टीका
४५९ श्रीवल्लभजीवन चरित्र

(२७) गो० श्रीव्रजभुषन दिक्षितजी

४६० गद्यमंत्र टीका

(२८) गो० श्रीव्रजोत्सवजी

४६१ सिद्धान्तरहस्य उपर टीका

(२९) गो० श्रीव्रजनाथजी

४६२ सिद्धान्तमुक्तावली टीका

(३०) गो० श्रीगोकुलोत्सवजी

४६३ सिद्धान्तरहस्य उपर टीका
४६४ संन्यासनिर्णय उपर टीका
४६५ विवेकधैर्याश्रय उपर टीका
४६६ सौन्दर्यपद्यटीका

(३१) गो० श्री वल्लभात्मज बालकृष्णजी

४६७ भक्तिवर्धिनी उपर टीका

(३२) गो० श्रीगोकुलरायजी

४६८ भागवतनिबंधानुसारी अध्यायार्थः

(३३) गो० श्री व्रजपालजी

४६९ शृंगाररसमंडन टीका
१७० गीतागोविन्द टीका

(३४) योगीश्री गोपेश्वरजी

४७१ बुभुत्सुबोधिका टीका
४७२ भाष्यप्रकाशरश्मी
४७३ यजुर्वेदनवार्थी टीका
४७४ भक्तिमार्तण्ड
४७५ अधिकरणमाला चतुर्थाध्यायः
४७६ संन्यासनिर्णय टीका
४३७ परिवृढाष्टक टीका
४७८ छान्दोग्यभाष्य
४७९ बृहदारण्यक भाष्य
४८० भक्तिरत्न टीकासहित

(३५) गो० श्रीविठ्ठलेशजी (कनैयालालजी)

४८१ प्रभंजन

(३६) गो० श्री जीवनजी (मुंबई)

४८२ बालकृष्णचंपु
४८३ उत्सवनिर्णयः
४८४ रासक्रीडावर्णनवर्णक्रम आर्याओ

(३७) गो० श्रीव्रजनाथजी

४८५ सिद्धान्तमुक्तावली टीका

(३८) मो० श्री गोकुलोत्सवजी

४८६ सिद्धान्तरहस्य टीका
४८७ संन्यासनिर्णय टीका
४८८ सौन्दर्यपद्य टीका
४८९ विवेकधैर्याश्रय टीका

(३९) गो० श्री अनिरुद्धलालजी

४९० गोपालपूर्वतापनी उपनिषद् ब्रह्मामृत भाष्य
४९१ नारायणोपनिषद् भाष्य

(४०) गो० श्री गोकुलाधीशजी

४९२ वल्लभस्तुति रत्नावली

(४१) अज्ञात गोस्वामी महाराज

४९३ सिद्धान्तसार
४९४ अणुभाष्य टीका सिद्धान्त

४९५ दशम उत्तरार्ध टिपणी
४९६ गीतगोविन्द टीका
४९७ शृंगाररसमंडन टीका
४९८ संप्रदायकल्पद्रुम
४९९ श्रीवल्लभवंशावलि

(४२) गो० श्री व्रजरायजी
(अमदावाद)

५०० गुजराती नवाख्यान उपर विस्तृत संस्कृत टीका

संप्रदायना विद्वान भटजीओए रचेला ग्रन्थो

(१) जयगोपाल भट

५०१ तैत्तरेय उपनिषद् भाष्य
५०२ सेवाफलटीका
५०३ भक्तिवर्धिनी टीका
५०४ वहिर्मुखामुखध्वंसवाद

(२) मठेश ईन्दीरेश भट

५०५ मनोदूतकाव्य

(३) लालू भट

५०६ अणुभाष्यगूढार्थदीपिका
५०७ नवरत्न टीका
५०८ सिद्धान्तमुक्तावली टीका
५०९ सेवाफल टीका
५१० सिद्धान्तरहस्य टीका
५११ भक्तिवर्धिनी टीका
५१२ मधुराष्टक टीका
५१३ सुबोधिनी योजना
५१४ निर्णयार्णव
५१५ ख्यातिविवेकः
५१६ प्रमेय रत्नार्णव
५१७ सेवा कौमुदी

(४) रामकृष्ण भट

५१८ शुद्धाद्वैतपरिष्कार
५१९ घर्षोत्सव निर्णय

(५) देवर्षि हरिहर भट

५२० हृदयदूत काव्य

(६) श्रीनाथ भट

५२१ चतुःश्लोकी टीका

(७) त्रिगृह राभकृष्ण भटात्मज
गोवर्धनभट

५२२ रामनवमी विवेक
५२३ घामन जयन्ती
५२४ विजयादशमी निर्णय विवेक
५२५ दोलोत्सव
५२६ उत्सवनिर्णय
५२७ रामनवमी विवेक विचार
५२८ शारदी पूर्णिमा रासोत्सव
५२९ अन्नकूटोत्सव

(८) त्रिगृह गोविन्दराज भट

५३० कृष्णाश्रय टीका

(९) पंचनदी श्रीघनश्याम भट
(गट्टुलालाजी)

५३१ निबंध टीका
५३२ वेदान्तचिन्तामणि
५३३ मारुतशक्ति
५३४ सत्सिद्धान्तमार्तण्ड
५३५ कठोपनिषद् भाष्य
५३६ शुद्धाद्वैत छान्दोग्य
५३७ रामनवमी विषयक संक्षिप्त विचार

(१०) बलभद्र भट

५३८ उत्सव निर्णय
५३९ सेवाकौमुदी

५४० सिद्धान्त सिद्धापगा
५४१ व्याख्यानरत्नावली
५४२ विद्वन्मंडन उपोद्घात

(११) रामचंद्रात्मज घनश्याम भट

५४३ श्रीभागवत प्रकरण विभाग

(१२) गोपालकृष्ण भट

५४४ ब्रह्मवाद विवरण
५४५ विजयवाद

(१३) देवर्षि रमानाथ भट

५४६ छान्दोग्य प्रथम अध्याय टीका

(१४) व्रजनाथ भट

५४७ ब्रह्मसूत्र वृत्ति मरीचिका

(१५) कल्याण भट

५४८ गीतारसिकरंजनी टीका
५४९ कल्लोल

(१६) गंगाधर भट

५५० अणुभाष्य टीका
५५१ विजयदशमी निर्णय

(१७) इच्छाराम भट

५५२ अणुभाष्यप्रदीप

(१८) निर्भयराम भट

५५३ सुबोधिनी कारिकार्थः
५५४ अधिकरणसंग्रह
५५५ व्रतोत्सव पर्वादिनिर्णय

(१९) गंगाधर शास्त्री तनुज गोवर्धनजी

५५६ विजयादशमी निर्णय
५५७ विजया विवेकः

(२०) साची हरगोपाल

५५८ सौन्दर्यपद टीका

(२१) तुलजाराम भट

५५९ व्रतोत्सव निर्णय

(२२) मुरलीधरदास

५६० शाण्डिल्यसूत्रविवृत्तिः

संप्रदायना शास्त्रीओए रचेला संस्कृत ग्रन्थो

(२३) हरिकृष्ण पहाड

५६१ सुबोधिनी १० अध्याय ४३-४४ टीका
५६२ 'भजतोनुभजन्त्येक' इति उपरि टीका

(२४) शास्त्री मोहनलाल काशीराम

५६३ ईशोपनिषद् भावार्थदीपिका

(२५) जगन्नाथ शास्त्री

५६४ विद्वन्मंडन संस्कृत निष्कर्ष

(२६) छगन शास्त्री

५६५ रामनवमी निर्णय विवेक

(२७) आनंदीलालजी शर्मा

५६६ रामनवमी विवेक विचार

(२८) शास्त्री हरिशंकर ओंकारजी

५६७ गोपालपूर्वतापनी उपनिषद् उपरना भाष्यनी विस्तृत प्रस्तावना
५६८ सत्सिद्धान्तमार्तण्ड उपरनी प्रस्तावना

१६०९

નોંધ

(૧) શ્રીમાન્ ધીરજભાઈએ મોકલેલ લીસ્ટ ઉપરથી નીચે જણાવેલા નંબરવાળ ગ્રંથો છપાયા નથી એવું જણાય છે.

નંબર—૫૫ (કેટલીક વિજ્ઞપ્તિઓ) ૮૬, ૯૫, ૯૬, ૧૦૬, ૧૧૫, ૧૪
૩૩૬, ૩૩૭/૧ ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૫૬, ૪૫૭, ૪૬૯, ૪૯
૪૭૩, ૪૭૮, ૪૭૯, ૪૮૦, ૪૯૩, ૪૯૫, ૪૯૬, ૪૯૭, ૫૦૬,
૫૩૬, ૫૪૮, ૫૪૯.

(૨) ભિન્ન ભિન્ન સિદ્ધાંતો અને વિષયો ઉપર સંસ્કૃતમાં અનેક પ્રકીર્ણ લેખો તેનો આ નામાવલિમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

રાજકોટ,
સં. ૨૦૦૨ ના માગશર સુદ ૧૧. } રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી.